# કલાપીનો કેકારવ

એટલે
સંસ્થાન લાઠીના સ્વ. ઠાકોરસાહેબ
શ્રી સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલની
કવિતાઓનો સટીક સંગ્રહ

અરિહંત
8000729672
9924151508

ઉપોદ્ઘાત
અનંતરાય રાવળ

પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
website : www.pravinprakashan.com
E-mail : pravinprakashan@yahoo.com

KALAPINO KEKARAV
By : KALAPI
Published by : PRAVIN PRAKASHAN PVT. LTD., RAJKOT - 360 001

પ્રકાશક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.

• નવસંસ્કરણ : ૨૦૧૫

ISBN : 978-81-7790-832-9

કિંમત : રૂા. ૫૦૦

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.

“વિયોગી હોગા પહિલા કવિ,
આહસે ઉપજા હોગા ગાન,
ઉમડ કર આંખસે ચૂપચાપ;
બહી હોગી કવિતા અનજાના.”

– સુમિત્રાનંદન પંત

# નિવેદન

લાઠીના સ્વ. રાજવી-કવિ સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ-'કલાપી'ની કવિતાઓનો સટીક સંગ્રહ કે જે 'કલાપીનો કેકારવ'ના નામથી સુખ્યાત છે, તે છેલ્લા ઘણા જ સમયથી અપ્રાપ્ય હતો. વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને કાવ્યના રસિયાઓ માટે આ સંગ્રહ અનિવાર્ય ગણાય તેવું આ પુસ્તક કોઈ પણ કારણોસર પ્રાપ્ય ન હતું. તેથી જિજ્ઞાસુ વાંચકો 'કલાપીનો કેકારવ' મેળવવા ઘણા પ્રયત્નો બાદ પણ વંચિત હતા.

અમે આ પુસ્તક સરળતાથી સુજ્ઞ વાંચકોને પ્રાપ્ય બને તેવું અંતઃકરણપૂર્વક ઈચ્છતા હતા. પરિણામે કોઈ પણ જાતના ધંધાદારી હેતુ સિવાય અમોએ આ કાર્ય હાથ ધરવાનું નક્કી કર્યું અને તેના ફલસ્વરૂપે આ મૂલ્યવાન પુસ્તક અમારા જિજ્ઞાસુ વાચકોને સુલભ બને છે.

આ ઉત્તમ પુસ્તક વાચકોને, પુસ્તકાલયોને, સંસ્થાઓને સરળતાથી આપવાનો પ્રવીણ પ્રકાશનનો હેતુ છે.

અમો આ પ્રકારના બહુજનઈચ્છિત મૂલ્યવાન ગ્રંથો કે જે કોઈ પણ કારણોસર અપ્રાપ્ય હોય તેવા ગ્રંથો પ્રકાશિત કરવા કટિબદ્ધ છીએ. અમોએ અગાઉ સ્વ. ઈચ્છારામ સૂર્યરામ દેસાઈકૃત વેદાંત, ધર્મ, નીતિ, કર્મ અને માનવીય તત્ત્વજ્ઞાનને સુંદર રીતે સમજી શકાય તેવો ગ્રંથમણિ 'ચંદ્રકાન્ત' ૨૦૦૦ પાનાં અને ત્રણ ગ્રંથોમાં પ્રકાશિત કરેલ છે, ઉપરાંત ભવિષ્યમાં આ પ્રકારનાં બીજાં પ્રકાશનો પણ અમો પ્રકાશિત કરવા કૃતનિશ્ચયી છીએ.

આ પહેલા પ્રકાશિત કરેલ આવૃત્તિ ૧૨ વર્ષના ખૂબજ લાંબા સમય બાદ પૂરી થઈ, પ્રકાશકને આ સ્થિતિ પોસાય તેવી નથી.... પરંતુ આવા મૂલ્યવાન પ્રકાશનો સરળતાથી મળવાજ જોઈએ તે લક્ષમાં રાખીને તુરતજ આ પ્રકાશન કરેલ છે.

આ પ્રકાશન-કાર્યના આરંભથી અંત સુધી ઘણા નામી-અનામી લોકોએ આપેલ સહકાર બદલ અમે તેઓના ઋણી છીએ. અમો ઉપોદ્‌ઘાત આપવા બદલ શ્રી અનંતરાય રાવળના તથા એમાં કડી બનવા બદલ ડૉ. ભાનુપ્રસાદ પંડ્યાના આભારી છીએ.

આ નવસંસ્કરણને સાવો આવકાર મળશે એવી શ્રદ્ધા રાખીએ છીએ.

— પ્રકાશક

# પ્રસ્તાવના

તા. ૮ જાન્યુઆરી, ૧૮૯૩

"પ્રેમ" વૃક્ષનાં સુગંધ સુમન-કાલિદાસ, ભવભૂતિ, બાણ વગેરે કરમાઈ ગયાં, ખરી પડ્યાં, તોપણ તેના મધુર મકરન્દના લોભી ભૃંગ તો તેની વાસનામાં જ ગુંજ્યા કર્યા, તેના ગુણગણ પર જ ગણગણ કર્યા ગયા. તે "આર્ય હૃદય!!" તે હૃદયની, તે ઉચ્ચ, કોમળ-કુમળી, ઊંડી, શાન્તમસ્ત લાગણી સજીવ રહો! ચિરંજીવ રહો! અરે, પણ,-અહહ! મુસલમાનનાં હિમનાં સખ્ત ઝાપટાં પરેશાનીના દવ-બળતા અંગારા! તેણે તે હૃદયને દાબી દીધાં. તે લાગણી પ્રદીપ્ત સૂર્ય હતી; ચન્દ્ર બની, તારા ખદ્યોત થઈ ગઈ!! સૂરદાસ, પ્રેમાનન્દ, જગન્નાથ જેવાં પુષ્પ પણ કાંઈક પરાગ છાંટતાં ગયાં. અરે! બિચારું પ્રેમાળ "આર્ય હૃદય"! હજી તેની બૂરી હાલત જોઈ જોઈ રોવું બાકી રહેલું! કાલિદાસની શકુન્તલા ભવભૂતિના ઉત્તર-રામચરિત અને બાણની કાદમ્બરીથી કાવ્યરસિકતા ભોજા ભક્તના ચાબખા અને સ્વામિનારાયણનાં ભજનિયાંમાં આવી પડી! કેવો મોટો પાત!?! કેવો સજ્જડ માર!?! માળાનો મણકો જેટલું નીચે જવાય તેટલું ગયો. હવે ઊંચો આવવો જ જોઈએ અને આવ્યો. "સુદર્શન", "ચન્દ્ર", "સ્નેહમુદ્રા" પારા પછી પારા ફરવા લાગ્યા, ચડવા લાગ્યા. દૈવની બલવાન ગતિને બલિહારી છે!

"અરે, પણ આ સુરસિંહ તો નહિ તે સૂર્ય કે ચન્દ્ર, નહિ ઉડગણ કે ખદ્યોત! તે શાની કાવ્ય કરે? ઝડબાડ બળી જઈ હીંગોરે હીમ ઠર્યું! સૂંઠનો ગાંગડો મળ્યો એટલે ગાંધી થઈ બેઠો!– તોપણ :

*"મ્હોટાં ન્હાનાં વધુ મ્હોટામાં*
*"તો ન્હાનાં પણ મ્હોટાં,*
*"વ્યોમદીપ રવિ નભબિન્દુ-*
*"તો ઘરદીવડાં નહીં ખોટાં."*

*(ગોવર્ધનરામ)*

તો ભલે અજ્ઞાન કોઈ પણ, સુરસિંહ કે સાંગાભાઈ, મ્હોટામાં મ્હોટાં કામ માથે લે અને મંડ્યા રહે—સારા વિચારમાં ઈશ્વર પ્રેરે અને મદદ આપે.

કાવ્યનું મૂળ "આર્દ્રતા-પ્રેમ" છે; આર્દ્ર-પ્રેમી હૃદયને કાવ્ય દ્વિભાવ, ત્રિભાવ, ચતુર્ભાવ, આર્દ્ર અને પ્રેમી, કોમળ અને રસમય કરે છે. હું કાવ્ય લખું કે ટાયલાં

લખું પણ તેથી મ્હારા હૈયાના ઉમળકા બહાર પડે અને કાવ્ય લખવાની મ્હારી ઈચ્છા તૃપ્ત થાય તો બસ છે.

"જો ઘડી ગઈ આનન્દમેં જીવનકા ફલ સોહી"! કેવું રમણીય સિદ્ધાંત છે! દુનિયાનાં દુઃખ કવિતા કરતી વખતે દૂર થાય અને આત્મા "રસ"મય બને એ જ "આનન્દ" મ્હને મળી શકે તો મ્હારાં મહદ્દ્ભાગ્ય. "એકાન્તસુખ" દુનિયાદારીના જીવડાને "કળા" વિના ક્યાંથી મળે? "એકાન્તઆનન્દ" મ્હારૂં તો બનવું એ કળા. અસ્તુ.

"મ્હેં જે લખ્યું છે અને જે હું લખીશ તે આ ચોપડી પર ચિતરાશે- કેટલોક ભાગ "સુદર્શન"માં પ્રસિદ્ધ થશે તેથી મ્હને અને કેટલાંક બીજાંને પણ "આનન્દ" મળશે.

"મંડ્યા રહેવું" એ ગુણ પરમાત્મા મ્હને શિખવે અને બીજાં કાર્યમાં તેમજ "કાવ્ય"માં તે ગુણથી મ્હારા માર્ગ રસમય બને એ જ મ્હારી ઇચ્છા અને વાઞ્છના.

– સુરસિંહ

## કેકારવની
## કેટલીક ચિંતનકણિકાઓ

"હોયે હતાં સહુ જ તત્ત્વ રૂપાન્તરે આ
કો' એ નવું નથી થયું, નવ થાય કાંઈ;
કો' દિ' વળી પ્રણયનો સહુ ભોગ થાશે,
ત્યારે ય બીજ રૂમાં સહુ આ સમાશે."

(મૃત્યુ)

'મર્યું, ખોવાયું, વા ઢળી ગયું કહો, કે ઊડી ગયું,
ભળ્યાં ભૂતે ભૂતો, લય નથી થયું એ કબુતરૂં!"

(મ્હારું કબૂતર)

"ફાની છે આ જગત સઘળું અન્ત આ જીવવાને,
જે છે તે ના ટકી કદી રહે સર્વદા કાલ ક્યાંએ;
શોધી લેને પ્રિય પ્રિય સખે! સર્વદા જે રહેશે,
આશા તૃપ્તિ વિભવ સુખની તુચ્છ સૌ છોડી દેને!"

'તૈયારી તું પ્રિયતમ કરી મૃત્યુની લે અગાડી,
ને મ્હારો તું કર ગ્રહી મને સાથ લેને ઉપાડી;
તોડી ભીંતો તિમિરગઢની દિવ્ય સ્થાને ઊડી જા,
ને તે માટે સુર! હૃદયથી દાસ તું ઈશનો થા."

(બિલ્વમંગલ)

"કહે પ્રજ્ઞો કે ના પ્રણય કરશો વ્યક્તિ સહ કો'-
ઘટે બ્રહ્માંડોના પ્રતિ જીવ પરે પ્રેમ સરખો."

(કન્યા અને ક્રૌંચ)

"દયા છે ઈશ્વરી માયા, આ સંસાર કટુ મહીં;
દયામાં બ્રહ્મપ્રીતિનું કાંઈ ભાન જનો કરે."
"દોરાવું એ સહુ હૃદયનું, ભાઈ! નિર્માણ આંહી
ભાવિ વિના જનહૃદયનો, અન્ય ના કો' સુકાની."

(હૃદયત્રિપુટી)

# અનુક્રમણિકા


| નામ | પાન |
|---|---|
| પ્રકાશકનું નિવેદન | ૪ |
| પ્રસ્તાવના–શ્રી કલાપી પોતે | ૫ |
| ઉપોદ્ઘાત | ૮ |
| અનુક્રમણિકા | ૬૧ |
| અતિ દીર્ઘ આશા | ૪૪૫ |
| અતિ મોડું | ૨૧૫ |
| આધીનતા | ૨૨૫ |
| અર્પણપાત્ર | ૨૨૬ |
| અશ્રુસ્થાન | ૬૮ |
| અસ્વસ્થ ગૃહિણી | ૨૯૭ |
| આકાશને | ૧૮૨ |
| આપની યાદી | ૫૧૨ |
| આશા | ૩૦૫ |
| ઈશ્કનો બંદો | ૩૨૧ |
| ઈશ્કબિમારી | ૩૦૪ |
| ઉત્સુક હૃદય | ૪૯૯ |
| ઊંઘ લે તું નિરાંતે | ૪૮૪ |
| ઋણ | ૨૪૧ |
| એ મૂર્તિ | ૩૨૩ |
| એ ચ્હેરો | ૪૨૨ |
| એ રસીલું | ૪૩૪ |
| એ સ્થલ | ૩૨૬ |
| એક આગિયાને | ૨૪૬ |
| એક આશા | ૪૯૩ |
| એક ઈચ્છા | ૨૪૫ |
| એક ઉદાસ દિવસ | ૨૪૬ |
| એક કળીને | ૨૧૪ |
| એક ઘા | ૨૨૭ |
| એક ચિન્તા | ૨૯૭ |
| એક ચંડોલને | ૨૭૪ |
| એક પતિપત્નીવ્રત | ૪૩૯ |
| એક પ્રશ્ન | ૩૧૪ |
| એક પ્રેમ | ૬૮ |
| એક ફેરફાર | ૨૬૧ |
| એક ભલામણ | ૨૬૬ |
| એકલો બોલ | ૪૯૪ |
| એકલો હું | ૪૧૮ |
| એક વેલીને | ૨૭૩ |
| એક સવાલ | ૩૨૦ |
| એક સ્વપ્ન | ૧૩૮ |
| કટુ પ્રેમ | ૭૪ |
| કન્યા અને ક્રૌંચ | ૧૧૯ |
| કમલિની | ૮૦ |
| કુમુદિનીનો પ્રેમોપાલમ્ભ | ૭૧ |
| કુદરત અને મનુષ્ય | ૯૭ |
| કુસુમ માટે પ્રાર્થના | ૨૯૫ |
| કૃતઘ્નતા | ૧૮૩ |
| કેલિસ્મરણ | ૬૯ |
| કોણ પરવાર્યું? | ૪૬૧ |
| કોને કહેવું? | ૪૧૮ |
| ક્યમ પ્રેમ ગયો? | ૩૧૩ |
| ક્રૂર માશૂક | ૪૨૫ |
| ખતા નહીં જાતી | ૫૦૩ |
| ખાકદિલ | ૪૪૩ |
| ખાનગી | ૪૭૬ |
| ખોવાતું ચિત્ત | ૪૯૦ |
| ગુનેહગાર | ૨૦૯ |
| ગ્રામ્ય માતા | ૧૧૦ |
| ઘા | ૪૧૯ |

| નામ | પાન |
|---|---|
| ચાહીશ બેયને હું | ૨૩૨ |
| ચુમ્બનવિપ્લવ | ૪૬૨ |
| ચંચલ પ્રેમસુખ | ૭૫ |
| છાના રોશું દર્દે | ૪૩૧ |
| છેલ્લી જફા | ૪૫૦ |
| જન્મદિવસ | ૩૧૬ |
| જરી મોડું | ૨૪૯ |
| જાગૃતિનું સ્વપ્ન | ૪૨૬ |
| જીવનહાનિ-ચોવીસ વર્ષ | ૪૮૫ |
| જેને વીતી ગઈ | ૪૯૦ |
| જ્યાં તું ત્યાં હું | ૯૩ |
| જ્વરમાં પ્રિયાને | ૧૮૧ |
| ઝેરી છુરી | ૪૫૧ |
| ઠગારો સ્નેહ | ૭૦ |
| ડોલરની કળીને | ૨૧૦ |
| તરછોડ નહીં | ૪૫૩ |
| તલફું કાં? | ૪૨૫ |
| તારામૈત્રક-મુગ્ધ પ્રેમ | ૬૭ |
| તુષાર | ૮૪ |
| તું મ્હારી હતી | ૧૦૯ |
| તુ વિણ, મેઘલ વાજસુર! | ૪૯૯ |
| તે મુખ | ૪૨૨ |
| ત્યજાયેલીને | ૨૭૬ |
| ત્યાગ | ૨૩૧ |
| ત્યાગમાં કંટક | ૨૩૩ |
| ત્હારી બેહયાઈ | ૨૬૧ |
| ત્હારાં આંસુ | ૪૨૨ |
| ત્હારો બોલ | ૨૯૨ |
| દગો | ૧૦૮ |
| દિલની વાત | ૪૭૫ |
| દિલને દિલાસો | ૪૮૨ |
| દિલને રજા | ૬૯ |
| દૂર છે | ૪૩૨ |

| નામ | પાન |
|---|---|
| દૂર છે સારું | ૪૩૭ |
| દેશવટો | ૪૨૦ |
| નદીને સિન્ધુનું નિમન્ત્રણ | ૧૮૭ |
| નવો સૈકો | ૫૦૯ |
| ના ચાહે એ | ૨૨૦ |
| નિદ્રાને | ૪૬૮ |
| નિમંત્રણનું ઉત્તર | ૪૪૭ |
| નિઃશ્વાસને | ૨૨૭ |
| નિઃશ્વાસો | ૪૧૮ |
| નૂતન સખા પ્રતિ | ૩૧૮ |
| ન્હાસી જતી મૃગી ને ઘવાયેલો મૃગ | ૪૯૫ |
| પકવતા | ૨૪૧ |
| પરવાર્યો | ૪૪૪ |
| પરિતાપ | ૬૭ |
| પશ્ચાત્તાપ | ૨૨૯ |
| પાણીનું પ્યાલું | ૩૧૪ |
| પાન્થ પંખીડું | ૧૦૦ |
| પુત્રીમરણથી હસતો પિતા | ૧૩૨ |
| પુનરુદ્વાહ | ૪૩૮ |
| પ્યાલાને છેલ્લી સલામ | ૪૭૭ |
| પુષ્પ | ૮૭ |
| પ્રથમ નિરાશા | ૪૮૪ |
| પ્રપાત | ૨૭૯ |
| પ્રભુ—અનાલાપી ગાન | ૫૦૧ |
| પ્રવૃત્ત થવા કહેતા મિત્રને | ૩૦૯ |
| પ્રિયતમાની એંધાણી | ૧૦૭ |
| પ્રિયા કવિતાને | ૨૧૧ |
| પ્રિયા કવિતાને છેલ્લું આલિંગન | ૩૦૭ |
| પ્રિયાને પ્રાર્થના-સન્નિપાત | ૪૮૦ |
| પ્રેમ અને ધિક્કાર | ૩૦૯ |
| પ્રેમ અને મૃત્યુ | ૭૪ |

| નામ | પાન |
| --- | --- |
| પ્રેમ અને શ્રદ્ધા | ૭૫ |
| પ્રેમથી તું શું ડરે? | ૪૬૫ |
| પ્રેમની ઓટ | ૧૪૨ |
| પ્રેમનું પૃથક્કરણ | ૭૮ |
| પ્રેમમાં ક્રૂર દોરો | ૪૬૯ |
| પ્રેમાધીન | ૪૨૦ |
| પ્રેમીની આશિષ | ૭૭ |
| પ્રેમીની પ્રતિમા | ૨૫૧ |
| પ્રેમીની મૂર્તિપૂજા | ૨૫૩ |
| પ્રેમીનું સ્મરણ | ૨૫૨ |
| પ્હાડી સાધુ | ૪૫૩ |
| ફકીરી હાલ | ૬૫ |
| ફરિયાદ શાની છે? | ૨૬૨ |
| ફૂલ વીણ, સખે! | ૨૫૪ |
| બાલક | ૪૪૯ |
| બાલક કવિ | ૧૮૫ |
| બિલ્વમંગલ | ૧૧૨ |
| બેકદરદાની | ૧૩૬ |
| બે કળી | ૪૩૬ |
| બેપરવાઈ | ૨૮૩ |
| બ્હોળા રસ | ૨૯૩ |
| ભરત | ૨૩૫ |
| ભવિષ્ય અને શ્રદ્ધા | ૩૨૭ |
| ભવિષ્યના કવિને | ૩૨૦ |
| ભાવના અને વિશ્વ | ૪૬૬ |
| ભોળાં પ્રેમી | ૬૬ |
| ભ્રમર | ૪૨૦ |
| મતભેદ | ૨૯૦ |
| મધુકરની વિજ્ઞપ્તિ | ૬૫ |
| મધ્યમ દશા | ૨૪૯ |
| મનુષ્ય અને કુદરત | ૨૫૬ |
| મરણશીલ પ્રેમી | ૭૯ |
| મસ્ત ઈશ્ક | ૭૩ |

| નામ | પાન |
| --- | --- |
| મહાત્મા મૂળદાસ | ૨૨૧ |
| માફી | ૧૩૭ |
| મૂર્તિપૂજક વિશ્વ | ૨૫૫ |
| મૃત પુત્રી લાલાંની છબિ દૃષ્ટિથી ખેસવતાં | ૨૩૦ |
| મૃત પુત્રી લાલાંની છબિ દૃષ્ટિથી દૂર કરી | ૨૪૪ |
| મૃત્યુ | ૮૫ |
| મને જોઈને ઊડી જતાં પક્ષીઓને | ૨૨૮ |
| મ્હારું કબૂતર | ૮૯ |
| મ્હારું ભાવિ | ૩૨૬ |
| મ્હારો ખજાનો | ૪૮૬ |
| યજ્ઞમાં આમન્ત્રણ | ૪૭૩ |
| રખોપીઆને | ૨૨૮ |
| રજા | ૪૧૯ |
| રજાની માગણી | ૪૭૩ |
| રસેચ્છા | ૮૩ |
| રુદ્રદિષા | ૪૨૧ |
| રોનારાં | ૪૨૪ |
| વનમાં એક પ્રભાત | ૭૨ |
| વિદાય | ૨૬૪ |
| વિધવા બહેન બાબાંને | ૨૧૨ |
| વિના કૈં પાપ પસ્તાવું | ૨૩૧ |
| વિરહસ્મરણ | ૧૦૧ |
| વિષપાન | ૧૦૨ |
| વીણાનો મૃગ | ૨૮૬ |
| વીત્યા ભાવો | ૪૨૪ |
| વીત્યાને રોવું | ૪૨૫ |
| વીંધાયેલા હૃદયને | ૨૪૭ |
| વૃદ્ધ ટેલિયો | ૧૮૮ |
| વૃદ્ધ માતા | ૨૧૭ |
| વૈરની કેમ ઉમેદ ધરું | ૨૫૫ |

| નામ | પાન |
|---|---|
| વૈરાગ્ય | ૨૫૯ |
| વ્હાલાં | ૪૮૯ |
| વ્હાલાને | ૫૦૨ |
| વ્હાલીનું રુદન | ૨૨૭ |
| વ્હાલીને નિમંત્રણ | ૨૬૭ |
| શરાબનો ઈન્કાર | ૫૧૧ |
| શાને રોવાનું? | ૫૦૩ |
| શાન્ત પ્રેમ | ૧૮૦ |
| શિકારીને | ૪૭૪ |
| શંકાશીલ | ૪૯૧ |
| સનમની યારી | ૫૦૬ |
| સનમની શોધ | ૫૦૭ |
| સનમને | ૫૦૫ |
| સનમને સવાલ | ૫૦૮ |
| સમૃદ્રથી છંટાતું બાલક | ૯૦ |
| સાકીને ઠપકો | ૫૦૪ |
| સારસી | ૧૦૪ |
| સીમા | ૨૨૩ |
| સુકાની શબ્દ | ૪૩૩ |
| સુખમય સ્વપ્ન | ૨૫૮ |
| સ્ખલિત હૃદય | ૪૧૭ |
| સ્નેહશૈથિલ્ય | ૩૨૩ |
| સ્નેહશંકા | ૭૦ |
| સ્મૃતિ | ૨૯૫ |
| સ્મૃતિચિત્ર | ૪૪૦ |
| સ્વર્ગગીત | ૫૦૯ |
| સ્વર્ગનો સાદ | ૪૭૫ |
| સ્વપ્નને સાદ | ૩૦૩ |
| હજુ એ મળવું | ૨૫૦ |
| હદ | ૨૧૪ |
| હમારા રાહ | ૯૬ |
| હમારી ગુનેહગારી | ૩૧૨ |
| હમારી પિછાન | ૪૬૦ |

| નામ | પાન |
|---|---|
| હમારી સ્થિતિ-હમારું કિસ્મત | ૪૭૯ |
| હમીરજી ગોહેલ | ૩૨૮ |
| હવે આરામ આ આવ્યો | ૩૧૫ |
| હસવા કહેતીને | ૪૨૧ |
| હું ત્હારો છું | ૩૧૭ |
| હું ત્હારો હતો | ૨૮૫ |
| હું બાવરો | ૨૪૩ |
| હૃદયકમલની જૂઠી આશા | ૬૬ |
| હૃદયત્રિપુટી | ૧૪૪ |
| હૃદયપ્યાલું | ૪૨૩ |
| હૃદય-સ્ખલન | ૪૧૭ |
| ક્ષમા | ૧૪૩ |

—

| | |
|---|---|
| કેકારવનો શબ્દકોષ | ૫૧૪ |

**પરિશિષ્ટ કાવ્યો :**

| | |
|---|---|
| કાશ્મીરનું સ્વપ્ન | ૫૨૨ |
| કાશ્મીરમાં વિયોગ | ૫૨૨ |
| પ્રીતિની રીતિ | ૫૨૩ |
| સુખમય અજ્ઞાન | ૫૨૩ |
| છેલ્લી સલામ | ૫૨૪ |
| મહાબળેશ્વરને | ૫૨૬ |
| તરુ અને હું | ૫૨૬ |
| નિર્વેદ | ૫૨૮ |
| ખૂની વહાલા! | ૫૨૯ |
| ખુદાની મઝા! | ૫૩૧ |
| અસ્થિર મન | ૫૩૨ |
| વેચાઉં ક્યાં? | ૫૩૬ |
| આપની રહમ | ૫૩૭ |
| તમારી રાહ | ૫૩૮ |
| ક્લાપી—સાહિત્યસૂચિ | ૫૪૦ |

# કલાપીનો કેકારવ

## ફકીરી હાલ

અરે ઉલ્ફત! અયે બેગમ! લીધી દિલબર હતું લાઝિમ?
હતું જે બેહિશ્ત થઈ જહાન્નમ : ફકીરી હાલ મ્હારો છે!
ગયું આ ઝિંદગીનું નૂર : હવે જહાંગીર બેપરવા :
તું લૂંડીની નથી પરવા : ફકીરી હાલ મારો છે!
ન ધારું હું કદી કફની : દગ્ધ દિલ પર ન સારું ખાક :
ન પરવા છે કિસ્મતની : ફકીરી હાલ મ્હારો છે!
હવે દરખત પર ચડવું : બુલબુલ મ્હારું ઢૂંઢું હું :
ફરું નાગો બિયાબાને : ફકીરી હાલ મ્હારો છે!
હતો જે હું, હતું જે હું, નથી તે તો, નથી હું હું :
ગયું છૂટી : ગયું ઊડી : ફકીરી હાલ મ્હારો છે!
હવે આ દમ નથી દમમાં : ફકીરી હાલ મ્હારો છે!
પરેશાની જ છે રાહત : ફકીરી હાલ મ્હારો છે!

૧૫-૧૦-'૯૨

## મધુકરની વિજ્ઞપ્તિ

અરે રે! પુષ્પ! આ ભમરો મરે છે હો : મરે છે હો!
નમેરું થઈશ શું, વ્હાલા! હું ત્હારો છું : તું મ્હારું થા!
તું બીડાતાં હું બીડાઉં : તું ખીલે, તો હું ગૂંજું છું :
ન ભોગી પુષ્પ બીજાનો : હું ત્હારો છું તું મ્હારું થા!
અરે! તું ભૃંગ બીજા જો ભ્રમણ કરતા ફૂલે ફૂલે :
કદી મ્હારી ન રીતિ એ : હું ત્હારો છું : તું મ્હારું થા!
કંટક કાપી નાખી દે : ભ્રમર છાતીથી ચાંપી લે :
તું શોભે સર્વદા હુંથી : હું ત્હારો છું : તું મ્હારું થા!
હું ત્હારો ને ન તું મ્હારું, ન રીતિ એ રતિની છે :

ક. કે. ૫

કદર તું પ્રેમીની કર તો હું ત્હારો છું : તું મ્હારું થા!
તપું છું હું : બળું છું હું! મરું છું હું, અરે પ્યારા!
તું મકરંદ છાંટી લે : હું ત્હારો છું! તું મ્હારું થા!
આ તો સ્વપ્ન ટૂંકું છે : હું ગૂંજી લઉં : તું ખીલી લે!
થશે પલમાં અરે! હા! શું? હું ત્હારો છું : તું મ્હારું થા!
સુકોમલ તું ખરી જાશે : ભ્રમર ત્હારો મરી જાશે :
આખિરની ગતિ એ છે : હું ત્હારો છું. : તું મ્હારું થા!

૨-૧૧-'૯૨

## હૃદયકમલની જૂઠી આશા

રે ભોળી! જલઝૂલતી કમલિનિ! કાં ભૂલ? વ્હાલી સખી–
જોઈ પૂર્વદિશામુખે પ્રસરતી લાલાશ આ ઊજળી?
આશા વ્યર્થ ધરે રવિ સુકરની સંધ્યાસમે, બાપલા!
એ તો હિમપતિ શશી નિકળશે, નાના પતિ, હે હલા!
આ પોચું દિલ તું સમું સુમન છે, તેણે ગૃહી આશ'તી :
જાણ્યું સૂર્ય થઈ પ્રફુલ્લ કરશે પ્રેમી તણી પ્રીતડી :
ના તે તે નિકળી હતી શશી સમી, હિમે હણ્યું કાળજું :
જૂઠી આશ દઝાડતી સુમનને, ભૂલે ન તે ઝાળ તું!

૪-૧૧-'૯૨

## ભોળાં પ્રેમી

કમળ ભોળું, કુમુદ ભોળું, ભ્રમર ભોળો, દીવાનાં છે,
જે જેનું ન તે તેનું, પ્રેમી પ્રેમી જૂઠાનાં!
ભ્રમર ગૂંજે કમલ કુમુદે, ન જેને છે કદર તેની,
દિલ તેઓ તણાં નભમાં, પ્રેમી પ્રેમી જૂઠાનાં!
કમલ પ્રેમી રવિનું જે, કુમુદ બાઝ્યું શશીને જે,
ફરે ઊંચા તે બેપરવા, પ્રેમી પ્રેમી જૂઠાનાં!
કમલ, ભમરા, કુમુદ જેવું હૃદય મ્હારું ખરે ભોળું,
કૂદે, બાઝે, પડે પાછું, 'પ્રેમી પહાડ પાણો છે!'
ઇચ્છે દાસ થાવાને, ન કોઈ રાખતું તેને,

બિચારું દિલ આ કહે છે, પ્રેમી પહાડ પાણો છે!'
મનુની પ્રીત દીઠી મેં, ઝાકળમોતી જેવી તે,
લાડુ-લાકડાનો સ્નેહ, પ્રેમી પહાડ પાણો છે!
હવે મનજી મુસાફર તું, બહેતર જા બિયાબાને,
કરી લે પ્રીત પક્ષીથી, પ્રેમી પહાડ પાણો છે!
નિઃશ્વાસે ભર્યું હૈયું, અશ્રુથી ભર્યાં ચક્ષુ,
મગજ બળતું કહે છેઃ 'હા! પ્રેમી પહાડ પાણો છે!'

૯-૧૧-'૯૨

## પરિતાપ

દિલ અશ્રુ થકી પલળ્યું, છલક્યુંઃ
દપટ્યું દિલમાં દિલનું દુઃખડુંઃ
ન સખો ન સખી દિલથી લપટ્યુંઃ
ફટક્યો ભટકું! ફટક્યો ભટકું!
નથી ભાન હવેઃ
નથી હામ હવેઃ
નવ પ્રીતિની દોરીથી હું લટકુંઃ
નવ કો' મનમાં કદી હું ખટકુંઃ
નથી આશ મનેઃ અવકાશ મનેઃ
ભટકું ફટક્યો! ફટક્યો ભટકું!
મન હર્ષ હવે–
મન શોક હવે–
તજ નિર્લજ! તુંઃ તજ તુંઃ તજ તું
મુજ પ્રેમ હવે દરિયે પટકું!
મુજ પ્રાણ ન કાં દરિયે પટકું!
ફટક્યો! ફટક્યો! ભટકું! ભટકું!

૨૭-૧૧-'૯૨

## તારામૈત્રક–મુગ્ધ પ્રેમ

સંધાડી પ્રેમદોરી મેં, મચાવી મિષ્ટ ગોષ્ટી મેં,
પ્હેરાવી પ્રેમમાલા મેં, જગાવી પ્રેમજ્યોતિ મેં!

ઉડાવ્યું પક્ષી પ્રીતિનું, ઝીલ્યું સુપુષ્પ ચક્ષુનું!
કરાવ્યું સ્નાન પ્રીતિનું, કર્યું મેં પાન પ્રીતિનું!
સુધાના નીરમાં ન્હાયાં, અમે પ્રેમી રમ્યાં મ્હાલ્યાં,
પડ્યાં ત્યાં સ્નેહફાંસામાં, છૂટ્યાં તે ના, વછૂટ્યાં ના!
મદિરા નેત્રનખરાંનો પી પી ભાન ભૂલ્યો હું:
થયો હું હોલો! તે હોલી! થયો તે હું! થઈ તે હું!
પછી રતિનાવ ઝીંક્યું મેં કપાળે હાથ દઈ દરિયે!
બોળે કે બચાવે તે સુકાની પ્રાણપ્યારી છે!

૩૦-૧૧-'૯૨

## અશ્રુસ્થાન

ના પાડ હે મન અરે! કદી પ્રેમબિંદુ:
ના ઢોળ હે મન! અરે! કદી પ્રેમસિન્ધુ:
ના રેડ અમૃતઝરો કદી પ્રેમઈન્દુ:
નીચોવ ના રસભર્યું કદી પ્રેમલીંબુ:
નિઃશ્વાસ અશ્રુ દપટી ધર ધીર સ્નેહી:
ના રોળ ક્ષારભૂમિમાં ફૂલડાં સુપ્રેમી:
હૈયે દબાય કદી જો કૂમળું સુહૈયું,
રો રો ભલે ટપકતે નયને પછી તું!
રોવા ભલે વિજન કો' કહિં સ્થાન શોધી:
આંસુ ભલે વિખરતાં રડતાં સુમોતી:
જા જંગલે નિડર તું પડ વૃક્ષ ખોળે
આંસુઝરો જલઝરે જ વરાળ બોળે!

૧૩-૧૨-'૯૨

## એક પ્રેમ

હકીમ કે તબીબની તલબ નથી મને!
નફસની પરવા નથીઃ ન ઈશ્કની મને!
માશૂક નથી મિસ્કીન છુંઃ જહાંગીર છું મને!
ખલ્કની તમા નથીઃ સુલતાન છું મને!

પરિવાર મ્હારો હું જ છુંઃ મસ્તાન છું મને!
બેઝાર હું આજે ફરુંઃ ગુલતાન છું મને!
પ્રેમગુલ ચૂમ્યાં ઘણાંઃ ખાર ભોંકાયા મને!
દફે-ખૂન દિલ દર્દ-કર્તા દસ્ત લાધ્યું ના મને!
સખા જોયા મેં ઘણાઃ સખી જોઈ એક મેં!
ઉમેદ બર આવી નહીંઃ શું કહું ખાલેક નેકને!
દ્વૈતપ્રેમી જે હતો અદ્વૈતપ્રેમી હું થયો!
બ્રહ્માંડ મ્હારુંઃ બ્રહ્મ મ્હારુંઃ બ્રહ્મવાદી હું થયો!

૧૪-૧૨-'૯૨

# દિલને રજા

ફાટે કે ન ફાટે તું, ચીરા કે ન ચીરા તું,
અરે દિલ! તેં કર્યો બેહાલઃ મારે કે ન મારે તું!
ભલે ધડકી રહે છાનું, ભલે બળી કોયલો થા તું,
ખરી જા તું મને તો શું? ઠરી જા તું મને તો શું?
રખે કાંટો તને લાગે, કમલ જાણી તને રાખ્યું,
પરન્તુ તું જ કાંટો છે, ઊડી જા તુંઃ ગળી જા તું!
દુનિયા છે તને ખારી, હવે છે તું મને ખારું,
તું કોઈનું નથી તો હું ન ત્હારો છું ન મ્હારું તું!
જૂની પ્રીતિ ગઈ તૂટી! નથી તૂટી તણી બૂટી!
ખૂટી ગઈ વાટ દીવાની, પછી બળવું રહ્યું ક્યાંથી?
હવે બ્રહ્માંડમાં હું છુંઃ હવે બ્રહ્માંડમાં તું છેઃ
પ્રીતિ તો આપણી એ છે! મિલાવો આપણો એ છે!

૨૨-૧૨-'૯૨

# કેલિસ્મરણ

લતા સુભ્રની ચડતી વિલાસેઃ પયોધરો ગાઢ હલે હુલાસેઃ
વિશાલ નેત્રો રતિમાં વિકાસેઃ પ્રફુલ્લ સુપલ્લવ લાલ ભાસે!
સીત્કાલ શબ્દો મુખથી નિકાસેઃ પ્રભા પ્રિયાના મુખથી પ્રકાશેઃ
ઉરોજ કંપે કૃષ ઉદરીનુંઃ કપોલમાં પ્રસ્વેદબિન્દુ!
નૂપુર છંદો ઝમકી રહે છેઃ પુષ્પો ગતિથી સરકી પડે છેઃ

છૂટેલ બાલો વિખરાઈ જાયેઃ શ્રમિત અંગે લપટાઈ જાયેઃ
શિથિલ બાલા સુકુમાર કાયેઃ સ્વહસ્ત ઢીલા જરી ના હલાવેઃ
નિતમ્બભારે લચકી પડે છેઃ કટિ સ્તનોના ભયથી લડે છેઃ
અઢેલી પ્યારા પિયુને ઊભે છેઃ પતિથી ટેકો દઈને હલે છેઃ
જરા ખસી ચુંબનને જુવે છેઃ કટાક્ષ મારી ચપલા હસે છેઃ
પ્રભુ!' કહી તે પતિ સાથ લે છેઃ અગાસિયે તે ઝટ સંચરે છે!
જુવે પતિનું મુખ સર્વ પ્હેલીઃ જુવે નિશા ચાંદની પ્રેમઘેલી!
પ્રિયા ન એવી નિરખી, અરે! મેંઃ પ્રિયા ન એવી રીઝવી અરે મેં!
પ્રિયા ન એવી લીધી ઉર, રે! મેંઃ વસંતકેલિ ન કીધી, ખરે! મેં.

૧-૮-૧૮૯૨

## ઠગારો સ્નેહ

હૃદય દગલબાજી જાણશે ના કદી આ,
હૃદય હૃદય ઝાલે ઝૂરવું છે પછી, હા!
હૃદય ધવલ સર્વે દુગ્ધ જાણી પુલાયે,
થુવરપય ગળેથી ઊતરી આગ બાળે!
ઘન ગડગડ ગાજ્યો ચાતકું ચિત્ત ફૂલે,
પથરવત કરાનો મેઘ આવી મળ્યો તે!
ષટપદ મકરન્દ લુબ્ધ રીઝી રહે શું!
ધવલ કમલ ના આ છીપલીને કરે શું!
મૃગજલ સમ સ્નેહી સ્નેહસિન્ધુ ધરે છે,
હૃદયમૃગ બિચારું આશ રાખી મરે છે;
સરપશિર મણિને પ્રેમ પ્રેમી તણો આ
વિષ રગ રગ વ્યાપે પ્રાપ્ત થાયે કદી ના!

૧-૧-'૯૩

## સ્નેહશંકા

ઘણું તાવ્યું-ઘણું ટપક્યું-બિચારું મીણનું હૈડુંઃ
દ્રવ્યા કરશે હજી એ તો બિચારું પ્રેમનું પ્યાલું!
ન થા ન્યારીઃ ન થા ઘેલીઃ ન થા વ્હેમીઃ ન થા મેલી!
કરી મ્હારું હૃદય ત્હારું હવે શંકા પ્રિયે, શાની?

કહી દિલને ન દે દિલ તું: દિલ તો ન લે તે તું:
હૃદયનું સત્ત્વ પીધું તે: હૃદયહીણો કરે તો શું?
કહે ને પ્રાણ, દિલમાં ક્યાં રહી તુજને હજી શંકા?
કાપી દઉં તે નાખી હું: ન છે તેની મને પરવા!
કાંટો જે તને લાગે મને ભાલો તે ભોંકાયે:
હૃદયચીરે રુધિર રાતું વહે છે તે તપાસી લે!
હૈયું હનુમાનનું ચીર્યું, નિહાળી રામની મૂર્તિ:
હૃદય મારું અરીસો છે ઉઘાડી તું ભલે જો તે!

૯-૧-'૯૩

# કુમુદિનીનો પ્રેમોપાલમ્ભ

લગાડી મોહની, પ્યારા! કઠિન હૈયું કર્યું શાને?
અહોહો! નાથ કપટી રે! બલિહારી ત્હમારી છે!
સ્મૃતિ છે એ જ મુખડાની, ન દેખી હું દુ:ખી છું રે!
ગ્રહી જો બાંય, તો લજ્જા ત્હમારાંની ત્હમોને છે!
બકું છું હું તમે માનો: જિગરમાં ઘા મને ઊંડા!
ઉમળકા આ હૃદયના હા! કહો ક્યાં ઠાલવું ફાડી!
કરો ના બૂઝ દર્દીની, ન મારો બાંધીને મ્હોડું:
ગ્રહી જો બાંય, તો લજ્જા ત્હમારાંની ત્હમોને છે!
વનોમાં આગિયા ઊડે, પલક ચમકી રહે છાના:
સુપ્રેમી આગિયા જેવા, તમે તોયે પ્રભુ મ્હારા!
ન તાણો પ્રેમની દોરી, બહુ તાણે જશે તૂટી:
ગ્રહી જો બાંય, તો લજ્જા ત્હમારાંની ત્હમોને છે!
હું તો આ પુષ્પ છું કુમળું, ઝર્દ આ દર્દથી કીધું:
થજો સ્વપ્ને કરુણ, વ્હાલા! હણાઉં હેતવાળી હું!
હતાં સાથે: ગયા ઊડી વિચારો હો! વિસારો શે?
ગ્રહી જો બાંય, તો લજ્જા ત્હમારાંની ત્હમોને છે!
જીવન આ ચંદ્રથી ઓપ્યું: શરીર પાણી પરે લટક્યું!
દુ:ખિયણ હું દુભાયેલી જીવું તો શું? મરું તો શું!
અમીની આંખની પ્યાસી કુમુદ આ તો ત્હમારી છે:
ગ્રહી જો બાંય, તો લજ્જા ત્હમારાંની ત્હમોને છે!

અરે રે! યોગ થાશો માં! થયો તો સ્નેહ જામો ના!
મૃદુથી બેપરવા યા બેદરકાર પ્રેમી જડાશો માં!
અજાયબ સ્નેહના રસ્તા! અજાયબ ગાંઠ પ્રેમીની!
ખુમારીને ખુવારી છેઃ અજાયબ પ્રેમની મસ્તી!

૧૫-૨-'૯૩

## વનમાં એક પ્રભાત

ભૂં ભૂં ભૂં ગુંજ પ્રેમી ષટ પદ કમલે અર્ધખીલ્યું રહ્યું એ,
જો તે બાલાર્ક ઘેલો નિજ કર જલમાં ધ્રૂજતો આ ઝબોળે!
માની પ્યારી મનાવે મુખ પર ખરતાં આંસુડાં લૂછતો એ,
અંકે લીધી, હસાવી, નરમ વચન એ નેત્ર કેવાં વદે છે!

કાન્તા ને કાન્ત હીંચે, તનમન દ્વયનાં એક છે સ્નેહભીનાં,
ન્હાનાં-મ્હોટાં સુરંગી મકર ચળકતાં હીંચકાવે રસીલાં;
રાતી નીલી મધુ પી કુમુદિની પરથી કૂદડી રંગવાળી,
પીળો પ્યારો હિમાંશુ નિરખી લટકતો બાપડી ચિમળાઈ!

કૂળું મ્હોં એ છબીલું હૃદયજ્વરબળાપે નીચાણું નમ્યું છે,
કમ્પે બાલા બિચારી થરથર, બદને સ્વેદની રેલ ચાલે;
આહા! સ્નેહી! તમારે જલ પર વસવું સાથ છો રાતદહાડો,
જુદાં પ્રેમી તમારાં દિલ પણ અળગાં, આમ રોવો-હસો છો!

ત્યાં પેલું જો હરિણું નદતટ પર એ ચાવતું ઘાસ નીલું,
આછાં રૂડાં રૂપેરી કિરણ રવિ તણાં એ બધું ઘાસ છાયું;
વૃક્ષોનાં ઝૂંડ ઊંચાં પર ઢલકી રહી વેલડી કુમળી જો,
પુષ્પોના પુંજ ઝૂમ્યા વિવિધ વિલસતાં આ રૂપાળા લળ્યા, જો!

કુંજોમાં ત્યાં ઉડન્તું બુલબુલ રમતું બેસતું ને ફરંતું,
ઓ! ત્યાં બેઠું લપી ચંડુલ ગુલ પર જો વાણી મીઠી લવન્તું;
ત્યાં આકાશે પડ્યો છે સ્થિર ઘનકટકો શ્વેત ને પિંગળો તે,
તેજસ્વી એ ઉગે છે નિજ રૂપ બદલી, શાન્ત પાછો થયો છે.

તારો તૂટ્યો નભેથી ખરરર ખરતો, તોપગોળો વછૂટ્યો,
રાતો વહ્નિભભૂકો ભડભડ બળતો આભમાં ઊડી ચાલ્યો;

ગંગાનો ધોધ ફાટ્યો ગિરિશિર પરથી, રામનું બાણ છૂટ્યું,
તેવો તે શૃંગવાળો મૃગજલઝરણું ફાળથી કૂદી ચાલ્યો!
ઊભો ત્યાં સિંહરાજા ઘરઘર ઘરરે, જોરથી ત્રાડ દેતો,
ડોલાવ્યા ડુંગરોને, રવિ પણ ચમક્યો લાલ અંગાર જેવો;
પક્ષી બોલે ન ચાલે, દ્રિમ પણ ધણણ્યાં, પૃથ્વી ધ્રૂજી રહી આ!
આ તે બ્રહ્માંડ ફાટ્યું પ્રલય! થઈ ગયો! શંભુએ શંખ ફૂંક્યા!
આલિંગે ભવ્ય લીલા નદસરજલને પ્રેમમાં મસ્ત ડોલે,
ઊડી બાઝે સુસ્નેહી હૃદય-હૃદયના સત્ત્વને જેમ પ્રેમે!
ઘેલો હું એ રમું છું! તનમન લપટ્યાં! રમ્ય છું એક હું છુંઃ
વેલી, વૃક્ષો, નદી, ને ગિરિ, નભ, ઝરણે લીન હું સર્વદા છું.

૧૯-૩-'૯૩

## મસ્ત ઈશ્ક

અયે કાતિલ! સીને તું સૂતું રહેજેઃ પડ્યું રહે તુંઃ
નથી તકસીર ત્હારી એઃ ગુનેહગારી હમારી છે!
બિસમિલ્લાહ ખતમ થઈ જાઃ જિકર કર નાઃ જિગર ગમ ખા!
હૃદય નાદાન પ્રેમીલા, દિગમ્બર રાખ ચોળી થા!
કિતાબો ઈશ્કની ખોળીઃ ઉથામ્યાં પ્રેમનાં પોથાંઃ
વિષમ છે ડંખ પ્રીતિનાઃ વિકટ છે સ્નેહરસ્તા ત્યાં!
આશક આ પડ્યો બેહોશઃ મરી જાશે હિજરાઈઃ
આ ફરહાદની કબરે નથી શિરીન સૂવાની!
બસ કમ્બખ્ત દિલ ભોળાં! ઉધામા છોડ ઉલ્ફતનાઃ
ન કર મુફ્ત અફસોસીઃ મળશે દાદ ના અહિંયાં!
આ દરબાર દરવાઝે ડંકા પ્રેમના બાજેઃ
પરન્તુ બેવફાઈનાં ઉપર નિશાન ફરકે છે!
કરી ખામોશ પછડા માંઃ આ તો ખ્વાબનાં નખરાંઃ
આ ગુલઝાર જાદૂનોઃ ફરેબી ને દગાવાળો!
મળે જો ના તને હીરે લગાવી કોયલો કાળો,
બન્યું રહે મસ્ત મસ્તાનું અખંડાનન્દમાં રાચી!
માયિક પ્રેમ તરછોડી અનલહકનો તું કર દાવોઃ
બન્યું રહે મસ્ત મસ્તાનુંઃ મસ્તીનો તું લે લ્હાવો!

૭-૪-'૯૩

# કટુ પ્રેમ

અશ્રુ હવે નયનનાં નયને જજો હો!
નિઃશ્વાસ આ હૃદયના હૃદયે રહો હો!
આશા બધી દિલ તણી દિલ ત્યાગજો હો!
આનન્દ આ નદ તળે જલમાં પડો હો!
આસક્ત આ હૃદય ક્રૂર વિરક્ત તે હા!
હૈયું કઠોર પ્રિયનુંઃ કુમળું અરે આ!
આ પુષ્પ, એ બરફનો કડકો ખરો છેઃ
આ યોગ એ વિધિબલે નિરમ્યો અરેરે!
શૂળી પરે પણ પ્રિયા પલ ના વિસારું;
મ્હારી ગણી તન મને સમ પ્રાણ જાણું;
તે તો ન કિન્તુ સમજી મમ શાન્ત ચિન્તા!
આયુ વહ્યું વહી જશે કટુ પ્રેમ પીતાં!
પિયૂષ આ છલકતું છલક્યું ઢળ્યું ત્યાં,
આ સ્નેહશીત લહરી લપટી પડી ત્યાં;
ત્યાં તો હલાહલ રહ્યું મુજ આશસ્થાને,
જ્યાં સ્વચ્છ પ્રીતિ મુજ મૃત્યુ સુધી વિરામે!

# પ્રેમ અને મૃત્યુ*

ફેંકી દીધો મિથ્યા પરન્તુ સત્ય પ્રેમ મીઠો મીઠોઃ
વળી મિષ્ટ છે મૃત્યુ ખરે જે અંત લાવે કષ્ટનોઃ
ભોળું હૃદય જાણે નહીંઃ જાણું નહીં મધુતર કયું!
હે પ્રેમ! તું મધુ છે ભલા? તો તો બને મૃત્યુ કટુ!
પ્રેમ! તું કડવો ખરે? મૃત્યુ મને તો છે મધુઃ
અહો પ્રેમ! જો મૃત્યુ મધુતર, તો મને મરવા જ દે!
મધુ પ્રેમ કરમાઈ જવા પેદા થયો જે ના દીસે,
મધુ મૃત્યુ સૌ જનને દીસે કરતું નિઃસ્નેહી ખાક જે,
બેમાં મગજ સમજે નહીંઃ જાણું નહીં મધુતર કયું!

* ઇંગ્રેજ રાજકવિ ટેનિસનના એક ગીત ઉપરથી

પ્રેમમાં ઘસડાઈ જાવા ઇચ્છું જો કદી તે બને:
દોરાઉં હું મૃત્યુ થકી બોલાવતું તે ત્યાં મને:
બોલાવ રે! હું આવું છું! હું આવું છું! મરવું હવે!

૨૮-૪-'૯૩

## પ્રેમ અને શ્રદ્ધા*

પ્રેમ પ્રેમ હોય જો, પ્રેમ આપણો જો હોય,
તો પ્રેમમાં શ્રદ્ધા અશ્રદ્ધાનું સંઘાતે બલ ન હોય:
અશ્રદ્ધા અણુ માત્ર તે અશ્રદ્ધા છે બધી ખરે!
અદૃશ્ય ને ઝીણો પડે ચીરો કો' વીણામાં જરી,
ધીમે ધીમે તે મધુર રવને કુંદ કરી નાખે કદી:
પહોળો થતાં મ્હોટો થતાં, તે સ્વરહીણું કરી નાખશે!
પ્રેમી દિલવીણા મહીં ચીરો કદી ઝીણો પડે,
કે મુરબ્બાની બરણીમાં ફલ એકને ચાંદી પડે,
તો પ્રેમસ્વર ઊડી જશે: ફલ મિષ્ટ સૌ બગડી જશે!
અશ્રદ્ધાનું બીજ પણ નથી ગ્રાહ્ય: ફેંકી દે તું એ:
પણ એ જશે? રે! રંગ કાળો પ્રાણ સાથે તે ખસે!
રાખ શ્રદ્ધા પૂર્ણ ને નહીં તો નહીં રતિભાર પણ!
મુજ નામ જે મ્હારું હતું ત્હારુ થયું: બન્યું એક એ:
મને કીર્તિ જો મળે તો તે બધી ત્હારી જ છે:
લાગે તને કદી ડાઘ કાળો તો મને લાગી ચૂક્યો:
તો રાખ શ્રદ્ધા પૂર્ણ ને નહીં તો નહીં રતિભાર પણ!

૯-૫-'૯૩

## ચંચલ પ્રેમસુખ*

કટાક્ષમાં ફિક્કાશ કે અવકૃપા શબ્દમાં,
વા ભ્રાન્તિ માત્ર એવી સ્નેહી હૃદયમાં–
ન્હાના આવા સબબથી દિલ પ્રેમી, અરે! લડે!
નિર્મલ વાતાવરણમાં નૌકા ચાલ્યું સિન્ધુ:
તરંગ ઘન તોફાનમાં નડ્યાં ન ડૂબ્યું કિન્તુ:

* ઇંગ્રેજ રાજકવિ ટેનિસનના એક ગીત ઉપરથી
* ટોમસ મૂરના એક કાવ્ય પરથી

પણ શાન્ત નભ જ્યારે હતું બેઠું જઈ તળે!
જરા વારમાં કસેલું દિલ આમ જ ફીટી પડે!
જે હરદમ હતું ગમીના વખ્તમાં પ્રેમી ખરે!

હા! જે ડગતો ના જરી વાઝોડામાં પ્રેમ,
ફૂંકે ઊડ્યો તૂટી પડ્યો ફૂટે સીસો જેમ!
ચીરો શબ્દો ક્રૂરથી પડ્યો પ્રેમમાં જેહ,
ક્રૂરતર વાક્યો વરસશે મ્હોટો કરવા તેહ!

તારામૈત્રી જે જામતી પ્રેમી નયનની
માધુર્ય તે ઊડી જાશે નેત્રપાતથી!
પુષ્પાવલિ દીપાવતી પ્રેમબોલ જે,
છૂટી જશેઃ તૂટી જશેઃ વિખરાઈ પડશે તે!

મુક્તાહાર તૂટી પડ્યે મોતીડાં પડી જાયઃ
પ્રીતિ સરસર સરી જશે તેમ જ દિલથી હાય!
પ્રીતિલથબથ જે હતાં ભોળાં હૈયાં નેક,
વાદળ વિખરાયાં સમાં છૂટાં બનશે છેક!

હાસ્યનદનું નાચતું ઝરણ ગિરિ પરેઃ
અખૂટ ને અમાપ દિનરાત જલ ઢળેઃ

વહ્યુંઃ ગયુંઃ ફાંટા પડ્યાઃ રણમાં ગયું સમાઈઃ
નાચવું, હસવું, ઘૂઘવવું—સર્વે રહ્યું છુપાઈ!
તેમ દોર પ્રેમ-સ્નેહ-પ્રીતિનો તૂટે!
ન્હાના સુના સબબથી દિલ પ્રેમી કલહ કરે!

* * * *

સુખ જેનો દુઃખ અન્ત છે તેને ઇચ્છે કોણ?
ગ્રન્થિ જે પલપલ તૂટે તે પર નાચે કોણ?
અનન્ત કાલ ઘોરવું અન્ધકારમાં,
પણ ન મોહ ન માનવો ચપલ જ્યોતિમાં!
તેજસ્વી સૌ ઉપટશે કાચા રંગ સમાન!
વધુ તેજસ્વી વધુ ચપલ વીજળી તેનું પ્રમાણ!
મિષ્ટ સો પેદા થયું પ્રેમસૃષ્ટિમાં!
હાથમાંથી મિષ્ટતમ થતાં ઊડી જવા!

ઉલ્લસિત ને સુખમગ્ન ના મુખમુદ્રા તુજ રાખ,
કેમ કે ભય આવે હજુ લપતો જાણે વાઘ!
તુજ નેત્ર ભ્રૂપૂર્ણાનન્દમાં ડૂબી જશે,
કે તુર્ત ગમગીની તને સાહી લઈ જશે!
તિમિર દીપ પાછળ રહ્યું, કિરણ પૂઠે રહી છાય,
તેમ સર્વ સુખ શાન્તિમાં ભય દુ:ખ સાથે જાય!
તે સૂચવે પ્રેમાન્ધને 'તુજ સુખ ઊડી જશે,'
જ્યારે પ્રેમી બિચારો સુખરેલમાં હશે!
તો ઉલ્લસિત સુખમગ્ન ના મુખમુદ્રા તુજ રાખ,
કેમ કે ભય આવે હજુ ઊડતો જાણે બાજ!
તુજ નેત્ર ભ્રૂ પૂર્ણાનન્દમાં ડૂબી જશે,
કે તુર્ત ગમગીની તને સાહી ગળી જશે!
અરે! અરે આવાં હશે વિધિનાં ક્યમ નિર્માણ?
પ્રિયતમ, મધુતમ, મંજુતમ અતિ વેગે ઊડી જાય!
સુવર્ણરંગી ભભક સુખપાંખ પર ચડે,
કે પળ એકમાં પ્હોળી કરી આકાશમાં ઊડે!
જનનયને અશ્રુ મૂકી ધોતાં કૂળા ગાલ,
નિજ સુરંપ સંકેલી લે રૂડું અમ્બુદચાપ!
તેમ દુર્વહ દુ:ખઅંડ સેવવા મૂકી,
સુખ દૃષ્ટિ બહાર જાય ફરી મળે નહીં!
તો ઉલ્લસિત સુખમગ્ન ના મુખમુદ્રા તુજ રાખ,
કેમ કે ભય આવે, અરે! છૂપતો જાણે સાપ!
તુજ નેત્ર ભ્રૂ પૂર્ણાનન્દમાં ડૂબી જશે,
કે તુર્ત ખેદ, દુ:ખ, શોક લઈ તને જશે!

૧૪-૬-'૯૩

## પ્રેમીની આશિષ

### (પીલુ)

હર્ષશોકના રંગીન પાટા ચિત્રવિચિત્ર પડ્યા ઝિંદગીમાં:
સિન્ધુતરંગની વહે છે પરંપરા એક પછી બીજા તેમ વહે આ.

કાળો પટો કોઈ, કો' સોનેરી, કોઈ રડાવે ને કોઈ હસાવે:
અશ્રુ સૂક્યાં ના હાસ્ય થયું ત્યાં, હાસ્ય પછી અશ્રુ પલમાં પડે છે!
નયન હસે છે, સ્મિત મુખડે છે, પ્રહર્ષ પ્રફુલ્લિત હૈયું કરે છે:
તે મુજ સ્થિતિ નિત્ય રહે ના, આનંદ ઉભરા કાલ હશે ના!
ઝિંદગીનો છે રણનો રસ્તો, શુષ્ક અને જલહીન તપેલો:
પુષ્પ ખીલેલાં ત્યાં નહિ મળશે, મળશે તે ક્ષણમાં કરમાશે!
જે દિલ ફૂલથી બહુ મલકાશે, જે હૈયે ફૂલથી અતિ હર્ષ થાશે,
તે હૈયે કાંટો તુર્ત ભોંકાશે, તે હૈયું ભોળું તુર્ત ચીરાશે!
દુનિયાના આ પ્રવાસની મધ્યે સુખ લેવાનું તે લ્હાવો ખરે છે:
નાચ તો વ્હાલા! નાચ રસીલા! કુમકુમથાપા દે હૈયામાં!
હાસ્યવિરાજિત આનંદાશ્રુ પ્રેમીનાં પ્રેમીલાં નયને વસજો!
અથવા અશ્રુ અનુકંપાનાં હાસ્ય ભૂંસી પ્રેમીને મળજો!
જીવનદોરી બનત અકારી પ્રેમ સંયોજિત હોત નહીં તો!
એ જ સત્ય છે, તો મુજ આયુ પ્રેમ તૂટ્યા પછી ક્ષણમાં તૂટો હો!
પણ નિષ્કલંક ને વત્સલ પ્રેમી પ્રેમનશે ચકચૂર થયેલાં:
મધુર સ્વપ્ન સૌ ઊડી જવાથી આશાભંગથી બહુ છે રોયાં!
પ્રેમ ઉપર વિશ્વાસ ધરીને સ્વસ્થ હૃદય નિઃશંક સૂવે તે,
કદી જો કપટથી દુભાય નહીં, તો સુભગ અને સુખવાળું ખરે છે!
પણ જનહૃદયે પ્રેમ વસે છે, પ્રેમીને તો મુજ આશિષ એ છે:
પ્રેમરવિ સૌ હૃદયે પ્રકાશો, સ્નેહશશી સૌ પર અમૃત ઢોળો!'

૨૧-૮-'૯૩

## પ્રેમનું પૃથક્કરણ

મૂકે નિઃશ્વાસો તે હૃદય દુખડાંનાં નહિ નહીં!
રડે, ખેરે અશ્રુ, નયન પલળેલાં, દિલ સૂકાં!
ઘડી પ્રેમી સાથે લટપટ બની ગેલ કરતાં,
પછી 'વ્હાલી' 'પ્યારી' 'પ્રિયતમ' 'પિયુ' નામ જ રહે!
નમે સૌ દેવોને, હૃદય ન નમ્યું કોઈ સુરને!
કરે પ્રીતિ સૌથી, જીગરવત એકે નહિ નહીં!
બધાં નેત્રો વ્હાલાં, નયન પ્રિયનાં માત્ર પ્રિય ના!
પડે કો' બન્ધે તો નહિ નહિ નહીં સ્થાનગણના!

રહે પ્રીતિ નેત્રે, નહિ જ હૃદયે પ્રેમ વસતો!
ઊડે સ્થાને સ્થાને, હૃદય સ્થિર ના કોકિલ સમું!
અરે! આવી મૈત્રી જગત પર દીસે ભટકતી!
ઘણાં હૈયાં ચીરી હૃદયરુધિરે રાસ રમતી!

* * * *

યુવા, વૃદ્ધાવસ્થા, સુખદુઃખસમે, નિર્મલ અતિ!
ડગે ના પ્રીતિની દિલ પરની જ્વાલા ઝળકતી;
બગીચા, મ્હેલોમાં, ઘટુ વન અને જંગલ વિષે
રહે શાન્તિ હૈયે, પ્રિયતમ પ્રિયા એક જ રહે,
ભર્યાં હૈયાં પ્રેમે! વધુ ઘટુ થતાં જીવ નિકળે,
વધે તો આનન્દે, કમી થઈ જતાં શોકથી મરે!
દ્રવે, નીચોવાયે હૃદયરસ મીઠો છલકતો,
પરંતુ બ્હોળો તે દિલરસઝરો ના ખૂટી જતો.
બલિહારી આવાં મધુર રસવાળાં હૃદયને!
અહો! સાધુ હૈયાં! વિમલ શુભ સ્થાને ચિર રહો!
પ્રભુ! આવી પ્રીતિ જનહૃદયમાં વાસ કરજો!
ઊડો પૃથ્વી ઊંચે! સુર, જન બનો દિવ્ય સરખાં!

૯-૯-'૯૩

# મરણશીલ પ્રેમી

આયુ સ્વલ્પ મનુષ્યને દઈ કર્યાં પ્રેમી ઇશે કાં ભલા!
શું પીવાય મુહૂર્તમાં રસઘડા વ્હાલાં દિલે જે વસ્યા?
સન્તોષે સુખમાં રહેત દિલ આ-જો હોત હર્ષે ભર્યું:
માગું ના કદી દીર્ઘ આ જીવિત-જો તે હોત આનન્દનું!
ગાઢાં સંકટમાં પડ્યાં હૃદય કો' ચીરાય ભોળાં, અહો!
ઝીણાં ઘૂંઘટમાં છુપાઈ સરતો આનન્દ તેઓ તણો!
આશા એ જ મનુષ્યનું જીવિત છે, તો આશ રાખું ભલેઃ
મૃત્યુ બાદ મળો અખંડ સુખનો કો' દેશ સૌ પ્રેમીને!
આંહીં તો કદી હાસ્ય થાય પ્રિયથી, વા હસ્તમેળા બનેઃ
જાણી ના રતિ કોઈના હૃદયની ત્યાં મૃત્યુ આવી મળે!
વ્હાલા! દુર્લભ હર્ષ છે અતિ અહીં, તો મૂલ્ય મોંઘું નકીઃ
[illegible] આદરભાવથી હૃદયમાં રાખો જીવો ત્યાં સુધી!

આવે રંગીન પક્ષીઓ, મધુરવાં, ભાગે વસન્તાન્તથી,
કો' વેળા ત્યમ હર્ષ સૌ હૃદયમાં આવી ઊડે છે ફરી!
હોજો વિદ્યુત સાંકળી ચળકતી પ્રેમાર્દ્ર હૈયાં વિષે!
સ્પર્શે હર્ષ જરી જ કો' હૃદયને તો સર્વવ્યાપી બને!

૧૫-૯-'૯૩

## કમલિની

લાડલી હું શ્વેતવરણી ઝૂલતી રહું જલ પરે,
મકરન્દ છાંટું ભૃંગ પર તે ગુંજતો મુજ પર રહે;
તેને સુવાડું રાત્રિએ મમ હૂંફવાળા હૃદયમાં,
ત્યાં પ્રેમધબકારા ઝીલે બન્ને દિલો આનન્દમાં!-૧

ફાનુસ રૂપાળા, દ્રાક્ષરસના જામ કે જાંબુ સમી,
હું તો રહું જલલ્હેરીઓની ઉપર ધીમે હીંચતી;
ક્ષણ એક મ્હારી પાસ ન્હાનો આગિયો ચળકી રહે,
મમ પાંખસમ્પુટ ઉપર ફેંકે નીલવરણું તેજ તે!-૨

ને કુંભ અમૃતનો ભરી ઉદધિ થકી ચંદા કૂદે,
તે વાળ ખંખેરી રૂપેરી સુધા છલકાવી હસે;
સ્ફાટિક તણો ગગને ઘરે ઘન પાટલો તે પર ઊભે,
ને અધર ફરકાવી લવે કંઈ મંત્ર મીઠા તે સમે!-૩

બૂરખો નવો મુખ પર ધરી ડગલાં ભરે ત્રણચાર, ને
મૂંઝાઈ ફેંકે દૂર તે ત્યાં સ્વેદબિન્દુડાં ખરે;
તિલ ગાલ પરનો, ધનુષ ભ્રૂ ને શ્યામ કાજળ નયનનું,
હીરાજડિત મ્હોટા અરીસામાં જુવે કરી ડોકિયું!-૪

કુમુદી નાની બેનડી મુજ વ્હાલ ચંદા પર ધરે,
ચંદા કૂળા પર સ્પર્શ મૃદુથી ફેરવે મુખડા પરે;
ભગિની મ્હારી લાડકી તે જાગતી આખી નિશા,
મુજ પાસ જલશૈયા પરે નિદ્રા કરે દિનમાં સદા!-૫

સખી સાથે સ્નાન કરીને ચાલી ચંદા દૂર ત્યાં,
બરફ ગોળા પર મૂકી પગસ્મિત કરી કંપી જરા;
તે દૃષ્ટિ ચૂકાવી પડી,સરકી ગઈ, જલમાં ઢળી,
ને બાપડી ડૂસકાં ભરીરડતી રહી પ્રિય કુમુદિની! -૬

તે વેળ બધાં મુજ ભૃંગ ને હું તો હતાં સુખરેલમાં,
કંઈ ગોષ્ટીના પડદા ઉઘાડી પ્રેમમાં ઘેલાં હતાં;
હૃદયનો વિનિમય થતો'તો, શાન્ત રસ દ્રવતો હતો,
ને દિવ્ય ચમકારા થતા'તા હૃદય બન્નેમાં અહો! -૭
છૂટી સમાધિ હું ઊઠી સુણી હિબકતી કુમુદી આ,
પંપાળી વાંસો લ્હોઈ નીલી પર સુવાડી શાન્તિમાં;
ફરર ફર ફર ફૂંકતો ને મન્દ ગતિથી વહી જતો,
નિઃશ્વાસ વિરહિણીના સમો ત્યાં અનિલ આવ્યો શીતળો! -૮
ચડી તે પર, સુરખ સાડી ધરી, આવી ઉષા રૂડી,
અતિ શ્રમ થકી તેના અધર ને ગાલ પર લાલી હતી;
પવન તો સરકી ગયો તે એકલી રહી ઊડતી,
તારા ઝીણાની પંક્તિ તેની પાંખમાં શોભી રહી! -૯
ધ્રૂજતાં ધીમે રહ્યાં તેનાં સુનેરી પીંછડાં,
ને શુક્રની ચોડી હતી રમણીય ટીલી ભાલમાં;
કદ રાક્ષસીનું પણ રહ્યું તેમાં હૃદય અતિ કોમળું,
'તમ દંપતી સુખમાં રહો,' તેણે મને ભેટી કહ્યું!-૧૦
પલમાં અહીં જલમાં પડી, પલમાં ગઈ નભમાં ઊડી,
કિન્તુ સુનેરી રેશમી સાડી અહીં સરકી પડી;
ધીમે ધીમે તે દિવ્ય બાલા પિગળી ગઈ કુમળી,
ને પૂર્વમાં પલ એક રહી શ્વેત જ્યોતિ ઝળકતી!-૧૧
જળળ જળહળ તેજગોળો લાલ ત્યાં લટકી ગયો,
તેજસ્વી તે રવિને શિરે કંઈ મુકુટ કંચનનો રહ્યો;
હું તો ઊઠી છોડી દઈ પિયુ-ભ્રમર મ્હારી બાથથી,
તે પર ફિદા આ શરીર વળી હું પ્રેમ રવિ પર ધરું અતિ!-૧૨
ફિક્કા પડેલા તારલા મેંઢાં સમા વિખરી પડ્યા,
ગોવાલ-રવિના માત્ર દર્શનથી ડરી ન્હાસી ગયા!
દંડ પ્રહર્યો એક તેણે પ્હાડ ધૂમસના ઉપર,
પલ એકમાં પિગળી ગયાં ઝાકળ તણાં શિખરે શિખર!-૧૩
વ્હાલમ ગયો રમતો અને ઊડતો બગીચે એકલો,
વેલી તણી વેણી અને વૃક્ષો મહીં છૂપી ગયો;
કુંજ પેલીમાં કરે છિત્કાર તમરાં ત્યાં ફર્યો,
ને હવે નાજુક છોડના તે ગુલ ઉપર ઘૂમી રહ્યો!- ૧૪

અપ્સરાઓ નિત્ય આવી સરકિનારે ખેલતી,
મુજ ભૃંગને પૂજે પીળી ચંદન તણી અર્ચા કરી;
તેઓ ફરે કૂદડી ઊડે ગુચ્છા સુનેરી વાળના,
રવિકિરણમાં રવિકિરણ જેવા રેશમી તે ચળકતા!-૧૫

મેં સ્નાન સરજલમાં કર્યું, મુજ ગાત્ર ભીનાં કંપતાં,
એ મોતીડાં કે બિન્દુડાં જલનાં ભર્યાં મમ કેશમાં;
રવિ હોળતો મુજ વાળ તેને તો કર્યો મેં ભ્રાત છે,
તેની અને મ્હારી છબી-આ આ જલ બિલોરીમાં પડે!-૧૬

ખળક ખળકે તરંગોની લહરી શીતલ માધુરી,
ને કંઈક બુદબુદ જન્મ પામી શમી જતા પાછા વળી;
રવિકિરણથી નવરંગના તે શીકર જલના ઊડતા;
છંટાઈ તે મ્હારા ઉપર મમ શરીરને શૃંગારતા!-૧૭

ઝીણી રૂપેરી માછલી કૂદી ઊડી જલમાં પડે,
રવિબિમ્બ તો ધ્રૂજી રહે ને ચકર પાણીમાં બને,
રૂડા મુક્તાહારમાં હીરા તણા ચકદા સમી
નાજુક રૂપાળી હાસ્યવદની એક પલ રહું ડોલતી!-૧૮

શંખ જ્યમ લપસી પડે કો ચોક મણિના ઉપરે,
ત્યમ હંસજોડી ધવલ કટકા ચંદ્ર જેવી ત્યાં તરે,
પાંખ જલથી આફળે ને તરંગો રહે છબછબી,
એ પૃથ્વીનાં પક્ષી નહીં, છે દિવ્ય દૈવી કો નકી!-૧૯

શી ડોક તેઓની રૂડી ડોલર તણી માલા સમી,
ને હિમપર્વતશૃંગ પરના બર્ફથી ધોળી ઘણી;
છે લાલ ચંચુ લાલ કે દાડિમ તણી જેવી કળી,
તે પવનવેગે જલ પરે શી ચળકતી ચાલી ગઈ!-૨૦

હવે તો મધ્યાહ્નકાલે ધોમ ધખિયો વ્યોમમાં,
સૌ જગત સૂતું શાન્તિમાં ને પુષ્પવેલી ઢળી ગયાં;
પણે સારસયુગલ ઊતરે કુંજમાં ઊડતું ધીમે,
ને એક સમળી ચીસ પાડી શાન્તિનાં પડને ચીરે.-૨૧

કંઈક ફૂલથી હાસ્ય કરતો, કંઈક ફૂલ રંજાડતો,
મમ કર્ણફૂલડું હૃદયરાજા મધુર મધુકર આવીઓ;
પત્ર-થાળી, દાંડલી-કર, બિન્દુજલનાં મોતીડાં,

તેને વધાવું તે થકી ને અશ્રુ છાંટું નયનનાં!-૨૨
સંયોગની પલ ટૂંકડી વીતી ગઈ સ્વપ્ના સમી,
રવિ પશ્ચિમે ડુંગર ઉપર ઊભો રહ્યો દોડી જઈ;
લંબાવી કરકિરણો જગાડ્યાં વૃક્ષ સૌ ઢંઢોળીને,
ને ત્યાં ઉડાડ્યાં પક્ષીઓ કુમકુમ સમું કંઈ છાંટીને.-૨૩

કોકિલ તણી કીકી સમો રસ દ્રાક્ષનો ઢોળ્યો પણે,
ને ચળકતાં ફૂલડાં ગુલાબી વેરિયાં નભમંડપે;
ત્યાં ગાર આછી ચોકમાં લીંપી રૂડી કેસર તણી,
પણ ભાનુ તો ડૂબી ગયો ને શાન્ત સંધ્યા રહી ગઈ!-૨૪

આ આભને આસમાની પડદે કિરણ સૌ રેલી ગયાં;
ને એક બાજુ વાદળીમાં નવીનરંગી થઈ રહ્યાં;
ને પણે વાદળ ગરુડ જેવું કનકનું લટકી રહ્યું;
તે તો હવે રસ થઈ જઈ ઢોળાઈને પિગળી ગયું!-૨૫

ત્યાં વૃક્ષના ઘટ ઝૂંડમાં કો' બુરજ ઊભો એકલો,
તે સ્થાનમાં ઝીણો, મધુર, ગંભીર વાગે શંખ કો;
તે સૌ પ્રદેશો ઉપર ડોળા ફાડતી રાત્રી ધસી,
અંધારપડદે છાઈ લીધું વિશ્વ પ્હોળું ક્ષણ મહીં!-૨૬

વાંસવૃન્દો આરડે ને પવન હાંફે જોરથી,
ને આંખ છે અંગાર જેવી સિંહની ત્યાં ચળકતી;
પણ ત્યાં ઊભું તટ પર દીસે કોઈ દબાયું દુઃખથી,
માનવ હશે! એના વિના આ સુખી જગતમાં કો' દુઃખી?-૨૭

દુઃખમાં પડ્યું માનવ અને દુઃખદાહ તે પાછળ જુવે,
નહિ જ્ઞાન તેને ભાવિનું પણ કલ્પી દુઃખ ડરતું રહે;
કંઈ સ્વાર્થ, સત્તા, દંભ એવા બન્ધ તેને ફરી વળે,
સુખમય અમારી જ્ઞાતિ તેની બ્હાર તે તો ટળવળે!-૨૮

૧૦-૧૧-'૯૩

## રસેચ્છા*

પૃથ્વી! સમુદ્ર! પવન! પ્રિય ભ્રાતૃભાવ!
જો હોય લેશ હૃદયે મુજ ધર્મ, ને જો-

* ઇંગ્રેજ કવિ શેલિના એક કાવ્યના ન્હાના કકડા પરથી

સન્ધ્યા - પ્રભાત - રવિનાં કિરણો રૂડાંથી-
રંગેલ લાલ પડદા નભના સુનેરી. -૧

પુષ્પો પરે ટપકતાં સુતુષારબિન્દુ,
ને સ્નિગ્ધ પાંખ ફૂલની મકરન્દભીની,
અન્ધાર ઘોર વિધુહીન નિશાની શાન્તિ,
વા શ્વેત દૂધ સમ રેલ રૂડા શશીની. -૨

ઘેલાં વસન્તથી બનેલ મહાન વૃક્ષો,
વર્ષા કરે હરિત નાજુક જે સુગુલ્મો,
ને બર્ફના ઢગ ભરેલ તુષારકાલ-
આ સૌ મને દિલ સમાં પ્રિય હોય, ને જો- -૩

કોઈ પશુ ગરીબડું જીવજન્તુ કોઈ,
વા પક્ષી કો' ચસકતું કદી ન્હોય દૂભ્યું,
હોઉં રહ્યો સ્વજન સૌ ગણી સાથ હું જો,
બન્ધુ! તમે હૃદય આ રસથી ભરો તો! -૪

૧૭-૧૨-'૯૩

## તુષાર

હું છું ઊભો ગિરિ તણા શિખરે ચડીને,
કલ્લોલમાલ સમ ગીચ તુષાર નીચે-
મેદાન નીલવરણા ઉપરે ઝૂમ્યો છે:
જાણે જડ્યું સર રૂડું નભને તળે તે!
મોજાં વહે ચળકતાં ભૂખરાં રૂપાળાં,
રેસા સમા રવિકરો સુરખી ભરે ત્યાં;
થંડી સમીર લહરી થકી ગોલ ઘૂમે,
ભૂરાં કબૂતર તણા જ્યમ ગોટ ઊડે!
આ મેખલા સમ ઊંચો ગિરિશૃંગ ઘેર્યો,
ત્યાં વ્હોકળા ઉપર હસ્તી સમો રહ્યો જો!
તે ખીણમાં પથરનો કરી કોટ ઊભો,
ને વૃક્ષની ઉપર તીડ સમો પડ્યો, જો!
રૂપા તણા રસ સમો જલધોધવો તે-
આ ગીચ ધૂમસ તણા મુખમાં પડે છે!

ત્યાં પક્ષીઓ કિલકિલે પણ ના દીસે કો':
અન્ધારમાં જગત આજ પડ્યું, અહો હો!
ત્યાં દૂર સિન્ધુ ઘૂઘવે, નદ ત્યાં મળે છે,
ત્યાં એ તુષારગઢના બુરજો ઊભા છે!
ત્યાં રાક્ષસો સમ ઊડે બહુરૂપધારી–
કાળો તુષાર નભના પડદા સુધીથી!
ત્યાં બર્ફનો અતુલ પ્હાડ પડ્યો ઢળીને,
નીચે ધસી લઈ જતો બહુ વૃક્ષને તે;
મ્હોટો કડાક કડડાટ થયો દિશામાં,
તે એ ડૂબ્યો ગરજતો ધૂમ સિન્ધુનામાં!

૯-૧-'૯૪

## મૃત્યુ

મેં બાપડું રમકડું કુમળું ઉછેર્યું,
આ પ્રેમના હૃદયનો રસ પાઈ પોષ્યું;
પારેવડા સમ હતું બહુ ભોળિયું એ,
ને ગીતડું પ્રણયનું મુજ બાલુડું તે!
મ્હારી પ્રિયા હૃદયનું ફૂલડું હતું એ,
પ્રીતિ તણું મન હતું, સુખિયું હતું તે;
પોઢ્યું હતું મુજ કને દિન એક કાલું,
સૌએ રડી કળીકળી ફૂલ તે ઉપાડ્યું!

લોકો કહે 'મરી ગયું,' સમજ્યો ન હું તો,
ચાલ્યાં લઈ 'કુસુમ,' પાછળ હુંય ચાલ્યો;
જેને કહે જન 'સ્મશાન' તહીં ગયાં સૌ,
મ્હારી પ્રિયા પણ હતી જનસાથમાં ત્યાં.

ત્યાં કાષ્ટના ઢગ પરે ફૂલ તે સુવાડ્યું!
લોકે કહ્યું 'શબ' ભલે, 'ફૂલ' મેં કહ્યું'તું;
મેં તો કહ્યું, અરર! ભાઈ, જરાક થંભો,
આ લાડલું કઠિન અગ્નિ વતી ન બાળો!

રે સાંભળો! પણ તહીં ભડકો ઊઠ્યો શું!
મૂર્છા તળે દુઃખ ભૂલી ધરણી ઢળ્યો હું;

તે ક્રૂર સૌ જન ગયાં નિજ ઘેર ચાલ્યાં,
આ એક જે મુજ હતી રહી પાસ તે ત્યાં.

હું તો ઊઠ્યો, સળગતું મુજ કાળજું'તું,
ઢૂંઢ્યું, ન ત્હોય નજરે મમ પુષ્પ આવ્યું;
ત્યાં દૂર વૃદ્ધ અવધૂત હતો ગુફામાં,
તેણે સુણી રુદન આવી મને કહ્યું આઃ–

"ત્હારું ગયું કમલ મૃત્યુ તણે બિછાને,
"ત્યાં સૌ જશે, જગત તો ભ્રમછાબડું છે;
"આ પ્રેમ શો! રુદન શું! દુઃખદાહ શાને?
"તું કોણ? તે સમજ, બાપ! જરા ઊભો રહે!

"ત્હારું ચીરે હૃદય વ્યર્થ રડી રડીને,
"ત્હારું ગયું ન મળશે કદી પુષ્પ, ભાઈ!
"સ્પર્ધા કરી જલધિ વ્યોમ ભણી કૂદે છે,
"ને સૂર્ય આ લઈ ગ્રહો ફરતો ફરે છે :

"આવા અનેક ઉદધિ ઊછળ્યા કરે, ને—
"બ્રહ્માંડમાં રવિ મળી અણુ શા ઊડે કૈં;
"અસ્તિત્વ એ સહુ તણું નહિ હોય કો' દિ',
"કો' દિ' હશે નભ બધું પરિશૂન્ય આ તો!

"ત્હોયે હતાં સહુ જ તત્ત્વ રૂપાન્તરે આ,
"કો' એ નવું નથી થયું, નવ થાય કાંઈ;
"કો' દિ' વળી પ્રલયનો સહુ ભોગ થાશે,
"ત્યારેય બીજ રૂપમાં સહુ આ સમાશે!

"ત્યારેય ન્યૂન રતિભાર નહીં થવાનું,
"ને કાંઈ એ અધિક હાલ નથી થયેલું;
"દોરાય કો' ગતિ અનન્તથી વિશ્વ આવું,
"ચીલો પડેલ પણ રાહ તણો દીસે ના!

"તે માર્ગનાં પથિક ત્હોય બધાં દીસે છે,
"છે મૃત્યુ, જન્મ, જીવવું, સહુ ભાસ માત્ર;
"તો મૃત્યુથી રુદન, જન્મથી હાસ્ય શાને?
"વૈરાગ્યમગ્ન રહી આયુ ન ગાળ શાને?"

તે દિનથી મન વિરાગ ધરી રહ્યો છું,
"ને તાહરું સ્મરણ, મૃત્યુ! કર્યા કરું છું:
તું શાન્તિનું ભુવન છે, દુઃખઅન્ત તું છે,
પ્રેમે બળેલ દિલનો મધુકાલ તું છે!

તું હાસ્ય છે રુદન કે હૃદયાગ્નિ રૂપે,
ને અશ્રુના ઝરણમાં સ્થલ જ્ઞાનનું છે;
ત્હારાં સુખી ચવણમાં સહુ ઘોર ઊંઘે,
ત્હોયે તને મનુજ કો' કદીયે ન જાણે!

અન્ધાર તું, જગત જે કદી એ ન જોશે,
અંજાય વા નયન સૌ, બહુ દિવ્ય તું છે;
જ્યાં સૌ રડે, ખડખડી કરી હાસ્ય ત્યાં તું,
ત્હારું અધિપતિપણું સહુ કાલ ચાલે!

રે ભાઈ મૃત્યુ! ગત કાલ બધો જ ત્હારો,
ભાવિ તણા તિમિરમાં ઉજળો તું દીવો:
તું, હું, પ્રિયા મુજ, સહોદરશાં રહેશું,
તે મિષ્ટ કાલ સુધી સાચવ બાલ મ્હારું!

૨૦-૧-'૯૪

# પુષ્પ

અહો! મીઠા આત્મા! રસિક કુમળું મ્હોં તુજ હસે,
ફૂલેલા અંગેથી મનહર રૂડો ગન્ધ પ્રસરે;
વસન્તી વાયે છે સમીરલહરી ગેલ કરતી,
રમી ત્હારી સાથે મધુર રવથી જાય વહતી!

શિરે ત્હારે વૃક્ષો નવીન ચળકે કુંપળ ભર્યાં,
સૂતું'તું મધ્યાહ્નને સુખમય રહ્યાં છાય ધરતાં;
હવે સંધ્યાકાલે કુસુમ સરખી મ્હોરકળીની–
કરે વૃષ્ટિ ધીમી તુજ પર ધરી વ્હાલ દિલથી!

સુનેરી દીપે છે નભ પર તળે વાદળ રૂડું,
ડૂબે નીચે પેલું ક્ષિતિજ પર ત્યાં બિમ્બ રવિનું;
તને આલિંગે છે સુકર રવિના ચુમ્બન કરી,
તરે તે આકાશે ગરક મકરન્દે તુજ થઈ!

રૂડો જાંબુરંગી સુરસ રસ સંધ્યા સલુણીનો,
ધરકી પ્રીતિ હૈયે તુજ પર અભિષેક કરતો;
ગુલાબી પાંખો આ, સુમન! તુજ તેજે ચળકતી,
દીસે તું સાક્ષાત પ્રણય, રતિ, ને મૂર્તિ સુખની?

અરે વ્હાલા! વાશે પવન અધિકો ઉષ્ણ બળતો,
હશે આ કાલે વા તુજ તરફ એ ક્રૂર ધસતો;
તને ચિન્તા ના ના! સુભગ તુજ હૈયું સુખભર્યું,
તને ના સ્પર્શે કો' વિષમ દુઃખ આ ક્રૂર જગનું!

સુખી આ સંસારે સુખમય નહીં કો' તુજ સમું,
અમારે આનન્દે દિલ પર રહે છે દુઃખ છૂપ્યું,
દુઃખી જો ઓછું તો સુખ બસ થયું એમ ગણશે,
બિચારું ભોળું એ મનુજ સુખ પૂરું ન સમજે!

અમારાં મીઠાં તે રુદનમય છે ગીત સઘળાં,
દુઃખે શિખેલાં એ કવિદિલ શિખાવે દુઃખ બધાં;
ન નિદ્રામાંયે છે પરમ સુખ વિશ્રાન્તિ અમને,
બૂરાં સ્વપ્નો આવી જનહૃદયમાં કંટક ભરે!

ન આનન્દે ત્હારા બિલકુલ હશે ધ્વંસ કદીએ,
ઉદાસીની છાયા તુજ દિલ પરે ના રજ વસે;
કરે છે પ્રીતિ તું, સરવ તુજ પ્રેમે ખુશ રહે,
અતિ તૃપ્તિની તું સમજ નહિ પીડા પણ ખરે!

સુખી આત્માનું ને પ્રણય જગ ને મૃત્યુ ભવનું–
હશે ઊંડું સાચું તુજ હૃદયમાં જ્ઞાન વસતું,
ન જે જાણે છે કો' મગજ કપટી મર્ત્ય જનનું,
નહીં તો આવું તું સુખભર રહે કેમ ખીલતું!

ન જાણું તું શું છે? તુજ સમ હશે શું જગતમાં?
ન ત્હારા જેવી મેં નિરખી ખુશબો કો' કુસુમમાં;
નહીં તો પૃથ્વીનું, સમ મુજ કહે ક્યાં અવતર્યું?
વસ્યું'તું કૈલાસે? શિવશિર પરેથી સરી પડ્યું?

ન તું સ્વાર્થી ને ના કૃપણ તુજ હૈયું જન સમું,
ગ્રહી આશા તેથી હૃદય મમ કૂળું તુજ કર્યું;

મ્હને દે તું દીક્ષા, મધુપ તુજ વ્હાલો કર મ્હને,
અભેદાનન્દો હું શિખવીશ પછી આ જગતને!

૨૦-૨-'૯૪

## મ્હારું કબૂતર

સુખે ચાલ્યો જાતો દિવસ સુખમાં ના ગત થશે!
મળ્યા અલ્પાનન્દો મનુજ દિલને તે ખરી જશે!
રહેશે રોવું! તે રુદન મનુનું બાન્ધવ ખરું:
બધું વ્હાલું બીજું મરણશરણે જાય વહતું.

હતું મેં પાળ્યું ને કબૂતર રહ્યું'તું ઘૂઘવતું,
ઊછેર્યું 'તું પ્રેમે, કનકમય આ પિંજર પૂર્યું;
પહેરાવ્યાં મુક્તાજડિત રૂડલાં ઝાંઝર પગે,
ફરન્તું ભોળું તું સૂરખ પગ ન્હાના ઠમકતે!

અરેરે! પૂર્યું કાં? જડ કનક પ્યારું ન તુજને;
સુવર્ણે લોભાયા કૃપણ શઠ એ તો જન અમે;
તને નીલી વ્હાલી ઘટ વનઘટા નીલમ સમી;
ગણે મોતી હીરા વિભવરચના તુચ્છ સઘળી.

તને બન્ધે નાખ્યું! દિલ મતલબી કાં મુજ થયું?
અરે! ત્હોયે ત્હારું મુજ પર હતું વ્હાલ અધિકું!

અહો! ત્હારું હૈયું પ્રણયરસભીનું પરગજુ,
દુઃખી હું હોઉં તો મન રીઝવવા નૃત્ય કરતું!

તને કે' દિ' કીધું! હૃદય! મમ પ્રેમે ન સળગ્યું!
હતું સ્વચ્છંદી તું, પરવશ કર્યું મેં અહ પ્રભુ!
મનુષ્યો સંહારી સુખદ રતિબન્ધો કુદરતી–
અરે! ભોળાં પ્રાણી ઉપર ચલવે રાજ્ય જુલમી!

મીઠાબોલી ભીરુ કબૂતરી વિયોગે મરી હશે,
મર્યું આજે તું એ ઝૂરી ઝૂરી પ્રિયાના જ વિરહે;
વિયોગે ભૂલાયે પ્રીતિ, જન વૃથા એમ વદતાં,
ભૂલાયે ભૂંસાયે પ્રીતિ નહિ જ, એ સ્વાર્થસ્વપનાં!

પૂરું આનન્દી ને પરમ સુખિયું બ્રહ્મરૂપ તું,
અહો! 'ઘૂઘૂ' શબ્દે પ્રણયધ્વનિ ઊંડો ગજવતું;

અરે ! પંખી ! મ્હારું પતિત દિલ આ પાવન કરી,
સ્વધામે ચાલ્યું તું, કસૂર મમ શું માફ ન કરી !

પ્રિયે ! બચ્ચાં વ્હાલાં ! તમ સમ હતું તે મરી ગયું,
જતાં તે પારેવું ગૃહ મમ થયું શૂન્ય સરખું;
થયું થાવાનું તે, થઈ ગયું 'થયું ના' નહિ થશે,
ઉન્હાં અશ્રુ ત્હોયે દિલ રુધિર શાં વ્યર્થ વહશે !

અરે ! કો' પ્યાલામાં શરબત ભર્યું તે પડી ગયું,
ઢળ્યું પાણીમાં ને ઉદધિવીચિ માંહી મળી રહ્યું;
ન પીવાયું, ખોયું, પણ નવ ગયું પૃથ્વી પરથી,
રહ્યાં તત્ત્વો મીઠાં ઉદધિ કડવામાં ભળી જઈ !

અહો ! આ પારેવું શરબત હતું, અમૃત હતું,
બૂરાં ભાગ્યે મ્હારાં મમ ગૃહ તજ્યું, એ મરી ગયું;
મર્યું, ખોવાયું, વા ઢળી ગયું કહો, કે ઊડી ગયું,
ભળ્યાં ભૂતે ભૂતો; લય નથી થયું એ કબૂતરું !

૨૨-૩-'૯૪

## સમુદ્રથી છંટાતું બાલક*

નિગૂઢાર્થો આવા તુજ નયનને કોણ શિખવે ?
ઉદાસી ભાવો આ, શિશુ ! તુજ દિલે કોણ છૂપવે ?
વિચારો ઊંડામાં શિથિલ સહુ છે આ અવયવો,
ભર્યો તારા ભ્રૂમાં ગમગીન અને શાન્ત ભડકો !

વહી જતાં વ્હાણો બગ સમ દીસે દૂર દરિયે,
ઝૂલંતાં પાણીમાં શિખરવત મોજાં કૂદી રહે;
વિના હેતુ ના ના જલધિ ધરતી કાર્ય કરતાં,
ન પક્ષી ન્હાનાં આ ભ્રમણ કરતાં વ્યર્થ અથવા.

તને તો ભાસે છે વિષમય બધાં ક્ષુદ્ર સુખ આ,
વિચારો ત્હારા છે ગંભીર અતિ કોથી ન ડગતા;
સમાધિ સાધી તેં સજડ તુજ આત્મારટનની,
દુઃખો તારાં ધૈર્યે વહન કર આશા દિલ ધરી.

* ઇંગ્રેજ કવિ મેન્યુ આર્નોલ્ડના Gipsy Child એ નામના એક કાવ્ય પરથી

પિગાળે, ગાળે છે, રસમય કરે છે, જગત જે,
અહો! એ નેત્રોથી દિલસ્રવઝરાનું જલ વહે;
જનેતા ત્હારી ના હૃદય તુજ ભોળી સમજતી!
મનુષ્યો શું જાણે ગહન રચના દિવ્ય દિલની?

થતાં તારામૈત્રી નયન તુજ ગોષ્ટી મચવતાં,
મીઠા ઝીણા ઘેરા પ્રણયરસના નાદ કરતાં;
પડી એ મોહિની મુજ પર મને મત્ત કરતી,
અહં ભૂલાયું ને રતિ રહી દિલે આ ટપકતી!

અરે! ત્હારા જેવી ગમગીની ન ગંભીર નિરખી!
ખરે! શાન્તિ મ્લાની તુજ જીગરની તીક્ષ્ણ વીજળી,
અહો! મ્લાની મીઠી મૂરખ જગની વૃદ્ધિ સઘળી,
દુઃખો સંસારીનાં પરમ સુખનાં સાધન નકી.

ખરા મધ્યાહ્ને જ્યાં મૃગજલ ઢળે દૂર સઘળે,
નીચે જામેલું ત્યાં શૂરવીર તણું યુદ્ધ ગરજે,
નિહાળે એકાન્તે ગિરિ પર ચઢી કો' મનુજ એ,
ખરે! તે જેવું મ્હોં કુતૂહલભર્યું, બાલ તુજ છે!

નહીં ભીરુ તેવું-વનપતિ સમાં ગાત્ર તુજ આ,
હજારો સેનાને કતલ કરનારાં દગ ખરાં;
લલાટે અગ્નિ છે; અધર પર છે તેજ બળતું,
મચ્યું યુદ્ધે તેવું મુખ તુજ દિસે રુદ્ર સરખું!

સ્મરી વીત્યાં સુખો મરણસમયે પાન્થ રડતો,
બધી આશા ત્યાગી હૃદય પર તે હાથ ધરતો;
અરે! આવું હૈયું તુજ દિલ સમું ના દુઃખભર્યું,
નિરાશાનું જોડું જગ પર દીસે ના તુજ સમું.

બહુ જોયું, જાણ્યું ખટપટ પ્રપંચો પણ કર્યા,
ગયું આયુ આખું, ધવલ શિરને ભ્રૂ થઈ ગયાં;
વહ્યો મ્હોટો બોજો શિર પર પ્રજાના દુઃખ તણો,
હવે કાંઠે આવી નરપતિ રહ્યો કાલ સ્મરતો.

વિચારો, વર્ષો ને દુઃખવતી મુખે છે કરચલી,
બહુ ચિન્તા વેઠી, જીવન પર ના પ્રેમ, અરુચિ!

અરે! એવું, બાપુ! તવ મુખ દિસે પાત્ર દુઃખનું!
ગયા જન્મોનું શું તુજ દુઃખ સ્મરે જે અનુભવ્યું!

તને ખામી લાધી જગત પર કાંઈ કટુ અતિ,
બધું ધિક્કારીને મન તુજ વળ્યું શું વન ભણી?
અરે! જ્ઞાની! જ્ઞાની! જડવત કર્યું તેં હૃદય શું?
ખરો જ્ઞાની પ્રેમી, સમજ રજ તો પ્રેમ ધર તું!

અહો પ્રેમી! જ્ઞાની! પ્રીતિ વિણ હશે શું દુઃખ તને?
દયા, આશા, ગ્લાનિ પ્રણયઝરણાના શીકર છે;
તને એ છંટાયા, હૃદય તુજ પ્રેમે નિગળતું,
વહે, ધીકે, કૂદે, રુધિર તુજ પ્રીતિભર ઉન્હું.

ઠગારી આશાનું કપટ સમજ્યું છે જરૂર તું,
અગાડીથી જોયું ભવિષ તુજ તેં ત્હોય જીવ તું!
અહો! પૂર્વજ્ઞાની! દિલ તુજ નિહાળે ધ્રુવ દુઃખો,
શક્યો જે જોઈ કો' બુધ સમ ન વિદ્વાન સરખો,

ચમત્કારો કેવા વખત તુજ હૈયે છુપવશે!
કયા વ્હેતા દા'ડા રુદનસ્વર ઉત્ફુલ્લ કરશે!
કઈ રત્નગર્ભા, રવિ ગ્રહ કયા તું સમજશે!
કયાં તારાં કાર્યો જગત વશ આખુંય કરશે!

અરે! સર્વાશી આ મરણ તુજને બાથ ભરશે,
નિશા કાળી પેલી તુજ પર ભરી ફાળ પડશે;
ખરે તે પ્હેલાં તેં જનજીવિત તાગ્યું પૂરું હશે,
હશે જાણ્યું સર્વે, નહિતર ગયું ભૂલી સઘળું!

નિશા અન્ધારીમાં જગત ઘસડી કો' લઈ જતું;
બધી જ્ઞાનેન્દ્રી ને દુઃખની વચ તેણે પડ ધર્યું;
હજારો નિદ્રાથી જનમગજ લેપી જડ કર્યું,
ઝીણા તન્તુ, સ્નાયુ, રુધિર, નસમાં જાદુ દપટ્યું!

મહાત્માનું હૈયું પણ જરી ડરે ના તિમિરથી,
ડગે ના માયાથી સમજી બહુ એ જાય કપટી;
કરોડો જાદુને તૃણવત ગણી જે વિહરતું!
ચૂકે તે ફન્દોમાં નહિ નહિ કદી લક્ષ્ય નિજનું.

કરી જુદું પાણી પય જ્યમ પીએ હંસ સઘળા,
ભલે તુંએ તેવું ગુણ ગ્રહી રહે આ જગતમાં;
ભલે ઝૂઝે યુદ્ધે, જગત પર છે યુદ્ધ સઘળે,
વિના લોભે કીર્તિ તુંજ બલ ભલે મેળવી ઘૂમે!

ભલે તેજસ્વી તે રવિ તુજ પરે કિરણ ધરે,
ભલે તારું આયુ-કટુ ઝરણ-તેજે ઝળહળે;
કદી અંજાયે તો નયન તુજ તે તેજથી ભલે,
ભલે શાન્તિ પામે હૃદય તુજ આનન્દ ઉભરે.

અરે! ત્હોયે છેલ્લે જીવનરવિના અસ્ત સમયે,
ઝઝૂમેલી સંધ્યા સરકી જતી જ્યારે નિરખશે,
પહેરી લેશે તું શરીર પર તે શાન્ત ઝભલું,
અને પાછું ત્યારે ગ્રહીશ દુઃખ તે ઉગ્ર બળતું!

૧૬-૫-'૯૪

## જ્યાં તું ત્યાં હું

ચિન્તાક્રાન્ત મુખે ખરે ટપકતાં અશ્રુ ઉન્હાં મોતી શાં,
ત્હારાં શાં વિગલિત ગાત્ર વનમાં વૃક્ષે અઢેલી રહ્યાં!
મીઠું કાંઈ મુખે લવી પ્રિય, અહા! નિશ્વાસ ધીમે મૂક્યો!
તે સૌ હું નજરે રહું નિરખતો, સૌભાગ્યશાલી બન્યો!

કેવી શાન્ત નિશા! જરી પવનથી ના ડોલતું પાંદડું!
કેવું ચન્દ્રપ્રકાશથી ચળકતું આકાશ આ ઉજ્જ્વળું!
હા હા! આ સમયે, પ્રિયે! હૃદયથી કાં ના લપેટે મને?
કાં ત્હારું મન શોકથી ઉભરતું શંકાભરેલું? અરે!

હા! નિદ્રાવશ તું બની, કમલશાં નેત્રો મિચાઈ ગયાં;
નીલા ઘાસ તણી બિછાત પર આ અંગો પડ્યાં શાન્તિમાં;
આંસુના પડદા વતી નયન તો મ્હારાં થયાં આંધળાં!
લૂછ્યાં ના પણ ઉષ્ણ શ્વાસ દિલને અશ્રુ સૂકાવી દીધાં!

સૂજે, પ્રાણ! સુખે રહી નિડર તું ત્હારો ઊભો દાસ આ,
તે સ્પર્શી તુજ ગાલ લાલ અધરે ચૂમી ન લેશે પ્રિયા!
શાન્તિમાં તુજ ભંગ એ નહિ કરે આલિંગી બન્ને ભુજે,
સૂતી સિંહણ, કોણ ક્રુદ્ધ કરશે તેને જગાડી? કહે!

જોશે ભાગ્ય ગણી ઊભો અધર જે જુદો રહ્યો ઓપ્ઠથી,
જેણે કો' દિન શબ્દ મિષ્ટ ઉચરી શાન્તિ પમાડી નહીં;
માયાળુ નહિ ત્હોય ક્રૂર દીસતી નિદ્રસ્થ પ્યારી નહીં,
એવા દર્શનને વિલોકી બનશે પ્રેમાર્દ્ર હૈયું સુખી!

વ્હાલી પૂર્ણ સદોષ છે, જખમ આ કારી કર્યો કાળજે,
ત્હોયે તે મમ ગીતની અસરથી નિશ્ચિન્ત સૂતી રહે!
મ્હારું વજ્ર સમું કઠિન દિલ આ ચીરાય ઘાથી નહીં,
હું તો ના નહિ તો રડું ટળવળું જ્યારે સુખે એ સૂતી!

સંયોગી તુજ ના બન્યો, વિરહમાં જીવું બની ભસ્મ હું,
પ્યારી! શું દુઃખદાહ, શું જીવિત છે પ્યારું મને એવડું?
એવું શું બનશે, પ્રિયે! જગતમાં ત્હારા વિના હું જીવું?
ત્હારી ખાક લગાવી અંગ પર શું બાવો બની હું ફરું?

ત્હારાથી મુજ આ દ્વિધા નહિ બને હૈયું, પ્રિયે! મૃત્યુથી,
મ્હારી તું નવ લેશ ઓછી બનશે એ કાલરાત્રિ થકી;
તું જાતાં નહિ હું રહું, જીવિતનો લોભી નથી હું નકી,
તું સ્વર્ગે કર વાસ, કે સમજજે આ દાસ ઊભો તહીં!

ત્હારાં કોમલ ગીતડાં મધુરવાં હું સાંભળી એકલો–
ઘેલો મસ્ત બનીશ સ્વર્ગભૂમિમાં કો' બાલ ન્હાના સમો;
કેવી સુન્દર લ્હેરીઓ અનિલની, ત્હારા રૂડા બાલની–
સેરો રેશમના સમી, નિજ કરે સ્પર્શી હશે ચાલતી!

કેવી મોહક વાટિકા, વનઘટા, પુષ્પો પરાગે ભર્યાં!
કેવા રંગીન ત્યાં હશે મધુકરો સંધ્યા સમે ગુંજતા!
ત્હારી શાલ સુવર્ણરંગી ચળકે સાડી ઝીણી ઉપરે,
તેમાંથી તુજ દિવ્ય સૌ અવયવો દેખાઈ આછા રહે!

ત્યાંયે નાજુક વૃક્ષની વનઘટા માંહી છૂપેલો રહી,
ત્હારા સૌ સુખના વિચાર રસીલા કલ્પી બનું હું સુખી!
હા! અદૃશ્ય સદા રહી તુજ કને જ્યાં તું ભમે ત્યાં ભમું,
જેથી હું નવ કલાન્ત એક પલકે ત્હારાથી જુદો રહું!

તું ચૂંટે મધુપુષ્પ કોમલ કરે તે ના ગ્રહું હું કદી,
વા ના દાબીશ સ્નિગ્ધ તે અધર હું લોભાઈ પિયૂષથી;

ત્હારાં ચંચલ નેત્રના ઝરણમાં ડૂબ્યો રહું ગર્વદા,
ત્હારી નાજુક પાદાંકિત પરની ધૂલી લગાવું શિરે!

હિંડોલા સમ ઝૂલતું જલભર્યું કાસાર ત્યાં સ્વર્ગનું–
પુષ્પોની ખરતી સુગન્ધી રજથી બ્હેકી રહેલું બધું;
સોનેરી ઢગ રેતના ચળકતા ભીના બનેલા જલે,
આવી શાન્ત નિશા શશી સહ હવે તે સૌ પ્રદેશો પરે.

શોધી તીર કદમ્બની સુખભરી છાયા ઘડી ત્યાં ઊભે,
રેલી છે સહુ પાસ રેલ શશીની તે જોઈ તું તો હસે;
ઈચ્છા સ્નાન તણી થતાં ચમકી તું ચોપાસ ભીરુ જુવે;
ના ના! હું નજરે કદી નહિ પડું : છું વૃક્ષડાળી પરે!

તોડે ગાંઠ ન છૂટતાં કર વતી તું એકે ચોળી તણી,
લજ્જાળુ મન નીવિબન્ધ છૂટતાં શર્માઈ સ્તંભે જરી;
ત્હોયે વસ્ત્ર સરે, પડે સરકતું, તે વિશ્વ જોતું રહે,
ને એ કૌતુક તો બધું નયનથી પી જાઉં છું હું ખરે!

હા હા! દેહકળી દિગમ્બર બની પ્યારી ખીલી નીકળી;
ઊડ્યા કેશ લપેટવા સ્તનતટો ને કેસરી શી કટિ;
બે બાહુ કમલો તણા રસિકડા છે દંડ ન્હાના સમા,
સ્કન્ધોને સ્તન કોતરી બરફના પ્હાડેથી જાણે લીધાં!

ધીરી ઉદ્ધત છે ગતિ તુજ, પ્રિયે! તું મોહમાયા દીસે!
ત્હારું ભવ્ય કપાલ સ્ફાટિક સમું તેજે ભર્યું છે ખરે;
જંઘા છે કદલી, ગુલાબફૂલડાં હાથેલિયો હાથની,
લાંબી ડોક કપોત શી તુજ, પ્રિયે! ભ્રૂની લતા ચાપ શી!

ચાલે બે ડગલાં નિરંકુશ બની, પ્હોંચી કિનારે હવે,
ત્હારી નાજુક તું છબી નિરખતી, ઊભી તટે, વારિએ;
કેવાં સ્હર્ગતડાગનાં મધુરવાં મોજાં કૂદી આફળે!
તે કેવાં તુજ પાદને રમતમાં ચુમ્બી ઊડે છે હવે!

મ્હારી અસ્થિર છે છબી સલિલમાં તે જોઈ કંપી જરા;
રીસાઈ મનમાં, ડરી ચમકી તું, ધ્રૂજી પડી વારિમાં;
નીચી મંજુલ આકૃતિ જલ તણું ચીરી કલેજું ગઈ,
કુંડાળું જલમાં પડ્યું ખળકતું હું તો રહ્યો જોઈ તે!

આવું સ્વર્ગ વળી જહીં પ્રિય વસે તે હું ન છોડું કદી,
તું સ્વર્ગે કર વાસ કે સમજજે આ દાસ ઊભો તહીં;
પ્યારી! કાં રડ તું? અરે દુઃખભર્યા સ્વપ્ને વિંટાઈ હતી?
પ્રેમીલા તુજ દાસને દુઃખ દીધું તે શું વિચારી રહી?

રે! નિદ્રા! રજની મહીં સ્તવન હું ત્હારું કરું છું સદા,
ઇચ્છું હું પ્રિયની સખી સમજીને ત્હારી કને માગવાઃ-
" વ્હાલીને સમજાવ પ્રીતિ કરવા : કાંઈ દયા લાવવા :
" જેથી એ સુખમાં ઊઠી હૃદયથી ચાંપી મને લે પ્રિયા!"

૨૪-૬-'૯૪

## હમારા રાહ

કટાયેલું અને બૂઠું ઘસીને તીક્ષ્ણ તેં કીધું;
કર્યું પાછું હતું તેવું, અરે દિલબર! હૃદય મ્હારું!

ગમીના જામ પી હરદમ ધરી, માશૂક! તને ગરદન;
ન ખંજરથી કર્યા ટુકડા! ન જામે ઈશ્ક પાયો વા!

પછી બસ મસ્ત દિલ કીધું, ઉઘાડી ચશ્મ મેં જોયું;
સિતમગર ત્હોય તું મ્હારો ખરો ઉસ્તાદ છે પ્યારો!

ગુલો મેં બાગનાં તોડી દીધાં સૌ ધૂળમાં ચોળી;
બિછાનું ખારનું કીધું, ઉપર લોટી રહ્યો તે હું!

મુબારક હો ત્હમોને આ ત્હમારા ઈશ્કના રસ્તા;
હમારો રાહ ન્યારો છે, ત્હમોને જે ન ફાવ્યો તે!

ત્હમારા માર્ગમાં મજનૂ અને લૈલી શીરીં ફરહાદ-
ચીરાયેલાં કપાયેલાં પડ્યાં છે લોહીથી ભીનાં!

ગુલામો કાયદાના છો! ભલા એ કાયદો કોનો?
ગુલામોને કહું હું શું? હમારા રાહ ન્યારા છે!

મને ઘેલો કહી, લોકો! હજારો નામ આપો છો!
હમો મનસૂરના ચેલા ખુદાથી ખેલ કરનારા!

નહીં જાહોજલાલીના, નહીં કીર્તિ ન ઉલ્ફતના—
હમે લોભી છીએ, ના! ના! હમારા રાહ ન્યારા છે!

ત્હમારી બેવફાઈના, હરામી ને હલાલીના—
ચીરી પડદા હમે ન્યારા! હમારા રાહ ન્યારા છે!

હમે મગરૂર મસ્તાના! બિયાબાંમાં રઝળનારા!
ખરા મહબૂબ સિંહો ત્યાં! હમારા રાહ છે ન્યારા!

કુરંગો જ્યાં કૂદે ભોળાં, પરિન્દાનાં ઊડે ટોળાં,
કબૂતર ઘૂઘવે છે જ્યાં હમારા મ્હેલ ઊભા ત્યાં!

લવે છે બેત નદીઓ જ્યાં, ગઝલ દરખત રહ્યાં ગાતાં,
હમે ત્યાં નાચતા નાગા! હમારા રાહ છે ન્યારા!

ત્હમારા કૃષ્ણ ને મોહમદ, ત્હમારા માઘ, કાલિદાસ,
બિરાદર એ બધા મ્હારા? હમારા રાહ છે ન્યારા!

હતાં મ્હેતો અને મીરાં ખરાં ઈલ્મી ખરાં શૂરાં:
હમારા કાફલામાં એ મુસાફર બે હતાં પૂરાં!

પૂજારી એ હમારાં, ને હમો તો પૂજતા તેને,
હમારાં એ હતાં માશૂક, હમો તેના હતા દિલબર!

ત્હમારા રાજ્યદ્વારોના ખૂની ભપકા નથી ગમતા;
મતલબની મુરવ્વત ત્યાં, ખુશામદના ખઝાના જ્યાં!

હમો તમને નથી અડતા, હમોને છેડશો કો' ના!
લગાવી હૂલ હૈયે મેં નિચોવી પ્રેમ દીધો છે!

હવાઈ મ્હેલના વાસી હમે એકાન્ત દુ:ખવાદી!
હમોને શોખ મરવાનો! હમારો રાહ છે ન્યારો!
ખુમારીમાં જ મસ્તી છે! તમે ના સ્વાદ ચાખ્યો એ:
હમોને તો જગત ખારું થઈ ચૂક્યું થઈ ચૂક્યું!

૧૨-૮-'૯૪

## કુદરત અને મનુષ્ય

પહોંચે ના કર્ણે કલકલ ધ્વનિ આ જગતના,
વહે ધીમાં ધીમાં ખળખળ અહીં શાન્ત ઝરણાં;
વહે ધોધો ગાજી મધુર જ્યમ માતંગ ગરજે,
રૂડાં બચ્ચાં ન્હાનાં ચપલ હરિણોનાં કૂદી રહે!

સૂતો છું આ કુંજે, શરીર મનમાં શાન્તિ પિગળે,
હજારો મીઠા મિશ્રિત સ્વર ભરે છે મગજને;
વિચારો આનન્દી મુજ દિલ કરે છે દુઃખભર્યું!
અહો! મ્હારું હૈયું સુખમય દુઃખોથી ઊભરતું!

અને આ આત્માને કુદરત ગ્રહી લે નિજ કરે,
ઉડાડી દે ઊંચો, પકડી વળી ચાંપે નિજ દિલે;
મૂકી તેને પાછો હસી મૃદુલ શેવાલ પર ને
પછી પંપાળે છે ફરી ફરી દઈ ચુમ્બન મુખે!

અરે! એ માતા છે ભગિની મુજ કે શાન્તિ સુખ છે,
નવાં કાર્યો પ્રેરી મુજ હૃદયમાં અગ્નિ છૂપવે!
નિહાળી વિચારી મુજ દિલ બની કાષ્ટ સળગે,
અહીં આ જે રીતિ જન પ્રતિ ચલાવે જન, અરે!

નીલી કુંજોમાં છે સુમન મકરન્દે ભભકતાં,
નીચે ઊંચે ઊડે કૂદડી નવરંગી રમતમાં;
અને હું ધારું છું પ્રતિ ફૂલ રૂપાળું હસમુખું-
બને છે ભોગી આ અનિલલહરીસ્પર્શસુખનું!

અહો! પક્ષી-એ તો કૂદી કૂદી રમે છે મુજ કને,
વિચારો તેઓના સમજી શકતો હું ન જરી એ;
અહા! કિન્તુ તેની અતિ ચપલ સૌ અલ્પ ગતિએ-
મને તો ભાસે છે પુલકિત થતો હર્ષ ચમકે!

પ્રશાખા ગુલ્મોની વ્યજન નિજ વિસ્તીર્ણ કરતી,
ભરી લેવા હૈયું દિનકર તણા આ કિરણથી;
નકી હું માનું છું, તરુ ફૂલ બધાં હર્ષમય છે,
ડૂબેલાં સર્વે છે પ્રણયમધુના મિષ્ટ ઝરણે!

અરે! આ શ્રદ્ધા જો કુદરત પ્રભુ-પાથરી રહે,
અને યોજી દે છે વિભુપતિ જ આ ધર્મ સહુને,
નહીં કાં રોઉં તો રુધિર દિલનું હું નિરખીને-
અહીં આ જે રીતિ જન પ્રતિ ચલાવે જન, અરે!

નદી જો રોશે તો રુદન કરશે પ્હાડપથરા,
અને ઝીણું ઝીણું રુદન કરશે પક્ષી સઘળાં;

વનોના આગારો-તરુ સહુ બિચારાં ટપકશે,
ઝરાનાં હૈયાં તો છણ છણ તપીને ઊકળશે!
અને આંસુ લ્હોતો પવન નદીનો મિત્ર બનશે,
નભે ઝૂમેલાં તે ઘનદલ તણાં અશ્રુ ખરશે!
કૃતિ આવી મીઠી કુદરત તણો જે ક્રમ કહે,
જનોમાં એ ના ના! જડ સમ નહીં શું જન અરે!

કહું શાને હાવાં ઉદધિ જડ ને આ જડ નદી?
ગણું તિર્યંચોને હૃદયહીણ હું તે ક્યમ કદી?
ખરે! હું જાણું છું જગત સૌ ચૈતન્યમય છે,
નહીં તો ક્યાંથી આ પ્રણય, કરુણા, ને રતિ અરે!

ભલે કાલિદાસે નિજ દિલ કહ્યું વાદળી કને,
પ્રિયાનો સન્દેશો ઘન સહ દીધો તે પણ ભલે;
નકી માન્યું છે આ મુજ દિલ અને એ કવિદિલે,
પહોંચાડ્યું મેઘે કવિરુદન તેની રમણીને!

કવિ આ ભોળો તો કુદરત તણો બાન્ધવ હતો,
જનો તે શું જાણે? જન પર રહ્યો સ્વાર્થ લપટ્યો;
વિના અશ્રુ જોશે જનદુઃખ જનો જ્યાં સુધી, અરે!
કવિતાના ભોક્તા સુખમય રસીલા નહિ બને!

નવા રંગો ધારી સુરધનુ અહીં આજ વિરમે,
જનોથી મ્હારે શું? કુદરત મહીં આ દિલ રમે,
રૂડી સંધ્યા રેલી સરિત સર ને પ્હાડ પર છે,
ધનુ સંકેલાયું, હિમકર તણું શૃંગ ચળકે!

ગ્રહો તારા સાથે ધવલ નભ ગંગા ખળભળે,
રૂડાં પીળાં પીછાં શશી પર ધરે વાદળી હવે;
ધકેલી તેને આ અનિલ લઈ ચાલ્યો રમતમાં,
અને પેલી ચન્દ્રા થરથર રહી ધ્રૂજી જલમાં!

અહા! કેવા પન્થે કુદરત કરે છે ગતિ! અને-
અરે! કેવા પન્થે કુદરત તણાં બાલક ભમે!
વિચારી વિચારી મમ દિલ બને ભસ્મ સળગી,
અરેરે! જે રીતિ જન પ્રતિ ચલાવે જન અહીં!

૨૯-૮-'૯૪

# પાન્થ પંખીડું

આ જો, ઘોર તિમિર શો જીવિતનો બ્હોળો પડ્યો પંથ છે :
નિર્માયો સહુ કાજ એ ક્યમ પછી પાછો ફરી તું શકે?
લેવાનો શિર ભાર તે લઈ અને આકાશમાં ઊડવું,
જાવું જ્યાં લઈ જાય વાયુ તુજને વિશ્રાન્તિ લેતાં જવું!

જો તે કાશ્મીરદેશના મધુરવા મીઠા ઝરા આવશે,
વ્હાલા પાન્થ! તહીં જરી વિરમજે; એ દેશ વ્હાલો મને;
ત્યાંના તે અતિ રમ્ય ને ટપકતા મીઠા રસે કુંજમાં-
ગુચ્છ દ્રાક્ષ તણા બિલોરી જલમાં છાયા રહે પાડતા!

પુષ્પોની રજથી ભર્યા અનિલ ત્યાં વૃક્ષો ધુણાવી રહે,
ત્યાં તું ટોચ પર ચડી, સ્થિર થઈ, મીઠાં ફલો ચાખજે;
સોનેરી તુજ પીંછડાં શ્રમિત તે તાજાં કરી લે ભલે,
જાવાનું બહુ દૂર ત્હોય તુજને ત્યાં થાક લાગ્યો હશે!

જાણ્યો તેં નથી માર્ગ ને વિકટ છે ત્યાંનાં વનો ને ગિરિ,
કિન્તુ સુંદર સૌ પ્રદેશ નિરખી પ્રેમે વહેવું તહીં;
ત્યાંની કો' સરિતે તરી, ઠરી જરી, ક્રીડા કરન્તાં જરા
અંગો તપ્ત થયેલ શીતલ થતાં આનન્દ આવે મહા!

સંધ્યાએ વળી હિમપર્વત તણાં શૃંગો ગુલાબી બને!
ખીણેખીણ, ઝરેઝરા, સર સહુ ત્યારે રૂપેરી બને!
ત્યાંનાં તે ગિરિ શાં તરુ ગિરિ નભે તારાથી વાતો કરે,
તે સૌ દિવ્ય ઉજાસમાં ગરક થૈ હર્ષે ભર્યાં ખીલશે!

ત્યારે તો પ્રિય જે હશે તુજ દિલે તે યાદ સૌ અ ાવશે,
ગાજે તો તુજ ગિત્તડું દુઃખભર્યું ને અશ્રુ બે ખેરજે!
રુમઝુમ કો' પડી ઝાપટું વહી જશે ને કૈંક કહેતું જશે,
ત્યારે તું પ્રિય તે ઉદાસ સુખમાં ડૂબી ભલે મ્હાલજે!

વ્હાલા, હું ગુરુ ને વળી તુજ સખો, તે ભક્ત સંભારજે,
બાલુડા! મુજ પ્રાણ! તે વખત તું રોજે અરેરે ભલે!
ઉછેર્યું તરુ એક મેં વન મહીં ત્યાં તું વળી બેસજે,
વ્હાલા! મેં લઘુ એક કોતરી લખ્યું જે કાવ્ય તું વાંચજે!

હાં, હું એ ઘસડાઈ એક વખતે વ્હાલા! ગયો ત્યાં હતો,
વ્હાલાંનો વિરહી બની હૃદયને ચીરી રડ્યો ત્યાં હતો;
તે અશ્રુઝરણું જ શોણિત સમું તે કાવ્યમાં છે ભર્યું,
સ્વેચ્છાએ ભરી ચંચુ લાલ મુખથી પીજે ભલે આંસુડું!

ને જો શુષ્ક રણે જવું તુજ બને ઓળંગી સિન્ધુ, અરે!
રેતીના ઢગ ત્યાં ઊડે, પવન ત્યાં ફૂંકી ઉન્હા આફળે;
તું મ્હારું, તુજ હું, બની પણ, સખે! હું ભોમિયો ના શકું,
એવા સંકટમાં અરે! મદદ ત્યાં આપી જરી ના શકું!

પાંખો સુંદર ત્યાં અતિ શ્રમવતી ચોળાઈ ચીરાઈને-
કંઠે સોસ પડ્યો હશે જલ વિના બાપુ! અરેરે તને!
પાંખોને તુજ શક્તિ ત્યાં ગરુડની દેજે પ્રભુને સ્તવી,
ને જાજે જલદી ઊડી, ઘટિત ના રોકાવું ત્યારે ઘડી!

ત્હારા માર્ગ પરે ઘણા તુજ સમા પાન્થો ગયા ઊડીને,
માર્ગે તે જ જવું, ભલે સુખ તને આવી મળે, ના મળે!
નિર્માયું જવું તો જવું, દુઃખ દહી આનન્દ ધૈર્યે વહી,
આ તો ઝિંદગીભર પુણ્ય સરખો, સૂએ ન સિદ્ધિ કશી!

પ્હોંચે જ્યાં સુધી સ્થાન તું અવધિનું, તે અન્ત આવ્યા સુધી-
આકાશે જલદી અગાડી ઊંચકી તે ભાર તું જા ઊડી;
પૂરા સાહસથી બલિષ્ટ દુઃખને સન્તોષથી પી જવું,
ને આનન્દ વિશેષ પ્રેમસુખથી તે દુઃખમાં માનવું!

હું આ વૃદ્ધ રડું ન તે ઘટિત છે, લૂછું હવે અશ્રુને,
જા તું, થા સુખિયું, ન આમ રડવું, છાતીથી ચાંપું, અયે!
રક્ષે ઈશ્વર પાપથી હૃદય ને દોરો સુમાર્ગે તને,
વ્હાલા પાન્થ! સુખી સુખી સુખી થજે! આશિષ મ્હારી તને!

૩૧-૧૦-'૯૪

## વિરહસ્મરણ

દેશેદેશો નવીન નિરખી ઘૂમતો'તો પ્રિયે! હું,
ત્યાં ત્હોયે હા! વિરહભડકે દાઝતો'તો પ્રિયે હું;
ન્હોતું ત્યારે તુજ છબી શું ને શાન્ત રોઈ થવાનું,
ન્હોતું કાંઈ વિરહભડકો બૂઝવી નાખવાનું.

ક્યારે એ જો વિસરી દુઃખ હું લેશ આનન્દ લતા,
ત્યારે વ્હાલી દ્વિગુણ દુઃખમાં ડૂબતો હું ફરી તો:
'હું આવો શે અનુભવી શકું હર્ષ પ્યારી રડે ને!'
હૈયું મ્હારું સળગી ઊઠતું કાંઈ એવા વિચારે.
જુદાં થાતાં મુખ તુજ હતું ગ્લાનિપૂરે છવાયું,
સ્વપ્નામાં એ નિરખું છબી તો આંસુડાં ઢાળતો હું;
હૈયામાં એ ચિતરી કદી હું હાસ્ય ત્હારું શક્યો ના,
રોતો હું ને રડતી પ્રિય તું એ જ ચિત્રો હતાં ત્યાં.
મીઠાં ત્હારાં નયન દિલના લક્ષ્યમાં એક ધારી-
જોતો હું જ્યાં નિમિષ તજીને ચન્દ્રનું બિમ્બ પ્યારી!
આલેખાતું તુજ મુખ તહીં ધ્રૂજતા ઓષ્ઠવાળું,
ને એ ત્હારું શરીર દૂબળું શોકઓઘે છવાયું!
રોપાતો ત્યાં વિનિમિત થઈ શોક મ્હારે દિલે હા!
રોતી તું ને મુખ મુજ બધું ભીંજવી અશ્રુ દેતાં;
એ આંસુ કે વિરહઉદધિ ઊછળી ઊછળીને–
અત્યારે એ વિગત દુઃખમાં ડૂબવી દે મને છે.
અત્યારે એ હૃદય ગળતાં અશ્રુની ધાર વ્હેતાં
ભીંજ્યા ત્હારાં કમલ સરખાં નેત્રના લાલ ખૂણા;
ત્હોયે પ્યારી! મધુર સ્મિત છે સ્નિગ્ધ ઓષ્ઠે છવાયું,
ને હા! વ્હાલી! વપુ તુજ દીસે હર્ષના ઘેનવાળું.
ઓળંગી તું ઉદધિ દુઃખનો ત્યાં નિહાળી રહે છે,
મ્હાલે છે તું સુખઅનિલમાં હાસ્ય તેથી કરે છે;
વ્હાલી! આવા સરલ હૃદયે પ્રેમ જે દાખવે તું–
તેના સામે નિરખી શકું હું એ જ સામર્થ્ય યાચું!

૧૪-૨-'૯૫

## વિષપાન

અહો ઘોળી પીધું મધુર વિષપ્યાલું, પ્રિય સખા!
હવે હું ભૂલું છું જગત સઘળું તે લહરીમાં!
ધીમે ધીમે મૂર્છા મુજ મગજને ચુમ્બન કરે,
અહા! હું ગાતો તે અનુભવી શકું છું સુખ હવે,

તીરે ભેદાયેલા મુજ હૃદયને તો કળ વળી,
અમી ઢોળાયું શું ધગીધગી રહેલા ઉર મહીં!
નથી આશા ઈચ્છા, ગત દુઃખ તણું ના સ્મરણ વા;
અહો! મેં તો પીધું નહિ વિષ, નકી અમૃત સખા!

વ્હાલા! જ્યાં ઘસડાઈ જાય જગ ત્યાં મ્હારે ખુશીથી જવું,
ત્હોયે છે દુઃખ એક આ દિલ મહીં, છોડું તને તે તણું;
એ ચિન્તા પણ શાન્ત છેલ્લી ઘડીએ થાશે નકી હા સખા!
એ જ્વાલા પણ અન્તરે ડૂબી જશે આનન્દની લ્હેરમાં.

આશામાં ડૂબતું અને ધડકતું, ફાળો ઘણી સાંધતું,
તે હૈયું મુજ આમ આજ વિષથી વિશ્રાન્તિ લેવા ઢળ્યું;
ના તે કો' દિ' હવે ઊઠી સળગી કે ચીરાઈ રોશે સખા!
ના તે કો' દિ' ફલંગ મારી પડશે પ્રીતિ તણી જાળમાં.

નકી મ્હારે જાવું, રુદન નવ વ્હાલા! કર હવે,
સુખી હું થાતાં તું રુદન કર તે તો નવ ઘટે;
સુખી હું થાતો ત્યાં હૃદય તુજ હર્ષે ઊભરતું,
અરે! તો કાં હાવાં મુજ સુખ તને દુઃખી કરતું?

અહો! ત્હારાં આંસુ પિગળી મુજ અન્તઃકરણમાં-
ગયા સંસ્કારોથી સ્મરણમય આત્મા કરી જતાં;
હશે મ્હારે માટે રુદન કરવું મૃત્યુસમયે-
પ્રભુએ નિર્મ્યું તો ઉર મુજ ઉખેળું તુજ કને.

જોને, ભાઈ! તહીં રહી મલપતી તે મોહની ક્રૂરતા,
તેમાં તે અતિ રમ્ય આકૃતિ રહી જેને કહી મેં 'પ્રિયા';
ઘુંચાયા મુજ તે અરે! પ્રણયીઓ એ જાળ માંહી દીસે,
ભોળાંને નિરખી ડૂબ્યાં, ડૂબી જતાં ચીરાય હૈયું, સખે!

તે સૌ આમ જ આ જ માર્ગ પર હા! રોઈ રડી આવશે,
તેઓનાં દુઃખથી દુઃખી થઈ અરે! કૈં પ્રેત મિત્રો રડે;
તેઓની કબરો તણા પથરમાં અશ્રુઝરા ચાલતા,
તેઓના બળી ભસ્મ જે થઈ ગયા તે અંશ સૌ કંપતા!

ઓહો! મોહ જ મોહનું જગત આ તેમાં હશે પ્રેમ ક્યાં?
આંહીં બીજ વવાય છે વિષય ને સૌ સ્થાનમાં મોહનાં;

કાંટાળાં તરુ તે ઉગી હૃદય કે ભોળાં બિચારાં ચીરે,
ક્યાંહીં છે રુધિરે ભર્યા ઉઝરડા, ક્યાંહીં વ્રણો ગાઢ છે.

રે! ત્હોયે મુજ ભક્તિનું પ્રણયનું મેં બીજ વાવ્યું, સખા!
છે તો ક્ષારભૂમિ પરન્તુ ઊગીને જાણ્યું થશે વૃક્ષ આ ;
આશાએ દિલ આ તણા ઝરણના વારિથી પોષ્યું, છતાં-
તે તો ત્યાં જ બળી ગયું પણ વળી માન્યું જ મેં તે ન કાં?

મનાયું ના હુંથી તરુ મુજ કદી તે નહિ થશે,
અરે! માન્યું નિત્યે લલિત ફણગો કાલ ફૂટશે;
અરેરે! દહાડો એ પણ કદી મળ્યો ના સુખ તણો,
અને આશાતન્તુ જીવિત સહ આજે તૂટી ગયો!
તને ને વ્હાલીને ફલ સહુ ધરું એ પ્રણયનાં,
હતી આશા એવી પણ ન પ્રભુને કૈં હતી દયા;

તમે વ્હાલાં! વ્હાલાં! સમજી મમ ઈચ્છા નવ શક્યાં,
હવે ના રોવું તો મુજ મરણકાલે, પ્રિય સખા!
ઓહો! મોહ જ મોહનું જગત આ તેમાં વિના સ્વાર્થ શું?
ક્યાં પ્રેમી દિલમાં હશે સુખ, સખે! વૈરાગ્ય સાથે વસ્યું?
'છે વૈરાગ્ય જ પ્રેમ, પ્રીતિ સુખ છે; પ્રેમીવિરાગી ખરો,-'
જૂઠી એ મમ માન્યતા થઈ, અને હું પ્રાણ ત્યાગું, અહો!

સૂકાયાં ના આંસુ હજુ પણ અરેરે! નયનથી,
તજાઈ ના પ્રીતિ મરણસમયે એ હૃદયથી;
ત્હમારું વ્હાલાંનું નવ હજુ ગયું ચિન્તન, અહો!
ન બૂઝાયો, વ્હાલાં! પ્રણયભડકો આ હૃદયનો.

થાકેલું હરણુંય અન્તસમયે એકાન્ત ને શાન્તિમાં
બેસીને નિજ પ્રાણ ત્યાગ કરતું નિઃશ્વાસ અશ્રુ વિના;
હું તો કૈંક વિચાર ને દુઃખ મહીં આ પ્રાણ ત્યાગું સખા!
ને હું જેમ જ સૌ મનુષ્ય દુઃખમાં રોઈ ત્યજે પ્રાણ હા!

૩-૪-'૯૫

## સારસી

મીઠા દીર્ઘ ધ્વનિ વતી વન બધું હર્ષે ભરે કોકિલા,
ઝીણી વાંસળી શા સ્વરો સુખભર્યા ચંડોળ આલાપતાં;

ખિસ્કોલી તરુના મહાન વિટપે ઝૂકી રહી ત્યાં કૂદે,
ને રંગીન શુકો ઘણાં મધુરવાં આકાશ ઊડી રહે!

આવી આનન્દવેળાએ બિચારું કોણ આ દુઃખી?
હશે એ પ્રેમનું માર્યું હૈયું કોઈ રહ્યું તપી!

ગંભીર નાદ કરતી સરિતા વહે છે,
સિંચી જલે પુલિન શીતલ એ કરે છે;
ત્યાં દીન સારસી ઊભી જલપૂર નેત્રે,
સૂની, અરે! શિર નમાવી રહી રડે એ!

અહોહો! પાંખ પ્રીતિની તેની તૂટી ગઈ દીસે,
આવું આ પક્ષી, તેને એ આવી પીડા ખરી! અરે!

રે રે! તેનો પ્રિયતમ તહીં પાદ પાસે પડ્યો છે,
પ્હોળી પાંખો શિથિલ બની છે મૃત્યુનો હસ્ત લાગ્યે;
પારાધીએ હૃદય પર હા! તીર માર્યો દીસે છે,
ખૂંચ્યો છે ત્યાં રુધિર વહતું બંધ હાવાં થયું છે.

જીવવું જીવ લેઈને આંહીં એવી દીસે રીતિ!
કોઈને દુઃખ દેવાથી તૃપ્તિ કેમ હશે થતી?

મૂકી ગયો ક્યમ શિકાર હશે શિકારી?
આવી હશે દિલ દયા કંઈ સારસીની?
બચ્ચાં અને પતિપ્રિયા તણી એ ઘડીની
નાસ્યો હશે હૃદય ચીરતી ચીસ સુણી!

ગાળે છે પ્રેમનાં અશ્રુ વજ્ર જેવાય દિલને,
કો' વેળા પારધીને એ પ્રેમનો દંશ લાગતો.

આવું આવું નિરખી દિલમાં કાંઈ કેવુંય થાય,
કેવો છે રે રુદનમય આ ક્રૂર દેખાવ હાય!
ન્હાનાં બચ્ચાં ટળવળી રહી માત સામું જુવે છે,
ને પંપાળે નિજ જનકના કંઠને ચંચુથી એ.

હજુ તો ખેલવા પૂરું શીખ્યાં આ નથી બાલુડાં,
રે! તે શું મૃત્યુને જાણે ભોળાં આ લઘુ પંખીડાં!
દુઃખ સહુ ઊડી જાશે કાલ આ બાલકોનાં,
રમતગમત માંહી હર્ષ લેશે ફરી આ;

પણ ઝૂરી મરશે રે સારસી બાપડી તો,
જખમ નહિ રુઝાશે પ્રેમનો કારી લાગ્યો.
પ્રેમીએ પ્રેમી જાતાં કો' બીજાથી પ્રેમ જોડવો,
આવું કાં ન કરે સૌએ પ્રેમી જો કે' મળે ખરો?

જોડવી એક જોડીને બે કે ખંડિત થાય તો,
બન્નેનાં એકબીજાથી ઓછાં જેથી બને દુઃખો.
અઢેલી બાઝીને તરુ સહ રહે ખીલતી લતા,
દઈ પુષ્પો પ્રેમે લઈ સર જીવે છે પ્રણયમાં;

સુખી આવા દહાડા સરકી કંઈ જાતા રમતમાં,
અને એ વેલીને મરણપડદામાં લઈ જતા.
મરેલી વેલીનું સ્મરણ નવ ભૂલે તરુ કદી,
અને પ્રેમી ગાળે દિવસ દુઃખના કૈં રડી રડી;

પરન્તુ ચાંપે છે હૃદય પર બીજી લઈ લતા,
અને પ્રેમે રેડે મધુર રસ તેના હૃદયમાં.
ધીમે ધીમે આવું તરુ થઈ જઈ વૃદ્ધ મરતું,
અને વેલી વેલી રુદન કરતી કૈં દુઃખભર્યું;

છતાં ટેકો બીજા તરુ પર લઈને ય જીવતી,
અને આપી પુષ્પો જીવિત નિજ તે પૂર્ણ કરતી.
ન કિન્તુ સારસી આ તો આવો માર્ગ કદી ગ્રહે,
એકને દિલ અર્પ્યું તે બીજા કો'નું નહીં બને.

પ્રેમને કારણો સાથે સંબન્ધ કાંઈએ નથી,
કારણ પ્રીતિનું પ્રીતિઃ પ્રેમીને લક્ષ્મી તે બધી.
ઝૂરી ઝૂરી મરવામાં સ્નેહ સંતોષ માને,
નહિ કદી રસ શોધે સારસી અન્ય સ્થાને;

રસ દઈ લઈ લીધો ઈશ્વરે છીનવી તો,
હૃદયહીણ બિચારાં પ્રેમીને મૃત્યુ આપો.
પ્રેમીનો હોય બેલી કો' તો આનું કૈં થવું ઘટે,
પામે છે ત્રાસ મ્હારો તો આત્મા આ દુઃખ જોઈને.

ત્યાં કાંઈ આ વન મહીં હિલચાલ થાય,
પક્ષી બધાં ઊડી ઊડી અહીં શાં તણાય!

સર્પો, હરિણ, સસલાં, સહુ દોડી આવે,
લાંબો ધ્વનિ ભયભર્યો શ્રવણે પડે છે.
ઉલ્કાપાત થયો કાંઈ હશે આ વનની મહીં,
પ્રતીતિ થાય છે એવી જોઈ આ ગતિ સૌ તણી.
હા! અગ્નિ ત્યાં સળગી ઘાસ પ્રજાળતો રે,
વૃક્ષો તણાં કુંપળ બાલી ઉડાડતો તે;
ભૂખ્યો ધસી જીવ અનેક ગળી જતો તે
દિશા બધી ધૂમવતી છવરાવી દે છે!
વ્હાલો છે જીવ પોતાનો વ્હાલાંથી ય વધુ! અરે!
ન્હાસે છે સિંહ પેલો ત્યાં સૂતી સિંહણ છોડીને
પણ અડગ સમાધિ સારસીની ન છૂટે,
મરણશરણ જાવું હર્ષ તેને દીસે છે;
ભડ ભડ ભડ થાતી અગ્નિની ઝાળ આવી,
બળી મરી પ્રિય સાથે સારસી પ્રેમઘેલી
દર્દીના દર્દની પીડા વિધિને ય દીસે ખરી,
અરે! તો દર્દ કાં દે છે? ને દે ઔષધ કાં પછી?

૧૬-૪-'૯૫

## પ્રિયતમાની એંધાણી

હતું મીઠું જેવું વિરસ પણ તેવું બની રહ્યું,
અરે! તુંને કહેતાં 'કુસુમ' દિલ મ્હારું જળી રહ્યું!
ગઈ કહો ક્યાં પેલી સુરભ? રૂપ ને કોમલપણું?
ગયું કહો ક્યાં એવું અમીભર હતું તેહ મુખડું?
હસન્તી ત્હારી તે ઊછળી ઊછળી પાંખડી બધી,
હવે તો એવી એ સૂકી સૂકી જ સંકુચિત બની!
અને મીઠો એવો મધુભર હતો મોહ સઘળે,
હવે સર્વે વ્હીલું રસરહિત ભાસી રહ્યું જગે!
હવે પેલો વાયુ તુજ સહ લપેટાઈ ઊડતો–
પરાગે ભીંજાઈ સકલ દિન રહેતો મહકતો-
નહીં સ્પર્શે તુંને! નહિ જ નિરખે મુગ્ધ નયને!
નિહાળી દૂરેથી નકી જ વળશે અન્ય જ સ્થળે!

હવે સંધ્યાભાનુ કરથી ગ્રહી ત્હારા અધરને-
અમી પીતાં દેતો દ્વિગુણી ત્રિગુણી લાલી મુખને,
જરાયે ના જોશે પ્રણયી નજરે તે તુજ પરે!
નહીં ભાવે ધારી રમત તુજથી આચરી શકે!

હવે પેલો ભોગી મધુપ તુજ ગન્ધે ડૂબી ડૂબી-
ધરન્તો મૂર્છા જે તુજ ઉરપદે દેહડી ધરી-
તને પાસેથી એ નિરખી નહિ જાણી ય શકશે!
હવે આવ્યો એવો શિથિલ બની ગુંજી ઊડી જશે!

દશાનો કેવો આ ક્રમ જ સઘળો આમ ઊલટ્યો?
અરે! તે દિનોનો પલટી જ ગયો રંગ સઘળો?
ગઈ તે વ્હાલી ને ફકીરી ધરીને આજ ભટકું!
વિલાઈ એંધાણી તુજ સમી ય! પ્યારા! શું કરવું?

ગઈ તે વ્હાલી ને વરસ દશ ગાળ્યાં તુજ પરે!
વિલાયું તું હાવાં! રહ્યું શું અવલમ્બું શું ઉપરે?
વિલાયું તું ત્હોયે નહિ જ તજું તુંને મન થકી,
વિલાયું એવું એ હજુ મુજ પ્રિયાનું મટ્યું નથી.

તજે વાયુ, ભાનુ, મધુપ, સહુ તુંને તજી શકે,
ગયાં પેલાં વ્હાલાં સ્વરૂપ સદ્‌ગન્ધી સકલ તે;
મને તો તું હૂતું પ્રિયથી મળ્યું તે તેવું જ હજુ!
સરે અશ્રુ ત્યારે હૃદય શું ધરું ને ધરી રહું!

હવે હું પૂજું, મૃતફૂલ! તને એ પ્રણયથી,
હવે તું મ્હારે છું, વધુ પ્રિય થયું આ મરણથી!
જશે છેલ્લા શ્વાસો, મુજ પ્રિયતમામાં મળીશ હું,
ત્યહાં સુધી ચાંપ્યું હૃદયશું તને ધારીશ જ હું.

૨૫-૬-'૯૫

## દગો

કફન વિણ લાશ વેરાને, દીવાનાની પડી, દિલબર!
ખફા તેની ઉપર થાતાં, અરે! તુજ હાથ શું આવ્યું?

દુવાગીર આ તમારાથી લઈ જલ્લાદની તલવાર–
ખૂની તુજ હાથ કરવાથી, અરેરે હાથ શું આવ્યું?

દઈ દિલદારને ધક્કો, કજાના હાથમાં દેતાં–
અરે! એ પેશકદમીથી કહે તુજ હાથ શું આવ્યું?

કદમ તુજ બેસવા ગભરુ પડ્યો"તો પેરમાં ત્હારા–
જફામાં ફેંકતાં તેને, અરે! તુજ હાથ શું આવ્યું?
હતી જ્યાં વસ્લની ખ્વાહિશ, મળ્યું ત્યાં ઝહેરનું પ્યાલું!
મગર તે જામને ભરતાં કહે તુજ હાથ શું આવ્યું?

મુકદ્દરમાં હતું તેવું બન્યું તુજ હાથથી, માલિક!
પરંતુ એ દગો દેતાં કહે તુજ હાથ શું આવ્યું?
હતો બસ મોતનો પ્યાલો! ખુશીથી જાત પી ફિદવી,
રહેતાં ચૂપ તો એવું કહે તુજ હાથ શું આવ્યું?

"જામે શરાબ માશૂકને ભરી દે ઓ ભલા સાકી"–
હસીને બોલતાં એવું કહે તુજ હાથ શું આવ્યું?
ભરી દેતાં રડ્યો સાકી, ત્યારે તું થઈ ગુસ્સે–
તેને લાત તે દેતાં કહે, તુજ હાથ શું આવ્યું?

ખુદા પાસે દુવા ત્હારી રડીને માગતું"તું દિલ,
ખંજર ભોંકતાં તેને કહે તુજ હાથ શું આવ્યું?
"ફૂલોની ગેંદ છે, માશૂક!" છુરી છુપાવી બોલી–
અહો! ખિલાફ એ કહેતાં અરે! તુજ હાથ શું આવ્યું?

જિગર અશરાફ આ મ્હારે ખતા તુજ માફ કીધી છે;
હવે તોબા સદા કરજે, ખુદા માફી તને બખ્શે.
રહે આબાદ તું દિલબર! અને ખંજર અને પ્યાલું!
અરે! પણ ઈશ્ક કરવાથી હમારે હાથ શું આવ્યું?

૩૦-૬-'૯૫

# તું મ્હારી હતી

બહેતર બોલવું, પ્યારી! "નથી ને ના હતી યારી";
પરન્તુ ના કહેજે તું, "હતી ન હતી થઈ ત્હારી!"

નહીં આ ઈશ્કદરિયાનાં ચડ્યાં મોજાં ઊતરવાનાં,
નથી તું યાર આજે તો, હતી દિન કોઈ ના યારી!

કર્યું કુરબાન આ દિલ મેં "હતી હું ચાહતી તેને",
કહેતાં બોલ તું એવા નહીં શરમિંદ શું થાશે?

નઝરથી દૂર હું થાતાં, અગર દૌલત ઊડી જાતાં,
જબાંથી બોલશે શું તું, "હતી હું ચાહતી તેને"?
કબજ આ રૂ થશે ત્યારે જમીનમાં ગારશે મુર્દું-
ફૂલો ફેંકી ઉપર તે શું કહેશે "ચાહતી તેને"?

કબર નીચે-ખુદા ઉપર નથી કૈં દૂર-ઓ દિલબર!
છતાં "દિન એક તેની હું હતી" એવું કહેશે શું?
કહેવાનું કહી ચૂકી! હવે ફરિયાદ શી ગાવી?
ભલે તો ખેર કિસ્મતમાં ફકીરી ખાક છે લાગી!

હવા તુજ વસ્લની પલટી, ચમન મ્હારો ગયો ફીટી;
હવે આ હાડપિંજરને રહી અંજામની બરકત!
અરે! એ મસ્ત યારીમાં ખુદાઈ શી હતી બરકત!
હવે તો બેહયાઈને રહી બેઝારીમાં બરકત!

રહેવું મોજમાં માશૂક-તને આમીન્ એ બરકત!
હમારી પાયમાલીમાં હમોને છે મળી બરકત!
અમીરી બો અને ઈઝ્ઝત રહે હરગિઝ તુજ કાયમ!
ફકીરોની ફકીરીમાં ફકીરોને ખરી બરકત!

મગર અફસોસ-ઓ માશૂક! હતું દિલ આ ઝબે કરવું-
નિવાઝી કોઈને તેને હતું ખેરાતમાં દેવું!
પરન્તુ છેવટે, ભોળી! હતું કહેવું રડીને કેઃ–
"અરે! તું છે હજુ મ્હારો અને હું છું સદા ત્હારી."

૧૬-૮-'૯૫

## ગ્રામ્ય માતા

ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ, સ્વચ્છ દીસતી એકે નથી વાદળી;
ઠંડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દીસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં?

મધુર સમય તેવે ખેતરે શેલડીના,
રમત કૃષિવલોનાં બાલ ન્હાનાં કરે છે;

કમલવત્ ગણીને બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે!

વૃદ્ધ માતા અને તાત તાપે છે સગડી કરી,
અહો! કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે!

ત્યાં ધૂલ દૂર નજરે ઊડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી નર કોઈ આવે;
ટોળે વળી મુખ વિકાસી ઊભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં!

ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી,
વૃદ્ધા માતા નયન નબળાં ફેરવીને જુવે છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ શાન્ત બેસી રહીને
જોતાં ગાતો સગડી પરનો દેવતા ફેરવે છે!
ત્યાં તો આવી પહોંચ્યો એ અશ્વ સાથે યુવાન ત્યાં;
કૃષિક એ ઊઠી ત્યારે "આવો બાપુ!" કહી ઊભો.

"લાગી છે મુજને તૃષા, જલ જરી દે તું મને" બોલીને
અશ્વેથી ઊતરી યુવાન ઊભીને ચારે દિશાઓ જુવે;
"મીઠો છે રસ ભાઈ! શેલડી તણો" એવું દયાથી કહી,
માતા ચાલી યુવાનને લઈ ગઈ જ્યાં છે ઊભી શેલડી!

પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છૂરી વતી જરીક કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા
ને કૈં વિચાર કરતો નર તે ગયો પી.

"બીજું પ્યાલું ભરી દેને, હજુ છે મુજને તૃષા",
કહીને પાત્ર યુવાને માતાના કરમાં ધર્યું.
કાપી કાપી ફરી ફરી અરે કાતળી શેલડીની,
એકે બિન્દુ પણ રસ તણું કેમ હાવાં પડે ના?!

"શું કોપ્યો છે પ્રભુ મુજ પરે!" આંખમાં આંસુ લાવી,
બોલી માતા વળી ફરી છૂરી ભોંકતી શેલડીમાં,
"રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;
"નહીં તો ના બને આવું," બોલી માતા ફરી રડી.

એવું યુવાન સુણતાં ચમકી ગયો ને
માતા તણે પગ પડી ઊઠીને કહે :-
"એ હું જ છું નૃપ, મને કર માફ બાઈ!
"એ હું જ છું નૃપ, મને કર માફ ઈશ!

'પીતો'તો રસ મિષ્ટ હું પ્રભુ! અરે ત્યારે જ ધાર્યું હતું-
"આ લોકો સહુ દ્રવ્યવાન નકી છે એવી ધરા છે અહીં;
"છે ત્હોયે મુજ ભાગ કૈં નહિ સમો તે હું વધારું હવે,
"શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની પાસેથી લેવું નહીં?

"રસે હવે દે ભરી પાત્ર બાઈ,
'પ્રભુકૃપાએ નકી એ ભરાશે;
"સુખી રહે બાઈ! સુખી રહો સૌ,
"ત્હમારી તો આશિષ માત્ર માગું!"

પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છૂરી વતી જરી જ કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
બ્હોળો વહે રસ, અહો! છલકાવી પ્યાલું!

૧૪-૧૦-'૯૫

## બિલ્વમંગલ

છૂપી ઊંઘે ઘનપડ મહીં તારલા વ્યોમઅંકે,
નિદ્રા મીઠી ગિરિ, નદી અને વિશ્વ આખું ય લે છે;
ને રૂપેરી શ્રમિત દીસતી વીજળી એક સ્થાને,
સૂતી સૂતી હસતી મધુરું સ્વપ્ન માંહીં દીસે છે!

આવી રાતે ધ્વનિ કરી મહા શ્યામ વહેતી યમુના,
તેના બહોળા જલ ઉપરની ભેખડે કોણ છે આ?
કૂદી નીચે જલ સમીપ તે માનવી આવી ઊભું,
ને શોધે છે કંઈ પણ કશું હાથ તેને ન આવ્યું.

એવામાં ત્યાં શબ જલ પરે કોઈ આવે તણાતું,
હોડી તેને સમજી જલદી જોરથી ઝાલી લીધું;
ને આ ચાલ્યો પુરુષ તરતો ઉપરે તેની બેસી,
હર્ષે બોલ્યો, પ્રિય! નકી થશે આજ તો આશ પૂરી."

ત્યાં તો અભ્રે ધવલ ભડકા વીજળીએ કર્યા શા!
તેથી સર્વે તરુ, નદી અને પ્હાડ તેજે છવાયાં;
ગાજી ઊઠ્યું ચમકી વન આ મેઘની ગર્જનાથી,
નિદ્રામાંથી મયૂર ટહૂક્યા હર્ષથી જાગી ઊઠી!

છો ઊઠીને મયૂર ટહૂકે, પ્હાડ ગાજે ભલેને!
તેમાંથી તે મગજ નરનું કોઈથી એ ન જાગે!
દૃષ્ટિ તેની શબ પર હતી ત્હોય જોઈ શકે ના!
છોને આખું જગત સળગી વીજળીથી બળે આ!

તેની પત્ની હૃદયવિભૂતિ સ્નેહની જે સરિતા,
તેની પાસે જિગર ઘસડી જાય છે લેઈ હાવાં;
આલેખાયું હૃદયપટમાં ચિત્ર વ્હાલી તણું છે,
અંગોમાંથી જીવન સઘળું ત્યાં જ આવી રહ્યું છે.

દોરાતો આ પ્રિયજન કને આમ આશા ધરીને,
પ્હોંચી ઊભો શબ ઉપરથી ઊતરીને કિનારે;
પાસે મૂકી મૃત શરીરને મસ્ત પ્રેમી વદે છેઃ—
"દીવા મ્હારી પ્રિય સખી તણા ઓરડાના દીસે તે."

અન્ધારામાં ત્વરિત પગલે ડોલતો ચાલતો આ,
આવી પ્હોંચી પ્રિયગૃહ કને જોઈ ઊંચે ઊભો ત્યાં;
ગોખેથી ત્યાં લટકી ઝૂલતું કાંઈ દોરી સમું છે,
ઝાલી તેને ઉપર ચડીને ગોખ માંહીં ઊભો તે.

દીઠી તેને હૃદય ધડકે જેમ ચીરાઈ જાતું,
દીઠી તેને અવયવ બધા પિગળી જાય છે શું;
દીસે તેને ચકર ફરતો કંપતો ઓરડો એ,
કામી પ્રેમી અનિમિષ રહી પ્યારીને નીરખે છે!

જોઈ લેજે ફરી ફરી સુખે પ્રેમનું સ્થાન પ્રેમે,
આગે મીઠી સુખની વખતે કોઈ વેળા ન આવે;
આવી પ્રીતિ તુજ ન વખતે હોય કાલે પ્રભાતે,
આ આશાનું મધુર સુખ તો આજ ઊડી જ જાશે.

જોઈ લેજે ફરી ફરી ભલે દૂરથી જોઈ લેજે,
ઈચ્છે તેવું સુખ અનુભવી આજની રાત લેજે;

ત્હારે માટે દિવસ ઊગતાં કાંઈ જુદું જ ભાગ્ય,
ત્હારો નિર્મ્યો કરુણ પ્રભુએ કાંઈ જુદો જ માર્ગ!

જોને ત્હારી યુવતી રમણી શાન્ત નિદ્રસ્થ આ છે,
ને વેલી શું શરીર સુખમાં શાન્ત શૈયા પરે છે;
નિદ્રા મીઠી કર સુખભર્યા ફેરવે છે કપાલે,
શું મૃત્યુથી કબજ થઈને અંગ સર્વે ઢળ્યાં છે!

નિદ્રાનું આ સુખ ત્યજી દઈ ઊઠીને સુન્દરી તું,
ચાંપી લેને હૃદય હૃદયે મિત્રનું સુન્દરી તું;
એ હૈયાનો રસ તુજ પરે ખૂબ વર્ષી રહ્યો છે,
રાત્રિના બે પ્રહર સુખમાં પૂર્ણ માણી હવે લે!

આ રાત્રિમાં તુજ પ્રિય કને મીઠડાં ગીત ગાવાં,
ત્હારે તેની જરૂર કરવી આજ તો તૃપ્ત આશા;
ત્હારે કાંઈ મધુર સુખમાં આજ છે ઝૂલવાનું.
કાલે તો કો' નવીન રસના સિન્ધુમાં ડૂબવાનું.

પેલો કામી પુરુષ હજુ ત્યાં ગોખ માંહી ઊભો છે,
તેનાં કામી પ્રણયી નયનો પ્રેમીને નિરખે છે;
ત્યાં દીવામાં ચડચડી મર્યું એક ભોળું પતંગ,
જોવા લાગ્યો સ્થિર નયનને ફેરવી ત્યાં યુવાન!

બોલી ઊઠ્યો, "અહહહ પ્રભુ! સ્નેહની આ દશા શી?!
"ઓહો કર્તા! તુજ કરણીમાં આવી તે ક્રૂરતા શી?!
'પ્રેમી ભોક્તા પ્રણયી હૃદયે ભોજ્યની પાસ આવે,
"તે ભોક્તાનું જિગર કુમળું ભોજ્ય તે કેમ બાળે?!

"કાંઈ મીઠું સુખ નકી હશે પ્રેમીને બાળવામાં,
"ને કૈં તેથી વધુ સુખ હશે પ્રેમીને દાઝવામાં;
"બાળી દે તો પ્રિય સખિ મ્હને!" એટલું બોલી દોડી,
સૂતેલીના હૃદય સહ તે ધ્રૂજતી છાતી ચાંપી!

જાગી બોલી ચમકી લલના, "જીવના જીવ મ્હારા!
"શું અત્યારે તુજ સખી કને આમ આવ્યો જ! વ્હાલા!"
ને બન્ને એ હૃદય ધડક્યાં સાથ સાથે દબાઈ,
ભાને ભૂલી પ્રણયી સુખિયાં શાંત પામ્યાં સમાધિ

આ બન્નેની દૃઢ ક્ષણ મહીં છૂટશે ગ્રન્થિ હાય!
કેવો મીઠો સમય સુખનો ત્હોય કેવો ક્ષણિક!
જૂનાં થાતાં મધુર સુખડાં ચિત્ત શોધે નવાંને,
ને આશામાં વખત સઘળો આમ પ્રેમી ગુમાવે!

સ્થાયી ક્યાંયે સુખ નવ મળે સ્થાયી આશા ન ક્યાંયે,
રે! સંધ્યાની સુરખીવત્ સૌ સ્નેહના રંગ ભાસેઃ
ને આશામાં મધુર સુખ તે તૃપ્તિમાં કેમ છે ના?
રે! ત્હોયે સૌ હૃદય ધરતાં તૃપ્તિની કેમ આશા?

જે છે તે છે સુખ-દુઃખ અને તૃપ્તિ આશા અહીં તો,
જે પામો તે અનુભવી સુખે સ્નેહી લેજો તમે તો;
સંયોગી ઓ સુભગ દિલડાં! તૃપ્તિનું આજ લ્હાણું;
ઊઠો ઊઠો અતિ સુખ મહીં ભાન ના ભૂલવાનું.

ધીમે અર્ધી રવિકર વતી પોયણી જેમ ખીલે,
બન્ને તેવી મૃગનયનીની આંખડી ઊઘડે છે;
એ આંખો તો પિયૂષ પિયુના અંગને લેપી દેતી,
એ આંખોમાં વશીકરણશી પ્રેમમૂર્ચ્છા વહેતી!

ને ઘેરાતાં નયન પિયુનાં ઊઘડ્યાં દીર્ઘ સ્નિગ્ધ-
અર્પી દેતાં હૃદય પ્રિયના પાદમાં જેમ હોય;
પી લેઈને શરીર પ્રિયનું નેત્રથી નેત્ર ચોંટ્યાં,
મીઠા ભાવે રતિમય તહીં પૂર્ણ સત્કાર પામ્યાં.

એ દૃષ્ટિના અમીઝરણમાં ગાન દૈવી ગવાતું,
બન્ને આત્મા રસમય થતાં ઐક્યનું પાન થાતું;
એ દૃષ્ટિમાં લય થઈ ગઈ વિશ્વની સૌ ઉપાધિ,
વેળા વ્હેતી સતત ગતિએ તેમ ત્યાં સ્તંભી ઊભી.

ના ના રે રે! વખતનદ તો જાય ચાલ્યો સપાટે,
તે રોકાતો પલ પણ નહીં પ્રેમીનાં કાર્ય માટે;
બિચારાંની સફળ ઘડીઓ લેશ ના દીર્ઘ થાતી,
ઓહો! એ તો જલદી જલદી આવી કે ઊડી જાતી.

જ્યારે બન્ને રસમય દિલો સાથ સાથે દબાયાં,
ત્યારે તેના ગૃહ ઉપર કૈં વાદળાં દોડતાં'તાં;

તે હાવાં તે ઘનદલ સહુ વિખરાઈ ગયાં છે,
તારા સાથે શશી ચળકતો પશ્ચિમે ઊતરે છે.

ઓહો! મીઠું જરૂર દીસતું તૃપ્તિનું આજ લ્હાણું,
કેવું ઘેલું કૂદી કૂદી ઊડી ગીત ગાતું ચકોરું!
કેવાં નાચી પ્રતિ વીચિ ઉરે ચન્દ્રનું બિમ્બ ધારે!
ને વાયુના અધર ફરકે પુષ્પના ઓષ્ઠ સાથે.

હિમે ઢાંક્યાં ગિરિવર તણાં શૃંગ શૃંગે શશી છે,
ને ગુલ્મોના પ્રતિ ફૂલઉરે ભૃંગ બાઝી રહ્યા છે;
આજે ક્યાંયે વિરહદુઃખનાં મ્લાનિ કે અશ્રુ છે ના,
ક્યાંયે છે ના જગત પરની સર્વવ્યાપી કટુતા.

પૂર્વે લાલી ચળકતી દીસે આભમાં કેસુડાં શી,
જે જોઈને કલરવ કરી ઊડતાં કૈંક પક્ષી;
પિયુ સાથે શયન કરતી સાંભળી સુન્દરી તે
બોલી, "મ્હારા પ્રિયતમ! ગઈ રાત્રિ ચાલી અરેરે!"

"આહા!" અન્તે જનહૃદયને બોલવાનું "અરેરે!"
કંપી રહેતાં જિગર સુખમાં ઉષ્ણ નિઃશ્વાસ આવે;
આંસુડાં જ્યાં નયન પરથી હર્ષનાં ના સૂકાયાં,
ત્યાં તો નેત્રો દુઃખમય બને આંસુની ધારવાળાં!

ચોંટી મ્લાનિ પિયુ હૃદયને સાંભળી તે "અરેરે"
ને અંગોમાં દુઃખમય અરે મ્લાનિની સુસ્તી આવે;
ફેંકી દૃષ્ટિ અતિ દુઃખભરી પ્યારીનાં નેત્ર સામે,
જે દૃષ્ટિમાં દુઃખમય અમી વ્હાલનું વર્ષી રહે છે.

બન્ને ઊઠી શિથિલ પગલે ગોખમાં આવી ઊભાં,
ભારે હૈયે કુદરત તણું શાન્ત સૌન્દર્ય જોતાં;
ઊગે છે ત્યાં ઝળહળ થતો પૂર્વમાં લાલ ગોળો,
નાચી રહે છે કિરણ સલિલે રેડતાં રંગ રાતો!

"કેવું, વ્હાલા! ખૂબસૂરત છે વિશ્વનું રૂપ ભવ્ય!
"નાચે કેવો સુખમય તહીં ઢેલ સાથે. મયૂર!
"અશ્રુ ઝીલે પ્રિયતમ કને હેતથી તે મયૂરી,
"ને તે દે છે મયૂર પ્રણયી પ્રેમની ચીસ પાડી.

"ચુમ્બી અશ્રુ તુજ પ્રિય સખે! ગાલથી લૂછી નાખું,
"જાવું ના ના મુજ સહ રહે એટલું નાથ યાચું:"
બોલી એ ત્યાં નજર યમુનાતીર પાસે પડે છે
ને ત્યાં પેલું શબ નિરખતાં નાથને એ પૂછે છે.

"જોને, વ્હાલા! મૃત શરીર કો" કેમ ત્યાં છે પડેલું?!
"રે રે! શું ના જગત પર છે કોઈ યે મિત્ર તેનું?
"રોવા તેને જગ પર નથી કોઈ ના દાહ દેવા?
"વ્હાલા! તેનું સુખમય હશે મૃત્યુ કેવું થયું? હા!"

જોઈ તેને પ્રણયી વદતો શાન્ત ગંભીર વાણીઃ–
"હું આવ્યો છું ઊતરી યમુના રાત્રિયે હોડી માની;
"વ્હાલી! તે એ શબ જરૂર છે, મિત્ર તેનો બનું હું,
"ચાલો તેને નદીતટ જઈ અગ્નિનો દાહ દેશું."

આભારે કે પ્રણય ઊભરે શીશ નીચું નમાવે,
ને પ્યારાના હૃદય સહ એ સુન્દરી ગાલ ચાંપે;
ત્યાં તો "વ્હાલા! સરપ લટકે ગોખની બારીએ છે,"
બોલી એવું કૂદી પડી નીચે સુન્દરી ગાભરી એ.

જોઈ તેને પ્રિયતમ કહે ઉરથી ઉર ચાંપીઃ
"આવ્યો હું તો ઉપર ચડી એ સાપને દોરી માનીઃ"
સુણી આવું ચકિત થઈને મૂક વિચારતી કૈં,
ચિન્તાવાળાં સજલ નયને સ્વામીને જોઈ રહેતી.

ત્યાં હોલાયે છત ઉપરથી ઝૂલતો એક દીવો,
હાંડીમાંથી સરકી નિકળ્યો ધૂમ્રનો શ્યામ ગોટો;
તે જોઈને દૃઢ થઈ જરા ઉચ્ચરે આમ શ્યામાઃ–
"મ્હારા વ્હાલા! સુર! હૃદયથી દાસ તું ઈશનો થા!

"ફાની છે આ જગત સઘળું અન્ત આ જીવવાને,
"જે છે તે ના ટકી કદી રહે સર્વદા કાલ ક્યાંયે;
"શોધી લેને પ્રિય પ્રિય સખે! સર્વદા જે રહેશે,
"આશા તૃપ્તિ વિભવ સુખની તુચ્છ સૌ છોડી દેને!

"હું ત્હારી ને મુજ પણ સખે! પ્રેમી આ દિલ ત્હારુંઃ
"તે જાણીને હૃદય મમ તો આજ ચીરાઈ જાતું;

"ત્હારું તે ના તુજ રહી શકે તૂટશે સર્વ મ્હારું,
"માટે છોડી "તુજ" "મુજ" હવે દાસ થા ઈશનો તું.
"આ દીવો જો તુજ ગૃહ બધું તેજથી પૂરી દેતો,
"દીપ્તિહીણો તિમિરમય છે ધૂમ્ર તો અન્ત તેનો;
"ભોળા ત્હારા હૃદય સહ આ પ્રેમનું જે શરીર,
"તેની વાયુ વતી ઊડી જતી આખરે અન્ત ખાક.

"શું છે હુંમાં? સુખરૂપ તને દેહ આ ના થવાની,
"વ્હાલા! તેને મરણ પછી તો કાષ્ટમાં બાળવાની;
"ટેકો જ્યારે તુજ હૃદયનો કોઈ ક્યાં એ ન રહેશે,
"રોતાં ત્યારે જીવિત સઘળું પૂર્ણ તે કેમ થાશે!

"તૈયારી તું પ્રિયતમ કરી મૃત્યુની લે અગાડી,
"ને મ્હારો તું કર ગ્રહી મને સાથ લેને ઉપાડી;
"તોડી ભીંતો તિમિરગઢની દિવ્ય સ્થાને ઊડી જા,
"ને તે માટે સુર! હૃદયથી, દાસ તું ઈશનો થા!

"તેં શીખાવ્યો રસ ઉર ભરી પ્રેમ સંસારનો જો,
"દોરી જા તું મુજ ઉર હવે દૂર સંસારથી તો;
"શું શીખાવું? શિખવ મુજને પ્રેમ વૈરાગ્યમાં તું,
"જાગી ચેતી ઊઠ ઊઠ હવે ઊંઘ ના સર્વદા તું!"

ઊંડું ઊંડું હૃદય ઊતરી સાંભળી આ રહ્યું'તું,
ને પ્રેમીના મગજ ઉપરે ઉષ્ણ લોહી ફરન્તું;
નિદ્રામાંથી દિવસ ઊગતાં ઊઠતો જેમ હોય,
રાતું તેનું મુખ ત્યમ દીસે શાન્ત ગંભીર ભવ્ય!

દૃષ્ટિ ફેંકી પ્રિયમુખ ભણી પ્રેમ ઔદાર્યભીની,
બોલ્યો વાણી ગદગદ થઈ મેઘની ગર્જના શી:-
"રે કલ્યાણી! સખિ ગુરુ! પ્રિયે પ્રેમની દિવ્ય જ્યોતિ!
"ત્હારે પન્થે વિહરીશ હવે જાળ જંજાળ તોડી!

"સંસારીને શિખવીશ હવે સ્નેહ, વૈરાગ્ય, ભક્તિ,
"ને અન્તે હું મરીશ સુખમાં ઈશનું નામ બોલી;
"ચાલો ચાલો નદીતટ પરે ઝૂંપડી બાંધશું, ને
"વ્હાલા મ્હારા પરમ પ્રભુનાં ગીત ગાશું જ પ્રેમે!

"શૃંગારી આ હૃદય તુજ ક્યાં? શાન્ત વૈરાગ્ય તે ક્યાં?
"સંસારી આ તુજ હૃદયમાં જ્ઞાનનું ઊગવું ક્યાં?!
"શું વિચારું? મુજ મગજ તો બાવરું આ બને છે.
"શું વિચારું? મુજ હૃદયમાં આંસુડાં ઊભરે છે!

"જન્મ ને જીવનાં કૃત્યો છે આકસ્મિક સૌ અરે!
"પાસા ફેંકે જનો સર્વે દા દેવો હરિહાથ છે.
"કરું છું" ને "કર્યું છે મેં", જૂઠું એ અભિમાન હા!
"કરી તે શું શકે પ્રાણી, આ અનન્ત અગાધમાં?"

પણ પિયુકરમાં લટકી પડી,–
"નહિ, પિયુ!" લવતિ રહી સુન્દરી!
પિયુ રહ્યો મુખ એ નિરખી, અને–
જલ તણી ઝરી પાંપણને ભરે!

૩૦-૧૧-'૯૫

## કન્યા અને ક્રૌંચ

ખળખળ વહે વ્હેળું ગાતું ધ્વનિ મધુરા જહીં,
ફરફર સરે વાયુ ધીમે લતા તરુ ઝૂલવી;
રુચિર વનમાં તેવે જ્યારે ડૂબે રવિ પશ્ચિમે,
કિરણ કુમળાં પીળી પીળી પ્રભા રૂડી પાથરે!

વિટપ વિટપે વૃક્ષોની ત્યાં વિહંગ કૂદી રહ્યાં,
મધુર ગીતડાં ગાઈ ભોળાં નવી પ્રીતિ બાંધતાં;
ચિર સમય ઓ પક્ષી વ્હાલાં! રહો તમ જોડલાં!
ચિર સમય સૌ પાંખે પાંખો રહો દૃઢ જોડતાં!

પણ વળી તહીં દૈવી મીઠા સ્વરો કંઈ આવતા,
રમણીય પ્રભાની લાલીમાં મળી સહ રેલતાઃ
પરભૃત સમા કંઠે આવા સુનિર્જન સ્થાનમાં,
મૃદુ મૃદુ વીણા સાથે ગાતી સુકોમળ કન્યકા!

ક્રૌંચી એક ફરે પાસે, કન્યાને પ્રિય તે હતી;
ફરે છે તે, ચણે છે, ને ખોળામાં વળી બેસતી.
વદનકમલે કન્યાના છે હજુ અનભિજ્ઞતા,
દુઃખ નથી સહ્યાં સંસારી કે ન કૈં જ કઠોરતા;

પણ સુખભરી બાલ્યાવસ્થા વહી ગઈ છે, અને
મધુસમય શી યુવા તેના શરીર પરે ઝૂમે!
ન કિન્તુ પુષ્પો સૌ મધુસમયમાં પૂર્ણ ખીલતાં,
ખીલેલાં પુષ્પો એ નવ સહુ મળે કંટક વિના;

વસન્તે ના આવે અનિલલહરી શીતલ સદા,
બધાં માધુર્યો ના મધુસમયમાં સાથ મળતાં!

ખીલતી કળી આ– તે પાસે કો' મધુપ હતો ભમ્યો,
ભમી ઊડી ગયો? ના, એ ચોંટ્યો દિલે રસ લૂટવા;
નજર પણ ત્યાં લાગી લાગી નવું કંઈ લાધતાં,
નયન શીખતાં હાસ્યો તે તો સબાષ્પ બની ગયાં!

ને એ દંશ રહી ગયો ખટકતો હૈયા પરે હેતનો,
તેના કોમલ ઝેરથી જગતની ઝેરી હવા એ થઈ,

વીણાના સ્વરમાં અને અધરના ઉચ્ચાર ને કંપમાં
જ્યાં ત્યાં અંગ પરે અને નસ મહીં એ ઝેર વ્યાપી ગયું!

વસન્તે વાયુની જરૂર લહરી ઉષ્ણ વહતી,
ખીલેલાં પુષ્પો કૈં જરદ કરી નાખી વિહરતી;
અરે! આ લ્હેરી કો' કરી ગઈ જરી સ્પર્શ કળીને,
કદી ખીલે ત્હોયે! મરણવત્ તે ઝિંદગી બને!

પણ લહરી આ આશા આપી ગઈ હસતી વહી,
નજર હતી જે વૃક્ષે પુષ્પે લઈ દૂર તે ગઈ;
હૃદય ઊલટ્યું! વેળા મીઠી ગઈ પલટી અરે!
પણ ન સમજે હૈયું! તેમાં વિકાર થયેલ તે!

* * *

વર્ષો કૈંકથી એકલી વન મહીં કન્યા સદા આવતી,
સાથે પુષ્પ લઈ ઘણાં નિજ ગૃહે પાછી જતી હર્ષથી;
આનન્દે ભર મસ્ત નાદ કરતી વીણાં અહીં સર્વદા,
કંઠેથી પણ એ જ જાદુ ઝરતું એકાન્ત આ સ્થાનમાં!

મીઠી ધૂન મચેલી એક દિવસે જ્યારે હતી ગાનની,
પૂર્વે લાલ ઊગ્યો હતો રવિ અને ચોમેર લાલી હતી;
પક્ષી કોઈની ચીસ ત્યાં દુઃખભરી કન્યા સુણીને ઊઠી,
મૂકી બીન શિલા પરે ત્વરિત તે પ્હોંચી કિનારે ઊભી.

વ્હેળામાં જલ નૃત્યથી ઊછળી ને ચાલ્યું જતું ત્યાં હતું,
કોઈ ક્રૌંચી પડી હતી જલ કને તીરે ઘવાઈ, પ્રભુ!
સામે ભીલ તહીં નિશાચર સમો ઊભો હતો ઘાતકી,
ક્રૌંચોનું યૂથ અભ્રમાં ઊડી ઊડી ચીસો હતું પાડતું!

એ કન્યાના મુખ ઉપરથી આંસુની ધાર વ્હેતી,
તે પારાધિ કુતૂહલ વતી જોઈ કન્યા રહ્યો'તો;
એ બન્ને ને તડફડતી એ કુંજની છાય લાંબી,
ધીમે વ્હેતા સલિલ ઉપરે ધ્રૂજતી છે છવાઈ!

મચ્યું છે યુદ્ધ બ્રહ્માંડે, દેવ-દાનવનું સદા;
હણે છે કોઈ તો કોઈ રક્ષાનું કરનાર છે!

ચાલ્યો ભીલ ગયો વને મૂકી દઈ એ ક્રૌંચ કન્યા કને,
કન્યા તે પર સિંચતી જલ અને જોઈ રહી'તી દુઃખે;
ત્યાં કોઈ નરની પડી જલ મહીં છાયા પછાડીથી ને
જોઈ આકૃતિ ભવ્ય સુન્દર જરા ઝંખાઈ કન્યા ગઈ!

પણ ક્ષણ મહીં ગાલે ઓષ્ઠે રતાશ ભરાઈ, ને
વળી ક્ષણ મહીં તે ચ્હેરામાં ફિકાશ ફરી વળી;
હૃદયપડદા ફૂલી જાતા, તૂટી ધડકી જતા,
કર ધ્રૂજી જતા-સ્વેદે ભીના-પડી ગઈ ક્રૌંચી ત્યાં!

નયન તિરછાં પેલાનાં એ નિહાળી રહ્યાં હતાં,
પરવશ કરી કન્યાને એ થતો પરનો હતો;
પરવશ થવું વ્હાલું શાને યુવાન દિલે હશે?
પરવશ થઈ રોવું શાને યુવાન દિલો ચહે?

શું જાણે કે પરવશ થઈ આંસુ છે વ્હોરવાનાં?
શું જાણે કે હૃદય ધરતાં ઘા જ છે લાગવાના?
આ સંસારે પ્રથમ પ્રીતિએ કોણ જાણી શક્યું છે,
કે પ્રીતિનું રુધિર સઘળું ઉષ્ણ અશ્રુ તણું છે?

'શ્રમ આવો જવા દેને, ધોઉં હું તુજ ક્રૌંચને'
બેઠો પાસે વદી એવું, ને પક્ષી કરમાં લીધું.
નયન રસિલાં ગોષ્ઠી મીઠી ચલાવી રહ્યાં હતાં,
હૃદય ધડકે—તે ભાવો એ ઉરો સમજ્યાં હતાં;

ગભરુ ઉભયે મુગ્ધ પ્રેમી વદી પણ ના શકે,
કર કર વતી ચાંપી દેવા ન ધૃષ્ટ બની શકે.
પરન્તુ પ્રીતિમાં શરમ ટકી તે ક્યાં સુધી રહે?
તુફાની સિન્ધુની ભરતી અટકી તે ક્યમ શકે?

ચડેલાં ઉફાળે કુદરત તણે જ્યાં ઉર વહે,
વહે વ્હેતાં એ તો, જગતપ્રતિબન્ધે ન અટકે.
વહ્યાં વહેતાં એ ને શપથ પણ લીધા પ્રણયના,
હતું હૈયામાં તે ઠલવી પણ ચૂક્યાં કુસુમડાં;

ક્ષણો બે વીતી ને અધર અધરે એ દઈ ચૂક્યાં,
કુમારાં બન્ને એ દિલ હજુ કુમારાં પણ હતાં.
બગાડી દેવાને પ્રણયરસની દૈવી સરિતા,
વિકારો સંસારી જરી પણ અડ્યા ત્યાં નવ હતા;

હતાં અર્પી દેતાં હૃદય કુમળાં માર્દવભર્યાં,
હતી એ ઈચ્છા ને જગત તૃણ શું અન્ય ગણતાં.
વાતો કૈંક થઈ અને જિગરનાં ખુલ્લાં પડો એ થયાં,
તેમાંથી અતિ દિવ્ય કો'રસ તણાં ફોરાં ઊડી ત્યાં રહ્યાં;

તે આત્માદ્વય એકમેક થઈને ઊંચે રહ્યા ઊડતા.
ઊડી પૂર્ણ અભેદના ઝળકતા આનન્દકેન્દ્રે ગયા.
ન લાગે કૈં વેળા પ્રણયી પ્રણયીથી મળી જતાં,
રહે ના કૈં ભીતિ રતિરસ તણું ઐક્ય બનતાં;

ભલે પ્રીતિ પ્હેલાં પરિચય કદી લેશ નવ હો,
ભલે પ્હેલી દૃષ્ટિ પ્રણય કરવાનો સમય હો.
અપેક્ષા પ્રેમીલું હૃદય ન પરીક્ષા તણી કરે,
વિના શંકા ક્યાંથી જરી પણ પરીક્ષા થઈ શકે?

અને કોઈ ડાહ્યાં કરી કરી કસોટી પ્રીતિ કરે,
અરે! ત્હોયે તેમાં બહુ જન બિચારાં રડી મરે.
પ્રણયી રસિલાં! ઝુકાવ્યું તો ભલે તમ વ્હાણ આ,
બહુ બહુ ડૂબ્યાં ને તો ભોળાં તમે તરી ઊતર્યાં;

જગત હસશે, રોશો વ્હાલાં અને મરશો દુ:ખે,
પણ પ્રણયના લ્હાવા લેવા સુમાર્ગ જ આ જ છે.

ધીમે ધીમે પણ રવિ હવે વ્યોમની મધ્ય આવ્યો,
ન્હાનાં મ્હોટાં શુક લપી જઈ છાયમાં આવી બેઠાં;
કોઈ ક્યાંએ જરી નવ હલે કોઈ ક્યાંએ ન બોલે.
ને આવે જે ધ્વનિ લઘુ બધા શાન્તિનું રાજ્ય સ્થાપે.

પ્રિયતમ કરે ટેકો લેતી અને હસતી જરા
ગભરુ સરખી થાકી જેવી ઊઠી સુખી કન્યકા;
ઊછળી ઊછળી જ્વાલામુખી શમે જ્યમ શાન્તિએ,
ત્યમ દિલ નવા પ્રેમે ઘૂમી અચેષ્ટ સમું બને.

પેલી ક્રૌંચી હવે જરા દુઃખ થકી નિવૃત્તિ પામી હતી,
તેને લેઈ યુવાન ઊઠી કરમાં તેની પ્રિયાના ધરી;
બોલ્યો, 'રે પ્રિય! રે સખી! તુજ થકી હા! દૂર જાવું થશે?
કિન્તુ હું દશ દિનમાં ફરી પ્રિયે! આવી મળું તુજને!"

આપતાં કોલ આ કિન્તુ કમ્પારી છૂટી અંગમાં;
શંકા કાંઈ હતી હૈયે, છુપાવી પણ તે દીધી.

જુદું કેમ થવાય ના સમજતી કન્યા બિચારી હતી;
જુદાઈ કદી આવશે ત્યમ વળી તે ધારતી ના હતી;
હૈયું તો પિગળી ગયું નયનમાં અશ્રુ ભરાયાં અરે!
જાણે જીવ ઊડી જશે ફડફડી હૈયું ચીરાઈ જશે!

રજા ના દેવાયે, 'પ્રિયતમ રહો!' ના કહી શકે,
ગળે બાઝી બાઝી હઠ પણ કશો ના કરી શકે;
બનેલાં રાતાં એ નયન રડતાં માત્ર વદતાંઃ—
"ત્વરા આવી શાને? પ્રિયતમ! ભલે જા રહી જરા."

અને આવી આજ્ઞા પ્રણયી કદી લોપી ક્યમ શકે?
તહીં બન્ને બેઠાં પણ સુખ હવે ના કંઈ મળે;
ઝઝૂમે જ્યાં પાસે વિકટ દુઃખ શિરે વિરહનું,
તહીં સ્વપ્નું એ ના કદી મળી શકે લેશ સુખનું.

વળી યત્ને ના ના સુખ તણી પ્રતિભા ઊઠી શકે,
બલાત્કારે પાછી મધુર ગત વેળા નવ મળે;
પળો નિર્માયેલી સુખ દુઃખ તણી ના ફરી શકે,
કદી સિન્ધુમાં ના ભરતી ચડતી ઓટ વખતે.

આવતાં કષ્ટની કિન્તુ તૈયારી કરી એ શક્યાં,
પંપાળી પ્રેમથી હૈયાં, ઓછો ભાર કરી શક્યાં.
પણ વખત એ આવી પહોંચ્યો થવા વિખૂટાં તણો,
ટમટમી રહ્યાં નેત્રે અશ્રુ, દિલે દ્રવતાં રહ્યાં;

હૃદય હૃદયે ચંપાયાં ને છૂટાં થઈ એ ગયાં,
પ્રણયી નયનો છેલ્લી છેલ્લી સલામ કરી ચૂક્યાં.
અરે એ કન્યાનાં મગજ દિલ આત્મા લઈ ગયો,
રહ્યું ખાલી ખોખું ઉદધિ દુઃખનામાં ઊછળતું;

ન મૂર્છા આવી કે મરણ નવ આવ્યું સુખભર્યું,
નિસાસો ના આવે, નયન થકી ના અશ્રુ ખરતું.
ઊંડું ઊંડું હૃદય ઊતરી કાંઈ વિચારતું'તું,
વીતી વેળા પરથી પડ સૌ ખેંચી નિહાળતું'તું,

પૂરાયું એ પણ જગતનું પિંજરું તોડી નાખ્યું,
પૂરાયું એ પણ નવ હતું કેદનું કષ્ટ જાણ્યું.
દૃષ્ટિ કન્યા તણી ત્યાં એ પડે છે ક્રૌંચી ઉપરે,
ખોળા માંહી લઈ તેને, ધીમેથી કર ફેરવે.

બને છે દર્દ કૈં ઓછું દર્દીને દર્દી લાધતાં;
ભાગી કો' દર્દમાં થાતાં પોતાનું દર્દ જાય છે.
કન્યા બોલી, 'પ્રિય વિરહિણી ક્રૌંચડી બાપડી રે!
મ્હારાથી તું વધુ દુઃખી નકી કાંઈ આશા વિના છે;

"ઊડી ચાલ્યો તુજ પ્રિય અને વાયદો કૈં ન આપ્યો,
"આશા રાખી જીવિત તુજ તું ધારજે ત્હોય, વ્હાલી!
"આશામાં છે દિવસ દશ આ ગાળવા માત્ર મ્હારે,
"ત્હોયે શંકા મમ હૃદયમાં કાંઈની કાંઈ આવે;

"પ્રીતિવાળું બીકણ દિલ આ વિઘ્ન કલ્પે હજારો,
"રે! આશાથી કઠિન વિધિએ વિઘ્નની બીક જોડી!"
ઊઠી ધીમે નિજ ગૃહ ગઈ ક્રૌંચની સાથ કન્યા,
થાકેલા એ દિલ પર ધરી હસ્ત સૂઈ ગઈ ત્યાં;

આવી નિદ્રા મગજ દિલનું દર્દ સૌ દૂર કીધું,
ગ્લાનિના સૌ વિખરી પડદા મ્હોં પરે સ્મિત આવ્યું.

ક્રૌંચે તેની સખી પર ધરી ડોક લાંબી સુખેથી,
નિદ્રા જેવી સુખદ મધુરી શાંતિ આવી હતી'તી;
નિદ્રા લેજો: મધુર નકી છે ઊંઘવું જાગવાથી,
જો છે મૃત્યુ મધુર વધુ આ વિશ્વમાં જીવવાથી.

ઊઠીને પણ એ ગઈ વન મહીં પ્રેમી મળ્યો જ્યાં હતો,
નિદ્રા ઊડી ગઈ અને નવ પડ્યું કૈં ચેન તેને ગૃહે;
સાથે ક્રૌંચી લઈ ગઈ પ્રિય થઈ તે તો દયાથી હતી,
લીધું બીન હતું વળી હૃદયના ભાવો બજાવા તહીં.

નિત્યે આમ જ આવતી વન મહીં આશાભરી કન્યકા,
સંધ્યાએ દિન એક પૂર્ણ બનતાં આનન્દ તેને થતો;
બીજે કોઈ સ્થલે જરી હૃદય એ વિશ્રાન્તિ ના પામતું,
બીજે કોઈ સ્થલે ન અશ્રુ પડતું આશાભર્યા પ્રેમનું.

મળ્યું જ્યાં પ્રેમી તે સ્થલ પ્રિય બને છે પ્રણયીને,
ભરાયું જ્યાં હર્ષે જિગર ફરી યાચે સુખ તહીં;
ખરે વૃક્ષો વેલી સમદુઃખિત ત્યાં સૌ જડ દીસે,
તહીં હોનારાંની ઉપર અનુકમ્પા સહુ ધરે!

સ્મૃતિનાં બીબાં ત્યાં હૃદય પર ચોકખાં પડી શકે,
અને મીઠી મીઠી સ્મૃતિ વિરહીનું તો જીવિત છે;
કદી સંતોષી ના સ્મૃતિ થકી પરન્તુ દિલ બને,
અરે! તેને ખેંચી હૃદય ધડકીને તૂટી પડે!

* * *

ખીલતી કળીને ભોગી ભૃંગે કહ્યા દિન આજ છે,
પ્રિયતમ તણો ભેટો થાવા વકી પ્રિય આજ છે,
દિવસ સઘળો આશા માંહીં ક્ષણો ગણતાં ગયો,
રવિ પણ ગયો, ના ના ત્હોયે પતિ નજરે પડ્યો!

તૃણ જરી હલે, વાયુ વાયે, ઊડે શુક કોઈ એ,
ધ્વનિ જરી થતાં હૈયું ભોળું અરે! ધડકી રહે;
"નકી નકી જ એ વ્હાલો મ્હારો," વદી ઊઠીને જુવે,
કંઈ નવ અરે! જોતાં બેસે, વળી ઊઠીને ફરે!

કંઈ પણ થતાં એવું હાવા ઊઠે નવ બાપડી,
પણ "જરૂર છે વ્હાલો આ તો" નકી ત્યમ ધારતી;

મૃગનયનને મીંચી ક્યારે થઈ ચૂપ બેસતી,
"નયન પ્રિયથી ચંપાશે આ," નકી ત્યમ માનતી.

નિચોવી અશ્રુને હૃદય નિજ કૈં ખાલી કરવા,
પછી વીણા લીધી રુદનમય તે નાદ કરવા,
ન ખાળી ધારા એ નયન પરથી પૂર વહતી,
ન કમ્પી છાતી કે અધર ફરક્યા ના દુઃખ વતી.

પ્રભુ! રોવું દેજે દરદમય ભોળાં જિગરને,
નકી રોવું એ તો તુજ હૃદયની આશિષ દીસે;
ચિતારાનાં ચિત્રે કવિત કવિનાં ને ધ્વનિ મહીં,
પ્રતિભાની લ્હેરો દરદમય મીઠું રુદન છે!

ભગિની ઓ કન્યા! ફરી ફરી ભલે તું ફરી રડે,
ભલે ખાલી હૈયું રડી રડી રડીને તુજ કરે;
મહા કષ્ટો સાથે રુદન પણ આપે પ્રભુ તને,
અને હૈયું ત્હારું રુદન વતી એ સાફ કરજે!

પણ હૃદયમાં રોતાં રોતાં નવીન થયું કશું,
પ્રિયતમ તણી છાયા જેવું પડ્યું નજરે કશું;
ઊડતી ઊડતી છાયા આવી ગઈ ઊડતી વહી,
નવ સ્મિત હતું ચ્હેરામાં વા હતું સુખ ના જરી!

કહી ગઈ અરે! આવું, કે એ કહ્યું ત્યમ ધારતી;
"દશ દિવસ આ વીત્યા, આવ્યો! હવે મળવું નથી!"
શરદી વતી એ કન્યા કમ્પી અતિ દુઃખમાં લવીઃ-
"દશ દિવસ આ વીત્યા, આવ્યો, હવે મળવું નથી!"

પડી એ બાપડી બાલા ધ્રૂજતી ધરણી પરે;
ગયા બે તાર તૂટી ને વીણા એ કરથી પડી.

* * *

એ વેળા એ તન ત્યજી ગયો પ્રેમી કન્યા તણો એ,
કો' શત્રુના કર વતી થયો શીશનો છેદ રે રે!
મૃત્યુ આવ્યું, પ્રિય નવ મળી, હોંશ પૂરી થઈ ના,
'વ્હાલી, હું આ....' જીવ ઊડી ગયો એટલું બોલતામાં.

શંકા મૃત્યુની આ હતી હૃદયમાં જ્યારે પ્રિયાની કને
બોલ્યો, "હું દશ દિનમાં ફરી, પ્રિયે! આવી મળું તુજને;"

કોઈ ગામ પરે ચડાઈ કરીને તે દિ' જવાનું હતું,
ને એ પ્રેમ તણું રુધિર સઘળું ત્યાં અર્પવાનું હતું!

અર્પાયાં શિર ઝિંદગી રુધિર એ શોણિતની નીકમાં,
તેને પ્રેમ અને છબી પ્રિય તણી ને હર્ષ હૈયે હતાં;
યુદ્ધે બાહુ મચ્યો હતો પ્રલય શો સંહારમાં શત્રુના,
ઉન્હા લોહી તણી હતી નિકળતી શેડો સહુ અંગમાં!

તેમાં ઈન્દ્રધનુ રૂડું ચળકતું સૂર્યે પૂરેલું હતું,
તેમાં છાપ પડી હતી હૃદયના ઔદાર્ય ને શૌર્યની;
વીંઝાતાં વળી ખડ્ગ એ રુધિરની શેડો મહીંથી હતાં,
મ્હોં કૈં ભૂમિ પરે પડેલ શબનાં ધોવાઈ જાતાં હતાં.

શૂરા ત્યાં સુખથી પ્રહાર કરતા ને હર્ષથી ઝીલતા,
શૂરા હર્ષથી મૃત્યુના મુખ મહીં જાતા અને આવતા;
આ મૃત્યુ, બસ આ જ મૃત્યુ, જન સૌ! જેથી ડરો છો તમે!
આ શૂરા, વળી આ જ શૌર્ય, જન સૌ! જેને વખાણો તમે!

વખાણો ચાહો છો, વળી ક્યમ ડરો છો મરણથી?
ત્હમારા લોહીથી વળી ક્યમ કરો સ્નાન સુખથી?
બનો છો આ ભોળાં જન વતી ડરીને ખૂની તમે,
અરે! વીરો શૂરા! હૃદય તમ તો બીકણ ખરે!

ધરા માટે કાપી શિર જન તણાં તું ક્યમ શક્યો?
ધરા માટે પ્રેમી! વિસરી તુજ વ્હાલી ક્યમ શક્યો?
પડી છે મૂર્ચ્છામાં તુજ પ્રિયતમા બાપડી અરે!
અરે! તેના હૈયા ઉપર ખરડાયું રુધિર છે!

"દશ દિવસ આ વીત્યા, આવ્યો! હવે મળવું નથી!"
લવી ઊઠી વળી કન્યા બોલી, "અરે! મળવું નથી!"
સ્મૃતિ નવ ખસે એ શબ્દોની, ડરે દિલ બાપડું,
નવ વળી શકે માની સાચો પ્રહાર પડેલ તે.

હરિ હરિ અરે! છૂપા ઘા આ ઘટે કરવા તને?
પ્રણયી દિલને વિના દોષે ઘટે હણવાં તને?
કદી કંઈ હશે દોષો ત્હોયે ક્ષમા નવ શું ઘટે?
તુજ સખત આ શિક્ષાથી રે! વિધિ શુભ શું થશે?

ઢૂંઢે છે પ્રિયને વૃથા રખડતી આશા વિના બાપડી,
આશા મેળવવા ફરી હૃદયને પ્રેરે વૃથા બાપડી;
આશા જો ગઈ ને પડી જિગરમાં કૈં ફાળ પ્રેમી વિષે,
ચોંટી તો ઉખડે નહીં ફિકર એ યત્નો હજારો વડે.

આશાનો તન્તુ ત્હોયે ના, તૂટી છેક પડ્યો હતો;
આશામાં ને નિરાશામાં, ઝિંદગી લટકી રહી!
આવી રીતે દિન પછી દિનો કષ્ટના કૈંક વીત્યા,
રીબાતું ને હૃદય ઝરતું ત્હોય તૂટી પડે ના;

થાકેલી એ ભટકતી ઘણું ક્રૌંચને સાથ લેઈ,
નિશાની એ પ્રિય તણી ગણી જોઈ તે રોઈ રહેતી!
આશા મીઠી કટુ થઈ હવે ત્હોય છોડી ન છૂટે,
જૂઠી તેને મગજ સમજે ત્હોય હૈયું ન છોડે;

આશા એ તો મધુર કડવો અંશ છે ઝિંદગીનો.
છેદાયે ના જીવિત સુધી એ છેદતાં જીવ જાતો!
રોતાં રોતાં રવિઉદયથી અસ્ત તેના નિહાળ્યા,
રોતાં રોતાં શશીઉદય ને અસ્ત તેના ય જોયા;

સ્પર્શ્યો જેને પ્રણયતણખો આમ તે ઝૂરવાનું!
સર્વાંગે આ અનલભડકે આમ આ દાઝવાનું!
ગમે તે વેળાએ જન કદી અહીંથી નિકળતું,
કટુ કારી તેનું રુદન સુણીને તે અટકતું;

અને ઊઠી કન્યા પૂછતી પ્રિયનું નામ લઈને,
"કહીં દીઠો તેને?" જરૂર મળતું ઉત્તર "નહીં"!
વળી રોતી ગાતી ભમતી હિજરાઈ ગળી જતી,
પડી છાની જોતી નભ પર જતી વાદળી વળી;

ઉઘાડાં નેત્રોથી કદી વળી કશું ના નિરખતી,
મહા અન્ધારામાં ઊતરી ઊતરીને અટકતી.
સૂતી એક દિને હતી દુઃખ તણા અન્ધારમાં આમ એ,
તે છાયા તરતી હતી મગજમાં ચોંટી હતી દૃષ્ટિએ;

બીજું કો' દિલ સ્નેહના દુઃખ વતી ત્યાં ધૂંધવાતું હતું,
કન્યાને પણ ભાન એ હૃદયનું કૈંએ રહ્યું ના હતું.

કપાતું રેંસાતું વિરહી દિલ એ ક્રૌંચડી તણું,
દિલાસો કે આશા વગર જીવતું એ ગરીબડું;
દયા કન્યાની એ ઉપર હતી તો તેથી પણ શું?
ઈલાજોનું તેને પણ નવ હતું સાધન કશું.
વિના શક્તિ ઈલાજોની દયા તો દુઃખ માત્ર છે;
દયાનાં અશ્રુમાં ત્હોયે ઊંડી કાંઈ મીઠાશ છે!

જ્યારે કન્યા હૃદય સરસી ચાંપતી ક્રૌંચને આ,
ત્યારે કોઈ મધુર રસમાં ઝૂલતાં આર્દ્ર હૈયાં;
ઠંડી કાંઈ વ્રણ પર થતી ઔષધિ એ દયાથી,
ને ખોળામાં સુખમય બની ક્રૌંચી તો સૂઈ જાતી.

હવે કન્યા આ'વો તુજ દિલ ન લ્હાવો લઈ શકે,
દયાની શાન્તિ એ અરર નહિ રહેશે તુજ કને;
કરી લે તૈયારી દુઃખમય થવાની ભગિનિ રે!
નિશાની છેલ્લી એ તુજ સુખ તણી આ ઊડી જશે!

વાગે છે પાંખ આકાશે તે ક્રૌંચો ઊડતી દીસે;
ક્રૌંચકી એક તેમાંની આ નીચે ઊતરી પડે.
ઝડપથી ઊડી કન્યાની ત્યાં ચડી ગઈ ક્રૌંચી એ,
હૃદય હૃદયે બન્ને ક્રૌંચો દબાવી નીચે પડે;

દૃઢ દૃઢ અતિ લાંબી ડોકે પડી ગઈ ગ્રન્થિ છે,
ફડ ફડ થતી પાંખો પ્હોળી નીચે લડી આફળે.
ઝબકી ઊઠીને કન્યા તેને નિહાળતી ગાભરી,
પણ તુરત એ પ્રેમી જોડી તહીં પગમાં પડી;

નવ પછી હલી પાંખો ભૂરી, સ્ફૂરી નવ છાતી વા,
જરી રુધિરનાં બન્ને નાકે ટીપાં દીસતાં હતાં.
ચકર ફરીને તેને ક્રૌંચો સ્વમાર્ગ ઊડી ગઈ,
કલકલ થતા એ ટોળામાં હશે દિલ સૌ દુઃખી;

સુખ દુઃખ ભલે જે હો તે હો! સુખી મરનાર છે!
મરણ સુખમાં વીત્યું તો શી પછી દરકાર છે?
કન્યાથી આ હૃદય ભરતું દેખતાં મિષ્ટ લ્હાણું,
અંગો ન્હાનાં શિથિલ બનતાં ત્યાં જ બેસી જવાયું;

વીણા લેવા ફરી કર મહીં કાંઈ સામર્થ્ય આવ્યું,
ને હૈયાથી રુદનમય આ ગાન મીઠું ગવાયું:-
"અરે વ્હાલા! મ્હારી ગરદન પરે ખડ્ગ ધરીને
"ઉપાડી લે શાને? જખમ ક્યમ કારી નવ કરે?

"ઉગામી અન્ધારે અસિ મુજ પરે તું ક્યમ શકે?
"ઉગામે તો શાને વધ નવ સુખેથી કરી શકે?
"અરે! હું જાણું છું, વિરહ પ્રણયીનું મરણ છે,
"વળી જાણ્યું છે, કે મરણ વિરહીને સુખદ છે;

"અરે! કિન્તુ આશા મરણ વચમાં છે પડ ખરે,
"મને તે કાં સોંપી? મરણ નવ સોંપ્યું ક્યમ મને?
"મળ્યાથી મૃત્યુ છે! તુજ મરણ જાણ્યે મરણ છે!
"અરે! એ જાણ્યાથી વધુ દુઃખદ આશા જરૂર છે;

"સુખી તું છે જાણી મુજ દુઃખ સુખેથી ત્યજીશ હું,
"અરેરે! હું ધારું તુજ સુખ જ માટે જીવિત છું.
"નહીં બોલું, વ્હાલા! ક્યમ દશ દિને તું નવ મળ્યો?
"રખે તેને માટે તુજ મુખ છુપાવી દૂર રહ્યો!

"અરે! એ આશાના, પ્રિયતમ! નકી વ્હેમ સઘળા,
"ઠગાઉં છું ભોળી દૂષિત નવ હો તું, પ્રિય સખા!
"દુઃખી થાનારું છે દુઃખકર થનારાથી સુખિયું,
"અને ઓ વ્હાલા! હું દુઃખકર નથી ને સુખી જ છું;

"છતાં હું જાણું કે દુઃખ દઈ મને તું સુખી બન્યો,
"મરું તો સંતોષે! સુખી બહુ તને ઈશ્વર કરો!
"કહે પ્રજ્ઞો કે ના પ્રણય કરશો વ્યક્તિ સહ કો–
"ઘટે બ્રહ્માંડોના પ્રતિ જીવ પરે પ્રેમ સરખો;

"વળી ગુણો સાથે અનુભવી કહે પ્રેમ કરવા,
"બધાં વારે વ્યક્તિ સહ પ્રીતિ કરી કેદ પડવા.
"ગુરુ લાધ્યો આવો અનુભવી તને શું? પ્રિય સખે!
"કહ્યું સાચું તેણે, મમ અનુભવે તેમ જ કહે!

"તને સ્વસ્તિ! સ્વસ્તિ! પ્રણય તુજ તેવો ખિલવજે,
"બધામાં હું એ તો મુજ હૃદયને ના વિસરજે.

"ભલે એ સત્તાથી સહુ જીવનું કલ્યાણ કરજે,
"ભલે આ હૈયાનો બલિ વત્ ગણી ભોગ કરજે;
"મને શિખાવા તે પણ ન કદી તું યત્ન કરજે,
"શીખી હું જે શીખી! શીખીશ નહિ બીજું કદી હવે!
"રહી ઊડી જાવા તુજ સહ ન તાકાત મુજમાં,
"નથી ઇચ્છાશક્તિ પકડી તુંજને કેદ કરવા;
"તને જે વ્હાલું તે ચિર સમય વ્હાલું તુજ રહે,
"અરે! અસ્તુ અસ્તુ! પ્રિય મુજ દિલે તો મરણ છે.
"કદી ત્હારા માર્ગે ભટકત, સખે! હું તુજ સહે,
"અરેરે! તેથી એ તુજ જગતનું શું શુભ થતે?
"કદી મ્હારાથી કૈં શુભ થઈ ગયું ત્હોય પણ શું?
"અને ત્હારા હાથે બહુ શુભ થશે ત્હોય પણ શું?
"ગયા અન્ધારામાં જગત ત્યજી મ્હોટા સહુ અરે!
"અને એ કીર્તિ એ અમુક સમયે ઊડી જ જશે;
"સખે! એ કાર્યોની અસર પણ રહે છે અમર શું?
"અરે વ્હાલા! તે જો અમર કદી હો ત્હોય પણ શું?
"સખે! ચૂરા થાશે જગત રવિ તારા સહુ અરે!
"બધા યત્નોની ત્યાં અસર સઘળી વ્યર્થ બનશે,
"સખે! શું તો મ્હોરું સુખમય નથી કેદ પડવું?
"અરે! તું ભોળો ને જરૂર બહુ ભોળો તુજ ગુરુ!
"અરે! એ આશાના, પ્રિયતમ! નકી વ્હેમ સઘળા,
"નકી તેં તો છોડ્યું મમ કમનસીબે જગત આ!
"ભલે જે હો તે હો મરણ પણ મ્હારું તુરત હો!
"મને જે વ્હાલું તે મરણ સુધી વ્હાલું મુજ રહો!'
પણ હૃદયમાં ગાતાં ગાતાં નવીન થયું કશું,
પ્રિયતમ તણી એ છાયા શું પડ્યું નજરે કશું;
ઊડતી ઊડતી છાયા આવી ગઈ ઊડતી વહી,
સ્મિતભર હતું મ્હોં ને અંગો દીસે ભર હર્ષથી.
કહી ગઈ અહા! આવું કે એ કહ્યું ત્યમ ધારતીઃ–
"પ્રિય, પ્રિય અહો! ઝીલી લે આ હવે દિલ હર્ષથી!"
શરદી વતી એ કન્યકા કમ્પી અતિ સુખમાં લવીઃ–
'પ્રિય, પ્રિય અહો! ઝીલી લે આ હવે દિલ હર્ષથી!"

પડી એ ધ્રૂજતી બાલા, વેલી શી ધરણી પરે;
વીણા નીચે પડી તૂટી, કન્યા ઇચ્છતી તે બની!

૧૫-૧-'૯૬

# પુત્રીમરણથી હસતો પિતા

ભલે રોતાં લોકો, હૃદય મમ તો આજ હસશે,
હવે શું કમ્પાવું કરચલી પડેલા અધરને?
બહુ ધોવાયા છે રુદન વતી આ ગાલ ઘરડા,
અને લીંટા મ્હોટા દુઃખ વતી પડ્યા છે જિગરમાં.

અરે! એ લીંટા એ દુઃખ વતી પુરાઈ સહુ ગયા,
હવે અશ્રુ વ્હેવા જરી પણ નથી માર્ગ દિલમાં;
અરે! આ હૈયાની ઉપર વળી વહ્નિ વરસતો,
હવે તો સૂકાવી હૃદયજલ પોતે બૂઝી ગયો.

અહો વ્હાલી બાપુ! મરણ તુજ આજે થઈ ગયું,
નિરાશાનું લ્હાણું સુખમય મને એ દઈ ગયું;
ગયું તેવું લાંબું જીવિત મુજ બાકી નહિ હશે,
હશે ત્હોયે છો હો, કરીશ સઘળું પૂર્ણ હસીને.

અરે! રોવું એ તો જરૂર નબળાઈ જ સઘળી,
અશ્રદ્ધા એ પૂરી કુદરત તણાં કાર્ય પરની;
રડે એ તો સ્વાર્થી, જરૂર હસનારો જ પ્રણયી.
ન સ્વાર્થી મ્હારે તો નવ રડી બનું હું મતલબી.

ગયો ત્હારો ભાઈ રુદન કરતાં છોડી અમને,
હતી તું તો ન્હાની હસતી શબ સામું નિરખીને;
છતાં ચ્હેરો ત્હારો રુદન કરતાં જોઈ અમને;
જરા ઝંખાયો ને ખડખડી હસી તું ફરી અરે!

ન ત્હારી માતાનો જખમ કદી રૂઝ્યો જિગરનો;
છતાં છુપાવા એ કરતી બહુ યત્નો મુજ થકી;
ન રોવાતું હુંથી, "રુદન વતી થાશે દુઃખી પ્રિયા."
અરે! એવું ધારી ખમખમી રહેતું હૃદય આ.

પરાણે શે આવે રુદનમય હૈયે સ્મિત ભલા?
હસ્યાથી એ છૂપું પ્રણયી થકી હૈયું ક્યમ રહે?

કશું કો' દિ' છાનું પ્રિય થકી ન જ્યાં હોય દિલનું,
તહીં પ્રેમી ક્યાંથી જરી પણ શકે વેશ ભજવી?

પ્રિયાના હૈયાનું દરદ સઘળું હું સમજતો,
અને આ હૈયાનું સમજતી પ્રિયા કષ્ટ સઘળું;
નથી છાનું હુંથી નિજ દરદ તે એ સમજતી.
નથી છાનું તેથી દરદ મુજ તે હું સમજતો.

છતાં બોલી તેનો ભરમ નવ ભાગ્યો કદી અરે!
અચમ્બો પામું છું પ્રણયીથી બન્યું એ ક્યમ હશે!
કહે છે લોકો, કે દુઃખકથનથી તો સુખ મળે,
અરે! તો તે શાન્તિ પણ ન કદી કાં મેળવી અમે?

ઉમેરો કૈં થાશે રુદન વતા પ્રેમી હૃદયમાં,
અમે એ ભીતિથી સમજણ છતાં ચૂપ જ રહ્યાં;
અમે સાથે રહેતાં ગુમસુમ કલાકો કંઈ જતા,
પરાણે શોધીને વિષય પછી કૈં વાત કરતાં,

અરે! આવી રીતે દિવસ બહુ લાંબા ગત થયા,
ગયા ન્હોતા ઝાઝા પણ બહુ ગયા એમ દીસતા;
ઉદાસી એ આવ્યા દુઃખી દિવસ વર્ષાઋતુ તણા;
અને ઘેરાયેલું ઘન વતી રહેતું નભ સદા.

મચેલું અન્ધારું અતિ અતિ હતું એક દિવસે,
પડે ધારા તેથી જલમય બન્યું'તું જગત, ને
બહુ પાસે આવી ગડગડ થતી વાદળી ફરે,
અહો! ગોળા મ્હોટા નભ ઉપરથી શું રડી પડે!

તને છાતી સાથે દબવી મમ બેઠી પ્રિય હતી,
અને હું બેઠો'તો મુજ કર મહીં પુસ્તક લઈ;
હતી ઠંડી તેથી સગડી બળતી'તી ગરમ ત્યાં,
અને અંગારાની પ્રસરી હતી લાલી તુજ મુખે.

ઊઠી ઓચિન્તી ત્યાં શયનગૃહમાં એ જતી રહી,
ગઈ તે શાને તે તુરત સમજ્યો હું મન મહીં,
ગયો હું એ ઊઠી શયન પર એ જ્યાં પડી હતી,
અને દીઠી તેને રુદન કરતી ને હિબકતી.

ઉપાડી વ્હાલીને હૃદય સરસી ચાંપી કુમળી,
અને રોવા દીધી સુખમય બની જ્યાં સુધી હતી;
મને તો રોવાનું હૃદય ગળતાં ભાન ન હતું;
છતાં એ રોઈને હૃદય મમ ખાલી થઈ ગયું.

અરે! જેને માટે બહુ દુઃખ સહ્યું તે થઈ ગયું,
થયું ને તે સાથે દુઃખ પણ બધું એ ઊડી ગયું;
પછી ઢોળી પ્રીતિ ગત કુસુમની તું ઉપર, ને
ગયેલાને ભૂલી તુજ પર ધરી આશ સઘળી.

પછી બાપુ અશ્રુ ફરી કદી ભરાયાં ન હૃદયે,
પ્રભુ જાણે કેવાં સુખમય બન્યાં'તાં ફરી અમે;
પછી વર્ષા મ્હાણી તુજ સહ અને એ પ્રિય સહે,
સુખે ચુમ્બી લેતાં ફરી વળી શીખ્યાં'તાં અધરને.

હતા કિન્તુ આવા દિવસ બહુ થોડા તકદીરે,
બહુ થોડા તો ના પણ સુખથી થોડા બહુ દીસે;
પછી લેવાયું એ પ્રિય શરીર ઝીણા જ્વર વડે,
અહો! આજે કાલે હૃદય સમજ્યું કે સુખ થશે.

મનાયું ના હુંથી સુપરત થશે તું મુજ કરે,
અને માતા ત્હારી જગત ત્યજીને સ્વર્ગ વસશે;
મનાયું ના તે તો પણ બની જતાં માનવું પડ્યું,
અને સોંપાયેલું ધન પણ ગયું આજ સઘળું.

ગઈ એ ત્યારે તું, પ્રિય! મરણ શું તે સમજતી,
"નહીં માતા પાછી કદી પણ મળે" એ સમજતી;
અને ત્હારું મ્હોં તો રડીરડી બન્યું લાલ સઘળું,
ન જોવા તે સામે જરી પણ હતી શક્તિ મુજમાં.

થયું મ્હારું તો જે અનુભવી બધા એ સમજશે,
કહું શું? રે યાદી ઉચિત નવ એ લાવવી દિલે!
અરે! એ વેળાથી હૃદય સઘળું આ તુજ થયું,
છતાં માની ખામી કદી પણ અરે ના પૂરી શક્યું.

ન રોતી તું ત્હોયે દિલ તુજ નિસાસાભર હતું,
અરે! એ વેળાથી ગરીબ તુજ મ્હોઢું થઈ ગયું;

હતી તું એ શીખી દુઃખ તુજ છુપાવા ગરીબડી,
છતાં ઊંડા છાના રમત કરતાં શ્વાસ મૂકતી.
નિસાસા લેતાં ને રમત કરતાં તું સૂઈ જતી,
અને ત્યારે ત્હારું રુદન કરતો મુખ નિરખી;
ખરે! બચ્ચાં પાસે રુદન કરવું પાતક ગણી,
અરેરે! ના ધોયું તુજ મુખ કદી મેં રુદનથી.

હવે તો તું વ્હાલી મુજ પ્રિય તણી થાપણ જતાં,
ઘટે ભૂલી જાવો દુઃખમય ઈતિહાસ સઘળો;
કહે છે 'પ્રીતિ' તે જગત પર તો રાગ જ બધો,
ખરી પ્રીતિમાં ના કદી પણ રહે કષ્ટભડકો.

ભણ્યો તુંથી આજે પ્રણય કરવા આ જગતથી,
ત્યજી સ્પર્શી અશ્રુ પિગળીશ દયાના રુદનથી;
અહીં ત્યાં સર્વેમાં અનુભવીશ હું પ્રેમમયતા,
વિના સ્વાર્થે ભાગી બનીશ સહુના હું રુદનમાં,

હવે સુસ્તી છોડી લૂછીશ જગનાં અશ્રુ સઘળાં,
બની અંગારો હું ભળી જઈશ દાવાનલ મહીં;
અરે! ઊંઘ્યો ઝાઝું, પણ થઈ પૂરી છે રજની આ,
નવા સૂર્યે પૂર્યું નવીન અજવાળું હૃદયમાં.

હવે જાણું છું કે પ્રતિ ગતિ તણી છે અસર, ને
બધાં બ્રહ્માંડોને અસર કરનારી પ્રતિ ગતિ;
ગમે તેવી ન્હાની કૃતિ અસર વિના નવ રહે,
ગમે તેવું ન્હાનું જન શુભ બહુ એ કરી શકે.

જરા ફેંક્યે ખૂણે અગર વચમાં કોઈ પથરો,
વહે કૂંડાળું તે ઉદધિ સઘળામાં નકી નકી;
ભલે ના દેખાયે, પણ અસર તેની જરૂર છે,
મહા તેવી રીતે જનકૃતિ તણી એ અસર છે.

નકી માનું છું કે અસર વળી સર્વે અમર છે,
ન એ બ્રહ્માંડોના પ્રલય બનતાં એ કદી ખસે;
રહેશે જે તત્ત્વો અતિ અતિ અતિ સૂક્ષ્મ જગનાં,
રહેશે તેમાં એ અસર સઘળી સૂક્ષ્મ બનીને.

અરે! આવું છે તો રડીશ નહિ હું તો કદી હવે,
હવે ના કમ્પાવું કરચલી પડેલા અધરને;
હવે તો જ્યાં સુધી મમ જીવિતનું તેલ બળશે,
અરે! ત્યાં સુધી હું ઘૂમીશ પ્રીતિદાવાનલ મહીં!

૫-૨-'૯૬

## બેકદરદાની

બેકદરની બેકદર હું કૈં કદર ન કરી શક્યો,
બેકદરના વસ્લમાં હું બેકદર માર્યો ગયો!

કદરદાનીની કદર જે તે કદરદાની ખરી,
બેકદરદાની નકી છે, બેકદરથી ઈશ્ક તો!

જૂઠી લ્યાકતને નમી કુરનિશ હજારો મેં કરી,
તાઝીમ ન માશૂકે લીધી! મોહતાજ હું તે કાં બન્યો!

સુખ ન મહોબતનાં કહ્યાં તે ઝિદ્દ મહબૂબે ગણી,
તકદીર! રે બરબાદ કીધી યારીની એ ગુફ્તગો!

નઝર દિલ મેં આ કર્યું તેને ય બસ રિશ્વત ગણી,
ફરમાન રુખ્સતનું મળ્યું, હું ત્હોય કાં ઊભો રહ્યો!

મુનાસિબ આ દિલ ઉપર તેને હતું થાવું ફિદા!
બરદાસ્ત કૈં એવી થશે ઈતબારમાં હું એ રહ્યો!

આ મુલાયમ દિલ અરે કાતર મૂકીને કાતર્યું,
તેનેય ન્યાપત માનીને આજીજી હું કરતો રહ્યો!

અફસોસ! છે ઝુલ્મી તણા ઈકબાલમાં કૈં રોશની,
નહિ તો અહો! નાહક ફિસાદે હું ફસાઈ કાં પડ્યો!

શયતાન લેવા ઈશ્કની ગેબી બલાનું ક્યાં ચડ્યું?
કૈં ખાતરી કીધા વિના એ આતશે હું ક્યાં પડ્યો?

મોજૂદ છે ગુલ લાખ આ ગુલઝારમાં જ્યાં ખાર ના,
મોજૂદ આ દર ગુલ ઉપર ચોંટી રહી તે માખીઓ!

મ્હારી તલાશે તો મને આ ખાર કાં લાધ્યો ખુદા?
વળી શી રહી ખૂબસૂરતી તેની અણી ઉપર અહો!

મેં કૈં જ શંકા ના કરી યા કંઈ તસલ્લી ના થઈ,
મળી માહિતી મુજને હવે "બાતલ જહાંથી હું થયો"!
મ્હારી સિફારશ ખુદ જિગર મહબૂબનું કરતું હતું,
આહ તેની એ તરફ થઈ સખ્ત એ દિલદાર તો!
મ્હારા જિગરખૂનનો કરીને હોજ તેમાં નાહી તે,
ને તે હમામે હું વળી જાદૂથી ખેંચાઈ પડ્યો!
ત્યાં શું કર્યું? ત્યાં શું થયું? તેનું ન ભાન કશું રહ્યું!
ત્યાંથી શિતાબી નિકળી ગાફિલ હું ગાંડો થયો!
કૌવત ગયું ને મર્ઝ ચોંટ્યો! ગઈ સનમ તો દૂર દૂર!
આ નેક દિલ ફટકી ગયું! તેનો હિમાયતી કોણ કો'?
દે શુક્ર ઓ વાલી ખુદા! ગમખાર બેગાના પરે,
તેને સમાલી લે, બન્યો દરવેશ તે તો ઇશ્કનો!
બેકદરના યારને ના છે સનમ, ના છે ખુદા,
વા ના ઈબારત દર્દનું કૈં તાન ગાવાને અહો!
તો ઠીક છે, તું ઠીક છે, તું પાંખડી ઘેલાઈની,
ઓઢી તને મૂંગો રહી રોતો રહું હું એકલો!
રોવું થયું હાંસિલ છે આ ખૂનને ટીપે ટીપે,
હસતી ભલે એ બેકદર! હું બેકદર રોતો ભલો!

૯-૨-'૯૬

# માફી

દરગુઝર કર એ ખતા તો દરગુઝર કરવી ઘટે!
કર ખૂન ત્હોયે ના ખૂની તું : એ સજા એ ઠીક છે!
આ ખૂન ને આ ઝિંદગી લેતો નથી તુજને હરામ,
લે તો ખુદા નાખુશ નથી ફરિયાદ યા મ્હારી ન છે!
દિલ કુમળું તુંજ કમ્પતાં ત્યાંથી ઝર્યો મીઠો શરાબ,
તે જામ તેં મુજને ધર્યું, "દિલદાર પી લે" બોલીને!
કમ્બખ્ત મેં ઢોળી દઈ, 'જા જા જલાવી દે' કહ્યું,
એ માફ કર એ માફ કર દાનાઈથી હેવાનને!

એ જામના કટકા પરે તુજ ચશ્મથી પાણી પડ્યું,
તે મોતીડાં ચાંપી દઈ ચાલ્યો ગયો હું તો અરે!
લિબાસ લેઈ ફકીરનો તું હું પછાડી આથડી,
ઇતરાઝીની તેના ઉપર ઢોળી બૂરી ગરમી અરે!
ત્હારા નિખાલસ દિલ પરે મેં તો કરી બદી બેશુમાર,
ખૂને જિગર પીવા થયો તૈયાર ખામોખા અરે!
ત્યાં એ ખડી થઈ બન્દગી તુજ આંખમાં આંસુ ભર્યાં,
એ જોશના એ ઝોરથી બૂરકો ગયો ભીંજાઇ એ!
આ સખ્ત સીનાનો જતાં કિલ્લો તૂટી પણ આખરે,
ત્હારા તુફેલે હૂર અય! નસીહત મળી આજે મને!
રે! લફ્ઝ કહેવા ઇશ્કની મ્હારી ન છે કૈં એ મજાલ,
'આ ઘાતકી દિલ રાખ તું,' એ બોલવા હિમ્મત ન છે!
ઈશ્કના ચોગાનમાં ઝાલિમ નકી પ્હેલો ન હું,
જે છે વફા તેને જફા એ તો ખુદાઈ દોર છે!
ગુલ વીંધીને ગેંદો કરે એ ઝુલ્મ ઝાહિર છે અહીં,
ગુલ ચશ્મથી ના ચાંપવાની એબ આદમ જાતને!
પણ આ જહાંમાં માફી તો નૂર અલ્લાહનું નકી,
હા! બેહયાઈ ઈશ્કદારીમાં ભળીને જ્યાં પળે!
તો માફ કર! દિલદાર થા! ગઈ ગુઝરી તું ભૂલી જા!
આ બેવફા બન્દો હવે ઉગારી લે ઉગારી લે!

૨૦-૨-'૯૬

## એક સ્વપ્ન

અહો! કેવું મીઠું મમ જીવિતવ્હેળું વહી જતું!
અરે! તેમાં કેવું વિષ ભળી ગયું ક્યાંથી કડવું!
અહા! એ રાત્રિથી સમજણ પડી આ જગતની,
અને એ ગાફેલી મધુર સઘળી એ ઊડી ગઈ!
હતો મ્હારી નિદ્રા ઉપર શીતળો ચન્દ્ર દ્રવતો,
હતો વાયુ ઠંડો ફરફર કરીને સરકતો;

હતો વ્હાલો ન્હાનો મમ ઉર પરે હસ્ત પ્રિયનો,
હતો ક્યાં એ ના ના હૃદય પર છાંટો દુઃખ તણો.
અમે ઊંઘ્યાં ત્યારે સ્મિતભર હતાં મ્હોં મલકતાં;
હતી ચિન્તા ના ના જરી પણ કશાની મગજમાં;
અરે! તેમાં ક્યાંથી દુઃખમય થયું સ્વપ્ન મુજને?
નથી એ ભૂલાતું : હજુ પણ પીડે છે જિગરને!

* * *

અહાહા! મેં દીઠાં વન, વળી વને કૈંક ઝરણાં,
ઝરાની ગુફામાં ખળખળ થતા ધોધ પડતા;
શિકારે ઊડન્તાં ઘુવડ રજનીમાં ઘૂઘવતાં,
પતંગો વૃક્ષોમાં ઊડી ઊડી મશાલો પ્રકટતાં!

તહીં સર્પાકારે વહી જતી હતી એક સરિતા,
તરંગો વિલાસી કૂદી કૂદી રમન્તા વહી જતા;
પડી કો' પોલાણે ધ્વનિ કરતી શેવાલ પર તે–
અહો વૃદ્ધાવસ્થા અતિ દુઃખભરેલી જ્યમ રડે!

શિલાઓમાં ક્યારે રમત અથવા નૃત્ય કરતી,
હજારો શેડો ત્યાં શશીમય બનીને ઊછળતી,
અને તાળી દેતી દ્રુમકર રૂડાં પર્ણ પર તે–
મીઠી બાલ્યાવસ્થા હસતી નિજ માર્ગે જ્યમ વહે.

સપાટી સીધીમાં વહતી પછી ધીમે મદભરી,
બધાં ગુલ્મોને ને કુમળી કળીઓને દિલ ધરી;
બધી એ છાયામાં પ્રણયરસ મીઠો ટપકતો,
યુવા જેવા તેના વહનમય પોતે થઈ જતો.

પ્રિયાની વાણી શું ઝરણધ્વનિમાં કાંઈ સુણતાં,
દ્રવી મ્હારો આત્મા ચૂપ થઈ રહ્યો શાન્ત સ્થિર ત્યાં;
ડર્યો મ્હારો આત્મા રુદન કરતી સાંભળી પ્રિયા,
અને ચોકખા આવા મમ શ્રવણમાં અક્ષર પડ્યા :–

"ઝરા! રે વ્હેનારા! ગહન તુજ છે ગૂઢ વહવું,
"ક્યા માર્ગે ત્હારું વિમલ જલ વ્હે છે ખળકતું?

"રહી ચોકખી તુંમાં મમ જીવિતની છે પ્રતિકૃતિ,
"અરે! ચિતારાએ કયી કલમથી કેમ ચિતરી?

"મહા અન્ધારી આ તુજ સલિલની શાન્ત ચૂપકી?
"મને આંજી દે તે તુજ વીચિ તણી દિવ્ય ઝળકી;
"ફુવારા, ને ધોધો, વમળ, વળી વાંકી તુજ ગતિ,
"બધાં એ ત્હારાંની મમ હૃદય એ એક જ છબી?

"ભરાયું આ મીઠું તુજ જલ કઈ વાદળી વતી?
"તને ચૂસી ઘૂમે નભ ઉપર તે વાદળી કઈ?
"ભરાયું ક્યાંથી ને મુજ હૃદય ક્યાં ખાલી બનશે?
"અરે! તેનો પત્તો નભ વિણ ન બીજો દઈ શકે.

"હવે મ્હારું હૈયું તુજ ફૂલ પરે શાન્ત બનશે,
"હવે શ્વાસોની એ જરી નવ રહેશે ગતિ મને,
"ખરેલી વ્હાલાંથી જરદ તુજ હું પત્ર સરખી,
"અરે! હું તો કોઈ પવનલહરી છું ભટકતી!"

"હું ત્હારો મકરન્દ છું, અનિલની તું લ્હેર મીઠી ભલે,
"તું જો પર્ણ ખરે, અરે! હૃદય આ ઠૂંઠું બની તો બળે;
'હૈયું તું સરિતા તણું ભરી અને પીનાર હું મેઘ છું,
"તારા દિલની છાપ જ્યાં ભરી રહે આકાશ તે હું જ છું!"

કહેવા બોલ આ કિન્તુ શક્તિ ના જરી યે હતી;
ના જાણ્યું મેં થયું શું કે અક્ષરે ના વદી શક્યો.

છેલ્લા શ્વાસો કર દિલ પરે મૂકીને લેતી'તી એ,
ન્હાનું ન્હાનું દૂબળું દૂબળું અંગ તેનું હતું એ;
શૈયા તેની ફૂલ પર હતી, શાન્ત મૂર્તિ હતી એ,
કોઈ તેનું જગત પર ના એમ રે ધારતી એ.

નિરાશા આશાની સૂઈ ગઈ હતી પીડ દિલમાં,
ન શાન્તિમાં તેને દુઃખ ભય રહ્યાં ધ્વંસ કરવા;
કમી એ અંગોથી જરી જરી હતું ચેતન થતું,
જહીં સુધી છેલ્લે મધુર વદને હાસ્ય ચમક્યું!

જેનું શૃંગ હતું પીળું લટકતું ઝાંખું દૂરે પશ્ચિમે,
જેની સાથ રહ્યો હતો કિરણમાં અન્ધાર ગૂંથાઈને;

તે મીઠા શશી ઉપરે નયન એ છેલ્લાં વિરામ્યાં હતાં,
ને તેની સહ ગોષ્ટી કૈં પ્રણયની મીઠી મચાવી રહ્યાં.

ભરાયું એ જ્યારે ગિરિખડકમાં શૃંગ શશીનું,
ફરન્તું'તું ત્યારે શિથિલ ગતિએ રક્ત પ્રિયનું;
પછી નીચે નીચે ઊતરી પડતો એ શશી હતો,
હતો ઊંડો ઊંડો પ્રિય ઉદરમાં શ્વાસ ફરતો.

શશીના છેડાનાં જરીક જ હતાં બિન્દુ દીસતાં,
રહ્યા એ નાડીમાં પ્રિય જીવનના બે જ ધડકા;
પછી અન્ધારામાં કુદરત બધી આંધળી બની,
અને અન્ધારામાં પ્રિયરહિત હું યે થઈ રહ્યો.

પડ્યો જાણે હું તો દરદમય આખો સળગતો,
પડ્યો હું મૂર્છામાં નવીન કંઈ ભૂતો નિરખતો;
વળી એ સ્વપ્નામાં દુઃખમય ઊગ્યો સૂર્ય બળતો,
ઊઠી તેની હૂંફે "પ્રિય! પ્રિય!" કહી સાદ કરતો.

ઓચિન્તો હું ચમકી ઊઠતાં પાસથી હંસ કોઈ
ઊડી ચાલ્યો ફડ ફડ કરી શ્વેત પીંછાં પસારી;
મ્હારી દૃષ્ટિ ઊડતી ગતિની સાથ ચાલી ઊડન્તી,
ને હૈયું એ સળગી ઊઠતાં નીકળી ઝાળ આવી :–

"ઊડી ઝટ જજે ત્હારી હંસી પછી તુજને મળે,
"હૃદય રસીલું એ હું ધારું તને નકી નોતરે;
"ચપલ નયનો તેનાં તુંને તહીં અભિનન્દશે,
"ધવલ વળી એ ગ્રીવા બાઝી રહે તુજ કંઠને.

"ભટકીશ અહીં! તું ઊડી જા! નથી મુજ હંસલી!
"ભટકીશ અહીં ખાલી ભૂરી ભમે જ્યમ વાદળી!
"અનિલલહરી ઊડી જાતાં પરાગ ચડ્યો ધૂળે,
"હૃદયરસ આ મ્હારો તેવો મળ્યો રજમાં હવે!

'મુજ તરસને છીપાવાની ગઈ સરિતા સૂકી,
"ભટકી ભટકી પ્યાસો પ્યાસો જવું તરસે મરી;
'મમ હૃદયનાં નીલાં પર્ણો જતાં સઘળાં ખરી,
'મરણઝરણું ખેંચી જાશે રડીશ તહીં સુધી."

* * *

મૂંઝાઈ આ જતાં હૈયું, હું જાગી ચમકી ઊઠ્યો;
ધડકતું હતું લોહી, વેદના દિલમાં હતી.
પછી ઊઠી જોયું વદન પ્રિયનું ચન્દ્ર સરખું,
અને ગાલે ઓષ્ઠે ફરી ફરી સુખે ચુમ્બન કર્યું;
છતાં એ પીડા તો કદી નવ ખસી આ જિગરથી,
ખરે! એ ગાફેલી મધુર સઘળી એ ઊડી ગઈ!
હરિ! હરિ! અરે! અન્તે શું છે? ન સૂઝ કશી પડે!
મરણ નકી છે! રે! પ્હેલું કો' અને પછી કોણ છે?
પ્રથમ કદી હું, વ્હાલીનું તો થશે પછી શું પ્રભુ?
પ્રથમ કદી એ, રે! તો મ્હારું થશે પછી શું પ્રભુ?

૩-૩-'૯૬

# પ્રેમની ઓટ

તુજ પ્રેમ તણી થઈ ઓટ, સખે!
મમ પ્રેમની આ ભરતી ઊપડે!
વીચિઓ દિલની મમ ક્યાં ઠરશે?
ઘૂઘવાટ હવે જઈ ક્યાં સમશે?
હતી હોંશ મળું ભરી બાથ, સખે!
મમ ખાલી પડ્યા પણ હાથ, સખે!
થઈ દૂર, સખે!
થઈ ક્રૂર, સખે!
વિષ ઘોળી મને ક્યમ આપ? સખે!
વ્યવહારી બન્યો પ્રણયી ટળીને!
વ્યવહાર શિખાવ મને ન, સખે!
તુજ પ્રૌઢ થયું દિલ, બાલક હું;
બન પ્રેમી ફરી બની બાલ, સખે!
"તુજ લાયક હું ન" કહીશ નહીં,
તુજ એ વદવું નહિ પ્રેમ, સખે!
"નથી પ્રેમ ઘટ્યો" કહી કેમ શકે?
ક્યમ કારણ હુંથી મનાય? સખે?
તુજ કારણ લાખ મને ન રુચે!
નહિ કારણ પ્રેમ કદી સમજે!

ફરી નેત્ર ગયું!
ફરી દિલ ગયું!
તુજ કાગળમાં મુજ નામ ફર્યું!
હજુ 'પ્રેમ ફર્યો ન" કહે તું, સખે!
હજુ સાબિત શું કરવું'તું? સખે!
તુજ પ્રેમની ઓટ થઈ જ, સખે!

૮-૩-'૯૬

## ક્ષમા

દુઃખ તુંથી ન થાય મને કદી એ!
કદી દે દુઃખ તો સુખી તે જ દુઃખે!
પછી માફ કરું, તુજને શું? સખે!
વિણ બીજ તરુ ઊપજે કદી એ?

જગમાં કદી માફી મળે ન, સખે!
મળી માફી ભલે સહુ લોક કહે!

દિલ દાગ પડ્યો "ન પડ્યો" ન બને
પછી 'માફ કરે' જગ ક્યાંથી? સખે!

વિસરી ન જવાય બનેલ બિના!
પછી 'માફ થયું' ક્યમ થાય? સખે!

તૂટી દોર ગયો!
પછી એક થયો!

કહિં એમ બનેલ, સખે! કદી છે?

પડી ગાંઠ ભલે!
પડી સાંધ ભલે!

પણ દોર તૂટેલ તૂટેલ રહે!
બનશે નહિ તે બનશે ન, સખે!
પણ માગ ક્ષમા મુજ ના કદી તું!
નથી કાંઈ તૂટ્યું પછી સાંધીશ શું?
વિણ દર્દ દવા કરવી ન ઘટે,
વિણ દર્દ દવા કડવું વિષ છે.

જન માફી ભલે પ્રભુતા ગણતાં!
પણ એ જ ક્ષમા મુજ છે દુઃખડાં!

ક્યમ દોર વણી જન તોડી શકે?
ક્યમ અર્પી દીધેલ લઈ જ શકે?
વળી દે! વળી લે! ફરી દે! ફરી લે!
સહુ એ જ બૂરાઈ કૂડાઈ, સખે!

મધુરી નદીઓ દરિયે મળતી,
મધુરી મટીને કડવી બનતી!
પણ ના દુઃખ કૈં દિલમાં ધરતી!
નવ પાછી ફરે! નવ માફ કરે!

સુખ પ્રેમી દિયે!
દુઃખ પ્રેમી દિયે!

પણ લાગણી એક જ એક રહે!
નવ માફીની કૈં જ જરૂર રહે!
ખરી એ જ પ્રીતિ! ખરી એ જ ક્ષમા!
પછી માફ કરું તુજને શું? સખે!
નથી માફ કર્યે ખરી માફી, સખે!

ખરી પ્રીતિ, સખે!
ખરી માફી, સખે!

દ્વય આ દિલમાં નકી એક રૂપે!
પછી માફ કરું તુજને શું? સખે!
કરી માફ ધરું પ્રીતિ કેમ સખે!

૧૫-૩-'૯૬

* * *

## હૃદયત્રિપુટી

"રમતી'તી અહો! વિશ્વબાગમાં!
"શીતલ છાંયડો ત્યાં મને હતો!
"નવ હતું કશું ભાન તાપનું!
"નવ હતી મને લૂ કદી અડી!

"પણ પ્રભુ! પ્રભુ! કેમ શી રીતે?
"ઝપટ એકમાં અગ્નિમાં ધરી!
"નવ બળું હજુ! ખાક ના ઊડે!
"હૃદય પીગળી ના વહે અરે!"

ઝીણા આવા રુદનસ્વર આ કુંજ માંહીથી આવે,
નીલાં તેની ઉપર તરુઓ શીશ નીચાં નમાવે!
ના છે રાત્રિ દિવસ નથી વા સૂર્ય વા ચન્દ્રમા ના,
કિન્તુ તેના ઝળઝળ થતા તેજમાં વિશ્વ ન્હાતું.

કૂંળી સંધ્યા છ વરસની એ બાપડી કન્યકાના,
ગાલે ઓઠે શરીર ઉપરે ફેરવે હસ્ત સ્નેહે!
મીચેલાં એ નયનકમલો સારતાં અશ્રુબિન્દુ,
સંધ્યાનું એ હૃદય ગળતાં તારલાઅશ્રુ આવ્યાં!

સંધ્યાથી એ કુમળી વધુ ત્યાં આવી પહોંચી તમિસ્રા,
હેતે લાવી ઉર પર ધરી શીતળો હિમરશ્મિ;
એ બાલાનાં નિજ કર વતી ચન્દ્રમા અશ્રુ લૂછે,
કિન્તુ તે એ પિગળી ગરતાં ગાલથી પાદ પાસે!

કુદરત વહે તેનું ભાન ના દુઃખી દિલને,
દુઃખીના દુઃખમાં કિન્તુ ડૂબે તારા, શશી, રવિ!
જહીં ઘેરાયેલું દુઃખમય તિમિરે જિગર છે,
તહીં પેસી કો' દિ' જરી પણ શકે ના કિરણ કો'!

અહો! એ અન્ધારું પ્રલય થકી એ કૈં વધુ ખરે,
વીતેલી તે જાણે, બિનઅનુભવી ના સમજશે.
જુદાં જુદાં શ્રવણનયનો કાર્ય કીધા કરે છે,
કિન્તુ ખેંચી મન લઈ શકે સર્વને એક સ્થાને;

જુદા જુદા બુદબુદ તરે કોઈ કાસાર માંહી,
તેને જેવો લઈ જઈ શકે એક કાંઠે અનિલ.

* * *

આવે ગાયનના સ્વરો પિગળતા ચન્દા મહીં દૂરથી,
આવે કો' સખીમંડલી રમતી ને ગાતી ભર્યા હર્ષથી;
તેમાં ચમ્પકની બીડેલ કલી શી નામે રમા એકલી,
સૌ વચ્ચે અગિયાર વર્ષની હતી કન્યા ધીમે ચાલતી.

તેના મ્હોં પર ને નસેનસ મહીં ઉચ્ચાર ને ચાલમાં,
ક્ષત્રીઓ તણું ઉગ્ર દિવ્ય ઝળકી લોહી વહેતું હતું;
ઊંચે અષ્ટમીનો હતો જ્યમ શશી ફિક્કા કરી તારલા,
તેવું ભવ્ય લલાટ ભૂષણ બધાં ફિક્કા કરી નાખતું.

કર્યા એ ઉત્સાહી કર જરી હતા દીર્ઘ ગ્રહવા,
સુગન્ધી પુષ્પોને રમત કરતાં શાન્ત થઈને;
હતી જોતી ઊભી કુસુમકલીઓ હેત ધરીને,
દયાથી ના કિન્તુ ચૂંટી લઈ શકી કોઈ કલીને.

"રુદન તો હવે લોહીમાં મળ્યું!
"રુદનનો મને ઘા નહીં કશો!
"રડી મરું અહીં સાંભળે ન કો'!
"ન મુજ મૃત્યુથી કોઈને કશું!"

રમાના કર્ણોમાં સ્વર પડી ગયા ઊતરી દિલે,
વલોવાયું તેનું હૃદય કુમળું એ રુદનથી;
ગઈ એ તો ચાલી અનુસરી સ્વરો એ રુદનના,
અને પ્હોંચી ત્યારે દુઃખદ ફરી આ ગાન સુણતીઃ-

"વિટપ ને તરુ મૂલથી ગયાં!
"ક્યમ કલી હજુ ના સૂકી મરે?
"કુદરતી ફર્યો આજ કાયદો,
"મુજ પતિતના કષ્ટકારણે!"

"કુદરતી ફર્યો આજ કાયદો,
"તુજ પવિત્રના પ્રેમકારણે!
"લઈ ગયો છતાં તું સૂકી નહીં,
"વિટપ વૃક્ષ તો આપશે નવાં!"

આપ્યો આ વૃક્ષ આડેથી રમાએ સ્નેહઉત્તર,
બાલકી એ ઊઠી જાગી જુવે તો રાત્રિ છે પડી.

રમા દોડી ચાંપે રુદન કરતીને નિજ ઉરે,
વહ્યું પાણી પાણી હૃદય થઈને એ દુઃખી પરે;
મળ્યાં બન્ને હૈયાં જલ જલ સહે જેમ મળતું,
વહ્યાં અશ્રુ ચારે નયનકમલેથી બહુ બહુ.

દયા છે ઈશ્વરી માયા, આ સંસાર કટુ મહીં,
દયામાં બ્રહ્મપ્રીતિનું કાંઈ ભાન જનો કરે.
"આ સંસાર અગાધના ચળકતા તું છે કિનારે હજુ,
"ત્યાં શું મૃત્યુથી ક્રૂર પાંખ સુણી તે વ્હાલું ઉપાડી જતી?
"ઈચ્છે તું તુંજ તે બનું, સખી બનું, માતા, ભગિની બનું,
"રોવું ના! પણ કોઈ જો દિલ મળે તો ત્યાં વિરામી જવું."

હૃદયરસ દ્રવેલો બાલકી પી રમાનો,
હિબકી હિબકી રોતી, રોઈ હૈયું ઠલાવ્યું;
રુદન મધુર લાગે કોઈ જો પ્રેમી લાધે,
રુદન જરૂર આંહીં પૃથ્વીમાં સ્વર્ગઅંશ.

અશ્રુ લૂછી રમા બોલી, "ત્હારું નામ કહે સખિ!"
"શોભના", બાલિકા બોલી પાછી ચૂપ થઈ રહી.
"બાપુ! બોલ હવે! નહીં દુઃખ વતી આવું પીડાવું ઘટે,
"બાપુ! બોલ હવે અને જલદી તું વૃત્તાન્ત ત્હારું કહે."
કમ્પી ગાત્ર ગયાં અને હૃદયના તારો ઝણેણ્યા, છતાં
લૂછી અશ્રુ ગરીબ ગાલ પરથી બોલી ધીમે શોભનાઃ–
"ડર હતો દિલે, મેં સુણ્યું હતું, મરણને છતાં જાણતી નહીં!
"રુદન મેં દીઠું, દેખી બ્હીતી'તી! રુદન મેં કદી ના કર્યું હતું!
"પૂછતી માતને, 'મૃત્યુ શું? કહો!' રડી રહેતી એ! ના કહ્યું કદી!
"ક્યમ રડે? કહો!" બોલતી નહીં! રુદન મૃત્યુ હું જાણતી નહીં!
"કરતી કાં રડ્યા જોઈ મા મને, સમજું હું હવે, ના સુણ્યું કદી!
"મમ પિતા ગયા ગામ જ્યારથી રડતી મા સદા જોઈ મુજને!"
"રડતી મા સદા", બોલતાં રડી, ગરીબ શોભના બોલતી વળીઃ-
" 'તુજ પિતા ગયા ગામ છે,' કહ્યું! ક્યમ જૂઠું ગણું વેણ માતનું?
"પણ કદી ફર્યા ગામથી નહીં, નયનમાં રહ્યું અશ્રુ માતને!
"રમત તો મને ભાવતી નહીં! રમતી રે! છતાં સાથ મ્હારી તે?
"ઉધરસે પછી મા ગઈ ગળી, ગઈ ગળી અને ના ફરી વળી!
"રુદન માતાનું દૃષ્ટિ આગળે, કદી કદી અરે! ના ભૂલાય એ!

'મુજ સહે રહી વૃદ્ધ ડોશી કો', મુજ પડોશમાં એ રહેતી'તી;
'પછી ગઈ કહીં મા ન જાણું હું! નવ પછી દીઠી મા અરે! અરે!
'પૂછતી હું, 'કહીં મા ગઈ? કહો!' 'તુજ પિતા ગયા એ જ ગામમાં!'
"રડતી ડોશી ને રોતી હું વળી! દિવસ એમ કૈં દુઃખના વહ્યા!
'દિવસ એક એ ડોશીમા હતાં! સૂઈ જતાં મને ચુમ્બીને કહ્યું:–
" 'તુજ પિતા મર્યા! મા મરી અરે! મરી જ જાઉં છું આજ હુંય જો!
"કદી નહિ અમે આવશું અહીં! તુજ હવે નથી કોઈ વિશ્વમાં!'
"રડી રડી અરે! હું પડી ગઈ, ઊઠી અને હતું કોઈ પાસ ના!
"રડી મરું અને કોઈ ના રડે! કહી શકું નહીં શું થયું પછી!"
જલ વહે વહે ચાર નેત્રથી, દુઃખી વધુ હશે કોણ બે મહીં?

થાય છે પ્રેમ હૈયામાં ભક્તિથી, રસઐક્યથી;
દયાની પ્રેમઉત્પત્તિ તે જુદી જ નકી નકી.

સખી પાસે બન્ને શિથિલ પગલે પ્હોંચી ગઈ ત્યાં,
રમાને બોલાવે "સખિ! સખિ!" કહીને રમતી સૌ;
રમાને જોઈને સખી જરી વદી એક હસીને,
"અકેલી તું તો રહે સગપણ થયું જ્યારથી, સખિ!"

રમાએ શોભનાને ત્યાં ઓળખાવી અને રડી;
સખીઓ ચૂપ ઊભી ત્યાં દયાથી પિગળી બધી.
એવામાં તરુઓ મહીં ઊડી ઊડી કૈં આગિયા આવતા,
પાંખોના ચળકાટ અક્ષર લખે જાણે સુનેરી રૂડા;
તેઓને નિજ હાથમાં પકડવા દોડે સખી સૌ તહીં,
જોઈ સ્નિગ્ધદયાર્દ્ર વ્હાલથી ધીમે ન્હાની કહે શોભનાઃ-

"અડકશો નહીં ઝાલશો નહીં!
"સુખથી જે ફરે તે ભલે ફરે!

"ન સપડાવશો! એ ડરે નકી!
"ફીટી પડે અરે! હર્ષ તે તણો!

"ચળકતી અને દૂરથી રૂડી
"રજ ખરી જશે જો અડો તમે!

"અડકશો નહીં! ઓ સખિ! સખિ!
"સુખથી એ ફરે તો ભલે ફરે!"

છોડી ખેલ દઈ તુર્ત સ્નેહે કો' રાખી બોલતીઃ-
"દુઃખી જે હોય તે જાણે પારકાંનાં દુઃખો નકી."

નિજ ગૃહ જલદીથી ચાલી પ્હોંચી ગઈ સૌ,
ગરીબ ગઈ ગૃહે એ શોભના તો રમાને;
નિજ દુઃખ વતી તેણે સર્વને દુઃખી દીઠાં,
ભળી ગઈ સહુ સાથે દિન થોડા મહીં સ્નેહ.

ગયાં બે ચક્ર વર્ષોનાં ફરી તે રાત્રિ ઉપરે;
શોભના બાપડી કાંઈ શીખી'તી હસતાં હવે.

* * *

સૂતાં છે સહુ શાન્તિમાં, રજની તો થોડી વહી છે ગઈ,
મીઠી વાયુની મન્દ લ્હેર વહતી નિદ્રાની પાંખો સમી;
નિઃશ્વાસો મૂકતી અને દુઃખી દિલે સ્ત્રી કો' રમાને ગૃહે,
રૂમ્ ઝૂમ્ જે વરસે અને ટમટમે તે મેઘ જોતી ફરે.
તેનું ભવ્ય લલાટ વીજળી સમું અન્ધારમાં દીસતું,
તેમાં રેખ પડી રહી હૃદયના ઔદાર્ય ને શૌર્યની;
કાળાં વસ્ત્ર મહીં રહેલ મુખ એ લાંબા ઈતિહાસની,
વાતો કૈંક પરે વિચાર કરતું, છે શાન્ત ત્હોયે હજી.

પણ હૃદય પીડે તે કાંઈ છે દર્દ તાજું,
અગર કંઈ થવાનો આજ કે કાલમાં ઘા;
ડસડસી દિલ તેનું અશ્રુને થોભી રાખી,
"જઈશ! પ્રિય! અરેરે! કાલ તું" એમ બોલે

"પરણીને જશે કાલે રમા ઘેર પતિ તણે!
"જશે કેમ દિનો મ્હારા?" બોલી માતા રમા તણી.

સૂતી હતી નહીં, જાગતી હતી,
ગરીબ બેય એ-શોભના, રમા;
રડી રડી હતી શાન્તિ મેળવી,
પણ દિલો થયાં ખોખરાં હતાં.

"ક્યમ થશે? સખિ! કેમ કાઢશું
"દિવસ આપણા મા વિના અરે?
"ક્યમ થશે તને? શું થશે મને?
"સમજ ના પડે! દિલ આ બળે!

"રુદન આ દીસે જિંદગી તણું!
"રુદનમાં ડૂબી ઝિંદગી દીસે!
"રુદન જન્મીને મેં સદા કર્યું!
"રુદન આપશે શું તને પ્રભુ!
"હસીશ તું સખિ! હું પરે સદા,
"રુદન તો કરું હું ભલે સદા!"
કહી રડી પડી શોભના, અને
સુણી રડી પડી બાપડી રમા!

માતા તે સાંભળી વાતો આવી ત્યાં ઓરડા મહીં;
ને બોલે કંઠ ભારેથી અશ્રુ લૂછી રમા તણાં :–

"કહું શું હું? બાપુ! ઊઘડી મમ હૈયું નવ શકે!
"જશે તું તો કાલે! સુખી બહુ તને ઈશ્વર કરે!
"હજુ ન્હાની તું છે! સમજણ વિનાનું દિલ હજુ!
"તરી જાવું ઊંડું જગતઉદધિનું જલ રહ્યું.
"સખી આવે સાથે, દિલ ન કદી તેનું દૂભવજે,
"મરી જાશે એ તો નઝર તુજ જો કૈં જ ફરશે!
"હવે સોંપું છું આ ગરીબ કર તેના તુજ કરે,
"ગણી તેને ત્હારી સુખદુઃખ તણી સાથી કરજેં."

કહેવાનું વધુ તે તો અશ્રુપૂર વતી કહ્યું;
ઉત્તરે નેત્ર ભીનાંએ અશ્રુપૂર વતી દીધું.

ઓહો! વિયોગ દિલને કરી ના શકે શું?
પંઝા મહીં વિરહના પડતું નહીં શું?
તેનાં બીમાર રડતાં જગમાં દિલો કૈં!
તેનાં બીમાર જગમાં મરતાં દિલો કૈં!

શોભનાને લઈ સાથે પિયુઘેર ગઈ રમા,
છ વર્ષો ત્યાં ગયાં ચાલ્યાં, હૈયાં એ ખીલતાં હતાં.

* * *

ઉપવન મહીં ખીલ્યાં પુષ્પો, ખીલી કલીએ કલી,
શીકર શીતળા વાયુ સાથે ઊડે જલયંત્રથી;

રવિ હજુ ઊગે તાજો તે એ હસે સહુ સૃષ્ટિથી,
રવિકર મહીં તાજાં થાવા ઊડે લઘુ પક્ષી કૈં.
આંહીં કોઈ યુવાન ભવ્ય દીસતો બેઠો મહા શાન્તિમાં,
તેનાં સ્વેદથી અંગ કૈં કસરતે ભીનાં થયેલાં હતાં;
મ્હોટું પુસ્તક કોઈ તે કર કને નીચે પડેલું હતું,
ચોંટી દૃષ્ટિ રહી હતી જલ તણાં ફોરાં ઊડે તે પરે.

હતું તેનું હૈયું કમલ સરખું કોમલ, અને
હતો તેમાં દૈવી પ્રણયરસ મીઠો ટપકતો;
હતું તેને મ્હોંએ મધુર સ્મિત કાંઈ ચળકતું,
દીસે તેનાં ગાત્રો પુલકિત થતાં હર્ષમય સૌ.

દીસે તેવું કિન્તુ હૃદય ન હતું પૂર્ણ સુખિયું,
વિચારો ઊંડામાં ગરક થઈ તે તો વહતું'તું;
દુઃખી કે સુખી તે કહી નવ શકે અન્ય નયનો,
દુઃખી કે સુખી તે સમજી નવ પોતે પણ શકે!

રમાના પ્રેમનો સ્તમ્ભ આ પિયુ પતિ કે પ્રભુ,
રમાના પ્રેમના તારો કમ્પાવી કમ્પનાર આ.

વદે ઘેરા સાદે, મધુર ધ્વનિ એ સ્નિગ્ધ પ્રણયી,
છતાં તેમાં ઊંડે મધુર દુઃખ ભાર્યું કંઈ હતું :-
"ફુવારા તું વ્હાલા! વહીશ વહતો તેમ જ સદા,
"વહેવું ત્હારું આ મધુર ગતિનું એમ જ કહે!

"અહો! વ્હેવું! મધુર ગતિએ વહી જવું!
"ઝરા વ્હેતા તેવું રુદન કરતાં એ વહી જવું!
"વહે છે તો ક્યાંથી વહીશ વહતો તેમ જ સદા?
"વહેનારાં સર્વે નકી નકી 'ન વ્હેતાં' બની જતાં!

"વહેશે તું ત્હોયે ગતિ તુજ જશે કાલ પલટી!
"સદા હું તો ઈચ્છું ગતિ તુજ રહેજો નભ ભણી!
"વહું છું, વ્હેતું'તું, વહીશ ત્યમ હું જ્યાં સુધી વહું,
"અરે! વ્હેનારું કો' કદી પણ ન આવું કહી શક્યું.

"ગયેલી વેળાથી ચિતરી મમ ભાવિ નવ શકું!
"છતાં એ વિચારી મમ હૃદય બાળી ક્યમ શકું?

"રમાનું હૈયું એ વચન નવ આપી કંઈ શકે,
"અને ના ના એ કૈં દરદ મમ જાણી કદી શકે!
"સુખી એ છે એ તો મમ હૃદયનું છે સુખ નકી,
"કરી તેને ભાગી સુખી દિલ શકું ના કદી દુઃખી!
"પ્રિયની વ્હાલી એ પણ મૃદુ સખી આ સમજતી!
"દુઃખી એ હૈયું તો મમ હૃદયની છે પ્રતિકૃતિ.

"કૃપા છે, માયા છે, છલકતી દયા છે જિગરની,
"રમા તેને ચાહે, પણ દરદ જાણી નવ શકી!
"મને ચાહે, પૂજે, પણ દિલ ન ખુલ્લું કરી શકે!
"રમા મ્હારી ત્હોયે દરદ મમ જાણી નવ શકે!

"છ વર્ષોથી મ્હારું હૃદયઝરણું આમ વહતું!
"છ વર્ષોથી તેનું ગરીબ દિલડું આમ જ વહે!
"રમાને હું યાચું! મમ હૃદય યાચે ગરીબ એ!
"રમાને તો વ્હાલાં હૃદયદ્વય છે એક સરખાં!

"જિગર જળી જતાં એ અંકુરો ખાક થાશે!
"રડી રડી કરમાશે શોભના બાપડી રે!
"ગરીબ દિલ ઊકેલે કોઈ એવું મળે જો,
"હૃદય મમ ઠરે રે! દાઝતું કાંઈ આ તો"

હાથમાં હાથ દેઈને આવે છે શોભના, રમા!
દીસે યુવાન પી જાતો બન્નેના ઉરનો રસ.

આવે કુરંગ વળી કો' કૂદતું બીધેલું,
આવી યુવાન પગમાં પડી એ ગયું ત્યાં;
નેત્રો હતાં ચપલ બીક વતી થયેલાં,
ને શ્વાસથી હૃદય એ ધડકી રહ્યું'તું.

બોલી લેશ હસી રમા, "પ્રિય અહો! આ છે દુઃખી કાં હજુ?
"આવ્યું છે તુજ એ હવે શરણમાં! પંપાળ તેને જરા!
"પાળેલું મુજ એ ગરીબ મૃગલું! તે આશરે જો પડ્યું!
"માગે જો કદી છાંય કો' જિગરથી તો આપવી તે ઘટે."

"શરણ મમ થયું તે પૂર્ણ આનન્દમાં હો!
"શરણ મમ પડેલાં કોઈ દિ' ના દુઃખી હો!

"પણ શરણ પડેલાં સર્વ ના છે સુખી હા!
"હૃદય મમ બળે છે માત્ર તેથી જ વ્હાલી!"

મૂકી નિઃશ્વાસ બોલ્યો એ રમાનો કર ચાંપીને,
બગાસું ખાઈને બોલે ધીમેથી મૃદુ શોભનાઃ—

"હૃદયની દયા એ જ છે બધું,
"બની શકે નહીં કૈં જ જો વધુ;
"શરણ આપવું એટલે, સખિ!
"હૃદય આપવું એ જ છે નકી.

"હૃદયની મળે કાંઈ જો દયા,
'શરણ જે પડ્યું તે દુઃખી ન તો;
"સુખી દુઃખી કરી વિશ્વમાં શકે,
"હૃદય એકલું! ના બીજું કશું!

"હૃદય જો મળ્યું તો બધું મળ્યું!
"હૃદય જો નહીં તો નહીં કશું!
"શરણ તેં દીધું, ભાઈ! છે નકી
"હરિણીને, જુવો એ કૂદી રમે."

"ના ના એમ બને નહીં! હૃદયમાં શું સર્વ આવી રહ્યું?
"ક્ષત્રીનું નવ લોહી ભૂમિ કદી એ પીવા શકી હોત તો!
"જેને દિલ દીધેલ તે દુઃખી થતું પ્રેમી ન જોઈ શકે,
"ના જો એમ પછી સખિ! શરણ તો આપ્યું કહું હું નહીં!"

"નકી સાચું રમા બોલી, પ્રીતિ એ જ નકી ખરી."
ઊંડા કાંઈ વિચારોમાં બોલી ઊઠ્યો યુવાન એ.

નવીન કલી રૂપાળી શોભના ચૂંટતી, ને
ગૂંથતી લઘુ કરે એ વાળમાં સૌ રમાના;
મધુર મધુર પુષ્પો ચૂંટતો એ યુવાન,
કમલવત્ રમાના હસ્તમાં આપતો સૌ.

સળગી ઊઠતું હૈયું ત્યારે યુવાન તણું હતું,
હૃદય ઘડતું કાંઈ કાંઈ વિચાર નવા હતું;
નવ સુખી થયું તે દિ'થી એ! કદી નવ વા ઠર્યું!
પિગળી પિગળી ધીમે ધીમે વહ્યું, વહતું વહ્યું!

પ્રણય ઘસડે તોડી દેવા અહો સહુ પિંજરાં!
ફરજ ઘસડે કેદી થાવા અને મરવા દુઃખે!
ફરજ હતી આ, પેલી પ્રીતિ! રહ્યું રડવું હવે!
ફરજ લડતી પ્રીતિ સાથે! રહ્યું મરવું હવે!

શરણ પ્રણયી આવે તેને રખાય અરે નહીં!
શરણ પ્રણયી આવે તેને કઢાય નહીં વળી!
વચન પ્રિયને આપેલું, "હું થઈશ ન અન્યનો."
વચન પ્રિયનું પાળે તેથી મરે દુઃખી દિલ કો'!

અરે! શાને આવો અધવચ રહે તું લટકતો?
હજુ જા ઊંડો તો પડ સહુ તહીં તૂટી પડશે!
વિભાગો કીધાથી પ્રણય ન કદી ન્યૂન બનતો,
અને તેથી, ભાઈ, પ્રણય પ્રભુ છે આ જગતનો.

આ વિચાર મહીં યુવાન દિલ એ ઝૂકી રહેલું હતું,
તેના તાર બસૂર સર્વ બનીને કમ્પી રહેલા હતા;
ઓહો! એક ઘડી રહી, પલ રહી, તે કાં ઢળે કે મરે!
તોડે પિંજર એક આ ક્ષણ મહીં, ના તો કદી એ નહીં!

કાર્ય છે સિન્ધુનું મોજું, ઘા છે કે ગતિ કાંઈ છે;
આમ કે તેમ કીધું તે કીધું ને તે થઈ ગયું!

થયું ને કીધું તે કદી પણ બને ના "નવ થયું!"
ક્ષણે કીધેલું તે જીવિતભર સાલે જિગરને!
અચમ્બો લાગે છે, સમજણ પડે ના ક્યમ થયું!
ઘણી વેળા પોતે દિલ પણ ઠગાયું સમજતું!

ઠગાવું જો હશે નિર્મ્યું ઠગાવું તો ભલે સુખે;
પરન્તુ જાય છે ખેંચી હૈયું તો તો જવું પડે!

કરે જો કાંઈ તો સુખથી કરજે ને સુખી થજે,
પરન્તુ કાંઈ તું ઢચુપચુ રહીને કરીશ ના;
કરે છે સાચું તું જરૂર સમજી એમ કરજે,
નહીં તો પસ્તાવો દુઃખમય અગાડી બહુ થશે.

ફરજ ને પ્રીતિને તું દોરજે એક માર્ગમાં:
ધર્મથી પ્રેમ જુદો ના, ફરજ એ જ પ્રેમ છે.

ઊંચો છે રવિ મધ્યમાં નભ પરે, છે ચૂપ સંસાર સૌ,
ધીકેલી ધરતી દીસે, તરુ મહીં પક્ષી લપાયાં સહુ;
ગાઢા મંડપમાં યુવાન ફૂલડાં વેરી નીચે છે પડ્યો,
કિન્તુ કંટકથી ભર્યા હૃદયને પીડી રહ્યાં છે દુઃખો.

આવે છે ચાલતી ધીમે દૂરથી ત્યાં જ શોભના;
ઉદાસ એ દીસે ચ્હેરો, ગમ્ભીર નેત્ર છે ઢળ્યાં.

આછું એક જ શ્વેત સ્વચ્છ કપડું તેણે પહેર્યું હતું,
તેના અંગની દિવ્ય ઝાંય ઝળકી રહેતી બહારે હતી;
તાપે તપ્ત થયેલ ગાલ પર એ ગાઢી ગુલાબી હતી,
ને તેની પર મધ્યમાં ચળકતું બિન્દુ હતું સ્વેદનું.

ડાબો હતો કર કમાન વળેલ કેડે,
બીજો હતો લટકતો ગૃહી પુષ્પગુચ્છો;
યુવાનના પદ ભણી ઢળતી પ્રીતિ શાં,
ઓષ્ઠેથી લાલ નિકળી કિરણો છવાતાં.

ઊંચી એક જરા ગુલાલ ઝરતી પ્હાની હતી પાદની,
ઊભી એમ રહી યુવાન નિરખી નિઃશ્વાસ મૂકી જરી;
નેત્રે નેત્ર મળ્યાં અને ઢળી ગયાં! પાછાં મળ્યાં ને ઢળ્યાં!
રૂંધાયું દિલ ત્હોય યત્ન કરીને બોલી ધીમું શોભનાઃ—

"પ્રીતિ ધરી રમા જે ઉછેરતી,
"પ્રથમ પુષ્પ તે આ ગુલાબનાં;
"કરતી સ્નાન એ તેથી મોકલી,
"પ્રિય સખે! મને આપવા તને."

લાંબો કરી કર જરી નમી પુષ્પ આપે,
ત્યાં એ જરા લથડતી લપસી પડે છે;

પુષ્પો પડ્યાં, કર રહ્યો કરમાં ધ્રૂજન્તો,
ખેંચ્યો નહીં મૂકી દીધો નહિ વા યુવાને.

ત્યાં કૈં થયું મગજમાં, કરમાં થયું કૈં,
કાંઈ નવું નયન ને દિલમાં થયું કૈં;
જે ખાળતાં હૃદય તે નિકળી પડ્યું કૈં,
જેનો હતો ડર દિલે થઈ એ ગયું કૈં.

ઉઘાડી બારીએથી ત્યાં દેખે છે કોઇ આ બધું;
યુવાને ઓળખી વ્હાલી, ખેંચી હસ્ત લીધો ઝટ.

ભોંઠી પડી શરમથી ચમકી ઊઠી એ,
જે ના થવું ઘટિત તે થઈ તો ગયું કૈં,
એ સ્વપ્ન એ જખમ એ વિષઘૂંટડાને,
વિમાસતી, સળગતી ગૃહમાં ગઈ એ.

જોયું મનાય નહિ એ કદી એ રમાથી,
જોયું ભૂલાય નહિ એ કદી એ રમાથી;
કિન્તુ "દીઠેલ કદી આ નવ હોય સાચું",
સંકલ્પ એ દૃઢ કરી સુખણી થઈ એ!

બિચારાનું હૈયું સળગી પણ ઊઠ્યું, બળી ગયું,
ફરે, ડોલે માથું, નયન પર ગાઢું પડ વળ્યું;
રહ્યા સ્વેદે ભીના થરરથર કમ્પી અવયવો,
ક્ષણો બે વીતી ને રુદનમય આ નાદ નિકળ્યો:—

" અરે! મ્હારી વૃત્તિ, હૃદય મમ, ને વૃત્ત મુજ એ
" ઘડીમાં શું જૂઠાં થઈ જઈ બન્યાં મોહવશ રે!
" અરે! નિર્માયુ શું મમ હૃદયને ધૂળ મળવું?
" અરે એ કન્યાના હૃદય કુમળાને સળગવું?

" રમા! વ્હાલી! વ્હાલી! ઝળક તુજ ચોકખા હૃદયની
" હવે ઊંચી આંખે નિરખી શકવાનો કદી નહીં!
" હવે ક્યાંથી પૂજું? હૃદય તુજ ઊંચું અતિ રહ્યું
" ગયું પાતાલે ને મમ હૃદય પાપી થઈ ગયું!

" 'પ્રભુ' એવું કહેજે કદી નહિ મને તું, પ્રિય! હવે!
" પ્રભુ ત્હારો પાપી જખમ તુજને એ કરી શકે!
" અરે! ઉછેર્યું તેં મધુર મૃદુ કેવું કુસુમડું?
" બગાડ્યું મેં તેને કચરી કચરામાં પ્રભુ! પ્રભુ!

" કલી મીઠી દૈવી! રજ પડી હવે દૂર કરજે!
" ફરી આ જાળે તું લપટીશ, કલી! ના કદી અરે!
" રમા જેવી પાછી ઝળકમય તેજે ચળકજે!
" ક્ષમા આ પાપીને કરી કદી હવે તે ન સ્મરજે!

ભૃં ભૃં ભૃં ગુંજતો આવે પુષ્પો ઉપર ભૃંગ ત્યાં,
ખીલેલાં કૈંક પુષ્પોને ચૂસતો તે ફર્યા કરે.

નઝર પડી ત્યાં પેલાની ને જરા ચમકી ઊઠ્યો,
નઝર પડતાં કાંઈ પાછો વિચાર નવો ઊઠ્યો;
હૃદય ગળવા લાગ્યું, પાછું થયું વહેવું શરૂ,
હૃદય ગમતું શોધી લેવા વળ્યું, ફરીને ગળ્યું!

" અહો! કેવાં પુષ્પો ભ્રમર પર પ્રેમે ઝૂકી રહે!
" અને કેવાં ચુમ્બે-સ્મિત અધરથી સૌ ભ્રમરને!
" અહો! કેવો ગુંજી ફૂલ ફૂલ પરે ભૃંગ ભમતો!
" અને કેવો ચોંટી કલી કલી મહીંથી રસ પીતો!

" અહો! કેવી મીઠી કુસુમકલી એ સ્નિગ્ધ ઊઘડે!
" તહીં ચોંટ્યો જાણે કદી નહિ હવે એ ઊખડશે!
" પરંતુ આ ઊડ્યો નવીન કલીઓ ને કુસુમમાં!
" ફરી ઇચ્છા થાતાં લપટી પડશે એ જ કલીમાં!

" અહો! સ્વચ્છન્દી એ નવ કદી રહે પિંજરપૂર્યો;
" વળી ભોગી સાચો કદી નવ વિસારે કુસુમ કો!

" બધાંને ચાહે છે પણ ત્યજી ન દે કોઈ ફૂલડું!
" હશે આવું પાપી કુદરત તણું શું રમકડું?

" અરે! હું માટે તો કુદરત તણો શું ક્રમ ફરે?
" મને શું સૌન્દર્ય લપટી પડતાં પાતક પડે?

"પ્રભુએ આપી તે કુસુમરજ હું કાં નવ ગ્રહું?
" અરે! તે ખોવી તે પ્રણયી દિલને પાતક ન શું?"

આવે છે ગુંજતો બીજો તે પુષ્પો પર ભૃંગ ત્યાં,
જોઈ તે અશ્રુ આવ્યાં ને ઉદાસ તે થયો ફરી.

" ક્ષમાવાળાં હૈયાં કુદરતી ભલે આમ જ રમે!
" મનુષ્યો તે માટે નથી હજુ થયાં લાયક ખરે!
" સુખે આલિંગે છે કુમળી કલી કોઈ ભ્રમરને!
" નથી એ બન્ધાઈ અમુક ભમરાથી નકી નકી!

" વિભાગો ભોજ્યભોક્તાના પાડેલા છે વૃથા અમે!
" ભોક્તાનો માર્ગ જુદો કૈં, ભોજ્યનો ય જુદો વળી!

" દીસે એવો કાંઈ કુદરત તણો ના ક્રમ નકી,
" અહો! ભોજ્યે ભોક્તા કુદરત તણા એ ક્રમ મહીં!
" અહા! બન્ને પાંખો કુદરતની સ્વચ્છન્દ ફરતી,
" રહે તેથી ઊંચાં કુદરત તણાં બાલક ઊડી!

" ઊડી ક્યાંથી શકે લોકો, તોડીને એક પાંખને?
" ઉત્સાહી ઊડવાનું કો' રડે તો તે ભલે રડે!

" તને છોડી વ્હાલી કયમ જઈ શકું ઊડી કદી હું?
" વિચારો મ્હારાથી જરૂર અપરાધી તુજ બનું;
" ઊડી હું જાઉં તો પછી તુજ રહે શું જગતમાં?
" ભલે કેદી થાતું તુજ હૃદયનું આ દિલ સદા!

" ભલે ભૃંગો ઊડે કલી કલી પરે ને ફૂલ પરે,
" મને તે ના છાજે, ફૂલ મુજ રહ્યું એક જ હવે;
" ઉછેરેલી ત્હેં તે મધુર કલી વ્હાલી પણ મને!
" મને વ્હાલી ત્હોયે તુજ કદી હવે તે ન બનશે.

" પ્રભુ આપે તેને પ્રણયી રસીલો ભૃંગ કુમળો,
" પરન્તુ એ ચિન્તા મમ હૃદયનો એક ભડકો;
" ફરી કેદી ત્હારો જીવિત સઘળાનો થઈ રહ્યો,
" હવે હું તો ત્હારો જરૂર અપરાધી નવ રહ્યો!"

રાખજે યાદ તું, ભોળા! ત્હારાં વેણ સદા હવે!
હવે જો ચૂક, તો ત્હારું કોઈ આ જગમાં નથી!

કલીની પ્રીતિ એ તુજ દિલ હજુ જો ઘસડી લે,
ભલે પ્રેમી થાજે! પણ વચન આ ના ભૂલી જજે;
કરે છે સાચું તું જરૂર સમજી એમ કરજે,
નહીં તો પસ્તાવો દુઃખમય અગાડી બહુ થશે.

સન્ધ્યા પડી રવિ હવે ડૂબવા જતો એ,
આવે સખી ફરતી બેય યુવાન પાસે;
સુખી હતી ત્યમ હજુ સુખી છે રમા, ને
ઢાંકી દુઃખો રમતી બાપડી શોભના એ.

રમ્યાં ફર્યાં એ ત્રણ બાગની મહીં,
છૂપું હતું એ દિલમાં નવું કંઈ;

હતું દબાવ્યું પણ ઊછળી જતું.
ચકિત નેત્રો મળતાં પ્રકાશતું!
રમા કશું એ ગણકારતી નહીં,
છતાં નવું કૈં સમજી જતી હતી;
ન દેખતી હર્ષ પિયુમુખે અને
ન દેખતી હર્ષ સખીમુખે વળી!

"હશે એ શું સાચું? મમ હૃદય કાંઈ નવ કહે!
"હજુ શું દેખું છું? સમજણ પડે ના કશી મને!
"કહેજો! ઓ વ્હાલાં! તમ હૃદયની ગ્રન્થિ પડી શું?
"નહીં એ હું તોડું! દુઃખી કરી તમોને કયમ શકું?

"સુખી હું છું વ્હાલા! તુજ વધુ સુખે હું વધુ સુખી!
"છૂપું રાખો તેથી પણ બળી મરું હું જિગરથી;
"પ્રભુ! ત્હારું તેનું હૃદય કુમળાં છે અતિ અતિ!
"અરે! તેની ગ્રન્થિ કયમ કરી શકું તોડી જ કદી?

"નકી બનું પાપી જ આ વિચારથી,
"ન રામ મ્હારો કદી હોય, અન્યનો;
"અરે! ક્ષમા તું કરજે મને, પિયુ!
"ન સ્વપ્નમાં તે કદી હોય તું, પ્રભુ!"

એવા કાંઈ વિચારોમાં રમા તો ડૂબતી હતી;
અહોહો! પ્રેમીના પ્રેમી દોષો જોઈ શકે નહીં!

રમાની શુદ્ધિથી હૃદયદ્વયમાં શુદ્ધિ પ્રસરી,
અને એ શુદ્ધિ શો શશી પણ પ્રકાશ્યો નભ મહીં;
રમા વ્હાલા સાથે હસતી ગઈ જુદી સખી થકી,
અને નિદ્રા આવી રજની વહતાં મીઠડી ઘણી.

અર્ધેક રાત્રિ વીતી ત્યાં, આવ્યું સ્વપ્ન યુવાનને;
સ્વપ્નમાં ત્યાં રમા દીઠી, નિદ્રા લેતી સુશાન્તિમાં,

વળી કોઈ મ્હોટી ઊડતી દીઠી દેવી શિર પરે,
હતા તેના વાળો શિરથી પગ સુધી લટકતા;
હતી તીણી દૃષ્ટિ, મુખ પણ હતું સખ્ત દીસતું,
અને કાળી લાંબી લટકતી હતી દોરી કરમાં.

યુવાનના બે કરો બાંધી, બોલી ક્રોધથી દેવી એઃ–
" નામ મ્હારું નીતિદેવી, કેદી તું મુજ છે બન્યો !"

એ સુણતાં ગૃહ મહીં પ્રકટ્યો ઉજાસ,
આકાશમાં લટકતું કંઈ સત્ત્વ બીજું;
તેના પ્રકાશથી ગયો ઝટ બન્ધ તૂટી,
ને દેવી કેદી કરનાર ભળી હવામાં !

આ પાંખનો નભ મહીં સૂસવાટ વાગે !
પાંખો કને કબૂતરો ઊડતાં દીસે કૈં !
તે શ્વેત છે કબૂતરો, વળી શ્વેત પાંખો !
ને શ્વેત વસ્ત્ર દીસતાં ઊડતાં હવામાં !

તે આસપાસ વીજળી સરખું કૂંડાળું !
કૈં કિરણોમય દીસે ચળકાટ વાળું !
તેમાં દીસે પદ ગુલાબી ફૂલો સરીખા !
જેમાંથી અમૃતઝરો ઝરતો અથાગ !

તેના પડે શીકર સૂર્ય શશી પરે, ને
તેના પડે શીકર તારક ને ગ્રહોમાં !
સ્ત્રી શું દીસે મુખ શશીવત સત્ત્વનું એ,
જેમાંથી ડોલર તણી ખુશબો વહે છે !

પ્રીતિદેવી તહીં આવી, ઊભી યુવાનની કને;
એક હસ્તે ગ્રહ્યો હસ્ત, બીજો હસ્ત દિલે ધર્યો.

તેના સ્પર્શથી અંગ ને અવયવો કમ્પી રહ્યાં સૌ, અને
મીઠું ઘેન ચડી ગયું મગજમાં ને જીવ જુદો પડે !
દેવી પાંખ પસારી ઊડી ગઈ એ આત્મા લઈ સ્વર્ગમાં !
સામી આવતી દેખી ત્યાં હસમુખી તેની પ્રિયા શોભના !

કુમારિકાનો કર એક લીધો,
લીધો વળી એક યુવાનનો; ને
જરી હસી દેવી કહે "સુપ્રેમી !
"બનો હવે એકરૂપે સુખેથી !

"રમા વળી આવતી આ ઊડીને,
"ત્રણે દિલો એક જ આજ થાશે !

"સદા રહેજો મમ રાજ્ય માંહી,
"સુખી થશો! આશિષ મ્હારી! બચ્ચાં!"

કિન્તુ વ્યગ્ર થઈ યુવાન નભમાં જોઈ રહ્યો બીકથી,
નીચી ઊતરતી રમા નભથી તે જોઈ કહે દેવીને:-
"'હું ના અન્ય તણો બનું કદી, સખિ!' એ વેણ તૂટ્યું ગણી
"નક્કી એ દુઃખણી બને! હૃદય એ નક્કી ચીરાઈ જશે!"

"જા ચોર તું!" કહી ઊડી ગઈ દેવી એને
નીચે પડ્યો ગબડતો જીવ એ ડરીને;
સ્વપ્નું ગયું ઊડી, ગઈ વળી શાન્ત નિદ્રા,
હૈયું રહ્યું ધડકતું, ભય ને પીડાથી.

જુવે છે બાજુમાં તો ત્યાં રમા દીઠી સુખે સૂતી;
નિદ્રામાં તે હસી મીઠું, "પ્રભુ! વ્હાલા!" લવી જરી.

"જા ચોર! તું!" હૃદયમાં હજુ એ જ શબ્દો!
"જા! ચોર!" એ મગજમાં ભણકાર વાગે!
ત્યાં કૈં સ્વરો રુદનના ભટકાય કર્ણે,
તેથી ડરી ચમકી તુર્ત યુવાન ઊઠે.

અગાસિયેથી સ્વર આવતા એ,
યુવાન ઊભો ચડી બારીએ ત્યાં;
ચતી પડેલી હતી શોભના ત્યાં,
શરીરનું ભાન હતું કશું ના!

ચોકખું છે નભ ને હવા શીતળી છે, છે ચન્દ્ર ઊંચે ચડ્યો,
તારા કોઈ જ આંહી ત્યાં ટમટમે ત્યાં એક નીચે ખર્યો;
મેદાનો, નદી ને તરુ સહુ પરે છે ચાંદની પાથરી,
તેમાં એક જ પુષ્પની કલી સમી દીસે રૂડી શોભના.

દિસે ઝૂલતું એ કૃશ ઉદર કાસાર સરખું,
અને તેને દાબી કમલ સરખો છે કર રહ્યો;
પડેલી છે આંટી કદલી સરખા એ પગ તણી,
અને વચ્ચે ઊડે ફરફર થતી પાટલી ઝીણી.

અશીશા મ્હોટાથી શિર જરી રહ્યું છે અધર, ને
રહ્યો તેના ભાલે શશી ચળકતો વાસ કરીને;

વહે વારિ ન્હોળું નયન પરથી ગાલ પર છે,
તુષારે ભીંજેલા ફૂલવત્ દીસે ગૌર મુખડું.
પડે છે કો' બિંદુ ચિબુક પરથી એ સ્તન પરે,
અને ત્યાંથી ધીમે ટપકી પડતું જાજમ પરે;
સ્તનો બેની વચ્ચે ટપકી વળી કોઈ સ્થિર થતું,
દીસે જાણે મોતી શશીકિરણમાં કો' ચળકતું.

બન્ને સ્તનો ધડકતાં દિલથી ધ્રૂજે છે,
ને શ્વાસ ઉષ્ણ વહતાં ઝૂલતાં રહે છે;
સંપૂટ એ ધવલ કેતકીપુષ્પ કેરાં!
કે ચન્દ્રકાન્તકડકા સરખાં દીસે છે!

દીસે છે અંગ એ આખું, કામના શર શું રૂડું;
ઊઘડ્યા ઓષ્ઠ ન્હાના બે, ને આવા સ્વર નીકળેઃ—

"પરની હું બની! મ્હારી હું નહીં!
"નહિ અરે! અરે! કોઈની નકી!
"મુજ થયો અરે! એ હજુ નથી!
"પરની હું બની! મ્હારું કો' નહીં!

"કરીશ શું ક્ષમા તું, રમા! મને?
"સરપ હું બની ડંખું છું તને!
"નકી અજાણ તું! જાણ તું નહીં!
"સરપ પાળીઓ દૂધ પાઈ ત્હેં!

"નકી અજાણ છે તું રખે! વળી,
"પ્રીતિ રમા તણી રાખશે કહીં?
"દિલ હવે ઠર્યું આપવું મને!
"પછી રમા તણું રાખશે કહીં?

"હૃદયના પડે ભાગ ના કદી,
"હૃદય એકમાં બે સમાય ના;
"હૃદય પ્રેમ તો લાખથી કરે!
"સહુ કહે ભલે! ના બન્યું કદી!

"પ્રણયી ઓ! હવે ભૂલ તું મને!
"પ્રિય રમા અરે! છોડ તું મને!

" જઈશ હું હવે એકલી વને,
" મરીશ હું હવે એકલી વને.

" કહીશ હું સહુ વાત આ ત્હને,
" અરર! દુઃખ તો શું થશે ત્હને?
" કહી શકું નહીં તો દુઃખી થશે,
" તુજ પિયુ નકી વા મરી જશે!

" હૃદય એ ગળી જાય છે વહી!
" હૃદય આ વળી ખેંચી જાય એ!
" હૃદય તું તણી આડ જે રહી,
" તૂટી પડી જશે બે દિનો મહીં!

" તુજ પછી મને વિશ્વ આ બધું,
" પણ સખિ! સખિ! શું અરે કરું?
" તુજ દયા તણો ભાર છે બહુ,
" ફૂલ ગણી સદા હું ઉપાડતી!

" રવિ નદી વતી સિન્ધુ પૂરતો
" ત્યમ દયાથી આ દિલે ત્હેં ભર્યું!
" હૃદયસિન્ધુનો ચન્દ્ર કિન્તુ એ,
" ઉછળી ઊર્મિઓ જે પરે પડે!

" હૃદયવારિમાં છાપ કૈં પડે,
" રવિ, ઉષા અને તારકો દીસે,
" ઘન ઝઝૂમતા ડોકિયાં કરે,
" શશીની છાપ તે રાત્રિ આખી રહે.

" કંઈ તરુ અને કૌં વિહંગમો,
" ઘડીક કોઈ ને વર્ષ કો' રહે;
" ઘડીક છાય કો' આભ ઢાંકતી,
" પણ બધી જતી આખરે ઊડી.

" પણ પિયુ! પિયુ! છાપ તું તણી
" હૃદયવારિમાં આભ શી પડી!
" જલ સૂકાઈને રેતી ઊડશે,
" તહીં સુધી પિયુ એ નહીં ખસે!

"જખમ લાગશે! ઉર ફાટશે!
"જિગરથી અરે! રક્ત ચાલશે!
"સમય તે સહુ ત્યાગશે ત્હને!
"પ્રિયે સખે! દીધું એ જ મેં ત્હને!

"શકીશ ના કદી તું હવે હસી!
"રુદન એ તણો ચેપ લાગશે!
"મધુર હાસ્ય તો એ ઊડી જશે!
"પ્રિય સખિ! દીધું એ જ મેં ત્હને!

"પ્રણયીનાં કર્યાં ખૂન મેં અરે!
"હૃદય તેથી આ શું વિરામશે?
"ભટકીને હવે દેહ છોડવી!
"પ્રભુ! પ્રભુ! દીધું એ જ મેં મને!

"ન કરવું ઘટે એ જ મેં કર્યું!
"અરર! શું હરિ! એ જ છે થવું!
"હૃદયયન્ત્રની કૂંચી ના મળે,
"વિધિ કને રહી! શું કરું અરે!

"હૃદયના સખે! પ્રાણના પિયુ!
"દલની બે'ન ઓ! દેવી! રે સખિ!
"નહિ કહી શકું કાંઈ હું ત્હને!
"નહિ કહી શકું કાંઈ હું ત્હને!

"મરી ત્યજી જવું એ જ માર્ગ છે!
"ત્યજી જવું અરે! રે! ત્યજી જવું!
"નવ બને અરે! એ ત્યજી જવું!
"હૃદય ઘા કરી કેમ એ શકે?

"વિધિ વિના અરે! હસ્ત કોઈનો
"પ્રણયીને કદી તોડી ના શકે!
"નવ મરી શકું! જીવી ના શકું!
"ખૂન કરી શકું માત્ર પાપી હું!"

શબ્દો, આંસુડાંથી આ, હૈયું યુવાનનું ગળ્યું;
ઘસડાયું ભૂલી ભાન, કાબૂ લેશ રહ્યો નહીં!

હૃદય ઉપર લાગ્યો કારમો કૈંક ધક્કો,
કુદરતની ગતિએ અન્ધ દોરાઈ ચાલ્યો;
ડગ દ્વય ભરી આવી શોભના પાસ ઊભો,
કર થઈ જઈ લાંબો કુમળો હસ્ત ઝાલ્યો!

કમ્પી કાળજડું રહ્યું થરથરી ત્યાં શોભનાનું દ્રવી,
બચ્ચું પક્ષી તણું ઊડે જ્યમ ડરી પ્હેલું જ માળો મૂકી;
માળો છોડી દીધો અને પડી ગયું એ તો અરે! પિંજરે,
ને એ પિંજર પૂરમાં વહી જતાં કેદી તણાઈ વહે!

પ્રણયરસનું પીધું પ્યાલું નિશો જ ગયો ચડી!
મધુર ઝળકી લાગી ગાલે, રહ્યા અધરો સ્ફૂરી!
શિથિલ ધ્રૂજતાં અંગે અંગે ચડી ગઈ ખાલી, ને!
પરવશ થવું નિર્માયું એ થવાઈ ગયું, અરે!

ડર નવ રહ્યો! હૈયે હૈયું રહ્યું ધડકી, અને
પ્રિય અધરથી અશ્રુ ઉન્હાં લૂછાઈ ગયાં સહુ!
સમય મધુરો! પ્હેલી પ્રીતિ! અને રસએકતા!
હૃદય નવલાં લ્હાણું એવું સુખે મચવી રહ્યાં!

"તુજ થઈ હવે" એ કહેવાનું હતું નવ કૈં રહ્યું!
પ્રણયી હૃદયો અન્યું પામ્યાં! પછી વદવું કશું?
ઉર ઉર વતી બોટાયાં એ! પછી ન્યૂન શું?
સભર દરિયે વાયુ મીઠ સુવ્હાણ વહ્યું! વહ્યું!

ઊંચે ઊડે કરંટો*! ક્ષિતિજ પર દીસે મેઘમાલા સુનેરી!
ફૂલેલા એ ધ્રૂજે છે શઢ ફરફરતા દૂરની વાદળી શા!
વાગે વીણા મધુરું તૂતક પર તહીં પંખીડું નાચતું કો'!
મ્હોં સુધી છે ભરેલાં ઝગમગ ધ્રૂજતાં પાત્ર બે આસવોનાં!

ભાને તેને જરી નવ હતું દૂરની વાદળીનું!
કાળી કાળી પ્રસરી ચડતી મેઘથી પૂર્ણ ભીની!
વ્હાણે ડોલ્યું! ખળભળી ગઈ સિન્ધુની એ સપાટી!
ચાલ્યું કિન્તુ સુખમય વહ્યું ધ્રુવ સામે અગાડી!

ગિરિ સમ ઊંચાં મ્હોટાં મોજાં હજુ ચડશે, અને
તૂતક તૂટશે! વંટોળોમાં શઢો વિખરી જશે!

* કાગડાઓ

પણ દૃઢ રહો ત્યારે એ તો ભલે સુખ માણજો!
નિકર મધુરો લ્હેજો આ તો ઘડીબઘડી તણો!
અનિલ ફરકે ધીમે ઠંડો પ્રભાત તણો હવે,
હૃદય રસમાં ઝોકાં ખાતું, સુશાન્ત બન્યું હવે;
પિયુકર ફરે ગાલે, ઓષ્ઠે અને નયનો પરે!
સૂઈ ગઈ સુખે માથું મૂકી પિયુપદ ઉપરે
યુવાનની પડી દૃષ્ટિ અન્ધારા એ ખૂણા-મહીં,
ઝરે છે અગ્નિ નેત્રેથી, એવી રોતી રમા દીઠી!

તાકી જોયું ફરી ત્યાં તો અન્ધારે નવ કૈં હતું,
કિન્તુ છાતી ગઈ ધ્રૂજી! ઠંડું રક્ત થઈ ગયું!
વીજળી શું ફરી કાંઈ અંગે અંગ મહીં ગયું!
હતું શું એ? થયું શું એ? જાણી કૈં જ શક્યો નહીં?

ઓહો! સૂતી પરમ શાન્તિથી શોભના છે,
ને પ્રેમહાસ્ય મુખમાં ઝળકી રહ્યું છે;
તેને નિહાળી ફરી શાન્ત થયો યુવાન,
ચુમ્બી લઈ અધરને કર ચાંપી ઊઠ્યો.

ગયો રમા જ્યાં સુખમાં સૂતી છે,
થયો રમાનો ફરી મ્હો નિહાળી,
"પિયુ! પ્રભુ!" એમ લવી રમા, ને,
યુવાન ભૂલ્યો ફરી શોભનાને.

"પડું જુદો હું નકી શોભનાથી,
"રહ્યો હવે એક જ માર્ગ એ છે!"
વદી ધરી ગાલ પ્રિયા કરે એ,
સૂઈ ગયો શાન્ત થઈ ફરીને.

"આ સાચું ને કરીશ ત્યમ હું કાલથી,"એમ, ભાઈ!
ભાવિ જાણ્યા વિણ કયમ શક્યો ગર્વના બોલ કાઢી?
ભોળો તું છે! અનુભવ તને વિશ્વનો કાંઈ ના ના!
એવા બોલો કહીશ ફરી ના! બોલ તો ભૂલજે ના!

દોરવું એ સહું હૃદયનું, ભાઈ! નિર્માણ આંહીં,
ભાવિ વિના જનહૃદયનો અન્ય ના કો' સુકાની;

જે ચાવીનું જડ રમકડું નાચનારું જ છે તું,
તે ચાવીને તુજ કર લઈ ફેરવી ના શકે તું.

રાત્રિ ગઈ, રવિ ઊગ્યો, શુક ઊડતા કે,
બાગે કૂદી રમતિયાળ કુરંગ ખેલે;
વચ્ચે ઊડે મધુર તે જલને ફુવારે,
આવે ઊડી કબૂતરો જલપાન માટે.

રમા ઊઠી ને પિયુને ઉઠાડી,
અગાસિયે જાય મૂદુ હસી બે;
હજુ સૂતી એકલી શોભના ત્યાં,
રમા ઉઠાડે લઈ ચુમ્બી તેને.

"પિયુ! વ્હાલા!" લવી ઊઠી, હસી તે સુણતાં રમા;
"કયો વ્હાલો?" રમા પૂછે, રહ્યો જોઈ યુવાન તે.

જરી મજાકમાં એ ત્રણે હસ્યાં,
ગઈ પછી નીચે તુર્ત શોભના
"મમ સખી હવે પ્રેમ શોધતી,"
કર ગ્રહી કહે પિયુને રમા

નથી તું જાણતી, બાઈ! શોધતી તે મળી ચૂક્યું!
શોધ્યું તે તું સુણી રોશે! હસી લે પણ ત્યાં સુધી.

"રમા એ ત્હારી છે! તુજ હૃદય છે! તુજ રૂપ છે!
છતાં તે કૈં શોધે! તુજ શરણ છે, દેવું જ ઘટે!
"અરે! કિન્તુ હૈયું જગત પર ક્યાં શોધીશ? સખિ!
"અને વ્હાલી! ચાલ્યું ઝરણ દિલનું એ વહી વહી!"

શું દેવું તું? વધો જૂઠું? 'શોધે તે હું!' ન કાં કહે?
પ્રેમના જૂઠમાં એ શું, પ્રેમી! કાંઈ મીઠાશ છે?

"અરે વ્હાલા! સાચું! મમ હૃદયમાં જે નવ મળે,
"નકી તે તે શોધે! હૃદય નવ ક્યાંયે પણ મળે!
"બહુ એ રોઈ છે! રુદન વળી શું આવ્યું ફરીને?
"અરે! તે લાધ્યાથી જગત વિષ કે અમૃત થશે?
"આ બ્રહ્માંડ અનન્તની નિસરણી કે સિન્ધુની વીચિઓ!
"ઊંચીનીચી સહુ, જુદી ગતિ તણી જુદે જ માર્ગે જતી!

" કોઈ એક જ છાપની છબી બની ક્યાં એ દીસે બે નહીં!
" કોઈ નિસરણી, વીચિ, પગથિયું સાથે વહેતું નહીં!
" ઓહો! એક જ બિન્દુ પાસ ધપતાં બિન્દુ બધાં એ વહે,
" તેની સાંકળમાં ન કોઈ કડી બે સાથે જ જોડાઈ છે!

" કિન્તુ સાંકળ આખીમાં દર કડી ખેંચાઈ, ખેંચી શકે!
" તે ખેંચાણ અનન્ત પ્રેમ! પ્રભુ એ! તું હુંની ગ્રન્થિ ય એ!
" પ્રભુ! તે તે શોધે! રસ નિજ ભળે તે રસ બીજો
" ઘટે તેને દેવો! નિકર પિયુ! એ તો ગળી જશે!

" તને સોંપું છું હું હૃદય કુમળું એ સખી તણું,
" થઈ એ તો ત્હારી! પ્રિયતમ! હવે મિત્ર બન તું!"
કાર્ય તેં પ્રેમનું કીધું! પ્રેમ સાચવી રાખજે!
ઉદાર માર્ગ લીધો તેં, એ ઔદાર્ય ન ત્યાગજે!

" હૃદય સુખી થશે એ આપું છું કોલ, પ્યારી!
" કળી નવ કરમાશે! ખીલશે પૂર્ણ! પ્યારી!
" સહુ તુજ દિલ ઈચ્છયું આપવા ધર્મ મ્હારો,
" તુજ સખી તણું ઈચ્છયું આપવા ધર્મ મ્હારો."

કહી કાંઈ કરે કાંઈ, જેની ખાતર આ બધું;
અરે! તે કાર્યથી તેને, શું તું સુખ દઈ શકે?

દોરી જવું હૃદય તે તુજ ધર્મ સ્થાપ્યો,
છે માર્ગ તો અટપટો વળી ના દીઠેલો!
ખેંચાણ છે ગજબ ને ઉપરે જવું છે!
તો પાંખ સાવધ કરી ઊડ, ભાઈ! ઊંચે.

* * *

" રમા વાંચે, મને તો કૈં વાંચવું ગમતું નથી!
" નકી છે એ બગીચામાં, જોઉં એ મુખ ત્યાં જઈ!"

વીત્યું પ્રભાત હજુ ના રવિ ઉગ્ર કિન્તુ,
તાજાં હજુ ચળકતાં સહુ પક્ષીઓ છે;
છે દીર્ઘ છાય તરુની, સહુ પર્ણ તાજાં,
અતૃપ્ત છે ભ્રમર સૌ મકરન્દ પીતા.

ધડકતે દિલે ચાલી શોભના ઊતરી નીચે,
ધડકતું હતું હૈયું, તેને ત્યાં મળવા જતી.
" મયૂર! નાચ તું શી કળા કરી!
" મમ દિલે ગમે એ નિહાળવી!
" પિયુ નકી અહીં આવીને ગયો!
" પિયુ નકી તને જોઈને ગયો!
" હૃદય એ થશે તું સમું ન શું?
" મમ ઉરે અરે! નાચશે ન શું?
" પિયુઉરેથી જે આંસુડું ખરે,
" ક્યમ ગળું નહીં ઢેલ હું બની?"
વિસામો લે! વિચારી લે! ઊભી રહે! અભિસારિકા!
હોય જો કૈં જ ભીતિ ના, દોરાઈ ભલે જ જા!
અભિલાષા થજો પૂરી! મીઠો આ અભિસાર છે!
કિન્તુ ચીરી ચીરાશે જો શંકાચૂંક રહી હશે!
પ્રેમી મળે ત્યમ મળ્યાં દિલ એ ફરી બે,
ના ઝિંદગી સુધી હવે વિખૂટાં પડે તે;
"મ્હારી થઈ!" "તુજ થઈ જ!" લવી ગયાં એ,
અંગો જુદાં પણ થયાં મળવા ફરીને!
નેત્રે નેત્ર મળ્યે જરા મલકતાં, ક્યારે ઈશારા થતા,
ક્યારે ચુમ્બન ને સુ કોઈ વખતે વાતો કરી ભેટતાં!
ક્યારે વેણી ફૂલો વડે પ્રિય કરે ગૂંથાઈને મ્હેકતી,
ને ક્યારે બસ એક બે જ ક્ષણમાં કમ્પી રહેતાં મળી!
જ્યારે જેવો સમય મળતો તેટલું લ્હાણું લેતાં,
ને બાકીનો સમય સઘળો ખૂબ ખેંચાઈ રહેતાં!
છૂપી પ્રીતિ, પ્રણયી! મધુરી કેમ કેવી દીસે છે?
બી વાવો છો તમ હૃદયમાં ઝેરનાં કિન્તુ ભોળાં!
સમય ના મળ્યો તેથી પીધું ઝેર હજુ નથી!
ભર્યાં છે માત્ર પાત્રો આ! તેનું ઘેન ચડી ગયું!
ભોળા યુવાન! તુજ પિંજર કેમ તોડ્યું?
શું ભૃંગ માફક હવે ફરવા જ ઇચ્છ્યું?

સ્વાતંત્ર્ય તોપણ ન મેળવી તું શક્યો છે!
રે! એક પિંજર ત્યજી તું બીજે પડ્યો છે!

ત્હારું હતું જરી કહે! હજુ તે શું ત્હારું?
તેમાં હવે જઈ ફરી વસી તું શકે શું?
તે પુષ્પમાં રસ હવે પડતો નથી કૈં!
તેના ગુણો ઉપર માત્ર નિગાહ ત્હારી!

ત્હારી હજુ નઝર ત્યાં પણ પ્રેમ ના ના!
ત્હારું હજુ મગજ ત્યાં, પણ દિલ ના ના!
તે વાંક કિન્તુ તુજ હું કદી એ ગણું ના!
'સ્વાતંત્ર્ય મેળવી શક્યો' પણ તે કહું ના!

જૂઠો ગણ્યો તુજ હિસાબ! ભૂલી ગયો તું!
તેં બે અને ત્રણ ગણ્યા ક્યમ, ભાઈ! સાત?
તોળી તપાસી દિલ બે પ્રીતિત્રાજવામાં
જો! જો અને ભૂલ જ જોઈ શકાય છે ત્યાં!

ત્હારી નવીન કલી પાંખ મહીં બિડાતી,
ત્યારે ય તે ફૂલ પરે તું શું આફરીન?
શું પુષ્પચુમ્બન સમે મશગૂલ તેમાં?
તું પુષ્પનો મટી થયો કલીનો જ, વ્હાલા!

રે! ભૃંગથી ગત ફૂલો ન સ્મરાય કો' દિ'!
કો' લાધતાં નવીન ભૃંગ ત્યજે જ જૂની!
તો કેમ ના નવીન આ કલી છોડી દેશે?
તું પ્રેમી છે! પણ ન કોઈ તણો રહ્યો છે!

તું કેમ બે ય કલી પુષ્પ ન બાથમાં લે?
'સ્વાતંત્ર્ય મેળવી શક્યો' ક્યમ તું કહેશે?
શંકા રહી! ડર રહ્યો! દુઃખી તું થયો છે!
આધીનતા દુઃખની લૈ સુખની ત્યજી તેં!

ના અન્યનો, પણ સીતા કદી રામ માને,
તે કિન્તુ કાંઈ સમજી દુઃખણી થઈ છે;
તે કાંઈ ખામી નિજ પ્રેમ મહીં ગણે છે!
શું એ ઉરે, અરર! ખંજર ભોંકવાનો?

ભૂલી જ, બાઈ! ઉપકાર બધા ય તું શું?
ત્હારી સખી ઉપર શું ભૂલથી ઉગામ્યું?
ભક્તિ, દયા, પ્રણયની શું દયા ય ખોઈ?
તું ભૃંગની ઉપર આમ જ છેક મોહી?
તું શું કરે? ડગમગ્યા ગિરિ મેરુ જેવા!
ખેંચાઈ જાય રવિ ત્યાં ગ્રહ શું બિચારા?
તું તો ગરીબ દ્રવતું ફૂલડું બિચારું!
ચોળાઈ તું પણ અરે! ધૂળમાં જવાનું!
ઓ દેવિ! ઓ પ્રણયની પ્રતિમા! રમા રે!
શું તું શકીશ તુજ પ્રેમ સદા ભજાવી?
છે હર્ષ તો ગત થયો! પણ ભક્તિ ત્હારી
બ્રહ્માંડ આખું ડૂલતાં ડગશે કદી ના!
પતંગો છો! જળી જાશો! નવા રંગ નિહાળશો!
ચડચડાટ ના થાશે! આ તો છે પ્રેમદીવડો!

* * *

તાજું સ્નાન કર્યાથી છે જલ તણાં બિન્દુ શરીરે હજી,
ને એ ગૌર મુખે વિશેષ ચળકી લાલી રહી છે દીપી;
ચાંલ્લો કુંકુમનો લલાટ પર છે, ગાત્રો હસી છે રહ્યાં,
ભીના વાળ છૂટાં સ્તનો પર ઉડે જાણે પિયુ બાંધવા!

તાજું પાન લીધેલ છે મુખ મહીં તેથી ભરેલા રૂડા
સ્વાભાવિક દીસે હજુ સુરખ છે ન્હાના સુબિમ્બાધરો;
લીસા ગાલ, કટિ, કરો, પયુ સ્મરે તે દીર્ઘ નેત્રો, અને
શું ના મોહક શોભના શરીરનું? વ્હાલું પિયુને ન શું?

વ્હાલો છે હૃદયે, અહો! હૃદયમાં એ મૂર્તિ છે કોતરી,
ને તેમાં જ અરે! રમાહૃદયની ચિન્તા ડૂબેલી વળી!
બન્ને ઉપર ચારણી થઈ દ્રવે હૈયું ઝરો પ્રેમનો!
શું ના મોહક શોભના હૃદયનું વ્હાલું પિયુને ન શું?

પ્રેમમાં તું પિયુ જીતી! ન્હાની અજ્ઞાન શોભના!
તેનાથી ના થયું તે તેં પ્રેમમાં ભજવી દીધું!

અરે! શું જુવે છે પ્રણયી તુજ વ્હાલી? રસિક ઓ!
અગાસીમાં ઊભી પ્રણયી નિજ વિચાર સહ છો!

અરે! ના જો તેને! શરીર ચિર ના સુન્દર રહે!
અરે! જો દેખે તો પ્રિય હૃદય જો દૂર જઈને!
ન જા! જો જો તું જો! તુજ હૃદય તે લાયક નકી!
રસીલો ભોગી તે ક્યમ નવ શકે દિલ સમજી?
અરે! તો હે ભાઈ! ક્યમ પ્રિય રમા છોડવી પડી!
રસીલી દૃષ્ટિ એ અરર! નબળી શું થઈ ગઈ?

પ્રીતિ તણો નવ થયો! નવ નીતિ રાખી!
આ પ્રેમ ના! પણ નકી નબળાઈ આવી!
તું ચેત, ચેત, નહિ તો નકી 'ચોર' ભાઈ!
પ્રીતિ નીતિ ઉભય નષ્ટ રહી ગુમાવી!

કરવામાં જ મુશ્કેલી! શીખવવું સહેલ છે!
નબળો નહિ તું ભાઈ! આ દુનિયા નબળી જ છે!
કહેનારાં ભલે કહેતાં! કહેવું પણ ઠીક છે!
કહેનારાં કરી જોશે! પછી કહે વિરલાં જ છે!
શોધશે ભાઈ! એવાં તો એવાં એ મળશે અહીં!
પરન્તુ તે કહે કોને? ત્હારે કાન રહ્યા નથી!

ભલે, ભાઈ! વ્હેતું હૃદય તુજ સંતુષ્ટ કરતો,
ભલે બન્ને ભોળાં નયન નયને મેળવી હસો!
ત્હમારું ભાવિ તો પવનલહરી શું થઈ રહ્યું!
વહો ને ચીરાઓ! ફરી વળી મળો યા નવ મળો!

થઈ ગઈ વાત નેત્રોથી આમન્ત્રણ મળી ચૂક્યું;
નિસરણી ચડે દોડી તેને જોતી ઊભી રહી.

ચડી જજે! જો પડી ના જતાં તું!
ડગી સીડી રે! લથડી પડે શું?
ચડી જજે હસ્ત ગ્રહી પ્રિયાનો
રહ્યો કને દીર્ઘ રૂડો લતા શો.

કર ગ્રહી લીધો, આવ્યો ઊંચે અને લપટી પડ્યાં!
હૃદયરસની લ્હેરો વાતાં સમાધિ મહીં ચડ્યાં!
રસ અમર હો વ્હેતો આવો ઉરો તમ ઉપરે!
અતિ સુખ તણા લ્હેઝા કિન્તુ ન દીર્ઘ બની શકે!

ત્યાં બારી એક ઊઘડે ગૃહની જરાક,
ડોકાય છે સ્મિતભર્યું મુખડું રમાનું;
જોયું! મનાય નહિ! ગાભરી શી બની એ!
જોયું ફરી! હૃદય તૂટી પડ્યું ખડીને!
"રે રે પ્રભુ!" લવી ઢળી ધરણી પરે તે,
ને મગ્ન પ્રેમી ચમકી ઊખડી પડ્યાં બે;

પહોંચી જતાં સમય તે પડદો ચીરાયો,
ભોળાં! અરે! થઈ ગયું સહુ ધૂળધાણી!

રે રે! જીવે ગયો ઊડી શોભના ને યુવાનનો,
"થયું શું આ!" ગયાં દોડી લવી બન્ને રમા કને.

બોલી ન કૈં પણ રમા ગઈ ચાલી તુર્ત,
જોઈ રહ્યો સુરખ મ્હોં નયનો યુવાન;
એ બે જ ત્યાં ફરી રહ્યાં ધ્રૂજતાં અકેલાં,
એ ચાર ત્યાં ફરી મળ્યાં નયનો ઝરન્તાં.

હૈયાં તણાં નયન એ ઊઘડી ગયાં, ને
બ્રહ્માંડકમ્પ સરખું કંઈ નેત્ર દેખે!
રે! શું થયું? ક્યમ થયું? ક્યમ? ખૂન કીધું?
તે સૌ રહ્યું તરી જ સ્વપ્ન શું નેત્ર પાસે!

છેલ્લી સલામ કરી નેત્ર પડ્યાં વિખૂટાં!
યાચી ક્ષમા ગળગળાં વિખૂટાં થયાં એ!
રે રે! ખૂની! ખૂનની લિજ્જત કેવી લાગી?
રે! આપઘાત તણી લિજ્જત કેવી લાગી?

ન ધાર્યું સ્વપ્નમાં એ તે બન્યું બાપુ રમા અરે!
ઝીલશે ભાર હૈયું શે? રે રે આભ તૂટી પડ્યો!

નિચોવાયું હૈયું! રડી રડી ગઈ ખાટ પલળી!
વળી હેલા આવે! રડી રડી વળી એ ગળી જતી;

ખૂટ્યાં અશ્રુ ત્હોયે રુદન નવ ખૂટ્યું હૃદયનું,
મુખે છૂટો રસ્તો પછી હૃદયને એ દઈ દીધો.

"પિયુ! હું તો પાપી જરૂર અપરાધી તુજ બનું!
"નકી એ દીઠેલું! પણ અરર! માની ક્યમ શકું?

"ન માનું! ના માનું! પણ હૃદય માને ક્યમ કરું?
"અરે! દીઠું દીઠું! પછી ક્યમ કરું? ના ક્યમ રડું?

"રડું! વ્હાલા! વ્હાલા! જરૂર અપરાધી તુજ બનું!
"અરે! મ્હારી પ્રીતિ તુજ પર છતાં હું ક્યમ રડું?

"રડું છું હું વ્હાલા! મમ પ્રણય શું ખૂટી જ ગયો?
"હજુ છે પ્રીતિ તો જીવિત મમ આ કાં કટુ થયું?
"અરે! મ્હારા વ્હાલા! પ્રણયી નવ ઈચ્છે મરણને,
"અરે હું તો ઈચ્છુ! જરૂર અપરાધી તુજ બનું;

"મને વ્હાલો તું તો મરણ ક્યમ વ્હાલું થઈ શકે?
"ગઈ પ્રીતિ મ્હારી! નવ રહી શકી! માફ કરજે!
"કહ્યું ના કાં વ્હેલું! દુઃખ કરી તને શું શકત હું?
"અજાણ્યે શું, વ્હાલા! મુજથી કદી એવું થઈ ગયું?

" નથી લાવ્યો એવું પણ કદી દિલે, તું પ્રિયે સખે!
"ન જાણું હું ભોળી! કદી થઈ ગયું તો કર ક્ષમા!
"શક્યું તોડી ત્હારું હૃદય કદી સંકોચ ન હશે!
"શક્યો ના શું ધારી મુજ દિલ મહીં શું દુઃખ થશે?

" ન કાં મારી નાખી? અરરર રિબાવી ક્યમ શકે?
"કર્યું ના કૈં, તો તેં ક્યમ નવ છૂપું રાખ્યું જ સદા?
"થયું!- બાઈ! કિન્તુ કંઈ નવ તને તો દુઃખ દીધું!
"તને તો ના ખૂંચ્યું જરી પણ કદી આ દિલ હતું!

"તને રે! શું કહેવું? તુજ હૃદય તો બાલક હજી,
"સુખી એ જેમાં ત્યાં સુખી જ મુજને હું સમજતી!
"હતું એવું તો કાં ક્યમ કદી હસીને નવ કહ્યું?-
" 'મને એ ચાહે છે, મમ હૃદય તેનું વળી થયું';

"હશે બાઈ! તું એ મમ પ્રિય તણી છે પ્રિય છતાં,
"બનું પાપી ત્હોયે નવ કદી તને ચાહી જ શકું.
"તને છોડી, વ્હાલા! સ્મરણ તુજ લેવા નકી કરું!
"તને જોવો છોડી મુજ દિલ મહીંની છબી ભજું!

"અરે કિન્તુ ત્હારી નવીન પ્રીતિઓ ના ચિર હશે!
"વિના પ્રીતિ પ્રેમી જીવી નવ શકે તું કદી સખે!

"શકું છું હું જાણી તુજ દિલ દુઃખી છે અતિ અતિ!
'મને ત્હારું હૈયું કદી પણ શકે રે! નવ ત્યજી!
"કહે કે 'ચાહું છું!' મમ હૃદય તો આ તુજ હજી!
"કહે ના ત્હોયે હું તુજ વિણ શકું ના ક્ષણ જીવી!"
ગઈ પ્રીતિ અરે! ભોળી! સમાધાન બને નહીં!
હૃદય તો ગયું ફાટી! રે! સાંધા કરવા હવે!
તું તારા રામને જોતી, ફુલાતી "રામ" બોલતાં!
ગયું એ જોર છાતીનું! ધર્મને વળગી રહી!
"ચાહું છું હું!" ભલે કહેતી! એ મુશ્કેલ થયું હવે!
ન્હાનકું દિલ ત્હારું એ આભનું થીગડું નહીં!
ભૂલ્યો! બાઈ! શકું શું હું માપી દિલ મનુષ્યનું!
ભક્તિના પ્રેમથી ભીનું શું ના દિલ કરી શકે?
છે નેત્ર લાલ મુખ લાલ રડી થયેલાં,
છે અંગ સો ધગધગી દુઃખથી રહેલાં;
છાતી કરી કઠિન અશ્રુનું પૂર ખાળી,
ત્યાં શોભના થરથરી રહી આવી ઊભી.
મળ્યાં ચારે નેત્રો! મળી ઢળી વળી એ ફરી ગયાં!
બન્યાં ક્રોધે રાતાં નયન કરી ઊંચાં વદી રમાઃ–
"હવેથી તું તેને મુખ તુજ બતાવીશ કદી ના,
"અને ત્હારે તેનું મુખ કદી હવે જોવું જ નહીં!"
તૈયારી એ કરી જ સુણવા આવી'તી શોભના ત્યાં,
ત્હોયે લાગ્યો સહન ન થતો કારમો વજ્રપાત!
જોયાં તેણે કદી નવ હતાં નેત્ર આવાં રમાનાં,
મ્હોટાં મ્હોટાં પગ પર પડ્યાં અશ્રુનાં ચાર ટીપાં.

ચાલી ગઈ એ રડતી તહીંથી,
હૈયું ન તેનું કબજે રહ્યું એ;
જોવું નહીં રે! મુખ એ પિયુનું!
જોઈ શકાયે નવ મ્હોં સખીનું.

* * *

યુવાનનો એ વ્રણ ના રૂઝે કદી,
ગળી જતો યોધ ધીમે ધીમે જ એ;
વહ્યા દિનો કૈં કૃશ અંગ એ થયું,
જ્વરે ઝલાયો બહુ કાળ વીતતાં,

ઘડી ન જોતો હસતું રમામુખ,
ઘડી ન જોતો પ્રિય શોભનામુખ;
દુઃખી થતો ને ગભરાઈ એ જતો,
સ્થિતિ મહીં આ ક્યમ જીવીએ શકે?

રમા બિચારી કરી ના શકે કશું,
રમા ય ધીમે ગળતી જતી હતી;
હસાય ક્યાંથી? રડવું ભર્યું હતું,
હસાય ક્યાંથી? દિલ શૂળ ભોંકતું.

અહો! ભૂલાયા વ્રત દર્દ દીસતું,
ન કિન્તુ એ નાબૂદ તો થયું હતું;
હતો કૃમિ તો વિષનો ધીમે ધીમે,
ત્રણે દિલો કોતરી ખાઈ એ જતો.

થઈ ગઈ વાભૂત શોભના હતી,
ન ભાન તેને દિનરાત્રિનું હતું;
સફેદ વાળો શિરના થયા કંઈ,
અને ગળી છેક જ એ ગઈ હતી.

"અરર! માવડી—બ્હેન ઓ સખિ!
"હસીશ શું નહીં ઝિંદગી મહીં?
"મમ શિરે હવે મૃત્યુ આ ભમે!
"ન મુખ એ મને શું બતાવશે?

"અમ વચે રહી આ દીવાલ છે,
"પણ પહાડથી એ બૂરી મને!
"હૃદય આ ભર્યું તર્ક લાખથી,
"નવ કશું ભલું ભાવિનું સૂઝે!

"ફરજ ના, સખિ! એ વિચારવું!
"હૃદયને અરે! કેમ બાંધું હું?

"મન વળોટતું આણ ત્હારી એ,
"જિગરમાં પિયુ તે રમ્યા કરે!
"તુજ કરે, સખી! ખડ્ગને લઈ–
"તડફું હું નહીં– કત્લ જો કરે;

"મુજથી એ થઈ સ્હેજથી શકે,
"પણ ત્યજાય ના એ પિયુ અરે!
"તુજ વિરોધી આ દિલ છે થયું!
"તુજ વિરોધી એ મ્હારું હોય ના;

"ઘૂઘવતી વહે આ નદી અહીં,
"હૃદય સાથ હું ત્યાં મરું પડી!
"મમ ગયા પછી કૈં સુખી થજે!
"રડતું કોઈ તો અશ્રુ લૂછજે!

"જરૂર તું ક્ષમા આપશે મને!
"જઈશ હું હવે માતની કને!
"હૃદય આ ઘણું સાચવ્યું સખિ!
"પણ હવે મને ચેન કૈં નથી!"

ચડી ગઈ કહી એ અગાસિયે,
ઊભી નદી જુવે વ્હેતી પૂર જે.

"કમલ! કમલ! ત્હારી પાંખ ભૃંગે જ ચીરી,
'મરીશ મરીશ ના ના! કેમ તો જીવશે એ?
'મરણ પ્રિય છતાં એ સાથ આવી શકે ના!
"હૃદયમણિ રમાનું કેમ તોડી શકે એ?"

ગ્રહ્યો યુવાને કર શોભનાનો,
હતો રહેલો તપી તાવથી જે;
રમાની દાસી કંઈ કામ માટે
ચડી, દીઠું ને ગઈ તુર્ત નીચે.

બન્ને મળ્યાં! અરર! એ મળવું શું છેલ્લું?
છેલ્લું હશે જ, નહિ તો દિલ કેમ ફાટે?
આંસુ તણી નદી વહે જલપૂર નેત્રે,
ને ત્હોય તે ન ઊભરા શમતા હજી એ.

છૂટાં પડ્યાં ફરજનું કંઈ ભાન થાતાં!
રે! ક્રૂર તું ફરજ છે દિલ ચીરનારી!
રે! ક્રૂર તું પ્રણય એ! દિલ રેંસનારો!
રે! ક્રૂરતા જ વિધિએ સરજી દીસે છે!

આ ઝેરના જગતમાં અમીના ફ્રમી શી-
ભૂલે વિધિથી પડ્યું અમૃતબિન્દુ એવી
બેભાન ને લથડતી એ નકી રમા શું?
શે ઓળખાય દુઃખમાં હસનાર પ્રાણી?!

લપેટી લે છે ઉર શોભના રમા,
મમ પ્રયત્ને વદી એટલું એ :–
પિયુ વિના તું જીવી ના શકે નકી,
"ન તું વિના એ પિયુ દેહ રાખશે."

"થઈ તું એની! સુખિયાં થજો તમે!"
જલે ભર્યાં નેત્ર જ એમ સૂચવે!
રમા! ગઈ તું ભવ આ તરી નકી!
ઉદાર, પ્રેમી, પ્રિય ભક્ત બેની!

"નહીં રમા!" ઉત્તર એ જ આવ્યું!
ગયું ચીરાઈ દિલ શોભનાનું;
હવે ગળ્યું એ વિષ તેં! અરેરે!
પરન્તુ જો સ્વર્ગ દીસે તહીં છે!

* * *

"રજની ગઈ છે! વાયુ ફૂંક્યા! તુફાન પૂરાં થયાં!
"ઊડી ગઈ હવે નિદ્રા! પેલો રવિ પણ ઊગશે!
"ફડફડ થયા, કંપ્યા દીવા! છતાં ન બૂઝ્યા તમે!
"અનિલ મધુરો! થાવા આવ્યું પ્રભાત! બૂઝો હવે!"

અગાસિયે બે ય સૂતાં હતાં તહીં
ભરેલ તાવે પિયુ એ લવ્યો, અને
સુનેરી ફૂળાં કિરણો રવિ તણાં
ગયાં છવાઈ પ્રિયુપ્રેયસી પરે.

મૂર્ચ્છા મહીંથી ઊઠ ચાતકી તું!
તારા શશીને હજુ જોઈ લેને!

જો જીવશે તો ફરી આજ સ્થિતિ!
પીળો થયો છે! ડૂબી એ જશે! જો!

"રે રે! રમા! હૃદય ઓ! કર માફ! વ્હાલી!
"હું જાઉં છું! તલસું છું! કર માફ! વ્હાલી!
"છાતી પરે કર હવે તુજ રાખ! વ્હાલી!
"ને શોભનાકર વતી મુજ નેત્ર ચાંપ!"

રમા કમ્પી ઊઠી નયન નયને એ મળી રહ્યાં!
પડ્યાં ના આંસુ કે નયન પણ ભીનાં નવ થયાં!
ગઈ જાણી સર્વે! ફટકી ગઈ! ને એ ગઈ નીચે!
પિયુના લોહીને ચકર ફરવાં ના બહુ હવે!

દેખે યુવાન ફરી સ્વપ્ન નવાઈ જેવું,
તે દેવી તે કબૂતરો નભમાં ઊડે છે;
ઊંચે ઝૂમે સુરભથી ભરપૂર સ્તંભ,
ને ઝાલરો ચળકતી નભમાં તરે છે.

તે દેવીએ શિર પરે કર આવી મૂક્યો,
વીતેલી કાલની કંઈ થઈ ઝાંખી ઝાંખી;
ત્યાં શોભના પ્રિય રમા હસતી દીસે છે,
તે જોઈને મુખ જરા સ્મિતથી પ્રકાશે

ગુલાબના ફૂલ સમું મુખ એ પ્રકાશ્યું,
ને ભાલની ઉપર તેજ રહ્યું છવાઈ;
"વ્હાલી રમા! દિલ હવે દિલ સાથ ચાંપ!
"હે શોભના!" લવી ગયો વળી સ્વપ્ન દેખે.

ત્યાં એક હસ્ત કુમળો દિલને અડે છે,
ને એક હસ્ત શિર ઉપર કમ્પી રહે છે;
યુવાનનાં નયન અર્ધક ઊઘડે છે,
ને નેત્ર એ ગળગળાં સુખથી બને છે.

કાંઈ નવો રસ ત્રણે દિલ એ પિયે છે!
કાંઈ નવા રસ મહીં હૃદયો ગળે છે!
ઘેરાં થતાં નયનને પ્રિય હસ્ત દાબે!
ને ધ્રૂજતા હૃદયને દિલ પ્રેમી ચાંપે!

છાતી પરે પગ પરે લથડી પડી ને
મૂર્ચ્છા મહીં ઢળી પડી વળી એ લતા બે;
મ્હાલ્યાં ત્રણે હૃદય એક જ સ્વપ્ન માંહીં,
સાથે મળી જ્યમ મળે દરિયે નદી બે.

સંગીત શો મધુર એ કંઈ નાદ સુણે,
બ્રહ્માંડ નાદમય આ સઘળું દીસે છે!
ભાવિ મહીં ચળકતા કૈં સૂર્ય ભાસે,
બ્રહ્માંડ તેજમય આ સઘળું દીસે છે!

એ નેત્ર ચાર મૃગ શાં વળી અર્ધ ખૂલ્યાં,
ગમ્ભીર ભાવમય એ મળીને બિડાયાં;
વીતી પળો કંઈ અને ફરી શોભનાનાં
છેલ્લાં જ વિશ્વ પર નેત્ર ફરી મિચાયાં.

રજની ગઈ એ, વાયુ ફૂંક્યા! તુફાન થયાં પૂરાં!
ઝળહળ થતો ઊગ્યો ભાનુ! તુષાર ઊડી ગયા!
દીપક ધ્રૂજતા તે બૂઝાઈ ગયા રવિમાં ભળી!
ધપતી ધપતી વ્હેતી વ્હેતી નદી દરિયે મળી!

આ મૃત્યુ! આ પ્રણય ને રસએકતા આ!
આ મધ્યબિન્દુ સહુ જાળની ગૂંથણીનું!
જે પ્રેમ એક જ હતો બહુરંગધારી!
તેનો જ આ અસલ રંગ રહ્યો ઝળેળી!

હર્ષ શું ઝિન્દગીમાં ને હર્ષ શું હોત મૃત્યુમાં,
પ્રેમના રંગથી જો ના રંગાયું વિશ્વ હોત આ!

૭-૪-'૯૬

## શાન્ત પ્રેમ

### ॥ વિચિત્રં ચક્રં કાવ્યમ્ ॥

નવું આજે કાંઈ તુજ મુખ પરે ને હૃદયમાં,
નવી રીતે કાંઈ મુજ ઉપર દૃષ્ટિ ઢળી પડે;
અહો! બાલુશિરે તુજ કર ફરે તે પણ નવો,
નવાં ગાત્રો એ થઈ નવીન રસમાં આજ પલળે.

બની માતા આજે ગૃહિણી તુજનું આ દિલ વહે,
અહા! એ વાત્સલ્યે તુજ હૃદય આજે ગરક છે;
ફૂલેલી છાતીમાં સુખની મગરૂરી છલકતી,
સુખી તું જેવું કો' જગત પર ના અન્ય ગણાતી!

સુખી તું છે સખી! મધુર સુખ આમીન તુજને,
અને બાલુ સામે નિરખતી સદા જોઉં તુજને;
ગૃહિણી દેવી તું દિલની મમ માતા પણ થજે,
અહો! કેવું મીઠું પ્રણય સહ વાત્સલ્ય ભળશે?

સુએ બાલુ ત્હારા કદલી સરખા આ પદ પરે
અને ત્યારે જેવાં નયન તુજ તેને નિરખતાં,
સખિ! હું યાચું તે નયન તુજનો એક જ રસ,
સૂઉં છું હું જ્યારે તુજ પદ પરે શિર ધરીને.

મને વ્હાલાં લાગે ચપલ દ્રગથી શાન્ત નયનો,
પતિ હુંને ના ના, પણ હૃદયનો મિત્ર ગણવો;
મને બન્ધુ, વ્હાલો, પિયુ, તુજ પિતા પુત્ર ગણજે,
અને એ ભાવોથી મમ હૃદયનો આ રસ પીજે.

નકી દૈવી રીતે હૃદય પ્રણયીનો રસ પીતું,
ખરા સ્નેહે જ્યારે શરીરસુખ સૌ ગૌણ બનતું;
વસે સ્વર્ગે તે ના અધિક કંઈ આવા પ્રણયથી,
અને સ્વર્ગે તેથી પ્રણયી દિલનું ઈચ્છિત નહીં!

૧૬-૪-'૯૬

## જ્વરમાં પ્રિયાને

અરે! તું વૈદ્ય કાં તેડે? ગળે કાં ઔષધિ રેડે?

ભૂલી વૈદક શું ગઈ? વ્હાલી વ્હાલી પ્રાણ!
કૂપી અમૃતની પ્રિયે! તું તું ઔષધખાણ!

ભૂલી તું તો બતાવું હું! ભરે જલ નેત્રમાં આ શું?
લલાટે રાખ કર ત્હારો પછી એ તાવ પણ પ્યારો!

વૈદ્ય રડે તેથી પ્રિયે! આ દરદી મૂંઝાય,
નાડી જો દિલની અને કર તું કાંઈ ઉપાય.

હૃદયનો વૈદ્ય મ્હારો તું: હૃદય રાજી દરદ તો શું?
મને આ તાવ સારો છે! મધુરી હૂંફવાળો છે!

જ્વરથી જોઈ શકાય છે ત્હારું હૈયું! પ્રાણ;
બીજી કોઈ સ્થિતિ નહીં, જ્વર તે મીઠી લ્હાણ!

અરે! એ લ્હાણ કાં ખોવી? મને તો ભાવતી એવી!
કટુ કાં ઔષધિ લેવી? મળે છે જો મધુરી કૈં!

દિલબૂટી તુજથી ઝરે ફૂળાં રસની ધાર!
જોવું જો કૈં પારખું તો મુખ દર્પણ ધાર!

મને એ મ્હોં અતિ વ્હાલું, ગરીબ મૃદુ ને ફિકરવાળું!
અહીં અહીં આવ ચુમ્બી લઉં! હવે પગ ચાંપતા થાકી!

સ્મિત મુખ છે પ્રિય મુજને, શું ના પ્રિય તુજ હોય?
ચિન્તાગ્રસ્ત પરન્તુ આ તુજ મુખ કેવું સ્હોય?

મને મ્હોં એ વધુ વ્હાલું! કંઈ તેમાં નવું પ્યારું!
અહાહા! ગોળ ગોરું એ જરા શરમાઈને નમતું!

એ મુખ પાસે હોય તો મીઠું શું નવ હોય?
તાવ હોય કે કાંઈ હો જે હો તે છો હોય!

પ્રિયે! મુખ એ હસે છે હા! ગયો જ્વર ક્યાંઇ ઊડી આ!
અહીં તું આવ આલિંગું! નયન મૃગ શાં મીચે છે શું?

૧૭-૪-'૯૬

## આકાશને

અહો કૈં ખેંચાણો તુજ ઉદરમાં આથડી રહ્યાં,
વલોવાતા ગોળા ગણતરી વિનાના ઘૂમી રહ્યા;
ફર્યા એ કૈં કોશો અગણિત ફરીને લય થશે,
હતા જે સ્થાને ત્યાં ફરી નવ અડ્યા વા ન અડશે!

અહો! ન્હાના ન્હાના ટમટમ થતા દૂર દીસતા,
અને ન્હાની ન્હાની ગૂંથણી ઝૂમખાંની ગૂંથી રહ્યા;
પરન્તુ પાસેથી કદ કદી મપાઈ નવ શકે,
અને કલ્પી તેનાં મનુ નવ કદી અન્તર શકે!

અરે! આવા કૈંનો લય થઈ જઈ ઉદ્‌ભવ થશે,
અને ત્હોયે એ સૌ તુજ ઉદરની મધ્ય જ હશે!
અહીં, ત્યાં ત્યાં દૂરે, તુજ ઉદરનું મધ્ય જ બધું!
નહીં છેડો તેનું નવ કયું હશે સ્થાન વચલું?

ભરેલું શું ત્હારું ઉદર સઘળું પૂરણ હશે?
અરે! વચ્ચે સૌ તો અગણિત સ્થળો ખાલી જ હશે;
બધાં આ બ્રહ્માંડો અણુવત નકી તું-ઉદરમાં,
અને ન્હાના લીટા જરૂર અજવાળાં રવિ તણાં,

પછી તો અન્ધારું તુજ ઉદર શું ફેલી જ રહ્યું!
વસે છે તું જેમાં તુજ ઉદરમાં જે વસી રહ્યું!
જરા તે રેલે, તો પ્રલય સઘળાનો થઈ જતો,
જરા સંકોચાતાં ઉદ્‌ભવ થતો આ જગતનો.

તમે બન્ને એવાં પણ અમ કને એવું જ કંઈ!
અમારું હૈયું એ તમ ઉદર શું છે નકી નકી!
તમારી પાસે કૈં અમ હૃદયનું માપ ન મળે!
તમોને ના માપે જનહૃદય તે માપી ન શકે!

૧૮-૪-'૯૬

## કૃતઘ્નતા

ભલે ફૂંકો ફૂંકો પવન તમ જ્વાલા સળગતી!
ભલે વંટોળાતી ગગનપડમાં ધૂળ ઊડતી!
સુસાટામાં છોને ગિરિશિખર મ્હોટાં ઢળી પડે!
ભલે સૂર્યે ઢાંકી રજ સહુ દિશા મેલી જ કરે!

ભલે વ્હેતાં વ્હાણે શઢ સહુ ચીરાઈ તૂટી પડે!
પ્રચંડોર્મિ છોને જલધિજલના ઊછળી રહે!
ભલે હોડી ડૂબી ગરક દરિયામાં થઈ જતી!
ભલે જાતી આખી જન સહ રસાતાલ પૃથિવી!

હવે તો હું વૈરી જગત સઘળાનો થઈ રહ્યો!
અહો! જેને માટે મમ હૃદય બાળી દુઃખી થયો!
કૃતઘ્ની લોકોને કદર નવ કાંઈ હૃદયની!
ન જોવાની ઈચ્છા! કદર કરવા સાધન નહીં!

તુફાની સત્ત્વો આ કુદરત તણામાં મળી રહું!
બને તો વંટોળો થઈ જગત આ ઉજડ કરું!
ગડેડાટો મ્હોટા–કડડ કડડાકો વીજળીના–
મને વ્હાલાં વ્હાલાં પ્રલયધમસાણો પવનમાં!

દયાના, પ્રતીતિના, મૃદુ હૃદય ને માર્દવ તણા
તમે લોકો વૈરી – મમ હૃદય લે વૈર ક્યમ ના?
હસો રોતાં દેખી! હસીશ તમને આજ ચગદી!
અહો! રોનારાં આ મમ નયનમાં જ્વાળ સળગી!

દયા રોનારાંની ઉપર નવ મ્હારા હૃદયને!
ત્હમારું રોવું એ કપટમય ને ક્રૂર જ દીસે!
ત્હમારાં લોહીમાં મમ હૃદય આ સ્નાન કરશે,
અને ત્હોયે સૌ એ ઘટિત થયું એમ ગણશે!

અહાહા! આ મીઠી કુદરત તણી કેવી મૃદુતા!
અરે! તેમાં ક્યાંથી હૃદય તમ શીખ્યાંય જડતા?
ત્હમારે માટે કો' હૃદય ભગવું જે કરી રહે,
અરે! તેને ચીરો! તમ હૃદય તો ચીરીશ હવે!

સખે! તેં એ શું આ જિગર ચીરવા ખંજર લીધું?
હતું ખુલ્લું ત્હોયે હૃદય મમ તેં એ નવ દીઠું?
કહું શું લોકોને! અરર! સઘળાં પામર નકી!
વૃથા ઢોળું ત્યાં હું મમ હૃદયનો ક્રોધ જ નકી!

તને તો ના ઓહો! મુજ જિગર કૈંએ કહી શકે!
મૂક્યું ખોળે માથું પછી કતલનો શો ડર રહે?
દગો ત્યાં એ ત્યાં એ! પછી જગતને શું કહી શકું?
વિના બોલ્યે કાંઈ પણ નવ હું મૂંગો મરી શકું!

ભલે ફૂંકે ફૂંકે અનિલ અથડાયા વગર સૌ!
ગિરિ તો આ રૂનો થઈ જઈ હવે પોલ ઊડતો!
ઘણા વ્હોની સામે અડગ રહીને ટક્કર લીધી–
હવે તે ખેંચાતો તૃણવત્ થઈ તાણની મહીં!

જવા સામે પૂરે સરપ સરખો યત્ન કરશે–
હજુ એ ખેંચાતો પણ નવ ખુશીથી કદી જશે!

અરે! આશા કિન્તુ જરી પણ રહી ના હૃદયને-
પડ્યો જે નીચે તે જગત ક્યમ ઊંચે લઈ શકે?

સખે! અન્યાયી તું મુજ હૃદયને ને જગતને!
અરેરે! તેં કીધું જગત કડવું આ હૃદયને!
કૃતઘ્ની તું થાતાં મમ દિલ કૃતઘ્ની થઈ ગયું!
પ્રભુની લીલાને વિષમ ગણતાં એ શીખી ગયું!

તને કૈં ક્હેવું એ દિલની નબળાઈ મુજ નકી!
વિના સ્વાર્થે પ્રીતિ મમ હૃદયથી ના થઈ શકી!
નકી આશા કાંઈ તુજ હૃદયમાં રાખી જ હશે,
ન તે પૂરી થાતાં મમ હૃદયને આ દુઃખ, સખે!

હશે! ભાઈ! કિન્તુ હૃદય ત્યજવું તે સુખથી શે?
ઉછેર્યું મેં ત્હારું હૃદય કુમળું દુઃખી ગણીને;
હવે કાંટા લાગે! અમર તુજ એ કંટક હજો!
પરન્તુ બીજાથી જરી વધુ હવે કોમળ થજો!

૧૯-૪-'૯૬

## બાલક કવિ

ત્હારી દીસે ચપલ નેત્રની જ્યોતિ, બાપુ!
કીકી ભરી રમતિયાળ હજાર ભાવે!
ત્હારાં સહુ ઊઘડતાં ફૂલ શાં સુઅંગો!
આ બાલવૃન્દ મહીં કાંઈ જુદાં જ ભાસે!

શોધી રહ્યો નવીન કાંઈ સ્થલે સ્થલે તું,
ને ખેલમાં મચી રહ્યો વળી પૂર્ણ હર્ષે!
તું સર્વ જ્યાં અટકતાં કૂદી જાય સ્હેજે,
ના કાંઈ જોખમ તને નજરે પડે છે!

કેડી પરે વન મહીં સહુ બાલ ખેલે,
ક્યાં એ તું તો ઘૂસી જતો વન માંહીં દૂરે!
વૃક્ષે ચડી ઝરણ એ વહતું જુવે છે,
ને ત્યાંય કાંઈ નિરખી મશગૂલ ર્‌હે છે!

જો એ જ માર્ગ તુજ જિંદગીનો ગ્રહે તું,
કેડે મૂકી ભટકવા તું યથેચ્છ ઇચ્છે;
જ્યાં જે જડે ડૂબી જવું જ તહીં તું ધારે,
તો સાવધાની બહુ રાખવી, ભાઈ! ત્હારે.

છૂટું મૂકેલ દિલ જો કબજે રહે ના,
તો પક્ષી પિંજર બહાર ન કાઢજે તું;
એ પંખિડું અજબ છે બહુરંગધારી,
ને પાંખ તીવ્ર બહુ છે નભમાં વિહારી.

કૈં મેઘલાલ તરવા ગિરિપાર ઊડે
ને સિન્ધુઊર્મિ મહીં ડૂબકી દે ડૂબીને!
ક્યાં એ પડે નિડર પારધિજાલ માંહીં.
ને તોડી એ ઊડી જતું વળી ક્યાંહી ક્યાંહી,

દેખ્યું સદા પણ નવીન જ દેખશે તું!
આ દૃષ્ટિ બાલ તણી વૃદ્ધ થતાં ન જાશે!
સૌંદર્ય નગ્ન થઈ સૌ તુજ પાસ ર્‌હેશે,
સૌન્દર્ય સર્વ સ્થલમાં તુજ નેત્ર જોશે.

તુંને અરે! હૃદય આવું જ છે મળેલું,
તો રાખજે દૃઢ લગામ સદા કરે તું;
છે એક બાજુ દુનિયા સઘળી હઠીલી,
ને એકલો કવિ રહીશ તું એક બાજુ!

છે મિત્ર તું જગત સર્વ તણો થવાનો,
ના લાગવા જગતનો પણ પાસ દેવો!
એ ખેંચાશે રિબવશે રિપુ માની તુંને,
ત્હોયે નિભાવ તુંજ મૈત્રી સદા સુપ્રેમે!

આ ક્ષાર સિન્ધુ મહીં શોધક મોતીનો તું!
દોરી વિના ઉદધિને તળિયે જવાનું!
ત્યાં મચ્છ સિંધુ મહીં વ્હાણ ગળી જનારા!
તોફાન ગિરિમૂલને ય ઉખેડનારાં!

તે રાક્ષસોની ઉપરે પ્રીતિ રાખવાની!
તે રાક્ષસોની સહ સચિવ દૈવી અંશ,

છે યુદ્ધ તો જગવવું પણ પ્રેમ રાખી;
લોહી લીધા વગર લોહી દઈ જ દેવું!
દોરાઈ છે વળી જવું કંઈ તાંતણાથી!
આજ્ઞા થતાં કુદરતી કહી "ના" શકે ના;
જેને જેનો જગતમાં નબળાઈ કહેતાં,
તેમાં જ છે તુજ થવું પુરુષાર્થ, વ્હાલા!

જે માર્ગથી જગત આ પડી જાય નીચે,
તે માર્ગથી જ જગને લઈ જાવું ઊંચે!
જે ગીત સર્વ નબળાઈ મહીં તું ગાશે
તે ગીતથી જ જગની નબળાઈ જાશે!

તાકાત હોય કરવા સહુ સાહસો આ,
જો મૃત્યુ પાછળ ય રાખી શકે તું આશા,
તો કેડી છોડી નવી કેડી તું ખેડતો છે,
જા તું ફરી જગતના ક્રમમાં નહીં તો.

૨૦-૪-'૯૬

## નદીને સિન્ધુનું નિમન્ત્રણ

ઘૂઘૂઘૂઘૂ ગિરિ ઉપરથી ઘૂઘવી આવતી'તી
મ્હારે માટે હૃદય દ્રવતું ભેટવા લાવતી'તી;
સર્પાકારે વહતી વનમાં ગીત ગાતી હતી તું,
મ્હારી છાયા સમજી નભને ઉરમાં ધારતી તું!

દીઠા મ્હારા અવર નદીથી હસ્તને ખેલતાં શું?
દીઠી મ્હારી ચડતીપડતી પ્રેમમાં તેં અરે શું!
દીઠી છાપો દિલ પર પડી સર્વ ભૂંસાઈ જાતી?
શું દીઠું કે ત્યજી દઈ મને રેતમાં તું સમાઈ?

મ્હારા હસ્તો જરૂર નદીઓ અન્યથી ખેલનારા,
ખેંચાતું જે મુજ તરફ ત્યાં દિલ ખેંચાઈ જાતું;
તું એ વ્હાલી ગિરિ પર થઈ આવતી તે ભૂલી શું?
ભૂલી કાંઈ રજ મધુ પિતા પાસથી લાવી તે શું?

રે! વેળાથી ચડતીપડતી કાંઈ પ્રેમે ય થાતી!
કમ્પે છે આ, સ્થિર નવ રહે સર્વ બ્રહ્માંડ, વ્હાલી!
વીણા તારો સ્વર શરૂ કરી અનત્ય વિરામ પામે,
કમ્પે પાછા નિપુણ કરનો કમ્પ ને સ્પર્શ થાતાં.

રે! ભૂંસાની દિલ પર પડી છાપ એ કમ્પસ્પર્શે,
ભૂંસી દેવું, ફરી ચિતરવું એ જ છે ચિત્ર આંહીં!
અહો! આવા નીરસ રસમાં વિશ્વને તું વહેતાં,
ત્હારું મ્હારું જીવિત સરખાં, પ્રેમ કાં સંભવે ના?

મ્હારી થા તું ફરી ઉછળને રેતનાં એ પડોથી,
ના છાજે આ સલિલ મધુરું ધૂળમાં રોળવાનું;
હું સંયોગે કટુ થઈશ તું ત્હોય હું નાથ ત્હારો,
રે રે વ્હાલી! નવ મળી શકે ઐક્ય કો' અન્ય સ્થાને.

૨૪-૪-'૯૬

# વૃદ્ધ ટેલિયો*

પડી'તી ડાંગ લાંબી ત્યાં ડોસાના પગ આગળે,
બેઠો'તો માર્ગની પાસે શિલા એક પરે નમી.
કનેના એક ખંડેરે દૃષ્ટિ સ્નિગ્ધ હતી ઢળી;
શ્વેત એ પાંપણો નીચે છૂપાં અશ્રુ ભર્યાં હતાં.

જરા ધ્રૂજે છે નમી શીર્ષ નીચે,
કપાસના પોલ સમું દીસે તે;
દુઃખે દીસે છે જરી ઓજ દાબ્યા,
દુઃખોની રેષામય ગાલ ભાસે.

ચિતાની અગ્નિજ્વાલામાં દીધો છે પગ એક, ને
બીજો તે જો ઉપાડે તો અન્ત ત્યાં સહુ કષ્ટનો.

હું ત્યાં ગયો હૃદય ખેદિત કાંઈ થાતાં,
અશ્રુ દુઃખી નિરખતાં હૃદયે ભરાયાં;
તે જોઈને દુઃખી ન રાક્ષસ કોણ થાય?-
અશ્રુ વહે જનઉરે જન જોઈ દર્દી.

* ઇંગ્રેજ કવિ વર્ડસવર્થના એક કાવ્ય ઉપરથી

પૂછ્યું, "ભાઈ! ક્હીંનો તું? ક્હીંને કેમ જાય છે?
"ઘટે ના આપવો આવો શ્રમ આ પદને હવે."

વિચારોથી જાગી મુજ તરફ જોયું જરી હસી,
અહો? કેવું મીઠું હૃદય દુખિયાં એ હસી શકે!
પરંતુ એ હાસ્યે મમ હૃદયને તો દુઃખ દીધું!
મને તો રે! લાગ્યું સ્મિત નહિ પરંતુ રુદન એ!

અને એવું એવું રુદન સરખું હાસ્ય કરતી,
બધાં વૃક્ષોમાંયે રુદન સરખું હાસ્ય ભરતી,
ગઈ વ્હેતી ધીમે અનિલલહરી કો' સૂસવતી,
અને ડોસો એને શ્રવણ દઈ જાણે નિરખતો!

બોલ્યો ધીમે, "અરે બાપુ! દુઃખીનાં દુઃખ કાં પૂછો?
"ન જાંણે તે ન જાણે છે, વાતોથી દુઃખીનાં દુઃખો."

તહીં હું તો બેઠો દુઃખી દિલ તણી વાત સુણવા
કહ્યું, "બોલો! તમ હૃદયની વાત સઘળી;

"દયા; જોકે છેદી દુઃખી દિલ તણાં ના દુઃખ શકે,
"નકી પંપાળીને જિગર હલકાં તો કરી શકે."
ગાલે કરચલી કમ્પી ને જોઈ મુજ મ્હોં રહ્યો;
હું તેના વૃદ્ધ હૈયાના રક્તને સુણતો હતો.

ટટ્ટાર એ થઈ પછી ક્ષણ એક વીત્યે,
તે ડાંગને પગથી રેડવી આમ બોલ્યોઃ
"રે બાપુ! તું જરૂર સાંભળશે દુઃખો શું?
"શું વૃદ્ધ આ હૃદયને નિરખી શકીશ?

"થોડાં વર્ષો પર બહુ હશે કાળચક્રો ફર્યાં ના,
"તાજી આશા તુજ હૃદયની, રક્ત તાજું હજુ આ;
"હું તો, ભાઈ! મરણ પર છું આંખ રાખી રહેલો,
"મ્હારા મ્હોંની કરચલી બધી જીર્ણ વાતો ગણે કૈં.

"જૂની વાતો, મગજ ઘરડું, હોય શું સ્વાદ તેમાં?
"મૃત્યુ જેવું નીરસ સઘળું લાગશે, ભાઈ! એ તો!
"ત્હારી દૃષ્ટિ ઝળહળ થતા ભાવિમાં બાપુ! ચોટી,
"મ્હારી દૃષ્ટિ ગત સમયના ગાઢ કિલ્લા ઉખેળે.

"બહુ વેળા દુઃખો સ્હેતાં ફાટી આ દિલ છે ગયું;
"ભલે ત્હોયે પડો ગાઢાં ઉખેળું તુજ પાસ હું."

છૂટા ન શબ્દો પણ એ થતા'તા,
ખંડેરમાં એ નયનો ફરે હજુ;
મ્હારી ય ત્યાં દૃષ્ટિ જરાક સ્તંભી,
એ સ્થાન કૈં ગમ્ભીર ભાસતું હતું.

તૂટેલ જૂના ગૃહની નિશાની,
ગાઢાં તરુ નાજુક એક વ્હેળું;
ભાસ્યું મને સ્થાનક ભૂતનું એ,
કે છૂપવા ઠોઠ નિશાળિયાનું.

ટટ્ટાર કિન્તુ થઈ એ ક્ષણમાં ફરીથી,
નિઃશ્વાસ એક લઈ દીર્ઘ મને કહ્યું આઃ-
"રે મહેરબાન! નકી મૃત્યુ ભલાનું વ્હેલું:
"ને શુષ્કને સળગવા બહુ કાલ લાંબો!

"આ નેત્ર કૈં નિરખતાં અહીં આસપાસ,
"જેનું કશું નયન જોઈ શકે ન ત્હારાં;
"આ સ્થાનમાં સમયના પલટા કંઈ છે,
"રે! સ્થૂલ ભૂમિ પણ કૈં પલટા સહેતી!

"રે ભાઈ! આખર બધાં ય મરી જવાનાં,
"લેતું ન મૃત્યુ વળી આપણ એકલાંને!
"જે જે પદાર્થ પર પ્રેમ જનો કરે છે,
"તે તે પદાર્થ પણ તે જન સાથ જાતા!

"તે વ્હાલની અગર ચીજ ફરી જતી સૌ,
"વીતેલની પ્રીતિ તણું ફરતું બધું એ;
"હા! તુર્ત સુન્દર સહુ ય કુરૂપ થાતું!
"વીતેલની રહી શકે ન નિશાની એ કો'!

" 'બાલાં' કરી મુજ હતી ભગિની સમી કો',
"તેનું જ આ ગૃહ, અહો! મુજ આશરો કો;
"મ્હારો જ ના : પણ ગરીબ સહુયનો આ
"તૂટી પડ્યો કંઈક વર્ષથી આશરો છે.

"એ બ્હેન! બ્હેન હતી ના મુજને જહાંમાં,
"એ બ્હેન! કિન્તુ મુજને પ્રભુએ ધરી'તી;
"મ્હારા પડોશ મહીં પુષ્પ હતું ખીલ્યું એ,
"પંપાળવા હૃદયને જ હતું ઊગેલું.

"એનું હશે મુખ નહીં બહુ બોલ બોલ્યું,
"થોડા જ શબ્દ, પણ બિન્દુ બધાં સુધાનાં;
"એ શાન્ત આર્દ્ર ભગિની સરખી નિગાહે
"કોને કર્યું નવ હશે ઉપકાર ગાતું?

"મ્હારા પછી જગતમાં જનમી હતી એ,
"પાછી જતાં મગર પ્હેલ કરી જ ચાલી;
"મ્હારે ગૃહે બચપણે રમનાર બ્હેની
"આંહી હતી, તહીં ય બાલક એ હજુ છે.

"મ્હારે ગૃહે! સમય એ પણ યાદ આવે!
"બાલાં તણું પ્રિય હતું મુજ ઝૂપડું એ;
"એનું અને મુજ હતું ગૃહ સાંકળેલું
"કો' પ્રેમથી વળી સમાન અનુભવોથી.

"માતા મને ત્યજી ગઈ મુજ જન્મ થાતાં,
"એ દૂધ વત્સલ ન પામી શકેલ હું છું;
"બોજો પડ્યો મુજ પિતાશિર એ વહીને
"થાકી ગયેલ ઉર મૃત્યુ મહીં વિરામ્યું.

"બાલાં તણા વડીલ બન્ધુ સહે રહ્યો હું,
"એનાં ય માત વળી તાત રહ્યાં હતાં ના;
"કેવાં હતાં હૃદય એ કુમળાં બનેલાં!
"કેવાં સદા મધુર સ્વપ્ન મહીં રહેલાં!

" 'જે સર્વને જગતમાં નવ તે મને છે'!
" 'જે ના મને વળી તને ય રહ્યું નહીં એ'!
" એવી જ નિત્ય કંઈ વાત અમે કરીને
" ના જાણતાં હૃદયમાં ગળતું હતું શું!

" 'જે અન્યને જગતમાં નવ તે મને છે',
"એ લાગણી ઉપર વિશ્વ બધું ફરે આ;

"એ લાગણી નરકસ્વર્ગ તણી જનેતા;
" ને તે વતી જ અમ ઉર ઢળ્યાં પ્રભુમાં.
'પછી તો ભાઈની સાથે કાપવા કાષ્ઠ હું જતો,
"ઉપયોગી થયો માની ઉપાધિ કરતો હતો.

"વસન્તના એક દિને રૂપાળે
'પ્રભાતકાલે વનમાં હતો હું;
"ભલો અમારો નૃપ અશ્વ સાથે
"કને જ દીઠો ફરતો તહીં મેં.

'મને જોઈ ઊભો રાજા, દયાથી મુજને કહ્યું:
"સુખી છે કે? ગુજારો તું કરે છે તુજ શી રીતે?"

"કહી સહુ મેં મુજ વાત તેને,
"જરા વિચારી નૃપ આમ બોલ્યો:
'મહેલમાં આજ જ આવજે તું,
"દઈશ હું નોકરી બાગમાં ત્યાં."

"ગયો બ્હેન કને દોડી, કહી વાત કૂદી કૂદી;
"ભાઈની લઈને આજ્ઞા, જોડાયો મુજ બાગથી.

"તહીં બગીચે નૃપ આવતો સદા,
'મને હસીને કંઈ પૂછતો સદા;
"ભણાવતો ગમ્મતમાં મને કંઈ,
"અને પછી પુસ્તક કાંઈ આપતો.

"સોંપેલ તે મુજ તરુ જલ પાઈ પોષી,
"ચિત્રો નિહાળી મમ પુસ્તક વાંચતો હું;
"ને ખેલતો ભ્રમરથી ફૂલડાં ઉછાળી,
"રે! એમ કૈંક દિવસો સુખના ગયા ત્યાં.

"અરે! જે છાયામાં કમનસીબ પક્ષી જઈ વસે,
"તરુ એ તે સૂકે, ગહન ગતિ એવી હરિ તણી!
"ઊડી જાતાં છાયા ગરીબ કંઈ પંખી રડવડે,
"અહીં સંસારે એ બહુ વખત કૈં માલૂમ પડે!

"ગઈ સ્વર્ગે ભલી રાણી, અમ્બાનો અવતાર એ,
"પ્રિયાની પાછળે ઓહો! ઝૂરી ઝૂરી ગયો નૃપે.

"ખાવા ધાતાં તરુ સહુ મને, ચેન ના ક્યાંય થાતું,
"હું તો ન્હાસી સમય મળતાં બ્હેનની પાસ જાતો;
"રે રે! મ્હારા નવીન નૃપની ક્રૂર છાતી હતી કે,
"ના બીજાનાં સુખદુઃખ તણું ભાન તેને હતું કૈં.

"પેટને કાજ હું તો ત્યાં ગુજારો કરતો હતો,
"અરેરે! બન્ધુ એ ત્યાં તો ઓચિન્તો ગુજરી ગયો.

"એ આત્માને પ્રભુ સુખ સદા આપજો સ્વર્ગમાંહીં,
"એ માટે કૈં રુદન કરવું યોગ્ય ના, ભાઈ! હાવાં;
"કિન્તુ પેલું વદન કુમળું આંખની પાસ આવે,
"આ ડોસાનાં બહુ ય વખતે આંસુડાં ખેરવે છે.

"કેવું કૂણું રમત કરતાં જોઈ રહેતું નભે તે!
"ઓહો! પેલું ગગન જહીંથી ભાવિ સર્વે ઘડાતાં!
"જાણે પૂછે નયન મુજને, 'ભાઈ તે ત્યાં હશે શું!'
"મીઠી દૃષ્ટિ જલભર સદા વિસરે કેમ એ તો?

"ત્હોયે એનું વદન હસતું કોઈ દ્હાડે હવે તો!
"જાણે કોઈ ચમન રચતું હાસ્ય એ હોય ના શું?
"જાણે આંહીં પ્રણય સહુ કો' શાન્તિ ફેલાવવાને
"એ હૈયામાં પ્રભુકર વતી પૂતળી કો' ઘડાતી!

"એ હૈયું તો કુદરત તણા નાદનો દિવ્ય તાર!
"કેવું મીઠું રસમય અને આર્દ્ર કેવું સૂરીલું!
"હું તો, રે રે! બહુ ય વખતે માનતો ને કહેતો,
"તું નિર્માઈ જરૂર સુખડાં અર્પવા પામવાને!"

"પછી તો બે'ક વર્ષોમાં લગ્ન બ્હેન તણાં થયાં,
"સુખી છે એ, સદા એવું સાંભળી સુખી હું હતો.

"ત્હોયે બ્હેન સિધાવી તે દિવસથી ના અન્ન ભાવ્યું મને,
"આ સંસાર તણી દિશા ય સઘળી જાણે મને ઘૂરકે;
"માતા તાત તણાં ખરાં મરણ એ તે દિ' ફરીથી થયાં,
"મોજાં અશ્રુ તણાં કટુ ઉદધિનાં તે વખ્તથી છે ઢળ્યાં.

"અરેરે! હર્ષની લ્હેરી સંકોચાતી વહે નકી!
"અરેરે! કષ્ટની રેલો વધે છે કાલ આજથી!

"હતો પડ્યો હું દિન એક દર્દમાં,
"તહીં અમારો નૃપ આવીને ઊભો;
'પ્રણામ દેવા નવ ભાન કૈં હતું,
"ઊભો રહ્યો એ, સૂઈ તો રહ્યો જ હું.

'મારી લાતો મને બોલ્યો, 'ચાલ્યો જા શઠ! બ્હાર તું';
"આજીજી મેં કરી, કિન્તુ બ્હેરી સત્તા જ એ હતી!
"હવે તો એ નૃપે આજે બિચારો પદભ્રષ્ટ છે;
"ભલો એ છે હવે તો એ કાલના ક્રમમાં પડી.
"ગમે તે અલ્પની સામે, ગમે તે દુષ્ટની ભણી,
"કૃતઘ્ની ને મહા પાપી તિરસ્કારની દૃષ્ટિ છે.

"ગયો ગૃહે હું બની ભૂત જેવો,
'મને પડોશી સહુ પોષતાં'તાં;
"ગરીબ કિન્તુ સહુ બાપડાં એ,
"ગરીબને પોષી શકે કહીંથી?

"હતી ન સત્તા હૃદયે શરીરે,
"ન કાર્ય હું કૈં કરતો હતો વા;
"અન્તે રડી એક દિને બહુ એ,
"વેચી દીધું એ ગૃહ તાતનું મેં.

'પુત્રી ને ગૃહને નાણે જેવા ન થયો કદી,
'પિતૃની ને પ્રભુની કૈં દૃષ્ટિ તીખી તહીં નકી.

"અન્તે રહ્યું ન મુજ પાસ કશું ય, ભાઈ!
"એ જન્મભૂમિ ત્યજવા દિન પાસ આવ્યો;
"બ્હોળું હતું જગત ત્યાં હક કૈં ન મ્હારો,
"શ્રીમાન એ તમ સમા સમજી શકે ના.

"રે! સાઠ વર્ષ દિન તે ઉપરે ફર્યાં છે,
"હું ટેલ તે દિવસથી દઈને ભમું છું;
"પ્હેલો જ આદર મળ્યો મુજ બ્હેનઘેરે,
"રે ભાઈ! બ્હેન મુજ એ જ બિચારી બાલાં.

"સહેવાનું સહી નાખ્યું, બાકી આજ નહીં કશું;
"કપાતું આયુ કષ્ટોથી, મ્હારું તો દીર્ઘ છે થયું.

"હશે ભાઈ! હશે ભાઈ! દુઃખી હું નવ લેશ છું,
"જીવતાં હું નથી થાક્યો, મોતથી ય નહીં ડરું."

તહીં સુધી વાત કરી વિરામ્યો,
કિન્તુ હતું એ ઉર કાંઈ ભારે;
કહ્યું ફરી મેં, "હજુ કાંઈ પૂછું,
"એ બ્હેનનું આ ઘર કેમ આવું?"

ડોસો જરા વ્હાલભર્યું હસીને,
મ્હારા ભણી શાન્ત નિહાળી રહેતાં,
બોલ્યો જરા એ ઠપકા સમું કૈં,
કેવું પરન્તુ મધુરું હતું એ!

" જિજ્ઞાસા કાજ દર્દીની વાતો ના સુણવી ઘટે;
" ઈચ્છા એવી મરેલાંમાં રાખતાં ઠપકો ઘટે.
" કોઈનાં એ દુઃખોમાં છે યોગ્ય ના સુખ પામવું;
" મરેલાં તો પ્રભુનાં છે તેનું માન જ રાખવું.

" પરન્તુ આપણે સર્વે જાણતાં ય નકી જ કે,
" દર્દીનાં દર્દની વાતે આપણું મિત્ર કો' વસે.
" દર્દથી જે મળે તે, કૈં દર્દની વાતથી મળે,
" દર્દોની કો' કથામાં તો દર્શનો પ્રભુનાં જડે.

" દુનિયામાં સદા વીતે તેની આ મુજ વાત છે,
" કલા છે ના, નવું છે ના, રસીલું ય નહીં કશું.

" સુણો, કહું ભાઈ! હવે ન થોભું,
" અહીં હતું એ જ સુખી કુટુમ્બ;
" બાલાં તણા એ પતિ સાથ હું તો;
" થોડું રહ્યો કિન્તુ બનેલ મિત્ર.

" ઉદ્યોગની એ પ્રતિમા હતો, ને
" ર્‌હેતો બધો દિવસ ખેતરોમાં;
" સન્ધ્યા થતાં ટેકરીએ ચડી આ,
" ગમ્ભીર સૂર્યાસ્ત સદા ય જોતો.

" હતું સદા એ મુખ હાસ્ય માંહીં,
" પ્રભાતકાલે નિરખ્યા સમું એ;

" હતું ભરેલું ગૃહ અન્નથી આ,
" ને વૃક્ષ આ દાડિમથી ઝૂકેલાં.
" રહી થોડા દિનો, ત્યાં હું, યાત્રાએ ફરવા ગયો;
" બહુ ઘૂમી બહુ વર્ષો પાછો ત્યાં ન ફર્યો હતો.

" દુકાળ મ્હોટો મરકી સહે ત્યાં,
" હતો પડેલો ત્રણ વર્ષ પૂરાં;
" છત્રીશ તેને વરસો થયાં છે,
" હશે તમોને સ્મરણે નહીં એ.

" બધાં હતાં ખેતર છેક સૂકાં
" કૂવા મહીં એ જલ ના રહ્યું'તું;
" શહેરો બધાં તો શબના ઢગોથી,
" રોતાં હતાં દર્દ સ્મશાન જેવાં.

" વળી ઊઠી કાબુલમાં લડાઈ,
" ગમ્યું પ્રભુને સઘળું હતું એ;
" શ્રીમાન કૈં યાચક થઈ ગયા, ને
" ભૂખે મરી કૈંક ગયાં ગરીબો.

" હું ઝૂંપડાં કૈંક ભમી ભમીને,
" પૂરું કદી અન્ન ન પામતો'તોઃ
" તૂટેલ વસ્ત્રો ય હતાં ન ત્યારે,
" એ સખ્ત કાળે મરતાં બચ્યો છું.

" હમેશના શોખ તણા પદાર્થો,
" બાલાં બધા દૂર કરી કરીને;
" આશા મહીં એ દિવસો ગણન્તી,
" હર્ષે હતી આ ગૃહમાં રહેલી.

" પરન્તુ તોફાન બીજે ઉન્હાળે,
" આવી પડ્યું બ્હેન પરે નવું કૈં;
" એનો પતિ સખ્ત જ્વરે ઝલાઈ,
" પડ્યો રહ્યો માસ કંઈ બિછાને,

" ઊઠ્યો ફરીઃ માલૂમ ત્યાં પડ્યું, કે
" હતું રહ્યું કૈં જ ગૃહે ન બાકી-

" તોફાન માટે ઘરડાં થતાં વા,
" રાખ્યું હતું કોસિર કૈં કરી જે.
" વળી વધ્યું બાલક એક ત્યારે
" કાંઈ વધારે તકલીફ દેવા;
" શ્રીમાનનાં ઇચ્છિત બાલકો તો
" ગરીબને દર્દ સમાં બને છે.

" પંખી ચુગે ટેકરીઓ ભમીને,
" દાણા પડ્યા જે વિખરાઈ આંહીં;
" તેવાં જ ટોળાં કણબી તણાં કૈં
" અહીં તહીં પેટ ભરી રહ્યાં'તાં.

" પરન્તુ જેનું ગૃહ પૂર્ણતામાં
" ભર્યું હતું આજ સુધી સદા એ,
" ના જ્યાં હતી ભાવિ તણી ય ચિન્તા,
" અસહ્ય તેને પલટો થયો આ.

" પટેલદ્વારે ઊભી સુસ્ત આ તો,
" આનન્દ દેનાર દુવા ય ગાતો;
" જૂનો હવે હર્ષ ન કિન્તુ પામી,
" ચાલ્યો જતો ખેતરમાં ભમન્તો.

" ઊંડા કૂવામાં નવ કોસ ખેડી
" ન્હાસી જતો ગામ મહીં કદી તો;
" ટૂંકા હતા જે દિવસો ઉન્હાળે
" બન્યા હતા દીર્ઘ હવે શિયાળે.

" તેના હવે હર્ષ બધા ય ડૂબી
" હૈયા મહીં ના રસ પૂરતા'તા;
" ટેવાયલું હર્ષ મહીં રહેવા,
" તે હર્ષ જાતાં અરધું મરે છે.

" રીસાળ ધીમે ઉર એ થતું'તું
" કઠોરતા બાલક સાથ આવી :
" રમાડતો બાલકને કદી તો
" તેમાંય કૈં ક્રૂર જ ભાસતું'તું.

"એ બાપડાં બાલકનાં મુખોને,
"બાલાં બિચારી શકતી ન જોઈ;
"તેણે મને આમ રહી કહ્યું'તું :
"એ હાસ્ય જોઈ મરતી જળી હું' !"

અહીં સુધી કહી પાછો ડોસો એ અટક્યો જરા,
બાગનાં વૃક્ષની સામે જોઈ શાન્ત વધો ફરીઃ -

"અહીં મધ્યાહ્ન આ જગત સઘળું ગાઢ સુખમાં
"દીસે લેતું ઝોકાં, સહુ ગમ બધું શાન્ત સરખું;
"દીસે છે અત્યારે જગત પર આરામની ઘડી,
"અને ના સૂતું તે રમણીય બધું હર્ષમય છે.

"અહીં જન્તુટોળાં ગણ ગણ ઊડે વૃક્ષવિટપે,
"બધાં એ શાન્તિથી મધુર સૂરીલો મેળ રચતાં;
"અરે! ત્યારે કાં આ ગમગીન રહે વૃદ્ધ નયનો?
"ઘટે ના આ દેવાં રુદન કરવા આપણ ઉરો.

"ઘટે વ્હોરી લેવી નહિ જ નબળાઈ જન તણી
"ગયાં સ્વર્ગે તેનાં દરદ બહુ જૂનાં સ્મરી સ્મરી;
"મરેલાંનાં સત્યો મરણ સુધી ના ના મળી શકે,
"અને રાહ જોવી વધુ પણ કશું ના થઈ શકે.

"પ્રભુના આરામો ઉપર નયનો બન્ધ કરતાં
"ઘટે ન્હાની વાતો ઉપર નવ આંસુ ટપકવાં;
"અહીં ઘોળી કાંઈ દુઃખમય વિચારો હૃદયમાં
"અરેરે! શાને કૈં દખલ કરવી આ કુદરતે?

"અંજલિ ગમગીનીની સદા એ અરપ્યા થકી
"પ્રભુની પામવા પ્રીતિ બિન્દુ હર્ષ તણું વધુ."

એ બોલ એ વૃદ્ધ મુખે ગભીરી
કૈં શાન્તિ કૈં હર્ષ સ્ફૂરાવતા'તા;
એવું હતું કૈં, નરમાશવાળું,
ચ્હેરા મહીં એ વિલસી રહેલું.

ભૂલી ઘડી વાત ગયો જ હું એ
કૈં વાત બીજી જ કરી ઘડીક;

એ વૃદ્ધ મ્હોંને નિરખી રહેતાં
તૃપ્તિ નવી કૈં ઉર પામતું આ.
એ બાઈની વાત પરન્તુ તુર્ત
જાગી ઊઠી આ ઉરમાં ફરીથી;
સ્નેહી તણી વાત ન હોય જાણે
તેવો થયો હું સુણવા અધીરો.

વિનંતી મેં કરી તેથી, ડોસાએ સ્મિત મિષ્ટથી
રામનું નામ લેઈને, વાત તુર્ત શરૂ કરી:

" એવી રીતે આ દિવસો સુધી એ
" બાલાં હતી શાન્તિ મહીં રહી જ્યાં,
" તે આ ગૃહે તે સમયે ફરીથી
" હું દૂર દેશો થકી આવતો'તો.

" આ વૃક્ષને દૂર થકી નિહાળી
" આનન્દ ના આ ઉરમાં સમાતો;
" ઉતાવળે મેં પગલાં ભરીને
" ધીમે લઈ આ ખડકી ઉઘાડી,

" પરન્તુ એ બ્હેન કને ઊભો તો,
" એ તો રહી ચૂપ જ જોઈ હુંને!
" મ્હોં ફેરવી દેઈ પછી નિમાણું,
" રોઈ પડી બાપડી એ અરેરે!

" બેસી ગઈ એ મુજ પાદ પાસે,
" શું આ થતું'તું, સમજ્યો નહીં હું;
" ઊઠી પછી આખર નામ મ્હારું
" કેવું કંઈ બોલી હતી અધૂરું!

" જાણે હતાં એ ઉરમાં હજારો
" દર્દો ભરેલાં ન સહાય એવાં;
" જાણે હતું કોઈ ન પાસ એને
" એવાં દુઃખોમાં કંઈ વાત કહેવા,

" એ નેત્રનો સ્નેહ દુઃખે જળેલો,
" પ્હાડો સમી આફતથી ગળેલો;

" એ દૃષ્ટિ સાથે મુજ કાળજામાં
" ચોટી જતો'તો તણખા સમો કૈં.
" હૈયા મહીં કૈં ડૂસકાં ભર્યાં'તાં,
" ઘડીક તો બોલી શકી ન એ કૈં;
" દેઇ શક્યો હું પણ ના દિલાસો,
" મને ય ના ભાન રહ્યું કશું એ.

" એનો પતિ ક્યાંહીં હતો દીઠો મેં?
" એવું મને આખર સ્પષ્ટ પૂછ્યું!
" આશ્ચર્ય ને બીક મહીં ગળ્યો હું,
" શક્તિ હતી ઉત્તર આપવા ના.

" કિન્તુ પછી સ્પષ્ટ વિશેષ બોલી,
" કે એ હતો ન્હાસી ગયેલ ક્યાંયે,
" તેને ન બે માસ હતા થયેલા,
" સૂનું થયું આ ગૃહ ત્યારથી છે.

" રોતાં દિનો બે દુ:ખમાં ગયા, ને
" ત્રીજે પ્રભાતે હજુ ઊઠતી'તી,
" ત્યાં કોથળી એક કને જ દીઠી,
" જાણે ધરી એ જ ગયેલ હોય!

" એ ઊઠતાંવેંત જ હાથ આવી,
" જેમાં હતું કાંઈ સુવર્ણ રાખ્યું;
" એ કોથળી લેઈ મને બતાવી,
" બાલાં ફરી રોઈ અને કહ્યું આ:

" 'એ જોઈને ધ્રૂજ મને વછૂટી,
" 'સાચું જ મ્હારા ઉરમાં વસ્યું કૈં;
" 'સન્ધ્યા સુધી તોપણ હું અધીરી
" 'રહી અને એ જ સુણ્યું પછી મેં.

" કહી ગ્યા'તા મુજને કહેવા
" 'તે કોઈએ આવી મને કહ્યું, કે
" 'જ્યાં થાય છે કાબુલમાં લડાઈ
" 'ત્યાં એ નવા લશ્કર સાથ ચાલ્યા.

" 'છેલ્લી ય મ્હારી પણ ભેટ લેવા
" 'કઠિન હૈયું ન કરી શક્યા એ,
" મને ગયા એમ જ એ ત્યજીને,
" 'કાંઈ પછી ના ખબરે મળ્યા છે.

" 'એને હશે બીક ઉરે, અરેરે!
" 'કે હું ય લેઈ મુજ બાલકોને
" 'એની સહે ઉજ કરી જઈને
" 'પ્હાડો મહીં ક્યાંઈ મરી જઈશ.'

" કહ્યું મને અશ્રુ ભરી ભરી સૌ
" ને અશ્રુ માંહી જ રહી વિરામી;
" ચીરા બધા એ ઉરના નિહાળી
" ત્રોફાઈ મ્હારું ઉર આ જતું'તું.

" હું તો ન નેત્રે ઊંચકી શક્યો આ,
" દાબ્યાં હતાં અશ્રુ કઠોર યત્ને;
" કિન્તુ પછી શાન્ત થયો સુણીને
" આશાની વાતો કંઈ એ જ મ્હોંથી.

" થોડી જ વેળા મહીં ત્યાં વધારે
" વિચાર આશામય કૈં ઊઠ્યા'તા;
" શ્રદ્ધાલુ બાઈ ચડી એ વિચારે
" હર્ષાશ્રુમાં ડૂબતી દીસતી'તી.

" જુદાં પડ્યાં તુર્ત અમે પછી તો,
" એ તો રહી ત્યાં ગૃહકાર્યમાં કૈં;
" મને હજુ પૂર્ણ જ સાંભરે છે,
" આવી હતી વાડ સુધી અહીં એ.

" ને હું જતાં દૂર ફરી પુકારી
" આનન્દની આશિષ આપતી'તી;
" કેવી થઈ'તી સુખણી ફરી એ
" જ્યારે બની એ જલપૂર્ણ નેત્રે!

" વસન્તના એ દિવસો હતા, ને
" હું તો ગયો દૂર ફરી ભમન્તો;

" છાયા મહીં ને તડકા મહીં એ
" કૈં એકલા આ પગ ચાલતા'તા.

" ક્યારે થતાં'તાં ઝરણાં સખાઓ,
" ક્યાં ઝાંઝવાંઓ રણ અર્પતાં'તાં;
" મ્હારા વિચારો સુખ કે દુઃખોમાં
" પ્રસંગ સાથે ફરતા હતા કૈં.

" જ્યારે થયાં પૂર્ણ દુકાળયુદ્ધો,
" જ્યારે નવા મેઘ ચડ્યા આકાશે,
" ત્યારે ફરી આ ગૃહની ભણી હું
" કૈં માસ વીત્યા પછી આવતો'તો.

" નીલાં હતાં ઘાસ નવાં જ ફૂટ્યાં,
" તાજાં બની કૈ ઝરણાં કૂદન્તાં,
" ગાતી હતી વાંસળીઓ ફરીથી,
" આશ્ચર્ય જેવી દુનિયા બની'તી.

" દ્વારે ઊભી અન્ડર મેં નિહાળ્યું,
" બાલાં હતી ના ગૃહમાં જણાયું;
" ત્યારે હતો પથ્થર બાગનો આ,
" બેઠો તહીં રાહ નિહાળતો હું.

" ગુચ્છા ફૂલોના લટકી રહ્યા'તા,
" લતા હતી વૃક્ષ પરે ચડેલી;
" કિન્તુ બધા ચોક પરે અહીં ત્યાં
" કૂતેલી ને દર્ભ હતાં ઊગેલાં.

" એ સ્વચ્છતા ખોઈ હતી બગીચે,
" સૂકેલ પર્ણો વિખરી પડ્યાં'તો;
" ત્યાં ડોકિયાં કાંકિડીઓ કરીને
" આનન્દથી ચોગમ દોડતી'તી.

" હોલો સુખે ઘૂઘવતો હતો ત્યાં,
" માળો કરી એ નળિયાં મહીંથી;
" જે પુષ્પ સંભાળથી ઊગતાં, તે
" ઢળ્યાં હતાં સૌ કરમાઈ નીચે.

" ઘેટાં તણી ઊન કમાડ પાસે
" ચોંટી રહી'તી વળી ઊડતી'તી;
" ત્યાં છેક એ ઊમર પાસ બેસી
" લેતાં વિસામો નકી રાત્રિએ તે.

" બાલાંનું એ બાલક ઓરડીમાં
" રોતું હતું ચીસ કરી કરીને;
" વાયુ સમું બૂમ કરી બિચારું
" પોતાની મેળે થઈ શાન્ત સૂતું.

" બેઠો ઘડી ને ફરતો ઘડી હું,
" ઉદાસ કિન્તુ સહુ ભાસતું'તું;
" ગમી તણી છાય હજાર હૈયે
" છાઈ અને યત્નથી ના જતી'તી.

" મ્હારો તહીં કોઈ પિછાનવાળો
" મ્હારી કને આવી ઘડીક ઊભો;
" બાલાં તણી વાત કરી કહ્યું, કે
" એ તો હવે કૈં રઝળ્યા કરે છે.

" ઉદાસ ચિન્તામય કાળજાથી
" કલાક બેચાર તહીં જ બેઠો;
" સન્ધ્યા ઢળી, રાત્રિ પડી છતાં એ
" બાલાં તણાં ન પગલાં સુણ્યાં મેં.

" અન્ધાર જ્યારે સહુ પાસ વ્યાપ્યો,
" અન્તે દીઠી આવતી બાઈને મેં;
" રે રે ફર્યું એ મુખડું હતું કૈં
" ને એ હતાં ગાત્ર સૂકેલ સર્વે.

" જોઈ મને તુર્ત જ પાસ આવી,
" લાગી મને દ્વાર ઉઘાડી કહેવા:
" રોકાઈ રહેવું તુજને પડ્યું કૈં
" રે ભાઈ! તે તું કરજે ક્ષમા હો!

" પરન્તુ હું તો બહુ એ દિનોથી
" અહીં તહીં કૈં ભટક્યા કરું છું;

" ને એટલું તો સમજું ય છું, કે
" 'શોધું સદા તે નહિ લાધવાનું.'
" મ્હારી કને વાળુ પછી બિછાવી
" અશ્રુ બલે સર્વ ગળી કહ્યું, કેઃ
" 'હું દૂરનાં ખેતરમાં ભમું છું,
" પાછી ફરું તે પ્રભુની કૃપા છે.

" 'આ મ્હોં પરે જોઈ રહ્યો દુઃખે તું,
" 'ખરે જ, છે કારણ દૃષ્ટિને એ;
" મ્હારું ગયું છે બદલાઈ હૈયું
" 'ભમી બધો કાળ ગુમાવતાં આ.

" 'આ બાપડા બાલકને, અરેરે!
" રોઈ હશે મેં નુકસાન કીધું;
" 'બેભાનને માફ પ્રભુ કરે છે,
" મ્હારો ય છે દોષ નહીં બહુ તો,

" રોતાં સૂઉં ને રડતાં ઊઠું છું,
" 'તે આ પશુડું નિરખી રહે છે;
" 'આ તો વહે અશ્રુ સદા ય જાણે
" 'હું આ બની અન્ય શરીર જેવી!

" 'લાગે મને હું મરીશ કો' દિ',
" 'જીવીશ તો હું પ્રભુ પાસ માગી
" 'જે જોઉં તે જોઈ બધુંય રહેવા
" 'છાતી હવે વજ્રની પામવાને.'

* * *

" સાહેબ, એને નિરખો તમે તો
" જાણું નકી ભૂલી કદી ન જાશો;
" એ વાત આજે ય તરી નિગાહે
" ભાલા સમી ખૂંચી રહે મને તો.

" મ્હારી દીસે વાત બહુ જ લાંબી,
" થાક્યા હશો એ સુણતાં કદાચ;
" એ બાઈ કિન્તુ બહુ વાર મ્હારા
" હૈયા મહીં ભૂત સમી ઊઠે છે.

" એની ભલાઈ વિસરી શકું ના,
" રોતાં ય કો' દિ' અટકી શકું ના;
" ઓચિન્તી એ બ્હેન સદા ય હૈયે
" સ્વપ્ના સમી આવી રડ્યા કરે છે.

" હા! જોઈ જો એ મુખને શકો, તો
" પછી તમે ના હસશો કદી યે;
" એ નેત્ર તો નિત્ય ઢળેલ રહેતાં.
" સૂકેલ કે અશ્રુ થકી ભરેલાં,

" અને મને પીરસતી હતી એ,
"ત્યારે ય જોતી મુજ મ્હોં ભણી ના;
" કૈં પૂછતાં ઉત્તર આપતી, તો
" કેવો દુઃખી દાહભર્યો અવાજ!

" રુંધાયલું ચિત્ત બધું હતું એ,
" કો' એક અશ્રુમય તાન માંહીં,
" આ વિશ્વના બાહ્ય પદાર્થ સર્વે
" જેને દીસે સુસ્ત સ્મશાન જેવા.

" નિઃશ્વાસ એ નાખતી'તી બિચારી,
" કિન્તુ દીસે ના ઉરની ગતિ એ;
" નિઃશ્વાસ કો' સાંભળતો હતો, તો
" ના જાણતો કેમ કહીંથી આવ્યો?!

* * *

" પ્રભાતકાલે મુજ ડાંગ લેઈ
" બાલાં તણી માગી રજા, અને મેં
" એ બાપડા બાલકને ઉપાડી
" ચુમ્બી લીધી એક કપાલ માથે.

" બાલાં બિચારી નિરખી રહી એ
" ને નેત્રમાં નીર ભરાઈ આવ્યાં;
" ખેલ્યા સમું બાલકને કંઈક
" મેં આપતાં બિન્દુ ખરી પડ્યાં એ.

" આશિષ એને દઈને જતો 'તો,
" આભારમાં એ શિર કૈં નમ્યું 'તું;

" આશા ય દેવા હજુ હું ઊભો 'તો,
" તેને હતી જે ઉપયોગની ના.

* * *

" પાછો ફર્યો હું ગૃહની ભણી આ
" થોડા દિનો આંહી તહીં ભમીને;
" ના જાણતી કૈં જ વધુ હતી એ,
" હતી છતાં શોધ મહીં ભમન્તી.

" ક્યાંયે હશે એ જીવતો હજી તો
" ના જાણતી કે જીવતો હશે એ,
" એ જો હશે ક્યાંય મરી ગયેલો,
" ના જાણતી કે ગુજરી ગયો છે.

" એ પૂર અશ્રુ તણું ખાળતાં તો
" જેવી હતી તેવી જ ભાસતી એ;
" જોઈ છતાં એ ગૃહને ન હું કાં
" જાણી શકું પૂર્ણ જ ફેરફાર?!

" વાડી તણું જંગલ એ બન્યું'તું
" દ્હાડે ય મેંઢાં ચરતાં હતાં ત્યાં;
" ત્યાં દિવસે ઘૂવડ શાન્ત બેસી
" એ અન્ધ નેત્રો ચમકાવતુ'તું.

" દૌર્બલ્યતી એ ગૃહમાં નિશાની
" ગઈ હતી સૌ પથરાઈ જ્યાં ત્યાં;
" વ્યવસ્થ કાંઈ જ રહ્યું હતું ના,
" ને છો બધી ઉંદર ખોદતા'તા.

" એનો પતિ ડાંગ ખૂણા મહીં જે
" જ્યાં રાખતો ત્યાં જ હતી પડેલી;
" જે ખીંટીએ પાઘડી ટાંગતો તે
" ટીગાયલી ત્યાં જ હતી રહેલી.

" શીખ્યું હતું બાલક મા કનેથી
" નિઃશ્વાસ લેવા રમતાં-સૂતાં વા;
" એનાં હતાં અંગ ગળેલ સર્વે
" ને દિ' બધો એ કરતું રડ્યા કૈં.

" એને શિરે હસ્ત ધરી વદી, એ–
" 'આશા મને બાલકની નથી આ;
" 'એના પિતાને નિરખી શકે એ–
" 'એવું પ્રભુએ નિરમ્યું દીસે ના.

" 'એ કાજ હું યે જીવવા ન ઇચ્છું,
" 'નસીબ સૌનું સહુ સાથ, બાપુ!
" 'હું તો હવે, ભાઈ! મરી જઈશ
" 'થોડા દિ'નોમાં : સુખી એ વિચારે.

" 'આનો વડો ભાઈ પટેલ પાસે
" 'વાડી મહીં નોકરીએ રહ્યો છે;
" 'દાદા દયા એ પર પૂર્ણ રાખે,
" 'આનું ય કૈં એમ થઈ રહેશે.

" 'માતા વિના ઊછરતું બિચારું
" 'રોવા જ તે જીવ ધરી રહે છે;
" 'એવું ય આ કાજ હશે લખેલું,
" 'વાતો વધુ તો પ્રભુ જાણનારો.'

" વર્ષાઋતુમાં ફરી આ ગૃહે હું
"આવ્યો હતોઃ છેલ્લી જ વાર એ તો;
" ભીની હતી છો, નળિયાં હતાં ના,
" તૂટી પડી થાંભલીઓ હતી કૈં.

" સ્વર્ગે ગયું બાલક એ હતું, ને
" બાલાં મને આપ કહી રડી'તીઃ
" 'એ તો ગયું, હું સુખણી થઈ છું,
" 'હવે મને ના પરવા કશાની.

" 'એની ય શોધે ન હવે જતી હું,
" કો' દિ' છતાં આ મન ના રહે છે;
" 'કોશો ઘણા કો' દિ' ભમી વળું છું,
" 'ને મોતની રાહ સદા ય જોતી.'

" 'કહી કહી કૈં અટકી જતી એ,
" 'ઘેલાં દગો સજ્જડ ચોટી રહેતાં;

" 'એ જોઈને હું ડરતો હતો કૈં
" 'ને અશ્રુ ખાળ્યાં ય રહી શક્યાં ના.
" 'તેણે કહ્યું આમ હસી લૂખું કૈં,
" 'છેલ્લા જ એ શબ્દ સુણ્યા હતા મેં:
" 'તું ભાઈ! જે કૈં સમજી ડરે છે,
" 'તેમાં જ મ્હારી સહુ આશ હાવાં.
" 'ઘેલાં થઈને દુખિયાં મરે છે,
" 'ઘેલાઈ ને મોત દવા પ્રભુની;
" 'હવે ફરી આપણ ભેટશું ના,
" 'હાવાં સુણું મૃત્યુ તણા અવાજ.'

*　　*　　*

" એ તો બિચારી દશ વર્ષ આમ
" ઝૂરી, અહો! એ દશ વર્ષ પૂરાં;
" કેવા હશે એ ભડકા દુ:ખોના?!
" તોબા પ્રભુ! એની કળા જ ન્યારી!
" રડી રડી ઘેલી સમી ભમન્તી
" ઝલાઈ અન્તે શરદી વતી એ;
" છેલ્લી હતી આ ગૃહની નિશાની
" તે એ ઋતુમાં પ્રભુ પાસ ચાલી.
" એનો પતિ જ્યારથી ન્હાસી ચાલ્યો,
" સમારવું આ ગૃહ જાણતું ના;
" અને અહીં ધૂલ મહીં ભળી તે
" આજે જુઓ તેમ પડી રહ્યું છે."

*　　*　　*

મ્હારાં થયાં ગળગળાં નયનો : કહ્યું મેં,
" ચાલો ગૃહે મુજ અને તહીં શાન્તિમાં રહો."
" તેણે કહ્યું, "શ્રમ હવે ઊતરી ગયો છે,
" આ ડાંગ લેઈ ફરી ચાલીશ હું અગાડી.
" બહુ વર્ષો ભમી કાઢ્યાં, હવે ટેવ ફરે નહીં;"
'સુખી રહેજો' કહી એ તો અગાડી ચાલતો થયો!

અત્યારે એ મુખ નયનની આગળે એ તરે છે,
ઓહો! કેવું દુઃખમય છતાં શાન્તિમાં વાસ એનો!
રે! અત્યારે પગ ડગુડગુ ચાલતા એ હશે શું!
કે કૈલાસે પ્રભુપદ કને શાન્તિમાં મ્હાલતા શું!
જ્યાં હો ત્યાં હો! પણ સુખી હશે શાન્ત આત્મા નકી એ,
જ્યાં હો ત્યાં હો! પણ હૃદય કૈં બોધ દેતું હશે એ;
શ્રીમાનોને ગરીબ દિલની વારતા શીખવીને,
જ્યાં હો ત્યાં હો! પણ પ્રભુ કને દોરતું કૈં હશે એ.

૨૯-૪-'૯૬

## ગુનેહગાર

**દાવો :**

"ગુનેહગારે કદમ તારે ઝુકાવ્યું શિર છે, દિલબર!
"અરે! ખંજર દીધું કરમાં છતાં ના ઘા હજુ કાં કર?
"ગુનાહ પર શી રહમ? માશૂક! કતલ કર એ હુકમ હકનો!
"ડર તો દે મને ખંજર, ઝબેહ આ દિલ કરું હું તો.
"ઉગામે ના, ન ફેંકી દે! ન થા ગુલ, યા ન થા કાંટો!
"ન માફી દે, જખમ ના દે! રડી શું આમ આંસુ દે?
"દયા છે તો ન કાં પ્રીતિ? ન કૈં તો શું ન ઈન્સાફે?
"અરેરે! ક્રૂર માયાળુ! મને ઈન્સાફ કે દિલ દે.
"ન છે કૈં વસ્લનો દાવો! કતલ કર એ મને લ્હાવો!
"અદલ કર યા ફઝલ કર તું, કંઈ તો ફેસલો દેવો!"

**ઉત્તર :**

"કરું શું હું? અયે ઝાલિમ! અરે! ત્હારું જ આ ખંજર!
"ખરે દિલ આ હુલાવ્યું તે અહોહો! આ જ છે ખંજર!
"અરેરે! દર્દ એ, દિલબર! હું જાણું છું, હું જાણું છું!
" "વળી ત્હારી જ આ ગરદન જહીં હું બાઝતી હરદમ!
"કતલ થઈ છું! કતલ કરીને કતલ ફરી થાઉં શું? દિલબર!
"અરે! જો હોંશ એવી તો કતલ કર આ રહ્યું ખંજર!
"વળી ખંજર શેં ફેંકી દઉં? હતું તે એક દિન સીને!
"પડે નીચે બને ટુકડા! ગયો છે તું! ન ખોઉં તે!

" ભલા ઈન્સાફ શું આપું? અરે આ દિલ છે આપ્યું!
" મગર રે! એ જિગર ત્હારું ગયું તે શી રીતે રાખું?"

**યાચના :**

" અરે! તો આમ શું ઊભી સદા ર્‌હેશે લઈ ખંજર?
" કદમમાં મોત માગું તે નહીં શું આપશે દિલબર?
" નહીં તડફું ડરે છે કાં? તું દે કાતિલ કે બોસા!
" હવા આ વાય છે બીજી! ગયો દિલબર મળે ના ના!
" જિગર આ ફાટશે, માશૂક! અને તું દેખશે ચીરા!
" રહેવા દે તું જોવું એ! જિગર ત્હારું કરી લેને!"

**સ્વીકાર :**

" ભલે તો લે મુખે ચુમ્બી! તને હું આવ ભેટું છું!
" મગર અફસોસ! દિલ આ તો નહીં ભેટે નહીં ભેટે."

**ભેટ :**

" અહાહા! શી ખુમારી છે મને આવી ય આ ભેટે!
" વફા છું, તો પછી માશૂક! જિગર પણ ભેટ એ લેશે."

૩૦-૪-'૯૬

# ડોલરની કળીને

અહો! ન્હાની પાંખે મધુપ તુજ આવે લપટવા,
પરન્તુ એ ગાઢી મધુર સુરભે મૂર્ચ્છિત થતો!
નશામાં જાગીને તુજ તરફ કેવો ઊડી રહે?!
શકે ના આલિંગી મગજ તર દૂરે થઈ જતાં!

ભર ગુંજી ગુંજી, તુજ મુખ નિહાળે સ્મિતભર્યું,
અહો! કેવું ખીલે! સુરભભર કેવું મહકતું!
ઈશારે ભોગીને લટ્ટુ કરી લઈને નચવતું!
હમે સન્ધ્યા સામે! અનિલલહરીથી ઝૂલી રહ્યું!

અરે! માળીની છે તુજ તરફ દૃષ્ટિ પણ નકી,
પરોવી દેશે એ ચૂંટી લઈ તને દોરની મહીં!
છતાં એ ત્હારું તો મધુર મુખડું તું હસવશે,
નકી તું જાણે છે સુરભ તુજ આ સાર્થક થશે.

તું ક્યારથી બરફના જલથી સિંચાશે
આ મ્હેકની મધુરતા બમણી કરીને,
વેણી મહીં લટકશે તુજ પાંખડી એ
હા! પારદર્શક સુ-સુન્દરીકંઠ પાસે.

રોમાંચમાં અગર તું મકરન્દ છાંટી
કર્ણે રહીશ પ્રતિબિમ્બિત ગાલમાં થૈ;
નિદ્રસ્થ મ્હેકથી કરી પિયુપ્રેયસીને,
ત્યાં શ્વાસથી પિયુ તણા કરમાઈ જાશે.

અહીં તો કૈં લાંબું તુજ જીવિત છે જો રહી શકે,
અરે કિન્તુ ત્હારી સુરભ અનિલોમાં ઊડી જશે;
કને મળી આવે ત્યમ્ ત્યમ અહો! તું હસી રહે!
તને વ્હાલું ના ના જીવિત પણ પ્રીતિ નકી હશે.

તને લાગે મીઠું જરૂર મરીને સાર્થક થવું,
નકી ત્હારું હૈયું રસ અનુભવી શોધી જ રહ્યું;
તને મૃત્યુ એ છે મધુર કંઈ સત્કાર મળતાં,
તને આવે મૃત્યુ પ્રિયતમપ્રિયાની રમતમાં!

પ્રભુ આવી હોંશો જરૂર તુજ પૂરી જ કરશે,
વૃથા કાંઈ કોની નવ પ્રબલ ઈચ્છા કદી બને;
અરે પ્યારી! તુંને મમ પ્રિયતમાને દઈશ હું,
નહીં સૂંઘી તારી સુરભ મધુરીને લઈશ હું.

૧-૫-'૯૬

## પ્રિયા કવિતાને

મને વ્હાલી લાગી, પ્રથમ મળતાં હું તુજ થયો,
હસ્યું તારું મ્હોં ને તુજ સ્મિત મહીં હું મળી રહ્યો;
તને ભેટું એવી મમ હૃદય ઈચ્છા કરી રહ્યું,
વળી ત્હારાં નેત્રો અનુકૂલ દીઠાં ને ચળી ગયું.

અરે! તું તો દેવી, જન ગરીબ હું પામર નકી,
શકું જોઈ એ હું ક્યમ હૃદયની તે તુજ દ્યુતિ?
ઢળ્યાં મ્હારાં નેત્રો વળી, પ્રિય! તું એ દૂર જ ઊભી,
પડ્યું આ હૈયું તો પણ લપટી ત્હારા પદ મહીં.

સ્વીકાર્યો તેં મુજ પ્રણય ને કાંઈ હું પાસ આવ્યો,
ખોળે ત્હારે હૃદય ધરવા કમ્પતું પાસ લાવ્યો;
ભેટું માની કર પણ કર્યો દીર્ઘ મેં એક વ્હાલી!
કિન્તુ તું તો નભ તરફ, રે! ઊડતી ક્યાંય ચાલી?

જોયું ઊંચે! ક્યમ ઊડી શકું? પાંખ આવી હતી ના,
"તું ક્યાં! હું ક્યાં!" હૃદય દ્રવતું છેક તૂટી પડ્યું આ;
રે રે ત્યારે પ્રતિકૂલ હતો સર્વ સંસાર વ્હાલી!
મૂર્ચ્છા આવી નિરખી દિલની ભાંગતાં આશ છેલ્લી.

પછી ત્હારો જાણી મમ શિર લઈને તુજ કરે
મને તું આલિંગી! ભ્રમણ સહુ ભાંગ્યું હૃદયનું!
ફર્યો ઊંચે-નીચે અખિલ ભુવને હું તુજ સહે,
અહો! હર્ષે હર્ષે હૃદય મમ ફૂલી ધડકતું.

પછી ધીમે ધીમે તુજ અવયવો આ પલટતા,
મને ભસ્યા સર્વે વધુ મધુર ગમ્ભીર બનતા;
મને કૂંચી આપી મમ હૃદયની ને જગતની,
અને તાળું ખોલી તુજ મુખ નિહાળ્યું ફરી ફરી!

આ શું? આ શું? નયન વહતાં અશ્રુનું પૂર એ શું?
હૈયું મ્હારું પિગળી બનતું મીણ કે નીર જેવું!
ત્યાં બ્રહ્માંડે નઝર કરતાં અશ્રુમાં વિશ્વ ન્હાતું!
ઓહો! વ્હાલી! પ્રલય જગનો અશ્રુથી આ થશે શું?!

ત્હારાં અંગો, તુજ અવયવો, ઓષ્ઠ ને ગાલ સર્વે!
જ્યાં જોઉં ત્યાં જલમય વહે અશ્રુની ધાર, વ્હાલી!
"જો જો વહાલા! મુજ સહ રહી આજ છે મ્હાણવાનું!"
એ શું બોલે? ભવતુ! સખિ! તું આમ રોતાં ય વ્હાલી!

અરેરે! શોખની ચીજો રડે ને રોવરાવતી!
હોત ના અશ્રુ તો ઓહો! પ્રેમ ને શોખ હોત ક્યાં?

૨-૫-'૯૬

## વિધવા બ્હેન બાબાંને

વ્હાલી બાબાં! સહન કરવું એ ય છે એક લ્હાણું!
મ્હાણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું!

મૃત્યુ થાતાં રટન કરવું ઇષ્ટનું એ ય લ્હાણું!
આશા રાખી મરણ પછી ને જીવવું એ ય લ્હાણું!

સંબન્ધીના મરણ પછી ના સર્વ સંબન્ધ તૂટે,
બ્હેની! આંહીં વિરહ જ ખરો ચિર સંબન્ધ ભાસે;
તે પ્રેમી જે પ્રણયમયતા જોઈ મ્હાણે વિયોગે,
મીઠું કિન્તુ ક્ષણિક જ નકી સ્વપ્ન સંયોગ તો છે.

છે વૈધવ્યે વધુ વિમલતા, બ્હેન! સૌભાગ્યથી કૈં;
છે ભક્તિમાં વધુ વિમલતા, બ્હેન! શૃંગારથી કૈં;
બાબાં! ત્હારા મૃદુ હૃદયને ઓપ વૈધવ્ય આપી,
ઊંચે ઊંચે તુજ દિલ જશે લેઈ ધીમે ઉપાડી.

ના બોલું આ તુજ હૃદયનાં અશ્રુ હું લૂછવાને,
શાને લૂછું હૃદયશુચિતા આંસુડાં દાખવે જે?
વ્હાલી બાબાં! કુદરતકૃતિ સર્વદા હેતુવાળી,
ઇચ્છે દેવા અનુભવ પ્રભુ સર્વને સર્વ વ્હાલી!

બાપુ! આ સૌ સુખ-દુઃખ તણી વેઠ નાખી નથી કૈં,
આ તો બોજો કુદરત તણો માત્ર કલ્યાણકારી;
આ પ્હાડો જે પથિક સહુને આવતા માર્ગમાં ત્યાં
ચક્ષુવાળાં શ્રમિત ન બને કિન્તુ સૌન્દર્ય જોતાં.

આ કૂંડાળું કુદરત તણું કોઈ જોઈ શકે, તો
ના ના જોશે કંઈ વિષમતા કિન્તુ સીધાઈ લીસી;
ટૂંકી દૃષ્ટિ જનહૃદયની અલ્પ ખંડો જ જોતી,
ને તેથી આ સુઘટ સરણી દીસતી ડાઘવાળી.

બાબાં! જોને નયન ભરીને આંસુથી એક વાર!
બાબાં! જોને સુપ્રભ રચના વિશ્વની એક વાર!
વ્હાલા સાથે નિરખતી હતી આજ જો એકલી તું,
બાબાં! ખુલ્લું હૃદય કરી જો, એ જ ઇચ્છ્યું હરિનું.

જોને, બાપુ! તુજ જિગરનો મિત્ર તો ત્યાં વિલાસે,
ત્હારો ચહેરો ગત હૃદય એ ત્યાં ય ઊભું વિમાસે!
એ રેલાયું ઉદધિ સઘળે કિન્તુ તું બિન્દુ તેનું,
આડું આવ્યું પડ નયનને ત્હોય એ વારિ ત્હારું.

બ્હેની! આવાં પડ પછી પડો આવતાં જાય આડાં,
અન્તે ગાઢાં પડ ચીરી દઈ પાર જાતાં સહુ ત્યાં;
તું ને મ્હારી પ્રિય સખી ત્યજી હું ય જાઉં કદાપિ,
એવું એ કૈં શુભ જ કરવા ઈશ ઇચ્છે કદાપિ,

રે! તો સાથે તમ હૃદયનાં ગાળજો અશ્રુ બન્ને,
જે બાકી તે ભણી લઈ તમે આવજો સાથ બન્ને;
બાબાં! તું એ શીખીશ ફરી આ પાઠ ઔદાર્યનો, ને
મ્હારી ભોળી પ્રિય અબુધને દોરજે આ જ માર્ગે.

૩-૫-'૯૬

## એક કળીને

તુજ છિદ્રિત દેહ થતી કુમળી,
લલનાહૃદયે ચગદાઈ જતી;
તુજ પાંખ સહુ વિખરાઈ પડે
પણ સ્નિગ્ધ પરાગ ઉરે ઊભરે!
પણ માળી તને કદી જો સૂંઘતો
તુજ મૃત્યુ થતું ક્યમ તુર્ત અહો!
તુજ મૂલ અમૂલ તણું કરતો,
કંઈ એ દુઃખ છે તુજને? કળી ઓ!

૪-૫-'૯૬

## હદ

મુનાસિબ બસ હવે કરવું, નઝર હદ આ અહીં આવે;
પડ્યું ખંજર ન પાછું લે, ઝુકાવ્યું આ ન દિલ ઝૂકે.

ન કર ઘા, ઘા થશે ઊંધો! ખુદા લેશે ખૂનીનું ખૂન!
અને બદનામીનો ભારો ઉપાડે, યાર! શે ત્હારો?

સિતમગર! તું સિતમની જો નકી હદ આવી છે આ આ!
નહીં તો ઝુલ્મ સ્હેનારું ચડે તોફાનમાં દિલ ના.

ખુદાનો ખોફ કૈં રાખી, શરમ કૈં આંખની રાખી,
હવે ફેરાવવો બસ કર અરે શયતાનનો ચરખો.

કર્યું છે દમ બ દમ નમવું શરૂ મેં જ્યારથી કદમે
અરે કાતિલ આ ત્હારું ઉપાડ્યું ત્યારથી તેં તેં!

ખુદાને જે કદમ ઝૂકે કદમ ત્હારે ઝૂક્યું શિર તે!
મગર કૈં ખ્યાલ તેનો ના! હવે હદ આવી પ્હોંચી છે.

ન ધર હદ ઉપરે પગલું, તહીં આતશ જળે હરદમ
કબૂતર દીસતું તે તો બને છે શેર ત્યાં, ઝાલિમ!

જફામાં શીદને જાવું? કર્યો તે જુલ્મ ભૂલી જો,
તને પેદા કરી તે તે ખુદાનો હું ય છું બન્દો.

ન ધર હદ ઉપરે પગલું, તહીં ના જુલ્મ આ ચાલે,
સિતમગરને શિરે ત્યાં તો સિતમ હરગિઝ ફાવે છે!

તહીંની ખાકમાં શાને થવાને ખાક તું ચાહે?
અરે! ઈન્સાન થા યા તું ખુશીથી સ્વાદ જા એ લે!

૧૬-૫-'૯૬

## અતિ મોડું

અતિ મોડું મોડું વદન તુજ "ચાહું" કહી શક્યું,
અને મ્હારું હૈયું સમજી નવ વ્હેલું કંઈ શક્યું;
હતી તું તો શિષ્યા, રમતમય એ ચાલ તુજ સૌ,
અહો! કોડે હેતે હૃદય મમ એ લાડ પૂરતું.

મને ના જાણ્યું કે હૃદયરસભોક્તા કરીશ તું,
તને જે અર્પેલું પિયુષ મુજને તે દઈશ તું;
ન જાણ્યું મેં ત્હારો મમ હૃદય આલમ્બ બનશે,
ન જાણ્યું કે પ્યાલું તુજ જિગરનું આમ ઢળશે.

ચહાઈ મોડી ને અરર! દિલ વ્હેલું વશ કર્યું,
વિના વિચારે કૈં વળી જિગર તેં અર્પી જ દીધું!
ઘવાયેલું શલ્યે મમ દિલ વળી અન્ય દિલનું,
તહીં બંધાયેલું દૃઢ ફરજબન્ધે ગરીબડું.

તને ચાહું કિન્તુ મુજ પ્રણય તું જોઈશ નહીં,
અરે! મૃત્યુ વેળા નયન તુજ હું ચાંપીશ નહીં!
તને આવે કષ્ટો-મુજ દિલ ન આ ઢાલ બનશે!
તને છોડી દેવા હૃદય મમ આ યત્ન કરશે!

અરે! મ્હારી સ્થિતિ અનુકૂળ નહીં પ્રેમ કરવા,
સ્થિતિમાં જન્તુ તે જન સ્થિતિ ન પામે પલટવા;
વિના ઈચ્છા! રે! રે! મુજ જિગર તો ક્રૂર બનશે!
અરે! એ ચીરાતાં તુજ જિગર તો ચીરી જ જશે!

પ્રિયે! હું જેનો તે કદી ત્યજી મને સ્વર્ગ વસશે-
કદી છૂટી તૂટી મુજ હૃદયનું પિંજર જશે;
અરે! બન્ધાઈ તે પણ નવ ઊડે પાંખ કદી એ,
નહીં આ પંખી તો ક્ષણ જીવી શકે પિંજર જતે.

અરે! રો ના! રો ના! પણ નહિ રડે તો કરીશ શું?
હવે તો રોવું એ તુજ હૃદયનું એક જ રહ્યું!
અરે! મ્હારે તો એ રુદન પણ મીઠું નવ મળે!
અરે! હૈયું રોતાં મુખ હસવવું એ જ ફરજે!

મને મોડું મોડું મરણ પછી તું અમૃત મળ્યું,
ઉઠાડી ના કો' દિ' મરણવશને અમૃત શક્યું;
અરે! ઢોળાયું એ, ઢળી જઈ ભળ્યું છેક જ ધૂળે,
પ્રભુની એ ઈચ્છા! અનુકૂલ પડે વા નવ પડે!

સખિ! ત્હારે માટે જીવીશ ફરી હું આ જગતમાં,
શીખો આ ફેરે તો સહવું વિધિની આ રમતમાં;
અહો! એ ઈચ્છાથી તુજ સહ ફરી જન્મીશ નકી,
તને ત્યારે, વ્હાલી! હૃદયરસ હું અર્પીશ નકી.

પ્રવાસે આ ચાલ્યો જીવ અનુભવી જ્યારથી થવા,
મળ્યું આવું મીઠું સહન કરવું ના કદી હશે;
ફકીરી ત્હારી ને મધુર મુજ આ કેદ ગણજે,
લગાવી લેજે તું જગત સહુની ખાક જિગરે.

ફરી જન્મી સાથે હૃદય મુજ હું અર્પીશ તને,
પ્રવાસે કૈં તેથી જરૂર વધુ વેળા થઈ જશે;

અરે! વ્હાલી! વ્હાલી! પ્રણયરસ કિન્તુ મધુર છે,
કયું તેને માટે હૃદય સુખથી ન અટકશે?
પ્રવાસીને વીત્યા કંઈ યુગો કે વહી જશે,
નકી તેમાં એવો સમય મધુરો એક જ હશે;
ત્વરા છે ના કાંઈ કુદરત પીવાડે પીયૂષ જો,
ભલે લાખો જન્મો પ્રણયરસમાં એમ વહજો.

પ્રિયે! આ આશાથી તુજ નયન તો પિગળી વહે,
પ્રિયે! આ આશા તો તુજ હૃદયને ક્રૂરજ દીસે!
ન તેં વિચારેલું કદી પણ હતું કાલનું, સખિ!
અરે! આશાથી ક્યમ સુખી બને તે દિલ? સખિ!

નિરાશામાં, બ્હેની! જીવિત ક્યમ ત્હારું પૂરું થશે?
અને ત્હારી પીડા મુજ નયન શે જોઈ શકશે?
રહ્યું જોવું, રોવું, સ્મરણ કરી ગાવું. કદી કદી!
કભાવે ભાવે એ સહવી પણ ઈચ્છા પ્રભુ તણી!

૧૯-૫-'૯૬

## વૃદ્ધ માતા
## દૂર વસતા પુત્રને

બાપુ! તું તો ક્યમ ભટકવા દૂર ચાલ્યો? અરેરે!
ત્હારી માતા, તુજ ગરીબડી ઝૂંપડી કેમ ત્યાગી?
સંદેશો એ કંઈ નવ મળે! કાગળે કાંઈ ના ના!
આશા રાખી રડી રડી અરે! વર્ષ મેં આઠ ગાળ્યાં!

આશામાં તો ભવ બહુ અને ભોળવે છે મને એ,
શું એ કાયા ભડભડ થતી બાળી નાખી ચિતાએ?
ત્હારું મૃત્યુ કદી થઈ ગયું ત્હોય તું કાં અજાણી?
રે! જાણું તો દુઃખ મુજ બધું-શાન્તિ પામું-નિવારી.

ના ભીંજાવું નયનજલથી નામ ત્હારું પછી હું,
ના આપે આ હૃદય ઠપકો પાપથી એ બચે તું;
કે વિચારો હૃદયગમતા આવીને ઊડી જાતા!
બાપુ! આવું તિમિર કદી એ કોઈ દિલે હશે ના!

ન્હાનું બચ્ચું રમત કરતાં ચીસ પાડે અજાણ્યે,
શું જાણે કે ફડફડી ઊઠે માતનો જીવ ત્યારે?
તું તો મ્હોટો પણ જરૂર કૈં બાલબુદ્ધિ રહી છે,
ત્હારી માતા તુજ વિણ દુઃખી કેમ જાણી શકે એ?

શું એ ત્હારું હૃદય કુમળું કોઈ કન્યા મહીં છે?
આ ડોશીને હૃદય તુજ શું, ભાઈ! ભૂલી ગયું છે?
બાળ્યું મ્હારું હૃદય બહુ એ, ભાઈ! બૂરા વિચારે,
મ્હારું હૈયું તુજ શિર નહીં દોષ એ કો' દિ' ઢોળે.

વ્હાલા! ત્હારું મુજ સમ હશે દગ્ધ હૈયું કદાપિ!
ના વિસામો તુજ હૃદયને, બાપલા! કૈં કદાપિ!
લક્ષ્મી, કીર્તિ, પ્રણય, સહુની વ્યર્થ આશા થઈ શું?
ગાંડોઘેલો થઈ ભટકતો જંગલે તું હશે શું?

એવો ત્હોયે ડરીશ કદી ના માતની ઝૂંપડીથી,
કાલોઘેલો નિરખીશ તને, બાપુ! હું આંસુડાંથી;
આ મ્હોટાઈ જગતની મને કાંઈ વ્હાલી નથી, હો!
મ્હારાં ઘેલાં મુજ હૃદયને ડાહ્યલાંથી વધુ, હો!

જે ઘંટી દળી દળી તને પોષતી હેતથી હું,
ન્હાના ત્હારા સહુ જ કજિયા પૂરતી કોડથી હું;
હોંશે ઘંટી દળીશ ફરી તે જોઈ મ્હોં, બાપ! ત્હારું,
જ્યાં સુધી હું શિથિલ મુજ આ દેહમાં જીવ ધારું.

ત્હારી માની તુજ જિગરમાં રાખજે ના દયા તું,
ત્હારી માની ગરીબ સ્થિતિને માનજે ના દુઃખી તું;
ત્હારું માગ્યું દઈશ સઘળું ઘંટી એ વેચી નાખી,
રહેજે તું તો જ્યમ ઠીક પડે આળસુ તેમ, ભાઈ!

રે રે બાપુ! તુજ બૂમ સુણે કેદની શું દીવાલો?
કે કોઈથી જખમી થઈને એકલો, ભાઈ સૂતો?
કે ફેંકાયો વન મહીં દૂરે સિંહની કો' ગુફામાં?
શું એ હાડો વિખરી પડી સૌ શ્વાસ લેતાં હશે ના?

કે સિન્ધુમાં ગરક જ થયો સોબતી સર્વ સાથે?
જ્યાંથી કાંઈ ખબર કદી યે પાઠવી ના શકાયે!

બાપુ! બાપુ! મમ હૃદય તો આંધળું છેક થાતું!
કેવી રીતે તુંજ સ્થિતિ તણી વાત રે! મેળવું હું?
આંહીં ત્યાં મેં ભટકી ઘસવી ડાંગ છે બાપુ! મ્હારી,
રસ્તા સર્વે નયનજલથી ભીંજવી આંખ ખોઈ;
મ્હોં જોવું છે, મુજ જીવિતનો અન્ત આવી પહોંચ્યો,
આ ડોશીનું મુખ નિરખવા, બાપુ! તું આવજે, હોં!

ત્હારું મૃત્યુ થયું જ સમજી ભૂતને શોધતી હું!
જૂઠી આશા - મૃત સહ નકી વાત ના થાય, બાપુ!
ના તો તેને ક્ષેમ મળ નહીં નિત્ય તુંને જપીને
ત્હારે માટે રડી તલફી જે શેર લોહી સૂકાવે?

કમ્પે છે આ દિલ જરી સળી ઘાસની કમ્પતાં, ને
દોડે છાયા ઘન તણી અને દિલ મ્હારું ડરે છે!
ઘેલું મ્હારું દિલ કંઈ કંઈ પૂછતું વાત તેને,
ને અન્તે એ વધુ દુઃખી બની ઊંઘતું કે રડે છે.

ભાસે છે આ જગત સઘળું ક્રૂર, બાપુ! મને તો!
ત્હારી ના તે નીરસ સઘળી વાત, બાપુ! મને તો!
આવે છે સૌ મુજ ઘર માંહી જોઈતું આપવાને
કિન્તુ મ્હારા દરદ પર ના કોઈને કૈં દયા છે!

કાં સંતાયો? પ્રિય પ્રિય અરે! આવને આવને તું!
તું વિના આ જગત પર છે કોઈ ના મિત્ર મ્હારું!
ના આવે તો સમજણ મને કાંઈ ના આપશે શું?
શું દૈવે ના કંઈ પણ દયા રાંકની લાવશે શું?

બીજાંને તો જરૂર સુખડાં શોધતાં હાથ લાગે,
મ્હોટાં ત્હોયે જરૂર વિરમે સર્વ તોફાન અન્તે;
પાપી એ સૌ સમય વીતતાં પાપની માફી પામે,
એ શાન્તિ શું કદી પણ મને આપશે ના પ્રભુ એ?

ક્યારે મ્હારી દુઃખની ફરશે ક્રૂર શિક્ષા? અરેરે!
ક્યારે ત્હારું મરણ સુણતાં મૃત્યુ થાશે? અરેરે!
સૂકાયું આ રુધિર સઘળું ત્હોય ના જીવ જાતો!
જૂઠી આશા ઉપર જીવ આ કેમ વીંટાઈ ર્‌હેતો?

વીતેલો આ સમય મુજને સર્વ ચોખ્ખું કહે છે,
ના ના, બાપુ! મુજ મગજમાં કૈં જ શંકા રહી છે;
શ્વાસે શ્વાસે ક્યમ હજી જો ત્હોય આ દિલ મ્હારૂં,
'બાપુ! બાપુ! પ્રિય પ્રિય અરે! આવને આવને તું?'

૨૪-૫-'૯૬

## ના ચાહે એ

"ના ચાહે એ" કહીશ નહિ તું! વ્યર્થ કહેવું નકી એ!
હું ચાહું ને ક્યમ નવ મને, ભાઈ ચાહે અરે એ?
વ્હાલા! વ્હાલી મુજ હૃદયની આરસી છે નકી એ,
અર્પું છું હું જિગર મુજ તો કેમ ઝીલે નહીં એ?

'ના ચાહે એ' અરર! કદી એ સત્ય શબ્દો હશે જો,
ના સ્વીકારે મુજ હૃદયને અર્પતાં એ કદી જો;
ના શું ત્હોયે મુજ દિલ પરે કાંઈ તેને દયા એ?
શું ફેંકી એ મુજ દિલ શકે એક અશ્રુ વિના એ?

'ના ચાહે એ,' વળી નવ દયા- એ જ સાચું હશે શું?
ત્હોયે, બાપુ! હૃદયની દયાપાત્ર ના એ થતી શું?
અર્પાયેલું જિગર ચીરીને કોણ પસ્તાય છે ના?
પસ્તાશે એ દિલ પર ઘટે, ભાઈ! કૈં શું દયા ના?

ના ચાહે ને નિરદય થશે કોઈ દિ' એ. દુઃખી ના,
ત્હોયે શું છે? સુખી રહી શકે તે ન સુખી રહે કાં?
"ના ચાહે તે સુખી નવ હજો" ઈચ્છવું યોગ્ય ના એ?
ચાહે તેને ફરજ સમજી ચાહવું શે પરાણે?

'ના ચાહે ' એ કહી ફરજ તેં, બાપુ! ત્હારી બજાવી,
દીવાની આ પણ ફૂદડી તું કેમ લેશે બચાવી?
ઝાલી રાખે મુજ હૃદય તે કાંઈ શક્તિ ન ત્હારી!
જાવા દેને! અનુભવ થશે! કાંઈ જોશું અગાડી!

ના ચાહે એ પણ હૃદયનું એ જ છે સ્નેહસ્થાન,
ચાહે તેને મળતર તણું હોય ના કાંઈ ભાન!
અર્પી દીધું! બસ થઈ ગયું! લૂટનારું લૂંટે છો!
ના પ્રીતિ ને હૃદયરસનો કાંઈ વેપાર થાતો!

૨૫-૫-'૯૬

## મહાત્મા મૂળદાસ
### કીર્તિ વિષે (એક ઐતિહાસિક કથા)

તારાનાં ઝૂમખાં વતી રજનીનો અન્ધાર દેખાય છે,
શાન્તિ છે સહુ સ્થાનમાં પણ અહીં કૂવા કને કોણ છે?
ઓહો! કોણ હશે અહીં વન મહીં નિઃશ્વાસ આ મૂકતું,
જેના શબ્દથી વૃક્ષથી ઘૂવડ આ ઘૂઘૂ કરી ઊડતું?

સ્ત્રી છે તે દુઃખિયારી કો', જીવવું ગમતું નથી!
આવી છે આ કૂવા માંહીં પડીને દેહ પાડવા!

બોલી ન કાંઈ પણ ઊભી નવાણ પાસે,
કૂવા મહીં નઝર એ સુખથી કરે છે;
સૌન્દર્ય કૈં મરણના મુખમાં હશે શું?
હા! કાંઈ એ તડફશે મરતાં નહીં શું?

દૃઢ સંકલ્પથી ના શું હૈયું હામ ધરી શકે?
અન્ધારામાં બ્હીનારું તે કૂવામાં સુખથી પડે!

"હાં હાં" થયો પણ ધ્વનિ કંઈ પાસ તેની,
ને હસ્ત કો' પુરૂષના કરથી ઝલાયો;
એ બાઈ બોલી, "નવ કૈં તુજને નડું હું,
"માલેક છું મુજ શરીરની! ભાઈ જા તું!"

કૂવાથી દૂર ખેંચીને બાઈને પુરુષે કહ્યું,
" સાંભળી લે જરા! બાઈ! ફાવે તે કર તું પછી!

" માલેકી તુજ ઝિન્દગી તણી અરે! તું એકની હોય ના,
" ભાગી કૈંક હશે, અને નહિ હશે ત્હોયે થયું શું ભલા?
" જેનું કોઈ નહીં અરે! જગત આ આખું ય તેનું નકી,
" ને જેનું જગ તે જરૂર જગનું, પોતાનું કોઈ નહીં."

નમી તે બાઈ પિછાની બાવા એ મૂળદાસને,
આંખમાં અશ્રુ આવ્યાં, ને બોલી ધીમે ઊભી થઈ.

" જીવિત આ થયું છે મને કટુ!
" મરણની ન કાં ઔષધિ લઉં?
" ન મુજ વિશ્વ ને વિશ્વની ન હું,
" દિલ ન મૃત્યુથી આ નિવારવું!"

કહે બાવો, "અરે! કાંઈ વાત તો દુઃખની હશે!
"જડે ના માર્ગ કાંઈ તો કોઈને પૂછવું ઘટે."

"શું બોલું હું? નથી કંઈ રહ્યો સાર એ વાત માંહી,
"હું જીવું તો મુજ પ્રિય મરે એ જ છે વાત મ્હારી!
"શાને રોકો? વખત વહતો! ઠેરશે ના જનારું!
"શું બોલું રે? કહીશ કદી ના પાપ વ્હાલા તણું હું."

"પાપીને પાપ કીધાથી પાપમાં વધુ નાખ તું,
"કહે સાચું, અરે બાઈ! મરવા તો નહીં દઉં."

"હું તો છું વિધવા અને કુલ વળી છે નીચ મ્હારું પિતા!
"રે રે! એક વણિક જોઈ મુજને કૈં મોહ માંહી પડ્યો!
"સાથે કૈંક દિનો ગયા, જગત કૈં તે જાણતું ના હતું,
"કિન્તુ પાપ તણો ભરાઈ ફૂટતો, બાપુ! ઘડો આખરે.

"ગર્ભવતી થતાં હું તે પાડોશી સમજી ગયાં,
"ન્યાયને બારણે તેથી મ્હારે તો ચડવું પડ્યું.

"કાલે થશે જરૂર રે! ઈનસાફ તેનો,
"ને નામ એ વણિકનું ક્યમ દેઉં હું તો?
"એ બોલતાં જરૂર એ નવ જીવ રાખે,
"એનું થતું મરણ હું ક્યમ જોઉં આંખે?

"ગર્ભનું બાલ આ ને હું તેથી, બાપુ! મરી જશું;
"જીવવાને કહેશો ના! શું છે ના મરવું ભલું?"

વિચારી મૂળદાસ આમ વદતો ધીમે દયાથી ગળી,
"ના, ના બાઈ! મરીશ ના, જીવિતનો છે માર્ગ ખુલ્લો અહીં;
"જે દીવો નવ ઓલવાય કદી તે ફૂંકે ન બૂઝાવવો,
"લેજે તું મુજ નામ ને થઈશ હું સુખે પિતા બાલનો."

"અરરે! કેમ એ થાશે? ત્હમારું નામ શે લઉં?
"કેમ હું કૂડનો ડાઘો ત્હમારી કીર્તિને દઉં?"

"કીર્તિને સુખ માનનાર સુખથી કીર્તિ ભલે મેળવો,
"કીર્તિમાં મુજને ન કાંઈ સુખ છે, ના લોભ કીર્તિ તણો;
"પોલું છે જગ ને નકી જગતની પોલી જ કીર્તિ દીસે,
"પોલું આ જગ શું થતાં જગતની કીર્તિ સહેજે મળે.

" એ પોલાણ ત્યજી જનાર કદી એ કીર્તિ ન પામી શકે,
લોકોની અપકીર્તિમાં હૃદયની સાચી જ કીર્તિ વસે;
" એવી કીર્તિ તણું મહત્ત્વ કદી એ લોકો ન જોઈ શકે,
" દેખે નેત્ર ભલે પરન્તુ ગ્રહણે ના સૂર્ય ઝાંખો પડે.
" તુચ્છ એ કીર્તિને માટે ના ના ખૂન થવા દઉં,
" સહેશે સુખથી ડાઘો નામ આ મૂળદાસનું."

તે બાઈના હૃદયનાં પડ ઊઘડ્યાં સૌ,
આભારની છલકમાં દિલ ભાન ભૂલ્યું;
જોઈ શકી ઝળક સૂર્યની ડાઘ માંહીં,
કૈં પામતાં મહત એ દિલની પ્રસાદી.

થયાં એ બે ય જુદાં ને ઈનસાફે થઈ ગયો,
મહાત્મા જૂઠ બોલ્યો, ને સ્ત્રી સાથે વનમાં રહ્યો.

હાહાકાર થઈ રહ્યો દિવસ તે આખો બધે ગામમાં,
ઘેરઘેર થતી હતી મશકરી ને વાત બાવા તણી;
તેને જે પૂજતાં હતાં જન સહુ ધિક્કાર તે આપતાં,
ભિક્ષા એ નવ માગતાં મળતી ને ભૂખે દિનો કૈં જતા.

ભાઈ ને બ્હેન જેવાં એ બાવો ને બાઈ એક દિ',
મઠમાં એ જ બીનાની વાત કૈં કરતાં હતાં
કોઈ તે સુણતું'તું, ને હર્ષાશ્ચર્ય વિષે પડ્યું;
ને એ બોલી ગયું ધીમે, "સત્યનો બેલી છે પ્રભુ."

ચણભણ પછી ચાલી વાત કૈં ગામ માંહીં,
જનહૃદય પડ્યાં સૌ કાંઈ શંકા મહીં, ને
જનપદ ફરી લાગ્યા આવવા તે જગાએ,
ભજન પણ ગવાતાં રાત્રિએ ત્યાં ફરીને.

અન્ધારે સત્ય ડૂબ્યું તે આવતું તરી આખરે,
પરન્તુ કાંઈ એ તેની ચિન્તા ના મૂળદાસને.

૨૭-૫-'૯૬

## સીમા

જોડી જોડી, ત્રિપુટી કહીં ને મંડળી ચારની કૈં,
ને ક્યાંહી તો રસિક દિલના કાફલા સાથ ચાલે;

બેતાલો કે બસુર નહિ કો' કમ્પતો તાર ભાસે,
એ વીણાના સ્વરથી સઘળો માર્ગ મીઠો બને છે.

ફેલાવાને ઉરઉદધિની ઊર્મિઓ ઊછળે છે,
ઊર્મિ ઊર્મિ જરી અડકતાં ઐક્ય કેવું ધરે છે?
જુદા રંગો ભળી ગળી જતાં એકરંગી બને છે,
ને તેમાં ના નઝર કરતાં ફાટ સાંધો દીસે છે.

મેળો મીઠો, અરર! પણ આ એક બે-ચાર દિ'નો,
સીમા આવી! બસ અટકવું! કોઈનો તાર તૂટ્યો!
તૂટ્યો વા તે ઊતરી જ ગયો! મેળ પાછો મળે ના!
તાણો ખેંચો પણ નવ ચડે! ધૂન એવી મચે ના!

હું બોલું તે કબૂલ કરવા દિલ તે 'ના' કહે છે!
હું જોઉં જ્યાં ગિરિ ચળકતો ખાડ તે ત્યાં જુવે છે!
કાંટા ખૂંચે મુજ જિગરની ગોદમાં આવતાં ને
હું ખીલું ત્યાં અરર! ઢળતી કેમ મૂર્ચ્છા જ તેને?

સીમા આવી મુજ દિલ તણા સોબતી દિલની ત્યાં
એ હૈયું તો મુજ હૃદયની સાથ રે! વિસ્તરે ના;
એ જોડાયું જગત સહ ને બન્ધ આ તોડી ઊડે,
સીમા તેની, મુજ હૃદયના દૂરના અન્તરે છે.

મ્હારી દૃષ્ટિ સમય વહતાં કાંઈ જુદી થઈ છે,
તે દૃષ્ટિમાં વિકૃતિ સમયે કાંઈ જુદી કરી છે;
ફાંટા 'ફૂટ્યા અમ હૃદયના માર્ગમાં ઊલટા છે,
'તે ક્યાં! હું ક્યાં!' અરર! રડવું એ જ ભાગ્યે લખ્યું છે!

એ સીમાની ઉપર પગલું દેઈ ઓળંગશે એ,
ત્યાં તો સીમા મુજ જીવિતની આવશે વા જશે એ;
તેની સીમા ઉપર લટકું આમ બન્ધાઈ દોરે,
દોરી તૂટે જીવિતની છતાં બન્ધ તો કેમ તૂટે?

રે! રે! સીમા પ્રતિ હૃદયની આમ જુદી હશે શું?
રે! સીમાની ઉપર ચડવું કોઈને સ્હેલ ના શું?
વીણાતારો બસુર બનતાં એ જ કમ્પાવવા શું?
રે! સીમાએ કટુ વિષભર્યું આમ મીઠાશમાં શું?

કિન્તુ મીઠી કવિતા છે સીમાએ પગ મૂકતાં,
સિન્ધુના ઊર્મિ ઊર્મિએ નાચે છે ઉરનાવડાં.

૨૮-૫-'૯૬

## આધીનતા

ન્હાનાં ન્હાનાં વન વન તણાં ઊડતાં પંખિડાં કે,
કેવાં શીખો મધુર ગીતડાં સર્વ આધીનતાથી?
પેલી જોડી લટુપટુ થઈ વૃક્ષમાં ત્યાં ઊડે છે,
પાંખે પાંખે નયન નયને વ્યાપ્ત આધીનતા છે.

પેલો ભૃંગે ફૂલ ફૂલ પરે એ જ આધીનતાની
ચોટી ઊડી અણણણ કરી ગાય છે ગુંજ ગુંજી!
પુષ્પોની એ મધુરજભરી પાંખડી પાંખડીથી
ગોષ્ટી રેલે રસ છલકતે એ જ આધીનતાની!

ઊગે ચન્દ્રે ખૂબસૂરતીથી વિશ્વ રેલાવનારો
પીવા પ્યાલો કુસુમદિલથી એ જ આધીનતાનો;
રે! બીડાયો કમલપૂટમાં, હાય! આધીન ભૃંગ,
ના શું તેને શશીકિરણને ઝાંખવા હોંશ હોય?

ઓહો! મીઠી કુદરત તણાં બાલુડાં બાપુ વ્હાલા!
હોજો સૌને અનુકૂલ સદા આમ આધીનતા આ!
બ્હોળું છે આ જગત તહીંથી કાંઈ વીણી જ લેતાં,
છો માની ત્યાં જગત સઘળું મગ્ન આધીન ર્‌હેતાં!

મ્હારે રોવું મુજ હૃદયનું કાંઈ છે દર્દ કિન્તુ,
રોઈ ગાઈ તમ હૃદયને ચેતવી જાઉં, બાપુ!
રે! ના વારું તમ જિગરની કાંઈ આધીનતા, હું,
એ તો હું એ દરદ સહતાં મૃત્યુ સુધી ન ત્યાગું,

મેં ચૂંટ્યું'તું મમ હૃદયનું સ્થાન આધીનતાનું,
કેવું મીઠું રસિક દ્રવતું પુષ્પ વા પ્રેમ જેવું!
બાઝ્યું ચોંટ્યું મુજ જિગરના છેક ઊંડાણ માહીં,
પીને પાયો રસ હૃદયનો ખૂબ આનન્દ માંહી.

છોડ્યું મેં તો કુદરત મહીં એકલાં ખેલવાનું,
નિર્માયું તે મુજ મન ગમ્યું કોટડીમાં પુરાવું;
બીજાં જેવી મુજ હૃદયની કાંઈ પીડા નથી આ
અશ્રદ્ધા કે મરણ દુઃખનાં કાંઈ અશ્રુ નથી આ.

હા! જીવે છે પણ હૃદય ના ગન્ધ આપી શકે તે,
હું જીવું છું મુજ જિગરને ખાકમાં ભારવાને!
એ ચાહે છે મુજ હૃદયને તેટલો હુંય ચાહું,
એ ચ્હેરો તો કુદરત મહીં સર્વમાં જોઉં છું હું.

ત્હોયે એ તો જીવિત વહશે અન્ય આધીનતામાં!
રે! આ મ્હારું જીવિત વહતું અન્ય આધીનતામાં!
ઈચ્છા જુદી અમ હૃદયની ઈશની જુદી ઈચ્છા!
એ નિર્માયા અજબ દુખિયા ખેલ આધીનતાના!

રે પંખિડાં! મધુપ, શશી રે! ફૂલડાં બાપલાં હા!
રે! શું સ્હેજે તમ હૃદય સૌ આમ આધીનતામાં?
સ્હેજો સ્હેજો પણ હૃદય સૌ પૂર્ણ આધીન ર્‌હેજો,
લ્હાવો લેજો દિલ સળગશે ત્હોય આધીનતાનો.

સ્વચ્છન્દી છો સુખ સમજતાં શુષ્ક સ્વાતન્ત્ર્ય માંહીં,
એ શું જાણે પ્રણયી દિલથી વાત આધીનતાની?
દુઃખે સુખે દિલ થડકતાં થાય આધીનને જે.
તે લ્હાણું તો હૃદયરસનું માત્ર આધીન જાણે.

૨૯-૫-'૯૬

## અર્પણપાત્ર

દેવિ! મ્હારા હૃદયસરની લ્હેરીઓથી ગળીને
દેવિ! ત્હારા હૃદય ઉદધિઊર્મિઓમાં મળી જે,

દેવિ! મ્હારી હૃદયસરિતા ગાય તે કાંઈ મીઠું,
ઓહો! એ તો તુજ હૃદયના તાનનું ગાન, દેવિ!

વ્હાલી! તેની ઉપર કરજે કાંઈ દૃષ્ટિપ્રસાદ,
ઝીલી લેજે હૃદય ઝીલતાં સ્નેહનું અશ્રુ, વ્હાલી!

મ્હારી પાસે તુજ હૃદયને અર્પવા અશ્રુ માત્ર,
અર્પ્યું, વ્હાલી! જીવિત ગણજે અર્પતાં અશ્રુ એક.

આ હૈયું, આ શરીર પ્રભુએ આંસુડાંનું ઘડ્યું છે!
દેવિ! તેને તુજ હૃદયનું પાત્ર કેવું મળ્યું છે!
વ્હાલી! વ્હાલું તુજ જિગરને આંસુડું આ થયું છે,
ભક્તિ પ્રીતિ, હૃદયરસ ને ઐક્ય જેમાં ભર્યું છે.

૩૦-૫-'૯૬

## નિઃશ્વાસને

હૈયું કેવું દુઃખ-સુખ ભર્યું ફૂંકવા આવતો તું!
ખેંચી કાઢી દિલથી સઘળો ભાર લેઈ જતો શું?
તું આવ્યો ને કુદરત ઘડી હાસ્ય મીઠું કરે છે!
શોધું છું તે તુજ સહ મને લાધતું હોય જાણે!

૩૦-૫-'૯૬

## વ્હાલીનું રુદન

આ શું! વ્હાલી! તુજ મુખ બધું આંસુથી ભીંજવે કાં?
હું વિચારું સહજ કંઈ છું, દર્દ તો કૈં જ છે ના;
આ સંસારે કંઈ ફિકર છે– કાંઈ તેને વિચારું,
રે રે! તેથી રુદન કરવું આમ, વ્હાલી ઘટે શું?

૩૦-૫-'૯૬

## એક ઘા

તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો,
છૂટ્યો તે ને અરર! પડી ફાળ હૈયા મહીં તો
રે રે! લાગ્યો દિલ પર અને શ્વાસ રુંધાઈ જાતાં
નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતાંમાં.

મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મ્હારાજથી આ,
પાણી છાંટ્યું દિલ ધડકતે ત્હોય ઊઠી શક્યું ના;
ક્યાંથી ઊઠે? જખમ દિલનો ક્રૂર હસ્તે કરેલો!
ક્યાંથી ઊઠે? હૃદય કુમળું છેક તેનું અહોહો!

આહા! કિન્તુ કળ ઊતરી ને આંખ તો ઊઘડી એ,
મૃત્યુ થાશે? જીવ ઊગરશે? કોણ જાણી શકે એ?
જીવ્યું, આહા! મધુર ગમતાં ગીત ગાવા ફરીને,
આ વાડીનાં મધુર ફલને ચાખવાને ફરીને.

રે રે! કિન્તુ ફરી કદી હવે પાસ મ્હારી ન આવે,
આવે ત્હોયે ડરી ડરી અને ઇચ્છતું ઊડવાને;
રે રે! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે,
લાગ્યા ઘાને વિસરી શકવા કાંઈ સામર્થ્ય ના છે.

૬-૬-'૯૬

## રખોપીઆને

ફેંકી દેને તુજ કરથી આ પત્થરો, ગોફણી આ,
મ્હારે આવી મુજ ચમનમાં જોઈએ ક્રૂરતા ના;
જે પંખીડાં મુજ ચમનને લાગતાં ઘા ન છોડે,
તે પંખી છો મુજ ફલફૂલો ચાખતાં પૂર્ણ હર્ષે.

એ સૌ માગે જરૂર ઘટતો પાકમાં કાંઈ હિસ્સો,
થોડું માગે જીવનઅરથે, સ્વલ્પ દેવું ઘટે તો;
ખાઈ-પીને સુખમય બની પંખિડાં ગીત ગાતાં,
ન્હાનું-મ્હોટું સમજી સુખમાં જીવતાં સર્વ ન્હાનાં

આ મ્હોટું છે ઉપવન અને પંખિડાં છે ઘરેણાં
બાંધે માળો તરુ ઉપર એ છાયામાં કેવી શ્રદ્ધા?
ઘા શા માટે? ગરીબ બહુ એ! સ્વલ્પસન્તુષ્ટ ભોળાં!
તે સૌ માટે મુજ ચમનમાં જોઈએ ક્રૂરતા ના

૬-૬-'૯૬

## મને જોઈને ઊડી જતાં પક્ષીઓને

રે પંખીડાં! સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો,
શાને આવાં મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો?
પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું,
ના ના કો' દિ' તમ શરીરને કાંઈ હાનિ કરું હું.

ના પાડી છે તમ તરફ કૈં ફેંકવા માળીને મેં,
ખુલ્લું મ્હારું ઉપવન સદા પંખિડાં સર્વને છે;
રે રે! ત્હોયે કુદરતી મળી ટેવ બ્હીવા જનોથી,
છો બ્હીતાં તો મુજથી પણ સૌ ક્ષેમ તેમાં જ માની.

જો ઊડો તો જરૂર ડર છે ક્રૂર કો' હસ્તનો, હા!
પા'ણો ફેંકે તમ તરફ, રે! ખેલ એ તો જનોના!
દુઃખી છું કે કુદરત તણા સામ્યનું ઐક્ય ત્યાગી,
રે રે? સત્તા તમ પર જનો ભોગવે ક્રૂર આવી.

૭-૬-'૯૬

## પશ્ચાત્તાપ

તે હૈયાની ઉપર નબળા હસ્તથી ઘા કર્યો'તો
તેમાં લોહી નિરખી વહતું ક્રૂર હું તો હસ્યો'તો!
એ ના રોયું, તડફડ થયું કાંઈ ના કષ્ટથી એ,
મેં જાણ્યું કે જખમ સહવો સ્હેલ કરનારને છે!

કિન્તુ નિદ્રા મુજ નયનમાં ત્યારથી કાં ન આવી?
રોતું મ્હારું હૃદય ગિરિ શા ભાર નીચે દબાઈ!
રે રે! તે ઘા અધિક મુજને મૃત્યુથી કાંઈ લાગ્યો,
એ અંગારો મુજ જિગરના મૂળને ખાઈ જાતો!

કેવો પાટો મલમ લઈને બાંધવા હું ગયો'તો!
તે જોઈને જખમી નયને ધોધ કેવો વહ્યો'તો!
એ અશ્રુ, એ જખમ, મુખ એ, નેત્ર એ, અંગ એ એ
બોલી ઊઠ્યાં પરવશ થયાં હાય સૌ જેમ હેતેઃ—

"વ્હાલા! વ્હાલા! નવ કરીશ રે! કાંઈ મ્હારી દવા તું!
"ઘા સ્હેનારું નવ સહી શકે દર્દ ત્હારી દવાનું!
"ઘા દે બીજો! અગર મરજી હોય તેવું કરી લે!
"ત્હારું તેનો જરૂર જ, સખે પૂર્ણ માલિક તું છે."

ત્યારે કેવાં હૃદય ધડક્યાં સાથ સાથે દબાઈ!
વ્યાધિ તેની, મુજ જિગરની પૂર્ણ કેવી ભુલાઈ!

ઘા રુઝાયો, સમય બહુ એ ક્રૂર ઘાને થયો છે,
ત્હોયે તેનું સ્મરણ કરતાં નેત્ર ભીનાં વહે છે!

હા! પસ્તાવો-વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે,
ઓહો! કેવું સ્મરણ મધુરું પાપનું એ ધરે છે!
માફી પામ્યું કુદરત કને એમ માની ગળે છે!

રાજ્યોથી કે જુલમ વતી કે દંડથી ના બને જે
તે પસ્તાવો સહજ વહતાં કાર્ય સાધી શકે છે!
હું પસ્તાયો, પ્રભુ પ્રણયીએ માફી આપી મને છે,
હું પસ્તાયો, મુજ હૃદયની પૂર્ણ માફી મળી છે.

૭-૬-'૯૬

## મૃત પુત્રી લાલાંની છબી દૃષ્ટિથી ખેસવતાં

લાલાં જોયું તુજ મુખ બહુ આજ વ્હાલી છબીમાં,
વર્ષો વીત્યાં, છબી પણ હવે છેક ભુંસાઈ, લાલાં!
ત્હારા મ્હોંની તુજ છબી હવે વાત કાંઈ કહે ના,
એ તો લાગે મુજ નયનને અન્યનું ચિત્ર, લાલાં!

બાપુ! ત્હારી મરણતિથિની આજ યાદી થતાંમાં,
હૈયે જાગે સ્ફુટ છબી અને આંખમાં આંસુ આવ્યાં;
છેલ્લે ચુમ્બી તુજ પ્રતિકૃતિ દૂર લાલાં! કરું છું,
ભૂલી જાવું દુઃખ ઉચિત છે કાળથી જે ભુલાયું.

ના લેણું તો ઘટિત નહિ તે વ્યર્થ શી ઉઘરાણી?
લાલાં! શાને દુઃખની કરવી વ્યર્થ વીતેલ ક્હાણી?
લાલાં! અર્પી પ્રભુપદ કને પુષ્પની જે કલી મેં
તેને માટે મુજ નયનમાં આંસુડું હોય શાને?

રોયો છું હું– જિગર નબળું યોગ્યતા બ્હાર રોયું,
તું જાણે તો દુઃખ પણ તને થાય એવું રડ્યો છું;
એ રોવું, એ સ્મરણ કરવું યોગ્ય સંસારમાં ના,
રોવાથી કૈં વધુ જરૂરનાં કાર્ય છે સાધવાનાં.

લાલાં! તું તો રુદન હસવું સર્વ ભૂલી ગઈ છે,
વા આ મ્હારું સુખ-દુઃખ સહુ મોહ માની હસે છે;
એ શાન્તિનું સ્મરણ કરતાં યોગ્ય છે શાન્ત ર્‌હેવું,
ત્હારા જેવું જીવન જીવતાં ગાળવું યોગ્ય, બાપુ!

કો' વિક્ષેપે મુજ નયન આ ત્હોય ભીંજાય જ્યારે,
લાલાં! ત્હારું મુખ ફરી ફરી આવશે યાદ ત્યારે;
આંસુડાં એ ખરી પણ જશે પ્રેમ વૈરાગ્યનાં બે,
વ્હાલી લાલાં! ક્યમ મળી શકે જ્ઞાન શાન્તિ પરાણે?!

૮-૬-'૯૬

# વિના કૈં પાપ પસ્તાવું

વિના કૈં પાપ પસ્તાવું નસીબે આ લખાયું છે!
ફરી પસ્તાઈ એ ફન્દે ફસાવાનું લખાયું છે!
તહીં છે ઈશ્કની મેનાં જિગર મ્હારું પડ્યું તેમાં;
પરંતુ પાંખ એ તેની નસીબે દૂર છે ઠેલી!

અહીં છે ઈશ્કનું પિંજર પુરાઈ પાંખ છે જેમાં,
હવાલે તે તણે ગાળી રહીને ઝિન્દગી જેમાં.
નવી, નીલી અને કૂંળી ઊગી તે પાંખ ઊડે છે,
અને એ પાંખને જોરે જરા પિંજર તૂટેલું છે.

ન તૂટે એ! ન ઊડે આ! અને છોડે પછાડા ના!
ગળે બાઝી રહ્યું પિંજર! દિલે બાઝી રહી મેનાં!
ભલે તું ગીત ગા, મેનાં! ભલે તું રોઈ ર્‌હે મેનાં!
'વિના કૈં પાપ પસ્તાવો', કહું હું બોલ શે એવા?

અરેરે! કેદખાનામાં મને આ ઈશ્ક સૂઝ્યો ક્યાં?
ખુદાને નૂર બતલાવી દિલે ચિનગી લગાડી કાં?
ન જોયું કૈં અગાડીનું! ગયો ભૂલી પછાડાનું!
અને ગાફેલીએ વ્હોર્યું વિના કૈં પાપ પસ્તાવું!

૯-૬-'૯૬

# ત્યાગ

હું જાઉં છું! હું જાઉં છું! ત્યાં આવશો કોઈ નહીં!
સો સો દીવાલો બાંધતાં ત્યાં ફાવશો કોઈ નહીં!

ના આંસુથી, ના ઝુલ્મથી, ના વસ્લથી, ના બન્ધથી,
દિલ જે ઊઠ્યું રોકાય ના! એ વાત છોડો કેદની!

સૌ ખુશ રહો જેમાં ખુશી! હું જ્યાં ખુશી તે હું કરૂં!
'શું એ હતું? શું આ થયું?' એ પૂછશો કોઈ નહીં!

કૈં છે ખુશી! કૈં છે નહીં! દિલ જાણતું-જે છે તે છે!
જ્યાં જ્યાં કરી પેદા ખુશી ત્યાં ત્યાં ખુશી દિલ છે નકી!

પેદા કર્યો'તો ઇશ્ક ત્યાં ના કોઈને પૂછ્યું હતું;
એ ભૂંસવા જો છે ખુશી તો પૂછવું એ કૈં નથી.

છે ઇશ્ક જોયો ખૂબ તો જોવું હવે જે ના દીઠું,
કિસ્મત બતાવે ખેલ તે આનન્દથી જોવા સહી!

આ ચશ્મ બુરજે છે ચડ્યું આલમ બધી નિહાળવા,
તે ચશ્મ પર પાટો તમે વીંટી હવે શકશો નહીં.

મ્હારી કબર બાંધી અહીં ત્યાં કોઈને સુવા ર જો!
હું જ્યાં દટાઉં ત્યાં ફૂલોને વેરશો કોઈ નહીં!

છે શું ફૂલો, શું ઇશ્ક ને શું સૌ તમે જાનારને!
આ માછલું દરિયા તણું એ ઊર્મિઓ ગણતું નહીં!

તમ ઊર્મિએ તમ વારિધિ, મુજ વારિધિ મુજ ઊર્મિ છે!
જે હિકમતે આ છે બન્યું તે જાણશો કોઈ નહીં!

શું પૂછવું? શું? બોલવું? ખુશ છો અને રહેજો ખુશી!
વ્યર્થ આંસુ ખેરશો તો લૂછશે કોઈ નહીં.

૧૦-૬-'૯૬

## ચાહીશ બેયને હું

તુંને ન ચાહું, ન બન્યું કદી એ,
તેને ન ચાહું, ન બને કદી એ;
ચાહું છું તો ચાહીશ બેયને હું,
ચાહું નહીં તો નવ કોઈને હું.

આ પુષ્પ છે, આ નદી છે; ઝરા છે,
આ પક્ષીઓ સૌ નભમાં ઊડે જે,

તેમાં વહે છે સરખો અનિલ,
અર્પે પરાગે સહુને સમાન.

ના એકને ને ક્યમ એકને તે
અર્પી શકે જે રજ તે ગ્રહે છે?
અર્પે સમાન નહીં તો ન અર્પે,
અર્પે નહીં તે ગ્રહશે નહીં એ.

ક્યાં ચાહવું તે દિલ માત્ર જાણે,
તેમાં ન કાંઈ બનતું પરાણે;
ત્યાં બુદ્ધિના જોરની કૈં ન કારી,
બુદ્ધિ તણો માર્ગ જુદો જ કાંઈ.

આ ન્યાય, આ યોગ્ય, ન પ્રેમ જાણે,
પૂરે વહેવા પડી ટેવ તેને;
ચાહું તને હું વહી તે જ પૂરે,
તેને હું ચાહું વહી તે જ પૂરે.

તે પૂર તે પ્રેમ જ માનજે તું,
તે ખાળતાં પ્રેમ જ ખાળશે તું;
તેને ન ચહું, તુજને ન ચાહું,
તે ખાળતા તે પરિણામ મ્હારું.

જો ખાળશે એ દિલનો તું માર્ગ,
છૂટી રહેશે પછી બુદ્ધિ માત્ર;
બુદ્ધિ ગણે છે સહુને સમાન,
ત્યાં કોઈની ઉપર કૈં ન વ્હાલ.

ખેંચાણમાં તું મુજને જવા દે,
ખેંચાણ બ્હારે અથવા થવા દે;
ચાહું નહીં તો નવ કોઈને હું,
ચાહું છું, તો ચાહીશ બેયને હું.

૧૨-૬-'૯૬

## ત્યાગમાં કંટક

બાળી પહાડો સહુ ખાક કીધા!
તે ખાક ચોળી જ શરીરમાં આ.

વિકરાલ દાવા મુજ ત્યાગધૂણી!
તેણે બચાવ્યું નવ કોઈ પ્રાણી!

હા હા! તહીં કંટક આ કહીંથી?
નીલો રહ્યો છે દ્રવતો જલેથી?
ના અગ્નિમાં એ મુજ દિલ દાઝે!
ભોંકાય તેમાં ક્યમ કુમળો એ?

મેઘધ્વનિમાં કંઈ વજ્રપાત,
ઉરે ન તેની ગણી કૈં વિસાત;
તે ઉરે આ કાયર કેમ થાય?
કાંટો અડ્યો પિગળી કેમ જાય?

મ્હારી સમાધિ ડગી જાય છે કૈં!
તલ્લીન કાંટા મહીં થાય છે કૈં!
આ યોગ મ્હારો ક્યમ મ્હાત થાય?
ખેંચાણમાં કાં વહતો જણાય!

યોગીઉરે કંટક આ હશે શું?
આ રાગ ત્યાગી ઉરમાં રહ્યો શું?
બુદ્ધિ મહીં આ દિલનો ઝરો શું?
પાષાણમાં રોપ ઊગ્યો હશે શું?

ખેંચાણ યાચે નબળાઈ કાંઈ,
અશ્રુ વહે છે ક્યમ નેત્ર માંહીં?
કાંટો ગળીને મૃદુતા ધરે છે!
ચિત્તે સ્મૃતિ-વાદળ કૈં ચડે છે!

વ્હાલી હતી તે ફરી થાય વ્હાલી!
તે અશ્રુની આપતી કાંઈ યાદી!
આ ત્યાજ્ય લાગે મુજ ત્યાગ શાને?
ના ત્યાજ્ય તે રાગ મને દીસે છે!

ભોળું ન થા, ઉર! હવે ફરીને,
માન્યું વૃથા તે નકી સૌ વૃથા છે;
કાંટો ય બાળી કર ભસ્મ તેને,
તે ભસ્મ ચોળી, અવધૂત! લેને.

૧૩-૬-'૯૬

# ભરત

ભરત ઉમ્મરે પ્હોંચી, છોડ વૈભવ રાજ્યને,
વનમાં ગંડકીતીરે આશ્રમ બાંધીને રહ્યો.

ૐકારના રટનમાં દિન જાય ચાલ્યા,
એકાગ્ર ચિત્તથી ભજે પરિબ્રહ્મ રાજા;
આહાર કન્દફલનો કરતો સદા એ,
એકાન્ત શાન્ત સ્થલમાં સુખથી વસે છે.

હૈયું સદા સહુ પરે સમતા ધરે છે,
જેના પ્રભાવથી વને ખીલતું રહે છે;
એ યોગતેજ તરુમાં ચળકી રહ્યું છે,
તિર્યંચ ત્યાં અધિક હર્ષ મહીં ફરે છે.

જટા પીળી શીર્ષે કૃશ અવયવો ઉપર રહી,
દીસે છે તે મ્હોટી મધુર ફૂલના પુંજ સરખી;
સમાધિવેલાએ જલશીકરથી સિકત બનતી,
અને એ મોતીડાં વિખરી ખરતાં કેશ પરથી.

વિભૂતિના સ્પર્શે સુરખ દીસતાં આર્દ્ર વિપુલ,
રહે ઘેરાયેલાં પ્રણવપ્રણયી દિવ્ય નયનો;
મટે તેના તેજે કુદરત તણી સૌ વિષમતા,
સુખે નેત્રો જોતાં સતત ગતિની બ્રહ્મરચના.

રે સંસારી! નિમિષભર તું ફેંકજે દૃષ્ટિ આંહીં,
આ દૃષ્ટિનું અનુકરણ કૈં રાખ સંસાર માંહીં;
ભોળા! ત્હારી ઘડમથલમાં શાન્ત થા શાન્ત થા કૈં,
સ્થિતિની તું ઉપર ચડી જો ત્યાગની દૃષ્ટિ આંહીં.

આ ત્યાગીનાં નયન ફરીથી જોઈ લે એક વાર,
શું તેમાં ના સતત વહતી પ્રેમની એક ધાર?
હા! તૈયારી સહુ અરપવા ત્યાગમાં એ નથી શું?
બીજાનાં કૈં દુઃખથી ગળી એ નેત્ર જાશે નહીં શું?

તપસ્વીના આ તપમાં રહી છે
મહા દયાની અતિ તીવ્ર રેખા;

ફૂલો, લતા ને તરુ, મેઘ માંહીં
આનન્દ પીતાં નયનો સદા છે.

પ્રભાતકાલે નભની સુનેરી,
સન્ધ્યા સમેની સરની લહેરી;
વાયુ તણા શીતલ ગન્ધથી એ
આભાર હૈયું ઋષિનું દ્રવે છે.

સન્ધ્યાકાલે પ્રભાતે એ તપસ્વી નદીએ જતો,
સ્નાનાદિ ત્યાં કરી નિત્યે ટેલતો વનમાં હતો.

નદી વહે છે ગિરિથી રમન્તી,
ફૂલો તણાં ગીત હજાર ગાતી;
ગાયત્રીનો મન્ત્ર જપે નદીમાં
ઊભો રહીને ઋષિ એક દિ'ત્યાં.

ત્યાં ઘૂઘૂઘૂ ગિરિ નભ મહીં ગાજતો નાદ આવે,
મોજાં તેના પ્રતિધ્વનિ તણાં ભેખડે આથડે છે;
વારિ કમ્પ્યું, ડગમગી ગયાં શૃંગ અદ્રિ તણાં, ને
ત્રાસે ન્હાસે વનચર બધાં કોઈ ધ્રૂજી પડે છે.

સિંહધ્વનિથી જયગર્જનાથી
ડરી મૃગો કૈં ઋષિ પાસ આવે;
ફલંગ મારી ઝરણું કૂદે છે,
તપસ્વી તે ચિત્ર ઊભો જુવે છે.

ત્યાં એક બાલ મૃગ કો'હજુ જે અશક્ત
કૂદી જતાં ઝરણ તે જલમાં પડ્યું, ને
એ પૂરમાં તરફડી ઘસડાતું જોઈ
લાગ્યું ઋષિહૃદય એ અનુકમ્પવાને.

ઉપયોગી થવા પ્રેરે તપસ્વી દિલને દયા,
પડે છે વારિમાં તેથી યોગી તે મૃગ ઝાલવા.

બલ કર મહીં આવ્યું પૂરને વીંઝવાને,
ગરીબ મૃગ બચાવા કાંઈ ચિન્તા દિલે છે;
ઋષિ પદ ગ્રહી તેને ખેંચીને બ્હાર લાવ્યો,
હરિણ ઉગરવાથી કંઈ આરામ આવ્યો.

જરા મીંચાયેલાં નયન મૃગનાં સુન્દર દીસે,
અને તેના ભાવો ઋષિ તરફ કેવા મૃદુ દીસે!
ઋષિનું હૈયું આ નિરખી શકતું'તું રસિકતા,
થતું જોઈ ઘેલું કુદરત તણી આ મધુરતા.

પંપાળ્યું, પાણી પાયું, ને આશ્રમે ઊંચકી ગયો;
તૃણાદિ ત્યાં દઈ તેને કૂદતું ઋષિએ કર્યું.

રમે છે, કૂદે છે, ઋષિચરણ ચાટે જીભ વડે,
અને એ યોગીની મૃગ પર અમીની નજર છે;
ઊગી તેને શિરે ચળકતી રૂપાળી શીંગડીઓ,
ઋષિની પીઠે એ કરતી ચળ ન્હાની કુમળીઓ.

ઋષિની છાયા શું ફરતું દિનરાત્રિ ઋષિ કને,
પિતા-માતા-બન્ધુ સહુ મૃગ ઋષિને સમજતું;
ઋષિ તેને દેતો કુમળું તૃણ ને પર્ણ કુમળાં
અને બાંધે માલા કુસુમકલીની ડોક ઉપરે.

સ્નાનાદિ ક્રિયા કરીને ઋષિ એ
આશિષ દેતો મૃગબાલને, ને
"તું જીવતું રૂહે," વદતો દયાલુ,
ચુમ્બી લઈને હસતો દયાલુ.

આભાર ભૂલી મૃગ ના ગયું'તું,
જોતાં ઋષિને દિલ રીઝતું'તું;
કૈં ગેલથી તે ઋષિને હસાવે,
ને એ મહાત્મા દિલને હલાવે.

દૂરે જાતાં મૃગ વન મહીં યોગી બેચેન થાતો,
ખોવાતું તો શ્રમ લઈ વને શોધવા દૂર જાતો;
પીઠે તેને ઊંચકી વળતો આશ્રમે હર્ષભેર,
સુખી તેને નિરખી વહતાં નેત્ર આનન્દરેલ.

અહોહો! અલ્પ જીવોના પ્રેમમાં બલ છે બહુ,
ખેંચાતાં પ્રેમથી તે સૌ ખેંચી પ્રેમ વતી શકે.

યોગી ચાલ્યો જપ તપ ભૂલી પ્રેમખેંચાણ માંહીં,
ચાલ્યો ને તે અટકી ન શકે આટલે દૂર આવી;

ધક્કો દેતાં હૃદય પિગળે આર્દ્રતાને, અરેરે!
ખેંચે તેને હૃદય કુમળું કોણ ઠેલી શકે છે?

ભીનાં નેત્રે ઋષિ ધીમે ક્યારે ક્યારે કહી જતો;
"દૂર થા! દૂર હુંથી થા! રે વ્હાલા મૃગબાલ તું!"

ખેંચે છે તે પ્રણયી દિલને ઠેલવું, હાય! શાને?
ધક્કો દેવા મૃદુ હૃદયને, યોગી! તું કેમ ઈચ્છે?
તારા આવા નિયમ સઘળા શુષ્ક લાગે મને તો,
મીઠી વૃત્તિ કુદરતી, અરે! બાળવા ઈચ્છતો કાં?

વ્હાલું છે તો ક્યમ દૂર કરે? નેત્રમાં કેમ અશ્રુ?
ધક્કો દેતાં પ્રણયી દિલને શ્રેય હું તો ન માનું;
આવાને શું તુજ હૃદયને ચાહતાં પાપ થાય?
સ્વાર્થી તું છે પણ પ્રણયથી ત્હારું ન જાય.

સાક્ષી પૂરે તુજ જિગર જો આંસુથી વાતને આ,
તેની સામે કઠિન બનીને થાય છે આગ્રહી કાં?
પીવા તેને હૃદયઝરણું ટેવ છે તેં જ પાડી,
બીજે ક્યાં તે જનહૃદયની પામશે લ્હાણ આવી?

એ તો ત્હારાં સમિધફૂલને સ્પર્શતાંએ ડરે છે!
તું ખીજે તો મૃદુ મૃદુ થઈ ગેલ કેવાં કરે છે!
તું રીઝે તો તુજ તરફ એ હોંશથી દોડી આવે!
એ નેત્રો શાં તુજ જિગરથી વાત છાની કરે છે!

કિન્તુ, યોગી! તુજ ફરજ તું કાંઈ જુદી જ માને,
આ પ્રીતિ કૈં તુજ હૃદયને માર્ગ જુદો બતાવે;
હું સંસારી નવ કહી શકું યોગ્ય આ વા નહીં આ,
ત્હોયે આવી તુજ મગજની શુષ્ક રીતિ રુચે ના.

રાગ ને ત્યાગની વચ્ચે હૈયું એ ઝૂલતું હતું,
એક દિ' યોગીઉરે આ ઉદ્‌ગારો નીકળે કંઈ:–

" કંઈ દુઃખે છે! દુઃખ તો જણાય છે!
" કહીં દુઃખે શું? પણ ના કળાય તે!
" મને રુચે આ મૃગ છોડવું નહીં!
" કહીં ય આસક્ત થવું રુચે નહીં!

" બ્રહ્માંડ આખું નિજ માનનાર જે
"બને ન વ્યક્તિ કદી પાળનાર તે;
" ન ન્યૂન કોઈ નવ કો' વિશેષ વા,
"ન દૃષ્ટિએ ઊર્મિ ચડે પડે ન વા.

"ન ઓટ તેને ભરતી નહીં હશે,
"તળાવ જેવો ઉદધિ રહે ભલે;
" દયા ભલે કૈં ઉપયોગની થતી,
" દયાથી આસક્ત થવું ઘટે નહીં.

"બચાવ્યું મેં ભલે તેને, હવે છો કૂદતું ફરે;
"પડે જો સિંહપંઝે તો નિર્માયું તે ભલે બને.

" ચાલે સૌ પર જેમ ચક્ર ફરતું નિર્માણનું સૃષ્ટિએ,
" તેવું તે મૃગ ઉપરે સુખથી છો એ ચક્ર ચાલે હવે;
" રોકાશે મુજથી નહીં, ક્યમ પછી ચિન્તા નકામી ધરું?
" જે મ્હારું, જગનું અને સહુ તણું તે છો બને તે તણું.

"ફર સુખથી હવે તું શોધીને કોઈ ટોળું,
"ફરી કદી પણ મ્હારા આશ્રમે આવવું ના;
"જપતપ કરનારો પાળશે આ તને ના,
"અરર! પણ સુખે તું છોડશે કેમ સ્નેહ?"

ઋષિ! ત્હારી સ્થિતિ જોઈ આવે છે મુજને દયા;
આવશે વ્હાલથી તેને પંપાળીશ હવે ન શું?

નેત્રો રમે આ તુજ વાદળીથી,
ક્રીડા ગમે છે કંઈ માછલીની,
સન્ધ્યા સમે કૈં વધુ હર્ષ આવે,
તો કેમ ત્હારું મૃગલું ત્યજે છે?

રમાડ તેને પણ લુબ્ધ ના થજે,
ઋષિ! ન એ શું તુજથી બની શકે?
દયા વધુ છો ઉપયોગની થતી,
દયા બતાવે હજુ ઉચ્ચ માર્ગ કૈં.

પડે જો સિંહપંઝે તો નિર્માયું તે ભલે બને;
રડજે તું નહીં ત્યારે, કિન્તુ હાલ રમાડજે.

છોડી દેવા રસ મધુર સૌ સાધ્ય લાગે તને જો,
તો ના શાને પ્રણયી બનતાં સાચવે ત્યાગ ત્હારો?
હું સંસારી મુજ હૃદય આ ખીલતાં હર્ષ પામું,
તું યોગીને તુજ હૃદયને બાળવું યોગ્ય લાગ્યું!

સુખ અનુભવનારો કિન્તુ આંસુ ય પાડે,
જરૂર સ્થિર નહીં તે કમ્પતો તાર ચાલે;
રુદન નહીં ત્યજાતું હાસ્યના ત્યાગ પ્હેલાં,
કટુ નકી કટુ લાગે સ્વાદનું ભાન થાતાં.

બને તે કેમ કોઈથી ચાહવું ને ન ચાહવું?
બને તો તું ભલે તેને છોડી દેજે રમાડવું!

* * *

વહ્યા કૈં દ્હાડા ને મૃગ પ્રિય હજુ છે ઋષિદિલે,
વહેશે કૈં દ્હાડા, મૃગ પ્રિય રહેશે ઋષિદિલે;
અહાહા! બન્ધાયો જગત ત્યજનારો મૃગ મહીં,
અરે! છૂટ્યો ફાંસો સમજણ છતાં એ કદી નહીં!

ધીમે ધીમે શરીર પર એ મૃત્યુના હસ્ત લાગ્યા,
કિન્તુ ઓછી નવ થઈ અરે! બન્ધની કાંઈ પીડા;
પમ્પાળે છે શિથિલ કરથી યોગી તેનું કુરંગ,
નિત્યે નિત્યે વધુ વધુ હજુ યોગમાં થાય ભંગ.

જટાથી ટેકવી માથું, સૂતો છે ઋષિ એક દિ',
મૃત્યુથી તૂટતી નાડી જોરથી ધબકી રહી.

પાસે ઊભું છે દુખિયું કુરંગ,
શું થાય છે તે સમજ્યું હતું તે;
ચાટે ઋષિના કર ને કપાલ,
ને નેત્ર નેત્રે મળી દર્દ રોતાં.

ભીના હતા ગાલ ઋષિ તણા એ,
અશ્રુ હતું એક તહીં રહેલું;
બોલ્યો ઋષિ, "રે! ભુજ બાલ બાપુ!
"આ આશ્રમે હા ક્યમ જીવશે તું?

"તું એકલાની સ્થિતિ? શું અરેરે!
"ટોળું હવે શોધીશ ક્યાં નવું તું?
"રે! શું થશે મૃત્યુ અકાલ ત્હારું?"
પંચત્વ પામ્યો વદી એમ યોગી.
કથા એવું કહે છે કે જન્મશે મૃગ એ ઋષિ;
વાંચ્છના જે રહી તે તે પૂરી સૌ કરવી પડે.

૧૬-૬-'૯૬

## પક્વતા

અહોહો! તે કલા કાચી કાલના ઊઘડી હતી,
પક્વતા ના હતી ત્યારે સુગન્ધીય હતી નહીં.
હતી ના મધમાખી ત્યાં, હતા ના ભૃંગ ગુંજતા,
સુખાસ્વાદી કલા મીઠી મુખપદ્મ હતી ન વા.
ખીલેલી છે, મહેકે છે આજ તો પાંખડી બધી;
હીંચતી વાયુલ્હેરેથી ભૃંગને રીઝવી રહી.
ચૂપ છે ઝૂલતી ત્હોયે મીઠું ગાયન ગાય છે!
આહા! લાવણ્ય તેનું આ કરે છે વશ આંખને.
મોહની શી કલા મીઠી ગ્રહે છે પક્વ ચારુતા,
વળી એ કાન્તિના ભોક્તા હોય છે સજ્જ સર્વદા.
કિન્તુ રે! વિકસે છે એ હજુ તો એક પાંખડી,
ત્યાં તો રે! કરમાવાનું થાય છે શરૂ આજથી!
આજે જે પાંખમાં પેસી ચૂમે છે મધ ભૃંગ તે,
ફિક્કી પીળી થઈ કાલે સુવાસિત નહીં હશે!
સ્પર્શતાં પક્વતાને કૈં, રે રે! ધ્વંસ શરૂ થતો,
અને, ના પક્વ ત્યાંસુધી ના ના સ્વાદ મળે કશો.

૨૦-૬-'૯૬

## ઋણ

આ બ્રહ્માંડ અનન્ત મ્હેલ પ્રભુનો કૈં કાલથી છે ઊભો,
તેમાં કૈંક ઝરી ભર્યા ચળકતા ઊડી રહ્યા વાવટા;

ને સિંહાસનથી અનેક લટકી ગોળા રહ્યા ઝૂલતા,
તે પ્રત્યેક મહીં સુરંગ રચના બારીક છે કોતરી.

*　*　*

બ્રહ્માંડ આ તો ગૃહ તાતનું છે,
આધાર સહુને સૌનો રહ્યો જ્યાં;
લે છે સહુ કૈં સહુને દઈ કૈં,
આભાર સૌનો સહુ ઉપરે છે.

ના રાખતું કો' ઋણનો હિસાબ,
આભાર માની નવ કો' રડે ત્યાં;
આનન્દમાં સૌ દઈને રહે છે,
આનન્દમાં સૌ લઈને રહે છે.

ગોળા ફરે એક જ તત્ત્વના સૌ,
ખેંચાઈ એ એક જ તત્ત્વનાથી;
અર્પે ગ્રહે છે સહુ એ જ તત્ત્વ,
જે સર્વનું તે સહુને મળે છે.

આ વાદળીમાં વીજળી રમે છે,
આ સિન્ધુમાં આ નદીઓ મળે છે;
જુદાં થઈને સહુ એક થાય,
જે જેનું તે ત્યાં જઈને સમાય.

રે! માનવીનું પણ એ જ તત્ત્વ,
હું તું મહીં એક જ રક્ત ચાલે;
તો કાં ન અર્પું મુજ શીર્ષ તુંને?
અર્પું કદી તો ઋણ થાય શાનું?

માગે ન લોહી મુજ કાં સુખે તું?
શાને ડરે છે કંઈ માગતાં તું?
ત્હારું ગણે ના ક્યમ સર્વ મ્હારું?
મ્હારું ગણે ના ક્યમ સર્વ ત્હારું?

આ વાત શાને જગમાં કરું છું?
સંસારમાં વૈર જ નિરખું છું!
બ્રહ્માંડ આ એક જ ભ્રાતૃભાવ,
જન્મ્યો કહીંથી કટુ ભેદભાવ?

તે ભેદનો આ ઋણ એક અંશ,
આભાર તેમાં કરતો પ્રવેશ;
વિદ્વેષ, ભેદ, ઋણ, ઉપકાર,
એ કેમ ઊગ્યાં વિણ બીજ ઝાડ?

હુંથી બને જો કદી કાંઈ ત્હારું
તો માનજે ના ઋણમાં તને તું;
માગીશ હું એ કદી જોઈશે તો,
તું આપજે, હું સુખથી લઈશ

આભાર ભૂલે બહુ લોક આંહીં,
પીડા ન તેની કદી થાય કાંઈ;
આભારનાં અશ્રુ નિહાળી કિન્તુ
ખેર્યાં, અરે! મેં બહુ વાર આંસુ.

૨૧-૬-'૯૬

## હું બાવરો

આ આતશે તાપે તપેલો હું બળેલો બાવરો!
ઝાંખી થયેલી નૂરની તે નૂરનો હું બાવરો!
એ નૂર ના આફતાબ કૈં, એ નૂર ના હા! વીજળી!
એ કોણ? શું? કૈં એ નહીં! હું ત્હોય તેનો બાવરો!

એ ગુલ હતું અંગારનું! હું ફૂદડી તેની બન્યો!
ચોટ્યો, ગળ્યો, દાઝી ગયો! હું ત્હોય તેનો બાવરો!
હા! હાય! હા હા! સ્વપ્નમાં એ જાગતાં એ નીંદમાં,
તેને ન હું તો ક્યાં ય! ત્હોયે હું જ તેનો બાવરો!

અક્કલ કહે છે છોડવા, હૈયું કહે, "તે ના બને".
અક્કલ ગુમાવી! દિલ બાળ્યું! ઇશ્કનો હું બાવરો!
" એ ઝેર દેખે છે છતાં કાં માન તેને મીઠડું?"
એ પૂછશો કોઈ નહીં! ઉત્તર ન આપે બાવરો!

આશક તણી નઝરે ભરી ખૂબસૂરતી જે છે સદા,
તે કેઈ માશૂકને મુખે છે? એ જ પૂછે બાવરો!
દુનિયા કહે કૈં એ ભલે! અક્કલ કહે અંગાર છો!
મ્હારી નિગાહે પુષ્પ તો હું પુષ્પ માનું બાવરો!

મ્હેં પૂતળી કૈં છે ઘડી દિલમાં હજારો હોંશથી,
એ પૂતળી જેને ગણી તેનો થયો હું બાવરો!
એ પૂતળીના જાદુને કો' જાણનારું જાણશે!
ખામી નઝર આવે નહીં! એ દેખનારો બાવરો!

'હા હાય હાહા! હાય હાહા!" એ પુકારું હું ભલે
એમાં મને માની મજા તો એ મજા લે બાવરો!
કૈં પૂછનારો બાવરો! કૈં બોલનારો બાવરો!
આ 'હાય' પુકારી રહ્યો તે બાવરો, હું બાવરો!

૨૩-૬-'૯૬

## મૃત પુત્રી લાલાંની છબી દષ્ટિથી દૂર કરી

લાલાંની એ છબી સમયથી છેક ભૂંસાઈ જાતાં,
દૃષ્ટિ બ્હારે રુદન કરતાં મૂકવી યોગ્ય લાગી;
ક્યાં મૂકું તે સમજણ પડી કાંઈ એ ના ઘડી તો!
શું એ માટે મુજ ગૃહ મહીં સ્થાન એકે રહ્યું ના?

એ યાચે છે મુજ કર કને સ્થાનની યોગ્યતાને,
આંહીં? ત્યાં? ક્યાં? સમજણ પડે કાંઈયે ના અરેરે!
"બાલુ!" એવો મુજ મુખ થકી નિકળ્યો શબ્દ અન્તે,
બાલુ આવ્યો મુખ હસવતો, જોઈ તેને રહ્યો હું.

"બાલુ! દે આ પ્રિય છબી જઈ દેવીના હસ્ત માંહી",
એ બોલ્યો હું, છબી થઈ ગઈ દૃષ્ટિથી દૂર ક્યાંયે;
દોડી જાતા તડતડ થતા બાલુના પાદ સુણ્યા,
થોડી વેળા ગત થઈ અને શાન્ત પાછું થયું સૌ.

થોડી વેળા ગત થઈ વળી બાલુને સાંભળ્યો મેં,
"બાપુ" એવું કહી મુજ કને દોડતો આવી ઊભો;
"ચિઠ્ઠી છે આ," કહી ઝટ ગયો દોડતો બ્હાર એ તો,
શું જાણે એ અમ હૃદયની વાત શું આ હશે તે?

ચિઠ્ઠી વાંચી, અરર દુઃખ કૈં વ્હાલીને છે થયેલું,
એ જાણે કે મુજ હૃદયમાં કાંઈ વૈરાગ્ય આવ્યો;

ઝાંખી ઝાંખી છબી પર ન કૈં આંખ જોઈ શકી તે,
તે દૃષ્ટિએ જિગર ગળતાં પૂર્ણ સૌન્દર્ય દીઠું.
"વ્હાલા! વ્હાલા! તુજ પ્રિય છબી કેમ સોંપી મને ત્હેં!
"શું કૈં આંસુ તુજ નયનમાં ત્યાગતાં તે ન આવ્યાં?
"એવું છે તો ક્યમ નહીં હવે ત્યાગશે સર્વ વ્હાલાં!
"વેળા જાતાં કફની લઈને ચાલશે કાં ન? વ્હાલા?

"એવું હો તો કફની મુજને આપશે એક, વ્હાલા!
"મ્હારે માટે જરૂર દિલમાં રાખજે સ્થાન, વ્હાલા!"
ચિઠ્ઠી વાંચી-પલળી જરી તે આંખનાં આંસુડાંથી,
વાંચી વાંચી ફરી ફરી અને કાંઈ બોલી જવાયું.

"ઓ વ્હાલી! ઓ હૃદયઝરણી! કેમ ત્યાગું તને હું?
"લાલાંને એ કદી પણ હજુ વિસરી ના શક્યો છું;
"વ્હાલી! તું તો મુજ હૃદયનો ત્યાગ સંન્યાસ સર્વે,
"તું પૂજા, તું પ્રભુ મુજ, પછી શોધવું કાંઈ ના છે."

ખેંચાઈ કૈં મુજ પ્રિય કને બોલતો એ ગયો હું,
દીઠી તેને છબી નિરખીને આંસુડાં ખેરતી રે!
નેત્રે નેત્રો મળી જરી જતાં શોક તેનો ભૂંસાયો,
ઊઠી બાઝી 'પિયુ! પિયુ!' લવી છાતીમાં તે સમાઈ.

૨૩-૬-'૯૬

## એક ઇચ્છા

પડ્યા જખમ સૌ સહ્યા, સહીશ હું હજુયે બહુ,
ગણ્યા નવ કદી, ગણું નવ કદી, પડે છો હજુ;
અપાર પડશે અને જિગર હાય! આળું થયું,
કઠિન ન બનો છતાં હૃદય એ જ ઇચ્છું, પ્રભુ!

પડી વીજળી તે પડી સુખથી છો, બળું છું સુખે,
અનન્ત ભભૂકા દહે, બહુ દહો, ગળું છું સુખે;
ન દાહ વસમો કદી, જિગર બૂમ ના પાડતું,
કઠિન બનજો નહીં હૃદય એ જ ઇચ્છું, પ્રભુ!

બહુ ય રસ છે મને હૃદય છે હજુ તો, અહો!
અરે! હૃદય જો ગયું રસ ગયો પછી તો બધો;
ભલે મૃદુ રહી સહી જખમ છેક ચૂરો થતું,
કઠિન ન બનો કદી હૃદય એ જ ઇચ્છું, પ્રભુ!

૨૪-૬-'૯૬

# એક ઉદાસ દિવસ

આકાશે છવરાઈ છે રજ અને વાયુ વહે આંચકે,
ના છે વાદળ, ના રવિ, પડી ગઈ મેલી દિશાઓ બધે;
આ નીલાં ભૂખરાં દીસે તરુ અને ડોલી રહ્યાં સુસ્ત કૈં,
ના છે તાપ પરન્તુ આ જ્વર સમી ઉન્હી હવા લાગતી.
ઊડે છે શુક કોઈ તો દુઃખી થતું દેખાય છે ઊડતાં,
પાંખોમાં નવ જોર છે ચણ મળી આજે દીસે ક્યાંય ના;
કાંઈ લક્ષ્ય વિના અરે! ભમી રહ્યું એવું દીસે છે મને,
જ્યાં ખેંચી લઈ જાય છે પવન ત્યાં જાતું બિચારું અરે!
હું એ એમ જ આજ કૈં ભમી રહ્યો, વાડી, તળાવે વને,
વાંચ્યું, કાંઈ લખ્યું, સૂતો, ભટકું છું, ના ચેન કૈં યે પડે;
ના છે કાંઈ વિચાર, હેતુ નહિ કૈં, બ્હેરી બની લાગણી,
ઇચ્છે છે મન આપઘાત કરવા, સૂનું હસે છે, વળી.
સ્વપ્નાં મેં કંઈ ગોઠવ્યાં પણ થઈ મૂર્તિ ન એક્કે ખડી,
હૈયાનાં કંઈ દર્દ જોઈ વળતાં, રે! ઘા ય લાગે નહીં;
આવું કાંઈ લખાય છે, પણ અરે! બેચેની ત્યાં એ રહી,
રોવાનું મન થાય છે, પણ ખરે આંસુ ય એક્કે નહીં.

૨૬-૬-'૯૬

# એક આગિયાને

તુજ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહીં ચક્રો રચી,
બ્રહ્માંડને પોષી રહી તે દૃષ્ટિ અહીં એ છે નકી;
તુજ ઉદરપોષણમાં તને તુજ રૂપ ઉપયોગી થતું,
તુજ નેત્ર આગળ દીવડો કૈં શ્રમ વિના દેખાડતું.

વળી કોઈ કન્યા પાતળી તુજ તેજ ઉપર મોહતી,
જે ભાલને ચોડી તને ત્યાં હર્ષથી ચળકાવતી;
વળી કોઈ વિસ્મિત સ્મિતભરી તુજ તેજમાત્ર નિહાળતી,
ના સ્પર્શતી એ બીકથી તુજ તેજમાત્ર નિહાળતી,
ના સ્પર્શતી એ બીકથી તુજ તેજમાત્ર નિહાળતી,
ના સ્પર્શતી એ બીકથી તુજ રજ રખે જાતી ખરી.
અદૃશ્ય ના ઘનથી બને ના ધૂમસે મેલું થતું,
તુજ તેજ તે મુજ ઉપવને હું નિત્ય જોવા જાઉં છું;
મમ પ્યારીનાં ફૂલડાં અને મુજ વૃક્ષ જ્યારે ઊંઘતાં,
તું જાગતો રાત્રિ બધી ત્યારે રમે છે બાગમાં.
તું જાગજે, તું ખેલજે, તું પત્રપત્રે મ્હાલજે,
ચળકાટ ત્હારો એ જ પણ તુજ ખૂનની તલવાર છે!
તું કેમ એ માની શકે? આધાર ત્હારો એ જ છે,
એ જાળ તું જાણે નહીં, હું જાણું ને રોઉં, અરે!
રે! પક્ષી કોની દૃષ્ટિએ તું એ જ ચળકાટે પડે,
સંતાઈ જાતાં ન્હાસતાં એ કાર્ય વૈરીનું કરે;
દ્યુતિ જે તને જીવાડતી, દ્યુતિ તે તને સંહારતી,
જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી.
આ પ્રેમ સંસારી તણો તુજ તેજ જેવો છે નકી,
એ અમૃતે શું ઝેરનાં બિન્દુ ભર્યાં વિધિએ નથી?
અમ એ જ જીવિત, એ જ મૃત્યુ, એ જ અશ્રુ ને અમી,
જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી?

૧-૭-'૯૬

## વીંધાયેલા હૃદયને

વીંધાયું તું, જખમ તીરનો છેક ઊંડો ગયો આ,
ખેંચી લેતાં મરણ નિપજે રક્તના સ્ત્રાવથી, હા!
ચોંટ્યું ર્‌હેશે અરર! ભલકું જીવ જાતાં સુધી ત્યાં,
ભોળા દર્દી! દુઃખદ પણ છે ઈશની એ જ ઇચ્છા.

નિરુદ્વેગી પણ થઈ સહે દંશનું દર્દ તું જો,
સૂજે સૂજે સુખથી સુખથી ઘેન મીઠાં મહીં તો;
ઓહો! તો તો તુજ નયનની પાંપણો ના ભીંજાશે,
ત્હારી આવી ખટકતી સહુ વેદના દૂર થાશે.

ત્હારા ઘાનો, તુજ મન અને દર્દનો તું સુકાની,
જ્યાં ખેંચે ત્યાં સુખદુઃખ તણાં નાવડાં જાય ચાલી;
તો જ્યાં સુધી ઉદય રવિની ઠોર સિન્ધુ ન્હવાડે,
ત્યાં સુધી તું સુખથી સુખથી ઘોરજે ઘોરજે, રે!

રે રે! કિન્તુ જખમ પર જો સિંચશે હિમવારિ
વા ત્હારો વ્રણ રૂઝવવા આદરે ઔષધિ કૈં;
વ્હાલા! તો તો મધુતર ભલે મોતની લે પથારી,
એ નિદ્રામાં લય થઈ ભલે દર્દ સૌ દે વિસારી.

ગાતાં કોઈ ઝરણતટની ઉપરે સ્વસ્થ સૂતાં-
ત્હેં જે જે સૌ હજુ સુધી અહીં ગોઠવ્યાં સ્વપ્ન મીઠાં;
પુષ્પોનાં, કે લલિત લલના, આસવોનાં, રતિનાં,
જા તે સૌથી મધુર, ચિર કૈં સ્વપ્નમાં લીન થાવા.

રહેજે-જાજે, અનુકૂલ પડે કાર્ય તે સાધજે તું,
કિન્તુ તેને પ્રણય કથવા વ્યર્થ ના શોધજે તું;-
ના વાચાથી પ્રણય કદી એ સિદ્ધ થાશે, થયો ના,
જે હૈયું ના રુધિરથી ગળ્યું, અશ્રુથી તે ગળે ના.

જોને છાની અનિલલહરી શાન્ત અદશ્ય વ્હેતી-
ત્હોયે તેને કલી કુમળીઓ હીંચતી બાથ લેતી;
ના ચાહે એ-પછી રુધિર ને આંસુડાં સૌ વૃથા છે,
રે! પ્રીતિ તો રસભર જરી દૃષ્ટિથી ઊછળે છે.

ત્હારાં આંસુ ગળી ગળી પડ્યાં ક્રૂરના પાદમાં સૌ,
ત્હારું છૂપું થરથરી કહ્યું ક્રૂરને તેં અરે સૌ;
ઘા માર્યો હા! જખમી કરીને દૂર ચાલી ગઈ તે,
તેને માટે, અરર નબળાં! આમ શાને ઝૂરે છે?

શોધે છે શું? તુજ મનગમ્યું શોધતાં લાધશે ના,
ને કૈં તૃપ્તિ તુજ જિગરને અન્યથી તો થશે ના;
ખોવાયું તે જગ પર સહુ મેળવી ના શકે છે,
ખોવાયાનું અવર કદી ના સ્થાન પૂરી શકે છે.

૪-૮-'૯૬

## જરી મોડું

જુદી જુદી શ્રેણી ઉપર જનનાં સંચિત વહે,
અરે! પ્રીતિ. પહેલાં મરણ કંઈને તો ઝડપી લે!
અને યુક્તાત્મા જે મધુર રસ ચાખી ગત થશે,
પડે તેથી જુદાં ગરીબ દિલડાં ગ્રન્થિત ન જે.

ઘણાં ઈચ્છા સાથે તલફી મરતાં, જન્મ ધરતાં,
અને તૃપ્તિ માટે બહુ સમય જ્યાં ત્યાં ભટકતાં;
કંઈ જુદાં જુદાં કઠિન દુ:ખ ને દર્દ સહતાં,
ઘવાતાં, રૂઝાતાં, જખમ સહતાં ને મરી જતાં.

અરે! કો' અદષ્ટો પણ વધુ હજુ દારુણ દીસે,
મળે પ્રેમી ભોળાં પણ મિલન મોડું જરી બને;
"પ્રિયે! ત્હારું હૈયું મુજ હૃદયનું" હા! તુજ! સખે!"
"હથેલી દે! વ્હાલી!" "નહિ! 'અરર! મ્હારે જવું પડે."

૯-૮-'૯૬

## મધ્યમ દશા

દે તું પ્રેમ વધુ મને, પ્રિય સખિ! ધિક્કાર દે યા વધુ,
દે તું શીતલ હિમ વા સળગતું દે પાત્ર અંગારનું;
દર્દોને મુજ એ સમાન સુખ ને શાન્તિ નકી આપશે,
આવી આ દુઃખની જ મધ્યમ દશા ના શાન્તિ દે કાંઈ એ.

જે દે તે, પ્રિય! પૂર્ણ દે, અવધિ કે સંકોચ રાખ્યા વિના,
દે તોફાન મને અહો! પ્રણયનાં વા ક્રોધધિક્કારનાં;
જો એ પ્રેમ હશે, અહા! હૃદય આ તો હંસ ત્હારો થશે,
ત્હારા માનસરોવરે ફરી તરી ઊડી સદા મ્હાલશે.

જો ધિક્કાર હશે, પ્રિયે! ભવતુ! તો વંટોળમાં ઊડીને
જૂઠી આ મુજ આશ સર્વ વિખરી નીચે પડી તૂટશે;
ના વૈરાગ્ય પછી સ્મરે મધુર એ મ્હોં કોઈ કાળે કદી,
જ્યાં સૂતો મુજ રાજ્ય ત્યાં કરીશ હું આનન્દની એ સ્થિતિ.

તેને સ્વર્ગે મળ્યું જ જે નરકથી પામી શક્યો મુક્તિ છે,
મૃત્યુ એ પણ આધિ વ્યાધિ દુઃખનો સાચો જ ઈલાજ છે;
દે ધિક્કાર ખરેખરા જિગરથી તો તે દયા હું ગણું,
દે તું પ્રેમ વધુ મને, પ્રિય સખિ! ધિક્કાર દે યા વધુ.

૧૧-૮-'૯૬

## હજુ યે મળવું!

મમ દશ નહીં બનશે હલકો,
મમ દાહ, અરે! બનશે બમણો;
રૂઝતો વ્રણ તો ઊવળી પડશે,
મળવું, મળવું હજુ ત્હોય સખે!

અધરો મુજ સ્વાદ તને નહિ દે,
જરદી મુજ ઓષ્ઠ પરે દીસશે;
કંઈ લાલી મહીં તુજ સ્નેહ હશે,
મળવું, મળવું હજુ ત્હોય, સખે!

મુજ દર્દ મહીં
મુજ શોક મહીં,

અહ! ચેટક એ જ મને વળગ્યું,
"હજુ યે મળવું! હજુ યે મળવું!"
જવ વખ્ત થયો પડવા વિખૂટાં,
કંઈ વર્ષ સુધી ફરી ના મળવા,

ચુપકીભર આંસુ ભરી તું મળ્યો,
તવ શ્વાસ વહ્યો કંઈ એક હતો;
તુજ ચુમ્બનમાં શરદી ભરતો,
મુજ કાળજમાં કંઈ એ કરતો.

બસ, એ જ હતો નકી સૂચવતો,
મુજ આ સ્થિતિ ને તુજ એ સ્થિતિ, ઓ!
મળવું, મળવું હજુ ત્હોય, અહો!

તુજ નામ વદે સહુ લોક અહીં,
પણ શ્યામ પડ્યા બહુ ડાઘ તહીં;
દિલ ભાગી બને સુણી એ સઘળે,
ધરણી પર માગ મને ન મળે.

તુજ જાણીતી કો' મુજને ન ગણે,
પછી વાત હજાર બૂરી જ કરે;
દિલ એ સુણી કમ્પી ચીરાઈ બળે,
મુજ વ્હાલ થયું ક્યમ તું ઉપરે?
ક્યમ આમ જડ્યો દિલમાં તું? સખે!
જખમો ક્યમ આમ જડાઈ કરે?

નવ ભાન ત્હને!
નવ ભાન મ્હને?

ક્યમ ત્હોય પુકાર કરે દિલ છે:
"મળવું, મળવું મરતાં ય? સખે!"
છૂપી બે પલમાં તુજ હું થઈ છું.
છૂપી એકલી આજ અહીં હું રહું;
તુજ સોગન વ્યર્થ બધા ય ગણું.
અરેરે! પણ જો તુજને હું મળું,
હજુ કેવી રહું? હજુ કેવી રહું?
દુઃખી એ ક્યમ દૂર વિચાર કરું?
મળવું, મળવું, હજુ યે મળવું!

૧૨-૮-'૯૬

## પ્રેમીની પ્રતિમા

અહો! સાચી પ્રીતિ મધુર સ્વરના મેળ સરખી,
ગ્રહોએ નિર્મેલાં હૃદયયુગલોથી નિકળતી;
અહીં જે કમ્પે તે સ્વર જરૂર ત્યાં કમ્પ કરતા,
વહે રોવું રોતાં, હસવું હસતાં એક સરખાં.

જડાઈ પ્હેલાં ને પ્રણયી પછી સૌ જન્મ ધરતાં,
ધરાં તે અક્કેકે જરૂર દ્વય બીબાં નિકળતાં;

વળી તત્ત્વો એ સૌ પ્રણયી દિલનાં એક જ નકી,
અહીં ના બન્ધાતી પણ અનુભવાતી ખરી પ્રીતિ.
વહે છે સૌન્દર્યો પ્રતિ નયન પાસે કંઈ કંઈ,
અરે! ખેંચી કાઢે જિગર પણ કો' એક જ નકી;
અહા! તે તો તેની કુદરત બધીની મધુરતા,
અને એ આત્માના અમર રસની એકમયતા.

અહો નેત્રો! જોજો પ્રણયી થઈને કોઈ પ્રતિમા,
ન જોયું ના જોશો સ્વરૂપ પછી એવું જગતમાં;
અરે પ્રેમી! પ્રેમી! વિશદ વધુ તેથી નવ કશું,
સદા કલ્પેલી તે સહુ મધુરતા છે તહીં ન શું?

જરા જોતાં જોતાં વિમલ પ્રકટે દીપક તહીં,
ધરે તે શા રંગો તુજ હૃદયના કાચની મહીં?
બન્યું એ તારાનું હૃદય ધ્રુવની માછલી, અને
હજારો ભાનુના બલથી મુખ તેનું નવ ફરે.

પરન્તુ એ દીપ્તિ તુજ હૃદયની માત્ર પ્રતિમા,
અરે શિલ્પી! એ તો તુજ જિગરની દિવ્ય પ્રતિભા;
ઘડી પૂજે મૂર્તિ તુજ હૃદય ત્હારા હૃદયની,
નવી નિત્યે માની, પ્રણયી! ભજ તે ઝિન્દગી સુધી.

અરે! આવું છે તો પ્રણયી નવ ઘેલો ક્યમ ગણું?
નહિ સાચું કાંઈ પણ પ્રણયીનું કલ્પિત બધું;
કરી પોતાનું એ પ્રણયી કંઈ એ ઉત્તમ ગણે,
ન શું એ અન્યાયી કુદરત તણો પાતકી બને?

અરેરે! સંસારી! તુજ જગત ક્યાં કંલ્પિત નથી!
કર્યાં પ્રેમીનાં તો નયન પ્રભુએ તીક્ષ્ણ સહુથી;
વધુ પ્રેમી જોતાં વધુ વધુ તહીં રૂપ નિરખે,
અને એ મૂર્તિમાં હજુ વધુ જ સૌન્દર્ય નકી છે.

૧૪-૮-'૯૬

## પ્રેમીનું સ્મરણ

સ્મર સ્મર, ઉર ભોળા! ચન્દ્ર ઊગ્યો હતો તે,
ચળકી ચળકી મોજાં કૂદતાં ત્યાં હતાં તે;

અધવચ લટક્યો'તો તેજનો સ્તમ્ભ કેવો?
ઉદધિ! તુજ દિલેથી નીકળ્યો નાદ કેવો?!

૧૪-૮-'૯૬

# પ્રેમીની મૂર્તિપૂજા

કર તું કંઈ એ! કરતું કંઈ એ! મધુ તેથી બને બધુ શું કદી એ?
તુજ કાર્ય સહુ દિલ નિત્ય સ્મરે, વધુ નિર્મલ શું ઉર પૂજી શકે?

કંઈ બોલ અને દિલ ઇચ્છતું, કે કંઈ બોલ તું બોલ સદા જ પ્રિયે!
તુજ વાણી સદા સુણતો જ રહું, ઝરતાં ફૂલ એ વીણતો જ રહું.

તુજ એ સ્વર ગાયનના સ્મરતાં વળી ઓર જ ધૂન મચે ઉરમાં;
તુજ યાચક આ ઉર થાય, પ્રિયે! ફરીને ફરી એ સ્વર માગી જ જલે.

ઉર ઇચ્છતું, કે હજુ ગા જ, પ્રિયે!
નવ બોલ કશું પણ ગા જ, પ્રિયે!

કંઈ દે કંઈ લે સહુ ગીત મહીં, વ્યવહાર બધો કર એ સ્વરથી;
હુકમો સહુ ગાયનથી કરજે, મુજ ઝિન્દગી એ સ્વરથી ભરજે.

તુજ નૃત્ય સ્મરું! ભૂલું ભાન, પ્રિયે!
કંઈ પ્રશ્ન કરું સ્મરી નૃત્ય, પ્રિયે!
ક્યમ ઊર્મિ બની ન તું વારિધિની?
બસ નાચત દિવસ ને રજની!

ઘૂઘવાટ વળી તુજ હું બનતે,
હસતો નકી તાલ દીધા કરતે!
કર તું કંઈ એ! કર તું કંઈ એ!
કરુણાર્દ્ર પ્રભુ પ્રતિ કાર્ય પરે.

તુજ શું તુજ શુંથી મધુતર છે?
વધુ નિર્મલ શું તુજ શુંથી? પ્રિયે!
સ્મરતાં સ્મરતાં સ્મરણે ચડ્યું જે
બસ પૂજીશ પૂજીશ તે જ, પ્રિયે!

૧૫-૮-'૯૬

## ફૂલ વીણ, સખે!

ફૂલ વીણ, સખે! ફૂલ વીણ, સખે!
હજુ તો ફૂટતું જ પ્રભાત, સખે!
અધુના કલી જે વિકસી રહી છે,
ઘડી બે ઘડીમાં મરતી દીસશે.

સુમહોજ્વલ આ કિરણો રવિનાં
પ્રસરે હજુ તો નભઘુમ્મટમાં;

ન વિલમ્બ ઘટે,
કંઈ કાલ જતે,

રવિ એ પણ અસ્ત થવા ઢળશે,
નમતાં શિર સૌ કુસુમો કરશે,
પછી ગન્ધ પરાગ નહીં મળશે!
ફૂલ વીણ, સખે! ફૂલ વીણ, સખે!
હજુ તો ફૂટતું જ પ્રભાત સખે!
નકી ઉત્તમ અગ્રિમ કાલ, સખે!
ભર યૌવન આ હજુ રક્ત, સખે!
ગતિ કાલની ચોક્કસ ન્હોય, સખે!
ભરતી પછી ઓટ જ ત્હોય સખે!

ફૂલ વીણ, સખે!
તક જાય, સખે!

ઢળતી થઈ તો ઢળતી જ થશે,
રજની મહીં ચન્દ્ર ઊગે ન ઊગે;

હજુ દિવસ છે,
ફૂલડાં લઈ લે;

ફરી લે, રમી લે, હસી લે તું, સખે!

મૃગલાં રમતાં,
તરુઓ લડતાં,
વિહંગો ઊડતાં,

કલીએ કલીએ ભ્રમરો ભમતા;
ઝરણું પ્રતિ હર્ષભર્યું કૂદતું,

ઊગતો રવિ જોઈ ન શું હસતું?
પછી કેમ વિમાસી રહ્યો તું? સખે!
ફૂલ વીણ, સખે! ફૂલ વીણ, સખે!
હજુ તો ફૂટતું જ પ્રભાત સખે!

૧૬-૮-'૯૬

## વૈરની કેમ ઉમેદ ધરું?

વિસરી સઘળો મુજ પ્રેમ ભલે, થઈ ભગ્નપ્રતિજ્ઞ ભલે પ્રિય એ;
પ્રતિકારની ના અભિલાષ ઉરે, મુજને હજુ જાદુ પ્રિયાનું ગમે.

પરિવર્તનને વિલપું કદી હું, પણ ક્રૂર, અરે! કદીયે ન બનું;
મુખ એ પર ક્રોધ જરી ન કરું, મરતાં મરતાં પણ એ જ સ્મરું.

સુખને સમયે બહુ વાર મળ્યાં, ઊડી હર્ષની છોળ, દિલો લપટ્યાં;
સુખી કાલ ન એ ટકી નિત્ય શકે, ઉર લોભ હજુ ય છતાં ન ત્યજે.

મુજ હાલત આ કદી ગાઈ રહું, ઝરશે જલ તો કદી રોઈ રહું;
ગત કાલ સ્મરી ઉપકારી બનું, પછી વૈરની કેમ ઉમેદ ધરું?

૧૬-૮-'૯૬

## મૂર્તિપૂજક વિશ્વ

વેલી બાઝી તરુ બહુ સહ અને વૃક્ષ એ વેલડીને,
તિર્યંચોનાં યુગલ વસતાં જંગલે જંગલે છે;
વાયુલ્હેરી કુસુમકલીથી બાથ ભીડી ભમે છે,
વાતો છાની ઘનદલ કરે વીજળી મોકલીને.

પક્ષી પાળ્યું, ઊડી મરી ગયું, ખેદ તેનો ત્હને છે,
તે પાંખો, તે મધુર સ્વરને વ્હાલથી તું સ્મરે છે;
વ્હાલીના તું અવયવ બધા હેતથી જોઈ ર્‌હે છે,
ને તેના એ મધુર સ્વરમાં મોહ કેવો તને છે?

વૃક્ષો વેલી ઉપર કવિનું આર્દ્ર હૈયું દ્રવે છે,
કમ્પી ર્‌હેતાં હૃદય કુમળું કાવ્ય કૈં આદરે તે;
કૈં વર્ષોએ રસલુલુપ કૈં ગીત તે ગાઈ રોતાં,
ત્યાં પોતાનો રસ મળી જતાં કાંઈ આનન્દ લેતાં.

આ ચિતારો નકલ કરતો ભાવ વા રૂપની કૈં,
બ્હોળું મીઠી કુદરત તણું સત્ય ખેંચે કલાથી;
પોતાનું કો' ઋષિ, યતિ વળી સર્વ બ્રહ્માંડ માને,
ને સંસારી સુખથી ન સૂવે કોઈ સુવર્ણ માટે.

આ શું ત્હારાં સ્મિત, રુદન ને મોહ ને લોભ, પ્રીતિ?
ઓહો! એ શું તુજ હૃદયની મૂર્તિપૂજા ન મીઠી?
યોગી, પક્ષી, પશુ, જન અને જીવ કે જન્તુ કોઈ
કો' આ કો' તે ઉપર દિલનું જીવતું લક્ષ્ય રાખી.

આ મૂર્તિ આ પ્રણય તુજ કૈં કાલથી વિસ્તરે છે,
બાલુ! ત્હારું જડ રમકડું બ્રહ્મની કૂંચી આપે;
ઉઘાડી દે તુજ પડ સહુ ચાવી એ ફેરવી તું,
મૂર્તિ પૂજી તુજ જિગર દે મૂર્તિમાં ભેળવી તું.

૧૬-૮-'૯૬

## મનુષ્ય અને કુદરત

ઘડી છોડી દેને ઘડમથલ ત્હારા જગતની,
જરા જા આજે તો નિરજન મહા જંગલ મહીં;
તરુ, પક્ષીમાંથી જરૂર મળશે કાંઈ કીમિયા,
જશે અન્ધાપો આ તુજ હૃદયનો ત્યાં વિહરતાં.

બધું એ સૂનું છે જન વિણ, અરેરે! વન નકી,
થશે તેનો ભોક્તા, જીવનમય થાશે સહુ પછી;
સુખી આત્મા ઊંડો નિરખી તુજને ત્યાં ઘૂઘવશે,
અને ત્હારી સાથે રસભરી બની હાસ્ય કરશે.

ઝૂલન્તાં વૃક્ષોથી અમર રસનાં બિન્દુ ઝરશે,
વળી દૈવી વાતો ચકલી મૃગલી ત્યાં કહી જશે;
કુમારી કન્યા એ કુદરત તને ત્યાં પરણશે,
અને બન્ને વચ્ચે રુચિર કિરણો કૈંક વહશે.

ચિદાત્માની સંજ્ઞા કુદરત પ્રભુની પ્રતિકૃતિ,
અરીસો તેનો આ જનહૃદયની લાગણી વળી,
પ્રતિ સૃષ્ટિલીલા કશી જનસ્થિતિનો પ્રતિધ્વનિ,
મનુષ્યોની સાથે કુદરત બની ગ્રન્થિત નકી.

લૂખી ઉભ્દિદ્ધિધા, સૂકી સૂકી વળી ઓષધિ બધી,
જહીં સુધી તેની કૃતિ જનસ્વભાવે નવ મળી;
"અહીં આ ઊગે ને તરુ વળી નહીં આ ન ઊગતું,"
કવિતા વિના એ મુજ દિલ ગણે શુષ્ક સઘળું.

અરે! એ સૃષ્ટિને કવિનયનથી જો ઘડીક તું,
જનોના આત્માનો કુદરતથી સંબન્ધ કર તું,
મજા તેની તો લે, હૃદય કર વિસ્તીર્ણ કુમળું;
અને એ ઊર્મિમાં દ્રવી પડ ઝુકાવી જિગર તું.

પડી છાનો રહેજે ખળખળ વહન્તું ઝરણ જ્યાં,
અને પંખિડાં જ્યાં જલ તણી ભરી ચંચુ ઊડતાં;
મહેકન્તાં પુષ્પો લથડી પડતાં જ્યાં કલી પરે,
અતિ તૃપ્તિથી જ્યાં મધુપ સુરભે મૂચ્છિત બને.

અહીં ત્યાં ઝુંડોમાં કિરણ રવિનું કો' ચળકતું,
તહીં દૂરે કાળું ખડક શિર માથે ઝઝૂમતું;
ગુફા પેલીમાં ત્યાં મૃગપતિ પડ્યો શાન્ત ગરજે,
અને શાન્તિનું તો દિગવિજયી છે રાજ્ય સઘળે.

મીચાશે કૈં નેત્રો ઝરણ વહતું એ નિરખતાં,
ચમત્કારી કાંઈ જીવન વહશે એ હૃદયમાં;
પછી સ્વપ્નામાં તું અનુભવીશ કો' જાગ્રતિ નવી,
અને ત્યારે જોજે જનહૃદય ને સૃષ્ટિ સઘળી.

ઝરામાં તું જોશે ઝરણ જનના સંચિત તણું,
અહો! કેવું વ્હેતું અમર ગતિથી એક સરખું!
પડ્યું કો' સૂકું જો ઝરણ પર એ પર્ણ ઊડતું,
તરંગોમાં આવી સરલ વહને ભંગ કરતું.

પડે આવાં પત્રો વળી કણ પડે દ્રાક્ષરસનો,
કટુ કે મીઠો એ સમય ગણજે તું જીવિતનો;
જનોની વૃત્તિની કુસુમ વળી છે શું ન મૃદુતા?
અને મૂર્છાયેલા મધુકર ન શું પ્રેમમયતા?

નકી મેળો મીઠો સુહૃદજનનો પક્ષી મધુરાં-
અને વીરો શૂરા મૃગપતિ તણું ગર્જન મહા;

ગિરિનાં શૃંગો એ જનહૃદયની ટેક દઢતા–
રૂડી ફૂંડી મીઠી કલી તુજ વળી તે પ્રિયતમા.
ક્ષિતિજે દીસે જે શકલ નભના ગાઢ વનમાં,
ને શું એ આશાની અગર સ્મૃતિની દિવ્ય પ્રતિમા?
હજુ શું જોવું છે? સ્મિતભર દીસે છે મુખ બન્યું,
અરે! કિન્તુ આ શું? કુપિત વળી હૈયું ક્યમ થયું?
કુહાડી લાગે છે તરુ ઉપર એ કાષ્ઠિક તણી,
પડી જાશે ડાળી, કુંપળ પડશે સૌ ખરી ખરી;
મીઠાશે ખારાઈ, અરર! નવ શું તું સહી શકે?
અરે! ભાવિ તો એ વિટપ સમ અન્તે તુજ, સખે!

૧૭-૮-'૯૬

## સુખમય સ્વપ્ન

સુખમય શમણું છો કોઈ આયુષ્ય માને,
અધિક અધિક યત્ને ફાવતું કો' જણાયે;
પણ પ્રતિ દિલનાં છે કાંઈ જુદાં જ તત્ત્વો,
જખમી જખમ શોધે, વૈદ્ય ત્યાં શું બિચારો?!
નથી નથી દુઃખ કાંઈ, ભાઈ! છે કૈં ન ચિન્તા!
પણ નથી મુજ તત્ત્વો, વિશ્વથી મેળ ખાતાં;
સુખમય પણ સ્વપ્નું, સ્વપ્નમાં મોહ શાનો?!
જરી વધુ ચિર, બાપુ! હોય તો કૈં બતાવો.
સુખમય શમણું એ પૂર્ણ છે ક્યાં ય દીઠું?!
સુખમય સ્થળ દીઠું?! ચાલ ને! ત્યાં જ રહેશું!
નથી નથી નથી દીઠું! દેખશે ના કદી એ!
વળી સુખમય કાંઈ શોધવું વ્યર્થ લાગે.
પ્રિયમુખ પ્રિય લાગે, આખરે ત્યાં ય રોવું,
પ્રિયવિરહ થવાનું જાણતું કો' ન ટાણું;
અપ્રિય, પ્રિય ત્યજીને જીવતાં મૃત્યુ લેખું,
કંઈ સુખી બનવાને, શોધતાં એ જ લાધ્યું.
નહિ ઊડી શકશે આ સુસ્તની સુસ્તી આવી,
રુદન નહિ ત્યજાશે, હાસ્યના ત્યાગ પ્હેલાં;

ભળીશ નહિ જનોથી, મિત્ર, સ્ત્રી બાલકોથી,
જીવીશ, બની શકે તો, એકલાં પુસ્તકોથી.
પોષી ના આ શકે હૈયું, કિન્તુ, રે! માત્ર પુસ્તકો;
અને, આ વિશ્વમાં બીજે, ક્યાં એ સ્વાદ નથી રહ્યો.

૧૭-૯-'૯૬

## વૈરાગ્ય

દરદ પર કરે છે ઔષધિ કાંઈ કાર,
જરૂર જરૂર એ તો પૂર્વનું ઓળખાણ;
પ્રણયી જિગર અર્પે ત્યાં ય કૈં વ્હાલ ઊંડું,
હૃદય સતત ઘૂમે એમ ખેંચાણ જૂનું.

અમુક અમુક તત્ત્વો વિશ્વમાં સૌ જનોમાં,
પ્રતિ જન હૃદયે કો' એકધારા વહે છે;
પૃથિવી પર વસે તે એક છે માનવી આ,
અવયવ જન સર્વે માત્ર તેના જ ભાસે.

મુજ રસ પણ ચાલ્યો એ જ ધારા મહીં, હા!
મધુર મધુર લાગ્યું ઐક્ય એ માનવીમાં;
અગણિત લઈ બિન્દુ ધોધ તે ચાલતો'તો,
મળી ભળી ગળી હુંયે બિન્દુ તેનું બન્યો'તો.

પણ રસ વહી જાતાં ક્ષારને સ્પર્શતાં, ત્યાં
અતિ કટુ સહુ થાતાં કૈં જ વેળા ન લાગી;
ક્યમ ગતિ પલટી આ? કૈં જ હું જાણતો ના!
ભ્રમિત ઉર થયું હા! વેદના તીવ્ર જાગી!

દરદ પર કરે ના ઔષધિ કાંઈ કાર,
નથી નથી કંઈ મ્હારે પૂર્વનું ઓળખાણ;
હૃદય મુજ થયાં તે સ્વપ્નમાં સૌ થયાં'તાં!
વિખરી સહુ ગયાં એ સ્વપ્ન ઊડી જતામાં!

નથી નથી મુજ તત્ત્વો વિશ્વથી મેળ લેતાં,
હૃદય મમ ઘડાયું અન્ય કો' વિશ્વ માટે!
જગત સહ મળે છે ચર્મ ને હાડકાં આ!
રહી જગ તણી ગ્રન્થિ માત્ર આ સ્થૂલ સાથે.

પ્રથમ નઝર લાગી, ભવ્યતા કાંઈ જાગી,
મુજ નયન મહીંથી સ્નેહની સેર ચાલી;
વિપુલ વિશદ લાગી સ્નિગ્ધ વાત્સલ્યવાળી
કુદરત વહતી આ ઐક્યનો તાર ઝાલી.

ફૂદડી ઊડતી ત્યાં એ હર્ષની છોળ ઊડી,
રમતમય વિહંગે કાંઈ લાવણ્ય લાગ્યું;
તરુ પર ઢળનારી પુષ્પિતા એ લતાની,
નસ નસ મહીં માન્યું પ્રેમઔદાર્યલ્હાણું.

નહિ નહિ પણ એવી વિશ્વની આર્દ્ર વૃત્તિ,
ઘડમથલ અહીં સૌ જીવનાર્થે મચેલી;
પ્રણય, રતિ, દયા, કે સ્નેહ ને ભ્રાતૃભાવ,
અરર! નહિ સહુ એ સ્વાર્થના શું વિભાગ?

જનહૃદય પરેથી મોહ ઊઠી ગયો'તો,
અરર! કુદરતેથી એ જ ખારાશ આવી;
પલપલ નયનેથી આંસુડાં સારતો'તો,
અરર! જિગરમાંથી રક્તની નીક ચાલી.

કદી કદી દિલ રોતું કોઈને જોઈ રોતું,
કદી કદી દિલ મ્હારું છેક પાષાણ થાતું;
નિરખી નિરખી આવું વિશ્વ રોઉં કદી હું,
નિરખી જગ કદી આ હાસ્યમાં ડૂબતો હું.

પવન સૂસવી વ્હેતો કોઈ ખંડેર માંહીં,
હૃદય ત્યમ હસે છે– હર્ષ તો કૈં જ છે ના;
હિમજલ ટપકે છે વૃક્ષની ડાળીઓથી,
રુદન ત્યમ કરું છે– દર્દ તો કૈં જ છે ના.

કદી મન ગમતું એ– કોણ જાણે હસું કાં?
કદી મન ગમતું એ– કોણ જાણે રડું કાં?
મુજ હૃદય મહીં છે દૂર કો' મર્મસ્થાન,
સુખદુઃખ વિણ તે તો છેક વૈરાગ્યવાન.

હાસ્ય છે માત્ર ઘેલાઈ, રોવું તે નબળાઈ છે;
વિશ્વની મિષ્ટતા કિન્તુ, રે રે! ત્યાં જ સમાઈ છે.

૨૪-૯-'૯૬

## ત્હારી બેહયાઈ

ઝુલ્મ છે કે બેવકૂફી બેહયાઈ ત્હારી આ?
નાદાની કે ખુદાઈ છે દિલબરી હમારી આ?
તું ગુલ ઉપર હું તો હતો હજાર વાર આફરીન,
તું ચાહતી હું ચાહતો ત્યાં ખેલ શું નવો જ આ?

બાલ બાલ વસ્લફોર ઊડતી ગુલેબદન,
ત્યાં કોણ શીખાવા ગયું-હા! ઝુલ્મખાર ધારવા?
તું પિછાનતી હતી આ ખૂનનું ટીપું ટીપું,
ત્યાં ટીપે ટીપે ટીપે તે ઝેર કાં ભર્યું ભલા?

શું ઈશ્ક ઝુલ્મ આખરે! તો બેવકૂફ ઈશ્ક છે,
એ ઈશ્ક હુસ્ન જે તણું તે બેકદર નૂરે ખુદા.
હું બેવકૂફથી ભળ્યો, ઝાલિમ દિલે ચોટી રહ્યો,
નાદાની એ! નાદાની એ! ખુદાઈની જુદી હવા!

આ ખૂન છે પાણી બન્યું, ઢોળાઈને ચાલ્યું જતું;
એ ક્યાંય ના ઠેરે, ઠેરે, છે ઠારનારું કોણ ક્યાં?
કો' દિ' હતું તુંમાં ઠર્યું, નાદાન એ ત્યારે થયું;
ત્હેં બાળતાં એ છે બળ્યું! જાગી ખુદાઈ છે મજા!

ઝુકાવતું જે શિર તને છાતીથી છાતી ચાંપતાં,
તે ખૂન ત્યારે તો હતું નાદાનનું નાદાન, હા!
કૈં ઝુલ્મ આતશ લાગતાં, કૈં ઈશ્કને પિછાનતાં,
આજે વહે છે આપથી તે તો ખુદાઈ ખૂન આ.

નાદાનીમાં ત્હારું થયું, ખુદાઈમાં તુંથી જળ્યું;
તું ચાહતી નાદાનીને, દે દાહ તે ખુદાઈ આ.
હું ચાહતાં રાજી હતો, હું દાઝતાં રાજી વધુ;
મ્હારી મજા મ્હારી સદા! રે! બેવફા તેને જફા.

૮-૧૦-'૯૬

## એક ફેરફાર

અહાહા! ઈશ્કજુગારે ચડ્યો'તો દાવ શો ત્યારે?
પડ્યો પાસો હવે ઊંધો! ફકીરી આ રહી મ્હારે!

જુગારે છે જિગર કિન્તુ જુગારીનું ચડ્યું ચાળે!
રહ્યું ના કાંઈ એંધાણે! હવે એ લ્હાવ ક્યાં ભાળે?
ભરીને ખ્વાબમાં પીધી મજાની ઝેરની પ્યાલી!
મગર હા! જાગતાં જાગી નસે નસ લ્હાય શી લાગી?
અહો! એ ખ્વાબના ગુલની ગઈ બો ખ્વાબની સાથે,
મગર, એ ખ્વાબના કાંટા કહીં છૂપા રહી ભોંકે?
હસ્યો 'તો હુ—રહી તેની કંઈ અન્ધારમાં યાદી,
પરન્તુ આંસુની ધારે હજુ ના આંખ સૂકાવી!
રહી મીઠાશ ના મ્હારે હવે આ આંસુમાં એ છે,
હૃદયને ચીરવામાં એ રહ્યો ના વખ્ત મીઠો તે!
અરે! ભીની સદા ભીની રહે છે આંખ મ્હારી આ,
જિગર તન્નૂરમાં દાઝે—પડે ના એક ફોરું ત્યાં.
અરે! કાતિલ તીખું તે જિગરને રેંસનારું છે,
પરન્તુ પ્હાડનું હૈયું ખુદાએ આ ઘડેલું છે!
અરે! શું ઝિન્દગી આ છે? સહેવી ઝિન્દગાની છે!
અભાવે મોતને જીવું! વણજ આ વેઠની મ્હારે!
પડ્યો પાસો નકી ઊંધો, અરેરે ક્રૂર લૂટારો!
ઠગારા કિસ્મતે ઢાળ્યો અને હું જીતમાં હાર્યો.
હિનાના રંગથી પ્હાની સનમની રંગતો'તો હું,
ઝૂકીને બાલમાં તેના ગુલોને ગૂંથતો'તો હું.
મગર એ દાંતની મિસ્સી સનમના હાથમાં દેતાં,
અરેરે! કોઈ વા વાયો, સનમ, બો, રંગ, સૌ ફીટ્યાં!
મને એ ખ્વાબની ખુશબો, મને એ સોબતી મ્હારો,
મને એ હાથનો પ્યાલો, ફરી કો' એક દિન આપો!

૧૯-૧૦-'૯૬

## ફરિયાદ શાની છે?

અરેરે! ઊડતું ખંજર દિલે ઝૂંટી હુલાવ્યું મ્હેં!
ઊપડતો હાથ શો ત્યારે? હવે ફરિયાદ શાની છે?

વહે તો ખૂન છો વ્હેતું! નહીં તો છો ઠરી રહેતું!
સહેવો દાગ કાંઈ એ! અરે! ફરિયાદ શાની છે?

સનમના પેરની લાલી જિગરનું ખૂન મ્હારું છે!
અરે! એ રંગ મ્હારો તો હજુ ફરિયાદ શાની છે?

હતી આશા કંઈ ઊંડી, ભરી તેની રૂડી પ્યાલી,
સનમને આપતાં ઢોળી, હવે ફરિયાદ શાની છે?

કદી લાલી જશે ચાલી! કદી ફૂટી જશે પ્યાલી,
ભલે કો' તે ભરી દેને! મને ફરિયાદ શાની છે?

ભરાશે કોઈ ઢોળાયું! ભરાયું કોઈ ઢોળાતું!
અહીં તો રેત ઊડે છે! પછી ફરિયાદ શાની છે?

જગાવી મેં ચિતા મ્હારી! ઝુકાવ્યું ત્યાં બધું જાણી!
ચડે છે ખાક વંટોળે! હવે ફરિયાદ શાની છે?

કરે છે શોર એ ભૂકી, "મને માશૂક ચોળી લે!"
સુણે ના કોઈએ તેને! પછી ફરિયાદ શાની છે?

સનમને ઇશ્કનાં વાજાં જિગરના જિગરે વાગ્યાં!
ચડેલો તોર ખોલી એ! હવે ફરિયાદ શાની છે?

આહાહા! ઇશ્ક આલમનો હજારો રંગનો પ્યાલો!
જિગર આ એકરંગીને, અરે! ફરિયાદ શાની છે?

જહાંની આ અને પેલી અહીં ત્યાંની નથી પરવા!
ન કો' પૂછે! ન કો' જાણે! પછી ફરિયાદ શાની છે?

મને જે થાય કૈં આજે હશે ના યાદ તે કાલે!
પછી કો' અન્ય શું જાણે? દિલે ફરિયાદ શાની છે?

અહીં જે તાર તૂટ્યો તે કદી સન્ધાઈ ત્યાં જાશે!
"કદી"ની હોય શી આશા? અરે! ફરિયાદ શાની છે?

હજુ ફરિયાદ જારી છે! જિગરમાં મેં વધારી તે!
ખુશીથી આગ હું સેવું! પછી ફરિયાદ શાની છે?

ખુદાના તખ્તની પાસે જિગરની આહ પ્હોંચાડું!
મગર છે ગેબ ઝાલિમ એ! જિગર! ફરિયાદ શાની છે?

૭-૧૧-'૯૬

# વિદાય

અરે ના ના! અરે ના ના! કાંઈ એ વદવું નથી!
ભલે જા તું! ભલે જા તું! પાછળે પળવું નથી!

સુખે જા તું, વ્હાલી! તુજ દિલ તને જ્યાં લઈ જતું,
બહુ ચ્હાજે તેને જિગર તુજ જેમાં ઠરી શક્યું.
નહીં આવું આડે, અહિત તુજ ઈચ્છું નવ કદી,
નડે આ દુર્ભાગી પ્રીતિ તુજ પ્રીતિને કદી નહીં.

શીખી મીઠી પ્રીતિ જગત પર સૌન્દર્ય જનમે,
ચહાવું ને ચ્હાવું જનમથી જ સૌન્દર્ય સમજે;
શીખાવે શું તેને પ્રણય હીનભાગી હૃદય આ?
તું માટે નિર્માયું જનહૃદયતખ્તે વિહરવા.

તને ચાહું એમાં નવીન કથવાનું નવ કશું,
હશે કિન્તુ તેનો પ્રણય અધિકો તું ઉપર કૈં;
અરે મ્હારી પ્રીતિ અધિક નવ હાવાં થઈ શકે,
હજો તેની પ્રીતિ અધિકી અધિકી તું પર સદા.

તને ચાહું આખું નકી નકી વિશાળું જગત ત્યાં,
દીવાનો ત્હારો એ અધિક મુજથી એક જ હશે;
દીવાના ત્હારાને અરર! નવ બેહાલ કરજે,
તહીં મ્હારા ઘાનું સ્મરણ કરીને તું અટકજે.

વિલાસો તે હૈયે અધિક મુજ હૈયાથી મળશે,
ફકીરી ઝોળી શું મમ જિગર તો ખાકમય છે;
નકી દુર્ભાગી તે મુજ દિલથી જે બાથ ભીડતું,
બન્યું છે કૈં એવું હજુ સુધી, પ્રિયે! આ હૃદયનું.

ઉદાસી ઊંડીની મમ હૃદયને સોબત અરે!
મને ચ્હાનારાં સૌ અરર! પડતાં એ જ વમળે;
સુખોની આશાથી પ્રણય કરનારાં દુઃખી થતાં,
અરે! આ હૈયાને વધુ દુઃખ દઈ સૌ દૂર જતાં.

તને તે હૈયામાં મધુર રસનો મેળ મળશે;
અમી જેવી ત્યાંથી તુજ તરફ મીઠાશ ગળશે;

બહુ મ્હોટું તેનું તુજ હૃદય માટે તપ હશે,
કંઈ એ જન્મોનાં તપનું ફલ તેને મળ્યું હશે.

નહીં આવું આડે, અહિત નવ ઇચ્છું પ્રણયીનું,
વળી ના ઝૂંટાતું ફલ મળી ચૂક્યું જે તપ તણું;
સુભાગી પ્રેમી! હા! તમ હૃદયને તૃપ્ત કરજો,
અને મ્હારા જેવાં ઉપર કરુણાથી નિરખજો.

અહીં હું જન્મ્યા ને મુજ દિલની ચાવી તુજ થઈ,
મને કિન્તુ ચાવી તુજ હૃદયની તો નવ મળી;
રડાવી તેં જાણ્યું, હસાવી વળી જાણ્યું જિગર આ,
ન જાણ્યું મેં કો' દિ' તુજ હૃદયભાવો પલટવા.

હવે ત્હારે માટે તપીશ તપ હું ઝિન્દગી બધી,
હવે મૃત્યુનો એ ચીરીશ પડદો એ બલ વતી;
સુભાગી તે જેવો બનીશ નકી હું એક સમયે,
અને જન્મે જન્મે તુજ હૃદય ભેટી રહીશ હું.

ઊભા સાક્ષી રાખી શશી, રવિ અને દેવ સઘળા,
સખી! ન્હાની તારી ગ્રહીશ કરથી હું કરલતા;
નવું કૈંક શીખ્યો તે શિખવીશ સુખે ત્યાં સહુ તને,
અને મ્હારી પાંખો તુજ હૃદયને અર્પીશ, પ્રિયે!

પછી મ્હારાં નેત્રે તુજ હૃદયની ચાવી મળશે,
પછી મ્હારાં અશ્રુ તુજ નયનને કાંઈ કરશે;
પછી દુર્ભાગી ના મુજ દિલથી જે બાથ ભીડતું,
પછી થાશે બિન્દુ મમ હૃદય તો અમૃત તણું.

ન આ ફેરે તો હું તુજ મુખ હવે જોઈશ કદી,
બતાવી મ્હોં મ્હારું જિગર દુઃખી ત્હારું નહિ કરું;
થઈ માલિકી છે તુજ વદનની અન્ય દિલની,
વળી મ્હારું ટૂંકું જીવિત મુખ જોવા બસ નહીં.

અરે! શું જોવું'તું હૃદય વિણ લૂખા મુખ મહીં?
અને એવું એ મ્હોં મુજ નયન પાસે સ્થિર નહીં!
વળી ના મ્હારું કે જીવિતભર મ્હારું નવ થશે,
હવે તો જોવું છે વદન તુજ મ્હારું જ કરીને.

ડરે છે શું કાંઈ હૃદય મુજ આવું નિરખતાં?
ન કાં નેત્રો ત્હારાં મમ નયનથી મેળવવા પ્રિયા?
હવેના જન્મોનું કથન મુજ ઘેલું બહુ હશે,
છતાં બીજી આશા મમ હૃદયને ના કંઈ મળે.

પ્રસાદી જોવી છે તુજ દિલની ત્હારાં નયનમાં,
મ્હને જોવા દે તે તુજ વદન હૈયે ચિતરવા;
હજુ જોવાં ત્હારાં મૃગનયન છે એક વખતે,
નિરાશા શી આશા પછી હૃદય મ્હારું પકડશે.

સુખે જા તું! સુખી થા તું! મ્હારે દર્દ કશું નથી!
હવે આ જોગી ત્હારાને ખાકની ના કમી કશી!

૨૦-૧૧-'૯૬

## એક ભલામણ

મુજને પણ ચાહતી કો' દિ'! પ્રિયે! દિલ શું પણ ચાંપતી કો' દિ' પ્રિયે!
રડતી દુખડાં પણ કો' દિ'! પ્રિયે! સુણતી કવિતા પણ કો' દિ'! પ્રિયે!
કંઈ બોલ કીધો!
કંઈ કોલ દીધો!
સ્મૃતિને પણ એ ચડશે ન! પ્રિયે! અહ! વીતી ગઈ ભૂલવી જ! પ્રિયે!
નવી વાત હવે ગમતી થઈ તો, નવી વાત હવે ગમશે જ! પ્રિયે!
દુઃખ દૂર રહો!
સુખમાં વિહરો!
પ્રભુ રાજી રહો તુજ પ્રેમ પરે! બહુ માણ અનંત યુગો તું, પ્રિયે!
મુજને સુણ કે સ્મર તું ન! પ્રિયે! પણ વાત કંઈ વદવી તુજને!
ખીજશે કદી તું!
હસશે કદી તું!
પણ એ પણ ઠીક જ છે મુજને! મુજથી પણ સૌ દુઃખ દૂર વસે!
તુજ પ્રીતમને હૃદયે વસતાં, હસતાં રમતાં બહુ કાલ જતાં,
કંઈ એ કરતાં
હરિકોપ થતાં,
તુજ રૂપ વિરૂપ સહુ બનતાં, પિયુનો સહુ પ્રેમ કમી જ થતાં,
અહા! કાંઈ કહે કટુ એ તુજને, મુજ પ્રેમ તણી કંઈ વાત કરે,

તુજ દિલ બળે,
દુખડાં ઊપડે,
પિયુ એ ત્યજીને કદી દૂર પળે, જગમાં નવ કોઈ સહાય રહે,
અહ! તો પણ ના રડજે તું, પ્રિયે! તુજ ભાઈની ઝૂંપલડી સ્મરજે!
રમણિ! રમણિ!
ભગિનિ! ભગિનિ!
મુજ ઝૂંપડીમાં સુખ સૌ મળશે, દુઃખડાં તુજ જ્યાં સુણનાર વસે;
પ્રભુ રાજી રહો તુજ પ્રેમ પરે, બહુ માણ અનંત યુગો તું પ્રિયે!

૨૬-૧૧-'૯૬

## વ્હાલીને નિમંત્રણ

હતી ન્હાની વાડી તુજ મુજ કને કૈં વિહરવા,
દીવાલો મ્હોટી કૈં હતી વળી તહીં વાડ કરવા;
હતી ના ઈચ્છા કૈં મુજ મન મહીં ફાળ ભરવા,
અને એ સીમાની ઉપર પગલું એક ધરવા.

દીવાલો મ્હોટી સૌ પણ તૂટી પડે છે પલ મહીં,
અને ઈચ્છાઓએ કદી પલ મહીં જાય બદલી!
હતું મીઠું તે એ કટુ પણ બને છે ક્ષણ મહીં!
પ્રભુની લીલા! હા! કુદરત તણો પાર જ નહીં!

સૂતો'તો હું તે દિ' પ્રિય ચમનના પલ્લવ કને,
હતી ધીમી લ્હેરી અનિલ તણી ત્યારે વહી જતી;
હતી છાયા શીળી વિપુલ દ્રુમની હું ઉપર ત્યાં,
હતી શાન્તિઃ શાન્તિ વળી હૃદયમાં એક કવિતા.

હતું વીણા ત્હારું દૂરથી સ્વર દૈવી જગવતું,
હતું તેથી મ્હારા હૃદયરસનું પોષણ થતું;
હતાં ન્હાનાં પક્ષી કિલકિલ રમન્તાં મુજ કને,
અને હસ્તીબચ્ચું પવન કરતું'તું વ્યજનથી.

તહીં સુણ્યો કોઈ મધુર સ્વર ચંડોલ સરખો,
અહા! જાગી ઊઠ્યું વળી સ્થિર થયું છેક ઉર આ;
વહી વાયુની ત્યાં ઝપટભર ઠંડી લહરી કો',
પડી સૌ દીવાલો! ગિરિવર ચડ્યો એક નઝરે!

તહીં ઊંચી ટોચે ઝળહળ થતું કાંઈ નિરખ્યું;
હતું તે ન્હાનું કૈં વીજળી અથવા ચન્દ્ર સરખું;
પ્રિયે! તેને જોતાં જિગર મુજ લાગ્યું ધડકવા,
પ્રિયે! તેનો મીઠો ઊતરી સ્વર ચાલ્યો જિગરમાં.

અરે! આ શું? આ શું? ગિરિવર અને આ વન નવું!
અરે! આ તે શાનું તહીં વળી દીસે દિવ્ય ભડકું?
હશે જુદું શું આ નવીન મુજ વ્હાલા ચમનથી?
હશે કેવું મીઠું જગત કદી મેં જે નવ દીઠું?

પ્રિયે! મેં તો ઈચ્છ્યું મુજ હૃદયને પાંખ મળવા,
પ્રિયે! મેં ઈચ્છ્યું ગિરિ ઉપર ત્યાં દૂર ચડવા;
મને ત્યાં શૃંગેથી મધુર સ્વર એ સાદ કરતો,
અને એ સંગીતે હૃદય મુજ આખું ય ભરતો.

અરે! કિન્તુ દીઠું વિકટ રણ વચ્ચે સળગતું,
તહીં ઊંચા મ્હોટા ફરરફર વંટોળ ચડતા;
તહીં ઊંચે નીચે ધરણી પર દાવાનલ બળે.
તહીં રેતીનાં તો પડ ઉપર મ્હોટાં પડ ચડે.

અરે! ના પાંખો ને ક્યમ ઊડી જવું સુન્દર સ્થલે?
નિરાશા આવી ને મમ હૃદય અશ્રુમય બને!
સુણ્યું ત્યાં તો મેં કૈં અતિ કરુણ ને દિવ્ય રડવું,
અને ઉશ્કેરાયું જિગર કરવા સાહસ નવું.

અહા હા હા! કેવો અનિલ ફરક્યો કો' નવીન ત્યાં!
ઊગેલી સોનેરી નવીન મુજ પાંખો ફડફડે!
ફૂલેલા હૈયામાં મધુર નવી હોંશે છલકતી,
અને મ્હારી આંખો અજબ સુખભીની મલપતી!

થઈ પ્હોળી પાંખો નભ તરફ ઊડ્યાં અવયવો,
અને ચાલ્યો ઊંચે ઘરર ઘૂઘવાટો હું કરતો;
તળેટીમાં જોયાં વિપુલ રઢિયાળાં તરુવરો,
રમન્તાં નાચન્તાં વિમલ જલનાં કૈંક ઝરણો.

પડી દૃષ્ટિ ક્યાં ને કહીં વળી ન દૃષ્ટિ પડી શકી,
અહો! ત્યાં તો શૃંગે મુજ પદ અડ્યા બે ક્ષણ મહીં;

અહા! એ દૈવી મોં મમ નયન પાસે ઝૂકી રહ્યું,
અને એ કન્યાનું મુજ પદ ભણી કે શિર નમ્યું!
સમાઈ જાતી એ મમ હૃદયનાં સૌ પડ મહીં,
અહા! લેપી દેતી મમ અવયવે અમૃત નકી!
મને આલિંગી એ રુદન કરતી ને હિબકતી!
પ્રિયે! હું તો તેનું મધુર મુખડું જોઈ જ રહ્યો!

અહો! તેની પાંખો મુજ અવયવો ચાંપતી હતી,
અહો! તેનાં અશ્રુ મુજ અધરથી મેં ચૂમી લીધાં;
ગળ્યાં બન્ને હૈયાં લથબથ થઈને વહી વહી,
ઘડાયેલી એ તો મુજ હૃદય માટે જ પ્રતિમા.

કહ્યું તેણે "આજે મુજ હૃદયનું વાંછિત મળ્યું!"
કહ્યું મેં, "ઓ વ્હાલી! મુજ હૃદય આ સાર્થક થયું!"
ગુલાબી એ ગાલે નવીન સ્મિત મીઠું ફરકતું,
હતું મ્હારું હૈયું નવીન રસમાં કૈં ધડકતું.

"અરે વ્હાલા! અરે વ્હાલા!" ત્યાં એવું રડવું સુણ્યું!
પડેલી બાગની એ સૌ દીવાલો થકી ઊઠતું.

સુણી ત્હારું રોવું રડી રડી વદી હા! રમણી એ,
"અરે પ્રીતિ કો' દિ' અહિત પ્રણયીનું નહિ કરે;"
લવી એવું એ તો ઢળી પડી અને મૂર્ચ્છિત થઈ,
અને હું તો જીવ્યો તુજ રુદનની લ્હાય સુણવા!

કરું છું હું યત્નો તુજ તરફ પાછો ઊડી જવા
છતાં એ ઈચ્છું ત્યાં શિથિલ થઈ પંખો ખરી પડે!
ફરી શુદ્ધિ દેવા મુજ રમણીને યત્ન કરતાં
ચીરાતું આ હૈયું, અરર! મૃદુ ત્હારા રુદનથી!

પ્રિયે! મેં તો ઈચ્છ્યું તુજ હૃદયને પાંખ મળવા,
પ્રિયે! હું ઈચ્છું છું ગિરિ ઉપર તુંને લઈ જવા;
સુનેરી પીછાંથી નવીન તુજ જો પાંખ ચળકે,
અને એ પાંખોમાં પવન સરખું તો બલ દીસે!

વળી જો ને વ્હાલી! ગિરિ પણ ડગે આ રુદનથી!
ધીમે ધીમે ચાલી તુજ શિર પરે એ ઝૂમી રહ્યો!

અહો! ત્હારાં અશ્રુ કણ નકી દીસે અમૃત તણા!
પ્રિયે તે સિંચાતાં રણ મહીં ઊગે છે તરુ નવાં!

ઊઠી જો! ઊઠી જો! મમ હૃદય પાસે પ્રિય હવે,
અને એ ચ્હેરાની ઉપર કર તું ફેરવ, પ્રિયે!
કહે પ્રીતિ કો' દિ' અહિત પ્રણયીનું નહિ કરે.
અને ત્યારે ઊઠી ફરી મુજ દિલે એ લપટશે!

ન મ્હારા હસ્તે એ નયન મૃદુ કો' દિ' ઊઘડશે!
અમી એ મીઠું તો નકી નકી રહ્યું છે તુજ કને!
કરો મ્હારાથી એ મરણવશ થાતાં અટકતી,
અને એ જીવે છે મરણવશ શી મૂર્ચ્છિત રહી!

સ્ફુરે ઓષ્ઠો તેના, હૃદય કુમળું શાન્ત ધડકે,
ગુલાબી ગાલોએ મધુર હજુ કેવી ઝલક છે!
ધીમે પંપાળું છું સુરૂપ મુખડું હું કર વતી,
પિરોજી તે થાતું મુજ કર જરી દૂર ખસતાં!

પ્રિયે! બીજો મ્હારો કર તુજ કને આ ઝઝૂમતો,
ગ્રહી તેને આવી મુજ હૃદયથી તું લપટજે;
નથી કાંટા ઊગ્યા પણ મૃદુ થયું છે મૃદુ વધુ,
પ્રિયે! ત્હારે માટે હૃદય મુજ ભીનું તલફતું.

રડી કાં તું પૂછે? "પ્રિયતમ! મને ચાહીશ ભલા?"
નહીં ત્હારું એવું મુજ જિગરમાં કાંઈ જ નહીં;
તને શું ના અર્પ્યું? હજુ પણ પૂછે શું પ્રણયનું?
હું ત્હારો તેની તો શશી, રવિ, ગ્રહો સાક્ષી ભરશે.

અસત્યો એ બોલ્યો કદી કદી તને હું રીઝવવા,
હવે મીઠાં સત્યો શીખવીશ તને હું જિરવવા;
નીતિ કે રીતિનું મુજ દિલ પરે ના બલ રહ્યું,
પ્રીતિ! પ્રીતિ! પ્રીતિ! અનલભડકે એ જળી જવું!

ઊઠી જો! ઊઠી જો! મમ હૃદય સાથે, પ્રિય! હવે!
નવો ઝીણો તાજો અનિલ ફરકે છે કુદરતે!
ત્યજી દેને વ્હાલી! અધમ પડ વંટોળે સરખાં,
મચી ર્‌હેવું આવી કલુષમયતામાં ઉચિત ના.

ઊગેલી પાંખોને અરર! ના વિસ્તીર્ણ કર કાં?
હરિની લીલાને સજલ નયને ના નિરખ કાં?
તને મીઠું ત્યાં છે, મધુતર અહીં કિન્તુ મળશે,
પ્રભુએ વેરી છે જુદી જુદી જ મીઠાશ સઘળે.

પ્રિયે! મેં જોયું કૈં! હજુ મને રહે તે નિરખવા,
અહો તું જેવું એ પણ વળી કંઈ ભિન્ન તુજથી;
રુચે તુંને તેવું જરી પ્રણયથી તે નિરખતાં,
સખિ! જોને તેને હૃદય તુજ ભીનું કરી કરી.

દીસે તુંમાં, તેમાં, મુજ જિગરમાં એક જ કંઈ,
અને કૈં જુદું તે મધુર સ્વરના ભિન્ન ધ્વનિ શું;
સ્વરો મીઠા ચાલે મધુર ધ્વનિનો મેળ મળતાં,
અને છોને હૈયાં દ્રવી દ્રવી પડે ગાયન થતાં.

મને તું પૂછે છે, "પ્રિયતમ! તું છે શું દુઃખી? અરે!"
દુઃખી તો શું? કિન્તુ જગત મુજને આ નવ રુચે!
દિલે ખૂંચી રૂહે છે નયન મૃદુ તે દિવસ બધો,
સ્મૃતિ તેની થાતાં છણ છણ બળે છે જિગર આ.

અરે! તેને ચાહે મુજ હૃદયનું રક્ત સઘળું,
પ્રતિમા એ મીઠી મુજ હૃદયનું રાજ્ય કરતી;
સુકાની ઓ વ્હાલી! જરીક જ દિશા ફેરવ, અને
હવે હંકારી દે મુજ નસીબનું નાવડું તહીં.

"એકને ચાહતું તેને બીજાને નવ ચાહવું!
"એકને ચાહતું તેને બીજાએ નવ ચાહવું!"

દીસે કિન્તુ રૂઢિ પરિણત અરે! એ જન તણી
અને તેનાં સાક્ષી હૃદય રડનારાં પણ કંઈ;
ખરું છે, કે "ધારો વગર કંઈ હેતુ નવ થતો,"
પ્રતિ ધારો કિન્તુ સમય વહતાં કંટક બને.

બહુ ટૂંકી આ તો હૃદયરસ પીવા અવધિ છે,
અહીં ત્યાં તેમાં એ હૃદય ક્યમ ભોળાં ભટકતાં?
અરેરે! કોઈ તો જિગર ચીરવા તત્પર થતું!
પ્રભુ! આવી શાને વિષમ રચના છે પ્રણયની?

વિના હેતુ ના ના જનહૃદયનાં ચક્ર ફરતાં,
વિના હેતુ શાને દિલ દિલ ચીરે ને રડી મરે?
વિના હેતુ તો ના ગતિ પણ કરે પર્ણ સરખાં,
વિના હેતુ કાંઈ કદી પણ બને ના કુદરતે.

હતો હું ત્હારો ને જગત મહીં એ કૈં રસ હતો,
જનોના ધારાનું મુજ હૃદયથી સેવન થતું;
હતો ત્હારો તેથી હજુ પણ નહીં ન્યૂન તુજ હું,
હવે કિન્તુ મ્હારું હૃદય વળી છે અન્ય દિલનું.

કદી એ બોટાતાં હૃદય નવ ઉચ્છિષ્ટ બનતું,
હતું તેવું મ્હારું હૃદય તુજ માટે હજુ રહ્યું;
પ્રિયે! ના પ્રીતિને કુદરત કદી પાતક ગણે,
મને, તેને, તુંને કુદરત અમીથી નિરખશે.

અરેરે રાહ જોવાનું ના ના યોગ્ય દીસે મને,
ઊડ તું! આવ તું! વ્હાલી! કો' દિ' કાલ ન ઠેરશે.

વહી જાશે દ્હાડા! વિલુપ મુખ તેનું થઈ જશે!
અને મ્હારું હૈયું પછી કદી નહીં જીવી શકશે!
મરી જાશું આંહીં! તુજ મરણ ત્યાં દૂર બનશે!
અરે વ્હાલી! શાને તુજ હૃદય એ ઘાટ ઘડશે?

બહુ મ્હોટો ફેરો અરર! પછી લેવો જ પડશે!
બહુ જન્મો વ્હાલી! રુદન કરવાનું જ મળશે!
પ્રભુ જાણે ક્યારે ત્રણ હૃદયનું ઐક્ય બનશે!
પ્રિયે! ન્યાયી માતા કુદરત બહુ કૈં કૃપણ છે!

ઘડીનોએ કો' દિ' કુદરત ન વ્યાક્ષેપ સહતી,
ઘડીમાં તો કૈં કૈં કુદરત કરે છે ગતિ નવી;
નભે ગોળા મ્હોટા ઘડી મહીં કંઈ કોશ ફરતા,
ઘડીમાં બ્રહ્માંડો પ્રલય થઈને કૈં ઉદ્ભવે.

ન તું ચાલે ત્હોયે સમય તુજને તો ઘસડશે,
ન તું ઈચ્છે તેવું કુદરત નકી કાર્ય કરશે;
અરે! તો શાને નાખુશ થઈ પ્રવાહે ભળી જવું?
અરે! તો શાને ના મધુ ઝરણનું અમૃત પીવું?

અહીં મીઠું લ્હાણું કુદરત ધરે છે હસી હસી,
પ્રિયે! તેને શાને અરર! તરછોડે રડી રડી?
અવજ્ઞા ના સાંખે કુદરત કદી કાયર બની,
સહાતી ના કો'થી કુદરત તણી દૃષ્ટિ કરડી.

કહ્યું કાલે તેથી કહું છું તુજને આજ ઊલટું!
વળી કાલે કાંઈ કહીશ તુજને હું નવું નવું!
પ્રિયે! દોરાઉં છું કુદરત મને જ્યાં લઈ જતી,
અને શીખું પાઠો કુદરત મને જે શીખવતી.

વિચારોની શ્રેણી બદલી મુજ આજે કંઈ ગઈ,
વિચારોની શ્રેણી બદલીશ, પ્રિયે! હું તુજ વળી;
અરે વ્હાલી વ્હાલી! કદી પણ ન દુરાગ્રહ ઘટે,
પ્રભુ સામે થાવા તુજ હૃદયમાં કૈં બલ ન છે.

અહીં ઊંચા નીચા તરુવર તને સાદ કરતા,
અહીં મીઠાં પક્ષી મધુ રવથી આમન્ત્રણ કરે;
પ્રિયે! ત્હારી પાંખો ઉપર ચડવા કૈં ફડફડે,
વિમાસી બેઠી શું? મુજ હૃદયને સાંભળ હવે!

અહીં આ મ્હોં ન્હાને તુજ કર હવે ફેરવ જરા,
હસે મીઠું એ તો વદન કુમળું મૂર્ચ્છિત થતાં!
અહીં ત્હારે માટે પ્રણયરસની લ્હેર છલકે!
પ્રિયે! છોડી રોવું મુજ હૃદયને સાંભળ હવે!

અહીં હું રોઉં છું તુજ હૃદય માટે દિલ ચીરી!
વહેતા આ લોહી ઉપર કંઈ તો દૃષ્ટિ કરવી!
વિચારો જૂનાને તુજ જિગરથી દૂર કરને!
પ્રિયે! છોડી ભીતિ મુજ હૃદયને સાંભળ હવે!

હવે તો રાહ જોવાનું ના ના યોગ્ય નકી, પ્રિયે!
ઊઠ તું! આવ તું! વ્હાલી! કો' દિ' કાલ ન ઠેરશે!

૨૬-૧૧-'૯૬

## એક વેલીને

ધીમે ધીમે કુંપળ કુંપળે પત્ર પત્રે વળીને,
ટીશી ટીશી તરુવિટપમાં ગૂંથણી કાંઈ ગૂંથે;

મીઠી વેલી! તુજ વળ દીસે નિત્ય નિત્યે નવીન!
ત્હારું હૈયું વધુ વધુ સદા સ્નેહમાં થાય લીન!

ન્હાની ન્હાની તુજ ગતિ સમો રાહ આ ઝિન્દગીનો,
તોફાનો કે ભભક રવિની કોઈ દિ' માત્ર ભાસે;
ત્હારી પાસે ગણગણ થતા જન્તુઓ નિત્ય ગુંજે,
મ્હારી પાસે જગત સઘળું નિત્ય ગુંજ્યા કરે છે.

પ્રર્ણો તાજાં ચડી, ખરી, ચડે એકની એક ડાળે
ને આલમ્બે તરુવર તણો નિત્યનો એક ત્હારે;
ટેકો મ્હારો મુજ હૃદયની એક મૂર્તિ પરે છે,
તે પાસેથી સુખદુઃખ સદા જાય ચાલ્યાં ઝપાટે.

તું પત્રો ના તુજ કદી ગણે, હું ય મ્હારાં ગણું ના,
કિન્તુ તેનો કુદરત મહીં કાંઈ છૂપો હિસાબ;
ક્યાં? શા માટે? પ્રભુ વિણ નકી કોઈ જાણી શક્યું ના,
ઊંડાં કાવ્યો, ફિલસૂફી વળી કાંઈ શંકા જ માત્ર!

તુંમાં હુંમાં-અરર! પણ આ કાંઈ જુદું જ ભાસે,
ત્હારા મ્હારા પથ મહીં દીસે ભિન્નતા એક ઊંડી;
તું ચાલે છે સતત ગતિએ, કૂદતો ચાલતો હું,
ધક્કા મારે કુદરત મને, દોરતી માત્ર તુંને.

હું ચોંટું છું મુજ જિગર જ્યાં એક દિ' શાન્તિ પામે,
નિઃશ્વાસો સૌ જનહૃદયના ભૂત કાલે વિરામે;
નિર્માયો છે તુજ જીવનને એકલો વર્તમાન,
"ઊંચે જાવું" તુજ હૃદયને એટલું માત્ર ભાન.

૨૭-૧૧-'૯૬

## એક ચંડોલને

નવ ઊડી જજે! ગા તું ગા તું સ્વછન્દ મહીં જરા,
જિગર હલકું મ્હારું થાતું તને સુણતાં જરા;
મુજ દિલ મહીં આજે કોઈ દીસે સુખ સાંપડ્યું,
કંઈ સમયથી ભૂલાયેલું ફરી સ્મૃતિએ ચડ્યું.

બહુ સમયથી મ્હારે માટે નથી રસ કૈ રહ્યો,
બહુ સમયથી નિઃશ્વાસે કો' નથી ઉરથી વહ્યો:
બહુ સમયથી નેત્રો ભીનાં નથી બનતાં-અરે!
બહુ સમયથી વ્યાપ્યો હૈયે મહા સુનકાર છે.

મુજ નયનથી આજે ભાનુ ફરી હસતો દીસે,
અનિલલહરી આજે પાછી મને રમતી દીસે;
કુદરત મહીં પ્રેરાતો હું ફરી રસ શોધવા,
ફૂલ ફૂલ મહીં આજે પાછા વહે રસધોધવા.

મુજ હૃદયની આજે પાછી કળી ઊઘડી પડી,
અરર! દુઃખ છે! કિન્તુ તેમાં મીઠાશ થઈ ખડી;
કટુ રસ, અરે! મેં તો પીધો સદા ય સુધા ગણી,
રસપુટ પીધા હોંશે હોંશે અનેક ભરી ભરી.

રસપુટ પીધા તે 'ના પીધા' હવે બનશે નહીં,
રસપુટ પીવા એવા એવા હવે મળશે નહીં;
"તરસ રસની, નિઃશ્વાસો, ને હજો રડવું સદા-"
મમ હૃદયનું એવું વાંછ્યું મળે ફરી આજ, હા!

મુજ જિગરને ચીરાતાં-રે! હતું સુખ કૈં મળ્યું,
અરર! વ્રણને સાંધી દેતાં ન ચેન કશું પડ્યું;
સુખ સુખ હતું હૈયું જ્યારે લૂટાઈ જતું હતું,
પણ હૃદયમાં લૂટાવાનું કંઈક રહી ગયું.

અરર! દિલની પૂરી પૂરી ન લૂટ થઈ કદી,
અરર દિલમાં છૂરી પૂરી કદી ય ગઈ નહીં;
જખમ દિલને પૂરો દેવા ન કોઈ મળ્યું કદી,
જખમ કરવા ન્હાના ન્હાના જહાં ઊલટી પડી!

જખમ કરતાં એ શું જાણે? ગરીબ મૃદુ સખી?
જખમ કરતાં વેળાની એ ન હામ ટકી શકી!
તુજ સ્વર વળી આજે કાંઈ દિલે ખૂંચતો દીસે,
પણ જખમની વાતોથી તું અજાણ બહુ દીસે.

જખમ સહવો સ્હેલો મીઠો સદા સહનારને,
જખમ કદી એ પીડાતાને ન ઠાર કરી શકે;

જખમ દિલને છેલ્લો દેવા ન કોઈ મને મળે,
જખમ દિલનો જોવા ધોવા ન કોઈ મને મળે.

દરદ દિલની વાતોને એ ન છે સુણનાર કો',
દરદ દિલની વાતો સાથે ન છે મળનાર કો';
અનુભવ અહીં કોઈને એ સમાન મળે નહીં,
જગત સઘળું અક્કેકાની અસાર મુસાફરી.

જગત રસમાં ક્યાં એ પૂરું ન પકવ થયું હજી,
હૃદય ગળતાં રોવામાં એ કચાશ રહી જતી;
અરર! સ્મિત ના કિન્તુ રોવું હજુ જડતું નથી,
રુદન શીખવા કૈં એ જન્મો હજુ ફરવું નકી.

પણ દરદ કૈં ધીમે ધીમે બૂઝાઈ જતું હતું,
અરર! દિલ આ ધીમે ધીમે કઠોર થતું હતું;
સ્વર તુજ સુણ્યો ને આ ચાલ્યું ફરી નિજ માર્ગમાં,
તુજ સ્વરથી આ મ્હારું હૈયું ધ્રૂજે કંઈ તાલમાં.

તુજ સ્વરથી આ મ્હારું હૈયું કરે કંઈ ગોઠડી,
સ્થિર જરી થશે! ગાતું ગાતું ઊડીશ નહીં જરી;
પણ સુખી તું એ ઓચિન્તુ કૈં ઊડી જ નકી જશે;
દરદ દિલની વાતોથી તું અજાણ હજુ દીસે.

સહુ સુખી ઊડે તેવું તું એ ઊડી જ જશે નકી,
મુજ જિગરની ત્હારે હૈયે વ્યથા ઘટતી નથી;
મુજ રુદનથી ત્હારા કંઠે ન શોષ કંઈ પડે,
મુજ હૃદયની વાતોથી તું અજાણ નકી દીસે.

૩૦-૧૧-'૯૬

## ત્યજાયેલીને

કદી ત્હારે હશે રોવું, છૂપું કાંઈ સુણાવવું;
હશે વા દાઝતા ત્હારા હૈયાને કદી ઠારવું.

ત્હારું અહીં જગતમાં નહિ કોઈ મિત્ર!
ત્હારા-અરે! દુઃખ તણી ગતિ કૈં વિચિત્ર!

નૌકા તૂટેલ સરખું તુજ ઉર આ છે!
જેની મરામત હવે કદી યે ન થાશે.

શોધે સદા હૃદય માનવી માનવીનાં,
રોવા અને જિગરનાં દુઃખને સુણાવા;
એ રાહમાં હૃદય આ તુજને મળ્યું'તું,
આશાભર્યા ઉમળકે હસતું બન્યું'તું,

રોવાની તેં મુજથી તાલિમ કિન્તુ લીધી,
ઉસ્તાદના જિગરમાં ય કટાર દીધી;
વિશ્વે કર્યાં ટપકતાં દિલને વિખૂટાં,
અન્દાજ અન્તર તણો ન કરાય હાવાં.

આંહીં સદા જખમીને જખમી જ શોધે,
રોતાં ભીનાં નયનને રડનાર લૂછે;
લાધે અહીં ક્વચિત ઘાયલ બે સમાન,
એનું ય એ ઘડીકમાં તૂટી જાય તાન.

વચ્ચે પડ્યું પ્રણયમાં પ્રણયી જ! એ શું?
ઔદાર્યને પ્રીતિથી દેશવટો મળ્યો શું?
શું તું હતું રમકડું કંઈ કાષ્ટનું, કે
મેં કોઈ કાજ તુજને ત્યજી? વ્હાલી! રે રે!

રે! પામશે જિગર ક્યાં તુજ મેળ હાવાં?
રે! ઈશ્કનો તુજ બુખાર જશે હવે ક્યાં?
ના દિલ્લગીની કદી સોઈ કહીં ય થાશે,
શું ઝિન્દગી તુજ હવે હિજરાઈ જાશે?

હુંને ઘટે ન સુખ વૈભવ ભોગ, વ્હાલી!
હુંને ઘટે ફકીરની વરવી જ ઝોળી;
તુંને ઘટે ન મુજ કાજ હવે રીબાવું,
તુંથી ન કિન્તુ બનશે દિલ ખાળવાનું.

હું તો બળીશ! બળતાં ઈનસાફ થાશે!
તું શું નહીં કુદરતે કદી ન્યાય પામે?

ના ન્યાય આ જગતમાં મળવો તને છે,
એવું જ છે લિખિત તો સહવું જ ત્હારે.

આ બોલતાં જ મરવું મુજને ઘટે છે,
કે જંગલે જઈ તહીં પડવું ઘટે છે;
આ નેત્રને રુધિરથી રડવું ઘટે છે,
હા! આગમાં જઈ સદા જળવું ઘટે છે.

મ્હારું હવે જીવિત તો નબળાઈ—વ્હાલી!
મ્હારું હવે રુદન આ નબળાઈ—વ્હાલી!
એ હસ્ત ત્યાગ કરતાં જ મરી ચૂક્યો છું
ને અન્ય મૃત્યુથી હવે અભિલાષ રાખું.

રે! એક ઝિન્દગી મહીં કંઈ મૃત્યુ મ્હારે,
રે! એક ઝિન્દગી મહીં બહુ જન્મ ત્હારે;
ટૂંકાં જ છે જીવિત ને દુઃખભાર મ્હોટા,
ને મૃત્યુની પછી કશો રસ સ્વાદ ના ના,

જોઈ હતી—પ્રિય! તને દિન ચાર પ્હેલાં,
પીળું હતું મુખ અને સહુ અંગ ઢીલાં;
ના નેત્ર તેં તુજ ઉપાડી મને નિહાળ્યો
વા અશ્રુથી ય તુજ ગાલ બન્યો ન ભીનો.

તું એકલી! અરર હા! અહીં એકલી તું,
રે રે! અનન્ત દુઃખને દરિયે પડી તું;
કોઈ તને મદદમાં મછવો મળે ના,
ઓળંગવા ઉદધિ છે બલ કાંઈ ના વા.

ત્હારાં સુખોની કદી વાત નહીં સુણાશે,
ત્હારાં દુઃખોની ઉરમાં ઉન્હી લ્હાય લ્હાશે;
હૈયાસૂની! હૃદયની તું અપંગ બાલા!
દેખું તને બળી જતી મુજ કલ્પનામાં!

મોંઘાં સદા નયન શું તુજ બન્ધ ર્‌હેશે?
મ્હોંએ ગુલાબી ફરી શું કદી તું ન પામે?

જબ્ભો–પ્રિયે! હૃદયનો તુજ વ્હાલવાળું
બ્રહ્માંડમાં-અરર! કોઈ ન ધારનારું!
કદી ત્હારે હશે રોવું, છૂપું કાંઈ સુણાવવું;
હશે વા દાઝતા ત્હારા હૈયાને કદી ઠારવું.

૨૧-૧૨-'૯૬

## પ્રપાત

વ્હાલી તણું હૃદય એ ઉદધિ હતું-હા!
તેની સપાટી ઉપરે તરતો રહ્યો હું;
પાતાલમાં ય તલ તે જલનું હતું ના
ને એ હતું કૂદી રહ્યું તટ વિણ વારિ.

મીઠી મજા જિગરને ઉછળાવતી'તી,
હૈયાથી અમૃતઝરો છલકાવતી'તી;
હું સિન્ધુની વીચિ મહીં ગરકાવ થાતો,
ને એ ઝરો ટપકતાં જ મળી જતો ત્યાં.

એ મ્હાવરે હૃદય કાબિલ કાંઈ થાતાં,
ઊંડાણમાં ય અજમાયશ કાંઈ લેતું;
કો' દિ' હતું વિહરતું જઈ મધ્ય ભાગે,
આનન્દમાં નયન અર્ધ મિચાઈ જાતાં.

દીઠાં તહીં નવીન રંગીન દિવ્ય વારિ
ને બિન્દુ બિન્દુ મહીં ભવ્ય પ્રભાપ્રવાહ;
દીઠાં તહીં છૂપી રહેલ ગંભીર ભાવો,
પ્રત્યેકમાં નવીનતા રસની વહન્તી.

"નીચે નીચે પડ પછી પડ કાપતો જા,
"ઊંડાણના ય ઉદરે ઊતરી ઊંડો જા;
"જા જા તહીં રસ અનન્તની લ્હેર ચાલે,
"દૈવી ઝરા ઉદધિમાં હજુ કૈંક મ્હાલે."

એ મન્ત્ર આ હૃદયમાં જનમ્યો હતો, ને
એ મન્ત્રને હૃદય આ જપતું બન્યું'તું;

એ જાપથી જ હૃદયે બલ આવતું'તું,
તેના પ્રભાવથી જ માર્ગ નવીન ખૂલ્યા.

પાતાલનાં પડ મહીં પડ ઊખળ્યાં ત્યાં,
છૂપી રહેલ નઝરે પડતી ગુફાઓ;
પ્રત્યેક દ્વાર ઊઘડયું કરસ્પર્શ થાતાં,
પ્રત્યેક સ્થાન વળી આદર આપતું'તું.

આવી રીતે જલ મહીં સરકી જતો'તો,
જાણે અનન્ત યુગ એમ જ ઊતરીશ;
ત્યાં એક ભેખડ પરે મુજ પાદ ઠેર્યાં,
ત્યાં દ્વાર કોઈ નજરે પડતું હતું ના.

તે મન્ત્ર કિન્તુ જપતાં જ તૂટી પડી તે,
ડોલ્યું અને ખળભળ્યું જલ સિન્ધુનું સૌ;
હા! કોઈ ત્યાં સ્વર ઊઠ્યો મૃદુ ને કરુણ,
ને સિન્ધુના તલ પરે મુજ અંગ ઠેર્યાં.

અહોહો! મેળ મીઠાથી ગાતાં'તાં દિવ્ય મોતિડાં,
સુણ્યું મેં કાંઈ આવું, ને હું ત્યાં શાન્ત ઊભો રહ્યો.

" અમે દૈવી મોતી જલધિતલમાં આમ રમતાં,
" અમારાં ગીતોનું શ્રવણ કરનારું વિરલ કોં;
" તહીં મચ્છો મ્હોટા અગણિત ભલે ઉપર ભમે,
" હજારોમાં કોઈ અમ તરફ આવી નવ શકે.

" અમે દૈવી મોતી ઉદધિઉરનો સાર સઘળો,
" હજારો મોજાના અમ ઉપર પ્હેરા ફરી રહ્યા;
" અમારા મ્હેલોની છૂપવી દીધી ચાવી અમ કને,
" અને લાખો યત્ને નહિ જ દરાવાજા ઊઘડતા.

" અમે દૈવી મોતી અમર રસનાં બિન્દુ સઘળાં,
" પરોવાયેલાં ના પણ રુચિર માલા રચી રહ્યાં;
" અમારી માલા તો અસુર જન કો' ના ધરી શકે,
" અમોને સ્પર્શે તે જલધિ સઘળાનો નૃપ બને.

" અમોને સ્પર્શન્તાં-અરર! પણ ખારાશ મળશે,
" અમોને સ્પર્શન્તાં ઉદધિ સઘળો આ કટુ બને;

" અમોને સ્પર્શન્તાં નવીન કંઈ આશા ઊઘડશે,
" અને આ સિન્ધુમાં પછી રસ રહેશે નહિ કશો."

સાંભળી બોલ હું એવા આશ્ચર્યે ડૂબતો હતો,
અને એ મોતિડાં દૈવી ચાંપી મેં ઉરથી દીધાં.

હા! હા! અરે! ઉદધિમાં પણ શું થયું આ?
તેજપ્રવાહ વહતો જલમાં નવીન!
તે તેજ ના જલધિનું પણ કોઈ અન્ય,
જે જ્યોતિથી નયન આ મુજ બન્ધ થાય.

મૂર્ચ્છામાં ઢળતો'તો હું ઘેરાતાં નયનો હતાં;
સુણ્યા કૈં સ્વપ્નમાં શબ્દો, જ્યોતિથી વહતા હતા.

"રે! માનવી! સ્થિર થવું તુજને ઘટે ના,
"રે! માનવી! સ્થિર થઈ ન શકીશ તું તો;
"આ સિન્ધુમાં નહિ ઉંડાણ કશું ય હાવાં,
"જા અન્ય સિન્ધુ મહીં કાંઈ નવીન જોવા.

"આવા અનેક દરિયા ઊતરી તું આવ્યો,
"આવા અનેક દરિયા તરવા હજુ છે;
"તું મચ્છ આ ઉદધિનો નવ હોય હાવાં,
"આ સિન્ધુમાં તુજ હવે ન સમાસ થાશે.

"આ સિન્ધુથી તુજ હવે બહુ અંગ મ્હોટું,
"કો' અન્ય સિન્ધુ તુજ કાજ હવે કૂદે છે;
"જૂની પિછાન પણ આખર તોડવાની,
"ને વાસ કો' નવીનમાં વસવું જઈને.

"સિન્ધુ તળાવ બનતો તલસ્પર્શ થાતાં,
" સિન્ધુત્વ સિન્ધુનું જતું તલસ્પર્શ થાતાં;
"તારા, સમુદ્ર સઘળા, ઝરણાં જ માત્ર,
"તે કો' અગાધ દરિયે મળવા જતાં સૌ.

"અત્યારથી ઉદધિ આ કડવો બન્યો છે,
"બીજો ય સાગર થશે કટુ કોઈ કાલે;
"ત્હારા હવે હૃદયનો રસ અન્ય થાશે,
"તે અન્ય સિન્ધુ મહીં અન્ય રસે ભળાશે.

"રે રે પ્રવાસી! નહિ મોહીશ મોતિડાંથી,
"પ્રત્યેક સિન્ધુ મહીં કોઈ જુદાં જ મોતી;
"જ્યાં જ્યાં કરે જલધિનો તલસ્પર્શ ત્યાં ત્યાં,
"મોતી જ મોતી તુજને નકી લાધવાનાં.

"રે! ચાલ! ચાલ! તટ ઉપર ચાલ હાવાં,
"ત્હારું જૂનું જરીક પલ્વલ જોઈ લેને;
"નિર્માણમાં ડૂબી જજે પછી, ભાઈ! વ્હેલો,
"ને એ પ્રપાત તુજને સુખરૂપ હોજો."

જ્યોતિના એ પ્રવાહે ત્યાં હું ખેંચાઈ તટે ગયો,
જોઈ એ જ્યોતિને મેં ત્યાં સંકેલાઈ ધીમે જતી.

આ એક બાજુ કટુ પલ્વલ મંદ હાંફે,
પાસે બીજી તરફ સિન્ધુ નવીન ગાજે;
મ્હારા દિલેથી વહતો રસનો પ્રવાહ,
બન્ને ય વારિ મહીં ઉછળી તે પડે છે.

જોતાં ફરી જગત કાંઈ નવીન ભાસે,
સૌન્દર્ય આ હૃદયનું ય ફરી ગયું છે;
બ્રહ્માંડની વિષમતા કમી થાય છે કૈં;
દેખાય છે સુઘટ ચક્ર અનન્ત વિશ્વે.

તલાવે તો કિન્તુ મુજ રસ કદી મેળ નહિ લે,
સમુદ્રે રહેનારું નવ જીવી શકે પલ્વલ મહીં;
મને ખેંચે સિન્ધુ વળી અરર! આ પલ્વલ રડે,
કયા વારિમાં હું હૃદય ઠલવું? ક્યાં જઈ પડું?

વ્હાલા તલાવ! ફરી તું ઉદધિ બની જા!
વ્હાલા તલાવ! તુજ તું રસ ફેરવી દે!
વ્હાલા તલાવ! મુજ તું રસ ફેરવી વા
રે રે! મને તુજ સમાન ફરી કરી લે!

વ્હાલા તલાવ! અથવા ઉછળી-કૂદીને
આ સિન્ધુલ્હેર મહીં તું તુજ ભેળવી દે!
કોઈ રીતે હૃદય આ તુજમાં ઝુકાવું!
કોઈ રીતે હજુ ફરી તુજ મચ્છ થાઉં!

દીસે સંકોચાતું પણ વધુ વધુ એ જલ હજુ,
અને આ હૈયું તો વધુ વધુ જ વિસ્તીર્ણ બનતું;
નથી વેલા આવી, સર બની શકે ના ઉદધિ, ને
કદી ફેલાયેલું હૃદય ન અવિસ્તીર્ણ બનશે.

વ્હાલા તળાવ! તુજને તજી જાઉં હાવાં,
હૈયે સદા ધરીશ હું ઉપકાર ત્હારા;
ભેટો બને નવ બને, પ્રભુ જાણનારો,
કિન્તુ મિલાપ નકી આખર એક સ્થાને.

આકર્ષી સિન્ધુ લે છે, ને હું ખેંચાઈ તહીં પડ્યો;
ડૂબતાં ડૂબતાં કિન્તુ જૂનું નામ જપી રહ્યો !

૨૮-૧૨-'૯૬

# બેપરવાઈ

હતી પરવા, હતી લઝ્ઝત હતી જાહોજલાલી કૈં;
અહો! દિલદારની સોટી જિગરમાં લાગતી'તી કૈં.

દીઠી મહબૂબને શિકલે પૂરી ખૂબસૂરતી-આહા!
હતાં ના આંખને ચશ્માં તહીનો ડાઘ જોવાનાં!

હમારી આમદાનીમાં હતો હિસ્સો સનમનો કૈં;
જિગરના તાન ઊંડામાં સફર સાથે થતી'તી કૈં.

જિગર ચાલ્યું ઉછાળે તે હતું કૈં શ્વાસ લેતું ત્યાં;
હતી ના એશમાં કોઈ પરહેઝીની હયાતી ત્યાં.

સનમના માપમાં મ્હારું સમાતું આંસુડું પ્યારું;
મગર તે દી ચડી જોશે વહ્યું તોડ્યું જૂનું પ્યાલું.

ઝીલાયું અન્ય કો' પ્યાલે અને ત્યાં એ રહ્યું રમતું;
મગર એ જામ માશૂકને, અરેરેરે! નથી ગમતું.

કહ્યું મેં, "આવને-દિલ્બર! હવે હદ અન્ય આ જો જો,
"હવે હદ અન્યમાં આવી નવું પ્યાલું જરી પી તો!"

ન આવે એ! ન ઊઠે એ! દીસે નિદ્રા બહુ ગાઢી!
હમે તો કૂચ છે માંડી! રહી એ દૂરને પલ્લે!

વિસામો લે સહુ આંહીં, કહીં કો' ને કહીં કોઈ;
રુચિ છે સર્વની ન્યારી-સહુને સર્વની પ્યારી.

હવે જુદાં થયાં-વ્હાલી! મળીશું કયામતે કો' દિ'!
મજા તું લે સદા ત્હારી! હમારી છે હમે લીધી.

સહુની આમદાનીનો વટાતો સર્વદા હિસ્સો,
ન લે તું આ જિગરનો તો હજો એ મનસબી ત્હારી.

પડ્યું ર્‌હેશે નહીં કાંઈ, ખલક લૂટાઈ આ જાતિ;
હમોને લૂટનારાથી હમો લૂંટાઈને ર્‌હેશું.

હમોને છે મળ્યાં ચશ્માં નવાં કાંઈ નવું જોવા;
તું ત્હારી આંખથી જોજે હમે જોશું હમારીથી.

નઝર છે સર્વની ન્યારી, સહુ એકન્દરે સારી;
ન લાંબી કોઈ કે ટૂંકી, જરૂરીને સહુ જોતું.

સહુ પાણી ગળી પીતાં, સહુ છે દેખતાં જોતાં;
પછી કાં આવવું આડે! સમાલો જાતનું જાતે.

હમોને ના તમા ત્હારી, હમો ના નાતમાં ત્હારી;
હમો માની ગુમાની ના, પછી શી રાહ છે જોવી?

હમારી આંખનાં ચશ્માં તને ના બેસશે હાવા;
ચડાવી લો ચડે તેવાં, અહીં વેપાર બહોળો છે.

કર્યો સોદો હવે ફીટ્યો, લલાટે છે લખેલું એ!
નવી આંખો! નવું નાણું! નવો સોદો! નવી લઝ્ઝત!

ઈશારે કોઈને હાવાં હમે દોરાઈને જાશું,
ત્હમારા સાદ જૂઠાને હમે ના કાન પણ દેશું;

અરેરે! કાન શું દેવો? હવે છે સાદ પણ કેવો?
ફર્યો છે સાદ એ જેવો, ફર્યો છે કાન આ તેવો!

કરીશું યાદ કોઈ દિ' હશે જો કાંઈયે ફુરસદ!
તું એ રિવાજ એ રાખી, રહે રાજી જહીં રાજી!

તમોને કૈં હમારામાં, હમોને કૈં તમારામાં,
હતી પરવા, હતી લઝ્ઝત, ! નથી પરવા, નથી લઝ્ઝત!

૩૦-૧૨-'૯૬

# હું ત્હારો હતો

વ્હાલી! વ્હાલી! મુજ હૃદય આ ડોલતું આજ ભાસે,
ઓહો! એ તો મુજ હૃદયનો કમ્પ જૂનો નકી છે;
મ્હારું હૈયું સ્થિર તુજ દિલે શાન્તિ આવાહતું'તું,
ત્યારે એ તો ગતિમય હતું કાંઈ છૂપું જ છૂપું.

હું જાતાં તું ગણીશ નહિ એ દીર્ઘ સંયોગ તૂટ્યો,
આ સંસારે કદી પણ કશો દીર્ઘ સંયોગ કેવો?
પ્રીતિ, મૈત્રી, પ્રણય સઘળાં સ્વપ્ન ટૂંકાં જ, વ્હાલી!
સ્વપ્નો ટૂંકાં વળી રજની છેક ટૂંકી જ ટૂંકી.

બન્ધાઈ છે શિથિલ સઘળી લગ્નની ગાંઠ આંહીં,
સંયોગની કુદરત નહીં દીર્ઘતા સાંખનારી;
સંયોગોની કુદરત કદી પૂર્ણતા સાંખતી ના,
બન્ધાયાં તે લથપથ થયાં એકતા કિન્તુ ના ના.

લાધે આંહીં હૃદયપ્રતિમા, ચિત્ર વા કાંઈ એવાં,
હૈયાની છે પણ જગતમાં આરસી ક્યાંહી એ ના;
ચિત્રે શિલ્પે કદી પણ થતી પૂર્ણ સમ્પન્નતા ના,
મ્હારું હૈયું જગ પર કહીં અન્ય સ્થાને મળે ના.

ના કોઈની કદી પણ અહીં ઝિન્દગી બેવડાય,
રે રે! કોઈ કદી પણ હૃદયનો ભાગ વા ના પડાય;
પ્રીતિ, મૈત્રી મૃગજલ તણા માત્ર મ્હેલો કળાય,
ને મોંઘા સૌ અનુભવ પછી રેડતાં રક્ત થાય.

સ્પર્શે ગોળા પણ અડી શકે એક બિન્દુ જ માત્ર,
આલિંગે છે હૃદય પણ તે બિન્દુ એ એક માત્ર;
મ્હારો ત્હારો નકી નકી હતો એ જ સંબન્ધ વ્હાલી!
ના લાંબો કે દૃઢ પણ નહીં! તૂટતાં શી નવાઈ? !

તુંમાં હુંમાં બહુ બહુ હતાં બિન્દુ નાં સ્પર્શનારાં,
તે સૌ ધીમે બહુ સમયથી કમ્પતાં વાસનામાં;
અન્તે ગોળો મુજ હૃદયનો કમ્પની તીવ્રતાએ
છોડી ચાલ્યો તુજ હૃદયને, અન્યને ભેટવાને.

બીજું બિન્દુ અવર રસમાં અન્યથી ભેટશે ત્યાં,
ને તેમાંથી રસ લઈ લઈ પામશે તૃપ્તિ તે ત્યાં;
આવી રીતે રસ નવનવે બિન્દુએ કૈંક સ્પર્શી
બિન્દુ બિન્દુ સ્થિર થઈ જશે પામતાં તૃપ્તિ તૃપ્તિ.

ગોળા આવા અગણિત ભમી એક ગોળે સમાય,
સૌ બિન્દુની રસમય તહીં એકતા પૂર્ણ થાય;
ત્હારી પ્રીતિ મુજ પ્રણયથી હોય ના દીર્ઘ ગાઢી,
ત્હારો, મ્હારો, જગત સહુનો એક છે રાહ-વ્હાલી!

ત્હોય વ્હાલી! તુજ હૃદયને ત્યાગતાં કૈં રડાય,
ને અશ્રુ આ તુજ નયનમાં ઉછળીને ભરાય;
ત્હોયે ક્હેવું, પ્રિય પ્રિય અરે! કાસ ત્હારો હતો હું,
ને અત્યારે વહી જઈ હવે આજથી અન્યનો છું,

૩-૧-'૯૭

## વીણાનો મૃગ

ઊગતા સૂર્યની સામે આવે છે મૃગ દોડતો,
ઊતરે બાગમાં હાવાં ફલંગે ગઢ કૂદતો.

વીણા તણો નાદ તહીં સુણાય,
આનન્દલ્હેરે અનિલો ભરાય;
ઝૂલે ફૂલો એ કંઈ તાલમાં ત્યાં,
વસન્તલીલા સ્વર બેવડી રહ્યા.

ભીતિ કશી એ મૃગને દીસે ના,
પિછાન જૂની સ્થલની નકી આ;
નમાવી શૃંગો ચળ પીઠમાં કરે,
યથેચ્છ પર્ણો તરુનાં જરા ચરે.

ઊડી રહ્યો છે જલનો ફુવારો,
હોજે તરે રંગીન માછલીઓ;
ત્યાં કાન માંડી મૃગ તે ઢળે છે,
જરા નમીને જલ એ પીએ છે.

પાસેથી ત્યાં તો સ્વર દિવ્ય આવ્યા,
વાયુ તણી લ્હેર મહીં ગૂંથાયા;
કૂદી ઉમંગે ચમકાવી કર્ણો,
સ્વરો ભણી એ મૃગ દોડતો ગયો.

હીચકે ખાટમાં બેઠી કુંજમાં દિવ્ય સુન્દરી,
બીનની મીંડ મીઠીમાં એ છે છેક ગળી ગઈ.

દીસે અંગો ન્હાનાં હૃદયમય કે તાનમય શા!
લતા શા ડોલે છે કટિ ઉપરના સૌ અવયવો!
અહા! કાળા ઝૂલે કમર પર એ વાળ સઘળા!
દીસે તારા જેવાં ચકચકિત શાં સ્નિગ્ધ નયનો!
મળી છે શું આંહી જગત પરની સૌ મધુરતા!
અહીં વેળાનું ના કરવત ઘસાતું નકી હશે!
ગ્રહો, તારા, ભાનુ જરૂર ક્ષણ આંહી અટકતા!
સ્વરોની દેવીનાં નમી નમી અહીં દર્શન કરે!

દૂરથી આવતો દોડી વ્હાલો એ મૃગ જોઈને,
કન્યા તે હસ્ત લમ્બાવી હેતથી આવકાર દે.

આનન્દભીનાં નયને નિહાળી,
પમ્પાળતી તે મૃગને કરેથી;
દાસત્વ મીઠું મૃગમાં દીસે છે,
પ્રેમાળ ભીનાં નયને વસે જે.

પછી વીણાતારો મધુર સ્વર દૈવી જગવતા,
હવામાં નાચન્તી સ્વરની કંઈ મૂર્તિ ખડી કરે;
જડી જાણે રાખે નયન મૃદુ કન્યા મૃગ પરે,
અને એ ચ્હેરામાં નવીન કંઈ ભાવો પલટતા.

મૃગે એ ભાસે છે વશ થઈ જતો કે ગળી જતો,
જરા ડોલે શૃંગો વળી અરધમીંચ્યાં નયન છે;
નિસાસા લેતો એ મૃગ હૃદય જાણે ઠલવતો,
અને કન્યાશિરે રસમય અભિષેક કરતો.

અહો! ક્યારે ક્યારે થનનથન નાચી-કૂદી રહે,
વળી એ કન્યાના ઘડીક પદ ચાટે જીભ વડે;

ફરે વીણા તેવાં હૃદય, નયનો, અંગ ફરતાં,
દીસે બન્ને આત્મા અનુભવી રહ્યા એકમયતા.

પ્રભાતકાલે મૃગ આમ આવતો,
વીણા સુણીને વનમાં ફરી જતો;
સ્વરો ન મીઠા મૃગ વિણ ઊઠતા,
સુખી થતી ના મૃગ વિણ કન્યકા.

લગની કો' લગાડે છે ઉરોની રસએકતા;
પશુ આ માનવી આ એ કાંઈ ભેદ ન પ્રેમને.

દિનો કૈં આનન્દે રસભર ગયા આમ વહતા,
સદા ર્‌હેતાં ધૂને મધુર સ્વરની આમ દિલ આ;
પ્રભાતે કોઈ એ પથિક ગઢ પાસે અટકતો,
ઘડી સુણી વીણા નિજ પથ જતો આશિષ દઈ.

તહીં ઊગ્યો છે હજુ અર્ધ ભાનુ,
નવીન રંગે નભ છે ભરેલું;
શુકો ઊડે ગીત હજાર ગાઈ,
સહુ સ્થળે છે ભરપૂર શાન્તિ.

ઉદાસ શાન્ત સ્વર બીન છેડે,
ઉદાર ભાવો મૃગનેત્ર રેડે;
મચી રહી આર્દ્ર સ્વરોની હેલી,
મહાન આનન્દની રેલ રેલી.

સરરર સુસવાટો થાય ત્યાં બાગમાં કૈં,
અરરર! મૃગ બિચારો ઊછળીને પડે છે;
થર થર થર ધ્રૂજે કન્યકા ત્રાસ પામી,
શિથિલ કર થતાં એ બીન તૂટે પડીને.

મૃગહૃદય મહીં છે તીર લાગ્યો, અરેરે!
ખળખળ ઢળતું, હા! રક્ત ભૂમિ પરે એ!
નયનજલ વતી એ કન્યકા ઘા ધૂવે, ને
મૃગ તડફડ થાતો હાંફતો શ્વાસ લે છે.

મિચાઈ એ જાતાં નયન દરદે બે ક્ષણ, અને
ઘડી કન્યા સામે રુદનમય એ શાં નિરખતાં!

અરે! છેલ્લે યાચે નિજ પ્રિય કને એક નઝરે,
વદે છે કૈં આવું નયન મૃદુ ચોંટી રહી હવે:-
" કરીને શીર્ષનું તુમ્બું, નેત્રની નખલી કરી,
" બજાવી લે, બજાવી લે ત્હારું બીન હજી હજી!
" કૃપા હોજો, દયા હોજો પ્રભુની બીનની પરે!
" અનુકૂલ સ્વરો મીઠા હજો આ તુજ હસ્તને!"

કન્યા બિચારી દુખણી થઈને,
એ શીર્ષ ખોળે મૂકતી રડે છે;
ત્યાં પાછળેથી નર કોઈ આવે,
વાત્સલ્યભાવે વદતો જણાયેઃ–

" અયિ પુત્રિ! શિકારી તો પાપી છે તુજ આ પિતા!
" ભૂલી જા એ! બજાવી લે ત્હારું બીન હવે જરા!"
હૃદય સ્થિર નથી એ કન્યકા બાપડીનું,
નઝર નવ કરે તે, કોણ આવ્યું ન આવ્યું;
પણ દૃઢ થઈ અન્તે અશ્રુમાં તે ગળન્તી
દરદમય છતાં એ કાંઈ મીઠું લવે છે :

" તુમ્બું તૂટી પડ્યું! અરે જિગરના ચીરા થયા છે, પિતા!
" રે! આ સાંભળનાર ના જગતમાં એવું થયું છે, પિતા!
" વીણા બન્ધ થયું! સ્વરો ઊડી ગયા! ખારી બની ઝિન્દગી!
" સાથી જગમાં ના રહ્યો! પ્રભુ તણી આશિષ એવી મળી!
" મૃત્યુને વશ આ કલા થઈ ગઈ! હું એ બની મૃત્યુની!
" આ સંસાર અસાર છે! અહહહા! એ શીખ આજે મળી!
" વ્હાલાં હાય અરે અરે! જગતમાં વ્હાલાં ઉરો ચીરતાં!
" ભૂલોની જ પરમ્પરા જગત આ, એવું દીસે છે! પિતા!
" ક્યાં શ્રદ્ધા? અહ! પ્રેમ ક્યાં? જગત આ આખું અકસ્માતનું!
" જે પ્યાલું મૃગને મળ્યું મરણનું તે હું ય માગું! પ્રભુ!
" જોઈ બે ઘડી આ લઉં મૃગ અને વીણા તૂટેલું, પિતા!
" એ નિર્માણ અનન્તના જલ મહીં ડૂબું પછી હું, પિતા!

દિનો કૈં કન્યાના દરદમય, ઓહો! વહી ગયા,
ફર્યાં છે એ ગાત્રો, મુખ પણ ફર્યું છેક જ, અરે!

હવે જો કોઈ એ પથિક ગઢ પાસે અટકતો,
શિલા ત્યાં આ વાંચી કંઈક દુઃખમાં તે ડૂબી જતોઃ
"કલા છે ભોજ્ય મીઠી તે ભોક્તા વિણ કલા નહીં!"
"કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહીં!"

૭-૧-'૯૭

## મતભેદ

નહિ નહિ નવો કિન્તુ આ તો જૂનો મતભેદ છે,
મુજ હૃદયને ત્હારી સાથે છતાં મળવું ગમે;
કદી કદી અહીં આવી વેળા કટુ મતભેદની,
કદી કદી હશે આનન્દોની વળી લહરી અહીં.

કથન કરવું શાને વ્હાલી! અહીં મતભેદનું?
જગ રમકડું આ તો આખું નકી મતભેદનું!
મળી મળી રહે હુંથી, વ્હાલી! મળાય જહીં જહીં,
જુદી જુદી વહે જ્યાં શ્રેણી ત્યાં જુદાઈ ભલે રહી.

પડ છૂપી રહ્યાં હૈયે હૈયે અનેક જુદાઈનાં,
પ્રતિ હૃદયમાં કિન્તુ મીઠી કંઈક સમાનતા;
મુજ જિગર આ, વ્હાલી! તુંને સદા અનુકૂલ હો,
રસ તુજ દિલે જેવો તેવો સદા ધરતું રહો.

હૃદયરસ આ ઝીલાયેલો બને કદી ના બને,
મુજ જિગરને ધોખો આશા નહીં કંઈ એ હવે;
મળતર તણી આશા જૂઠી જનો ધરતાં દીસે,
ગતિ કંઈ કરી તે કીધામાં બધો બદલો મળે.

જગત પર આ જન્મ્યાં પ્રાણી સહુ મતભેદથી,
ફરજ સહુને શીર્ષે આંહીં જુદી જ જુદી પડી;
મુજ જિગર આ ત્હારા! જેવું બરાબર હોય જો,
મુજ જિગરની આ સંસારે જરૂર કશી ન તો.

મત કંઈ મળ્યું બાઝી બાઝી ઉરો ક્ષણ બે રહ્યાં,
અરર! તહીં એ છૂપા કાંટા હતા મતભેદના;
નહિ સમજશું, ત્યારે ક્યાં તે જુદાઈ વસી હશે,
નહિ સમજશું હાવાં ક્યાં આ ઉરો મળતાં હશે.

સ્મૃતિ તણી અને આશાની ના અહીં પરવાનગી,
ક્ષિતિજ પછી તો કોઈની એ ન દૃષ્ટિ પડી કદી;
અટકી અટકી અન્ધારામાં ભમ્યાં, ભમવું હજુ,
રુદન કરવું થોડું, થોડું વળી હસવું હજુ.

પ્રિય પ્રિય! અરે લૂછું! ત્હારું જરા જલ નેત્રનું,
પ્રિય પ્રિય! અરે! મ્હારું હૈયું જરા હલકું કરું;
પ્રિય પ્રિય! તને વાતો ઊંડી જરા દિલની કહું,
મુજ જિગરથી જે થાશે તે પ્રયોગ કરી લઉં.

મુજ જિગરના ખાલી ખાલી પ્રયોગ બધા પડ્યા,
કુદરત તણા સાચા સાચા પ્રયોગ બધા થયા;
રુદન કરવું ત્હોયે શાને? નહીં રડવું ભલું;
હૃદયજલને ખારાઈમાં ન ભેળવવું ભલું.

મુજ જિગરની આશાઓથી ચણાય નહીં ગિરિ,
સમય કરશે તે આ મ્હારા બલે બનશે નહીં;
મુજ હૃદયની વાતો હું તો કહી ન શકું, પ્રિયે!
કદી સમજશે ત્યારે ક્હેવા જરૂરી નહીં રહે!

તુજ મત તણા ઊંડા પાયા ન માનીશ તું કદી,
મૂલરહિત છે આ તો ભોળું નકી તરુ માનવી;
કુદરત મહીં તમ્બુ તાણી સહુ વસતાં દીસે,
કુદરત કદી કોઈને એ ગૃહો ચણવા ન દે.

સમજણ નહીં, ક્યારે ત્હારું વહાણ ડૂબી જશે,
કઈ લહરીથી? ક્યારે? ક્યાં? એ પલાશ ફરી જશે;
સમજણ નહીં, નેત્રો, કેવાં તને મળશે હવે-
મુજ નયન ના જાણું, ક્યારે ફરી ફરશે હવે.

વરસ કરતું તે ના દ્હાડા કદી નિરખી શકે,
જીવિત વહતાં થાતું કાંઈ નવીન ક્ષણે ક્ષણે;
નઝર કરતાં ભૂતે દૃષ્ટિ કંઈ કંઈ ભાળતી,
પણ ન સમજું ક્યાંથી? શાથી? પડ્યા ઊપડી અહીં.

મુજ જિગર આ ત્હોયે શાને પુકાર કરી રહ્યું?
સમજણ નહીં, ત્હારામાં શું મને ઘસડી રહ્યું?

ચડતી ભરતી વ્યક્તિ માટે ન બન્ધ કદી ઘટે,
પણ પ્રણયમાં શું ના દેવું? ન શું કરવું ઘટે?

૧૦-૧-'૯૭

## ત્હારો બોલ

સૂતું નીલવરણું ઘાસ,
ઝાકળમોતિડાં ચોપાસ,
ગણતી બિન્દુડાં તું જાય,
ને મુજ મ્હોં ભણી મલકાય.
તે દિ' પ્રેમનો તે કોલ
દીધો તેં મને અણમોલ.
સુણતું પંખિડું તે એક,
તરુમાં પાસ બેઠું છેક;
ત્હારું સાંભળી એ હાસ્ય,
ચમકી તે ઊડ્યું આકાશ.
ને આ ઝરણ ચાલ્યું જાય,
તેમાં આપણી છે છાય;
તે તું જોઈ બોલી આમ :
"વ્હાલા! તું જ મ્હારો રામ!
મહારું તું જ વ્હાલું નામ!
"મ્હારો તું જ છે આરામ!
"છબી તુજ નીરમાં દેખાય,
"લ્હેરે લ્હેર લેતી જાય;
"મ્હારી બાથમાં ગૂંથાય,
"ત્યાં એ પ્રેમ ઊભો થાય!
"કિન્તુ મુજ ઉરે આલેખ
"ત્હારો છે વધુ સુરેખ!
"ત્યાં તું નેણ ઊંડાં નાખ!
"ત્યાં તું રૂપ ત્હારું ઝાંખ!
"પલટી યુગો છો બહુ જાય,
"ત્યાંથી તે ન પણ ભુંસાય!
"મ્હારો તું જ! મ્હારો તું જ!
"ત્હારી જન્મજન્મે હું જ!"
તે તો કાલની હજુ વાત,
ત્યાં તો તેં કરી મુજ ઘાત!
ઝખમો કેમ આ રૂઝાય?
જ્વાલા કેમ આ બૂઝાય?
પાણી ગયું તાણી બોલ!
કાલે કર્યો જૂઠો કોલ
તમરું લવી કાંઈ વાત
હાંસી કરે મ્હારી આજ!
આજે એકલી છે છાય,
જગમાં અન્ય ના દેખાય!
બીજે કર્યો બીજે વાસ!
ને મેં ત્યજી તેની આશ!
સૂકું થઈ ચૂક્યું ઘાસ!
મોતી નથી એકે પાસ!
આખું ફર્યું છે આકાશ!
રે! હું પડ્યો છું ઉદાસ!
ફરવાનું હતું આ સર્વ
તેનો શું ધરું હું ગર્વ!
તેં તો કરી કિન્તુ પ્હેલ!
આશાએ ચણ્યા જ્યાં મહેલ!
જૂઠું પુષ્પ! જૂઠી વાસ!
જૂઠો પ્રેમનો વિશ્વાસ!
સાચો એક આ નિઃશ્વાસ,
જે છે હજુ મ્હારી પાસ!

દિન તે સ્મરું છું દિનરાત,
મૂકું છું છૂપો નિઃશ્વાસ;
પંખી રખે કો' દુભાય,
માળો મૂકી ઊડી જાય !
ઊડી રખે જુદાં થાય,
પછી કો' એકલું રીબાય!

હુંથી દુઃખ તને દેવાય,
કિન્તુ પંખી ના દુભાય!
કૂણા પંખીના દિલમાં જ!
સાચા પ્રેમનો છે વાસ!
તેનો ફરે ના કો' બોલ,
મીઠો સદા તે કલ્લોલ!

૧૦-૧-'૯૭

## બ્હોળા રસ

દુઃખો કે આનન્દો, પ્રણય સખીનો કે કઠિનતા,
ઝરાઓનું વ્હેવું ઉદધિ તણું એ ગર્જન મહા;
શુકોનું સ્વચ્છન્દી ચપલ સુરિલું ગીત મધુરું,
લતા; વૃક્ષો, પુષ્પો, અનિલલહરી ને જગ બધું.

સહુ આ પૂરે છે મુજ જિગરમાં આસવ કંઈ,
મને ભાસે સૌમાં રસનવીનતા આસવ થકી;
અરે! ખાલી કિન્તુ નયન મુજ ઘેરાં થઈ રહ્યાં,
નશામાં મ્હાલન્તું વિફળ મુજ ડોલે જિગર આ.

અહો! મોતિડાં શાં મધુર કંઈ બિન્દુ છલકતાં,
અરેરે! એ દૈવી અમર રસ ઢોળાઈ વહતો;
'અતિ ન્હાનું પ્યાલું મુજ હૃદયનું ને રસ બહુ'
કહી હું રોનારો! અખૂટ રસ એ ક્યાં કુદરતી?

અહો! બ્હોળા મેઘો જલધિ પર જેવા વરસતા,
ઢળે તેવો આ એ મુજ રસ અરેરે! રણ મહીં;
ગમે છે કૈં એવું કુદરતઉરે એ છલકતું,
રુચે છે આ પ્યાલે અખૂટ મધુ રેડ્યાં જ કરવું.

અહો! તો હું કાં ના મુજ રસ દઉં અન્ય ઉરને?
ન કાં કો' સ્વીકારે? વળી દઈ શકું હું પણ ન કાં?
અરે! શું સ્વીકારે? પ્રતિ હૃદયમાં એ જ વહવું,
દીસે આંહીં કે ત્યાં કુદરતનું ઔદાર્ય સરખું.

કવિતા ગાઉં છું, ઘડીક રસની ત્યાં સફળતા,
બહુ હીરા કિન્તુ દિવસ સઘળા વ્યર્થ જ જતા;
કવિતા ગાતાં એ અમુક રસ તો એમ જ ઢળે,
કવિતામાં કો' દિ' કવિ ન રસ પૂરો ધરી શકે.

પ્રિયાને આલિંગું મુજ હૃદયને જે પ્રિય સદા,
સખાને ભેટું છું, મુજ જિગરની જે પ્રતિકૃતિ;
અહોહો! ત્યારે તો મુજ જિગર વિસ્તીર્ણ બનતું,
અરે! કિન્તુ ત્યારે રસની પણ હેલી વધી પડે.

અહો જેવો પ્રેરે મધુર રસ ત્યારે લપટવા,
ન હું તેવો કો' દિ' લપટી શકતો ગાઢ પ્રિયને;
ઉરોની વચ્ચેથી છલકી પડતો એ રસ, અને
અરે બાઝી રહેતાં દિલ ન કદી સન્તુષ્ઠ બનતાં.

અતિ તૃપ્તિ કો' દિ' નથી નથી થઈ કે નહિ થશે,
ઉરોના પ્યાલામાં રસ નહિ કદીએ સ્થિર રહે;
કવિતા ગાતાં કે પ્રિય હૃદયની ભેટ કરતાં
બહુ ટૂંકું ભાસે જીવિત ધ્રૂવનું એ ક્ષણ સમું.

ડરું છું હું કાંઈ, ઝરણ કદી એ બન્ધ પડશે,
દુકાળોને માટે અરર! નવ કાં સંગ્રહ કરું?
પ્રતિ બિન્દુ મ્હારાં નયન ઉર ઉન્મત્ત કરતું,
પછી આ સિન્ધુની મુજ દિલ અપેક્ષા નવ ધરે.

અરે! કિન્તુ ના ના અમર રસનો સંચય થતો,
ઝલાતું ના મોજું જલધિ ભરતીનું કદી અરે!
ઝલાતાં તો ધારે ગતિહીન બની એ નીરસતા,
અને દૈવી ફોરું કટુ કટુ થઈને વિષ થતું.

અરે! શાને રોવું? રસમય છતાં કેમ ડરવું?
શરાબોનું પીવું ચૂપ રહી ન પ્યાલું ક્યમ ભલા?
ન કાં શ્રદ્ધા રાખું કુદરત તણા એ રસ પરે?
વહન્તી વેળામાં સુખમય બની ના ક્યમ ડૂબું?

મળે છે ઔદાર્યે પછી ક્યમ બનું કંજૂસ ભલા?
અરે! શાને જૂઠી ફિકર કરવી કાલની ભલા?
શિલા કાળી, કાંટા, પરવત અને આ રણ બધું,
ભલે એ સિન્ધુના વિપુલ ગરકાવે છલકતું.

અહો! વ્હાલી! વ્હાલી! ભર મુદિત આવો લપટશું,
ભરી પી પી પ્યાલાં સુખી સુખી બની મૂર્છિત થશું;
ભરી મસ્તી લ્હેરી હૃદયશઢ છો ને વહી જતા,
ઝરા છો ને મીઠા અમર રસના એ છલકતા.

૧૪-૧-'૯૭

## સ્મૃતિ

દિન એક ગયો! પછી લાખ ગયા!
શિરમાં પળિયાં પણ આવી ચૂક્યાં!
ઉરનું જળવું ય શમી જ જશે!
પણ તે ચટકું ફરી ક્યાં મળશે?

દિનરાત સદાય જળ્યા કરવું!
સહતાં સહતાં પણ કેમ સહું?
સહશું! રડશું! જળશું! મરશું!
સહુ માલિકને રુચતું કરશું!

કંઈ બાકી રહ્યું? હરિ! યાચી લઉં!
ન સુકાવ ભલે જલ નેત્ર તણું!
પણ તે દિનને વિસરાવીશ ના!
સ્મૃતિ તે રહી તો દુઃખ લાખ ભલા!

૧૫-૧-'૯૭

## કુસુમ માટે પ્રાર્થના

કળી ક્હો કે કાંઈ, હૃદયરસ ક્હો કે સુખ કહો,
બગીચે આ મ્હારે ફૂલ બસ રહ્યું એક જ હવે;
અરે! વાયુ ભૂંડા! અડીશ નહિ મ્હારા કુસુમને,
તને શું છે? ભાઈ? મુજ જિગર છો ત્યાં વિરમતું.

અદેખો તું શાને! મુજ હૃદય ના ના બહુ સુખી,
અરે! લીધાં મ્હારાં કુસુમ સઘળાં તેં જ ઝડપી;
રહ્યું છે આ છેલ્લું! તુજ શરણ છે! મ્હેર કરવી!
નથી દાવો કાંઈ! પણ અરજ આ ઉર ધરવી!

પ્રભુનો તું છે તો પ્રભુવત દયાળુ કંઈ થજે,
ઉન્હા શ્વાસો ત્હારા મુજ કુસુમથી દૂર કરજે;
મ્હને આ ઝાળોમાં શરણ નહિ, ટેકો નહિ કશો,
ઠરે આંખો કાંઈ બસ નિરખતાં આ કુસુમડું.

કરી લે ચાહે તે મુજ સહુ જ ખોળે તુજ પડ્યું,
ન સત્તા મ્હારી કૈં બહુ બહુ કરું તો રડી રહું;
અરે! રોનારાને રુદન હજુ દેઈ કરીશ શું?
જવા દેને બાપુ! જખમી ઉરને દે જખમ શું?

હશે કાંટા પુષ્પે પણ મધુર એ કંટક મને,
અરે! કાંટા માટે કદી પણ હવે હું ન વિલપું;
નહીં ખેરું કાંટા, નહિ જ કદી ઈચ્છા પણ ધરું,
હજો કાંટા સાથે કુસુમ કુમળું એ મુજ સદા.

મ્હને એ કાંટાથી બહુ સમયથી મ્હોબત થઈ,
મ્હને એ કાંટાથી રુદન કરતાં લઝ્ઝત મળી;
અરે! ચોડ્યા હૈયે, જિગર ચીરતાં એ નવ ડર્યો,
હવે તો કાંટાથી મુજ હૃદયનું બન્ધન ઠર્યું.

ઉગારી લે તેને, મુજ જિગરને દે ઊગરવા,
નથી મીઠું ત્હોયે જીવિત વધુ ખારું કરીશ ના;
અરે! નક્કી આવ્યો મુજ કુસુમને શું લઈ જવા?
અરે! મ્હારાં નેત્રે રુધિર ખરડી અન્ધ કરવા?

ન તેની તૈયારી તુજ સહ હજુ કૂચ કરવા,
ઉખેડી તે દેવા મુજ ઉર ન તૈયાર અથવા;
જરા તો ઠેરી જા! અમુક સમયે જે તુજ સહુ,
અમારાં હૈયાંમાં અરર! હજુ કાંઈ રહી ગયું.

અમેં શીખી લેશું પ્રણય કરવાની નવીનતા,
પછી તો આનન્દે ઉખડી ઉખડીને તુજ થશું;
પડું છું હું આડે, મુજ ઉપર જ્વાલા તુજ પડો,
ફૂલો ચૂંટી લેવાં! અરર! તુજને એ નવ ઘટે.

પ્રભુ! ત્હારું સર્વે, મુજ નહિ કશું આ જગતમાં,
મને મ્હારે કિન્તુ કુસુમ મધુરું આ મુજ ગણ્યું;

દયાળું તું તો છે પણ ન નિરખું હું તુજ દયા,
અરે! તેથી યાચું મૃદુ કુસુમડા ઉપર કૃપા.

૧૬-૧-'૯૭

## એક ચિન્તા

શયનો ફૂલનાં કરમાઈ ગયાં!
અનિલો સુરભે સહુ લેઈ ગયા!
અહ! કંટકની જ બિછાત રહી!
બસ કંટકની સહુ વાત રહી!
અમી નિર્ગળતું ઝરણું અટક્યું!
વિષનો પરિવાહ વહ્યો જ પ્રભુ!
સઘળા પલટાય સહાઈ ગયા!
ભવ એક મહીં ભવ લાખ થયા!
મુજ નેત્ર તણું સહુ હીર બળ્યું!
મુજ વ્યર્થ ગયું સઘળું ગણવું!
પણ એ નયનો, મૃદુ એ નયનો,
હજુ શું રડતાં જ હશે નયનો?

૧૬-૧-'૯૭

## અસ્વસ્થ ગૃહિણી

શાન્ત છે, બન્ધ છે આંખો, કાંઈ દર્દ કમી દીસે;
તોય છે તપ્ત ને ઢીલાં કોમલાંગો હજુ જ્વરે.

ખુલ્લા રહ્યા છે મૃદુ ઓષ્ઠ ન્હાના,
નિદ્રા મહીં છે સુકુમાર બાલા;
ન અંગ એકે જરી એ હલાવે,
ઊઠે ન ઊઠે ફરી કોણ જાણે?

ધગેલા એ બિછાનાની પાસે કોઈ યુવાન છે;
'રખે તે જાગતી,' તેવી ભીતિ તે મુખ ઉપરે.

યુવાન શ્વાસે ડરતો લીએ છે,
ચિન્તા ઊંડી એ ઉરના ઉરે છે;
છે નેત્ર એ મ્હોં ઉપરે ઢળેલાં,
ક્ષણે ભીંજાતાં, ક્ષણમાં સુકાતાં.

"મધુર ફૂલડાં! આવી પીળાશ ધરીશ ના!
"તુજ ભ્રમરને એ હૈયેથી ન દૂર કરીશ, હા!
"તુજ નયન આ મીંચાયેલાં જરીક ઉઘાડજે!"
પ્રણયી ડરતો કાંઈ આવું મુખે નિરખી અરે!

નથી એ સાંભળ્યા શબ્દો, ત્હોયે આંખ ઉઘાડતી;
ટાંગેલું ચિત્ર કો' સામે, ત્યાં તે દૃષ્ટિ લગાડતી.

તહીં ચિત્રે કો' બે રમત કરતાં બાલક દીસે,
ગુલાબો શાં બન્ને મધુર વદનો એ સ્મિત કરે;
રમાડે તેઓને કમલવદની કોઈ લલના,
મૃદુ કૂંળી તાજી મુખ પર હસે યૌવનદશા.

ઝરા પાસે ઝુંડો તરુવર તણાં દૂર દીસતાં,
લતા ને ગુલ્મોની વિટપ પર પુષ્પો ઝૂકી રહ્યાં;
કૂણો સન્ધ્યાભાનુ સુરખી ભરતો સૌ સ્થલ પરે,
ડૂબન્તો ભાસે ત્યાં જલધિવીચિથી સિક્ત બનતો,

દેખતાં રંગ એ રાતા આકાશે ચિત્રમાં રૂડા
બને નેત્રો કંઈ ભીનાં, ઘેનમાં લવતી જરાઃ—

'અહહહા! હશે ચિત્રના સમું
"ગૃહની બ્હાર આ વિશ્વ કૈં રૂડું!
"નવ દીઠું કદી એમ ભાસતું!
"નિરખવું ન તે કોઈ દિ' હવે!

"મધુર પુષ્પ ઓ! વેલડી સખિ!
"પ્રણયથી તને હું ઉછેરતી!
"નવ કદી હવે સિંચવી તને!
"મધુર પુષ્પ ના ચૂંટવાં હવે!

"મધુર પુષ્પ ઓ! વેલડી સખિ!
"મુજ બિછાતની પાસ કૈં પડ્યાં!

" અરર! પ્રેમની ગ્રન્થિએ જડ્યાં!
" મુજ જ્વરે અરે! ક્ષીણ સૌ બન્યાં!

" પ્રણયી પુષ્પ ઓ! ખીલતાં રહો!
" મુજ પિયુ તણા હારમાં વસો!
" નવીન રંગ તું વિશ્વ ધારજે!
" ન તુજ લ્હાણ હું પામતી ભલે!"

"પ્રિય પ્રિય સખિ! આ શું? ન આમ ઘટે થવું?
"કરુણ હરિએ ત્હારે માટે હજુ સુખ છે ભર્યું!
"તુજ કર વતી ચૂંટાયેલાં ફૂલો કરમાય ના,
" મધુર ફૂલડાં તે આ કંઠે હજુ બહુ ધારવાં!"

નયન પર છવાતાં અશ્રુનું એક બિન્દુ,
અટકી ચૂપ થયો એ કંઠ રુંધાઈ જાતાં;
દરદ કંઈ કમી એ થાય છે સુન્દરીનું,
મૃદુ નયન ફરીથી શાન્ત મીચાઈ જાતાં.

નિદ્રા શી ગાઢ શાન્તિમાં ફરી એ ગૃહ ડૂબતું,
પડે ત્યાં પાંચ વાગ્યાની ટકોરી ઘડિયાળમાં.

ફરી નયન ઉઘાડી સુન્દરી ચિત્ર જોતી,
અરર! નયનમાંથી અશ્રુની ધાર વ્હેતી;
ટપટપ ટપકન્તાં બિન્દુડાં લૂછી નાખી,
કરુણ સ્વર વળી એ ધ્રૂજતો નિકળે છે:

" અરર! બાલુડાં! બાપલાં! અહો!
" જનની આ હવે સ્વર્ગમાં જતી!
" સમજશો નહીં શું થઈ ગયું!
" રમકડું કર્યું હાથથી ગયું!

" વિસરી શે જશો છાતી બાપડી
" ઉપર જે તમે કૂદતાં સદા?
" વિસરી ના શકે બાલ માતને!
" રમત તો હવે રોઈને કરો!

" તમ પિતા સદા વ્હાલ રાખશે!
" પણ ન માતની ખોટ ભાંગશે!

" નહિ નહીં મળે મા ગઈ ફરી!
" જગતમાં નકી મા બને નહીં!

" દિવસ બે સહુ લાડ પૂરશે!
" દિવસ બે દયા સર્વ રાખશે!
" પણ ન છાતીએ કોઈની તમે!
" રઝળતાં હવે એકલાં રહો!

" બહુ કરી શકી વ્હાલ હું નથી!
" કદી રડાવતી હું ઘણું હતી!
" તમ દિલો ક્ષમા આપશે મને!
" પણ ન માતને ચેન કૈં પડે!

" અરર! બાપલાં બાલુડાં! અરે!
" તમ પરે હવે ઢાલ ના રહી!
" રડતી દૂર જે બે ઘડી થતાં!
" અરર! તે હવે દૂર સર્વદા!

" ત્યજી દઉં નકી સ્વર્ગ, બાપલાં!
" ઘડીક તેથી જો હર્ષમાં રહો!
" સહુ હવે સદા બોલશે રડી,
" 'જનની છે જરા ગામ કો' ગઈ!'

" અરર! એ તમે કેમ માનશો?
" રડી રડી મુખો ના સુકાવજો!
" નવ જવું ગમે ગામ એ મને!
" પણ ન ઠેલી એ સાદ કો' શકે!

" અરર! ના શકું શાન્તિમાં મરી!
" હૃદય ઝીલતું ભાર આ નથી!
" પ્રભુ તણી કૃપા પામજો સદા!
" સહુ અનાથનો એ જ નાથ છે!

" જરીક મ્હોં હવે જોઈ તો લઉં!
" ક્યમ ભલા નથી આવતાં અહીં?
" કદી ન ખેલમાં ખોટી હું કરું
" તમ કને નહીં કોઈ દિ' રડું!

"પણ મને તમે દેખતાં જ કાં
" મૃદુ મુખો જરા ગાભરાં કરો?
" દિવસ બે હવે હર્ષથી રમો!
" પછી સહાયમાં માતની દુવા!"

ઠંડીએ કમ્પમાં ગાત્રો શબ્દો બંધ થયા, અને
પિયુ એ લૂછતો અશ્રુ દૃઢ છાતી કરી કહે :
" અરે! વ્હાલી! વ્હાલી! રુદન તુજ ભેદે હૃદય આ,
" ન કૈં રોવા જેવું, પણ ન મુજ હૈયું સ્થિર રહે;

"પ્રભુની સામે જો, તુજ જિગરને શાન્ત કરજે,
" ત્યજે શાને આશા? પ્રભુ તણી અહીં જે પ્રતિકૃતિ."
દૂબળો હસ્ત એ ઊંચો થઈને પિયુને ગ્રહે,
છાતીથી ચાંપતી છાતી સુન્દરી ડુસકાં ભરે.

ફરી નયન ઉઘાડી સુન્દરી ચિત્ર જોતી,
અરર! નયનમાંથી અશ્રુની ધાર વ્હેતી;
ટપટપ ટપકન્તાં બિન્દુડાં લૂછી નાખી,
કરુણ સ્વર વળી એ ધ્રૂજતો નિકળે છેઃ-

" વ્હાલા! વ્હાલા! તુજ હૃદયને ચીરનારી થઈ હું!
" તે બાલાના મૃદુ હૃદયને રેંસનારી થઈ છું!
"બચ્ચાં તો તે પ્રભુ અનુગ્રહે ઊછરી કાલ જાશે!
" કિન્તુ ઘા આ મુજ જિગરથી કેમ ભૂલી જવાશે?

"એ તો મ્હારી સરલહૃદયા, મેં જ તેને ઉછેરી!
" મીઠી ત્હારી હૃદયઝરણી નાચતી ત્યાં જ ચાલી!
" વ્હાલા! મ્હારું જીવિત લઘુ આ મોહ તેમાં જ પામી
" છૂરી તીખી પ્રણયી દિલડાં ઉપરે કાં ઉગામી?

" જુદાં કીધાં! કદી ન મળશો! ઝિન્દગી રોઈ રહેશો!
" રે રે! કોની હૃદય બળતાં વિશ્વમાં સહાય લેશો?
" ભોળા વ્હાલા! મુજ જિગરનું સોબતી કો' રહ્યું ના!
" ને હું તો આ જખમ દઈને જાઉં છું દૂર વ્હાલા!

" વ્હાલા! છેલ્લે મુજ કઠિનતા માફી પસ્તાઈ માગે.
"માફી દેશે પણ વિસરશે નાથ! તું કેમ ઘા તે?

" કેવી રીતે મુજ બળતરા શાન્તિ પામે, અરેરે!
" કેવી રીતે તુજ હૃદયનો દાહ હોલાય, રે રે!

"પાપી મ્હારું હૃદય ગણતું નાથ! પાપી તને તો!
" રે રે! જોયું તુજ જિગરના પ્રેમમાં પાપ મેં તો!
"તું તો તારે ગગનપડદે સર્વદા ખેલનારો!
" વ્હાલા! હું તો જગત પરના સ્વાર્થનો છેક કીડો!

" ત્હોયે ઢોળ્યો, તુજ રસ સદા સ્નેહથી હું પરે રે!
" ધિક્કાર્યો મેં, નવ કદી ગણ્યું થાય છે શું તને તે!
" 'અર્પું છું' એ કદી ય સમજી અર્પનારું શકે ના,
" ને ઔદાર્યે મુજ હૃદયને સાચવ્યું તે જ વ્હાલા!

"પ્રેમી બાલા! કરવત બની પ્રેમ હું કાપનારી!
" યાચું શિક્ષા કુદરત કને ક્રૂરની ક્રૂરતાની!
" રે રે! વ્હાલા! તમ હૃદય તો મૃત્યુમાં મ્હાલનારાં!
" ને એ મૃત્યુ મરતી સખીનો હસ્તથી પામનારાં!"

ઠંડીએ કમ્પતાં ગાત્રો, શબ્દો બન્ધ થયા, અને
પિયુ એ લૂછતાં અશ્રુ પમ્પાળી પ્રિયને કહે:

" વ્હાલી! પ્રાણ! અરે! અરે! હૃદય આ ત્હારું જ ત્હારું સદા,
" તું દેવી, તુજ પ્રેમના ઝરણમાં છે જીવનો જીવ આ!
" તે એ છે તુજ આ મહાન દિલના સિન્ધુ તણી માછલી!
" વાતો કિન્તુ વીતેલ સ્વપ્ન તણી ના હાવાં ઘટે બોલવી!

" શું હું માફ કરું? અરે! પ્રિય સખિ! શું માફ હું ના કરું?
" આપે ઈશ મને અહો! હૃદય આ ત્હારું સદા પૂજવું!
" ઓહોહો! મતભેદની તૂટી પડી આજે દીવાલો દીસે!
" તો વ્હાલી! સુખથી ગયા સમયની વાતો કરીશું હવે!"

નયન પર છવાતાં અશ્રુનું એક બિન્દુ
અટકી ચૂપ થયો એ કંઠ રુંધાઈ જાતાં;
દરદ કંઈ કમી એ થાય છે સુન્દરીનું,
મૃદુ નયન ફરીથી શાન્ત મીંચાઈ જાતાં.

નિદ્રા શી ગાઢ શાન્તિમાં ફરીથી ગૃહ એ પડે;
કાચના દ્વારમાંથી ત્યાં સન્ધ્યાનાં કિરણો ઢળે.

૨૧-૧-'૯૭

# સ્વપનને સાદ

સ્વપનું! સ્વપનું! તું મીઠું!
બહુ દિનથી ના દીઠું! – સ્વપનું કેવું તું મીઠું?
તું વિણ આશા ને સ્મૃતિ ઉજડ મહેલ સમાન!
તે ત્યાં તું ને તે વિના આ સંસાર સ્મશાન!
સ્વપનું સંસારે મીઠું!
તું તરુણોની સુન્દરી–તું બચ્ચાંના ખેલ!
જેવો જેનો તોર ત્યાં તેવું તું જ મળેલ!
સ્વપનું સૌને તું મીઠું!
તું સ્વપનું નહિ રાતનું! તું સ્વપનું નહિ સ્વપ્ન!
તું સ્વપનું મુજ જિન્દગી! આંખલડીનું રત્ન!
સ્વપનું મ્હારું તું મીઠું!
આજ નિશાએ આવજે! હું સ્વપનું! તું સ્વપ્ન!
તે મ્હોં તું બતલાવજે! તું સાચું! હું સ્વપ્ન!
સ્વપનું વ્હાલીનું મીઠું!
મ્હારું ધાર્યું ના બને! ત્હારું ધાર્યું થાય!
તું મ્હારા ઉરનું સુધા! હાજર કાં ન સદાય?
સ્વપનું મીઠું તું મીઠું!
આ દરિયો ખારો ભર્યો! હું છું તેનો ક્ષાર!
તું અમૃતઝરણું ભળ્યે ક્ષારે ફૂલનો હાર!
સ્વપનું દૈવી તું મીઠું!
જે ખોયું મેં દૂર છે! એનું એ તુજ પાસ!
તેં ત્હારું મ્હારું કર્યું! ઝુંટ હવે કે રાખ!
સ્વપનું વ્હાલું તું મીઠું!
તું આ રક્ત તણું ટીપું! આ ઉર ત્હારું તખ્ત!
હું ના પૂજું કોઈને! હું તો ત્હારો ભક્ત!
સ્વપનું સાચું તું મીઠું!
આ ઉરના ઊર્મિ પરે ત્હારી કરું બિછાત!
આંસુડે પગ ધોઉં હું, ત્હોયે કેમ રીસાય?
સ્વપનું મોંઘું તું મીઠું!

તું સ્વપનું રીસાય તો હું સ્વપનું છું ખાક!
સ્વપનું સ્વપ્ન વતી રહ્યું! સ્વપનું જગનો રાહ!
સ્વપનું એ મ્હોંનું મીઠું!
દોરી જા મુજને તહીં! તે ઉર જળતું ઠાર!
તેને લાવ સદા અહીં! આવ આવ તું આવ!
સ્વપનું માયાળું મીઠું!
આંખલડી ભીની કરી આંખલડી લૂછાવ!
હૈયેહૈયાં ધ્રૂજતાં એનાં એ જ દબાવ!
સ્વપનું તું તું તું મીઠું!
સ્વપનું પ્રેમીનું મીઠું!

૨૨-૧-'૯૭

## ઈશ્કબીમારી

કહ્યું'તું બુલબુલે મ્હારે, "બીમારી ઈશ્ક આલમને!"
કહ્યું મેં, "ઈશ્ક આલમને શરાબોની ખુમારી છે!"

રડીને બોલતું બુલબુલ, "શરાબોની ખુવારી લે!
"શરાબોની ખુમારી એ બીમારીની બીમારી છે!"

હસીને બોલતો'તો હું, "હમોને એ ખુવારી હો!
"ત્હમારી સાવચેતીથી તમોને ન્યામતો એ હો!

"અરેરે! ઈશ્કના બુલબુલ! રડે છે ઈશ્કને તું કાં?"
"શરાબો લાખ પી પી પી શરાબોને રડે છે કાં?"

"શરાબોને રડે છે કાં? અરે અફસોસ!" એ બોલ્યું,
"શરાબોને પીનારું કો' શરાબોને નથી રોયું?

"શરાબોની મજા તીખી કરી લે ઈશ્કમાં, લાલા!
"પછી ચકચૂર તું કેવો રડે તે જોઈશું, વ્હાલા!"

કહ્યું મેં, "બુલબુલોને તો પડી છે ટેવ રોવાની!
"હમારી ટેવ તો જૂની મજેદારી ઉડાવાની!

"શરાબોના સીસા ઢોળી શરાબોમાં સદા ન્હાશું!
"સનમના હાથમાં જામો લબોથી ચૂમતા જાશું!

"મજા આ ઝિન્દગાનીની સનમ, સાકી અને પ્યાલું!
"શરાબો દૂર થાતાં તો રહે છે ઝિન્દગીમાં શું?"

શરાબોનું ભર્યું પ્યાલું! ભરી પીધું! ફરી પીધું!
કરી આ આંખ રાતી ને જિગરને તો કર્યું વહેતું!

સનમના ગાલની લાલી હતું ટીપું શરાબોનું!
હમારા ઓઠનું પ્યાલું સદા એ ચૂમતું ચાલ્યું!

'ભરી પા ને' 'ભરી પી લે', હતી એ ગુફ્તગો રેલી!
સુરખ આકાશ ને તારા બધે લાલી હતી ફેલી!

ગુલો કાંટા વિનાનાં ને સનમની હાંફતી છાતી,
હમારી બાદશાહીમાં હમારી એ હતી ગાદી!

મગર બુલબુલ! અયે બુલબુલ! હવે તુજ ગીત પ્યારું એ!
ફરીથી બોલ તું, બુલબુલ! "બીમારી ઇશ્ક આલમને!"

હમારું જામ ફૂટ્યું છે! હમારું તખ્ત તૂટ્યું છે!
મગર શું હું ય બોલું, કે "બીમારી ઇશ્ક આલમને?"

વધારી ગીતમાં ત્હારા હમારો બોલ આ લેનેઃ
પુકારો, "ઇશ્ક આલમનો ખુદાઈ કો બીમારી છે!"

૨૪-૧-'૯૭

## આશા

આશા પાછળે આશામાં ફર્યો!
આશા દૂરની દૂરે રહી!

એ તો દૂરની દૂરે ભમે,
મ્હારી પાંખ પ્હોળી ના બને,

કાને મૃત્યુના પડઘા પડે,
આશા મૃત્યુમાં ય છૂપી રહી.

આશામાં જિગર ઝૂકી રહ્યું,
કદી આંખને ચાળે ચડ્યું;

કદી ઝૂલ્ફની ગૂંચે પડ્યું,
ક્યાં યે આંખ ના ટાઢી થઈ!

આશા બોલતી, "મૃત્યુ નથી",
મૃત્યુ કહે, "આશા જૂઠી";
શું જૂઠું? ન શું જૂઠું અહીં?
આ અંધારામાં દીવો કહીં?

છે ખાક આલમ મોતની,
તે ભૂકી મહીં આશા ભરી;
લાગી લ્હાય ભસ્મ મહીં ફરી,
ધૂણી આગ વિણ ધીખી રહી!

આશાને નિરાશા ના રુચે,
આશા તૃપ્તિથી ડરતી દીસે;
પણ તૃપ્તિનું તો નામ છે,
આશા વિશ્વની રાણી ખરી!

ધામી વર્ષ આખું જાય છે,
કદી ગર્જના સુણાય છે;
રૂડા રંગ દૂર ભળાય છે,
લૂખી એ જ આશા-વાદળી!

ગઈ રાત્રિ તો રવિ ઊગશે,
એ માનતો મ્હારા મને;
પણ આ અમારા કિસ્મતે,
રાત્રિ પછી રાત્રિ મળી!

આશાને ભરુંસે જે ભમે,
તેને રંગ આ ખાકી મળે,
તેને ભેખની ઝોળી ભળે,
તે યે કોઈ દિ' પૂરી નહીં

ઝોળી હાથમાં આવી હવે,
અધૂરી મળી-અધૂરી રહે;
તેને વિશ્વમાં કો' ના ભરે,
માગી ભીખ તે ખાલી ગઈ

ચાલે છે જમાતો કાફલા,
ઊડે છે બાદશાહી વાવટા

અંતે એક જામો ધારતા,
પછી રંગ એ ઊપટે નહીં!

તરુણો લટે લપટાઈને,
કવિ ગીત મીઠાં ગાઈને,
કોઈ ડહાપણે ભોળાઈને,
ઝૂક્યાં એ જ ઝોળીની મહીં

ઝોળીમાં પડ્યાં તે ના ઊઠે!
તેની આંખ ભીની ના સૂકે!
મ્હારું જે બન્યું તે તેનું બને,
ઓહો! દર્દ કોણ કળે અહીં?

ઝોળીમાં નિરાશા ભાસતી,
કિન્તુ ત્યાં ય ચણગી આશની;
છેલ્લી હેડકી ય આશા ભરી,
આશા સર્વની ન તે કોઈની!

કોઈ લાખ જન્મો ઈચ્છતા,
એ તો એમ આવ્યા સેવતા;
કોઈ એમ આવ્યા પાશમાં,
પડી પાશમાં છૂટે નહીં!

કોઈ આ જાળમાંથી નીકળી,
થયું હર્ષનું છે સોબતી,
એવી વાત કાંઈ સાંભળી,
કિન્તુ કોઈને દીઠું નહીં!

૨૬-૧-'૯૭

## પ્રિયા કવિતાને છેલ્લું આલિંગન

ત્હારા બહુ ઉપકાર! રસીલી! ત્હારા બહુ ઉપકાર!
તું ઉરનો ધબકાર! રસીલી! તું અશ્રુની ધાર!
આ દિલડાંનું ઝેર હળાહળ
તું વિણ કો' ગળનાર?

બહુ દુખિયો પણ દુઃખ શું રોશે!
રોતાં ન મળે પાર!
રોતો ત્યારે ત્હારે ખોળે
શીર્ષ હતું, દિલદાર!
સહુ ત્યજી ચાલ્યા! તું સુખણી થા!
જીવીશ વિણ આધાર!
વીત્યાં સ્વપ્ન હજાર!
મ્હારાં આંસુ ત્હારાં ગીતો!
પણ ક્યાં હવે સુણનાર?
કોણ દબાવી જિગર નિચોવે?
મ્હારો હું જ પુકાર!
આ દિલ સખ્ત થયું! તું કોમલ!
ત્હારો ના અહીં કાર!
કેમ હસાયે? કેમ રડાયે?
દિલનો તૂટ્યો તાર!
તૂટ્યું વીણા કેમ બજાવું?
એ બસુરો ઝણકાર!
આંખ ગઈ છે! ક્યાં છે આંસુ?
શું ગાશે સુનકાર?
વિશ્વે છે ના શું એનું એ?
છે ક્યાં એ રસધાર?
હવે તો
ક્યાં છે એ મળનાર?
તું રસહેલી! હું રસહીણો!
ભેટું છેલ્લી વાર!
પણ હજુ
લેજે કદી કદી સાર!
હું ડૂબનારો! તું તરનારી!
તરતાને તું તાર!
અરેરે!
ડૂબતાનો તજ પ્યાર!

૨૯-૧-'૯૭

## પ્રવૃત્ત થવા કહેતા મિત્રને

પ્રિય એ મુખ દૂર ગયું જ! સખે!
ક્યમ અર્જુન તીર ઉપાડી શકે?
કર જે ધરતી ધણણાવી રહ્યો!
બસ કાયરથી જ લૂંટાઈ જતો!

મુજ કાજ તને કંઈ દર્દ! સખે!
દુ:ખી હું સઘળું દુ:ખ જોઈશ તે!
દુ:ખ જોઈશ હું! કદી રોઈશ હું!
કદી એ ઝરતું જલ લ્હોઈશ હું!

પણ ચેતનહીન કરે કર શું?
સહુ ચેતન એ મુખ સાથ! સખે!
શબ ના ઊઠશે! કહીં એ ન સુધા!
ગત ચેતનની ગઈ દૂર દવા!

ઉરના દિલના દિલદાર સખે!
સુણી આ તુજ એ નયનો પિગળે!
પણ એ જ રહ્યું! હરિએ નિરમ્યું!
સહજે જ્યમ દર્દ સહાય! સખે!

૩૧-૧-'૯૭

## પ્રેમ અને ધિક્કાર

તને ચાહી દાઝી રુધિર સઘળું તો ગત થયું,
હવે પાણી પાણી થઈ જઈ વહે હાડ સઘળાં,
નહીં તેનું કાંઈ તુજ જિગરને સ્વપ્ન સરખું,
મ્હને તો મીઠી શી નહિ કદી ય દૃષ્ટિ પણ મળી.

સહેતાં રહેતાં એ ક્યમ સહી શકું એ કઠિનતા?
અરે! આવું આવું જીવિતભર શું કોઈ સહશે?
પશુ યે કો' આવું કદી સહી શકે આચરણ ના!
દયા મ્હારે માટે મુજ જિગરમાં આજ ઊપજે!

ખુવારી વ્હોરી મ્હેં, મુજ હૃદય એ આજ સમજે!
ખુવારી વ્હોરી તે કદી નહિ ફરી વ્હોરીશ હવે!
નથી મોડી કાંઈ સમજણ પડી એ જખમની,
નહીં મોડી પામું મુજ જખમની ઔષધિ વળી.

હવે જોયા ત્હારા સરપ રમનારા નયનમાં,
હવે ચેત્યો ઝેરી તુજ જિગરના ખંજર થકી;
હવે ભોળો પ્રેમી તુજ વદનથી દૂર વસશે,
અને તેને ક્યાં યે જગત પર મીઠાશ મળશે.

અરે! ત્હારે માટે પ્રણયી મમ પામ્યાં પ્રણય ના,
કદી ના લૂછાયાં મુજ કરથી એ આર્દ્ર નયનો;
રહ્યાં મ્હારે માટે હૃદય કુમળાં એ સળગતાં
અને ત્હારે માટે મમ હૃદય તો વ્યર્થ જળતું.

હવે તો ના ઈચ્છું તુજ હૃદય માટે સળગવા,
હવે ધિક્કારું એ તુજ હૃદયને હું ક્યમ નહીં?
કૃતઘ્નીને ચ્હાતાં મુજ હૃદય ના અન્ધ બનશે,
અને એ ભૂલોની મમ હૃદય શિક્ષા ય સહશે.

"હવે ધિક્કારું," એ ઘટિત નહિ બોલો પ્રણયીને,
અરે! એ બોલો તો જરૂર ઈનસાફી પણ દીસે;
તને ચ્હાવામાં એ હૃદયઝરણું છૂટ જ હતું,
હવે ધિક્કારું ત્યાં ક્યમ હૃદયને બન્ધ કરવું?

પ્રભુ પાસે માગું મુજ હૃદયને ન્યાય મળવા,
કૃતઘ્નીને શિક્ષા દઈ શિખવવા ક્રૂર ન થવા;
નહીં ત્યાં તું ફાવે-કુદરત ન અન્યાય કરશે?
તહીં મૂંગે મ્હોંએ જગત સઘળું દંડ ભરશે.

હવે હું ઢંઢેરો નગર નગરે ફેરવીશ, કે
"કૃતઘ્ની હૈયાના જખમ નિરખો આ મુજ ઉરે;
"અરે સૌન્દર્યોનાં હૃદય નવ સૌન્દર્ય ધરતાં,
"અને સૌન્દર્યોને શરણ પડનારાં દુઃખી થતાં."

અરે! મ્હારું ક્હેવું જગત સુણનારું પણ નહીં,
સદા ઘેલું ઘેલું જગ નિરખી સૌન્દર્ય બનશે;

અરે! કોણે ઝીલ્યો હૃદયધબકારો હજુ સુધી
વહે છે તે જ્યારે ઝળહળિત સૌન્દર્ય પરથી?

લવું છું હું યે આ મુજ નયન નીચાં દબવીને,
અહા! ખેંચે કિન્તુ હૃદય મમ નેત્રો ફરી તહીં;
અને ત્યાં જોતાં તો નરમ બનતો કે ગળી જતો,
અરે! ત્યાં જોતાં તો હૃદય સઘળું અર્પી જ જતો.

સ્મૃતિમાં એ જાગે તુજ વદન ને હું મુજ નહીં,
પછી મ્હારો મ્હારા ઉર પર કશો યે હક નહીં;
કહે, શું છે જાદુ? કહીંથી તુજને એ જડી ગયું?
પ્રયોગોને માટે મુજ હૃદય ક્યાંથી મળી ગયું?

અરે! જોતાં તુંને જિગર ફરિયાદે નવ કરે,
સહ્યું ને સૌ સ્હેવા ફરી જિગર તો તત્પર બને;
"સહ્યું", એ ક્હેતાં ફરી જિગર શરમિન્દું થઈ જતું,
દીસે ઘા મ્હોટા એ કુસુમકળીવર્ષાદ સરખા.

ચીરાવું, રેંસાવું, તરફડી રીબાઈ સળગવું,
શૂળીના કાંટાની અણી પર પરોવાઈ મરવું;
દીસે લ્હાણાં એ તો અગર રસનાં પાત્ર મધુરાં,
ચહું એ ચ્હેરાની સુખથી કુરબાની થઈ જવા.

પછી ધિક્કારું શે મધુર મુજ એ લ્હાણ ઉરની?
બહુ તો યાચું કૈં તુજ પદ મહીં શીર્ષ ઝૂકવી;
જહાંગીરી આવી ક્યમ કદી ગુલામી ગણીશ હું?
"હવે ધિક્કારું", એ ક્યમ કદી ય બોલો કહી શકું?

નહીં સત્તા ત્હારી પ્રણય મમ આવો ડગવવા,
"હવે ધિક્કારું", એ મુજ ઉરથી શબ્દો કઢવવા;
કરી લે ચાહે તે પણ નહિ કરું જે નવ કહ્યું,
કરી લે ચાહે તે પણ નવ જે નવ બન્યું.

વહન્તો પ્રેમપૂરે તે ધિક્કારે અટકે નહીં;
પ્રેમના શત્રુનો પ્રેમી ના ના આશ્રય લે કદી.

૪-૨-'૯૭

# હમારી ગુનેહગારી

અરે! તે બાગમાં તું પર નઝર મેં ફક્ત કીધી'તી,
જિગરમાં આહ દીધી મ્હેં, ગુનેહગારી હમારી એ!

કરે સૌ તે હમે કીધું, ન જોયેલું હમે જોયું!
મગર એ આહને માટે ગુનેહગારી હમારી છે!

હતી ત્યાં ગુલછડી, દિલબર! હતી તેની કળી ખીલી;
ઝૂકી ચૂંટી કહ્યું, "લેજે," ગુનેહગારી હમારી એ!

કળી દેતાં જિગર દીધું! ગમીનું જામ પી લીધું!
તૂટી દિલની લગામો એ, ગુનેહગારી હમારી એ!

"ખુદાની બંદગીમાં કર મને શામિલ તું દિલબર!"
કહ્યું મેં તે ન સુણ્યું તેં! ગુનેહગારી હમારી એ!

લવ્યો બે ઇશ્કના બોલો! અધૂરું કાંઈ તું બોલી!
ગણ્યો મેં ઇશ્ક એ બોલે, ગુનેહગારી હમારી એ!

"અયે દિલદાર! તું દિલમાં ગુલોને રાખનારી છે!"
હમે એ સૌ કહ્યું જૂઠું! ગુનેહગારી હમારી એ!

ખુદા જાણે ગઈ તું ક્યાં! ખુદા જાણે ભમ્યો હું ક્યાં!
જૂઠી આશા ધરી હૈયે, ગુનેહગારી હમારી એ!

કરી પેદા તમે આશા હમે તેની બન્યા કયામત!
અરે! એ ખૂનને માટે ગુનેહગારી હમારી છે!

ગુન્હા લાખો મહીં છું હું! મગર તુંને કર્યું છે શું?
હવે એ પૂછવું તે યે ગુનેહગારી હમારી છે!

સજા હું ભોગવું છું હા! સબબ વિણ રોઉં છું કો' દિ'!
સજા એ વેઠવામાં યે ગુનેહગારી હમારી છે!

ગુન્હામાં જે ગુનેહગારી સજામાં તે ગુનેહગારી!
સજાથી છૂટશે ક્યારે ગુનેહગારી હમારી એ!

હવે આ ગીત ગાઉં છું! હવાને હું સુણાવું છું!
દીવાનાની દીવાનાઈ ગુનેહગારી હમારી છે!

દીવાનો તો કર્યો છે તેં! કર્યો આ ગીત ગાતો તેં!
ગુનેહગારી ત્હમારી એ ગુનેહગારી હમારી છે!

•

ખુદા પાસે કહું છું કે "ગુન્હા ત્હારા હમારા હો!"
ગુનેહગારી સનમની એ ગુનેહગારી હમારી છે!

હમારું સૌ ત્હમારું છે! ત્હમારું સૌ ત્હમારું હો!
મગર ત્હારી ગુનેહગારી ગુનેહગારી હમારી હો!

૭-૨-'૯૭

## ક્યમ પ્રેમ ગયો?

ક્યમ પ્રેમ ગયો? ક્યમ પ્રેમ ગયો?
ક્યમ પ્રેમ ગયો પ્રિયનો સઘળો?

વદને ન કશો ય વિકાર થયો!
હસતાં ત્યમ તે હસતાં નયનો!
મળતાં ન કશો ય વિરાગ જડ્યો!
હૃદયે ધબકાર ન મન્દ પડ્યો!

મુજને મળવા પગલું ઊપડ્યું,
નવ ત્યાં ય નવીન કશું ય દીઠું!
મમ છાતી મહીં દિલ એ ધડક્યું!
સહુ જેમ હતું બસ તેમ હતું!

ઉરમાં મુજ સંશય કૈં કરવા
અહ! કાલ કશો ય મને ન મળ્યો!
ગઈ કાલ હતો! નથી આજ હવે!
પ્રિયનો બસ એમ જ પ્રેમ બન્યો!

અહ! દારુણ આ અવધિ વચમાં
પડતા પ્રણયે ન વિરામ લીધો!
સુખ મંગળનું ઝરણું વરસી
ગઈ આ દિલ કેમ જ કાંઈ ચીરી!

ક્યમ પ્રેમ ગયો? સમજ્યો ન "ગયો!"
ત્યમ પ્રેમ ગયો! ત્યમ પ્રેમ ગયો!

૮-૨-'૯૭

## એક પ્રશ્ન

કહ્યું છે મેં વ્હાલી! બહુ વખત આ એક જ ત્હને,
"ત્હને ચાહે તેથી અધિક મુજ ત્યાં આ દિલ હશે;"
કહેશે તું "રે રે! પ્રણય પલટે તે પ્રણય ના,"
અરે! કિન્તુ શાને પ્રણય પલટે તે પ્રણય ના?

ન શું તેં જોયેલી શશી પછી રવિની ઝળક તે?
ન શું ગ્રીષ્માન્તે એ અનિલલહરી શીતલ બને?
ન શું તું જાણે કે કુદરત બધી યે પલટતી?
પછી આ હૈયાને કદી પલટવા કાં હક નહીં?

મળાયું ત્યાં સુધી તુજ જિગર સાથે મળી રહ્યો,
સદા ચ્હાવાનું તો વચન નવ કોઈ દઈ શક્યો;
હવે ત્હારા ઝોંટા મુજ હૃદય ના ના સહી શકે,
હવે અન્તે એથી અરર! મુજ ધિક્કાર મલશે.

"ન ચાહે તે તુંને" કહીશ નહિ એવું કદી મ્હને,
અરે! ભોલી વ્હાલી! પ્રણય નકી જાણે પ્રણયને;
ભલા-કેવી પ્રીતિ તુજ હૃદયની છે મુજ પરે?
દયા ત્હારી શું છે મુજ જિગરના આ દુઃખ પરે?

લઉં છું હું નિદ્રા સ્મરણ કરતાં એ વદનનું
અને સ્વપ્ને જોઉં સ્મિતભર સદા એ જ મુખડું;
પ્રભાતે ચુમ્બીને "પ્રિયતમ ઊઠો!" એમ વદતાં;
થયેલું કૈં કો' દિ' તુજ હૃદયને છે દુઃખ ભલા?

૯-૨-'૯૭

## પાણીનું પ્યાલું

વ્હાલી! પાણીનું પ્યાલું!
ભરી તું દેજે છેલ્લું, વ્હાલી! પાણીનું પ્યાલું!
કોણ નશો કરશે હવે? શું મસ્તીથી થાય?
તું મસ્તી મુજ દૂર તો શું છે મસ્ત ઉપાય?
પાજે પાણીનું પ્યાલું!

પાણી પા મુજને, પ્રિયે! પછી સુખે જા દૂર!
પાણીના જ નશા મહીં રહું સદા ચકચૂર!
એક જ પાણીનું પ્યાલું!
પાણી જે તું પાય તે નશાદાર દિન લાખ!
એ જ ધૂનમાં ગાઈશું ગીત લાખ દસ લાખ!
દે દે પાણીનું પ્યાલું!
તોડી દે સુખથી સીસો ને મદિરાનું જામ!
તોડું છું ઉર આજ હું! ત્હને હજો આરામ!
ત્હોયે પાણીનું પ્યાલું!
મળ્યાં હોત ના આપણે, થઈ હોત ના પ્રીત,
પડ્યાં હોત જુદાં ન તો દિલે હોત ના ચીર!
પણ આ પાણીનું પ્યાલું!
કોણે પાયું હત પ્યાલું? આવું પાણીનું પ્યાલું?
મીઠું આજે આ પ્યાલું?

૧૦-૨-'૯૭

## હવે આરામ આ આવ્યો!

કહીં છે એ જિગર મ્હારું? કહીં છે આંસુની ધારા?
કહીં આનન્દ છે મ્હારો? સહુ મિજમાન એ પ્યારાં!
સહુ મે'માન બે દિ'નાં! હવે ઘર આખરે સૂનું!
ઉપાડું ભાર હું મ્હારો! મદદ કોની કહીં માગું?
દયાના શબ્દનો કાને પડે ભણકાર ના કો' દિ'!
સદાની પાયમાલીના ભર્યા ભણકાર છે આંહીં!
અહાહા ઈશ્ક! તુંમાં-હા! બહુ આનન્દ રેલ્યો'તો!
હતો હું ચાહતો ત્યારે ભરી દિલ ખૂબ મહાલ્યો'તો!
અરેરે ઈશ્ક! તુંમાં-રે! ભર્યાં પ્યાલાં ગમીનાં એ!
હવે તે જાતથી મ્હારી કરું સાબિત છું આજે!
મગર છાલાં પડેલું આ જિગર જ્યાં ખૂન ચાલે છે,
"હવે આરામ આ આવ્યો!" કહે ધબકારમાં આજે!

૧૦-૨-'૯૭

# જન્મદિવસ

ત્રેવીસ વર્ષ મહીં સ્વપ્ન અનેક વીત્યાં,
વીતી અનેક દુઃખનીય પરમ્પરા ત્યાં;
શું તેટલો જ ઇતિહાસ હશે અમારો?
શું લ્હાણ કાળની મળી બસ એટલી જ?

યોગો બધા મુજ બહુ પણ જીર્ણ ભાસે
ને આ હવે હૃદય વૃદ્ધ થતું દીસે છે;
બે ચાર જન્મદિવસો વહી કાલ જાશે,
ને મૃત્યુની જલદ પાંખ સમીપ થાશે.

મ્હેં પ્રેમમાં તઢડફતાં મમ શાન્તિ ખોઈ,
આનન્દની મધુર પાંખ ન ક્યાં ય જોઈ;
હૈયું કહે, 'જીવિત એમ જશે જ રોઈ,'
શું લ્હાણ કાળ ધરશે બસ એટલી જ?

ક્યાં યે ન શું અનુભવો મુજ સંકળાશે?
શું મૃત્યુ પાછળ નહીં ગતિ કાંઈ થાશે?
મૃત્યુ જ કાજ ઉર શું દુઃખ આ સહે છે?
તો ઝિન્દગી ન જીવવા સરખી દીસે છે!

આજે જ ઝેર મધુરું કરી કાં ન પીવું?
સાચું જ હો મરણ તો ક્યમ આમ રોવું?
શું છે પછી અનુભવો કડવા સહીને?
આ ઝિન્દગી ન જીવવા સરખી-અરેરે!

આ ઝિન્દગી દુઃખભરી મુજને મળી કાં?-
માગી હતી નવ અને નવ રાખવી છે!
શ્રદ્ધા રહી રસ મહીં ય કશી મ્હને ના!
અન્ધાર મૃત્યુ મધુરું મધુરું દીસે છે!

અન્ધાર મૃત્યુ મધુ તો કડવો ઉજાસ,
ને સ્વપ્ન ના જીવિત તો નકી સ્વપ્ન મૃત્યુ;
જે રાત્રિનો દિવસ કે દિનની નિશા છે?
શું હું હઈશ બસ એક જ સ્વલ્પ સ્વપ્નું?

કે હું અનન્ત યુગનો તરનાર યોગી
જાનાર જે હજુ અનન્ત યુગો તરીને,
તે આમ આજ દુઃખ ને દિનને ગણન્તો,
આંહીં પડ્યા-અરર! ચેતનહીન છે કે?

હું સ્વપ્નનો અનુભવી નવ જાણતો કે,
શંકા પરન્તુ મુજને મુજ સ્વપ્નમાં કે,
જીવી શકું ન સુખથી, મરી યે શકું ના,
જાણી શકું ન જગ છે અથવા નહીં આ.

યોગ્ય જે નિરખવું નિરખે છે,
યોગ્ય ના નિરખવું નિરખે શે?
ઝિન્દગી સમજ તો જીવજે, ને
મૃત્યુનો અનુભવે સુખેથી લે!

૧૧-૨-'૯૭

## હું ત્હારો છું

અરે મીઠા આત્મા! મુજથી કર જે હોય કરવું,
સદાનો ત્હારો હું, અરર! પણ એ ના વિસરવું;
દુઃખે ડોળાયેલી લહરી મુજ હૈયાની ઉપરની,
સુવાડું છું તેને પ્રણય અણમૂલો તુજ સ્મરી.

રહી થોડી બાકી તુજ પ્રણયની એક કણિકા,
નહીં ઢોળું તેને! જીવિત મુજ ઢોળું ક્યમ ભલા?!
વિનોદે તેને તો હૃદય મુજ આશ્વાસિત કરી
હજુ મીઠાં ગીતો મરણ સુધી હું ગાઈશ, સખિ!

દુઃખોની જ્વાલાથી સુરસ સુખપંખી ફફડશે,
વિચારો સૌ મ્હારા ઝળહળ થતી પાંખ ધરશે;
નભે નાચન્તી તે લહરિ સ્વરનીમાં ભળીશ હું-
તહીં સુધી એવાં મધુર ગીત ગાઈ શકીશ હું.

અહોહો! એવું કૈં તુજ જિગરનું આ જિગરમાં;
હજો એવું મ્હારું કંઈક પણ ત્હારા હૃદયમાં;
અરે! બન્ને વચ્ચે પ્રણય વસતો એક દિવસે,
નિશાની તેની એ તુજ હૃદયને શું નવ રુચે?

મ્હને ખેંચે છે તે તુજ જિગરને શું નવ અડે?
ન શું મ્હારે માટે તુજ જિગરમાં સ્થાન જ મળે?
અરે! હું તો ત્હોયે જરૂર વરસનારો તુજ ઉરે!
અરે! ત્હોયે તુંને હજુ લઈ જનારો નભ પરે!

૧૪-૨-'૯૭

## નૂતન સખા પ્રતિ

મુજ જિગર આ ક્યાંથી ક્યાંથી ત્હને નજરે પડ્યું?
મુજ જિગર આ-રે રે! શાને, સખે દિલથી જડ્યું?
રુદનમય ને ઢોળાયેલું વળી રસહીન છે?
તુજ તરસ આ મ્હારાં આંસુ-સખે! કયમ છીપશે?

અહહ! રણમાં છાયા શોધી ફરી રણમાં પડ્યો!
અરરર! દિશા જૂઠીમાં ત્હેં પ્રવાસ શરૂ કર્યો!
વિખરી પડતી હોડી આ તો ત્હને ક્યમ તારશે?
ઉદધિ તરવા આવું ખોખું! ન સાધન યોગ્ય છે!

દરદ દિલની મ્હારી પાસે નહીં જ દવા—અરે!
મુજ દરદની ત્હારી પાસે નહીં જ દવા—હશે!
રુદન કરશું ત્યાં યે અશ્રુ નહીં મળશે! સખે!
સ્મિત કરીશ તું! મ્હારે માટે નથી હસવું હવે!

મુજ રુદનની વાતોથી તું રડીશ કદી કદી,
તુજ રુદનથી મ્હારી આંખો હવે પલળે નહીં;
મુજ નયનને રોવાનો તો સુકાલ વહ્યો ગયો,
મુજ જિગરની રેતીમાં તો દુકાળ પડી રહ્યો.

અતિ અતિ, સખે! મોડું મોડું ત્હને ઉર આ મળ્યું,
મુજ હૃદયનું લૂટાવાનું લૂટાઈ સહુ ગયું;
રસિક ભ્રમરા! આ વાડીમાં નથી હસતું ફૂલે,
મુજ ચમનના ક્યારા સર્વે સુકાઈ લૂખા દીસે.

હૃદયવનના મીઠાબોલા મુસાફર હંસલા!
વિપુલ જલના વાસી! ભોળા! ન માનસ હોય આ!

શ્રમિત દીસતો ત્હોયે જા જા જહીં તુજ સ્થાન છે!
ઉજડ વનમાં શાનો, બાપુ! કશોય વિરામ છે?

બહુ ત્યજી ગયાં, છે તે જોતાં, નિવાસ ન ત્યાં ઘટે,
તુજ હૃદયની શાંતિ આંહીં વળી નવ લાધશે;
સહુ ત્યજી ગયાં, ધોખો તેનો મ્હને ન મળે કશો,
પછી ક્યમ કહું રોકાવાનું ત્હને ઘડી યે? અહો!

મુજ જિગરના કાંટા તુંને શું આદર આપશે?
કમનસીબની છાયાથી યે કૈં ન સુખ સાંપડે!
મુજ જિગર જ્યાં પંપાળે ત્યાં પડે વ્રણ છે! સખે!
દરદમય આ શાને આવી બિછાત મહીં પડે?

સહુ મધુરતા જેને માટે પ્રભુ ધરતો રહે,
અરર-કટુતા પીવા તેને શું શોખ થતો હશે?
મુજ જિગરથી બાઝી-ભોળા! ખુવાર થઈશ ના,
મૃદુ હૃદયની પીડા હુંથી સહાઈ શકાય ના.

મૃદુ હૃદયની પીડા જોઈ જળી જ ગયેલ છું!
મૃદુ હૃદયની પીડા જોવી હજુ ય રહેલ શું?
મુજ હૃદયમાં કાંઈ બ્હોળો દયારસ ના વહે,
પણ જખમીને કોઈ દિ'યે ન ઘાયલ પીડશે.

મૃદુ હૃદય શું ત્હારું આંહીં નકી ધરવું કર્યું?
મુજ જિગરની સાથે ત્હેં શું નકી મરવું કર્યું?
નહિ નહિ-સખે! જાવા દેને! ન સાહસ આ ઘટે!
હઠ કરીશ ના! ત્હારું હૈયું સલામત ના દીસે!

પણ હૃદય જો ત્હારું આંહીં નકી ધરવું કર્યું,
મુજ જિગરની સાથે ત્હેં જો નકી મરવું કર્યું;
મુજ જિગરની જ્વાલા તો હું ગળીશ સુખે-સખે!
તુજ જિગરને જે મીઠું તે ધરીશ સુખે-સખે!

પણ હૃદયના લ્હાણામાં જો હળાહળ સાંપડે,
તુજ હૃદયનું હુંમાં ઇચ્છ્યું તૂટી જ પડ્યું દીસે,
તુજ અમી તણું મીઠું ટીપું ન રેડીશ-ભાઈ! ત્યાં,
કટુ ઝરણ એ એ બિન્દુથી અમી ન બને કદા.

મુજ જિગરના કાંટા તુંથી નહીં ખરશે-સખે!
મુજ જિગરના કાંટા જાતાં ન જીવીશ હું-સખે!
પ્રતિ હૃદયને પોતાનાં છે નકી મધુ આંસુડાં,
પ્રતિ હૃદયનું છૂપું અન્યે ઉકેલી શકાય ના.

મુજ હૃદયનું ખેંચાતાં છે ગયું નમી કામઠું,
બહુ યુગ જતાં કોઈથી એ થશે ન હવે ઊભું;
કંઈ કરીશ તો ત્હારા સર્વે પ્રયાસ વૃથા જશે,
રડીશ નહિ તું! છોડી દેજે! મ્હને રડવું ગમે!

૧૬-૨-'૯૭

## એક સવાલ

નયનો મૃદુ વત્સલનાં રડશે,
ધરણી પર સૌ જ સખા ઢળશે;
સુનકર મહીં પડનાર પડી મુજ
મૃત્યુ પછી મુજને સ્મરશે.

પણ માલિક આ દિલના વમલો!
નભતારકયુગ્મ સમાં તરતાં મૃગ
જાદુભર્યાં રસસાગર શાં દગ
શું નવ આર્દ્ર થશે કમલો?

૧૯-૨-'૯૭

## ભવિષ્યના કવિને

ઊઠ ઊઠ! રસઘેલા! ગીત ગા કાંઈ તાજાં,
જગત મુખ વિકાસી જોઈ તુંને રહ્યું છે;
જલધિ ફરી વલોવી રત્ન કૈં કાઢ તાજાં,
કૂદી કૂદી ઊછળે તે ઊર્મિઓ અર્પવાને.

કમલવન તણાં તો ગીત પૂરાં થયાં છે,
નિજ ગીત ગવરાવી તૃપ્ત છે શીત રશ્મિ;
મધુપ ફૂલની પ્રીતિ જાણતાં સૌ થયાં છે,
નવીન રસ તણાં તું ગીત ગા ગીત ગા કૈં.

અગર કૂદી કૂદીને બેસ જા ચન્દ્રપીઠે,
મધુર રસ તહીંનો પૃથ્વી આ જાણતી ના;
નવીન મધુ-સુધાની ધાર ત્યાંથી કરી દે!
નવીન જીવન વિશ્વે પૂરતાં ગીત ગા ગા.

નકી નિજ કવિ શોધે વિશ્વના સૌ પદાર્થો,
નિજ રસ કથવાને રાહ જોતાં સહુ છે;
અગણિત યુગ વીત્યા-ગાઈ ચાલ્યાં હજારો,
પણ વદન હજુ કૈં છેક અતૃપ્ત ભાસે.

છલકી વહી જતો કો' મસ્ત થા પી મદિરા,
મચવ જિગર માંહીં ઇશ્કની ધૂન ઊંડી;
ઊઠ ઊઠ! શિખરો સૌ સ્વર્ગનાં તોડ જૂનાં,
જનહૃદય મહીં તું ઊર્મિઓ અર્પ તાજી.

ન કદી મધુરતાનો હોય જો ધોધ તુંમાં,
સખત સખત ભોળાં વજ્ર શાં ગીત ગા તો;
પછી રસ યુગ સુધી પૂરશે પૂરનારા,
તુજ જીવન પરે કો' જીવશે લાખ જીવો.

૨૮-૨-'૯૭

## ઈશ્કનો બંદો

જો ઈશ્ક ના તો શું ખુદા! આલમ કરી ત્હોયે ભલે!
જો ઈશ્ક ના તો શું જહાં? એને ખુદા એ શું કરે?
આ કારખાનું ઈશ્કનું જોજો તપાસી ખૂબ ખૂબ!
આ ખેલ ને આ ખેલનારો એક નૂરે ઈશ્ક છે!

એથી ડરું તો ક્યાં ઠરું? કોને ખુદા મ્હારો કરું?
જ્યાં લાઈલાજી સર્વની ત્યાં કોણ કોને હાથ દે?

રે ઈશ્કનું છોડી કદમ માગું ખુદા, માગું સનમ!
શું છે ખુદા? શું છે સનમ? એને બીમારી એ જ છે!
ક્યાં યે હશે જો કો' ખુદા તો ઈશ્કનો બન્દો હશે!
જો ઈશ્કથી જુદો થશે તો ઈશ્કથી હારી જશે!

જો હો ખુદા તો હો ભલે! તેની હમોને શી તમા?
છે ઈશ્કથી તો ના વડો જે ઈશ્ક મ્હારું તાજ છે!

છે ખાક ચોળી છાપ મારી ઈશ્કની જેને દિલે
દાખલ થતાં તેને બેહિશ્તે રોકનારું કોણ છે?

જો કો' હમોને વારશે, કોઈ હમોને પૂછશે,
તો ઈશ્કની ફૂંકે હમારી લાખ કિલ્લા તૂટશે!

છું સખ્ત જખમી મસ્ત દારૂ પી બન્યો બીમાર છું!
પણ ઈશ્કથી બીજો હમોને જીતનારો કોણ છે?

હા! નાસ્તિકો સૌ આવજો! ખંજર ત્હમારું લાવજો!
આ ખૂન કાઢી તો જુવો! કાતિલ એ પાણી થશે!

જે ઈશ્કનો બંદો ઠર્યો તે છે ખુદાઈનો ખુદા!
ઓહો! ખુદા શું? લોક શું? કે કોઈ શું તેને કરે?

સૌ ઈશ્કના બેદાદ દિલના દર્દને ધિક્કારતાં!
આંજી જુવો પણ આંખમાં એ એક દિ' સુરમો તમે!

જે પાયમાલીમાં હમારાં છે ભરેલાં આંસુડાં,
તે એક ટીપું લાખ દુનિયા વેચાતાં ના ના મળે!

કિમત હમારી પૂછશો, તો એક દિલનું બિન્દુડું!
વેચાઈએ આનન્દથી લેજો સુખે જેને ખપે!

છે તો હરરાજી ત્હોય મોંઘો ઈશ્કનો આ માલ છે!
જે ઝિન્દગી રોનાર હો તે આવજો લેવા ભલે!

ખૂન નિચોવી અહીં છે જાપ જપવો ઈશ્કનો!
ગરદન કપાવી શીર્ષની માળા બનાવો તો ભલે!

એ મન્ત્ર જપતાં જાગશે ભૂતાવળો લાખો અહીં!
એ દેખતાં ડરશો નહીં તો ખેલશું આવો ભલે!

ગુલામ થઈ રૂહેશું સદા પણ બાદશાહી મ્હાલશું!
માલિકના દિલનું કરીને તખ્ત સૂનારા હમે!

હા! લાખરંગી. ઈશ્કનું કો' એકરંગી જામ છે!
મસ્તાનના મસ્તાન એવું જામ પીનારા હમે!

આવો ભરી પીજો અને એ જીરવી લેજો નશો!
નહિ તો સદા માટે શરાબો સોંપજો પીનારને!

એ તો હમારી માદરે પાયું હમોને જન્મતાં,
ને મોતની મીઠી પથારીમાં ભર્યુ એ એ જ છે!
એ ઈશ્કની લાલી મહીં લાખો ખુદા ઘેલા બન્યા!
એ લાખમાંના એક પણ જુદા જ કૈં ઘેલા હમે!

૧-૩-'૯૭

## સ્નેહશૈથિલ્ય

ત્હને ચાહું કેવું? ક્યમ કહી શકું તે-પ્રિય! ત્હને?
શશીને ના ક્હેતી નિજ પ્રણય કો' દિ' કુમુદિની!
અરે! ખૂંચે ત્હોયે તુજ હૃદયની આ શિથિલતા!
નહીં દોષો ત્હારા-પણ નસીબની વાત સઘળી!

કદી વેળા જાતાં તુજ હૃદય કૈં આર્દ્ર બનશે,
કદી ત્યારે તો આ મુજ હૃદય શૈથિલ્ય ધરશે;
વિરાગી ના લૂછે પ્રણયી રસિલાં સ્નિગ્ધ નયનો,
પછી શું એ અશ્રુ મુજ ઉર પરે કાર કરશે?

અરે! આ પ્રીતિમાં મુજ હૃદય રોકી નવ શકું,
ન પ્રીતિમાં પાછું હૃદય મમ વાળી શકીશ વા;
વહી જાતી પ્રીતિ-અરર! કદી એ ના અટકતી;
નહીં ભીની થાતી-અરર! રડવાથી શિથિલતા.

રડે મ્હારી પ્રીતિ તુજ હૃદયની આ શિથિલતા,
કદી તું યે રોશે મુજ હૃદયનું એવું જ કંઈ;
દીસે નિર્માયેલો પ્રણય રડવાને શિથિલને,
છતાં તું માટે એ ક્રમ વધુ જરી કોમલ હજો.

૩-૩-'૯૭

## એ મૂર્તિ

કંઈક દિવસો સુધી નયન બન્ધ રાખ્યાં, અરે!
ન એ મૃદુ છબી છતાં હૃદય પાસ આવે હવે!

ન યાદ મુખડું રહે, ન વિસરાઈ જાતું વળી!
રહી હૃદયમાં ન તે નયન પાસે આવે છબી.

અહો! જિગરના ય આ જિગરમાં જ પાળી હતી,
જરા ય પ્રતિમા ન તે જિગરને હવે ધીરતી;
હજાર રમતો કરી વદન છેક ઊડી ગયું,
સ્મૃતિ ન સ્ફુટતા ધરે-નિરખતાં ય જે દાઝવું.

અનેક વદનો અહીં જગતમાં સદા આથડે,
અનેક વદને સ્મિતે અમી તણા ઝરા યે વહે;
સમાન મુખનાં વળી જગતમાં દીસે જોડલાં,
ન કાં વદન એ તણી જરી ય છાય કો' ધારતાં?

અહો! વદન એ કંઈ વદનમાં કંઈ દેખતાં,
છતાં ય સમતા જરી નયન આ ન જોઈ શક્યાં;
હજાર મુખડે ફરી નયન અન્ધ આજે બને,
હજાર મુખડે ફરી નયન તો નિરાશા ધરે.

થયાં પ્રથમથી જ આમ વદનો કંઈ વેગળાં,
ગયાં પણ ગયાં દઈ વદન અન્ય આ નેત્રોમાં;
ગયાં વદન તે ગયાં ન સુનકાર હૈયે ભરી,
ગયાં મૃદુ મુખો વધુ મૃદુ મુખો જ નેત્રે ધરી.

અરે! પણ હવે ન અન્ય પ્રતિમા ખડી થાય છે,
ન દાહ સળગે અને જિગર ખાક ના થાય છે;
ન અન્ય વદને ન અન્ય નયને ઠરે નેત્ર આ,
ન બન્ધ પડતો અને ધૂંધવતો જ હૈયે ધુંવા.

ધ્વનિ મધુર કો' છતાં નભ થકી સુણાતા દીસે,
મ્હને શશી, રવિ, ગ્રહો, ઝરણ, વૃક્ષ, સૌ નોતરે;
અહા! હૃદય કાજ આ જરૂર વિશ્વ મૂર્તિ બને,
છતાં ક્યમ હજુ ન એ નવીન મૂર્તિ ચાંપું ઉરે?

પ્રવાસ હૃદયે કર્યો પ્રણય શ્રેષ્ઠનો વાંછતાં,
ચડ્યું ગિરિવરો, તર્યું ઉદધિઓ ઉમંગે સદા;
નવીન વદને નવીન નયને ફર્યું મહાલતું,
નવીન જિગરે નવાં મધુર આંસુડાં ઢાળતું.

હવે હૃદય આ ન લે હૃદય કેમ બ્રહ્માંડનું?
હવે કુદરતે બને હૃદય કેમ શ્રદ્ધાહીણું?
ન ફાંસ નડતી તહીં ક્યમ ભલા શૂળી પેખતું?
ગયા મુખ ભણી હજુ ક્યમ ઢળી ફરી ઝાંખતું?

નવીન મુખ ચુમ્બતાં જિગરમાં ન દાગે થશે,
પ્રભુમય થતાં ન શોચ ડર ભીતિ કૈં યે ઘટે;
ન કેમ કરવી હવે રમત વિશ્વવ્યક્તિ થકી?
ન કેમ ભળવું હવે ગહન યારની બાથથી?

અનન્ત મુખડાં અનન્ત સુખડાં નહીં સાંપડે,
ત્યજી વદન એ ગયા મુખની કેમ કાંક્ષા ધરે?
અનન્ત યુગનું અહીં વચન પ્રેમનું લાધતું,
અનન્ત યુગમાં ભળી નિજથી કેમ ના ખેલ તું?

અનન્ત યુગ તો જતાં નવ કશી ય વેળા જશે,
ન ખેલ કરવા પછી જગત એ ય પૂરું થશે;
ન સાથ કરશે પછી શશી, રવિ, ગ્રહો સામટા,
ન કાંઈ રસ પામશે હૃદય એકલું ચાલતાં.

ન લાખ યુગમાં ભળી નિજથી ખેલ હુંથી બને,
વિના વદન એ સદા હૃદયબ્રહ્મ લૂખું, અરે!
ન મોક્ષ મધુતા ધરે, પ્રણય શુષ્ક ખારો અહીં,
વિના વદન એ નિજત્વ નિજનું ય પૂરું નહીં.

વિના વદન એ પછી હૃદય આ ન જીવી શકે,
અહો! વદન એક આ જગતથી વિશાળું દીસે;
અરે! વદન એ વિના જગત શૂન્ય સૂનું નકી,
અને વદન એ ગયું નયન બ્હાર ક્યાં યે લૂંટી.

ન સાદ ઝરણાં તણા, ગિરિ તણા શશીના ગમે,
ન કૈં કુદરતે મ્હને હજુ ય ચેન લાધ્યું દીસે;
કદાપિ હજુ યોગ્યતા હૃદયની થઈ ના હશે,
હજો જ જ્યમ હો છતાં વદન એ વિના ના રુચે.

મ્હને વદન એ દઈ જગત આ લઈ લે સુખે,
નહીં કરગરું, નહીં ટળવળું, પ્રભુ! હું દુઃખે;

ન અન્ય મુખની હવે કરીશ, નાથ! હું પ્રાર્થના.
મ્હને વદન એ જ દે જિગર સાથ આ ચાલવા.

૧૫-૩-'૯૭

## એ સ્થલ

હૈયું આ ત્યાંનું ત્યાં ચોંટ્યું:
ત્યાંનું ત્યાં બોટાયું બોટ્યું:
લોટ્યું પુષ્પે ત્યાં સાથી તે
મુખડું ત્યાંનું ત્યાં.

ત્યાં તો હાવાં નહિ જાવાનું:
પ્રેમપૂરમાં ના ન્હાવાનું;
રોતાં અન્ત સુધી ગાવાનું:-
"એ સૌ ત્યાંનું ત્યાં!"

૧૮-૩-'૯૭

## મ્હારું ભાવિ

ભાવિ કાંઈ એ ના મ્હારે:
કાંઈ એ રોવું ના ઠારે;
આંખ અગાડી જોતાં હારે:
તાજું શું છે કૈં?

ભાવિ ભૂત તણા ભણકારા:
એની એ આંસુની ધારા:
એના એ દુ:ખડાંના વારા:
શું છે તાજું કૈં?

૨૩-૩-'૯૭

# ભવિષ્ય અને શ્રદ્ધા

ના ના ભવિષ્ય મુજ કાજ હવે દીસે છે,
ભૂતો જ નેત્રપડદા થઈને ઢળે છે;
જ્યાં જ્યાં ધરું પગ, તહીં ફરી એ જ જ્વાળા,
ને એ જ અશ્રુ મહીં એ જ ભર્યા બળાપા.

ના મામલા પ્રણયના પણ એ જ જાગે,
નિદ્રા ન લે હૃદય શાન્ત સૂઈ વિરાગે;
આ પિંજરું દરદનું હજુ તોડવાને,
વાયુ તણી સૂસવતી લહરી ન આવે.

ભવિષ્યે ના ભાળું મુજ હૃદય માટે પગથિયાં,
ભવિષ્યે ભાસે છે દરદમય એ ભૂતમયતા;
ન પંપાળે કોઈ મુજ હૃદય-સાથી હૃદયથી,
રહ્યા ભૂતે કોઈ–કંઈ ઊડી ગયા છે નજરથી.

ગઈ ઊડી તેવી મુજ જિગર પાંખો નવ ધરે,
ફરી જાતાં પાછું મુજ જિગર ત્રાસે થરથરે;

* * *

થાકી જતાં હૃદય આ વહતું નથી કૈં,
ગાવા મૃદુ લહરીઓ ગ્રહતું નથી કૈં;
લાગે મુનિ જીવિત આ કડવું થતું કૈં,
'હું એકલો' અરર! એ ખટકે ઉરે છે.

આશા દીસે જિગરને વનમાં જવાની,
જ્યાં તે અભંગ ઝરણું નિજ નાચ નાચે;
પ્રત્યેક બિન્દુ શશીમાં શશી જ્યાં બને છે,
જે સ્થાનનો હૃદયને સહવાસ જૂનો.

આવા દુ:ખી કલુષ વિશ્વ થકી જળેલું–
જે કોઈ ના મધુર મૂર્તિ મહીં ઠરેલું.
પંપાળનાર કરથી હતભાગી હૈયું–
જેને ન કોઈ ઉરથી ધરનાર આંહીં.

જેનું પડ્યું શયન કંટકથી ભરેલું,
તે આજ કાંઈ સુખમાં વહવા જ ઇચ્છે;

ઇચ્છે શશી ઝરણમાં ગરકાવ થાવા,
શું એટલું ય શકશે દુખિયાં કરી ના?
જેના મૃદુ કર વતી દ્રવતી શિલાઓ,
જેનાં ભર્યાં નયન ભવ્ય પ્રભાપ્રવાહે,
સૌન્દર્યનું ઝરણ નિત્ય વહાવનારો
તે શાન્ત શું ન કરશે મમ દગ્ધ હૈયું?
હું એ જ છું કુમુદડું શશીનું સદાનું,
એ એ જ વિશ્વ પર અમૃત ઢોળનારો
સૌ ઔષધિ ઉપર અમૃત સિંચતો જે
તે પોષશે જ મુજ શી ય કટુ લતાને.
જેનું અમીઝરણ ભેદ વિના વહે છે,
જે અર્પતા ભ્રમણમાં નવ ક્લાન્ત કો' દિ'
જેને બન્યાં જીવિત અર્પણ એકરૂપે–
દૃષ્ટિપ્રસાદ મુજને ય મળી રહેશે.
ઝાંખી મહત્ત્વ પરિપૂર્ણ તણી થઈ જ્યાં,
જે લક્ષ્યથી જીવનમાં જીવવું મળ્યું છે;
જે પેખતાં જીવિત દીર્ઘ સદાય થાતું–
આજે ય તે જ કરશે મમ શાન્ત હૈયું.
છે રાત્રિની ઝળક આજ નવીન કાંઈ,
આ મેઘમાળ મહીં ચન્દ્ર નવીન ભાસે;
છે તો નહીં સખી કને રસ અર્પવાને,
તો યે શશાંક રજની હસતાં દીસે છે.

-૩-'૯૭

## હમીરજી ગોહેલ

ઓ વીણા! તું બહુ યુગ થયા શાન્ત આંહીં દીસે છે,
ટંગાએલું દિવસરજની વૃક્ષ સાથે ઝૂલે છે;
ત્હારા તારો બસુર સઘળા ધ્રૂજતી આ લતાથી,
કમ્પી ઊઠી ઝણઝણ થતા વાયુની લ્હેર લ્હેરે.
ત્હારી પાસે ઝરણ ઘૂઘવી જાય છે મન્દ ચાલ્યું,
ત્હેની સાથે તુજ સ્વર ભળે પૂર્વનું ભાન ભૂલી;

ક્યાં આ આવા કઠિન ઘૂઘવા? ભવ્ય ક્યાં નાદ ત્હારા?
કોઈ છે ક્યાં વિધિકૃતિ તણી યોગ્યતા પૂછનારા?

રે! રે! ત્હારા મધુતર સ્વરો જાગશે ના હજુ શું?
ત્હારા તારો ઝણઝણ થશે શુષ્ક પર્ણે હજુ શું?
કો' યોદ્ધાના મુખ પર સ્મિતે લાવશે તું નહીં-શું?
કો' કન્યાના દુઃખી હૃદયને અર્પશે અશ્રુ ના શું?

ના ના કો' દિ' સમય સરખો જાય છે કોઈનો યે,
તાજી ત્હારી મૃદુ રસભરી મોહની તું કરી લે;
હાવાં છો ને વરસી વરસી વાદળી જાય ચાલી,
વ્હાલી વીણા! તુજ સ્વર હવે કુન્દ થાશે ન તેથી.

જે મીંડો સૌ પ્રણયી નયનો તેજથી પૂરતી'તી,
જે તાનોથી શૂરવીર તણી મૂછ ઊભી થતી'તી;
તે તે જૂના મધુર સ્વર સૌ આર્દ્ર ને ઉગ્ર ત્હારા,
સાધી લેવા કંઈક ડરતો ભક્ત કો' યત્નવાન.

વીત્યા તેવા રસિક કર શો દક્ષ ના હસ્ત આ કૈં,
તેને સ્પર્શે પણ ફરી ઊઠી ગીત ગા ગીત ગા તું;
વ્હાલા! જોવી ઘટિત નવ છે અજ્ઞતા ભક્તની કૈં,
જાદુ ત્હારું ઝળહળ થતું ફેલવી ગીત ગા તું.

આ ગીતોનો બહુ બહુ હશે ધ્વંસ પાસે કદાપિ,
ને તેવાં યે સ્ફુટ નવ હશે તાન કે મીંડ કાંઈ;
તો યે ત્હારાં પડ રજ તણાં ખેરવાં કાં ન મ્હારે?
ત્હારા તારો બસુર સઘળા મેળવું હું ન શાને?

આ ગીતોથી હૃદય દ્રવવા કમ્પશે કોઈ એકે,
તો હું ના ના મુજ કર તણા સ્પર્શને વ્યર્થ માનું;
તો, ઓ વીણા! તુજ સ્વર તણું જાદુ દે તું પ્રસારી,
રે ! રે વીણા! મધુર સુરિલાં ગીત ગા ગીત ગા તું.

## સર્ગ ૧

## તારામૈત્રક

" સીતે! આ તુજ ક્રૂર નાથ મૂકશે આજે અરણ્યે ત્હને,
" ને એ વજ્ર સમું સદા હૃદય તો અગ્નિ વતી દાઝશે;

" તો યે એ તુજ મ્હોં કદી જિગરથી દેશે ન છૂટું થવા–
" આશા હર્ષ ઉમંગને અસુરના સંહારમાં પામવા."

" જે પ્રીતિ રઘુનાથના મુખ મહીં આ બોલ બોલાવતી,
" જે પ્રીતિ સુખથી સૂતી સતી પરે અશ્રુ ય રેડાવતી;
" તે પ્રીતિ મુજ બીનમાં રસભરી લ્હેરો વહાવો સદા,
" તે પ્રીતિ મુજ અશ્રુમાં ખડક આ મ્હારું ડુબાવો સદા."

* * *

સુગન્ધી વાયુની લ્હેરી, ઠંડી મન્દ વહી જતી,
ચોપાસે માનવીનો કો' આવે ના શ્રવણે ધ્વનિ.

તહીં પૂર્વે ગોળો ક્ષિતિજ ઉપરે લાલ લટકે,
દિશાઓ પ્રાણી સૌ, ખડક, તરુ ત્યાંથી રસ ગ્રહે;
નભે ધારેલું કૈં મનહરપણું નૂતન દીસે,
હવા આછી-પીળી ગરક દીસતી ચમ્પકરજે.

દીસે તાજું કાંઈ પ્રતિ ગતિ મહીં ને સ્વર મહીં,
નથી ક્યાં શાન્તિ? આ ઘટ વન મહીં ના સુખ કહીં?
અહીં આ કાસારે પગ પણ ધરું છું ડરી ડરી,
રખે આ શાન્તિમાં રજ પણ થતો ધ્વંસ મુજથી!

તટે ચોપાસે છે મધુર કળી ખીલી કુસુમની,
તહીં પાંખે પાંખો લથબથ કરે છે શુક કંઈ;
અરીસો ધ્રૂજન્તાં કુદરત ધ્રુજાવે નિજ ઉરે,
અને તે ગોળો યે ખળભળ થતો ત્યાં ગતિ કરે.

* * *

હવે ધીમે ધીમે જનપદ ફરે છે તટ પરે,
હવે ધીમે ધીમે રવિ પણ તરુને બથ ભરે;
હવે આ બિન્દુડાં રજનીજલનાં ઘાસ ઉપરે
પ્રતાપી ભાનુને નિજ હૃદયનું અર્પણ કરે.

તહીં સામે તીરે દિનકર તણી પાંખ સરખી,
ભરી લેવા વારિ યુવતિ કંઈ આવે સ્મિતમુખી;
અહો! કેવું મીઠું સુરૂપ સુરૂપે ઐક્ય ધરતું!
વધાવી શી લેતી કુદરત દીસે કામિની સહુ!

ધીમે ધીમે કોઈ સરસીહૃદયે હંસ તરતો,
હશે શું ગંગાનો બરફ કટકો કો' સરકતો!
ગતિ માપેલીથી જરી જરી ધીરે નાજુક પગો,
ખરે! એ શાન્તિમાં રજ પણ થતાં ભંગ ડરતો!

અહો! કેવું મીઠું કુદરત તણું આ રમકડું!
દીસે એ આનન્દી પ્રણયમય ચૈતન્યમય શું!
પ્રદેશો આ સૌનો મગરૂર પતિ આમ ફરતો-
સરેથી, સૂર્યેથી, કુદરતથી મીઠો રસ પીતો.

આ હંસની ઉપર નેત્ર રસાળ કોઈ,
ચોંટી રહ્યાં પ્રણયથી બહુ કાળથી છે;
જ્યાં હંસ જાય તહીં પાછળ ચાલતાં તે,
કો' શાન્તિની લહરીએ ગરકાવ થાતાં.

છે શાન્ત, તોય નયનો અતિ ઉગ્ર ભાસે,
શોભે વિશાલ ભ્રમરે કરડાઈ દૈવી;
ઉત્સાહમૂર્તિ રમણીય પ્રભાત કેરી–
તેવો જ રમ્ય, દૃઢ, આર્દ્ર યુવાન દીસે.

ઝૂલે નીચે ખડ્ગ કેસરી શી કટિથી,
છે વામ હસ્ત દૃઢ મૂઠ પરે ઠરેલો;
એ ખડ્ગ એ જ કરને નકી યોગ્ય ભાસે,
ક્યાં મેઘમાળ વિણ વીજળી અન્ય સ્થાને?

જે બાણ રામ કદી યે કરતા ન દૂરે,
તે બાણ દક્ષિણ કરે ચમકી રહ્યું છે;
છાતી વિશાલ, દૃઢ છે કવચે કસેલી–
જેની દરેક કડી સૂર્યથી ખેલ ખેલે.

કો' છેક મસ્ત વનમાં ફરનાર ગેંડો,
જેનો શિકાર શત તીર વતી થયેલો;
ઉચ્ચંડ તેની લટકી રહી ઢાલ પીઠે,
જ્યાં પંચ તારક સમાં ઝબકે ફળાં છે.

ભાલે ત્રિપુંડ્ર વિભૂતિ તણું છે કરેલું,
છે ઓષ્ઠની ઉપર નૂતન ગાઢ મૂછો;

બીજો જ કોઈ શશી રમ્ય કલંકવાળો
વા અન્ય કામ નકી વલ્લભ રુદ્રનો આ.

આ સિંહ કો' ગરીબડાં મૃગ પાળનારો,
આ ખડ્ગ માત્ર યવનોશિર છેદનારું;
આ વીરનાં ભૂષણ ને મુખ વિશ્વ સાથે
મૈત્રી ધરી સુરસ ચિત્ર જમાવી દેતાં.

વિશ્વ છે વીરનું આખું, ના ક્યાં વીર ભળી શકે?
વીરને પૂજતું પ્રેમે આ બ્રહ્માંડ સ્થલે સ્થલે.

આંહીં આમ હમીર આ કુદરતે નિઃસ્વાર્થ સ્વાદે ચડી,
જોતાં હંસ મહીં ય એ રસિકતા આનન્દ પીતો હતો;
તેનું સૈન્ય પ્રયાણ કાજ હવણાં તૈયાર થાતું હતું,
જેના શબ્દ અનેક આ વન મહીં ઘૂંચાઈ ચાલ્યા જતા.

લેઈ ભોજન, શસ્ત્ર લેઈ સઘળાં તૈયાર પોતે હતો,
કિન્તુ, વિશ્વની સૌ ગતિ મગજ એ હાવાં ભૂલેલું હતું;
મૈત્રી હંસની સાથ એ જિગર તો સાધી હતું મ્હાલતું,
આનન્દી ઝરણું કરી નવીન કો' તેમાં રહ્યું ચાલતું.

વીજળી શો થયો આ શો ઝબકારો જલની મહીં?
ઊડતાં હંસ ચોંકીને પાંખો એ નભમાં ચડી.

નેત્રો ઊડે હંસની સાથ ઊંચે,
આહા! તહીં કૈં વચમાં મધુરું!
ના ચાલતી આંખ હવે અગાડી,
જરા ચડી, ત્યાં જ ઠરી ગઈ તે.

માથે બ્હેડું લઈ ઊભી સામે કો' નવયૌવના,
મુખે છે હસ્ત એ ન્હાનો ઝરી સ્વેદની લૂછવા.

એનું જ બિમ્બ જલમાં પડીને ઊડ્યું'તું,
એથી જ વ્યર્થ ડરી હંસ ગયેલ ઊડી;
એ વીરનાં નયન એ જ ચડાવનારું,
લૂંટી જનાર દ્રવતું ઉર એ જ, એ, એ.

હંસ એ દૂર હૈયેથી હાવાં છેક થયો હતો;
ઉરે આ વીરને એ તો વસ્યો તે 'ન વસ્યો' બન્યો.

જેને નિહાળી નયનો ઠરતાં હતાં ત્યાં,
તેનો જ હંસ બનવા દિલ હાલ ઇચ્છે;
તેના જ પાદ મહીં પાંખ પડી ગઈ સૌ,
તેને જ કાજ ઉરતખ્ત થયું જ ખાલી.

પાંખાળા પ્રિય હંસ! કેમ ઊડી તું આકાશ ચાલ્યો ગયો?
ત્હારાથી ઉપકાર જે થઈ શકે તે કેમ ચૂકી ગયો?
દેવી'તી તુજ પાંખ આ પ્રણયીને ઊડી તહીં બેસવા
એ ન્હાની કરની લતા પર અને એ મ્હોં જરી ઝાંખવા!

સ્થમ્ભી જરી વદન એ નવ કોણ જોશે?
ચાલ્યાં જશે નયન એ નિરખ્યા વિના કો'?
એવી ન કાર્ય તણી કાંઈ જ તીવ્રતા છે,
કર્તા તણો અહીં ન જે ઉપકાર ગાશે.

સૌન્દર્ય આવું ધરતી ઉપરે નિહાળી
હર્ષે કર્યું હૃદય ના મગરૂર થાશે?
તો, છો યુવાન પણ આ નિજ આંખ ઢાળે,
છો પાંખને નવીન આ લહરી ઉડાડે.

હજુ એ કન્યા છે નવીન મૃદુ હા પુષ્પ ખીલતું,
કહીં પાંખો ખીલી, કહીં હજુ બિડાઈ, કહીં ખીલે;
સુગન્ધીની વેળા મધુતર હશે કોઈ જ નહીં,
સુરંગોની લક્ષ્મી વધુ વળી હશે સુન્દર કહીં?

જે ક્રીડા, મૃદુ ઉગ્રતા, સભરતા, લાવણ્ય જાદુભર્યાં–
રૂપે યૌવનની સ્વતંત્ર રસિલી મૂકી દશા જે શકે,
તે કો' તાન મહીં ઊંડા હૃદયના એકાગ્રતા ધારતાં,
જોનારાં નયનો અને ઉર નહીં એકાગ્ર કોનાં કરે?

વિનિમય મધુ એવો યોધ સાધી રહ્યો છે,
પૂર મહીં ઉર વ્હેવા છૂટ છે પૂર્ણ પામ્યું;
ખડક જગત કેરું આજ પાણી થઈને,
વિપુલ રસ તણા કો' ધોધમાં જાય ચાલ્યું.

* * *

ભરે છે દૂર ત્યાં વારિ કન્યાની સખી તો હજી;
ફરે છે તીરની કુંજે ભોળી એ મૃદુ આંખડી.

થોભી ઊભી જરીક એ સખી કાજ બાલા,
પ્હાની રહી પગ તણી જરી એક ઊંચે;
તેને અડી ફરફરે અનિલે નિમાળા,
બ્હેડા પરે અલક એક વીંટાઈ ઊડે.

સામે જ ગૌર મુખ છે સ્થિરતા ધરીને
ને નેત્ર કાંઈ તિરછાં બનતાં ફરે છે;
પ્હોંચી હતી નજર એ તહીં યોધ પાસે,
જ્યારે હતાં નયન હંસ પરે ઠરેલાં.

પાદ ને આંખડી એ તો હતાં ત્યાં સ્થિર થૈ રહ્યાં,
હૈયાનાં આંસુડાં મીઠાં, સામેની છબીએ ઢળ્યાં.

મનહર છબિ ભાળી નેત્રે અને હૃદયે ઢળી,
પરવશ થતાં લ્હેરી મીઠી નસેનસમાં ચડી;
હૃદય કુમળું એ યોદ્ધામાં જડાઈ ગયું, અને
સહુ અરપવા—અર્પી દીધું છતાં-અધીરું બને.

શપથ હૃદયે લેવા કાંઈ ન કાળ રહ્યો જરા,
ઉર ધડકતે વિચારોથી ન ધ્વંસ સહ્યો જરા;
નયન બનતાં અંગે અંગો સુમુગ્ધ બની રહે,
જલકણઝરી આવી આવી કપોલ થકી ખરે.

* * *

આંખડી આંખડી સાથે હાવાં વાત કરી રહી;
હૈયાના દ્વારની સર્વે ભાગોળો ઊખડી પડી.

યોદ્ધાની તો નજર હજુ છે ત્યાં જ ચોંટી રહેલી,
તો યે તાજું તનમન થતું સૂચવે આંખ કાંઈ;
'હું એવું એ' ઉર સમજી એ કાંઈ આનન્દ માને,
સંસારીને પ્રણયસુખની એ જ સીમા અહીં છે.

ક્ષણ થઈ અને બાલાનાં એ ઢળી નયનો જતાં,
પણ ભૂરકી કો' ગુલાબી શી છવાઈ કપોલમાં;
ધડ ધડ થતું હૈયું લોહી વહાવી રહ્યું બધે,
થર થર થતાં ગાત્રો સર્વે ધ્રૂજે બની મુગ્ધ છે.

જાદુભર્યાં નેત્ર વહાવી જાદુ
કો' અન્યના જાદુ મહીં ફસાતાં;

તે જાદુનું ઝેર ઉતારવાનું,
કોની કને ઔષધ કૈં મળે ના!

શિરે ય બ્હેડું સખીએ ચડાવ્યું,
તળાવના તીર પરે ય પ્હોંચી;
પ્રેમાળ એ મ્હોં ય સમીપ આવ્યું,
એ કન્યકાની ય સમક્ષ ઊભી.

ઊભી સખીની હતી રાહ જોતી–
નિમિત્ત હૈયેથી સર્યું હતું એ;
જાદૂઈ એ પૂતળી જાદૂ માંહી,
પડી હતી ભાન બધું ભૂલીને.

ધુણાવે છે હવે તેને ગ્રહીને કરની લતા,
અને, એ જાગ્રતિ દેતાં સખી હાસ્ય કરે જરા.

અરર! રસમાં, ભોળી! આવો ન ભંગ કર્યો ઘટે,
મૃદુ વદનના આવા ભાવો કહીં ફરી ઝાંખશે?
પરવશ થયું-તેને તું ના હજુ સમજી શકે,
પ્રણયરસનું આવું લ્હાણું ત્હને ન મળ્યું હશે!

પણ, તુજ સ્મિતે ઊંડું ઊંડું કંઈક ભર્યું દીસે,
હૃદય સમજે, તે શા માટે ઉતાવળ આ કરે?
અરર! ઠપકો એ બ્હેનીને રખે કદી આપતી,
પરવશ થતાં, ના નારાજી પ્રભુ ય તણી કશી.

બિચારી કન્યાથી, અરર! નવ કાંઈ થઈ શકે,
ગતિ છૂટી તેના પગ પણ કહીંથી કરી શકે?
જવું દૂરે તો યે-હૃદય પણ છોડી વહી જવું,
વિના આશા કાંઈ લથડી પડતાં યે નકી જવું.

કન્યા એ જાય છે લેતી સાથે આંખ હમીરની,
જાય છે-જાય છે એ તો, ને એ દોર પડ્યો તૂટી!

એ માર્ગને નિરખતો હજુ યોધ ઊભો,
છે નેત્રની ઉપર કો' પડદો ઢળેલો;
'એ દૂર છે! નથી હવે! ફરી ત્યાં જ એ છે'!
સાચું-જૂઠું નયન એમ નિહાળતાં કૈં!

એ તો ગઈ જ, નયનો ફરી અન્ધ થાતાં,
અન્ધત્વમાં કંઈક વીજળી શું ઝબૂકે!
ઊભી કરે નયન એ જ મૃદુ પ્રતિમા!
ત્યાં થાય છે હૃદય એ સ્થિર ભાન ભૂલી.

અંગો શિથિલ બનતાં ઉર મન્દ હાંફે,
ને ખડ્ગ છોડી કર છાતી પરે ગયો છે;
છૂટી રહી લટકતી તલવાર નીચે,
એ તો ઊભો અડગ ચિત્ર સમો યુવાન.

ઘડીક દૃષ્ટિ અલકે ભરાય છે,
ઘડી કપોલે અધરે સરી પડે;
ઘડી ચૂમે છે પદની ગુલાબીને,
ઘડી સ્તનોની સહ મન્દ કમ્પતી.

જહીં પડે ત્યાં પરતંત્રતા ખડી,
ક્ષણ પ્રતિ પિંજરની ઘડે સળી;
ન જાણતો કેમ ઘડાય પિંજરું!
ન જાણતો કેમ પડાય છે તહીં?!

પોતાના પ્રિય તાનના વિનિમયે એકાગ્ર જેણે કર્યો,
પોતાની પરતંત્રતા ય દઈ તે ચાલી ગઈ કન્યકા;
જે જે પિંજરની સળી હૃદયમાં ત્યાં છે ઘડાઈ રહી,
તે તે પિંજરની સળી હૃદયમાં આંહીં ઘડાતી બની.

વીતી ગયો પ્રહર એ મૃદુ તાન માંહીં,
જાતું ફરી પ્રતિ પળે ઉરનું સુકાન;
જાદૂઈ પ્રેમઝલકે લડવા વળન્તાં,
ઝૂલી રહ્યું હૃદય નૂતન લ્હેરીઓ કૈં.

તે ઉરના ભાવ સદા પીનારો
આવે કને મિત્ર પડાવમાંથી;
છવાયેલું છે મુખ આર્દ્રતાથી
હમીરને દૂરથી જોઈને એ

ઝૂલન્તું ખડ્ગ ધીમેથી ખેંચી મિત્ર તણું લઈ,
હસીને તે વદે છે કૈં મિત્રને જાગ્રતિ દઈ.

" વ્હાલાં! કાં તલવાર વીર પુરુષે દીધી ત્યજી આજ છે?!
" આજે અન્ય જ હસ્ત કોઈ પણ તે ખેંચી લઈ કાં શકે?!
" ત્હારું આ શમશેર આમ ગ્રહવા જે હામ ધારી શકે?
" હા! તેને નવ સર્વ આ જ ગતમાં શું રાજ્ય દેવાં ઘટે?"

નિદ્રાથી જાગતો તેવો કરે તે મ્યાન ખડ્ગને,
વદે છે મેઘ શી વાણી મિત્રનો કર ચાંપીનેઃ

" સખે! ભાઈથી તો બહુ સમય રીસે વહી ગયો,
" વસીને મેવાડે સુખથી પરદેશી પણ થયો;
" ઘણાં વર્ષો જેને મુજ હૃદય 'ભાઈ' કહી શક્યું,
" હવે શું તેથી યે નિરમિત હશે રૂસણું થવું?

" મજેદારી કાંઈ જગત પર મ્હારે નવ રહી,
" રહી ના કૈં ઈચ્છા જીવિત ધરવાની પણ, સખે!
" અહો! તું. આ મ્હારું હૃદય સમજી કેમ શકશે?
" ગ્રહી આ ભાવોને તુજ હૃદય સાથી ક્યમ થશે?

" હવે ત્હારો–મ્હારો નહિ નહિ-સખે રાહ સરખો,
" થયો આજે જુદો મુજ હૃદયમાં કાંઈ થડકો;
" વહે આજે મ્હારું ધગધગ થતું રક્ત સળગી,
" પરંતુ એ જુદો તુજ જિગરથી જોશ સઘળો.

" સખે! ત્હારી તો છે નજર હજુ આ ખડ્ગ ઉપરે,
" ગમે ઉન્હા રક્તે તુજ હૃદયને સ્નાન કરવું;
" સખે! તુંને પેલી શૂરવીર તણી હાક ગમતી,
" હજુ એ સૌ ખેલો તુજ જિગરને છે રુચી રહ્યા.

" કહું શું, ભાઈ! હું મુજ હૃદયનો રાહ તુજને?
" સખે! આંહી કૈં એ અનુભવ વિના કોણ સમજ્યું?
" દિલાસો દેશે તું-હૃદય કદી ત્હારું પિગળશે,
" નહીં છાપો કિન્તુ મુજ ઉરની ઊઠે તુજ ઉરે.

" મજા ક્હેવાની તો ગત થઈ ગઈ આજથી સખે!
" હવે આ હૈયાને જગત પર આલમ્બ ન મળે;
" હવામાં ફેંકાતી નજર મમ કાંઈ નવ ગ્રહે,
" વિના ટેકો ક્યાંથી જીવિત કદી પ્રાણી ધરી શકે?

" સખે! મેવાડે તો મુજ હૃદય આ ના ઠરી શક્યું,
" મનાઈ ત્યાંથી મ્હેં ગૃહ ભણી જવાનું નકી કર્યું;
" નિમિત્તો એ સર્વે! મુજ ગૃહ કશું ના જગતમાં,
" પ્રભુ પાસે જાવા મુજ હૃદયનું વાંચ્છિત હતું.

" ચડે છે શંભુની ઉપર યવન એ ગિઝનવી,
" હજુ ક્ષત્રી સામે મહમુદ દીસે હામ ભીડતો;
" કદી ક્ષત્રીબચ્ચો સહન કરતો ના સૂઈ રહી,
" નકી એ મલેચ્છો સૌ અણસમજુ છે બાલક હજી.

" અહો! કિન્તુ એવો સમય મળવો ના સહજ છે,
" મહાયુદ્ધો એવાં નયન સદ્‌ભાગી જ નિરખે;
" સખે! ગંગા જેવું યવનરુધિરે સ્નાન કરવું,
" અને શંભુ પાસે નિજ રુધિરનું અર્પણ થવું.

" સ્વદેશી ખડ્‌ગો જે સુભટકરની છે મગરૂરી,
" સખે! ત્યાં તેનો છે પ્રલયઉદધિ કો' ઊછળવો;
" મહાભાગી કો' એ ઉદધિ તણું મોજું થઈ શકે,
" ગડેડાટોમાં એ વિરલ વિરલા બાહુ મળશે.

" હજારો સ્વપ્નોથી મુજ હૃદય ત્યાં છે ઊછળિયું,
" મહા એ દાવામાં ચિનગી બનવા ઉત્સુક થયું;
" સુણ્યું એ ત્યાંથી આ રુધિર નવ ઠંડું થઈ શક્યું,
" પ્રતિ રાત્રે ચિત્રો સ્વપન મહીં એ એ જ નિરખું.

" પ્રભુ નિદ્રામાં યે મુજ જીવિતનું સાર્થક કહે,
" જહીં નિર્માયું ત્યાં મુજ રુધિર વ્હેવા ગતિ કરે;
" પિતાએ બક્ષેલું ખડ્‌ગ મુજ આ એ જ સૂચવે,
" વિચારો એ આવ્યે બખતર સુધાં યે કસકસે.

" ન કાં ઢોળું તો હું મમ રુધિર એવી રજ મહીં–
" અહીં જેની વિશ્વે કદર કરવા કોઈ જ નહીં?
" ન કો' મારું તેમાં નકી કંઈ હશે હેતુ હરિનો
" અને તેમાં ઊંડે હૃદય મમ સાક્ષી પણ પૂરે.

" હતું જેનું તેને મુજ રુધિર આ સૌ અરપવા–
" ઝનૂની મ્લેચ્છોને રજપૂતપણું કૈં શિખવવા–

" મહા એ હોળીનો શૂરવીર સહે ગેલ કરવા–
" ખપી ત્યાં જાવાને દૃઢ મુજ ઉરે નિશ્ચય હતો.

" ભગિની-માતાનું યવનકરથી રક્ષણ થવા–
" કટાતાં ખડ્ગો ને શિથિલ કરને સજ્જ કરવા–
" હરિ હાથે આપે અતિ મધુર વેળા સુભટને,
" ખપી ત્યાં જાવાનો દૃઢ મુજ ઉરે નિશ્ચય હતો.

" અહીં અત્યારે આ કુદરત તણું પાન કરતાં–
" પ્રભુની લીલામાં હૃદય વહવી મગ્ન બનતાં–
" વિચારો ઘોળન્તુ મુજ મગજ એ એક જ હતું,
" હતું કો' આનન્દે મુજ ઉર સમાધિમય થતું.

" હતો હું વૃક્ષોમાં શૂરવીર તણો નાદ સુણતો,
" હતો હું મૃત્યુનું રમણીયપણું કૈં નિરખતો;
" હતો હું જોતો આ રવિકિરણમાં ખડ્ગ ઊડતાં
" અને દૈવી જુસ્સો ધડધડ થતો'તો જિગરમાં.

" અશાન્તિ, પીડા કે કશીય પરવા કિન્તુ ન હતી,
" પ્રભુ દોરે ત્યાં આ હૃદય વળવા તત્પર હતું;
" પ્રભુ જાણે ક્યાં આ હૃદય દ્રવતું'તું કુદરતે,
" પ્રભુ જાણે શાથી સજળ મમ નેત્રો પણ હતાં.

" તહીં પંખી ઊડ્યું! કંઈક નજરે અમૃત પડ્યું,
" પ્રભુ જાણે શાથી મુજ જિગરપ્યાલું તહીં ઢળ્યું;
" જહાંને જોવાની મુજ ઉરની દૃષ્ટિ ય પલટી,
" પ્રવાસીને નૌકા નવીન વળી કોઈ મળી ગઈ.

" હશે શા માટે મુજ હૃદય આલમ્બ મળવો–
" નવું જોઈ કાંઈ નવીન ધબકારો ઊપડવો?
" પ્રભુ એ કાં આવું મરણસમયે અમૃત ધર્યું–
" પ્રભુ જાણે તેણે વહન મુજ આવું ક્યમ કર્યું?

" હતું મૃત્યુ મીઠું! રુદન કરવું બાલક સમું?
" હવે શું નિર્માયું રુદન કરવું બાલક સમું?
" સખે! ભાઈ! ક્ષત્રીનયન રડતાં તું નિરખશે,
" અરે ભોળા! તેથી તુજ હૃદય શું લજ્જિત થશે?

"હવે હું જાણું છું-રુદન વળી વ્હાલું ક્યમ થતું!
"પ્રભુની વચ્ચે કાં જનહૃદયની ટેક ધરવી?
"પ્રભુ ખોલે ત્યારે નયન શીદને બન્ધ કરવાં?
"અરે! એ ઘેલાં જે પ્રણય નિરખી લજ્જિત થયાં.

"હજુ મૃત્યુ વ્હાલું પણ મરણમાં ના રસ હવે,
"ભરેલાં રક્તે સૌ સ્વપન મુજ હાવાં દૂર થશે;
"દીસે બચ્ચાંના આ ધડમથલના ખેલ સઘળા,
"રમે મૃત્યુમાં એ સમજણ વિનાનાં રમકડાં.

"હવે નિદ્રામાં યે હૃદય મુજ કૈં અન્ય રટશે,
"મૃદુ સૌ સ્વપ્નોની મુજ હૃદયને લ્હાણ મળશે;
"નકી નિદ્રાનું એ પ્રણયી દિલડું રાજ્ય કરતું
"અને એવું મીઠું તખત સહજે મેળવીશ હું.

"અહો! ઔદાર્યોની ઉપકૃતિ તણા ભાવ મધુરા,
"ન જોનારી એવી જગત પર કૈં આલમ વસે;
"વસે છે-જીવે છે-ગતિ પણ કરે ને મરી જતી,
"ન જાણે શું જીવ્યું? રસિક ગતિ શું? ને મરણ શું?

"અહીં કિન્તુ બીજું જગત મધુરું છે રસભર્યું–
"સદા નિઃસ્વાર્થે જે હૃદય અરપીને સુખી થતું;
"સખે! જેની દૃષ્ટિ લશકર હજારો વશ કરે,
"સખે! જેથી યોદ્ધા ખડ્ગ નિજ છોડી પદ પડે.

"અકેકા સૌન્દર્યે નજર કરતાં જે પિગળતું,
"અકેકી દૃષ્ટિથી જગત સઘળું આર્દ્ર કરતું;
"પ્રતિ હૈયું પ્રેમે અમર બનતું અમૃત બની
"પ્રતિ વ્યક્તિ પ્રેમે હૃદય દ્રવતાં જ્યાં પ્રભુ થતી.

"પહેલી સૃષ્ટિનો અનુભવ મ્હને છે હજુ સુધી,
"સખે! ખોયું આયુ હજુ સુધી ઉરે બાલક રહી;
"સખે! બાલ્યાવસ્થા ગત થઈ અને મૃત્યુ જ મળે,
"તહીં એ શું મીઠું, મુજ હૃદય તે ખૂબ સમજે.

"નથી કૈં પસ્તાવો ગત વય તણો આ જિગરને,
"સખે! આ હૈયાને નવ અણગમું વા મરણ છે;

" સખે આ હૈયાની લહરી સુખી સંતુષ્ટ સઘળી.
" બધી છે તૈયારી મરણવશ થાવા ક્ષણ મહીં.

" નવું જોવું છે તે-મુજ નયન ના જોઈ શકશે,
" જતાં મૃત્યુ પાસે અનુભવ નકી એ રહી જશે;
" સખે! એ કાંટો એ મુજ જિગરમાં કૈં ખટકશે,
" છતાં એ કાંટાની પ્રતિ ખટક માધુર્ય ધરશે.

" ન જે કૈં જાણે છે ઉપકૃતિ તણા ભાવ મધુરા,
" ન છે જેની પાસે કદર કરવા સાધન જરા;
" સખે! તેને માટે રુધિર નિજ અર્પી સળગવું-
" મજા શી છે તેમાં? મરણ મહીં એવા રસિક શું?

" વહાવી વ્હેળાંને રુધિરમય આ વિશ્વ કરવું-
" બતાવી બાહુને શૂરવીરપણાને ભજવવું-
" અરે! વા કંટાળી કટુ જગતથી દૂર પળવું-
" સખે! શું તેનાથી મધુતર નહીં અર્પણ થવું?

" સખે! શસ્ત્રો ત્યાગી-જીવન વધુ આશામય કરી-
" સખે! મૃત્યુને એ મધુર ઝળકે રંગીન કરી;
" સખે! નિઃસ્વાર્થે જે હૃદય અરપે, કૈં જ અરપે,
" ઈશારે તેને ના ક્યમ હૃદય આધીન કરવું?

" મજા એ મીઠી તો મુજ હૃદયને સ્વપ્ન સરખી,
" છતાં એ સ્વપ્નું તો મુજ જીવિતની સૌ સફલતા;
" નવું મીઠું કાંઈ મુજ નયન પીતાં પ્રતિ પળે,
" ઘડી-બે દ્હાડા કે જીવિત મુજ આ વા યુગ રહે.

" પ્રભુએ અર્પેલી મધુર ચિનગી વ્યર્થ ન હશે,
" કદી કોઈથી યે કુદરત રમે ના મશકરી;
" પ્રભુની દૃષ્ટિ ના નિષ્ફળ પડી કે ન પડશે,
" પછી મ્હારે માટે ક્રમ ફરી જશે કાં કુદરતી?

" નવો કાંઈ યુદ્ધે મુજ હૃદય આલમ્બ ધરશે,
" નવો હેતુ કાંઈ હૃદયબલનો પ્રેરક થશે;
" નવી મીઠી મૂર્તિ મુજ હૃદય કૈં પૂજી મરશે,
" સખે ઈશે ઈચ્છ્યું નવીન કંઈ તો તે બની જશે.

" આ સ્થાનની કો' નવયૌવનાએ–
" તેની મૃદુ પ્રેમભરી નિગાહે–
" કહી શકું ના પણ કોઈ તેણે–
" નવીન આ સૌ શિખવ્યું મ્હને-સખે!

" આ શીર્ષ તેનું જ થઈ ચૂક્યું છે,
" વ્રણો વિના રક્ત તહીં વહ્યું છે;
" હૈયા તણું સર્વ ઢળી ગયું છે,
" ન જીવમાં જીવ રહ્યો હવે-સખે!

" હવે રુચે ના યશની કથાઓ,
" એ સૌ થયા દૂર જ બાલભાવો;
" પીતું થયું આ ઉર અન્ય લ્હાવો,
" ઘટે સહુ તે સુખથી કહે-સખે!

" ભલે ગમે તો ઠપકો દઈ લે,
" હસી શકે તો સુખથી હસી લે;
" પ્રેરે દયા તો જરી રોઈ વા લે,
" કહી જનારું ક્હી સૌ ગયું-સખે!

" ન દાહ છે કૈં વસમો મ્હને આ,
" રે! વ્યર્થ હૈયું તુજ બાળતો ના;
" શંભુ પરે છે હજુ એ જ શ્રદ્ધા,
" ન કોઈ શ્રદ્ધા દુખણી કદી-સખે!

" સદા સહ્યું તે સુખથી સહે છે,
" આવું સહેવું પ્રભુ સર્વદા દે;
" સૌન્દર્યના સ્નેહ તણાં દુ:ખી તે
" સુખી બીજાંથી વધુ કૈં સુખી-સખે!

" સહુ સ્થળો એક જ હર્ષ આપે,
" સૌ કાલનાં પ્રેમ પડો ય કાપે;
" અહીં-તહીંનો નવ ભેદ પ્રેમે,
" જવું અહીંથી પણ આજ ના – સખે!

" પ્રભુ તણાં દર્શન જ્યાં થયાં છે,
" જ્યાંથી ગ્રહાયાં મૃદુ આંસુડાં છે;

" જ્યાં અન્ધતાના પડદા તૂટ્યા છે,
" તે કાલસ્થાનો પ્રિય પ્રેમીને– સખે!

" આ કૂચ મોકૂફ કરીશ આજે,
" આ સ્થાનમાં કાંઈ ઠરીશ આજે;
" હૈયે મૃદુ કાંઈ ઘડીશ આજે,
"પ્રયાણ કાલે કરશું સુખે– સખે!"

ખભો એ મિત્રનો ટેકી, ઊભો શાન્ત હમીરજી,
સખાની અશ્રુથી ભીની ઢળે છે કંઈ આંખડી;
સુગન્ધી વાયુની લ્હેરી ઠંડી મન્દ વહી જતી,
ચોપાસે માનવીનો કો' આવે ના શ્રવણે ધ્વનિ.

## સર્ગ - ૨
## નિમન્ત્રણ

જે વૃત્તિ ચિનગી સદા પ્રણયમાં દાવા બની મ્હાલતી,
જેની જ્યોતિ અનેક રંગ પલટી લાલી પ્રસારી રહી;
જેની ઉજ્જ્વલતા યથાર્થ સઘળે સંબન્ધ જોડી વહે,
તે વૃત્તિ-ચિનગી તણી મધુરતા આ બીન ગાતું રહે!

*  *  *

ચાલતા સૈન્યને આજે ત્યાંનું ત્યાં ફરી રોકવા,
દુઃખી કૈં મિત્ર યોદ્ધાનો ગયેલો છે પડાવમાં.

અકારણે જે ઉરને ગમેલી,
હૈયા તણા તખ્ત પરે રહેલી,
તે મૂર્તિમાં મગ્ન હમીર થાતો,
બને ફરી સુન્દરનો ચિતારો.

તે નેત્ર ને તે મુખની સુરેખા.
ભાવો સહુ જે હૃદયે ઘડેલા,
પ્રત્યેક તે છાપ ઊઠી રહી ઉરે,
પ્રત્યેકમાં સાધી રહ્યો સમાધિ.

વૃક્ષે, લતા, પુષ્પ, સમીર, વારિ,
વિશાલ ભૂરું નભ જે ઝૂમી રહ્યો,

આ વિશ્વ આખું બનતું પ્રવાહી,
સ્વીકારવા છાપ ઉદાર સર્વ તે.

બ્રહ્માંડ પ્રેમી નિરખે પ્રિય વસ્તુ માંહીં,
બ્રહ્માંડહર્મ્ય તણી એક જ પ્રેમ ચાવી;
તાળું ઊંડા ઉરનું એક જ ખોલતામાં
ભાગોળ વિશ્વ તણી સૌ જ તૂટી પડે છે.

પૂરો વિશ્વ તણો મહાન રસ કો' જે નેત્ર પામી શક્યાં,
તેને વિશ્વ તણા સહુ ય રસમાં છૂટી સદા મ્હાલવા;
જે હૈયે સઘળું ય વીરરસમાં રેડ્યું હતું રક્તને,
તેને આ કરુણા તણા જલધિને જાવું તળે સ્હેલ છે.

સફલ ઘડીઓ આવી કિન્તુ અનેક ન સાંપડે,
અમર બનવા આવું પૂરું સુધા ન મળી શકે;
તરુણ પ્રણયી! ત્હારે માટે હજો જરી દીર્ઘતા,
તુજ હૃદયમાં આવી લ્હેરી ધરો સ્થિરતા જરા.

પરન્તુ કોણ છે ઊભું સામે ટેકરી ઉપરે?
આકૃતિ દૂરની એ કૈં જુદા ભાવ ઉરે ધરે.

પાષાણની કોઈ શીલા પડી ત્યાં,
પાસે પડ્યા કંટક થોરના છે;
અહીં-તહીં પિંજર હાડકાનાં
પડી રહ્યાં કૈંક પશુ તણાં છે.

વૃક્ષો પરે લાલ ત્રિશૂલ ભાસે,
સિન્દૂરના સર્પ દીસે વળી કૈં;
નીચે સૂકાં ખેતરના પથારા,
કને જ મ્હોટો પટ ક્ષારભૂમિનો.

કરે ત્યાં ડોકિયાં છાનું ક્યારનું મુખ શ્યામ તે,
અને એ લાલ આંખો કૈં અંગારા સરખી ઝગે.

લાંબી સિસોટી તહીંથી સુણાતી,
સામી સિસોટી દૂરથી ય થાતી;
પક્ષી ય સૌ ચૂપ થતાં ઘડીક,
વાયુ વહે છે ફરી શાન્ત શાન્ત.

સમળી કોઈ ત્યાં ઊડે લાંબી ચીસ કરી કરી,
લાગતાં તીર પાંખે કો' સામા તીર પરે પડી.

સરસ શુકન જોઈ આદમી તે હસે છે,
નયન કરી ઈશારો કોઈને તે બતાવે;
કુદરત પણ એથી લાજતી કૈં દીસે છે,
રવિ ઉપર છવાતી વાદળી એક કાળી.

સરરર સૂસવે છે એક બીજી સિસોટી,
ખળખળી તહીં ઊઠે ભીલની એક ટોળી;
ઝળહળ ઝળકંતાં તીરનાં કૈં ફળાંઓ
સરતટ પર ચારે બાજુથી દોડી આવે.

શું વાદળીના કટકા થઈને,
ઉપાડતા વિદ્યુત દોડી આવે!
પાષાણ વા આ ગિરિશૃંગના સૌ,
વર્ષાવતા હિમનું ઝાપટું શું?

દોડતા આવતા ભીલો વીંટી લેઈ હમીરને,
બોલતા બૂમ પાડીને "મૂકી દે હથિયારને."

જે લોકો-પશુઓ-શરીરબલને પ્રાધાન્ય આપી જીવે-
જેઓ આજીવિકા મહીં જ સઘળું આ ઝિંદગીનું ગણ–
પોતાનું સ્થૂલ પોષતાં હૃદય જે પોષ્યું ગણે વિશ્વને-
ઢાંકી સ્વાર્થ વડે સદા નયનને જે આયુ પૂરું કરે-

તેઓ રાક્ષસ અન્યનું જ ઝૂંટવી ખાતાં સદા રીઝતા,
પોતાના વ્યવહારની સફલતા તેમાં જ તે માનતા;
તેનાં આજીવિકા મહીં જ નયનો પૂરાં શકે છે ઠરી,
તે ઉચ્છિષ્ટ પદાર્થને જ પ્રથમે તે આંખ નિહાળતી-

ભાવો અન્ય મહીં કદી નયન એ ના ના ઊડે આંધળાં,
એવા પામર જીવડા જગત આ જોઈ કદી ના શક્યા;
નીતિમાર્ગ ત્યજી રહે હૃદય એ આજીવિકા પામવા,
તેની પ્રાપ્તિ પછી સદા ય સહજે નીતિ ય તે પાળતા-

તેને જીવિત રક્ષવાથી અધિકી ના ના અપેક્ષા કશી,
તેથી કાર્ય પરાર્થનાં ચલવવા પામ્યા બલે કૈં નથી;

નિન્દા વા સ્તુતિથી ય તે હૃદયના તારો નહીં કમ્પતા,
ઓહો! આ અસુરો હજુ જડ થકી થોડા જ કૈં છે વધ્યા.

જ્યારે આ જડનાં કઠિન પશુઓ ઘેરાઈ જાતાં કદી-
જ્યારે શૌર્ય તણા મહાન કરમાં આવી જતાં કોઈ દિ'-
ત્યારે તે શકતાં સમાન બલને નાસી જતાં દાખવી,
સ્ત્રી પાસે નિજ એ પરાક્રમ તણી શ્લાઘા કરે છે વળી.

તેઓના દૃઢ શ્યામ સૌ અવયવે એ સ્થૂલ લોહી વહે,
તેનાં બાલક કૈંક દીર્ઘ યુગથી એ રક્ત પામ્યાં કરે;
તેની દેવી ય માંસ ને રુધિરમાં તૃપ્તિ સદા માનતી,
જેને એ તલવાર બાલક તણું લોહી કૂણું હોમતી.

ક્ષત્રી ઊભો આ રણવીર આંહીં,
નેત્રો ઠરી ત્યાં મુજ જાય છે કૈં;
ન તાર તૂટ્યો હજુ પ્રેમનો છે,
હજુ ય ખડ્‌ગે કર એ ઠર્યો છે.

કો' ધૈર્યના ઉગ્ર મહાન સિન્ધુ,
શાન્તિ તણા કો' દૃઢ પ્હાડ મેરુ,
વા હર્ષના કો' સ્થિર કેન્દ્ર જેવું
હૈયું દીસે કૈં યુગથી ઘડેલું.

એ વૃત્તિને ધારી રહેલ અંગો,
એ ભાવને દાખવતાં દીસે છે;
એ ધૈર્ય એનું સ્મિત એ હસે કૈં,
વીરત્વમાં વીર દીસે તરંતો.

ક્ષત્રિત્વને જીવન માનનારું-
પરાર્થમાં ખડ્‌ગ ઉપાડનારું-
બ્રહ્માંડનો વિક્રમ ધારનારું-
નસેનસે રક્ત વહી રહ્યું છે.

જે વિષ્ણુના બાહુ થકી વહેલું-
ઉદાત્તવૃત્તિ ગૃહી ઊતરેલું-
જેને સુધા ચંદ્ર થકી મળેલું-
તે રક્તનું ભૂષણ આ દીસે કો'.

આ સિંહ જે જાતિથી ઊતરેલો,
જે ભવ્યતામાં જ સદા વસેલો;
તેમાં ય જુદો જ કંઈ વટીલો,
પિછાન તે આકૃતિ સર્વ આપે.

તે અંગનાં ભૂષણ શસ્ત્ર સર્વે,
તે કન્યકાના ઉરમાં વસ્યાં છે-
આ ભીલની લાલચ કૈં બન્યાં છે,
આશ્ચર્ય કે કૈં નવું નહીં એ.
સૌ ભિન્ન વૃત્તિ-સહુ ભિન્ન દૃષ્ટિ,

ઊંચા-નીચા કૈંક અનેક હેતુ-
બ્રહ્માંડના ચક્રની ભિન્નતાને
સૌન્દર્યનો મોહ સમાન કાંઈ.

* * *

સાંભળી બોલ એ તીખો મૂકી દે હથિયારને-'
ફરી કૈં જાય છે જુદું લોહી એ મુખ ઉપરે.

એ જાય હસ્ત ઉછળી નિજ ખડ્ગમૂઠે,
એ વીજળી ધગધગી ફુફવાટ દે છે;
એ ખડ્ગબિંબ ધ્રૂજતા જલમાં છવાતાં,
અંગારથી ધખધખ્યું સર એ દીસે છે.

શું આજ ક્ષત્રિ પર પામર આમ આવ્યા?
શું એક સિંહ પર વાનર લાખ ફાવ્યા?
એ યોધનું વદન એ જ વિચાર બોલે,
એ યોધનાં નયન એ જ હસી રહ્યાં છે.

વીરત્વથી પુલકતાં સહુ અંગ અંગો
એ ખેલવા રમત તત્પર હર્ષ સાથે;
જ્યાં જ્યાં પરાક્રમ તણો પ્રિય સાદ થાતો,
ત્યાં સજ્જ છે હૃદય વીર તણું સદા એ.

ક્ષણમાં રક્ત એ ઊનું હૈયામાં ધગતું હતું,
ક્ષણમાં શાન્ત જુદું કૈં એ હૈયે દ્રવતું બન્યું.

અહો! એ કો' જેણે નિજ હૃદયનું અર્પણ કર્યું,
હર્યું મીઠી લૂટે નિજ હૃદય જેણે પલકમાં-

છબિ એ જાગે છે ફરી નયનને આર્દ્ર કરતી,
વહે પાછી લ્હેરી સદય અનિલે એ શઢ ભરી.

નિઃસ્વાર્થ ક્યાં હૃદયઅર્પણ એ રસીલું?
ક્યાં મોહની સભર એ દરિયાવ જેવી?
બાલાની એ રસિક ક્યાં ઉપકારવૃત્તિ?
ક્યાં ઉચ્ચ એ જિગરતખ્તની બાદશાહી?

આ ક્યાં શરીર પરનું ય લૂટી જનારા-
વિશ્વે સદા અધમ આમ જ ઘૂમનારા-
અન્ધાર આ જગતનો હૃદયે પીનારા?
આવો વિરોધ નિરખી નયનો હસે એ.

ખુલ્લી થઈ ચમકતી અસિ હાસ્ય આપે
ને મ્યાન ખડ્ગ કરવા કર એ વળે છે;
છોડી દઈ કમરબન્ધ અને અસિને
વ્હાલું દરેક હથિયાર નીચે ધરે છે.

જેનો સ્વભાવ નવ પીઠ બતાવવાનો-
જેનો સ્વભાવ નવ શીષ નમાવવાનો-
તે પ્રેમથી હૃદય મીણ થઈ જઈને,
હા-નોતરે સહુ ય આયુધ લેઈ જાવા!

બાલાની મુગ્ધ રતિને ધરનાર હૈયે
જાદુઈ એ રસભરી છબીની સ્મૃતિમાં
જે દૃષ્ટિ છે સબલ સર્વ બચાવવાને
તે નોતરે સહુ ય અયુધ લેઈ જાવા!

જે ખડ્ગનો અસુર ત્રાસ ધરી ધ્રૂજે છે-
જે ખડ્ગનો સુર સહુ ઉપકાર ગાતા–
તેનો જ બાલપણનો ત્યજી મિત્ર તેને
આજે કૃપા અવર યાચતી આ કરે છે!

જે આ પ્રવાસ તણી અર્પણની ઘડીમાં
સંસારસંપદની પુણ્ય કૃતાર્થતા છે-
તેથી વિમુખ હતભાગી ઉરો નિહાળી
હૈયું મહાન હસતાં અનુકમ્પતું કૈં.

એ યોધનું હૃદય કૈં વહને પડ્યું છે,
એ મૂછ કાંઈ ફરકી હસવા ચડે છે;
ભીલો ભણી નયન શાન્ત રસાલ ચોટે,
ઉચ્ચાર કાંઈ કરતું મુખ એ દીસે છે:

" ઓહો! કો' સદ્ભાગ્ય આજ તમને લાવ્યું ઉપાડી અહીં!
" ઓ ભોળા મુજ ભાઈઓ! હરખજો સૌ આજ ફાવી જઈ!
" ગોહેલો સુણવા કદી ય તમને ના ના પ્રસંગો મળ્યા!
" ક્ષત્રિના સમશેરને નિરખવા ના કાળ આ યોગ્ય વા!

" આજે કો' ઇતિહાસનો દિવસ આ મ્હોટો તમે માનજો!
" ક્ષત્રિનાં હથિયાર આમ મળતાં ફૂલાઈ ના ના જજો;
" આવાં સાહસથી હવે જીવિતને દૂરે સદા રાખજો,
" ભોળા! લૂટ મહીં હવે અનુભવી કાંઈ વધારે થજો.

" અત્યારે તલવારથી રુધિરને ઇચ્છા નહીં ઢોળવા,
" કો' પ્રાણી પર આજ કૈં ઊપડવા નારાજ છે હસ્ત આ;
" મ્હારા ખડ્ગ વતી જીવાડી શકું તો ઇચ્છા જ જીવાડવા,
" આ લોહા સઘળું ય ત્યાં હૃદય આ તૈયાર છે અર્પવા.

" આ હોમાઈ જતી જહાં પ્રતિ પળે મૃત્યુ તણા મ્હોં મહીં-
" તેને પોષણ આપવા અમર કો' મીઠી વહે વીરડી;
" તેનું પાન કરી અહીં હૃદય આ આજે હતું મ્હાલતું,
" કોઈને ય બચાવવા મગજ આ વિચાર છે ઘોળતું.

" આ મ્હારી તલવાર, આ હૃદયનું વીરત્વ ને શૌર્ય આ,
" ને ક્ષત્રીવટના પરાક્રમ તણી ચાલી જતી નીક આ-
" એ સૌથી ઉર માત્રથી જગતને જે કો' બચાવી શકે,
" તેમાં પૂર્ણ વિશેષ કંઈ પ્રભુતા દૈવત્વ કાંઈ દીસે.

" ભાઈ! આ સમશેરથી નવીન કૈં શીખાય તો શીખજો,
" હા! તેના ઉપયોગમાં તમ ઉરો કાંઈ વિશાળાં થજો;
" ક્ષત્રિની પ્રિય જોગણી ગૃહ મહીં રાખી સદા પૂજજો,
" ને આ ખડ્ગ ઉપાડવા હૃદયથી કૈં કેળવાતા થજો."

વેગડો ભીલનો રાજા આવે પાસ હમીરની,
વૃદ્ધ એ આકૃતિ ભાસે જુદી કૈં સહુ ભીલથી.

મૂછો અને શીષ સહુ રૂપેરી
કૈં પ્રૌઢ, કૈં ગંભીર, શાન્ત ભાસે;
તોફાન કૈં ના મુખમાં લિસોટા
વાતો કહે છે ગત ક્રૂરતાની.

છે કાળથી પાઠ કંઈક લીધો,
છે મૃત્યુમાં આંખ હવે ઠરેલી;
રે રક્ત પ્યાલો બહુ યે પીધેલો,
પીવા હવે તે થઈ કૈં અરુચી.

તોફાનમાં સર્વ વીતેલ આયુ
વીતી ગયું સ્થૂલ જ પોષવામાં;
કાળે કર્યો છે પણ કૈં ઘસારો
હૈયા પરે કોમલતા તણો એ.

કૈં કાળથી ઝાલિમતા બજાવી,
નીકો કંઈ રક્ત તણી વહાવી;
જે કૈં કર્યું તે સહુ પૂર્ણ કીધું,
તૃપ્તિ તણું રાજ્ય દીસે લીધેલું.

સૌ ભિન્ન વૃત્તિ- સહુ ભિન્ન દૃષ્ટિ-
ઊંચી નીચી કૈંક ગતિ જનોની-
સંસારના ચક્રની ઉગ્રતાઓ
તૃપ્તિ પછી શાન્ત ઉદાર થાતા.

ટોળી તણું રાજ્ય ચલાવવાને
ધીમે ધીમે નાયક એ થયો'તો;
કૈં ઉચ્ચતાહીન સ્વભાવ કોઈ
સત્તાતણું તખ્ત સ્વીકારતું ના.

લૂંટે જ છે ઉત્કટ અંગ કીધાં;
લૂંટે જ અંગો દૃઢ છે રહેલાં;
ના કૈં હજુ રક્ત વિના રુચે છે,
લૂંટે હજુ તત્પર હસ્ત એ છે.

કિન્તુ બલે જે કંઈ પ્રાપ્ત થાતું,
તેમાં હતો એ સ્થિર ભાવ કીધો;

વિના પ્રયાસે મળતું હતું જે
કૈં ભાવ કે લોભ થતો ન તેમાં.

હતો વળી આશ્રમધારી કાંઈ,
વ્હાલાં હતાં એ ઉરને થયાં કો;
જે કૈં મળે આશ્રમને નિવાસે
આનન્દ તેને મળતો હતો તે.

પ્યારો હતો તે ઉરને અતિથિ
તેને સદા આદર આપતો તે,
એ વજ્ર હૈયું તહીં આર્દ્ર થાતું
ને આર્દ્રતા એ રુચતી હતી કૈં.

જે કોઈ તેના બલને સપાટે
સામે થઈ ટક્કર ઝીલતું'તું,
વા કોઈ તેને સપડાવતું'તું,
તેના ભણી માનની દૃષ્ટિ થાતી.

શોભાવતું જે હથિયાર તેને
ખ્વાહેશથી તે કરતો અતિથિ;
સમાન ભાવો જરી સ્પર્શતામાં,
પ્રીતિતણી જાગ્રત જ્યોતિ થાતી.

જે શાન્તિથી દૃઢ તહીં રજપૂત ઊભો,
વીરત્વનો મુખ પરે સ્થિર વાસ જે છે;
જે ઉગ્ર શક્તિ રુધિરે વહતી દીસે છે,
તે વેગડો સહુ ય જોઈ શક્યો હતો કૈં.

પોતા સમા ઝપટના કરનાર સામે
જે બેતમાઈ મુખ દાખવતું હતું એ;
જે શૌર્ય, ધૈર્ય હૃદયે ઝળકી ઊઠ્યાં'તાં,
તે નેત્ર એ સહુ ય જોઈ શક્યાં હતાં કૈં.

જે મિષ્ટ બોલ સ્મિતથી જ યુવાન બોલ્યો,
ઉત્કૃષ્ટતા હૃદયની સમજ્યો તહીં કૈં;
જે ભાવથી ખડ્ગ ભૂમિ પરે ધર્યું'તું,
તેમાં શક્યો, નિરખી એ ઉરનો પ્રભાવ.

માહાત્મ્ય જે નિજ કરે વસતું હતું, ને
જે મેળવી નિપુણતા બહુ વર્ષ વીત્યે;
તેને હતો ઉચિત કાળ નિરૂપવાને,
આ એકથી જ બલને અજમાવવામાં.

જ્યારે, પરન્તુ, હથિયાર ત્યજી ઊભો તે
ને નોતર્યો ભૂષણ સર્વ ઉતારી લેવા;
તે તો પ્રસંગ તહીંથી જ રહ્યો હતો ના,
વીત્યો હતો સમય ખડ્ગ ઉપાડવાનો.

જેમાં હતું હૃદયશૌર્ય ભજાવવાનું,
હૈયે હતું નવીન જ્યાં કંઈ શીખવાનું;
ભાસ્યાં સહુ ભૂષણ યત્ન વિના મળ્યાં તે,
એ લૂટમાં કશી ય લિજ્જત ના રહી'તી.

'કો' માનવીજીવન ખાતર પ્રેમ અર્થે
છે યોગ્ય રક્ત મહીં ખડ્ગ ઝબોળવાનું'–;
એવી જ એક દૃઢતા ઉપરે ઊભો જે,
તેને જ યોગ્ય સહુ એ હથિયાર ભાસ્યાં.

ભીલો તણો લૂટ મહીં સરદાર થાતાં,
ભાસ્યો થતો અતિથિને પણ લૂટનારો;
જે ઉચ્ચ સ્થાન ઉરથી વિહરી શકાયું,
ત્યાંથી ગમે ન પડવું કદી કોઈને યે.

વળી જે આંખની મીટે ના ના ભીલ સહી શકે,
હસ્ત એ અંગની સામે શી રીતે ઊપડી શકે?!

કાંઈ આર્દ્ર થતો હવે હૃદયથી એ ભીલ નીચે નમે,
લેઈ ભૂષણ, અસ્ત્રશસ્ત્ર સઘળાં દેતો ફરી યોધને;
જેને લેઈ જવા નિમંત્રણ હતું આભૂષણો સર્વ એ,
તે આમન્ત્રણ આપતો હમીરને થાવા અતિથિગૃહે.

"નહીં આજે મ્હારું પતિત ઘર શું પાવન થશે?
"પ્રવાસી આવાનું પૂજન કરી કાં ભીલ ન શકે?

"અહો શૂરા! આજે ઘટિત નવ આ સ્થાન તજવું,
"અમો આવાને યે ઘટિત નવ ઠેલી વહી જવું.

"દીવાળીના જેવો અમ નગરમાં ઉત્સવ થશે,
"અમારા ભીલોને રજપૂત તણાં દર્શન થશે;
'પ્રવાસીનો આંહી જરૂર કંઈ થાકે ઊતરશે,
"વિસામા માટે એ ક્યમ ન મુજ ઘેરે અટકશે?

"હવે તો આજ મધ્યાહ્ન ધોમ આ તડકો ધખ્યો,
"આજ તો દૂર આંહીંથી જાવાનું નવ નામ લ્યો.'

સાનન્દઆશ્ચર્ય હમીર ઊભો,
એ ભીલના ભાલ નિહાળતો કૈં;
એ લૂટનારા પર આર્દ્ર હૈયું
સ્નેહે ભર્યું કાંઈ વહી રહ્યું છે.

તે ભીલને કાંઈ વિશેષ જોવા
ઔત્સુક્ય છે નેત્ર મહીં તરન્તું;
તે સ્થાનને કાંઈ વિશેષ જોવા
મોજું વહે છે હૃદયે કૂદન્તું.

તે સિન્ધુમાં તે તરતી છબીલી,
મુક્તાભરી ઊઘડી છીપલી શી!
જ્યોત્સ્ના મહીં વિદ્યુતના પ્રકાશે,
તે યોધ પ્રેમે દ્રવતો રહે છે.

જે ઘાટમાં એ લલના નિહાળી,
તે ઘાટ પાસે જ હજુ ય રૂહેશે;
ન યોધને કૈં જ ત્વરા જવાની,
તે સ્થાનમાં કાં નવ ઠેરશે તે?

તે સ્વર્ગ-તે સુન્દરના પ્રદેશો,
તે પ્રેમભીની દીસતી લતાઓ;
પ્રત્યેક જ્યાં પર્ણ દીસે રસીલું,
ત્યાં પ્રેમને સ્વલ્પ ક્ષણો યુગો એ.

છે નેત્ર ભીલે, ઉર કામિનીમાં,
છે જાગ્રતિ કાંઈ સુષુપ્તિ જેવી;
યત્ને ફરી ચેતન મેળવીને,
**હમીર** સત્કાર સ્વીકારી લે છે.

"હું તો મૃત્યુ તણો મુસાફર બની દોરાઈ જાનાર છું.
"એ મીઠો દિન આજથી જ નજરે પ્રેમે જ જોનાર છું;
"ત્યાં વા જ્યાં લઈ જાય ભાવિ મુજને ત્યાં ના અરુચિ મ્હને,
"કોઈ એક દિશા પરે નયન આ ના ઠારવાનાં મ્હને.

"આ મ્હારા સમશેરનો સમય તો છે દૂર કાંઈ હજુ,
"આવું આ સ્થળ છોડવા હૃદયને ના કૈં ત્વરા છે હજુ;
"ભાઈ! હું સુખથી કરીશ સ્થિરતા આજે તમારી સહે,
"જોતાં ભીલ તણી વિચિત્ર નગરી આનન્દ થાશે મ્હને.

"ઠેલશે મૃત્યુમાં યે ના સ્નેહી આદર સ્નેહનો,
"નિર્ગુણી હું સમાને તો કાળનો હોય લોભ શો?"

## સર્ગ ૩
## મિજમાની

જે જે ઉત્સવની મહાન ઘડીઓ દેવો કરે દૈત્યને–
જ્યાં જ્યાં સંકુલતા ત્યજી જગ ગ્રહે એકાગ્ર ઓચારને–
જેથી સંગતિ- સંપ-પ્રેમ તરફે જાતું વળી માનવી–
તે તે ઉત્સવની મહાન ઘડીઓ આ બિન ગાજો સ્મરી.

સ્વીકારી નોતરું જાતો પડાવે ફરી યોધ એ,
થાબડી અશ્વને હેતે તંબુ બ્હાર જરા ઊભો.

હુક્કા તણી ત્યાં વરદી અપાતી,
હજુ કસૂંબો ગળણી મહીં છે;
પાસે પડી નાજુક વાટકી કૈં-
જેમાં ઝરે લાલ અફીણ ધીમે.

એ મિત્ર શૌર્ય-રજપૂત તણો કસૂંબો–
જે છે સદા ય હરકંઠ મહીં વસેલો–
જેની સુકીર્તિ હજુ ક્ષત્રિ સહે ગવાતી–
તેનો નવો જ હજુ ભક્ત હમીર થાતો.

જેને જુવાની મહીં વૃદ્ધ થવું ગમ્યું છે,
જેને રણે રુધિર સર્વ જ અર્પવું છે;
તે મિત્રની નવીન અંજલિઓ મહીં છો
એ ફૂટતી જ નિજ મૂછ સુખે ઝબોળે.

બખતર ઉતરાવી સ્વસ્થ એ યોધ થાતો,
હૃદય ફરી મધુ એ સ્વપ્ન માંહીં ચડે છે;
નિજ ઉર વસનારી તે જ ને તે જ વાતો
ફરી ફરી ફરી પ્રેમે મિત્ર સાથે કરે છે.

* * *

વેગડો જાય છે પાછો પોતાના ગઢમાં અને
કિલ્લા ને ગામ માંહેથી બોલાવે સહુ ભીલને.

તે રાત્રિએ ભોજન સાથ લેવા
સૌ ભીલને સ્નેહથી નોતરે તે;
આજ્ઞા કરે છે શણગારવાને
કિલ્લો અને ગામ ઉતાવળેથી.

દોડી ગયા ભીલ અહીં તહીં સૌ
ને ગામમાં વાત હજાર ફેલી;
શોભાવવાને નિજ હાટડાં ગૃહો
લાગી ગયાં છે સહુ કાર્ય માંહીં.

હુક્કો લઈ હાથમાં મહીં રૂપેરી
હર્ષે ફરે નાયક ભીલનો તે;
સંધ્યા તણી રાહ નિહાળતો કૈં
ઔત્સુક્યથી સૂર્ય ભણી જુવે છે.

ધીમે ધીમે કિરણ રવિનાં કાંઈ પીળાશ ધારે,
ઠંડી થાતી અનિલલહરી બાગમાં શાન્ત ચાલે;
લાંબી પાંખો કરી કરી શુકો ખાય છે કૈં બગાસાં,
છાયા છોડી ગગન ફરવા થાય છે સાદ મીઠા.

નિદ્રામાંથી ઊઠી ઊડી હવે જોડીઓ લાખ ઊડે
ને બચ્ચાંને ચળ કરી હજુ ચંચુથી કૈં સુવારે;
કુંજોમાં તો બુલબુલ તણાં ગીત ફેલાઈ જાતાં
ને ન્હાનાં એ ઉદર પણ સૌ કાંઈ માગે ફરીથી.

જે અર્પતો સૂર્ય ઊઠી સહુને,
તેનું જ તે અર્પી સૂવા ઢળે છે;
ઉત્સાહ જે જન્મ થાતાં જ દેતો
ઉત્સાહ તે મૃત્યુ થતાં ય દે છે.

ધીમે ધીમે ગગનપડદે લાલ ભૂકી છવાતી,
ડૂબ્યો ગોળો ઝળહળ થતો પંખીડાને ગવાડી;
સૂતો ભાનુ પણ હજુ તરુ ગીત ગાતાં સહુ છે,
વિહંગોને હજુ રવિ તણું તાન લાગી રહ્યું છે.

અર્પે હાવાં નવીન મધુરું અષ્ટમીનો શશી આ,
છેલ્લાં કૂણાં રવિકિરણને ઝાંખવા અભ્ર આવી;
મીઠી ઠંડી શિશિર ઋતુની વાયુની લ્હેર વ્હેતી,
પુષ્પો સૂતાં, તરુ સૂઈ જતાં, પક્ષીઓ શાન્ત થાતાં.

રૂપેરી કૈં મશાલો ત્યાં ચોગાને સળગી ઊઠે,
દીવાની હાર એ કાંઈ વાતો તારકથી કરે.

હમીરજીને લઈ આવવાને
ચાલ્યું હવે મંડલ આ બજારે;
કૈં ઢોલ-ત્રાંસાં શરણાઈ વાગે,
અશ્વો કૂદે ભીલ તણા અગાડી.

વચ્ચે જ સૌરાષ્ટ્ર તણા કૂદંતા
દોરાઈ બે કુંતલ અશ્વ ચાલે;
કાંઠા સુનેરી ચળકે મશાલે
ને ઘાંસીએ ઘૂઘરીઓ ઝણેણે!

ટાઢી કો' ઘોડલી માથે ધીમેથી ગઢવી ચડે,
સામૈયાના મુખીની તે આકૃતિ પુલકે સ્મિતે.
વૃદ્ધ છે પુષ્ટ છે અંગો-તીખી આંખ છતાં હજી
સંસારી ભેખડો સામે સજ્જ છે લડવા નકી.

ક્ષત્રિ મહીં જન્મ થકી વસેલો–
ક્ષત્રિ તણાં અન્નથી ઊછરેલો–
ક્ષત્રિ તણાં યુદ્ધ મહીં રમેલો–
સૌ રીતિઓ ક્ષત્રિની જાણતો આ.

દોરી નાયકને ગૃહે નિજ કરે એ દોરનારો હતો,
લૂટારા ગૃહને અમીર ગૃહશું એ રાખનારો હતો;
પોતાના સરદારની સ્થિતિ બધે સંભાળનારો હતો,
સાચા ચારણ જેમ ચંચળ અને ઉત્સાહી ડાહ્યો હતો.

તંબુ કને તે ઊતરી પડે છે,
તંબુ મહીં તે પગલું ભરે છે;
ગાદી પરે જોઈ હમીરજીને
વખાણ તેનાં લલકારતો તેઃ–[1]

"જો જાણત તુજ હાથ સાચાં મોતી વાવશે
"વવરાવત દિ'–રાત તો તુંને! દેપાળદે![2]

"ખળભળ મીઠું ખીર ગેમલ આંગળીયે વહ્યું!
"શોષી આપ શરીર ચારણ પોષ્યો ગોહિલે![3]

"અંબરનું દઈ દાન જલઅંબર સાંગે ધર્યાં!
"જોવા તેને ભાણ ઊભો થંભી આભમાં![4]

"સાજી અમિત ઉદાર દેતો દાન દુકાળમાં,
"સાપ સુવર્ણી હાર જેનો કર અડતાં બન્યો![5]

---

૧ રિવાજને અનુસરી ગઢવી મળતી વખતે હમીરજીની નહિ પણ તેના વડીલોની કીર્તિ નીચે પ્રમાણે ગાય છેઃ–

૨ એવી કથા છે કે દેપાળદે ગોહેલ એક દિવસ પોતાના દેશમાં ફરતાં કોઈ ચારણને એક જ બળદથી વાવણી કરતો જુએ છે. પ્રશ્ન થાય છે– "એક જ બળદ પર આટલો ઝુલ્મ શા માટે?" કડક ઉત્તર મળે છે– "બહુ દયાળુ તું હોય તો બીજો બળદ તું જ થઈ જા." કાંઈ પણ બોલ્યા વિના દેપાળદે પોતાને ખભે ધૂંસરી મૂકે છે અને બળદ સાથે કામ કરવા લાગે છે, બીજો બળદ મંગાવી લે છે, તે આવી પહોંચતાં ચારણને આપી ગોહેલ પોતાના નગરમાં જાય છે.

કાપણીનો સમય આવે છે ત્યારે જેટલા ચાસ દેપાળદેએ વવરાવ્યા હતા તેમાં અનાજ પાકવાને બદલે સાચાં મોતી નીકળી આવે છે. એવું આશ્ચર્ય બનતાં ઉપલા સોરઠાની મતલબનું ચારણ પોતાના રાજા પાસે જઈ કહે છે.

૩ નિર્જન વનમાં કેટલાક દિવસ કોઈ ચારણ સાથે ગાળવાનું બનતાં ગેમલજી ગોહિલે પોતાની આંગળી ધવરાવી ચારણનું પોષણ કર્યું હતું.

૪ જેની યાચના થાય તે આપી દેવાની ટેકવાળા સાંગાજીએ એક દિવસ સ્નાન કરતાં બધાં વસ્ત્ર કોઈને આપી દીધાં. નદીમાં નગ્ન બેસી રહેવું પડ્યું. તેટલામાં કોઈ મહેમાનો આવે છે અને હાથ ઝાલી બહાર તાણી લે છે. બિલોરી વસ્ત્ર શરીર પર વિંટાયું દીસે છે. બીજું વસ્ત્ર પહેરે છે એટલે પેલું જલાંબર જળ થઈ જઈ જળમાં ભળી જાય છે.

૫ દુકાળમાં એક દિવસ ઘરમાં કાંઈ જ ખાવાનું ન હતું ત્યારે સાજીને ત્યાં કેટલાક ચારણો મહેમાન થાય છે. આપઘાત કરવાનો મનમાં સોલો ઊઠે છે, એટલામાં એક સરપ બાજરીની કોઠીમાં જતો દેખાય છે. સાજી તેમાં હાથ નાખે છે તો એક સોનાનો હાર હાથમાં આવે છે.

"ખેતર વાવી રેત! ઊગ્યાં તુંબાં સામટાં!
"તેમાં ઘઉંની રેલ સોનક ભક્ત તણે ખળે!"*
ગઢવીને બથે ભેટી મળે યોધ ઊભો થઈ,
બારોટે હસ્ત જોડીને ચાલવા વિનતી કરી.

બારોટજીને નિજ દેઈ હુક્કો
તેથી જરા સ્વસ્થ થવા કહીને,
હમીરજી સજ્જ થવા ત્વરાએ
ગયો કનેની લઘુ રાવટીમાં.

નોકરો-ચાકરો સર્વે ઊભા સજ્જ થઈ જઈ,
મિત્રની સાથ આવે છે પ્હેરી વસ્ત્ર હમીરજી.

છે શ્વેત વસ્ત્ર સહુ અંગ પરે ધરેલાં,
આછી ઝીણી ટિબકી પાઘ પરે સુનેરી;
કેડે ઝૂલે કમરબંધ નીચે પછેડી
ને ખડ્ગ હસ્ત મહીં નાજુક સર્પ જેવું.

જેને ઉરે રસિક છે લલના રમંતી,
જે પ્રેમથી હૃદય ત્યાં દ્રવતું સદા એ;
તે નેત્રમાં પ્રણયહેલી રહે વહંતી,
દેદિપ્યમાન રસ ભાલ પરે ઝગે છે.

ગંભીર એ વદન પૂર્ણ પ્રસન્ન ભાસે
ને ધૈર્ય નેત્ર તણું ધ્રુવ સમું દીસે છે;
તે ચાલ, તે વદન, તે સ્મિત, બોલ તેના
જોઈ રહે ગઢવી કાંઈ ઉમંગથી સૌ.

એ મિત્ર બેય ઊભી કુંતલ અશ્વ પાસે
એ થાળ ઊડતી પરે કર ફેરવે છે;
આરૂઢ થાય-ગઈ વિદ્યુત જેમ ચોંકી
ને અશ્વ પાંચ-દશ તીવ્ર ફલંગ દેતા.

જે શસ્ત્ર શત્રુકરનાં વિજયે મળેલાં-
જે પામતાં રુધિરનીક કંઈ વહેલી-

---

* સોનકજી ગોહેલ મહાન્ ભક્ત હતો. એક દિવસ ઘઉંનું ગાડું ભરી ખેતર વાવવા જતો હતો. માર્ગમાં સાધુની એક મંડળી મળે છે તેને ઘઉં બધા આપી દે છે. રેતીથી ગાડું ભરી લે છે અને રેતી વાવે છે. તેમાંથી તુંબડીના વેલા ઊગે છે. તુંબડાં પાકતાં તેને ખળામાં એકઠાં કરે છે અને તુંબડાં ફોડતાં પુષ્કળ ઘઉં નીકળી પડે છે.

જેને ત્યજી હજી અરિ શરમિંદ થાતાં-
તે ક્ષત્રિ કોઈ લઈ યોધ પછાડી ચાલે.

સૂઈ ગયેલ રજપૂતી જગાવવાને-
સૌ વીરને ચમક ક્ષત્રીની આપવાને
ઉત્સાહ સ્થાન પ્રતિ ઉપર પ્રેરવાને
નિશાની યુદ્ધ તણી યોધ સહે ફરે આ.

ડંકાની ત્રણ ગર્જના નગરમાં લોકો સહુ સુણતાં
ને સૌ ઉત્સુક સ્ત્રી સસંભ્રમ હવે દ્વારે ધસી આવતી;
જેના વીર્ય તણી અનેક રસીલી વાતો સુણાઈ હતી,
તેને હર્ષથી ઝાંખવા જન બહુ હાટે બજારે ઊભાં.

દરવાજા કને પ્હોંચે સવારી યોધ તણી હવે,
જોવાને આવતાં લોકો દોડતાં પડતાં ધસે.

છે રોશની હાટ મહીં કરેલી,
છંટાયલી શ્વેત બજાર ભાસે;
કૈં યુદ્ધનાં ચિત્ર દીવાલમાથે
રાતા પીળા રંગથી ચીતર્યાં છે.

આંહી ઊભો તે દશ શીર્ષવાળો,
ત્યાં રામ, ત્યાં વાનર ઊડતો તે;
ત્યાં જાનકી વૃક્ષ નીચે રડંતી.
ક્યાંઈ વળી શ્વેત જટા ઋષિની.

ત્યાં વાઘ અશ્વો, તહીં હસ્તિ મ્હોટા,
અનેક રંગી વળી વેલીઓ કૈં;
છાયા પડે તે પર કૈં જનોની—
કૈં ભૂતડાં દોડી જતાં દીસે છે.

કોલાહલે માનવીઓ તણા આ
સ્ત્રીના કંઈ અર્ધ સુણાય શબ્દો;
લાંબા ઝીણા સાદ અનેક થાતા,
પ્રત્યેક ટોળે નવી વાત ચાલે:

"આ જેવો વર લાડકો કદી ય તેં જોયો હતો- બેન! શું?"
"જો જો! ખડ્ગ સુનેરી એ કર મહીં કેવું દીસે છે રૂડું?"

"ઓહો! અશ્વ કૂદી રહ્યો પણ જરી આ સ્વાર ના ના ડગે!"
"આહા! એ મુખતેજથી શશી અને ઝાંખી મશાલો બને!"

"ચંદાબેન તણો જ આ કર ગ્રહે! કેવું બને તો-સખિ?"
"કોઈ વેગડભાઈને કહી શકે એ ગોળ ખાવા અહીં?"
"રે! એ ભીલ ઠર્યો અને રજપૂતી ટેકી દીસે વીર આ!"
"ચંદાને પણ ભીલડી ગણીશ ના" "એ કોઈ દેવી મહા!"

"કિંતુ આ રજપૂત યુદ્ધ કરવા જાતો- સુણ્યું મેં નકી!"
"શું આ ઊછળતું જ પુષ્પ મરવા જાશે? અરેરે! સખિ!"
"તો એ આ વ્યવિશાલનું કહીશ હું ચંદાની માતા કને!"
"છે તો કૈં જ થવું નહીં!" "નિરખી આ છોને જરા તોય લે!"

"કોઈ કાયર સાથ લાખ વરસો સ્વર્ગે ય જીવ્યા થકી!"
"મ્હોટું ભાગ્ય સુવીરની કરલતા પૂરી ક્ષણે સ્પર્શવી!"
"ચંદા પાસ રહી શીખેલ દિસતું વાતો વડી બોલવી!"
"બાઈ! સૌ હરિએ લખેલ બનશે! આ જોઈ લે તો જરી!"

કુતૂહલભર ચ્હેરો યોધનો છે પ્રફુલ્લ,
પ્રણયમય નિહાળી શ્હેર થાતો પ્રસન્ન;
જહીં જહીં રસ જોતો આંખ ત્યાં એ ઢળે છે,
હૃદય ગળી વહે છે દેખતાં આર્દ્રતા કૈં.

જોનારી-બોલનારી સૌ ઊભી આંહી થઈ રહી,
સ્વારી આ દ્વારની પાસે આવતાં અટકી ઊભી.

ઊભો અહીં મંડળીસાથ વેગડો,
હમીરને હસ્ત દઈ ઉતારતો;
મેમાનનો હસ્ત ગ્રહી સ્વહસ્તે,
એ ભીલનો નાયક સાથ ચાલે.

જરા અને યૌવન હાથ ઝાલી
ચાલ્યાં જતાં સાથ સદા વહંતાં-
તેવું જ આ યુગ્મ નિહાળતાં આ
દ્વારે ઊભાં સ્થંભી હજાર લોકો.

જડેલાં દ્વારમાં મ્હોટા ખીલા વજ્ર તણા દીસે-
હસ્તિના લાખ મ્હોરાથી જે ના દ્વાર કદી ખસે.

ચોપાસે શ્યામ આ મ્હોટી દીવાલો દૃઢ છે ઊભી;
કોઠા ને મારકાઓમાં આજે દીપ રહ્યા ઝગી.

રક્તશા લાલ સિંદુરે તોપો આ ગરકાવ છે;
બ્હારના શત્રુ સામે એ મ્હોં ખુલ્લાં વિકરાળ છે.
શત્રુથી દૂર થાવાને શત્રુના જયને સમે-
ભોંયરાં આ દીસે ઊંડાં ઊભાં જ્યાં ભીલ સજ્જ છે.

"શું આ સાધન શૌર્યનાં મદદમાં છે લૂંટ માંહીં ઊભાં?
રે રે! પ્હાડસમી દીવાલ! નવ તું પામી પ્રભુની દયા?

ઓ વીરો! તમ આ ભૂમિ અસુરથી છે શક્ત જે ઝૂઝવા
તેને આ તમ લૂંટમાં ક્યમ કરી શાન્તિ હશો આપતા?"

વિચારો ઘોળતું આવા હૈયું યોધ તણું હતું,
કહેવું કિંતું કાંઈયે તે ના સાર્થક ભાસતું.

આ દ્વાર અન્ય મહીંથી ઉપરે ચડે છે,
ચોરા પરે હમીરનાં નયનો ઠરે છે;
ટાંગ્યાં અનેક અહીં છે હથિયાર જૂનાં
ને કૈંક પાખર અને કવચો ઝૂલંતાં.

ભાલા અહીં, ખડ્ગ અનેક ત્યાં છે,
ત્યાં ઢાલ ને ચક્ર તીરો તણાં છે;
ઝંઝાળ ને નાળ તહીં ટીંગાતી,
ત્યાં તાંસળી શીર્ષ તણી જડેલી.

ત્યાં વાઘના નોર હજુ ધ્રૂજે છે,
છે સ્તબ્ધ ત્યાં કૈં રણશૃંગ મ્હોટાં;
કૈં વાવટા રક્ત મહીં ઢળ્યા તે
તેવા જ આંહીં ફરકી રહ્યાં છે.

છે સજ્જ શસ્ત્રો હજુ રક્ત પીવા,
જે વેગડાના વડિલે ઉપાડ્યાં;
કૈં યુદ્ધની સર્વ નિશાનીઓ આ
ગાઈ રહી વાત અનેક જૂની.

હમીરજીના મુખમાં નવું કૈં
આ શસ્ત્ર અસ્ત્રો નિરખી રમે છે;

પ્હોળું અને દીર્ઘ પડેલ ખડ્ગ તે,
જોવા ઉઘાડી કરમાં ગ્રહે છે.

વીંઝવા ખડ્ગ સોટીશું જે બાહુ બળવાન છેઃ
આશ્ચર્ય જોઈને તેને રાજા ભીલ તણો કહેઃ

"આવી આ તલવાર યુદ્ધ સમયે મ્હારા પિતા બાંધતા,
"તેને અન્ય ઉપાડનાર મળશે એ ના અમો માનતા;
" કિંતુ વીર તણી ભૂજા કલિયુગે લૂટી ન લીધી હજુ,
"ક્ષત્રિની પ્રિય ભૂમિથી યવન સૌ છે દૂર પૂરા હજુ."

બોલી આ મનમાં વિચાર કરતો કાંઈ હતો વેગડો,
ને તેની કંઈ ઝાંય એ મુખ પરે આછી હતી ભાસતી;
આવો આ રજપૂત તે ગઢ મહીં પ્હેલો પરોણો હતો,
તે સાથે નિજ વાત-વર્તન તણી ચિંતા ઉરે એ હતી.

ચોરા મહીં સૌ ફરતા હતા ત્યાં,
ક્યાં ઊભવું પાસ હમીરજીની;
ઘોળાઈ એ એ ઉરમાં રહ્યું'તું,
ને આંખ બારોટ ભણી જતી'તી.

ચોક છે એક મ્હોટો ત્યાં ડાયરો સહુ જાય છે,
મે'માનો કાજ તૈયારી આંહીં સર્વ કરેલ છે.

રંગોળી વતી રંગ કૈંક પૂરીને ચોકો અહીં છે કર્યા,
પીળાં, લાલ, સુવર્ણરંગી ફૂલડાં વેલો મહીં છે ભર્યાં;
આંહીં રંગીન મોર નૃત્ય કરતો, ત્યાં છે સૂતેલાં શુકો,
રૂપેરી લઘુ કેવડો ચળકતો પ્રત્યેક ખૂણે રહ્યો.

ગુચ્છા પુષ્પતણા સુગંધી વચમાં ખીલી રહ્યા ચંદ્રથી,
મીઠું અર્પણ પુષ્પ ને શશીતણું આંહીં વહે હર્ષથી;
પ્રેમીની નજરે સહુ ય પ્રણયે આ રંગ ભાસે ભળ્યા
ને આમોદ ભર્યાં સુરંગ ફૂલને આધીન વાયુ બન્યા.*

ત્યાં પાસે દશ-બાર રંગત રૂડા ઢાળ્યા નવા ઢોલિયા,
તેની ઉપર સ્વચ્છ ને ભરતનાં મ્હોટાં બિછાનાં રહ્યાં;
વચ્ચે ગોહિલરાજને કર ગ્રહી બેસારતો વેગડો,
સૌએ સ્થાન લીધા પછી હમીરને હુક્કો દઈ બેસતો.

---

* ભીલગૃહની આવી રચના ન જ હોય, પણ ગઢવીને લીધે એ "અમીરગૃહશું" હતું

સામે સન્મુખ રામનામ લઈને બારોટજી બેસતા,
માળા જે કરમાં રહી તુલસીની તે ડોકમાં ટાંગતા;
હુક્કાની ત્રણચાર ફૂંક લઈને લાંબી પછેડીવતી,
વાળીને પગની પલાંઠી સરખી કૈં સ્વસ્થ બેઠા થઈ.

છે પાંચેક જડિત્ર ત્યાં અહીં તહીં હુક્કા હજુ એ પડ્યા,
પીળી લાલ દરેક એ ચલમમાં અંગાર છે ખેરના;
ઝીણી ગૂંથણીના રૂપેરી ચરપા રાતા બન્યા છે ધગી,
ઊભા ભીલ ત્રણેક એ હરઘડી તાજો કરે દેવતા.

"ભાઈ! આ શ્રમ આવડો ઘટિત ના હું કાજ લેવો હતો,
"બે દિ'નો મિજમાન હેત નિરખી આભારી પૂરો હતો;"
જોઈ આ રચના હમીર વદતો આનંદ આભારથી,
ને માધુર્યભર્યા મુખે પડી રહે ઝીણી ગુલાબી ઝરી.

વેગડો સર્વ પોતાના સંબંધી વીર ભીલને
આંગળીથી બતાવીને ઓળખાવે હમીરનેઃ-

"આનું 'ગેમલ' નામ જે તીરવતી પાડે શુકો ઊડતાં,
"આ 'ઘેલો' મુજ ભાઈ જે હરણને પ્હોંચી જતો દોડતાં;
"આનું નામ 'વડિંગ' દેવીપ્રિય તે પામ્યો ભુજા વજ્રની–
"જે પાડો અરણોય એક ઝટકે જુદો કરે શીષથી.

"આ 'ભીલો' મુજ મલ્લ-એક બકરો જેનો સદા'હાર છે-
"તે ખંભે ત્રણ આદમી ઊંચકીને કૈં કોશ દોડી શકે;
"આ કાકા મુજ જેમણે વરષની છે પાંચ વીશો ગણી–
"ભાલો એ કરનો છતાં ય હજુ યે કો' ઢાલ ઝીલે નહીં."

સામે નિહાળી મલકી સ્મિતે કૈં
પિછાન દે છે ગઢવી તણી એ;
પ્રણામ બારોટ નમી કરે ને
મજાકમાં વાત અગાડી ચાલેઃ

આજથી વીસ વર્ષોએ મ્હોટી લૂંટ કરેલ કો,
પછી તે ભીલનો રાજા મધ્યાહ્ને વનમાં હતો.

ત્હોયે શિકાર હજુ શોધતી એક ટોળી,
કો' ધોરી માર્ગ પકડી ચૂપ છે રહેલી;

બારીક આંખ શકરા સરખી ફરે, ને
બે-ચાર કોશની બિના નજરે પડે છે.
એ આંખનો વિષય આ ગઢવી બને છે,
એ શ્વેત વસ્ત્ર દૂરથી નયને ચડે છે;

હુક્કા રૂપેરી રવિનાં કિરણે પ્રકાશે
ને પાઘડી ઉપરની ઝબકે સુનેરી.

પીરાણી ઘોડલી રોઝી આવે રેવાલ દોડતી,
સ્વારના પેટનું પાણી ધ્રૂજે ન જરી ચાલથી.

કો' રાજ્યમાં લગ્ન તણે પ્રસંગે
સારો હતો એ શિરપાવ પામ્યા;
એ વસ્ત્ર, એ ઘોડલી, ચારજામો
ને ભૂષણો લેઈ ગૃહે જતા'તા.

ધાર્યાં હતાં ભૂષણ વસ્ત્ર અંગે,
લીધા હતા બેવડિયા કસુંબા;
ના કોઈની બીક હતી જરા એ,
ધીમે દૂહા કૈ લલકારતા'તા.

ચારણો દેવીના ભક્તો-યુદ્ધની કવિતા હતા,
હતા તે જંગલે ક્યાં યે મીઠી છાંય મહીં સદા.
રાજ્ય ને ધર્મનીતિથી ક્ષત્રિના અતિ પ્રેમથી–
ઉગામી આંગળી તેની સામે કોઈ શકે નહીં.

પોશાકને અંગ પરે જ રાખી
દેનારની કીર્તિ પ્રસારતા તે;
દેતાં વળી ચારણને ઉમંગે
છે કીર્તિ આ, સૂચન એય થાતું.

વાજાં આ નૃપતિનાં તે શું ભીલો સમજી શકે?
કોઈ યે એક નીતિની ના ના છાપ બધે પડે.

વીંટાઈ ચોપાસ જતાં લૂટારા
બારોટજી એ હિબતાઈ ઊભા;
ગયા પડી મ્હોં પર શેરડા ને
દૂહા ગયા ક્યાંય છુપાઈ સર્વે.

કિંતુ હિંમતને કંઈ કરગરી લાવ્યા ઉરે ધ્રૂજતે,
ખોંખારો બલવાન એક દઈને તાજો કર્યો કંઠને;
વાચા આવી ફરી અને મગજ જે યુક્તિભરેલું સદા—
તેણે આજ નવીન યત્ન કરીને જોડ્યા નવા સોરઠા:

'દેવી સહશે કેમ દેવીપુત્ર થતો દુખી?
'ઇચ્છો જો તમ ક્ષેમ લેજો ચારણની દુવા!
'છંછેડીને સાપ કાઢ્યો માલ ન કોઈએ!
'ચારણ દેશે શાપ આંતરડી ઊકળી જતાં!'

પરંતુ ડાંગ ઊંચી ત્યાં સામે ભીલ તણી થતી,
ઔદાર્યે સર્વે દેવાનું ગઢવીજી કરે નકી.

ઉતારીને ભૂષણ સર્વ દીધાં,
મૂક્યાં નીચે મંદિલ વસ્ત્ર સર્વે;
ઘોડી હતી જીવ થકી વધારે—
સોંપી દીધી તે ય લગામ અંતે.

ખડીઆમાં હતા ગોટા માળવાના અફીણના
અને તેમાં હતું ભાતું યાચે તે નવ લૂટવા.
ગઢવીની સુણી વાણી દયા લૂટ મહીં કરી,
કહે છે ભીલ કો' તેને વેગડા પાસ ચાલવા.

રાજા તણું નામ સુણી ફરીથી
હૈયા મહીં હિંમત કાંઈ લાવી,
બારોટજી ભીલ સહે ગયા ને
નવો હતો ઘાટ ઘડ્યો ઉરે કૈં.

વિચારો ઘોળતા પ્હોંચ્યા ગઢવી નૃપની કને,
આદર્યો જાતિનો ધંધો જોઈ વેગડરાજને.

લૂટારાને વીર પુરુષનાં આપવાં માન મ્હોટાં—
લૂટારાને રસિક કવિતે દેવની તુલ્ય ગાવા—
વ્હાલો ધંધો ગઢવીઉરને બાપદાદા તણો એ,
ને શ્લાઘાની નરમ મધુરી વાણીનો ધોધ ચાલે:

'અર્જુન! થોથાં ફેંક! ત્હારાં તીર ઊડી ગયાં!
'આ તો ભડ છે એક કિરાત બીજો-વેગડો!

'અર્જુન દૈવત આજ ત્હારું ના અજમાવજે!
'આ તો શંભુનાથ કિરાત બીજો- વેગડો!

'અર્જુન જોડી હાથ થાકી પદ જેને પડે,
'તે હરનો તું હાથ જમણો-સાવજ વેગડા!
'હરની ત્રીજી આંખ અનંગથી છો ઊઘડે-
પણ ચારણનો વાંક શું છે! વીરા વેગડા!

'શૂરાનાં હથિયાર ચારણ ને તલવાર આ,
'તેની સામે ધાડ ત્હારી હોય ના-વેગડા!
'કોનાં ગાશું ગીત? ગીત કોણ ગવરાવશે?
'જો હંસાની રીત હંસા મૂકે-વેગડા!

'ચારણ હરની જીભ! તું તો હરની આંખડી!
'જુદાં અંગ શરીર ના ના કર તું- વેગડા!
'તુંમાં ઝાઝો માલ ઝંઝેડી જગ લે ભલે!
પણ હું ના મરનાર ત્હારો માર્યો! વેગડા!'

લૂટારાની ઉપર પણ એ ધારતો રાજ્યદંડ,
ને રાજાનાં પ્રિય બહુ હતાં માન સૌ વેગડાને;
વ્હાલું થાતું મન ગમી જતું માન એ આપનારું,
વ્હાલું થાતું રજપૂત સહે ભીલને મૂકનારું.

વખાણમાં છેક ગળી ગયો એ,
લીધેલ પાછું સહુ દેઈ દીધું;
બારોટજીને નિજ સાથ રાખવા
જીવાઈ આપી નકી ત્યાં જ કીધું.

ધંધો હતો લૂટ તણો જ તેનો,
તેને નવો રંગ ચડાવનારો–
સારો કહી તે સમજાવનારો-
બારોટ આ કૈં ઉપયોગી ભાસ્યો.

જે લૂંટમાં પાછળ ચાલતા'તા–
જે લૂંટમાં વીર્ય ભજાવતા'તા–
ઉત્સાહ તેને પણ આપનારો–
વખાણનારો મળતાં મળ્યો આ.

હમીરજીને રજપૂત રીતે
સ્વીકારવાનો નિજ ઘેર આજે;
બારોટજીનો ઉપયોગ હાવાં
લેતો હતો નાયક ભીલનો આ.

ગઢવીની કથા જૂની પૂરી પૂર્ણ થઈ રહી.
કચેરી ચૂપ છે બેઠી, હુક્કા માત્ર લવે કંઈ.

"હા! વિશ્વેશ્વરની ખૂબી અવનવી છે વિશ્વવ્યાપી સદા!
"સંયોગો તણી છે વિચિત્ર ગતિ કૈં સંસારવ્યાપારમાં!
"સિંધુમાં તરતાં કંઈ લહરીએ ભેગાં થતાં પાટિયાં?
"શી લ્હેરી ફરી કોણ ક્યાં વહી જતાં? એ કોણ જાણી શક્યાં?"

ઉદ્દગારો નીકળે આવા હર્ષે સ્નિગ્ધ હમીરના,
કચેરી ડૂબતી પાછી હુક્કાના ગડડાટમાં.

એ ભીલનો નાયક કૈં ઈશારો
બારોટજીને નયને કરે છે;
મેમાન સૌ રંજન થાય તેવી
કથા રસીલી કરવા કહે છે.

હમીરજી રંજન થાય એટલો
હેતુ હતો નાયકને મને તો;
કિંતુ કંઈ અન્ય જ હેતુ ઊંડો
બારોટજીના મુખમાં હસે છે.

સ્વીકારીને નાયકની જીવાઈ
કૃપાલ છાયા મહીં વાસ કીધો;
આભાર મ્હોટા બહુ એ થએલા
પોતા પરે તે ગઢવી ગણે છે.

આભાર વાળી ઋણમુક્ત થાવું—
ઈચ્છા હતી એ ગઢવી તણી કૈં;
શોધ્યો હતો કોઈ પ્રકાર તેવો,
તે કાજ આ એક પ્રસંગ ભાસ્યો.

કન્યા રૂપવતી હતી ભીલ તણી તેના ગૃહસ્થાશ્રમે,
તેને બાલપણા મહીં જ ત્યજીને માતા મરેલી હતી;

તો યે સત્તર વર્ષની ઊછરીને હાવાં થએલી હતી,
વીતેલી સહુ ઝિંદગી ગઢવીની સાથે ગએલી હતી.

તેને કુશલ સૌ રીતે ગઢવીએ કીધી હતી કેળવી,
માતાના જ હતી ઉરે ગઢવીને વાત્સલ્યની લાગણી;
તેને વ્હાલથી સર્વદા કુંવરી એ 'દાદા' કહી બોલતી,
ને એ બોલ મહીં જ કોઈ કવિતા દૈવી હતી ભાસતી.

જેવી સુંદર ને હતી કુશલ તે તેવો પતિ શોધવા–
તેવા યોગ્ય પતિ સહે સુખ મહીં તેને સદા દેખવા–
ધારી હોંશ હતી ખરી ગઢવીએ વીતેલ કૈં કાળથી,
ને એ ખંત પૂરી કરી ઋણ થકી મુક્તિ ય લેવી હતી.

સંસાર સૌ સમયના સમજેલ પૂરા
રાજ્યો મહીં ફરી ફરી ગઢવી હતા સૌ;
વાકેફ આ પણ હતો ગઢવી સહુથી
ને મામલા પણ કંઈ નિરખી ગયો'તો.

ગોહેલ કોણ? વળી કોણ હમીરજી છે?
ગંગા તણા કુલની કેવી મહાનતા છે?
એ સૌ હકીકતથી કૈં જ અજાણ ન્હોતો,
એ સૌ રમી ગઢવીના ઉરમાં રહ્યું'તું.

તેથી કેવી ધરા પરે રમણીઓ વીરાંગના હોય છે–
તેની ઝાંખી કરાવવા હમીરને ચૂંટી જ કાઢી કથા;
ચક્રાવે અભિમન્યુના ગમનની આખ્યાનિકા આદરી,
ને સૌ ભાવ હમીરના નિરખવા ત્યાં આંખ ચોટી રહી.

કેવી કોમલ સૃષ્ટિ રૂપ ગુણમાં બ્રહ્મા તણી છે બની?
કેવી ભૂષણરૂપ વીરનરને સ્ત્રી છે સદા એ થઈ?
તેની ઝાંખી કરાવીને હમીરને ઉતારવા તે ઉરે–
હેતુ એ પકડી સહુ ય બલથી એ યત્ન એ આદરે.

ભૂલી ભાન ડૂબી ગયો હમીર છે આખ્યાન માંહી ઊંડે,
પોતાના ઈતિહાસનું જ સઘળું એ ચિત્ર ભાસી રહે;
બંધાયો અભિમન્યુ લગ્નવતી છે ફેરા ફર્યો ચાર છે,
જોવાને ય છતાં હજુ વદન એ ભાગી થએલો ન છે.

શી છે કોમલ સૃષ્ટિના હૃદયના ભાવોની મીઠી મજા?
શાં વિશ્રાંતિભર્યાં સુરંગ ફૂલડાં એ નેત્રમાં છે વસ્યાં?
એ સંગીત સ્વરે અકેક ધ્વનિમાં શા છે દિલાસા રહ્યા?
કાં સંસાર તણી સુખી સફલતા એમાં સહુ માનતા?

એનું ભાન હજુ સુધી નવ કશું અર્જુનના પુત્રને,
તેને એક જ લાલસા રણ તણી છે એ જ વ્હાલું ઉરે;
રોમે રોમ ભરેલ આશ જયની આત્મપ્રભાવે હતી,
ને સંગ્રામ મહીં જ એ જીવિતની માનેલ તૃપ્તિ હતી.

હુક્કાઓ બોલવાનું એ ભૂલી જાય બધા હવે,
અગાડી ચાલતી વાર્તા મીઠા કો' રસમાં વહેઃ

"આજે અર્જુન વીણ પાંડવ તણાં સૌ શસ્ત્ર સૂનાં ગણી,
હર્ષી કૌરવ યુદ્ધ ચક્રવ્યૂહનું દેવા કરે માગણી;
પહોંચી અર્જુન તો નહીં જ શકશે, ના ફ્હેણ ઠેલાય વા,
'ખામી ગાંડિવની રણે પૂરી શકે તે બાણ દેખાય ના.

હારી આજ શું ધર્મ ધર્મ સરખો જાશે અનીતિ વડે?
'જ્યાંજ્યાં ધર્મ તહીં તહીં જ જય' એ શું વ્યર્થ વાણી થશે?
એવા લાખ વિચારમાં ડૂબી ગઈ છે પાંડવોની સભા,
ચિંતાક્રાંત મુખો સહુ ઢળી જઈ છે તેજહીણાં બન્યાં.

હીરાજડ્યું કંકણ એક કાઢી,
સો પાનનું એક બનાવી બીડું;
સુવર્ણના થાળ મહીં ધરીને,
સભા મહીં ફેરવવા ઠરે છેઃ

'ખામી ગાંડિવની રણે પૂરી શકે તે બાણ કો' હોય જો–
ખામી અર્જુનની રણે પૂરી શકે તે વીર કો' હોય જો–
ચક્રાવે ચડવા મહાન બલને જે કોઈ હો ધારતો–
તે આ કંકણ સાથ તાંબુલ તણું બીડું સુખે ઝીલજો.'

બે વખ્ત આવો ધ્વનિ ત્યાં ઊઠ્યો ને
સભા મહીં તાંબુલ એ ફરે છે;
વીરો મુખો વીર તણાં જુએ ને
ભૂમિ ભણી નેત્ર સહુ ઢળે છે.

'ખામી અર્જુનની રણે પૂરી શકે તે વીર શું કોઈ ના?
'ચક્રાવે ચડનાર અર્જુન વિના શું અન્ય કો' હોય ના?
'ક્ષત્રિનો કર કોઈ શું નવ શકે આ થાળને ઝીલવા?
'આ બીડું ધરવા ફરી ધરણીએ આપે ન કાં કો' રજા?'

શબ્દો આ કર્ણ પ્હોંચે છે આવતા અભિમન્યુના,
તપે છે રક્ત એ રાતું જોઈ નિસ્તેજ એ સભા.

ના થાળ ભૂમિ ઉપરે અડ્યો એ
ત્યાં વીર તેને ઝડપી લીએ છે;
બીડું ઉપાડી મુકુટે ધરે ને
ઉપાડતો કંકણ પ્હેરવાને.

ખળભળી અતિ હર્ષે ઊઠતી એ સભા ને
'જય જય અભિમન્યુ' નાદ એવો ઊઠે છે;
નવીન રણ તણો એ અગ્રણી ત્યાં જ સ્થાપી
'જય જય અભિમન્યુ' ગર્જના થાય પાછી."

'જય જય અભિમન્યુ' એ જ શબ્દો ઉમંગે
હમીર હૃદયમાંથી ઊઠતાં મ્હોં બતાવે;
મધુર ધ્વનિ વદે છે 'રંગ બારોટજી છે',
ગઢવી શિર નમે ને વાત ચાલે અગાડી.

"ધ્વનિ આ હર્ષનો આવો સુભદ્રા શ્રવણે પડે,
ફડકી દોડતી ઊઠી નીચે મ્હેલથી ઊતરે.

ત્યાં વીર પુત્ર જનની નિકટે જઈને
હર્ષે ભર્યું મુખ પદે નમવી ઊભે છે;
બીડું ગ્રહ્યું સહજ વીરની વૃત્તિએ જે,
સાક્ષાત તેજ પુલકી વદતી દીસે છે.

'માતા! પાંડવની સભા મહીં ફર્યું બીડું શું ભૂમિ પડે?
શું ના ગાંડિવ પૂજ્ય વીણ ધરતી કો' બાણ બીજું ધરે?
ક્ષત્રિ શું નવ ચક્રવ્યૂહ અથવા કો' અન્ય યુદ્ધે ચડે?
પાણી આમ જતું, અરે રુધિર આ શે, માત! સાંખી શકે?'

'નહીં, બાપુ! નહીં, બેટા!' અશ્રુધાર ઢળી પડે!
બાલ એ વીરને મ્હોંએ હસ્ત માત તણો ફરે,

'તું બાલ ને તુજ પિતા નહિ આજ પાસે,
એ કૌરવો કુશલ પ્રૌઢ મહાબલી છે;
આ નેત્ર માત્ર તુજ ઉપર ઠારવાનાં,
મા વિનવે જઈશ ના! નહિ બાળ નાના!

ખીલતું ઉત્તરાનું મ્હોં આ નેત્રે તરતું દીસે,
છેડો એ વારવા તુંને ત્હારા પાદ પરે પડે.

ત્હેં હસ્ત એ ગ્રહી હજુ નવ મ્હોં ય દીઠું!
એ દેવી ઉપર દયા નવ લાવશે શું?
સંસારમાં નિરખવા સરખી વિભૂતિ,
જોવાં નહીં નયન શું તુજ જાય ઠેરી?

વાદીલો પણ જન્મથી ય પ્રથમે તું છે બન્યો-બાપલા!
માતા આ તુજ ભોળીએ વળી તને કીધો બહુ ચાગલો!
શું હું વ્યર્થ જ આ કહું સહુ તને? ના વાદ શું છોડશે!
રે રે ભાઈ! દયા ય કોઈ ઉરની ના શું જરી લાવશે!'

'માતા! આ તુજ બોલ શું ઘટિત છે કો' વીરમાતામુખે?
માતા! ખડ્ગ વિના-વિના રણભૂમિ શું પુત્રનો અર્થ છે?
મ્હારા તાત ન શું દુઃખે સળગશે આ બોલ ત્હારા સુણી?
દે આશિષ, ફરી હવે રણ જવા વારિશ હુંને નહીં.'

આંસુડાં આ ઉપાલંભે માતાનાં અટકે નહીં,
હસ્ત એ પુત્રને મ્હોંએ ફરતાં કંપ મટે નહીં.

અસુખ જરી ય થાતાં પુત્રને સ્વપ્નમાં એ–
જરી પણ બનતાં કૈં પુત્રનો વાળ વાંકો-
ફડફડી ઊઠતું જે માતનું આર્દ્ર હૈયું,
નહિ હજુ અભિમન્યુ જાણતો તે દીસે છે.

વીરનું બાલ હૈયું એ ના ના પ્રૌઢ હજુ સુધી,
ખડ્ગનો બાલસ્નેહી આ- તેને જાણ ન સ્નેહની.
પણ માતાનો પ્રેમ જાણે એક જ માવડી,
બીજાં ભીનાં નેણ દુનિયાની માયા ખરી.

બચલાં વીંછણ ખાય-વીંછણ ડંખ ન આપતી,
માનો મર જીવ જાય ઊની આંચ દીએ નહીં.

મા! ચડતો સંગ્રામ અમર બાલ તુજ આ હજો,
એનો રક્ષણહાર ચૌદ લોકનો નાથ હો.

સૂર્યોદયે રમત જે કરવી મહાન–
તેના જ તાન મહીં રાત્રિ જતી વહંતી;
ઉત્સાહ હર્ષભર યોધ ઘૂમી રહ્યો છે,
આશા તણા ધ્વનિ સુણાય મહેલમાંથી.

"માતા તણાં નયન મેઘ બની ઢળે છે,
આશિષમાં હૃદય એ ટપકી પડે છે;
પ્રત્યેક બિંદુ મહીં નિર્મળ આર્દ્રતા છે,
ઓહો! વિધિ ય તણું તખ્ત દ્રવી ગળે છે."

માતાનાં અશ્રુની સાથે ઢળે અશ્રુ હમીરનાં,
વિચારો આર્દ્ર એ હૈયે જાગતા કંઈ ભૂતના.

'અરે! મ્હારે એ છે પ્રિયજન કંઈ આ રુધિરનાં!
ત્યજી તેને આવો ભટકી અપરાધી ક્યમ બનું?
પ્રભો! શું મ્હારાથી નવ સુખી થશે કોઈ જ ઉરે?
ક્ષમા શાની યાચું મરણવશ જાતાં પણ હવે?

'અરે! બાલા! બાલા! તુજ નયન હૈયે ખટકતાં!
થવાયે તો થાજે પણ હજુ સુખી તું બહુ સદા!
હશે એ શું પ્રીતિ? નહિ નહિ! છતાં અન્ય પણ શું?
પરંતુ ક્યાં ખોળું વીજળી સરકી જે ગગન શું?'

હમીરનાં આર્દ્ર ગળેલ નેત્રો
ચોટી રહ્યાં છે ગઢવીમુખે જે,
ઈચ્છેલ તે સૌ બનતું નિહાળી
બારોટ કૈં રંગ નવીન ધારે.

વીરત્વ નારીનું બતાવવાનો
હેતુ બને જો પરિપૂર્ણ આજે-
ચંદા પછી સૌ કરી પૂર્ણ દેશે
બારોટને એ નકી ખાતરી છે.

હુક્કાની ફૂંક બે લેઈ જમાવી ફરી કલ્પના,
હસી કૈં યોધની સામે ચલાવે ફરી વારતાઃ

"નભ ઘુંમટ તોડી ભરી એક ફાળ
પ્રકટે ખળળભળ ભાનુ બાલ;
એ ચંડીના કર તણો થાલ
ઢોળે અસુરનું રુધિર લાલ.

વાદળી નિકટ ઊભી સિંહરૂપ,
શોણિત પીએ ભૂખ ચૂસ ચૂસ;
ફાટી ગએલ અંગાર આંખ
દેશે કરી શું જગત ખાક!

અભિમન્યુનો સામો મહેલ,
ઝળકે ઉપર કંઈ કલશ હેલ;
રવિકિરણનો એ પ્રલય આજ-
ત્યાં આ અડગ કો' ગિરિરાજ!

ત્યાં દૂર ઊભું સેન સજ્જ,
હયદલ અને પેદલ અબજ્જ;
ગડડડે ઝૂલે કંઈ મતંગજ,
કુંભસ્થલે ટપટપક મંદ.

ભાલા, કટાર, કંઈ ખડ્ગ દંડ-
પાવક પહાડ સૂતો પ્રચંડ!
ચોપાસ બાણટંકાર થાય–
વહ્નિ ફણે ફૂંકવે વ્યાલ!

સહુ અડગ વીર દૃઢ સુભટ યોધ
વર્ષે સુરખ દગ ક્રોધ ક્રોધ!
નયનને ખૂણે ઊભી રહી મૂછ,
માતંગ શુંઢવત્ ફરક ભૂજ.

રણશૃંગનો ઊપડે અવાજ,
કંઈ ગડગડે વાજિંત્ર વાજ;
ડંકો ડમકડમ- ભેર- ઢોલ,
એ ધ્વનિ અતુલ- ન થાય તોલ!

'હર હર' ઊઠ્યા ગંભીર નાદ,
ઘડ ઘડ વહે જ્યમ ઘન અષાઢ!

ગોળા તૂટ્યા ગ્રહ ભાનુ જેમ!
ઊજડી પડ્યું આકાશ કેમ!

કંપે ધરણી પર વૃક્ષ ઝુંડ,
કંપે અનિલની લહરી મંદ!
કંપે જલધિ તજી આજ માઝ!
કંપે ભૂતલ ને શેષનાગ!

ધ્રૂજે રિપુદલ છાતી દૂર!
પગ ધ્રૂજતાં ઊડી જાય ધૂલ!
ઊંધાં વહે નદનદી પૂર!
કંઈ પ્હાડ બનતા ચૂર ચૂર!

ધૂર્જટિ ઊઠે લઈ રૂંઢમાલ!
શિર પર ધરી લઈ કરિન ખાલ!
લઈ ડમરું ડાક જોગિની પિશાચ!
કંઈ ભૂત સાથ કૂદી કરે નાચ!

સુરલોકની કન્યા અનેક!
વર શોધવા ઊઠી એક એક!
લઈ કરલતા પર કુસુમહાર
ઊડી વિમાને કરી કરી સિંગાર!

ગિરિગહવરો ઉદધિ અખાત-
જ્યાં સાથ ચાલે દિવસ રાત-
પાતાલ નભ દિગ્પાલ પાસ-
ઘૂમી રહી હજુ ઘોર હાક-

સજી સજ્જ છે બખતર કુમાર
સુણી હાક ઊઠતો સિંહબાલ;
મરડાઈ ઊઠતાં અંગબાલ,
ફૂટતી મૂછે દે હાથ તાલ.

સ્મિત અધર ફરકે લાલ લાલ!
મુખ પર ફરે છે રુધિર લાલ!
ચડી ચક્ષુ પર કંઈ રેખ લાલ!
કો' અન્ય ઊગતો અરુણ લાલ?

ઊઠ્યો જલધિના મથન કાજ!
વા ફોડવા નભ ઘૂમ્મટ આજ!
રગદોળવા નિજ કરથી કાલ
કે તોડવા જગ અંધકાર!"

હમીરનાં નેત્ર ભરાય રક્તે,
સંગ્રામના નાદ સુણાય કર્ણે;
એ હસ્ત એ મૂછ ભણી વળે છે:
ત્યાં વાત બારોટ તણી ફરે છે:

"ભૂંડી સાંઢણી! આજ રાત બધી ત્હેં શું કર્યું?
જેનો ચાલ્યો નાથ તેને મેળવે-થાક કાં?

અભિમન્યુ થાતો રથારૂઢ,
કંઈ શીષનાં નમી રહે પૂર;
ત્યાં કૈંક શશીના સમું નૂર
ક્ષિતિજે દીસે છે દૂર દૂર!

કો' સ્વર્ગ ફૂલડાં તણો હાર!
કો' દિવ્ય હોળી તણી ઝાળ!
કો' વીજળી તણી વહે ધાર!
સહુ જગત પર કો' ધવલ ગાર.

પવનવેગની સાંઢ! તુને રંગ હજાર છે!
પીજે ઘીની નાળ પ્હોંચાડીને ઉત્તરા!
જેનો ઝાલ્યો હાથ વીરે તે મુખ ના દીઠું!
તે જોવાનું આજ બતાવનારી સાંઢણી!

બાપુ! બાલા! બેન! બે ટાણાં તું પૂજજે-
સાચો રાખી પ્રેમ ભવ આખો આ સાંઢણી!
દેનારાં તુજ હાથ-બેની! મા ને બાપ તો!
પણ તુજ મીઠી લ્હાણ સાચી દેતલ સાંઢણી!

ઊતરી કુંવરી લલના બાલ,
ઝમકે નૂપુર શિરની ઝાલ;
અનિલે લળકી ઊભે કેળ
તેવી ઊભી અંગની વેલ!

કરતું મધુર મુખ સ્મિત મંદ,
રેડે અધર અજબી રંગ;
હસતાં વમળ પડતાં ગાલ-
પિયુનું થજો ઝાઝું વ્હાલ.

રાત્રિ બધી જાગી છેક,
નેત્રે પડી રાતી રેખ;
કેસર તંતુ કમલે સ્હોય
જ્યોત્સ્ના મહીં ગુલ જ્યમ હોય.

સરકે હંસ સર પર જેમ
ચાલે યૌવના ઝટ તેમ;
પ્હોંચી સુભદ્રાની પાસ-
જેનું મુખ દીસે ઉદાસ.

શંભુસ્તવન કરતી માત,
નયનો ઢળ્યાં નીચાં શાંત;
છૂટા રહ્યા કાળા બાલ-
હરનો દીસે જાણે વ્યાલ!

નમતી ઉત્તરા પડી પાદ,
વાંસે ફેરવે કર માત;
મુખથી શબ્દ ના બોલાય,
ખાળ્યાં અશ્રુ ના ખાળાય.

ડૂસકાં ભરતી માત મ્હોં આ દેખી બેવડાં,
વધૂને છાતી સાથ ચાંપી પણ અંતે વદેઃ
'બેટા! ત્હારો નાથ મ્હારો વાર્યો ના રહ્યો!
ઘરડી માની વાત ના માની! ચાલ્યો ગયો!

ત્હારા ઉરનો હાર, આ આંખડીનો હીરલો
ચક્રાવે ચડનાર જાશે રણમાં આ ઘડી!
તું બાલક નવ જાણ, પિયુને શો સમજાવવો,
એ યે બાલ અજાણ, વેનીલો હઠ ન મૂકે!

વેનીલા વર સાથ વેનીલાં ય થવું પડે!
પાછો વિનવી લાવ જો એ તુજ માને કહ્યું!

અપશુકની આ આંખ તુંને ના થાશે રડી!
મીઠી વાણી-બાપ! તારી ભેર પરે થજો!

ગાલે આંસુ બોર અટકી ઊભું એકલું,
નિસાસાનો દોર મુખ મલક્યે તૂટી પડ્યો!

દેવી ખિન્ન જરી ના થાય!
સ્મિતમાં ઉત્તરા બોળાય!
મુખ પર નવીન આવે તેજ!
ચળકે નયનમાં પણ એ જ!

જેવો પગ ધર્યો ગૃહમાંય
તેવી ફરી પાછી બ્હાર;
ભર ઉત્સાહ રોમે રોમ,
પગમાં હામનું છે ઝોમ.

રથ છે આંગણે ઊભેલ,
ઝબકે પતાકા ને હેલ;
હીરાજડ્યા મોટા સ્તંભ,
તેમાં શસ્ત્ર પૂરે રંગ.

ચોગમ ચક્ર ટાંગ્યાં દિવ્ય,
ઊભાં અસ્ત્ર ખડ્ગો ભવ્ય;
ઉપર ચિત્રમાં હનુમાન,
તેડી ઊડે લક્ષ્મણ-રામ.

વચમાં ઈન્દ્ર શો કુમાર,
બેઠો કર મહીં લઈ બાણ;
અશ્વો સારથી છે સજ્જ,
સેના કૂચ કરતી અર્ધ.

હરખે જોઈ પતિનું મુખ,
કુંવરી થઈ રથઆરૂઢ;
પિયુના વામ કરની પાસ
લીધું યુદ્ધરથમાં સ્થાન.

વાળી વીરઆસન દેવી,
બેઠી જગતઅંબા જેવી;

કમલે ભ્રમર ઝૂઝે તેમ,
પતિને મુખે ચોટ્યાં નેન.
ચમકે અભિમન્યુ જોઈ,
પડખે આમ બાલા કોઈ!

સમજે નહીં આ શું થાય!
મનમાં કાંઈ એ મૂંઝાય.
પોતાની જ સ્ત્રી છે એમ
જાણે અભિમન્યુ કેમ?

ગઈ છે તેડવાને સાંઢ-
એને એટલી છે જાણ.
પોતાની જ સ્ત્રી છે કેમ
રથમાં આવી બેસે એમ?!

એ ના વીરથી સમજાય,
કોઈ સ્ત્રીથી ક્યમ બોલાય?

પ્રૌઢ હૃદયની નીક આત્માર્પણ ઔદાર્યની–
તે નવ સમજે વીર-જેનો પાઠ ભણ્યો નહીં.

પણ સ્થિર સુંદર રૂપ વયમાં તાજું આવતું–
ત્યાં યુગ ફરતાં સ્નિગ્ધ પાઠ ભણાવ્યો કુદરતે.

જોઈ ચપલતા આટોપ–
જોઈ ખીલતો એ રોપ–
જોઈ આંખડીનો તીર–
ડૂબે અચંબામાં વીર.

આ તે કોઈ છે શું દેવી?
ઉર સંભાવના છે એવી!
મુખથી નેત્ર ના ખેંચાય!
દર્શનની ન તૃપ્તિ થાય!

લાગી ગઈ દૈવી ચોટ!
દિલડું થયું લોટંપોટ!
મીઠું મુગ્ધ ઉરનું તાન-
તેમાં ગયો ભૂલી ભાન!

ભમરો બીડવા જેમ ઊઘડે ગુલાબની કળી,
ખીલે મુખડું તેમ કુંવરીનું સ્મિત મન્દમાં.
ઝરતાં ફૂલડાં જેમ ઠંડી વાયુલ્હેરીએ
પિયુનાં દગને તેમ ઉત્તર દેતી ઉત્તરાઃ-

'દાસી આપની છું-નાથ!
શિષ્યા પાર્થની છું-નાથ!
જ્યાં જ્યાં આપ ત્યાં ત્યાં હું ય-
મ્હેલે જંગલે કે ક્યાં ય

મ્હારો પતિ જ રણમાં જાય,
હુંથી ક્યમ અહીં રહેવાય?
ચિન્તા રાખશો ના-નાથ,
ના હું ડરીશ સુણી રણહાક.

મુજને શસ્ત્રનો છે યોગ,
પાર્થે શીખવ્યો ઉપયોગ,
આપીશ નાથને હું સ્હાય,
શીખ્યું આજ સાર્થક થાય.

ઝૂઝે રણે વ્હાલો યોગ
તે છે મ્હને જોવા કોડ;
તૃપ્તિ તે જ લેવા કાજ,
રણના રથે બેઠી આજ.'

પોતાની જે માત નિત્યની ભાગિણી પાર્થની
રડતી તે હમણાં જ જોઈ આવ્યો વીર છે.

તાજી અશ્રુધાર-દયામણું મુખ માતનું
તે ફરીથી આ વાત વીરનયનમાં તરવરે.

સ્ત્રી તો કોમળ જાત-વીરપણું ત્યાં હોય ક્યાં?
અનુભવની જે બ્હાર તે આ વીર ન માનતો.

ત્યાં આ બાલાવેણ વિસ્મયદરિયો ભાસતો,
તેને પીતો તેમ અધર બે ય ઊઘડી રહે.

સ્ત્રી ના યુદ્ધમાં લેવાય,
શાસ્ત્રો કેમ ઉલ્લંઘાય?

દેવા રજા મન ના થાય,
'જા' એ બોલ ક્યમ બોલાય?

એ મુખચન્દ્રનું સૌંદર્ય
તેમાં અમી છે કંઈ દિવ્ય;
તેનું પાન કરતો જાય,
તૃપ્તિ કાળથી ના થાય.

આ ના દેવી કોય પણ છે નકી નિજ ઉત્તરા
એ જાણે તવ યોધ વિચારલહરીમાં તરે.

'લલનાઓ તણાં આ રૂપ
ઓહો! સુધાના શા કૂપ!
એ લાવણ્યના સૌ ભાવ-
તેનો શો ગંભીર પ્રભાવ!

એને જોઈ તો મ્હેં આજ
પણ ના કરું શું તે કાજ?
ભાસે યુગો વીત્યા સાથ!
મ્હારું હૃદય થાતું દાસ!

આ કો' સભર મૃદુતાકોષ!
કેવો યોગ આ નિર્દોષ!
જોતાં થાક ઊતરી જાય!
દુઃખનો નાશ ક્ષણમાં થાય!

રણમાં ઝૂઝવું તે પાપ,
કરવો શત્રુનો ત્યાં ઘાત;
જાણે પોષવાનું પ્રીત,
પ્રેમે હારવું તે જીત.

શી છે ઘાત કરતાં જીત?
એ તો મૃત્યુની છે રીત!
જીવન યુદ્ધમાં શોષાય!
જીવન પોષતાં પોષાય!

બાલાઓ! અહો! સુકુમાર!
તમને સ્વર્ગ ખુલ્લું દ્વાર!

જગના સ્તુત્ય આ સૌ વીર
તે તો ક્ષારનું છે નીર!'

અહો! કેવું હૈયું ઘનવત બન્યું છે હમીરનું!
દીસે છે એ હેલી મુખ પર સુધાની વરસતી!
અરે! સ્વાતિબિન્દુ! તુજ પ્રિય તને છીપ મળજો!
તમારા સંયોગે જગત સહુ મુક્તામય થજો!
ભલે થાતો હાવાં શિથિલ કર આ ખડ્ગ પરથી,
ભલે છૂપા ભાવો તુજ નયન દેતાં સહુ કહી;
અરે! કિન્તુ શાને તુજ ઉર નિરાશામય બને?
રમ્યો આડો સૌથી પ્રણય ત્યમ તુંથી પણ રમે!

ગઢવી! મારજે છાપો જે જે હો હજુ મારવી!
ઝીલનારું ત્હને આવું ના ના કોઈ મળે ફરી.
"બાલાનું મુખ મૂક તેમાં દૈવી નાદ કો'
તે સુણતો અભિમન્યુ, ને જોતો મૃગબાલ શો.
જયઉત્સાહી નેન પ્રેમગરીબી વ્યાપતાં
કાંઈ યાચે તેમ ચોંટ્યાં બાલામુખ પરે.

ચોંટ્યાં નેન-દિલનાં નેન,
ઊઠ્યું મધુર ઝરણું-પ્રેમ;
પણ ના યુદ્ધ કૈં રોકાય,
હાવાં વિલંબે ક્યમ થાય?

ઉત્તર વાળવાનો કાળ
આવ્યો હવે વીરા બાળ!
નીચે ધરી કરથી બાણ,
બોલે ઉત્તરાનો ભાણઃ

'તુજ ગુરુ-પિતા મ્હારા દૂર,
આ જો સજ્જ ઊભા શૂર;
છેટું યુદ્ધને ન જરા ય,
હુંથી ઊભું ના ર્‌હેવાય.

સ્ત્રી ના યુદ્ધમાં લેવાય,
શાસ્ત્રો કેમ ઉલ્લંઘાય?

ત્હારો કોડ-બાલા! આજ
હુંથી કેમ પૂરો થાય?

ત્હારો કોડ ના પુરાય,
જુદાં થવું-ના ઉપાય;
ત્હારા યોગનું સુખ તેમ
હુંથી ન તેટલું લેવાય.

આપું-ઉત્તરા! પણ કોલ,
પાળો પ્રભુ મ્હારો બોલ;
પાછો ફરી રણથી આજ
ભેગો કરીશ પંડિતસાથ.

સ્ત્રી કાં રણે ના લેવાય?
એ સુખ કેમ ના દેવાય?
એવી કરું છું તકરાર,
ખુલ્લું પછી થાશે દ્વાર.

ચડતાં ફરી હું સંગ્રામ
લેઈશ સાથ તુંને-પ્રાણ!
કર તુજ ખંત પૂરી કાલ,
માતા સહે રહેજે હાલ.'

હોતાં શાસ્ત્રનો પ્રતિષેધ
મૂકી ઉત્તરાને ઘેર;
પણ એ બોલતાં એ વેણ
નેત્રે વહી અશ્રુરેલ.

ઊતરે ઉત્તરા લાચાર,
ધડકે દિલે મ્હોટો ભાર;
દૃઢ ઉર છે કર્યું કરી જોર,
ખરતું તો ય આંસુબોર.

બાલાના હૃદયનો કંપ
એ મુખ તણો ઘેરો રંગ
તે પર સ્નિગ્ધ લોચન યોધ
ચોડી રાખતો ધરી લોભ.

નેત્ર વિખૂટાં છો બને! ભલે દૂર હો અંગ!
પણ ધ્રુવ ત્યાં ધ્રુવમાછલી એ જ પ્રેમનો રંગ!"
તૈયારી છે કસૂંબાની, વારતા અટકી અહીં;
અંજલિ આપવા લેવા તાણખેંચ શરૂ થઈ.

પાળાં રૂપેરી ત્રણ ચાર મ્હોટાં
કુંડી સમાં હાજર એ ફરે છે;
હુક્કા દીસે સૂઈ ઊઠેલ તાજા
ભરેલ તે વાદળી શા ગડેડે.

બારોટજી બાંય ચડાવી ઊઠે,
એ ધર્મ તેણે જ હતો બજાવવો;
ટીપાં ઉપાડી નિજ આંગળીથી
શિરે ધરી રંગ કંઈક દેતા.

"રંગ છે મોખડા તુંને! હોજો રંગ હમીરને!
વીભાને રંગ હો ઝાઝા ઘોડા દેતલ જામને!"*

મીઠો કસૂંબો ગઢવી કરે છે,
ચોપાસ કૈં અંજળીઓ ફરે છે;
એ ઘેન ધીમે ચડતું દીસે ને
વેળા ય ના ભોજનને હવે છે.

નશામાં ઘેન સૌ મીઠાં મીઠાં છો વિશ્વને બને;
પ્રેમના ઘેનમાં બીજું ના ના ઘેન કદી ચડે.

ફરીથી એ બાલા સરવર તણી યોધહૃદયે
સુણાતાં આ વાર્તા રુધિર સઘળામાં તરવરે;

---

* ગઢવી સૌથી પ્રથમ કસૂંબો મીઠો કરે છે– પીએ છે–અને તે વખ્ત ધરાએલી અંજળિમાંથી અકેક ટીપું ઉપાડી શિરે અથવા પોતાના હાથની કળા પર ધરી દરેક ટીપે દાતાર, શૂરા અને સૌથી પ્રથમ પોતાને બંધાણ કરાવનારને ગુરુને–રંગ–શાબાશી–આપે છે. હમીરને પણ રંગ આપે છે તેનું કારણ તે ત્યાં હાજર છે એ નથી; કેમકે એમ રંગ આપતા નથી, રિવાજ પણ નથી, પરંતુ તેની મારવાડની કારકિર્દીએ એવા રંગ માટે તેને યોગ્ય બનાવ્યો હતો તેથી જ અહીં જેમ તેની ગેરહાજરીમાં તેમ જ હાજરીમાં રંગ અપાય છે.

મ્હારી કથાને તેના મારવાડના વાસ સાથે સંબંધ ન હોતાં તે વાત મૂકી દેવી પડી છે, તેને માટે મ્હને દિલગીરી થાય છે; કેમ તે પણ કોઈ કાવ્યને–વીરકાવ્યને–શોભાવે તેવી છે. અને એ લખાય ત્યારે જ હમીરજીના ચરિત્રને ન્યાય મળ્યો કહી શકાય.

દ્રવી ચાલી જાતી મધુર સ્વરમાં ઇંદ્રિય બધી,
સમાતી ના આવી લહરી જિગરે કૈં ઊઠી ઊઠી:

અહો! તે બાલા, શી મુજ હૃદયની તે રમણી એ
મને ક્યારે કહેશે-'તુજસહ-પિયુ! ચાલીશ રણે?'
હશે ક્યાં તે વેળા પ્રિયઉર તણો કોડ પૂરતી?
હશે-હા! ક્યારે તે અસુરશિર વ્હેતાં નિરખતી?

ધીમે ધીમે ગળી ગળી જતી પાકતી ચાંદની આ
ચારે પાસે ધવલ સરખી દૂધની રેલ રેલે;
પ્રેમે થાક્યો અગર દીસતો ઘેનમાં કો' નશાના
તેવો ધીમે પદ ધરી વહે અષ્ટમીનો શશી આ.

બ્હોળું હતું મંડલ આજ આંહીં,
સમાસ ચોગાન વિના થશે ના;
ટેક્ક કરે એ ગઢવી ઊઠે ને
અહીં તહીં નોકર કૈં ફરે છે.

અકકેકાને ઉપાડીને મૂકાતા દૂર ઢોલિયા,
ચાદરો પથરાઈ ને બાજઠો ય ઢળી રહ્યા.
પંક્તિ હવે સૌ પથરાઈ જાતાં,
થાળો ય ત્યાં સર્વ મૂકાઈ રહેતાં,

હમીરજી શબ્દ સુણે 'પધારો',
ને તાન મીઠું અટકી પડે છે.

પીરસવાનું શરૂ કામ થાતું,
પ્હેલું જ ત્યાં ભોજન ક્ષીરનું છે;
પીરસવાનું સહુ પૂર્ણ થાતાં
થાળી ફરે ચોગમ શર્કરાની.

વેગડાની કુમારીએ પકાવેલ રસોઈ છે,
પીરસે હાથથી જાતે બૂરું સાકરનું બધે.
મધ્યમાં યોધ બેઠો ત્યાં આવે પીરસતી હવે,
હસ્ત એ થાય લાંબો ને મ્હોં સામે મુખડું નમે.

કેવા નમે અવયવો ફૂલની કળી શા!
કેવી સમાન સહુ અંગની પૂર્ણતા છે!

સંકોચ ને સ્મિત તણી હદ શાં રસીલાં
કેવાં દીસે નયનપદ્મ ઢળેલ અર્ધ!

મીઠું સ્રવે પ્રણયસ્રોત કટાક્ષમાંથી,
ગંભીર દૃષ્ટિ ઉરની સ્થિરતા જણાવે;
એ ભ્રુકમાન જયઉત્સવની પતાકા
સામ્રાજ્ય આ જગત ઉપરનું ભજાવે.

જે નેત્ર તાપ સમરાંગણના સહે છે,
તેને ય દર્શનથી ઠંડક પ્રેરવાને
યોજાયલી પ્રભુથી મૂર્તિ દીસે નકી એઃ
ને એ જ સર્વ શશી ખુલ્લું કરી બતાવે.

વિદ્યુતના પ્રતિ નવા ચમકારમાંથી
ભાસે રસાલ જગ જન્મ સદા ય લેતું-
પ્રત્યેક તેમ ગતિ આ લલના તણીમાં
આકર્ષનાર કંઈ નૂતન ઉદ્ભવે છે.

એ ગૌર છે વદન, ગૌરપણા મહીં એ
તેજપ્રભાવ કંઈ ચંદ્ર અપૂર્વ પ્રેરે,
એ ભાલ, ગાલ, દગ, નાજુક નાસિકાથી
આછાં ગુલાબી કિરણો ઝરતાં દીસે છે.

સામે જ છે શશી રહેલ હમીરજીની,
એ અર્ધ ચંદ્ર દૃગ એ નિરખી રહ્યાં છે;
આ કિંતુ ગૌર પરિપૂર્ણ સુધાંશુ ક્યાંથી?
આશ્ચર્ય એ ચકિત આંખ નિહાળી ર્‌હેતી.

જે અર્ધ ચંદ્ર હમણાં જ નિહાળતો'તો
ત્યાં પૂર્ણ ગૌર શશી ભાવભર્યો કયો આ?
આ સ્વચ્છ આભ-નવ વાદળી એક છે જ્યાં,
ત્યાં આ કયો નવીન વિદ્યુતનો લીસોટો?

બાલા નમી હજુ ય પીરસતી જતી ને
એ હસ્તમાં નવીન ભાવ હજાર કંપે;
ક્યારે ગણે અતિથિ છે થઈ પૂર્ણતા તે
જોવા નમ્યું વદન યોધની આંખ સામે.

ઢોળાય થાળ અરધો મિજમાનને તો,
તોયે ગળામણ હજુ નવ પૂર્ણ થાતું;
એ તો પ્રભાત સુધી પૂર્ણ નહીં થવાનું,
બેઠો અહીં અતિથિ આત્મલગામ ખોઈ.

પોતે ગણેલ શશી પૂર્ણ કળા ભરેલો
તે સ્ત્રી જ છે-વદન છે-સમજાય છે એ;
કિંતુ વિશેષ કંઈ ખાતરી થાય હૈયે
ને એ થતાં જિગર શીત દવે ગળે છે.

તે તે તડાગ પરની પનિહારી બાલા
ને આ ઝૂકી અહીં સુધા પીરસી રહી તે
છે એક એક જ નકી! નકી એ જ એ છે!
શાં એ ઉરે મધુર સ્વપ્ન વહી રહ્યાં છે!

જે દર્શને હૃદયને હલવી મૂક્યું'તું
તે ઈષ્ટ દર્શન ફરી અહીંઆં કહીંથી?
જે દર્શને દિવસ કૂચ મહીં વધાર્યો
તેની ય આ સફલતા બનવી અહીંથી?!

એ નેત્રની સફલતા અણચિન્તવીથી
સિન્ધુ કૂદે તટવિહીન અજાયબીનો,
ભૂલી ગયો અતિથિ પીરસનારને છે
અન્ય સ્થલે પીરસવાની રજા જ દેવા.

સામે જ બેઠા ગઢવી તહીં છે,
તે દૃષ્ટિ આ સર્વ નિહાળી રહે છે;
સ્વઈષ્ટને પાર પડ્યું જ માને,
આનન્દનો વેગ ઉરે ઊઠી રહે.

કુંકાવટી નાયક ભીલનાને
ઉત્સાહમાં હસ્ત મહીં ધરે છે;
વૃદ્ધા અવસ્થા ઊડી ક્યાંઇ ચાલી-
બારોટજી બાલક શા ઊઠી ઊભે.

વિસ્મયે વેગડો ઊઠે ધોળી મૂછ હસી રહે;
જોઈને જોડલું આવું હર્ષાશ્રુ નયને વહે.

ચોંટ્યાં હજુ નયન એક બીજા મહીં છે,
મીઠી ઘડી હૃદયમાં ધડકી રહી છે;
આનંદ અમૃત તણા ગરકાવ માંહીં,
એ સ્નિગ્ધ આર્દ્ર અભિષેક બની રહ્યો છે.

ત્યાં ભીલનાયક કરે જઈ ચાંદલો, ને
બારોટજી કરથી અક્ષત ચોડી દે છે;
કન્યા તણો કર ગળામણથી ભરેલો
લેઈ હમીરકર નાયક માગતો આ.

એટલું થાય ત્યાં જાગે-આવે ભાન હમીરને,
ઘેરી એ આંખડી તેની ખેંચી લે મુખથી હવે.

આ પૂર્ણ છે સહુ જ ઈષ્ટ બની રહેલું-
છે એટલું ય સમજેલ કુમાર યોધ;
બ્રહ્માંડતખ્ત પ્રભુ અર્પી અહીં રહ્યો આ-
તેનું ય ભાન ઉરમાં ઊછળી રહ્યું છે.

પોતે જવાનો પણ કાલ યુદ્ધે-
એ વાત હૈયે ખટકી ઊઠે છે;
સૌ ક્ષેમ પાછું જ ફરાય ત્યાંથી,
શી ખાતરી તેની થઈ શકે છે!

તો આ બિચારી અનભિજ્ઞ બાલા
અખંડ સૌભાગ્ય સમી દીસે જે-
સૌભાગ્ય તે હસ્ત સહે લૂટીને
વૈધવ્ય દેશે ક્યમ પ્રેમ તેને?!

ઊઠતાં ઊર્મિ એ ઉરે સાવધાન થઈ ગયો,
અગાડી દીર્ઘ થાતો તે હસ્તને કબજે કર્યો.

મીઠાં દયાર્દ્ર નયનો જલમાં તરંતાં,
એ ભીલનાયક તણાં નયને લગાડી,
એ સાહસિક ગતિને અટકાવતો એ
જે છે ઉરે ટપકતું-વિનયે કહે તેઃ-

"અહો! ત્હારી કન્યા-મુજ હૃદય તેને વશ બન્યું,
ખરું કે ચાહું છું, અધિક મુજને એ જીવનથી;

ખરું કે એ વિના જગત સઘળું શુષ્ક મુજને,
બધું સાચું સાચું પણ ન ઘટે તે ક્યમ બને?

અહો! તેની પ્રાપ્તિ મુજ હૃદયને પુણ્યોદય ગણે,
અહો! એથી બીજું જગ પર સુભાગ્યે ક્યું હશે?
ગયાં સ્વર્ગોનાં એ સ્વપ્ન સહુ એને નિરખતાં!
બધું સાચું કિન્તુ પ્રણય ક્યમ દેશે દુઃખ ભલા?!

હવે છે ના ઝાઝો જગત સહ સંબંધ મુજને,
રસીલું વા સૂકું પણ સહુ હવે સ્વપ્ન સરખું;
અરે! સ્વપ્ના માટે મૃદુ જીવન ડો'ળી ક્યમ દઉં?
કળી ચૂંટી લેઈ મરણવશ તેને ક્યમ કરું?!

જવું મ્હારે યુદ્ધે-મુજ કર હવે તો શબ સમો,
અરે! તેનો તેણે ઘટિત નવ આલંબ ગ્રહવો;
કહેતાં આ બોલો મુજ જિગર લાચાર દુખિયું,
છતાં હું તો એવી મૃદુ કળી સ્વીકારી નહીં શકું."

બારોટ આ વાત સહુ સુણે ને
નીચે ઢળ્યાં છે નયનો વિચારે;
ઘડીક એ યોધમુખે ફરે ને
નેત્રો ફરી ભૂમિ પરે ઢળે છે.

એ ભીલના નાયકની કુમારી
હમીરજીથી પતિ અન્ય સારો
ક્યાં વિશ્વની ઉપર પામવાની?
બારોટજીને દૃઢ એ થયું છે.

ચંદા ભણી એ નયનો ફરે ને
એ મ્હોં તણા ભાવ નિહાળી રહે છે;
જાણે કંઈ આમ પુકારી ઊઠેઃ-
'બાપુ! રુચે તે સુખથી કરી લે!'

બાલાઉરે છે ધડકી ઊઠ્યું કૈં,
પ્રીતિ વધારે ધડકી હશે ક્યાં?
સંકોચ, લજ્જા, દુનિયા, વિચારો
તોડી દઈ પ્રેમ કૂદી ઊઠે છે.

જે માલા ગઢવીકરે લટકતી તાજાં ફૂલોની હતી–
જે એ યોધઉરે જ ભોજન પછી પ્હેરાવવાની હતી–
તે માલા કરમાં લઈ કુંવરીએ અર્પી દીધી યોધને,
ના-હા કૈં કરવા તણો સમય ના બાકી રહ્યો છે હવે.

સરતટ પરે ગૂંથાયાં તે તરો ઉદધિ મહીં,
અનુકૂલ વહો વાયુલ્હેરી સદૈવ શઢો ભરી.
અમર રસ કો'-તેનાં લ્હાણાં ભવોભવ પામજો,
તમ હૃદયનાં ઊંચા સ્વર્ગે સદા નયનો હજો.

હર્ષાશ્રુ એ ગઢવીનાં નયને વહે છે,
સંસારકાર્ય સહુ પૂર્ણ થયાં દીસે છે;
એ યુગ્મનાં ફરીફરી દુખણાં લીએ છે,*
આશિષ હર્ષલહરી ઊભરાઈ વ્હે છેઃ-

"સુખડાં લાખ હો તાજાં! નીલો બાગ સદા હજો!
"ચાંદલો-ચૂડલો ત્હારો-બાપુ! બહેન! અખંડ હો!"

રજની આ વહતી મૃદુતા ધરી,
પતિ કને નવલા લલના જતી;
વદન એ પિયુના ઉરમાં સરે,
જ્યમ શશી નભમાં ઉપરે તરે.

## સર્ગ ૪

### પડાવ

સ્ત્રી-જે સૌ ઉપકારની વિવિધતા, સંસારની રોશની,
ઉષ્મા વિશ્વવિહારની, રસિકતા સાક્ષાત જે ઈશ્વરી;
જેની સુન્દરતા, કૃપા જગતને આહ્‌લાદ પાઈ વહે-
તેને આ મુજ બિન સોંપી શરણું, તેને જ ગાતું રહે.

* * *

સભર વિહરે લાલી લાલી છવાઈ છવાઈ આ,
કુમકુમ ભર્યાં શું બાલાના મૃદુ ચરણો ફર્યા;

* દુખણાં સ્ત્રીઓ જ લે છે, પણ બહુ આનન્દમાં આવી જઈ આશિષ દેતાં, દેવીપુત્રો-ચારણો પણ માતાની પેઠે જ પોતાના અન્નદાતાનાં-બાલકોનાં દુખણાં લે છે.

શરમ કરતી મુગ્ધા જાગે પિયુ ઉરથી સરી-
ત્યમ થરથરી તાજા સ્નેહે ઉષાનભમાં તરી-

જગત સઘળું પોઢ્યું કર્તા તણું શિશુ-શાન્તિએ
જરી પણ-અરે-એને કાંઈ ટકોર પડે રખે;
કરુણ હૃદયે એવું ધારી ઉષા સ્મિતમાં રમે,
મધુતર કંઈ મીઠાં સ્વપ્ને ગુલાબી કરે ભરે!

કલરવ કરે તે પંખીડાં સ્વરો નિજ ફેલવે,
પ્રભુપ્રણયના મીઠા લ્હેકા જનશ્રવણે ભરે;
અનિલ લહરી ગાતી નેત્રો બધાં ય ઉઘાડતી,
પણ રસિકડાં જાગેલાંને જરાક સુવારતી.

પ્હેલી વસન્તવન જે ઉરમાં ફૂટેલી,
પ્હેલી જ મ્હેક વતી મસ્ત કરેલ અંગો-
તે કસ્તૂરી મહીં જ ભાન બધું ભૂલીને
સ્વચ્છન્દમાં ઉપવને મૃગ જેમ ખેલેઃ

તેવો વિહાર રજની અરપી ગઈ જે
સૌન્દર્યપૂજનની પ્હેલી જ પ્રેમજ્યોતિ-
તેને જ ગાઢ હજુ ચાંપી ઉરે જડંતો
નિદ્રા મહીંય રસ ચૂસી રહ્યો યુવાન!

આકાશથી ઝરતી ઝાકળ મોતીડાંની
એ દંપતીશયનસ્થાન વધાવવા જે,
એ તૃપ્તિના જ સ્વરને શરણાઈ ગાતી
મીઠા પ્રભાત તણું ઘેન વધારવાને.

સંગ્રામ ને જય તણા પ્રિય મિત્ર જેવા
ડંકા તણા ઘરર ઘોષ ઊઠે બગીચે,
બ્રહ્માંડજીત ઉર તૃપ્તિ મહીં વિરામ્યાં-
તે કિન્તુ એ સ્વર વતી ઝબકી શકે ના.

તો યે ન છે ઘટિત એક જ લ્હાણ લેવી
માશૂકસ્પર્શ પછી કાંઈ બધાં ય યાચે.
પ્રેમી હમીર! ફૂલડાં ચમને રમે આ-
એ તૃપ્તિની નજર ફેરવવી ઘટે ત્યાં.

ને, એ જ વાક્ય વદતો રવિ લાલ ઊગે,
એ સ્નેહની મધુર સોડ તપાવતો કૈ;
એ હૂંફ તો અનુભવાઈ બહુ ય વેળા-
આજે તહીં ય પણ નૂતનતા ભરી કૈ.

આજે બધાં કુસુમની સુરભે ફરી છે,
આ વાયુનાં ય મૃદુ ચુમ્બન આજ જુદાં;
તાજું બને નકી પુરાતન વિશ્વ આખું,
કો' એક નૂતન વિહાર મળી જતામાં.

ઊઠી હમીર નિજ શસ્ત્ર ધરી શરીરે,
ચંદા નમી કવચની કડીઓ ભરે છે;
જે શસ્ત્ર કાલ કડવાં ઉર માનતું'તું-
તેથી વિશેષ મધુ આજ બની શકે શું?

તાજા પ્રભાત સમું ચુમ્બન એક તાજું,
આલિંગન પ્રગટ હર્ષની છાપ જેવું,
એ પ્રેમના વચન શી તીરછી નિગાહ,
ને યોધ દાદર થકી ઊતરી પડે છે.

છે સજ્જ ત્યાં નાયક ભીલનો એ
બારોટજી ને નિજ મિત્ર સાથે;
આશિષ, આનન્દ અને મજાક-
એ દૃષ્ટિઓ યોધ સ્વીકારી લે છે.

ભીલો સહુ અશ્વ પરે ઊભા ત્યાં
હારો નમે વાંકડીઓ મૂછોની;
વસ્ત્રો પતાકા કંઈ રંગવાળા-
શસ્ત્રો સહે છંદ ઘનુ રચે છે.

બે પ્રેમરાજ્યો કરનાર એક
જે લગ્નની સાંકળ છે ઘડાઈ-
તેની કડી એક બની જઈને
યુદ્ધે ચડ્યો નાયક ભીલનો એ.

ચંદા હતી જીવન વેગડાનું-
એ આપતાં દેહ અપાઈ ચાલે

આનન્દનું બીજ વરી જઈ જ્યાં-
ત્યાંઃ ત્યાં જ દોરાઈ વહે બધાં એ.

એ ભીલના નાયક સાથ ચાલી
ભીલો તણું સૈન્ય ગયું અગાડી;
એ કૂચનો માર્ગ બતાવનારી
ધૂલિ દિસે દૂર ગુલાલ જેવી.

હમીરનું પાછળ સૈન્ય ર્‌હે છે,
એ યુદ્ધનો કેસરિયો પ્રવાહ;
સૌરાષ્ટ્રનાં ભૂષણશા તુરંગો
ભાલા સુધી કૂદી કૂદી રહ્યા કૈં.

મીંઢોળ બાંધેલ યુવાન રાજ
બારોટ સાથે વચમાં રહ્યો છે;
ચંદા રથે પાછળ પાસ આવે,
આનન્દની કો' ત્રિપુટી દીસે આ.

પ્‌હેલો રવિનો કરસ્પર્શ થાતાં
પ્રસન્નતાની કલી ઊઘડે કો',
વીરત્વના સ્વાંગ મહીં સ્મિતાળી
તેવી દીસે કોમલ વીરબાલા.

શશી તણાં બે બચલાં સમા બે
રથે જૂત્યા છે બળદો રૂપાળા;
દેવી ઊઠી કો' વરદાન દેવા,
તેવી દીસે આ સ્મિતમાં નવોઢા.

ઊગતો ભાનુ આ તાજો રાત્રિનાં સ્વપ્ને હજુ
દંપતીને શિરે ઢોળે સ્વપ્ન રંગીન કો' મધુ.

જે મીઠી લહરી ઉષાવદનમાં અર્પાઈ શુભ્રાંશુથી,
જે ત્યાંથી ખસતી ગળી સરી પડી ભાનુમુખે ખેલતી;
જેના તેજ વતી ક્ષણેક્ષણ ફૂલી ગાતાં બન્યાં'તાં વનો-
તે લ્હેરી ગઢવીઉરે કવિતનો પોષાક પ્હેરી રમે.

દેવીભક્ત તણાં રસાળ નયનો, એ શક્તિલીલા બધે
જોઈ પી રસ વૃદ્ધતા ત્યજી દઈ આનન્દ ગાતાં બને;

વિશ્વે જેમ ન દાનવીર કદી યે કો' દ્રવ્ય રાખી શકે-
તેવા આ ગઢવી ય કાવ્ય વહતાં રોકી ન તેને શકે.

પ્રભાતે દેવીને રોપી, ભાવનિષ્ઠ બની જતાં
ગુલાબી શી પ્રવાહી આ રમે કાવ્યની રેલમાંઃ-

"જય! જય! માત! દુર્ગા માત!
"કોમલભાવિણી સાક્ષાત!
"ધરતી રૂપ સુન્દર બાલ!
"સરતી શું નભે તત્કાલ!

"તુજ કર ઉપર ઘુમ્મટ વ્યોમ–
"નખના બિમ્બ સરખો શોણ!
"પદની મેંદીની આ શેષ
"રંગે વાદળીના કેશ!

"ત્હારી માગનારાં મ્હેર
"લવતાં પંખિડાં ચોમેરઃ
"રમતાં ઠણકતાં નૂપુર–
"તેના નાદનું આ પૂર!

"જેની દેવત્રણને સ્હાય,
"જેનાં ગીત નારદ ગાય,
"તે તુજ ચરણની રજ આજ
"પામું હું ય ગાવા કાજ.

"અમ્બે! કેમ છૂપી દૂર?
"ક્યાં તું છૂપવશે તુજ નૂર?
"જગ આ ગાય રોમે રોમ
"તે તુજ પાત્રનો પી સોમ.

"રમતાં ગોળીઓ ઊડેલ-
"તે આ ભાનુ ત્હારો ખેલ!
"ત્હારા ખેલનો વિસ્તાર-
"તેનો દાસ ભાસે કાળ!

"રડતું વિશ્વનું આ ચાક
"કુંડલ કર્ણનું તુજ-માત!

"તેના હીરલાની ઝાંઈ
"દેખે કવિ, શૂરા, સાંઈ!

"તુજને સુરા જે અર્પાઈ-
"જાણે સ્વાદ વિરલાં આંહીં,
"સીતા જાણતી'તી નેક,
"જાણે જિગર મ્હારું એક!

"પ્યાલો ભર્યો કાલિદાસ
"મીરાં ગઈ પી તે ખાસ!
"તે તુજ મોહિનીની મ્હેર
"બાવાઓ કરે પી લ્હેર!

"જગની સુન્દરી તુજ તાન,
"મોહક રૂપ ત્હારી સાન;
"જેના દોરમાં સંસાર
"મીઠો બને છોડી ખાર!

"જેનો ભાગ્યશાલી લેખ
"તે તો પામતા એ કેફ!
"એ તો સ્વર્ગમાં પીવાય,
"ફોરું એક અહીં લેવાય!

"કોને સુરાનું દે પાન!
"કોને અન્ય મીઠી લ્હાણ!
"કોને એક તિરછી આંખ!
"વાગે સ્નેહની જ્યાં પાંખ!

"દેતી ક્યાંઈ વત્સલ છાય!
"મદિરા પય બની વહી જાય!
"ખોળે કોઈ રમતું બાલ!
"આસવ ઘૂઘરે દે તાલ!

"મદિરા મેઘની એ ધાર!
"ગાવો કેમ તેનો કાર!
"બાલે! દિવ્ય ત્હારું સૌમ્ય-
"તેનો બધે કંપે તાર!

“પ્યાલા તણું ખપ્પર થાય!
“સીસો ત્રિશૂલે ટીંગાય!
“કરડી ભમરની તીખાશ!
“એ તો દૈત્યદિલનો ત્રાસ!

“સ્ત્રીનું રૂપ એ તલવાર
“જાણે યોધ એની ધાર!
“મહમુદ રોળવાને કાજ
“બેઠી ક્ષત્રિકર જે આજ!

“આવા યોધને ધરનાર
“ઉદરે-તે જ તુજ અવતાર!
“સુન્દર ભાવિણી સાક્ષાત્!
“જય! જય! માત! જય! જય! માત!

“મહીપતિ યોદ્ધા લાખ અબળા વિણ નબળા નકી!
“કુંકુમભર એ હાથ જ્યાં જયડંકા ગડગડે!
“ગોહિલરાજ હમીર! તુજ કર પર તરવાર પર-
“એ જ કૃપાની સ્થિર પાંખ હજો તુજ સાથમાં.”

પિયુ પ્રિયાનાં-સુણી મિષ્ટ કાવ્ય આ-
સ્મિતે ભર્યાં'તાં નયનો મળી મળી;
ઉરો તણી ગોઠડીઓ કરી કરી,
ધરે રવિનું જ્યમ તેજ ચન્દ્રમા.

હમીરજીના ઉરમાં પડેલ તે
હજુ નવી કાલની છાપ સૌ હતી,
હજુ રહી સ્નેહની શ્રેણી એ કૂદી,
ઉરે રમે તે પણ કંપ એ જ એ.

ખરું જ કે એ ગત ઝિન્દગી બધી
સખી વિના વ્યર્થ જ માનતો હતો;
સખી સહેજે જે રસ ઈશ અર્પતો-
તે પાનમાં લાગણીઓ ગણી હતી.

પરન્તુ સ્ત્રી સર્વ પ્રકારમાં અહીં
પ્રધાનતા ભોગવતી રહેલ શું?!

નકી બધું આ ગઢવી કહે નવું-
રણે ય દુર્ગામયતા રચેલ શી!

જરા નવું હાસ્ય મુખે પ્રકાશતું-
"બારોટ શ્લાઘામય ભાસતાં અતિ;
'પુરુષની કીર્તિ જરીક તો હતી!"
એ હાસ્ય એ વાત અગાડી મૂકતું.

ગઢવી તો ચડેલા છે કવિતાના જ આસવે,
હુક્કાની ફૂંકની સાથે કાવ્યની ઝરણી કૂદે.

"છોડી વિશ્વ છોડી રાગ,
"તપતાતપ મુનિ ઋષિ લાખ;
"ચિત્તે રાખતા ૐકાર-
"વાગે બ્રહ્મનો જ્યાં તાર.

"રોળી વાસનાનું સેન,
"શોધી ખાકમાં નિજ ચેન;
"જંગલ વસવતા એકાન્ત,
'ચિત્તડું એમ થાતું શાન્ત.

"એ તો નાવડું રસહીણ,
"ખારા સિન્ધુનાં એ ફીણ;
"હું તો ગાઉં બીજું ગાન,
"દેવી તણું એ તો તાન.

"એ તો અન્ય મીઠો રાહ,
"રસનો અમર તેજપ્રવાહ;
"સુન્દર આંખડીના રાગ-
"એ એ રાહના સૌ બાગ.

'દિલની ઊડતાં જ્યાં છોળ-
"બનતું વિશ્વ બોળંબોળ;
"તિલની ગાલ પરની સેવ-
"તેમાં ધ્યાન, દેવી, દેવ.

"હુંપદ ઉપર મારી મેખ,
"ચોગમ એ જ માશૂક દેખ;

"દિલનો તોડતાં સંકોચ,
"છેલ્લું જ્ઞાન, છેલ્લો ભેખ.

"કવિઓ ગાન એનાં ગાય,
"સુન્દર પાંખડીને સ્હાય;
"મદિરા દેવી ત્યાં જે પાય,
"તેમાં ખલક ઝૂક્યું જાય.

"નવ રસ વાસનાનો ખેલ!
"પ્રેમ જ કેન્દ્રમાં શોભેલ;
"પ્રેમ જ અલકનો ઉપભોગ.
"છેલ્લો વિશ્વનો ઉપયોગ.

"જગમાં પ્રેમનું જે સ્થાન
"તે તો દેવીની સ્ત્રી-સાન;
"મ્હેં તો એક અમ્બા સેવી,
"જય જય! દેવી જય જય દેવી!

"માળા ફેરવું ત્યાં એ જ,
"રણની હાકમાં એ એ જ;
"દુર્ગા માતનું આ ગાન-
"જાગત ઊંઘતાં એ એ જ.

"સંહારે ચડે મુજ માત-
"ત્યાં યે પ્રેમભીની ભાત;
"ક્ષત્રિખડ્ગ જે વખણાય-
"રક્ષણ કાજ તે વપરાય.

"વખણાઈ ગઈ સમશેર-
"તેમાં કંઈક સ્ત્રીની મ્હેર!
"દેવી પ્રીતિ તું સાક્ષાત!
"જય જય! માત! જય જય! માત!

"જંગજીત રણનાથ અબળા વિણ નબળા બધા!
"કુંકુમભર એ હાથ પુષ્પમાલ તલવારની!"

બારોટજી આ સમજાવતા'તા,
એ પ્રેમની દેવી ખડી કરીને;

એ વાત ચાલી હજુ જ્યાં રહી છે,
હમીરપત્ની રથ તારવે ત્યાં.

ત્યાં પાસ છે કો' હરણું ઊભેલું,
તેના ભણી એ રથ ચાલતો થયો;
બારોટ ને યોધ તહીં જ ચાલે
નીચે જ જોતું મૃગ તો ઊભું હજુ!

ચાંચલ્ય તો જાતિ તણો સ્વભાવ-
એ આજ ક્યાં દૂર થયો મૃગેથી?!
કો' વજ્ર શો શાપ શિરે પડ્યો શું-
પાષાણનું શું મૃગ છે બની ગયું!

એ ભીરુતા નેત્ર તણી નમીને
ગળી રહી દારૂણ શોક માંહી,
કો' હસ્તિની શૂંઢ મહીં દબાતાં
જેવો ગળે છે રસ પોયણીથી.

તેની જ પાસે પદમાં પડ્યો છે,
તેનો જ સાથી મૃગલો ઘવાઈ;
ચોટી રહ્યા છે હજુ તીર હૈયે,
મૃત્યુ તણા મ્હોં મહીં રક્ત વ્હેતું.

માદા ઊભીને વ્રણ નેત્ર ચાટે,
તેને ય એ ઔષધ વ્યર્થ ભાસે;
તો યે-અરે સ્નેહ તણો જ ધર્મ-
બજાવતી છેવટ હોય ના શું!

'નહીં! નહીં! એ રડતાં હતાં દગો,
દયાભરી દૃષ્ટિ મિલાવી યોધથી;
સામે પ્રવાહે, રણમાં જનારું,
એ દૃષ્ટિથી એ ઉર સ્થંભી ઊભે.

છતાં ય અશ્વો હજુ પાસ આવે,
'એ ઘાતકી શું ફરી તીરવાળો!'
રે! માનવીને મૃગલી પિછાને,
ન્હાસી જવા શક્તિ ન કિન્તુ હાવાં.

છતાં ય અશ્વો હજુ પાસ આવે,
દૂરે જરા એ મૃગલી ખસે છે;
ચોટેલ એ દૃષ્ટિ તહીં જ તો યે
'નહીં! નહીં!' ની ફરિયાદ રોતી.

એ માનવી એ મૃગ પાસ ઊભાં,
જરા વધુ દૂર મૃગી ખસે છે;
પ્રભુ કને રાવ પુકારતી શું-
આધીન એ દૃષ્ટિ તહીં જ ચોટી.

મૃગી થઈ દૂર જ એટલું એ
છેલ્લી ઘડીમાં પણ જાણતો'તોઃ
છેલ્લા ય શ્વાસો મહીં સ્નેહના એ
નિઃશ્વાસને ખેદથી યોધ જોતો.

છેલ્લો જ એ સ્નેહ તણો નિસાસો-
સમુદ્રના ઊર્મિ સમો રસાળો;
ચાલી જતી શ્વાસની ઓટ માંહીં
છેલ્લું જ મોજું ભરતી તણું એ.

સામે જ ઊભેલ હમીરજીને,
મૃત્યુની દૃષ્ટિ ઠપકો દઈ કૈ;
નિઃશ્વાસ ને ત્યાગ મહીં ઠરે છે,
ધરી રહે છે પછી ભાવશૂન્યતા.

સંસારની સત્ત્વપ્રધાનભાવિણી
જે દેવીને યોધ સુણી રહ્યો'તો-
તે સર્વવ્યાપી તણી મૂર્તિ આંહીં
હમીરની દૃષ્ટિ પરે તરે છે.

બની શકે તો મૃગને બચાવી,
તેની મૃગીને ફરી સોંપવાને
ઈચ્છા ઊઠે યોધઉરે પરન્તુ
નિઃશ્વાસથી ના વધુ કૈં બની શકે.

દવા તણો કાળ બધો ગયો છે,
ઉપાય તો મૃત્યુ તણો રહ્યો છે;

દયાલુને એ ઉરની દયામાં,
રહ્યો હવે તીર જ એક ખેંચવો.

એ ખેંચતો તીર હમીર છેલ્લે,
બારોટ સામે નિરખી રહે છે;
એ નેત્રના નીરની તૃપ્તિ માટે,
ઇલાજ બારોટ કને નહીં કશો.

ચાલી ગઈ છે હરિણી ય હાવાં,
હમીરને ચાલ્યું જવું જ બાકી;
અશ્વે, રથે માર્ગ ફરીથી લીધો,
મુસાફરોથી અટકાય કેટલું?!

રજા ઉષાને દઈ દૂર રાખી
રાતાશને શ્વેત કરી દઈને
આ એકલો ભાનુ નભે ચડ્યો છે,
પ્રવાસ પૂરો કરવો જ જ્યાં ત્યાં!

હીરો તપી ઈશકિરીટનો આ
છાયા તરુની મધુરી કરે છે;
પંખી સૂવે વ્હાલ મહીં ફરીથી,
આનંદ વારો સઘળે ધરે છે.

પંખી નીચે લશ્કરના પડાવો,
અહીં તહીં સૌ પથરાઈ જાતા;
એ દંપતી યે ઊતરી પડે છે,
છાયા મૃદુ છે સઘળે સમાન.

વિશાલ વૃક્ષો વડનાં ઊભાં ત્યાં,
પાસે નદી કૈં મધુરું લવે છે;
ચંદાઉરે એ મૃગલી રડે હજુ,
આરામ નિ:શ્વાસ સહે ઢળે છે.

ન્હાનું દીસે પાસ જ ગામડું કો',
ત્યાં વ્યોમમાં ધૂમ્રની આકૃતિઓ;
જાણે કૂદી શ્યામ મૃગો ફલંગે,
દોડી જતા પારધિપાશથી શું!

બાંધી અશ્વો તરુ સાથે, જાજમો પથરાય છે,
અંજળિમાં કસૂંબાના રાતા રંગ ભરાય છે.
દેગો કૈં લશ્કરી મ્હોટી ચૂલે ગીત કહી રહી-
ઊડતો કૈં ગરીબોને ધૂંવા સાદ કરી કરી.

એ ગામમાં ચારણ કોઈ હોય તો
નિમંત્રવાની રીતિ ક્ષત્રિઓની;
એ કામ બારોટ બજાવવાને
તૈયાર થાતા લઈને કસૂંબો.

સંબન્ધ ક્ષત્રિ સહ બ્રાહ્મણોનો
શિથિલ કૈં કાળક્રમે થયો'તો;
સંબંધ એ ચારણ સાથ હાવાં
દિને દિને ગાઢ થતો જતો 'તો.

સાહાય્ય જે બ્રાહ્મણ ક્ષત્રિઓની-
તેણે હવે શસ્ત્ર ત્યજી દીધાં'તાં;
ક્ષત્રિ હજી બ્રાહ્મણને નમંતા,
તે તો હતો માત્ર વિવેક જૂનો.

એ બ્રાહ્મણોની કટુ ઔષધિઓ,
શાસ્ત્રો મહીં માત્ર છૂપી રહી'તી;
શ્લાઘા તણા ચારણ ધોધવાઓ-
તે પામતા આદર મ્હેલ માંહીં.

એ ચારણો માન ન પૂર્ણ પામતાં
છતાં કને ચાબૂક રાખતા'તા;
એ દેવીની જીભ અકીર્તિ ગાતાં
વૃથા થતાં ઝિન્દગી મૃત્યુ બંને.

આધાર ક્ષત્રિ પર રાખનારા,
'વખાણવું' એ જ ગણી ગુઝારો;
આ ચારણો બ્રાહ્મણના હકો કૈં
પામ્યા હતા સૌ દરબાર માંહીં.

મીઠો થતો ચારણથી કસૂમ્બો,
ઊંચાં હતાં આસન ભોજનોમાં;
યુદ્ધે ય એ ગીતથી પ્હેલ થાતી-
મૃત્યુ પછી જે યશ દીર્ઘ ગાતાં.

ક્ષત્રિ ય એ ગીત તણાં ગૃહોમાં
સન્માનનો કૈં હક રાખતા'તા;
બારોટજીઓ પણ ખાતરીમાં
મીઠા હતા ક્ષત્રિ અતિથિઓને.

એ ગામમાં કૈં ફરી આવવાને,
બારોટજી સાથ હમીર ચાલ્યો;
બારોટને ખોટ ન વાતની કૈં,
એની સહે મંજલ સર્વ ટૂંકી.

મેડી તહીં ચારણની જ પ્હેલી,
છૂપી રહે તેની ન ઝૂંપડી એ;
બહાર છે ગોહિલરાજ ઊભા,
બારોટજી ભીતર જાય છે ત્યાં.

સ્ત્રી ત્યાં એક જ એ ગૃહે ઊભી હતી, સૂનું દીસે છે બધું,
થોડા કાળથી કોઈ યે પુરુષની ત્યાં હાજરી ના હતી;
આ સ્ત્રી જે ગઢવી તણું ગૃહ હતું, તેની ભગિની થતી,
તેના ઉપર કાંઈ કષ્ટ હવણાં તાજું જ આવ્યું દીસે.

પોતાના શિરતાજ ક્ષત્રિ સહ એ બારોટનું યુદ્ધમાં-
પૂરો માસ હતો હજુ નવ થયો-મૃત્યુ થયેલું હતું;
એ બાઈ ધરી સાળુ શ્યામ દુખણી એ શોગ પાળી રહી,
ઢાંકેલા ગમગીન અર્ધ મુખડે તાજું જ વીતેલ સૌ.

નૌકા હાલ ઘડેલ સિન્ધુ ઉપરે પ્હેલા પ્રવાસે ચડ્યું,
બિચારું પ્રતિકૂળ વાયુઝપટે હાવાં રહ્યું ડોલતું;
ઓચિન્તું ખડકે ચડ્યું શઢ તણા લીરા ચીરાઈ ઊડે!
તે નૌકા તણું એકલું ભટકતું આ પાટિયું કો' દીસે!

એ સેવાર્પણના પરન્તુ હકને એ બ્હેન આનંદથી
ઝીલી લેઈ જઈ બહાર દુખણાં લેતી ઊભી શાન્તિમાં!

પોતાના રજપૂત એ અતિથિની રીતિ પ્રમાણે નમી
હેતેથી જલનો કરી કળશિયો* લાવે ગૃહે ભાઇને.
તેની ઓસરીએ અતિથિ વીરને બેસારતી આસને,
જાણે એ રજપૂત વીર મળતાં કાંઈ દિલાસો મળ્યો;
જાણે એ ગત બન્ધુ આજ ઘરમાં પાછો ફર્યો સ્વર્ગથી-
તેવી એ પગલાં હમીરજી તણાં પૂજે મૃદુ વાણીએ.

એ અર્ધઢાંક્યાં મુખને ય જોતાં
હમીરજીને સ્મૃતિ ઊછળે કૈં;
એ યોધના બાલપણાનું આજે
આ સોબતી કો' મુખડું દીસે છે.

એ જન્મભૂમિ પર જે વસેલું
માતા તણા લાડ મહીં રમેલું-
એવું કંઈ જાદુ ભરેલ મ્હોં એ
હમીરજીનાં નયનો પલાળે.

ખોવાયેલો સૂર્ય ફરી મળ્યાથી
પૂરાયેલો ભૃંગ ઊડે ફરીથી;
બેડી બધા કાળની તોડી દેતું
એ વીર હૈયું નીકળી પડે છે.

પ્હેલો જ શું ઉત્તમ કાળ આંહીં-
શું જન્મતાં ધ્વંસ શરૂ જ થાતો?!
જાણું નહીં એઃ પણ મિષ્ટતા તો-
બાલ્યા તણી છે સ્મૃતિઓ સહુ એ!

અશ્રુ તણું એ પડ બન્ધુનેત્રે
એ બ્હેનને સિન્ધુ બની વહે છે!
નિર્મ્યું દીસે છે વિભુએ અહીં તો
અશ્રુ પરે ઔષધ અશ્રુનું જ!

---

* કોઈક સગોત્ર વ્હાલું ઘરમાં આવે ત્યારે બ્હેન કે માતા કે તેવા સંબંધના હક્કવાળી સ્ત્રી કળશિયામાં જલ ભરી અતિથિના માથા પર ફેરવી તેને પગ પાસે ઢોળી દે છે. આગમન વક્કી પછી હોય તો જરા દીર્ઘ ક્રિયા પણ કરવામાં આવે છે. શુભેચ્છા અને સત્કારનું આ સૂચન છે અને " કળશિયો કરવો " એ નામથી જાણીતું છે.

એ બન્ધુ તણી પત્નીને નિરખવા છે હોંશ એ બ્હેનને,
એ મીઠા મિજમાનની હૃદયથી સેવા સ્મિતે આદરે;
એના આગ્રહને નમી હમીરજી મધ્યાહ્ન ત્યાં ગાળવા,
બ્હેનીને કહી ઊઠતો લઈ રજા જાવા રિસાલે જરા.

બ્હેનીને નિજ શોગમાં સમય ના બ્હારે જવાનો હતો
ને હાવાં વળી અન્યની મદદની તેને અપેક્ષા હતી;
એ જાણી ગઢવી સહાય બનવા ધીમે જરા સૂચવી
ચંદાને પણ તુર્ત તેડું કરીને ત્યાં લાવવાનું કહે.

ગઢવીજી પડાવે ત્યાં ચંદાને કૈં ત્વરા કરે,
યોધ એ મિત્રની સાથે રિસાલામાં જરા ફરે;
નિશાનો આકરાં ઊંચે, ટીંગાઈ લડતાં દીસે,
કસૂમ્બી નેત્ર કૈં તાકી, ગણી ઘા શરથી રમે.

એ મિત્રને સાથ જ ચાલવાને
હમીરજી આગ્રહ કૈં કરે છે;
છોડી દઈ ખેલ મજાક કિન્તુ
ઈચ્છા હતી ગામ મહીં ન જાવા.

હમીર સંતુષ્ટ થયો હવે છે,
સુખી થયો છે ઘરબારમાં સૌ;
આનન્દ એ મિત્રઉરે છતાં યે
તેની મજા શૌર્ય તણા જ ગર્વે.

હસી અને કોલ દઈ કહે કેઃ-
'હજુ ય યોદ્ધો વરવા પરીને
'ઈચ્છે અને સ્વર્ગ મહીંય પ્હોંચી
'પાંખાળીને હાજર એ કરી દે.'

કિન્તુ વિવેકો સહુ પાછલામાં
તેને કશી સૂઝ પડી શકે ના;
હમીરને એ પલટાઈ દેઈ
ઈચ્છે સદા એ હળવો જ રહેવા.

ચંદા ગામ મહીં પ્હોંચી-દાસી જાણ કરે અને
બ્હેનને ત્યાં ગયો રાખી છાવણીમાં જ મિત્રને.

તૈયાર થાળ કરતી યજમાન બ્હેની,
એ શોગમાં ય સુખની લહરી હતી આ
હૈયું વળી ટૂંકી જ લ્હાણ આ તોઃ
જેવી દીસે ઝબકી વીજળી મેઘધારે.

ઉત્સાહ, દર્દ સુખ મિશ્રિત થાલ કિન્તુ
ચંદાઉરે રુદનની મિજમાની ભાસે;
ભીંજેલ એ ગળગળાં નયનો સુકાવી
વચ્ચે પડે પ્રણયમાર્દવની જ મૂર્તિ.

સ્વીકારી જે નવ શકે યજમાન પોતે,
સ્વીકારી કેમ અતિથિ સુખથી શકે તે?
જો શોગના જ ગૃહમાં અતિથિ થવાયું,
તો સ્નેહને ય સુખ શોગ જ પાળવામાં.

ચંદા હતી ગઢવી સાથ રહેલ તેથી
વાકેફ સર્વ ગઢવીગૃહની રીતિથી;
સંસારીનો વળી વિવેક અહીં બન્યો'તો
કો' ધર્મ, કો' સખીપણું, સુખદર્દનું કો'.

આતિથ્યનું હૃદય એ સમજી શકી'તી
તો યે ન ભાગ યજમાન લઈ શકે ત્યાં;
એ શોગમાં ભગિનીથી ન બની શકે કૈં,
લોહી ભર્યાં મુખ વતી પકવાન લેવા.

ના શોગ કો' હજુ મળ્યું ઉતરાવનારું;
એ ભાગ ત્યાં સુધી લઈ જ શકે ન બ્હેની;
કૈં મિષ્ટ લ્હાણ કટુમાં ગ્રહવા કહેવી-
એ તો દુખેલ પર ડામ દીધા સમાન.

ચંદા હતી સમજી સૌ ગત વાતથી કે
તેને હતું નિકટમાં નવ કો' મુરબ્બી-
જે અશ્રુ એ ભગિનીદર્દ તણાં લૂછેવા
જે શોગ એ સમય સ્વલ્પ મહીં ઉતારે.

ચંદા જ કેમ ભજવી નવ કાર્ય લે એ,
કો' રક્તસ્નેહથી વધુ રતિસ્નેહ આ છે-

કો' શ્યામ વસ્ત્ર ઉતરાવી ગુલાબી દેવું-
તેથી વિશેષ સુખ હોય જ શું જહાંમાં?

ના લગ્નને ગત થયા દશ એ દિનો યે*
ત્યાં કાર્ય આ રુદનનું દુઃખ આપનારું;
સૌભાગ્યમાં રુદન તો અપશુકનું છે,
સૌભાગ્ય સ્નેહ તણું કિન્તુ દુઃખો જ લેવા.

ઈચ્છા બધી ગઢવી એ સમજી ગયો'તો
શિષ્યા તણું હૃદય એ ખૂબ જાણતો કે-
દુર્ગા તણો જ અવતાર જહાં પરે તે
ન અન્યનું દુઃખ જરી શકતી સહી એ.

હા-ના કશી ય કરવી ઘટતી હતી ના,
ઈચ્છા અતિથિઉરની યજમાનને કહે;
એ બ્હેન એ જગતથી ય વિરુદ્ધ માને,
ના તાણખેંચ પણ સ્નેહ સહી શકે છે.

જૂનો રિવાજ વળી રક્ત તણો ઉછાળો,
એ બ્હેનનું રુદન કાવ્યમયી કરીને
અશ્રુ તણા પૂર મહીં ઉર ફાટવા દે-
એ બન્ધુની ઉપર એક પુકાર છેલ્લો.

એ લાલ વસ્ત્ર સહ લાલી જ ધારવાની,
ખુલ્લા પછી રુદનને પરવાનગી ના;
સૌ વ્હાલનાં સ્મરણ છોડી દઈ પછી તો
સંસારજાળ તણી ગૂંથણીમાં ગૂંથાવું.

સામે રહી હમીરપત્ની શરૂ કરીને
એ બ્હેનના હૃદયને દ્રવતું જવા દે;
રે! વિશ્વમાં દરદને રડતાં ય જ્યાં ત્યાં-
કો' અન્યની હૃદયહૂંફ તણી અપેક્ષા!

એ રક્તસ્રાવવત્ અશ્રુ તણા નિમાણા
ઝીણા સ્વરો હમીરનું ઉર કોતરે છે;
રે! અશ્રુથી ય નવ તૃપ્ત દુઃખો થતાં શું-
કે' આ વિલાપ ઉરફાટ મહીં વહે છે?!

---

* દશૈયાં.

એ બન્ધુનું મરણ જન્મથી ગાય રોતી,
હૈયે ચડે અણગણ્યા ગુણની સ્મૃતિઓ;
જે વર્તમાન મહીં કૈં દીસતું હતું ના,
તે ભૂતકાલ બનતાં, નઝરે ચડે સૌ.

એ સાત વર્ષ તણી ઉમ્મર બાલકીની-
જ્યારે બધું જગત આ રમતું દીસે છે-
ત્યારે ત્યજી ગઈ હતી નિજ માત સ્વર્ગે,
એ બ્હેનને ત્યજી ગઈ નિજ બન્ધુ સાથે.

જ્યાં બ્હેન ચૌદ વરસે ચડવા જતી'તી,
એ બન્ધુ આઠ વરસો મહીં ખેલતો'તો-
ત્યારે પિતા પણ ગયા સહુ જાય છે ત્યાં,
આ વિશ્વમાં ત્યજી જ બાલક ઓશિયાળાં.

એ ચૌદ વર્ષ-વય જે મધુ સ્વપ્નકાલઃ
મીઠી બધી ચિનગી સ્પર્શ કરી રમે જ્યાં-
એ વિશ્વને સમજવા ઉકળાટ પ્હેલાઃ
આ બ્હેનને તહીંથી વૃદ્ધ થવું લખેલું.

બ્હેની તણા કર મહીં મૂકી તાત ચાલ્યા,
એ સ્નેહનું કુસુમ બાન્ધવહસ્ત ન્હાનો;
વાત્સલ્યનો કર ઉઠાવી લઈ પિતાએ
એ બ્હેનના હૃદયમાં ધરતાં કહ્યું'તુંઃ-

"આ ભાઈનું દિલ કરી સુખપૂર્ણ વિશ્વે
"સંસારમાં પછી જ તું પગ મૂકજે ને
"મૂકી ભરેલ ગૃહ પત્નીવતી રસાળું
"જ્યાં હોય ત્યાં તુજ ગૃહે સુખણી થજે તું"

એ વેણ યાદ કરી વત્સલ આ ભગિની
એ હીરલો જિગર સાથ જડી રહી'તી;
આધાર સ્નેહ જગમાં દઈ જે શકે કૈં
તે બન્ધુ એ ભગિનીથી સહુ પામતો'તો.

એ બન્ધુની ઉપર જીવન ઢોળનારી-
એ બન્ધુજીવન તણું સહુ પામનારી-

શોધી શકી વહુ ય એ ભગિની હતી ને
વાતો ય એ સુખદ લગ્નની ચાલતી'તી.

બાવીસ વર્ષ તણું દ્વાર ઉઘાડતાં તો
આ બ્હેન પામી પણ બન્ધુ તણાં જ અશ્રુ;
એ બન્ધુ તો શિખર સત્તર વર્ષનાથી-
રે! કાળના મુખ મહીં દઈ ફાળ ચાલ્યો!

એ બન્ધુ આ ભગિનીઓથ મહીં રહીને-
ક્ષત્રિત્વની ભગિની પાસ ભણી કવિતા-
કો' આર્દ્ર ભાવમય શૃંગ પરે જતો'તોઃ
પુષ્પો ધરી વધુ વધુ જ્યમ વેલ ચાલે.

ચિન્તા હતી ભગિનીને નિજ બન્ધુ માટે
તેવી જ બન્ધુ પણ કૈં ધરતો બન્યો'તોઃ
એ બ્હેનના સુખ સહે જ સુખી થવાનો
આભારસ્નેહભર નિશ્ચય કૈં કર્યો'તો.

આ બ્હેનના પતિની શોધ મહીં હતો એ,
તૈયાર સર્વ કરિયાવરને ભર્યો'તો;
નાજુક મ્હેલ મહીં જે કંઈ હોય તેવું-
આ બ્હેન કાજ કરવા ઉરમાં ઉમંગ.

એ બ્હેનને જ જગમાં સઘળું ગણીને,
એ બ્હેનના જ સુખમાં સુખ માનતો'તો;
તોફાન શાન્તિ મહીં સિન્ધુ મહીં જનારો,
જેવી રીતે શરીર ઉપર શીષ તારે.

સ્નેહાળ એ ઉર પ્રમાણિકતા ભરેલે
ચાલાક એ નયન ઉત્સવના પ્રકાશે-
તે યુદ્ધે-પ્રેમ-બિરદો-કવિતા સુણાવી
કો' રાજ્યનો ગઢવીજી ય થઈ શક્યો'તો.

પંકાઈ વાણી તણી ઉજ્જ્વલતા ગઈ તે
સંગ્રામમાં ધરતી નૂતન કો' વીર શ્રી-
જેનો અવાજ સહુ લશ્કરમાં સુણાઈ
સર્વત્ર રક્તમયતા ઉછળાવતો'તો.

એ કાળમાં યવનયૂથ વધ્યે જતાં'તાં,
કોઠા અને ગઢ બધે સહુ સજ્જ રહેતાં;
ક્ષત્રિત્વની યવન સાથની ઝપાઝપીમાં
ખુલ્લી સમી જ કરમાં સમશેર રહેતી.

એ ધૂમ્ર-અગ્નિમય વાદળીઓ ચડીને
ઠાકોરના નગર ઉપર પાસ આવી;
એ ધર્મયુદ્ધ મહીં જીતવી સ્હેલ સર્વે,
ઠાકોર સજ્જ વળી આદર આપવાને.

બે ચાર જંગમહીં એ બિરદાઈ પોતે
જીત્યો હતો થઈ મુખી રણભૂમિ રંગે;
ન્હાના વયે અનુભવી ઉર વૃદ્ધ જેવું
કો' યુદ્ધમાં અડગ ધૈર્ય ધરી રહેતું.

ઠાકોર પાસ જઈ પુત્ર કુમાર માગે
એ યુદ્ધમાં ચડી જવા બિરદાઈ સાથે;
એ વૃદ્ધ તાત સુખપૂર્ણ વધાવી લેતો
ઉત્સાહને રણ મહીં પરવાનગી દે.

કીધો ઉમંગથી વિવાહિત પાટવીને
તેવો ઉમંગ સહ કેસરિયાં ધરે છે;
ટેવાય પુત્ર વળી યુદ્ધ તણી ધમાલે-
તેમાં ય રાજવટનો ઉપયોગ જોતો.

એ સૈન્યનો અધિપતિ કરી પાટવીને
આશિષના મુખ પરે કર ફેરવીને
આનન્દ સાથ નિજ પુત્ર વિદાય કીધો
ને શંભુનાથજયગર્જન સૈન્ય ગર્જે.

આકાશમાં ચઢતી વાદળી સામ સામે
તે મેઘધાર મહીં ભેદી કરે કડાકા;
તેવાં જ સૈન્ય દ્વય આ થઈ ભેટભેટા
એ બાણની રમતમાં ઊતરી પડે છે.

એ તીર દૂર બહુ કાલ થકી થયાં છે,
ભાલાસ્થલે બરછી ને સમશેર ચાલે;

કો' જોડીની ઉછળતી રતિની સમાન
સાન્નિધ્યસ્નેહ રણવીર રણે ધરે છે.

એ યુદ્ધછત્ર રજપૂત તણું ધરેલું
કો' બાલ શીષ પર જોઈ ઉમંગી શત્રુ
અલ્લાહનો ધ્વનિ ઉઠાવી ધસી પડે છે
એ વાવટા ઉપર છત્ર નમાવી દેવા.

કો' પૂરમાં ઊછળવા સરની સમાન,
ચોપાસ થાય અરિયોધ તણો ધસારો;
ને સિંહનાદ કરતો બિરદાઈ સજ્જ
ચિત્તા સમો રિપુ પરે તલપી રહ્યો છે.

જે મોરચા સહુ ય એ યુવરાજ માથે
વિક્રાલ રૂપમય મૃત્યુ ગજાવતા'તા-
તે દેવીખપ્પર મહીં નિજ રક્ત દેવા
આહૂતિ દેહ ગણીને બિરદાઈ ઊભો.

આ ભાનુ રક્તમય અસ્ત થવા ઢળે છે,
આ લાલ રંગમય રક્તઝરા વહે છે;
મધ્યાહ્નથી મુસલમીન મથ્યા કરે છે
એ ક્ષત્રિછત્ર કબજે કરવા નકામા.

ચંડી તણી ઊડતી ઉત્કટ ગર્જનામાં
ક્ષત્રિબલે રિપુદલે બૂમરાણ ચાલે;
જે શત્રુ પીઠ દઈ ભાગી જતા હવે સૌ-
તે પાછળે ન કદી ક્ષત્રિ રણે પડે છે.

એ વાવટો રણ તણો રિપુસૈન્યમાંથી
ધીમે ધીમે શરમમાં ઊતરી પડે છે.
સન્ધ્યા તણી ઝળકમાં હસતી નવું કૈં
પેલી ધ્વજા શરણ સાથ સુલેહ યાચે.

શત્રુત્વનું, પ્રણયનું, રણ મૃત્યુનું વા
જે કોઈ એ જિગર નમ્ર બની ઝૂકે છે
તે ક્ષત્રિનું અતિથિ આદર પામતું તે
આખાય આ જગતમાં મશહૂર જ્યાં ત્યાં.

મુખત્યાર નીમી નિજ એ બિરદાઈજીને
એ સંપ કાજ શરતો દઈ મોકલ્યો ત્યાં,
પેલી ધ્વજા મગર છે સ્મિતના દગાના-
જે હાસ્યને હજુ ન ક્ષત્રિ પિછાનતા'તા.

જે રીતથી ગઢવી રાજકુમારનાથી
છૂટો પડી નિજ કરે સપડાઈ જાય-
તેની જ યુક્તિરચના સમશેર નીચે
એ શત્રુછાવણી મહીં ધરી હસ્ત ઊભી.

એ ફોઝમાં પગ હજુ ધરતો હતો જ્યાં-
ત્યાં ખડ્ગ કો' કતલનું જ પડ્યું શિરે ને
ભાલો ઉપાડી શકવા ય ન કાળ દીધો-
એ યોધની મન તણી મનમાં રહી સૌ.

એ ક્ષત્રિસૈન્ય નિજ સાજ ઉતારતું'તું
છાપો પડે યવનનો અણચિંતવ્યો ત્યાં;
ગર્જી ઊઠેલ યુવરાજ પડ્યો હણાઈ
ને ભાગનાસ સહુ સૈન્ય મહીં પડે છે.

ઠાકોરને હજુ ય એ ખબરે મળ્યા ના
ત્યાં શત્રુહસ્ત મહીં કેદ થવું પડે છે;
સ્વચ્છંદ લૂંટ નગરી તણી શેરીઓમાં
શત્રુત્વહસ્ત મહીં રૈયતને ધરે છે.

દાવ પ્રચંડ રણવાસ મહીં જગાવી
માતા, વધૂ, ભગિનીઓ ગગને ચડે છે;
ના અન્ય સૂર્ય હજી તો ઊગતો દીસે ત્યાં
નીચે ઢળ્યાં કંઈ શિવાલય મન્દિરો છે.

એ મૃત્યુને આ ભગિની રડીને-
એ કેરની લ્હાય મહીં ઢળીને-
એ અશ્રુના જોશ મહીં ગળીને
બન્ધુ તણો ગાય પુકાર છેલ્લો.

હમીરજીનાં નયનો વહે ને
અસહ્યતામાં ઉર થાય ચીરા;

રોનારને તો પણ બાકી રોવું
તો મોકળા એ મુખથી રડે છો.

એ બન્ધુ કાજે સહુ ધારણાઓ
જે સ્વાત્મના ભોગમયી ઘડી'તી-
તેને ન કાંઈ ગણકારનારા
એ બન્ધુને એક પુકારવી ધા.

ચંદા બની સ્તમ્ભ સમી રહી છે
તેને જ ટેકી ભગિની રડે આ;
એ અશ્રુથી કાંઈ વિશેષ ના ના
કાંટા ભરી કંટકની ગદાઓ.

સાળુ એ ભીંજવી કાળો અશ્રુધાર વહ્યા કરે;
સ્વરો આ બેસતા સાદે તે પૂરે ભળતા ઝરેઃ-

"માતા! માતા! અમીજલ તણી રેલ ઢોળાઈ ક્યાં તું?!
"છાનું રાખી ત્યજી ગઈ નકી આજના કામ સારુ!
"તો ઢંઢેરો ગજવ રડતાં સ્વર્ગની શેરીઓમાં
"ત્યાંથી પાછો મુજ તરફ એ વીરને મોકલી દે!

"વિત્યાં વર્ષો! જરૂર વિસરી વ્હાલ તું બાલકોનું!
"હું આવું છું! ઘટિત બનશે! વીરને મોકલી દે!
"જન્મી એણે હજી સુધી નથી સ્વાદ ચાખ્યો કશો યે!
"શોધી મ્હેં તો વહુ પણ રૂડી હોંશ રાખી ઘણી યે!

"માડી! એ તો તુજ ઉર તણો મીઠડો એક છાંટો!
"હું જેવીને સમુદર હતો પુણ્યના પુણ્યનો એ!
"માડી! એનો પ્રલય મુજથી આજ શાથી સહાશે?!
"માતા યે શું મુજ પર હવે આજ થા તું નમ્હેરી?!

"બાપુ! બાપુ! તમ પદ કને રાવ આ રેડું ઘેલી!
"લ્હેણું મ્હારે તમ ઉપર તો સ્વર્ગમાં-તો ય બાકી!
"ઊભી રાખી-અરર! તડકે વીર આ તેલ છાંટે!
"માથું વાઢી ધડ રખડતું રાનમાં આ કરે છે!

"છેલ્લે-બાપુ! મુજ કર મહીં હસ્ત એ વીરલાનો
"સોંપી બોલ્યા વચન-પણ તે આજ તો ભૂલશો ના!

"બાપુ! આ હું કમનસીબથી ચાકરી ના ભજી કે
"કે રીસાઈ રણ મહીં હવે ભૂલવી ફેંકી ચાલ્યો!

"બાપુ! ન્હાનાં રમત કરતાં લાડકાંને વીસાર્યાં?!
"છોડી ચાલ્યા! નવ કંઈ રુચ્યા ખેલ આ બાળકોના!
"એ તો આવ્યો! હજુ પણ નકી ખેલવા યોગ્ય! બાપુ!
"વિવા એના ઘટિત કરવા તા ય છે! મોકલો ને!

"બાપુ! એ તો તમ તરફની દેણદારી દઈને
"લૂંટી ચાલ્યો! કરજ દઉં હું! મોકલો બાપલાને!
"સ્ત્રી સોડે જે પણ ઊછરતાં બાલકો તે હઠીલાં!
"મ્હારું બોલ્યું જરી પણ, અરે! કોઈ દિ' એ ન માન્યો!

"પાછો આપો જરૂર ઘટતાં વેણ એને કહી બે!
"તીખા બોલો જરીક ખમવા શીખવો-બાપુ! એને!
"જાણ્યું ન્હોતું નિકર મધુરાં વેણ એને કહેતે!
"માજાયીમાં પણ મધુરતા; વાંક મ્હારો નથી એ!

"વીત્યાં તેને મુજ હૃદયની રાવ વીતેલની આ-
"વૈરાગીને જખમી ઉરના રાગની વાત જેવી!
"માડી! બાપુ! મધુર પડઘો વીરલો એ તમારો-
"મીઠું ગાતો; મગર પડઘો જાળવી કો' શક્યું ક્યાં?!

* * *

"વીરા! ત્હારું હૃદય કુમળું પુષ્પશું જે હતું તે
"તેવું ભાસ્યું, પણ પરુષતા વિશ્વની તું ય શીખ્યો!
"વીરા મ્હારા! મુજ રવિ હવે ડૂબવ્યો ત્હેં-ગ્રહાયો!
"ન્હાને હાથે જખમ કરતાં-તાત! છેલાઈ કીધી!

"મ્હેં તો-વીરા! તુજ હૃદયને આર્દ્રતા છે ભણાવી!
"ડાહ્યો-બાપુ! પણ નવ સુણ્યું! જંગલે રાત પાડી!
"સંભાર્યું એ મુજ જિગર આ છીછરે ના સમાતું!
"વિસાર્યું એ દિવસરજની! કાંઈ ના વિસરાતું!

"વીરા મ્હારા! પણ ક્ષણિક તું ફૂલડું એ વસન્તી!
"કાલે ચૂંટ્યું મધુ સમયમાં! બ્હેન આ વાટ જોતી!
"મ્હારા વીરા મધુ સુરભ શું સ્વર્ગ માટે જ સર્વે?!
"દેવો પાસે કદર નવ કૈં! આવ તું આવ - બાપુ!

"વીરા મ્હારા! ઉધઈ ચડતો ઉમ્બરો આ કયો ત્હેં!
"ઓચિન્તો તું-અરર! ઊપડ્યો-વીર! ઊંધી દિશાએ!
"મ્હારે માથે વિધિકર તણી ગેબની લૂંટ ચાલી!
"કોને ખોળે દુખી શિર ધરી-બાપ! હૈયું ઠલાવું?!

"કોને કાજે વળી લઈ ગયો મ્હોડબંધો કુમાર?!
"રે! રે! એ તો દુશમન તણી છાતીનો દાગ-વીરા!
"રે! રે! લૂંટયો જગત પરથી રાંકનો માળવો એ!
"રે! રે! તૂટ્યાં સમય ખપતે સોરઠી એ કમાડો!

"ભોળા વીરા! તુજ સહ ગયો દેશદીવો બૂઝાઈ!
"બાપુ! ત્હેં તો ગરદન દઈ શત્રુના હાથ ડાર્યા!
"રે! રે! છૂટો પણ નવ થયો હસ્ત ત્હારો અટંકો!
"બે દિ' તો મ્હોં નિરખત! અરે ખેલ છૂપો સમેટ્યો!

"ઝાઝું ઝાઝું જતન કરતી બ્હેન-તે તું જ-બાપુ!
"જેને માટે મરત સુખથી બ્હેન-તે તું જ-બાપુ!
"કિન્તુ આંહીં અણખપતણાં સ્વર્ગમાં યે ખપે ના!
"રોક્યાં શાને મુજ ગરીબનાં લાકડાં તેં સ્મશાને?!

"માડી! શું ના તુજ હૃદયને કોઈની મ્હેર આવી?!
"રંડાપો-ભા! વગર પરણ્યે કોઈને શીદ કીધો?!
"ભોળા! જેની હજુ ય પકડી હસ્તની આંગળી ના-
"તેને માથે કરવત-અરે! કાશીનું કેમ મૂક્યું?!

"એ ન્હાનીને જગત પરથી-તાત! હીણી કરી કાં?!
"એ મ્હારીનો-અરર! મનખો ધૂળપાણી કર્યો કાં?!
"એ મ્હારાંને ઉદર ઊતરી વેર ત્હેં-બાપ વાળ્યાં?!
"તું ના જાણે! પણ ન બૂઝતી આગ એ કાળજાની!

"એ મ્હારીને ક્ષણ સુખ તણી લ્હાણ સ્વપ્ને ય ક્યાંથી?!
"નોધારીને જીવિતભરનું શૂળ આપી ગયો કાં?!
"વીરા! એ તો તુજ જિગરની, અન્યને કાં ભળાવી?!
"ડૂબાવીને ભર સમુદરે-તાત! તું કેમ ભાગ્યો?!

"સ્વર્ગોમાં યે નહિ જ મળતાં માનવી-બાપ મીઠાં!
"વીરા! એવી સમજણ છતાં, ભીંત તું કેમ ભૂલ્યો?!
"તો યે શાને રુદન કરવું ભાગ્યશાળી તણું કૈં?!
"વેરી! વીરા! મુજ હૃદયનો વીર ત્હેં શીદ લૂંટ્યો?!

"તુંને તો ના પણ બહુ મ્હન ખોટ બાપુ! પડી છે!
"લૂંટાઈ એ તુજ સહ ગઈ અંધની લાકડી છે!
"મ્હાણી લેજે ગગનપડદે કાળ ઝાઝો ભલે તું!
"કો' દિ'-વીરા! પણ ભગિની આ આવશે યાદ-જોજે!

"આ રોવાનું લખવી ઊતરી કેમ હું-બાપ! આંહીં?!
"આ અશ્રુને નિરખી હસજે-તાત! સ્વર્ગે ભલે તું!
"તો યે ન્હોતી ઘટિત અમથી કાળજે લાજ દેવી!
"ક્યાં યે જોયા જગ પર નથી લાડકા ખેલ આવા!

"જૂની આંખે નવીન નિરખી હોય છે કૈંક રોતાં!
"કિન્તુ મ્હારે નવીન નયને વિશ્વ આ થાય જૂનું!
"તુંમાં-બાપુ! મુજ હૃદયની આશનું વૃક્ષ ખીલ્યું-
"સિંચ્યું મેઘે-ટપકતું-હજુ વીજળીએ હણ્યું ત્યાં!"

હમીરજીનાં નયનો વહે ને
અસત્યતામાં ઉર થાય ચીરા;
રોનારને તો પણ બાકી રોવું,
છતાં ગયા પાછળ ઝૂરવું ક્યાં!

રોનારને તો પણ હોય રોવું,
એ અશ્રુનો કાળ હશે અગાડી!
રોવું જ જેને પ્રથમે મળ્યું, તે
રોતાં રહેઃ રોવું ન યોગ્ય તો યે!

હમીરથી ઊભું થઈ જવાતું,
ના ભાન વ્હેતું જલ લૂછવાને;
પોશાકનો થાળ ધરી ગુલાબી,
દીન સ્વરે યોધ સમું વદે એઃ-

"ન રો રો ના હાવાં! બસ કર હવે-ધર્મભગિની
"ન તેના જેવો તો પણ તુજ હવે બન્ધુ બનું હું!
"ખરું-બાપુ! ના ના જગત ધરતું જે ગત થયું!
"પ્રભુ તે વીરાનો પણ અહીં ધરે કૈંક બદલો.

"અરે! આવા ભાઈ જગત પરથી જે લઈ જતા-
"અરે! જે રત્નોનો છલકપટથી નાશ કરતા-
"દળી, છેદી તેને તુજ ભૂમિ થકી દૂર કરવા-
"પ્રતિજ્ઞા લેઈને તહીં જ તુજ આ બન્ધુ નિકળ્યો.

"ન રો! રો ના હાવાં તુજ કર ધરી આ શિર પરે-
"અરે! બ્હેની! દે ને તુજ હૃદયની આશિષ હવે!
"તહીં યુદ્ધે એનો મુજ અસિ રાહે છે ખપ ઘણો,
"રહી ભાલા માથે યવનઉરમાં એ ઉછળશે!

"અરે! બ્હેની! ગાવા યશ જય તણા બન્ધુકરનાઃ
"નહીં તો ગીતો શું રુદન કરવા એ મરણનું-
"રહેજે દિર્ઘાયુ! ભગિની સરખી આ જગતમાં
"મ્હને-આત્માને આ અમર રસની લ્હાણ ધરજે!"

ચંદા તણા આગ્રહને નમીને
એ લાલ પોશાક સ્વીકારી લે છે;
અને સુખી ભાભી તણા રૂડા કરો
ગુલાબી સાડી સહ ચાંદલો કરે.

દુઃખી દુઃખો સર્વ રડી રહેતાં
એ શોગ ધીમે વિસરાઈ જાતાં;
છતાં ય દર્દો ઉતારનારને
એ કાળને કોણ ભૂલી શક્યું છે?

વ્હાલું અહીં હર્ષ દઈ શકે ના!
નવાં સુખો કોઈ ધરી શકે ના!
મિત્રો અહીં શોગ જ ઉતરાવે!
સૌ શ્યામતા ત્યાં જ બને ગુલાબી!

ગુલાબી છે નેત્ર રડી થયેલાં-
આશિષની ત્યાં ભૂરકી છવાતી;
આંસુ નવાં-બિન્દુ બિલોરી એ બે
સીવાઈ ત્યાં પાંપણમાં રહ્યાં છે.

હૈયું જ કાઢી નિજ અર્પતી શું
માતા જ ઊભી રણવીર પાસે-
તેવી જ આ બ્હેન કને નમીને
હમીર-વીરો નિજ માર્ગ લે છે.

ગગન ધૂલથી દૂર છવાય ને
ભગિની બન્ધુનું સૈન્ય નિહાળી રહેઃ
પ્રણયીને વિખૂટાં પડવું નકી!
પ્રણયનું સુખ આશિષ એકલી!

-૧૮૯૭

## હૃદય-સ્ખલન

જરા કૈં જાગ્યું'તું વદન મૃદુ એ આ સ્મૃતિ મહીં,
હતું અશ્રુ આવ્યું જરી જ નયને એક જ હજી;
વહેવા ધારામાં નયન તલપીને ટમટમ્યાં,
રહી છાતી કમ્પી મધુર કવિતામાં થડકવા.

હતું ચિત્રે આવ્યું વદન નવ પૂરું રમતમાં,
હતા ભાવો પીધા રસમય હજુ ના હૃદયના;
નહીં લ્હાણું કાંઈ પ્રિય વદનનું હું લઈ શક્યો,
તહીં હૈયું ફૂટી મધુર રસ એ તો ઢળી પડ્યો.

અરે! રોકી કોઈ સ્ખલન ઉરનું આ નવ શક્યું,
ગવાયું ના હુંથી, રુદન કરવું એ નવ બન્યું;
ભરાયું તેવું આ તુજ જિગર ખાલી થઈ ગયું,
સખી, મિત્રે, કાવ્યે મધુર રસ ના કૈં ધરી શક્યું.

અતિ પ્રીતિની આ મુજ જિગરની રાવ કરવી,
ઘટે આંસુડામાં જરીક મુજ આ આંખ ઠરવી;
જરા રોવા, ગાવા, મધુર રસનું અર્પણ થવા,
મૃદુ હૈયા! દેજે મુજ સખી પ્રતિ વાત કરવા.

૨૪-૩-'૯૭

## સ્ખલિત હૃદય

આ ઉરથી ના ગીત ગવાશેઃ
ના રસ આ ઉરથી અર્પાશેઃ
નિચોવાશે સ્પર્શ પહેલાં
દ્રવતું હૈયું આ!

રોયા પ્હેલાં રોઈ જાતુંઃ
આંસુડું સુકાયું થાતુંઃ
ઢોળાઈને ચાલ્યું જાતું
કૂણું હૈયું આ!

૨૪-૩-'૯૭

## કોને કહેવું ?

ઊંડાં દુખડાં કોને કે'વાં ?
પૂરાં ઘાયલ ક્યાં છે એવાં ?
લાખ મળે છે જેવાં તેવાંઃ
ક્હેવાં કોને રે?

હૈયાના તો તારો તૂટ્યાઃ
ગાવાના સૂરો એ ખૂટ્યાઃ
આંખલડીના તારા ફૂટ્યાઃ
ક્હેવું કોને રે?

૨૫-૩-'૯૭

## નિઃશ્વાસો

હૈયું આજ નિસાસા લેશેઃ
આંસુડાંને પૂરે વ્હેશેઃ
ઊંડાં દુઃખ નિચોવી દેશેઃ
ઝાળ કોણ એ ઝીલે છે?

વાયુ દૂર નિસાસા લે છે,
એનાં દુખડાં કોણ સહે છે?
એનું છે તે એનું યે છેઃ
નિસાસા એકલડું લેશે?

૨૫-૩-'૯૭

## એકલો હું

જ્યોત્સ્ના ચોપાસે રેલે છેઃ
ચોપાસે તારા ખેલે છેઃ
શાન્ત નિશા ગાતી ચોપાસેઃ
કો' મ્હારી પાસે?

જે આ આંસુમાં ન્હાનારું,
જ્યોત્સ્નામાંથી રસ પાનારું,
તે તો દૂર થયું થાનારું:
શું મ્હારી પાસે?

૨૫-૩-'૯૭

## રજા

હાવાં જ્યાં ફાવે ત્યાં જા તું:
જ્યાં ફાવે ત્યાં રો વા ગા તું:
ઢોળી દે હૈયું ફાવે ત્યાં:
શું આંહીં કે ત્યાં?

રો તું રો તું દિ' ને રાતે:
ડૂબી જા તું એ જ અખાતે:
એ રાત્રિને ન્હોય પ્રભાતે:
જા જ્યાં ફાવે ત્યાં!

૨૫-૩-'૯૭

## ઘા

વાંભ ભરી ક્યાંની ક્યાં મારી:
ક્યાંની ક્યાં ભોંકાઈ કટારી:
રક્તનીક ચાલી ક્યાંની ક્યાં:
ગૂમ થઈ તું ક્યાં?

કોની પાસે ઘા ખોલાવું?
કોને સાદ કરી બોલાવું?
બોલે છે પડઘા દૂરે ત્યાં,
"રે રે ક્યાંની ક્યાં!"

૨૬-૩-'૯૭

## દેશવટો

ઝરમર અધરે વરસે મોતી,
ફૂલડાં આંખડીને ખૂણેથી,
એ મુખડાંનું વાસી દિલડું
દેશવટે ઉદાસી રે!

પાળેલું પોષેલું પંખી,
રણવગડામાં મરતું ઝંખી,
નાગ ગયો હૈયામાં ડંખી,
તલફે પ્રેમપ્રવાસી રે!

૨૬-૩-'૯૭

## ભ્રમર

આંખલડી ત્હારી કાં રોતી?
ભમરા! ફૂલડું લેને ગોતી!
કળી નાજુકડી તુંને જોતી,
ત્હોયે કાં રોતી!

પ્રેમપુષ્પ રોઈ જોવાનું,
લાધ્યું ત્યારે એ રોવાનું,
ગૂંથાતાં હૈયું ખોવાનું,
રહેશે આંખ ડી રોતી!

૨૬-૩-'૯૭

## પ્રેમાધીન

કાચે તાંતણલે ટાંગ્યું છે,
ભાંગે તો હૈયું ભાંગ્યું છે,
એ તો કાચ તણી જ કટોરી
તોડી દેશે એક ટકોરી!

એ ત્હારું તેથી તુંને શું?
એને મન તો ના છે શું શું?
વેચે તો વેચાયા થાશું,
આંસુડે પગ ધોતા જાશું!

૨૬-૩-'૯૭

## હસવા કહેતીને

રોવાનું કહે તો રોવાશે:
હૈયું કાંઈ હલકું થાશે!
શાને ખાલી હસવા કહેવું?
ક્યાંથી હસશે ભારે હૈયું?

પ્યાલા કાં ભરતી મદિરાના?
એથી આ મુખડું ફરશે ના!
હૈયાના ચીરા ટળશે ના!
રોનારું હસશે ના હૈયું!

૨૬-૩-'૯૭

## રુરુદિષા

ઉભરાઈ જરા નયનો પલળે,
ઉરના શયને પણ દાહ બળે;
નવ બાફ ઝરે, ઝરતો ન ઠરે હજુ,
દર્દ મહીં દિલદાગ કળે.

નવ પૂર વહે મનને ગમતું,
જિગરે જળતો વિષનો દશમો દવઃ
ખાક મહીં ધગતું મુજ આ શબઃ
આ ઉર આ ઉરને દમતું!

૨૭-૩-'૯૭

## ત્હારાં આંસુ

રડી શાને વેરે તુજ નયન મોતી અણમૂલાં?
ન દે મીઠા ભાવો જલકણ મહીં આમ વહવા!
ત્હને જે ભાસે છે તુજ હૃદયના ભાર કડવા,
અરે! એ તો મીઠા તુજ હૃદયના લ્હાવ સઘળા!

પ્રિયે! ત્હોયે તું જો તુજ હૃદય આવું ઠલવશે,
પ્રતિ બિન્દુ એવું ગણીશ નિરખી એક નજરે!
અકેકે બિન્દુડે દઈશ નવી હું આલમ ત્હને!
નકી એ બિન્દુડાં ટપકી ટપકી વ્યર્થ ન જશે!

૨૮-૩-'૯૭

## તે મુખ

લજ્જાળુ નયનો ઢળતાં કો',
આંખલડી ભીની બનતાં કો',
પ્રેમ તણી વાતો સુણતાં કો',
એ મુખડું નજરે તરવરતું!

એ મુખડું તો કાળ જ મ્હારું,
સૌ ભાવોનું પ્યાલું પ્યારું,
એ વિણ કોને ક્યાં સંભારું?
એ મુખડું નજરે તરવરતું!

૨૯-૩-'૯૭

## એ ચ્હેરો

પ્રેમી આંખો કુદરત બધી શીદ જોવાઈ જાશે?
જેને લાધ્યું મધુર મુખડું આંખ કાં ખોલશે તે?
જેને ખોળે જગત સઘળું ખેલવા ખેલ આવે,
દેશે દેશો વન વન થઈ શીદને આથડે તે?

તારા, ભાનુ, મધુર ફૂલડાં, વેલડી ને ઝરા, વા
સૌન્દર્યોનાં જગતફલકે ચિત્રની સૌ સુરેખા;
એ સૌ ભાસે મૃદુ વદનના શેપના રંગ મીઠા,
એ સૌ કોઈ મૃદુ વદનના આશરામાં પડેલા.

આ હૈયાનું મધુર મુખડું વિશ્વનું મધ્યબિન્દુ,
સૌન્દર્યોનું વહન જગતે એ જ મ્હોંથી વહન્તું;
એ મ્હોંનું હું સ્મરણ કરતાં ઝિન્દગી ગાળતો છો,
ચાલ્યા જાતા શશી, રવિ, ગ્રહો આથમી કે ઊગી છો.

આ સંસારે કંઈ મૃદુ મુખે હાસ્ય મ્હેં કૈંક જોયાં,
જોયાં નેત્રો ટમટમ થઈ અશ્રુનાં પૂર વ્હેતાં;
લજ્જાળું મ્હોં નમી સ્મિત કરે, એ ય ભાવો નિહાળ્યા,
એ ચ્હેરાની નકલ વિણ તો ક્યાં ય સૌન્દર્ય છે ના.

૨૯-૩-'૯૭

## હૃદયપ્યાલું

હૃદયનું આ ભરી પાતાં ત્હને પ્યાલું ડરું કાંઈ!
ધરું છું ત્હોય પાવાને! ધરું કે ના? ડરું કાંઈ!
ખુમારીમાં સદા રોતાં મ્હને તો સ્વાદ છે આવ્યોઃ
મગર એ આગને પીતાં બળે હૈયું, ડરું કાંઈ!

પ્રિયે! ફોરું જરી પીતાં બગીચા લાખ ખીલે છે;
મગર કાંટાભરી વાડો, ત્હને લેતાં ડરું કાંઈ!
હસાશે ના પછી-બાલે! જરી પીધું સદા સાલે;
રડી રૂહેતાં ય ના ખાલી થશે હૈયું, ડરું કાંઈ!

હૃદયનું તોડતાં તાળું, મજા તો ખૂબ ઊંડી છેઃ
મગર ઊંડાણમાં તુંને લઈ જાતાં ડરું કાંઈ!
રડું છું હું, હસે છે તું, ઘટે ના ભેદ એ પ્રેમે;
પરન્તુ તોડતાં એવી જુદાઈ હું ડરું કાંઈ!

બને તો હું હસાવીને સુખે દિલ ફેરવી આ લે;
કહું છું ત્હોય કે હસતાં હવે તો હું ડરું કાંઈ!

ત્હને રોતી કરું તે તો બનાવું તો બને તેવું;
હસે તેને રડાવું કાં? કરું સાથી? ડરું કાંઈ!
વસે તું તે વિસામો કૈં હતો-તે હાલ ક્યાં હાવાં?
વિસામાની નહીં આશા, કહેતાં એ ડરું કાંઈ!
છતાં આશાભરી પ્રીતિ, ન કાં પ્યાલું ત્હને પાવું?
ઉરે આશા ધરું ના કાં? ધરું કે ના? ડરું કાંઈ?

૩-૯-'૯૭

# રોનારાં

રોનારાંને રોવા દેજોઃ
હસવાનું તેને ના ક્હેજોઃ
શીદ દયા ખાલી ખોવાની?
રોતી આંખો રોવાની?

રોનારાંએ રોવું લીધું,
આંસુડાંને હૈડું દીધું,
આંખે ઘેલું અમૃત પીધું,
પી પી રોવાની?

૯-૪-'૯૭

# વીત્યા ભાવો

વીત્યા ભાવો હજુ મ્હારા છેઃ
આગ મહીં ઠંડા ક્યારા છેઃ
આંસુ તો સુખની ધારા છેઃ
આ હૈયાને બીજું શું?

તું એ મીઠા ભાવો સ્મરજેઃ
તેને સ્મરતાં સ્મરતાં મરજેઃ
હૈયાફાટ સદા વા રડજેઃ
રે રે! બીજું શું?

૧૫-૪-'૯૭

## તલફું કાં?

જે દુઃખ હૈયે પાળી રાખ્યું,
જેને પીતાં અમૃત ચાખ્યું,
જે માટે સુખ ફેંકી નાખ્યું,
તેને સ્હેતાં તલફું કાં?

જેમાં છે હૈયાને ર્‌હેવું,
તે તલફી કાં લૂંટી લેવું?
દેતાં કાં પૂરું ના દેવું?
સ્હેતાં તલફું કાં?

૨૩-૪-'૯૭

## વીત્યાંને રોવું

રોતું અન્તરનું રોનારુંઃ
રોતું ભીતરનું જોનારુંઃ
લ્હોનારું હૈયું એ લ્હોતુંઃ
પણ વીત્યાંને શું રોવું?

મળતાં પ્રેમજમાતી ખાખી,
હજુ એ ના રોશું પડ રાખી,
ભર સમુદરિયે સાથે વ્હેશું,
વીત્યાંને રોશુંઃ
ત્હોયે વીત્યાંને રોશુંઃ

૨૯-૪-'૯૭

## ક્રૂર માશૂક

કપાવી માશૂકે ગરદન હમારી કોઈને હાથે!
વળી છે રિશ્વતે દૂરે રખાવ્યો મોતને હાથે!

ખુદાઈ મોત પણ તાબે ઈશારે માશૂકે કીધું!
જબાં આંખો વગર આવું હમોને લોટવું દીધું!

ખુદાએ પાથરી આપ્યું ફૂલોનું આ બિછાનું ત્યાં,
લઈને પાંખડી તોડી રખાવ્યા માશૂકે કાંટા!

નઝર એ શું નથી પ્હોંચી હજુ યે આગની પાસે?
હજુ અજમાવવું એ છે રહ્યું બાકી ખુદા સામે!

અજબ આ દેખતાં મુર્દું બને જોનાર છે પાણી!
સનમને કાયદે એવે જહાંને દૂર છે તાણી!

રહેજો સોબતી દૂરે! વહેજો અન્ય કો' પૂરે!
મને ના કયામતે આશા! પડ્યા આ ના ફરે પાસા!

જહાં જૂની, જિગર ન્હાનું, અગર એથી કંઈ જુદું!
જહાં ન્હાની, જિગર જૂનું, અગર એથી કંઈ જુદું!

જહાંને વખ્તના જેવી કરે છે વખ્ત વ્હેનારો!
સહી જાશે મ્હને એ આ સનમનો ખારનો ક્યારો!

અરે! છો કોઈને હાથે હજુ ખ્વાહેશ બર લાવે!
સનમ રાજી, હમે રાજી, ખુદાની એ જ છે મરજી!

૪-૫-'૯૭

## જાગૃતિનું સ્વપ્ન

નિસાસો આવે છે! હૃદય ધડકે છે નવીન કૈં!
સહુ છૂપા તારો ઝણઝણ થતા કમ્પિત બની!
હજારો કોશોએ વદન પ્રિય જે દૂર વસતું!
ઉન્હા તેના શ્વાસો મમ અધર પાસે ફરકતા!

દીસે છે એ મૂર્તિ તરવર થતી આ નયનમાં,
ઉરે મ્હારે સ્પર્શી ખળખળ એ અશ્રુ ઝરતાં;
પુકારી ઊઠે છે વ્યથિત ઉર તેના વદનમાં,
અને એ ઝાળોથી મુજ અવયવો આ પિગળતા.

ન તેને કૈં આશા મુજ હૃદયમાં વા જગતમાં,
ગરીબી ગાવાની મધુર કવિતા એ નવ મળે;
મૃદુ એ નિર્માયું હૃદય શરનું લક્ષ બનવા,
તૂટેલી આશામાં જખમ સહી દર્દે તડફવા.

પ્રભુ પાસે એ ના જિગર ફરિયાદી કરી શકે,
ગુન્હેગારોથી તે મૃદુ હૃદયને મ્હોબત ઠરી;
છૂરી ખુલ્લીથી જે કતલ કરવા હસ્ત ઊપડે,
દુવા તેની ગાવી, નિરમિત થયું એ જિગરને.

પ્રભુ પાસે ના તે જિગર ફરિયાદે કરી શકે,
રહી છે ના શ્રદ્ધા કુદરત તણા આ ક્રમ પરે;
સહી ઘા માથે ઘા હૃદય કુમળું નિર્ભય થયું,
ગણ્યા તેણે દેવો, અરર! સહુ તે રાક્ષસ હતા.

હતી પ્હેલાં આશા મુજ હૃદયમાં તે હૃદયને,
ન જાણી તૂટી તે પ્રથમ જ, અરે! જે ગઈ હતી;
હજુ છેલ્લે એ તે મુજ હૃદયમાં કૈં રસ જુવે,
હજુ તેને પીવા જીવિત કરવા યત્ન કરતી.

હવે હું પાસે તે હૃદય નવ દાવો કરી શકે,
હવે છેલ્લે છેલ્લે મધુર કંઈ એ મ્હોં કરગરે;
તરન્તી મૂર્તિ એ મમ નયન પાસે ટળવળે,
હજુ રેડે અશ્રુ ગરદન ધરી આ પદ પરે.

નિસાસા મ્હારા એ પ્રિય વદનની ઉપર પડે;
હજારો અંગાર ગત સમયના ત્યાં ઢળી પડે;
વિસામો લેવાની મુજ હૃદય આ આશ ધરતું,
નિરાશામાં કિન્તુ પ્રતિ પલ રહે છે ટપકતું.

નકી પૂર્વે આવું અનુભવી ગયું છે હૃદય આ,
અજાણ્યે રોતાં એ બહુ દિવસ પ્હેલાં ગત થયા;
મ્હને છે યાદે આ મધુતમ દશાની મધુરતા,
નિરાશાના પ્યાલા બહુ ય ભરી ખાલી પણ કર્યા.

ગયા જન્મોમાં એ પણ અનુભવ્યું આ નવ કદી,
નથી આવી કો' દિ' હૃદય પર કો' વિદ્યુત પડી;
સરી જાતાં મ્હારાં જગત પરનાં કાર્ય સઘળાં,
અહા! હું ઓચિન્તો કબજ બનતો કો' ઝડપમાં.

ગણાઈ સંસારે ફરજ સઘળી જે હૃદયથી,
પ્રતિ પ્રાણીની જે જીવિત તણી ઇચ્છા કુદરતી,

ઊડી તે સૌ જાતું, સમજાણ નહીં શું થઈ જતું,
પ્રિયાની મૂર્તિમાં મુજ હૃદય આ લીન બનતું.

ભલે કાટી જાતા વિષધર મ્હને આ હૃદયમાં,
ભલે લાખો વીંછી મુજ મગજમાં ડંખ કરતા;
ન છે શક્તિ નેત્રે રમણીપ્રતિમાથી ઊપડવા,
ભલે તૂટી જાતા મુજ જિગરના સર્વ પડદા.

મ્હને ભાસે છે કૈં રુદન કરતી આલમ બધી,
પ્રતિ બિન્દુડે તે મુજ હૃદયમૂર્તિ પણ ખડી;
ન કો' એ મૂર્તિનું નહિ નહિ જ કો' આલમ તણું,
ગરીબી હું જેવી જગત ઉપરે વ્યાપ્ત દીસતી.

મ્હને કોઈ ખેંચી અવર દુનિયામાં લઈ જતું,
બતાવી અશ્રુનો ઉદધિ રડતું તે ગરીબડું;
ન કૈં કોની પાસે કટુ ઉદધિને મિષ્ટ કરવા,
ન કૈં કોની પાસે જ્વલિત ઉરને શાન્ત કરવા.

અરે! રોવા માટે કુદરત તણી આલમ બની,
અરે અશ્રુ આંહીં કટુતમ બધાં નિર્મિત બન્યાં;
જનોનાં હૈયાંને 'રુદન કરવું' ભેટ પ્રભુની,
ન કૈં કોની પાસે રુદન ઉરનું બન્ધ કરવા.

વિષો સૌ આંહીંનાં મધુતર બન્યાં અમૃત થકી,
વિષે જન્મી જીવે હૃદય વિષને અમૃત ગણી;
અમી આંખે જોવું પણ વિષ તણું પાન કરવું,
પ્રભુએ નિર્મ્યું આ જનહૃદય માટે તલફવું.

પ્રતિ હૈયું આંહીં રુદન કરતું કો' હૃદયને,
પ્રવાસી ચાલે છે નયનજલચીલા ઉપર સૌ;
દીસે તેમાં સૌમાં રુદન કરતી એ ભગવતી,
અરે! આ ખોળાને હૃદય ચીરી આધીન બનતી.

ઝીણા ઝીણા ઊઠે લલિત સ્વર તેના રુદનના,
પડે છાના તેના મધુર ભણકારા હૃદયમાં;
કંઈ કાલો વીત્યા ફરી નવ સુણ્યો એ સ્વર હતો,
હજારો કોશોથી મુજ શ્રવણમાં આજ પડતો.

અહો! સંકેલાઈ હૃદયબલથી શું પૃથિવિ છે?
અહો! શું બાલાનું હૃદયબલ આવું કરી શકે?
નિસાસા પ્રેમીના સહુ ય પડ ચીરી વહી જતા,
સખીનું હૈયું કૈં અતિ બલ કરે છે લપટવા.

"પિયુ! વ્હાલા! સાથી! મુજ હૃદયની વ્હાર કરજે!
"હવેના જન્મોમાં ગરીબ તણી સંભાળ કરજે!
"નિરાશા રોતાં વા તુજ હૃદયને શાન્ત કરજે!
"સખે! મ્હારા દોષો રુદન કરતાં માફ કરજે!"

ઊઠી ઘૂમે છે આ મૃદુ રુદન મ્હારા હૃદયમાં,
લવન્તું એનું એ મુજ હૃદય કૈં ઉત્તર ધરે;
ઝઝૂમે છે નેત્રે રુદનજલનું ક્ષાર ઝરણું,
મીઠી પાણીની ત્યાં તડફડ થતી માછલી રહી.

તહીં તેને થાતું, મુજ હૃદયમાં તે અહીં બને,
અમે સાથે રોતાં, સમય પ્રિય તે આ ફરી મળે;
રડાવે રોઈને મુજ હૃદય કાં તે હૃદયને?
અહીંના તારો કાં મદદ કરતા તે રુદનને?

અહીં પ્રીતિ, મૈત્રી, પ્રણય, રતિ, એ ભાવ સઘળા,
અરેરે! રોવાનું અરપણ કરી શાન્ત બનતા;
અરે! શું તેથી કૈં અધિક જનથી ના થઈ શકે?
બને ના શું દેવું મધુર સુખ પ્રેમી હૃદયને?

કહેવા સન્દેશા અનુપમ મળ્યો આ સમય છે,
ઉરોનાં લ્હાણાંની કુદરત બધી વાહક બને;
દિલાસો દેવા કાં મુજ જિગર આ ના ઊપડતું?
ઊડી અશ્રુથી કાં ભભકમય પ્હાડે ન ચઢતું?

અહો! અત્યારે તો હૃદય ઊડવા તત્પર દીસે,
જહીં હું ત્યાં તે એ ઉર ભટકવા, તત્પર દીસે;
ન કાં અર્પું પાંખો? નવ ક્યમ ગ્રહું પાંખ મધુરી?
ન કાં ભાનુ સાથે કિરણમય હાવાં થઈ જવું?

અહો! અત્યારે તો મુજ હૃદય આધીન તલફે,
સુધાના વંટોળા પ્રિય વદનના ચોગમ ચડે;

દબાઈ જાતાં આ મુજ જિગર કૈલાસ ચડતું,
નહીં ભાનુ સાથે કિરણમય થાવા મન રહ્યું.

અરે! જૂઠાં જૂઠાં કિરણ ચળકે તે પ્રણયનાં,
જનો માટે ના તે, નવ જન ઊડી ત્યાં જઈ શક્યાં;
ઊડેલાં દાઝેલાં અગણિત અહીં આ તરફડે,
ફરી ઊડી જાવા જિગર કદી હોંશે નવ કરે.

અમે એ પંખીડાં બહુ વખત ત્યાં લ્હેર કરતાં,
હવા આછી પીળી ઉપર કિરણોમાં ય તરતાં,
ઘડીનો ભાનુ તે, ક્ષણિક સહુ તે રંગ ગજબી,
અહીં હું, વ્હાલી ત્યાં, ગત થઈ ગઈ સર્વ સુરખી.

રહ્યું રોવાનું તે ચિર સમયનું ને અમર છે,
ભલે હું સાથે તે અમર ઉદધિમાં ડૂબી રહે;
કરું શાનો યત્નો ચલિત ધુતિનાં દર્શન થવા?
ત્યજાયે શે અશ્રુ ક્ષણિક સ્મિતથી બાથ ભરવા?

સદા રોનારાનું સ્મિત વળી બલે ના કરી શકે,
હસું જેવું-તેવું, ક્યમ પ્રિય ઉરે તે જઈ શકે!
હજારો કોશોએ રુદન જ નકી વ્હાર કરશે,
પ્રતિ બિન્દુડે જ્યાં બલમય કંઈ વિદ્યુત વસે.

અરે! મીઠાં અશ્રુ મધુતર બને છે અનુભવે,
સદા તાજી તાજી રુદન કરતાં લઝ્ઝત મળે;
હસે આંહીં તેની ઉપર અનુકમ્પા ઉર ધરે,
બિચારાં કિન્તુ એ અનુભવ ભલે સર્વ લઈ લે.

જશું બીજી કોઈ સ્મિતમય નવી આલમ મહીં,
જડી જાશે જ્યારે સ્મિત મધુર કો' આ રુદનથી;
તહીં ત્યારે ચારે નયન ટપકે છો સ્મિતભર્યાં,
નથી આ રોવું કૈં રુદન મધુરું શાન્ત કરવા.

ધીમે ધીમે આ બે ઉર ઉરથી આલિંગન કરે,
ફરીથી એ જૂની ચકલી દિલડામાં ફડફડે;
ફરી અશ્રુ વ્હેતાં ચકચકિત એ ગાલ ઉપરે,
ધીમે ધીમે મ્હારું દ્રવિત ઉર કાંઈ ગણગણે.

"પ્રિયે! વ્હાલી! સાથી! મધુર! લહરી આ નિરખજે!
"સદા જન્મે જન્મે મુજ જિગરમાં આમ વસજે!
"નિરાશામાં આશા તુજ હૃદયની શાન્ત કરજે!
"સદાના ત્હારા આ દૂષિત સહ પ્રેમે જ તરજે!"

લવન્તાં આવું આ નયન નિરખે સ્વર્ગ નવલાં,
ભવિષ્યે ને ભૂતે નવીન કંઈ લાખો યુગ પડ્યા;
તહીં જોડી જોડી અગણિત ઉરોની રમી રહી!
અહીં જોડી જોડી અગણિત ઉરોની રડી રહી.

જહીં જે ત્યાં તે છે નિજ ગગનમાં મોજ કરતું,
અહીં ત્યાં સર્વેમાં સ્મિતરુદનજોડું રમી રહ્યું;
અમે ડૂબી જાતાં લટુપટુ અમારા ઉદધિએ,
ગતિની ઇચ્છા કે જરૂર કૈં એ નવ મળે.

અહો! એ મ્હોં એ મ્હોં મુજ નયન પાસે તરવરે!
અરે! ઊંડું ઊંડું હજુ ય ઉર એ કૈં કરગરે!
નિસાસો આવે છે! હૃદય ધડકે છે નવીન કૈં!
સહુ છૂપા તારો ઝણઝણ થતા કમ્પિત બની.

૮-૫-'૯૭

## છાનાં રોશું દર્દે!

ડસડસ કાં ત્હારાં દગ જોતાં!
આમ ગરીબી શાને રોતાં?
શાને આમ નિસાસા લે છે?
શી પીડા હૈયે છે?

રે! મ્હારું શું એ હૈયે છે?
મ્હારા કાંટા ખૂંચે મુજને,
ના રોશું જો એ દુઃખ તુજને,
ના સુખ ત્હારાં દર્દે!

મુજને ના દુઃખ શું તુજ દર્દે?
વ્હાલી! છાનાં રોશું દર્દે!
નિસાસા લેવાથી શું છે?
મ્હારે વા રોવાથી શું છે?

ગીતો કે ગાવાથી શું છે?
એ તુજને જો દહતાં દર્દે,
છાના રોશું દર્દે!

૮-૫-'૯૭

# દૂર છે

જ્યાં ત્યાં કદમ ઈશ્કે ધર્યું, આલમ તહીંથી દૂર છે!
એ દૂર છે! દૂરે રહો! આ ઈશ્ક નૂરે નૂર છે! જ્યાં૦

આલમ બધી ડાહી બની બીતી બનાવે કાયદા!
જો છે ન ડર - છે ના ફિકરતો કાયદા સૌ દૂર છે! જ્યાં૦

પીતાં સનમ બીતી હતી જે જે હમે જામો ભર્યાં!
આલમ મહીં પીતાં ડરી એ સૌ શરાબો દૂર છે! જ્યાં૦

ઈશ્કને આલમ લગાડી આંસુડાં પેદા કર્યાં!
જે ઈશ્કનો તેની સનમ દુનિયા મહીં ત્યાં દૂર છે! જ્યાં૦

જે ઈશ્કમાં પીવું ઘટે-જે ઈશ્કમાં પાવું પડે-
તે પી સદા પાયું હમે-પીતાં ડરી એ દૂર છે! જ્યાં૦

જેથી અહીં યારી ઊઠી તેથી તહીં દુનિયા થઈ!
આ લાખ સીસા પામતાં તે હું અહીં, એ દૂર છે! જ્યાં૦

જે કાયદા તોડ્યા હમે, તે સાંધતી આવી સદા!
બેકાયદે હું, કાયદે એ - છે દિલે પણ દૂર છે! જ્યાં૦

હું બોલતો "પી પી" અને તે બોલતી "ના ના" હતી!
"ના ના" રહી તેની સદા, હું પી રહ્યો, તે દૂર છે! જ્યાં૦

મેં ઝેર પીધું છે! સનમ! છે તો મજા! શા અર્થની?
આ આગ ઠંડી ઊડતી! શું દૂરની તું દૂર છે? જ્યાં૦

તું ખૂબ પી દુનિયા હવે! આ ઈશ્ક પી પી ચાલતો!
"ના ના" કહે કે "હા" કહે - હાવાં સદા તું દૂર છે! જ્યાં૦

તું દૂર છે! આ ઝેર છે! પણ ઈશ્કનું તો પૂર છે!
જે ના શરાબે, ના સનમમાં તે હવે ના દૂર છે! જ્યાં૦

જે ઝિન્દગીથી ના બન્યું, ન મોત આ દેશે કરી!
જે મોતથી દૂરે રહ્યું તે ઈશ્કથી યે દૂર છે! જ્યાં૦

પીજે શરાબો, ઓ સનમ! આ ઝેર અંતે પામજે!
એ છે દુવા પીનારની! પીવું પરન્તુ દૂર છે! જ્યાં૦

શા અર્થની મારી મજા? એ છે હવે ના પૂછવું,
કૈં પૂછવું કૈં બોલવું, એ ઈશ્કનાથી દૂર છે! જ્યાં૦

ઓ ઝેર! દિલના યાર! તું તુજ કામ કર વ્હેલું હવે!
ના 'ના' હવે 'કો' બોલશે! એ દેખનારું દૂર છે! જ્યાં૦

એ આંસુડાં જે આંખ આ કૈં દૂરથી જોઈ શકે!
એ આંસુડાં મ્હારું જિગર હાવાં-મગર કૈં દૂર છે! જ્યાં૦

જે ઝેર દર્દીને થયું વ્હાલું સદા ઈશ્કે અહીં,
તે તું જ છે! તે તું જ છે! ત્હારો નશો કાં દૂર છે? જ્યાં૦

શું એકલાને અર્પવું કૈં ઝેરને એ ના ગમે!
બીજું નથી આલમ મહીં! એ દૂર છે! એ દૂર છે! જ્યાં૦

જેને ખુદા પાસે ધરે-જેને ખુદા મ્હારું કરે-
તે આ જિગરનું એ જિગર હુંથી સદા યે દૂર છે! જ્યાં૦

૧૪-૫-'૯૭

## સુકાની શબ્દ

"ત્હને ચાહું છું," એ કદી નવ પડ્યા શબ્દ શ્રવણે,
હવે એ શબ્દના હૃદય ભણકારા મુજ સુણે;
કહેતી આંખો તે ક્યમ પ્રિય મુખે ત્હેં નવ કહ્યું?
અરે! તેને માટે તૃષિત ઉર આ છેવટ રહ્યું!

ત્હને પૂછ્યું, વ્હાલી! બહુ વખત એ એક જ હતું,
"ન ચાહે કે ચાહે?" ફરી ફરી રહ્યું એ જ કથવું!
પ્રિયે! આ નૌકાને નવ ગતિ તણી કોઈ જ દિશા,
સુકાની શબ્દો તે મુજ જિગરથી દૂર જ વસ્યા.

"ન ચાહે કે ચાહે?" મુજ અધરનું એ ફરકવું,
સદા ત્હારા કૂણા પુલકિત કપોલે સરકતું;

સુણી મીઠું લેવા ટમટમી રહેતું હૃદય આ,
કદી તો તેના મ્હેં મધુર ભણકારા ય કલ્યા.

છતાં એ સ્વપ્ને તો, અરર! કદી ના સત્ય નિવડ્યું,
હવે તો તે સાચું તુજ નયનનું એ ક્યમ ગણું?
હવે તો ના જૂઠું મુજ જીવિતને એ ક્યમ કહું?
ગણી મીઠી આશા હજુ પણ ઉરે હું ક્યમ ધરું?

કહે "ચાહું છું", ને જગત સઘળું સત્ય બનશે,
હજારો જન્મોની મુજ હૃદય આશા ય ઘડશે;
કહે "ના ચાહું છું," કુદરત પછી જોઈશ નહીં,
ઉખેડી સૌ શ્રદ્ધા નયન મુજ હું ફોડીશ પછી.

તરે ના તે હોડી જલધિતળિયે છો ડૂબી જતી,
ભલે જાતાં તેનાં તૂતક શઢ વારિમય બની;
પછી ક્યાં તું શોધે જગત પર જે ના કદી મળે?
પછી એ શબ્દો છો મુજ જિગરથી દૂર જ રહે!

કણું આ આંખોનું કુદરત ન દેતું નિરખવા,
છતાં કૈં સૃષ્ટિનાં મુજ નયન આડાં પડ રહ્યાં;
ત્યજીને "ચાહું," તુજ અધર ના વ્યર્થ વદશે;
કણું તો કાઢી લે, મુજ નયન જો કે ન ઠરશે.

પછી ડૂબન્તાં એ નહિ મરું સુકાની વગર હું,
બધાંનું તે મ્હારું, પછી નહિ જ ધોખો પણ ધરું;
ભલે આ નૌકાને ખડક પર મ્હોટા મરડજે,
અરે! તે શબ્દોથી પણ હજુ સુકાની થઈ જજે.

૩૦-૫-'૯૭

* * *

## એ રસીલું

એ મુજ ભવનો સાર રસીલું! એ મુજ નેત્ર રસાલ!
મોતીડે મોતીડે રસ રસ એ આ ઉરનો હાર!
રસીલું એ મુજ નેત્ર રસાલ!

ભાવ ભર્યા મુજ ચન્દ્ર પ્રકાશિત
સ્નેહસુધા મુજ ચેતનનું ચિત્ત,
ક્યાં દે તે દાતાર?
અરેરે!
ક્યાં છે એ આકાર?
જોવાનું ચાલ્યું ગયું! આંખ રહી તે જાય!
કામ વિનાનું કોઈથી કેમ અહીં રહેવાય?
આંખથી કેમ રાન સ્હેવાય?
ગયેલું કેમ ગયેલ મનાય?
હૃદયનું છેક લગાડ્યું તાન!
હૃદય આ ચાલ્યું છૂટી ભાન!
રસીલું કેમ હવે વિસરાય!
તે વિણ કેમ હલાય ચલાય?
એ વિણ જગ અન્ધાર! અરેરે! એ વિણ જીવિત ભાર!
એ વિણ વિશ્વ તણું કટુ ગાયન, ગાયન સહુ બેતાલ!
અરેરે! એ વિણ શું મુજ હાલ?
હાલ વિના થઈ આ મુજ હાલત!
આ દુનિયા મહીં ક્યાં મુજ દોલત?
ખોયાં મૂડી માલ!
રહી છે
એ જ ગરીબી બાલ!
બાલક ખેલ ઊડી ગયા! વૃદ્ધા અન્ધ જણાય!
વચમાં કાંઈ મિષ્ટ તે આ અનુભવની બહાર!
હતું પણ ચટકું મધુરું એક!
સ્પર્શતાં સળગી ઊઠ્યું છેક!
ગઈ તે ઝાંય! ગયું તે નૂર!
રહ્યું ના એક બિન્દુ! હતું પૂર!
રહી આખર આ એક જ હાય!
કાળજા મહીં રહી કોરાય!
ખેંચાતાં જ રહી શકે આ બ્રહ્માંડ અપાર!
ખેંચાવાનું ના મને! ના કર કો દેનાર!

જ્યાં હું ત્યાં મુજ જહાજ ડૂબે છે! જ્યાં હું ત્યાં આ આજ!
નિત્ય હમારી એ જ હકીકત! એ જ ગુલામી તાજ!
ડૂબે ને એ જ ડૂબે ફરી જહાજ!

૨૭-૬-'૯૭

# બે કળી

પ્રિયે! ગ્રીષ્મ તણી હતી લ્હાય,
આપણે ફરતાં કુંજની મ્હાંય;
ફૂલો સહુ નિદ્રામાં પોઢેલ,
ઢળી'તી શાંત શ્વાસમાં વેલ;
નમ્યાં'તાં વૃક્ષ વૃક્ષનાં અંગ,
હતી ના મ્હેક, હતો ના ગન્ધ.

ત્યાં કળી કો' ખીલતી હતી રમતી વાયુ સાથ,
"ચૂંટી લે, ભોક્તા! મ્હને" એ લવતી'તી વાત.

ભરેલો હજુ ય હતો મકરન્દ,
થયો ના હતો ભ્રમરનો સંગ;
હતી તેમાં શી રસિક સુવાસ!
જવાનું મને ગમ્યું તે પાસ.
ચૂંટી તે ત્હેં દીધી ઝટ મ્હને,
કર્યું મેં ચુમ્બન કેવું ત્હને!

ઉન્હી લૂ ઊડી ગઈ! શીત થયાં સહુ અંગ!
આભારી મુજ નેત્રમાં નવો ભરાયો રંગ.

પ્રિયે! તો મૃદુ મુખકળી એ આજ
ડરે તું કેમ આપવા કાજ?
દહે લૂ ગ્રીષ્મઝિન્દગી તણી,
ઔષધિ નહીં વિના એ કળી.

પ્રેમમાં સદા બધું અર્પાયઃ
અર્પતાં પ્રેમ કેમ વિલાય?
શ્વાસ આ રસ એ લેતો ભલે,
શ્વાસ જે આખર અર્પું તને.

ભૂલું ક્યમ તુજને, પ્રિયે! કળીનો લઈ પરાગ?
આભારી બનશે દગો! બૂઝાશે ઉર આગ!

ઊઠે છોને એ મીઠા ભાવ,
હૃદય છોને લે મીઠા લ્હાવ!
કળી તું જો નવ દેશે આજ,
મ્હને પ્રભુ માળી દેશે કાલ;
દિવસ જાતાં શી લાગે વાર?
ફરી કાં નવ લે તું ઉપકાર?
જીવનની સાર્થક ક્ષણ પણ એક,
પ્રેમમાં ઘટે ન લૂટી છેક.

માળી દે ફૂલ તે લઈ ગાય ન કો' ઉપકાર!
પ્રિય કરથી કંઈ પામતાં વહે હર્ષની ધાર!

પ્રિયે! તો અર્પ અર્પ તું તું જ!
પડું છો પુષ્પપાંખમાં હું ય!

૨૯-૬-'૯૭

## દૂર છે સારું!

સુણું તેને સદા ગાતું! પરોક્ષે દૂર કૈં ગાતું!
સદા સ્વરતાનમાં ડૂબું! હજુ પણ દૂર છે સારું!

પ્રભુના નાદની કર તું નકલ પ્રભુ પાસથી શીખી!
પ્રભુની જેમ એ ગાતું 'હજુ એ દૂર છે સારું'!

દિવસ ને રાત એ ગાતું! નથી મેં સાંભળ્યું થાક્યું!
જહીં હું એકલો બેસું, સુણું ત્યાં, 'દૂર છે સારું'!

ઢળે સન્ધ્યા ગળી જાવા, વહે લાલી ઉષાની વા,
હૃદય તવ સાંભળે મ્હારું, હજુ એ 'દૂર છે સારું!'

જિગર મુજ બૂમ પાડે કે નિસાસે અશ્રુ ચાલે છે,
ચિતા મુજ ઉપરે ત્યારે લવે એ, 'દૂર છે સારું!'

અરે! શું દૂર છે સારું? હજુ તો કેટલું દૂરે?
નિરાશામાં પડું કે ના? ફરી ગા 'દૂર છે સારું!'
ગણું કોશો કહીં? પંખી! ગણિતની બ્હાર એ સંખ્યા!
છતાં રાખું સદા શ્રદ્ધા! ભલે 'ગા દૂર છે સારું!'

૩૦-૬-'૯૭

## પુનરુદ્વાહ

ફૂલો એ ગાલોની ઉપર પડતી ઝાંય ધરતાં,
તરન્તાં મચ્છોમાં નયન સરખી છે ચપલતા;
જહીં લક્ષ્મી શોભા તહીં કંઈક એ મ્હોં વત દીસે,
પદાર્થો સર્વેમાં કંઈક સમતા વ્યાપ્ત સઘળે.

ઝૂલન્તી વેલીમાં મુજ હૃદય કૈં પ્રેમ ધરતું,
દીસે નાચી ર્‌હેતું જલધિજલ એ વાળ સરખું;
મ્હને એ અંગોની કુદરત દીસે ભાવમયતા,
ગયેલા ભાવોને ફરી ફરી ધરાવે સ્મરણમાં.

બધાં વ્હાલાં મ્હોંના કુદરત દીસે ભાવ ધરતી,
બધેથી તો એવી એવી મધુર ક્યમ લક્ષ્મી ન ગ્રહવી?
ગયેલાં બાલોને જનની ફૂલમાં છો નિરખતી,
ભલે વ્હેળાંઓને રમત કરતા પાદ ગણતી.

જનોથી કિન્તુ જે જનવદન સાદૃશ્ય ધરતાં
કહીંથી પુષ્પે કે ઉદધિ મહીં તે હોય રમતા?
રમન્તાં બાલોને જનની ફૂલ છોડી નિરખશે,
ગયેલા ભાવોની અધિક નકી ત્યાં લ્હાણ મળશે.

રજા છે અશ્રુને કુસુમ પર ઢોળાઈ પડવા,
મ્હને ના વારે કો' ઉદધિ કૂદતાને નિરખતાં;
છબી તે બાલાની કંઈક ધરતી કોઈ લલના,
અરે! તેને જોતાં મુજ નયન કાં બન્ધ કરવાં?

જનો, પુષ્પો, વેલી, કુદરત તણાં સૌ રમકડાં,
ઘટાવો શી રીતે કુદરત મહીં ભેદ ગણવા?

જનોના આત્મામાં જીવન બસ કો' ભાવમયતા,
અરે! તે લૂટીને જીવન ક્યમ લૂટી લઈ જતા?
ભલે કો' બચ્ચાને અવર જનની ચુમ્બન કરે,
ભલે કો' બાલાથી રમત રમનારો રમી રહે,
ગયેલાંના અંશો જહીં જહીં મળે છે કુદરતે,
તહાં સૌ અર્પાવા મૃદુ હૃદયનું તત્પર દીસે.

૧૨-૭-'૯૭

## એકપતિપત્નીવ્રત

સુગન્ધી પુષ્પો જે નવીન મકરન્દે મહકતાં,
રુચે ત્યાં અર્પે છે નિજ રજ સુગન્ધી રસભરી;
સદા સ્વચ્છંદી આ બુલબુલ તણા હું સ્વર સુણું,
નવી પાંખો સાથે લથબથ થઈ જે ગહેકતાં.

ન આ કેદી ભાસે કુદરત તણાં સ્થૂલ હૃદયો,
બહુ ના દેવાનું પણ દઈ શકે જ્યાં મન ગમ્યું;
મૃદુ મીઠા અંશો નિજ હૃદયના ઉત્તમ બધા
સદા એ રેડાતા અનુકૂલ અને ઉત્તમ મહીં.

તહીં દેવો નાચે-ગગનપડદે સૂક્ષ્મ હૃદયો,
અહો! એ લ્હાણાં એ નહિ નહિ નકી પિંજર પડ્યાં;
મળી જ્યાં જ્યાં જાવા નિજ હૃદય પ્રેરે કુદરતે,
મળી ત્યાં જાવાની સહુ હૃદયને છૂટ સરખી.

રુચે છે પ્રીતિને ક્ષણ ક્ષણ કંઈ નૂતનપણું,
રુચે છે આત્માને અનુભવ નવામાં વિહરવું;
નકી હૈયુંપ્યાલું હૃદયરસ કો' એક જ વતી
ભરાતું ના પૂરું, નવ વળી અધૂરું રહી શકે.

જનોનાં હૈયાંનાં રુદન કરતાં પાત્ર અધૂરાં,
ઉરો જ્યાં ખેંચે ત્યાં અરર! નવ સ્થૂલો જઈ શકે.
ઉરો ખેંચી લેવા જનઉર મહીં ના બલ કશું,
ઉરો તો ઊડે છે લથબથ થવા સામ્ય નિરખી.

અરે! પ્રીતિ એ તો જગત પરનું જીવન ઠર્યું,
દઈ પ્રીતિ ફેંકી ક્યમ ફરી બને પથ્થર થવું?
દીસે પ્હાડોમાં એ પ્રણયમય કોઈ રસિકતા,
નવું જોવા થાવા જગત સઘળું યત્ન કરતું.

નવું જોકે કાંઈ જનહૃદયમાં સૂક્ષ્મ સળગે,
જનોની પ્રીતિમાં કંઈક ચમકે દેવ સરખું;
છતાં કૈં કાલોથી જનઉર રમે સ્થૂલ રમતો,
જનોનાં અંગો ને અવયવ સહુ સ્થૂલમયતા.

રહી દૂરે ચાહી જનઉર ન સંતુષ્ટ બનતાં,
ચહાતાં સ્થૂલો સૌ નિકટ બનવા યત્ન કરતાં;
ઉરો, વૃત્તિ, અંગો, શરીર પરનાં રોમ સઘળાં
ઉઠાડે કમ્પાવી લથબથ થવા પ્રેમચિનગી.

અરે! જૂનો સાથી નવીન નવ જો કૈં દઈ શકે,
નવું વા કૈં જુદી દઈ લઈ શકે જો નવીનતા;
ન કાં તો તે સાથે હૃદય સ્થૂલનું ઐક્ય કરવું?
અરે! પ્યાસા પ્યાસા જલમય છતાં કેમ મરવું?

મથે સ્થૂલો સર્વ પ્રતિ પલ વધુ સૂક્ષ્મ બનવા,
ચડાતાં તૃપ્તિથી અનુભવ લઈને પગથિયાં;
ન આડો બન્ધાવી કુદરતક્રમે કૈં ઉચિત છે,
પ્રભુની લીલા તો સરલ સહુ ખીલા વગરની.

દીવાલો કૂદીને નવીન બનવાનું થઈ જશે,
ઘસારા મ્હોટાથી તૂટી પડી દીવાલો પણ જશે;
પ્રવાસીને દેવો અઘટિત વૃથા કાં શ્રમ ભલા?
પ્રવાસીનો આવો સમય લઈ લેવો ક્યમ ભલા?

૧૮-૭-'૯૭

## સ્મૃતિચિત્ર

હસી મ્હારા વ્હાલા! જીવિત કડવું મિષ્ટ કરજો,
અનાયાસે આવ્યું વગર દુઃખ તે ત્યાગ કરજો;
પ્રકાશી જે આવે દિવસ સુખના આજ સરખા,
બની ઘેલા ગાળો ભરપૂર સુખે શાન્ત વહતા.

અહો! હું તો હીંચી મધુર રસીલા પ્રેમઝરણે
બને ત્યાં સુધી તો દુઃખી નવ કરું આ જિગરને;
મૃદુ મીઠાં ન્હાનાં સ્વજન મુજના મંડળ તણાં,
ઘણાં આલેખું હું હૃદય પર ચિત્રો અવનવાં.

મુખારવિન્દો પ્યારાં સ્મરણ કરતાં ના દિલ વસે,
અતિ જો ખેંચો તો હૃદય થકી તે દૂર ખસશે;
સ્વયં સ્ફુરેલાં તે ખચિત બહુ સાચાં નિવડશે,
અને સૌ એ ચિત્રો હૃદય પડછન્દો ગજવશે.

ઘણાં આવી રીતે પ્રિય મુખ, અહો! હું ભૂલી ગયો,
બની ચિત્રો ઝાંખાં સરકી સહુ ચાલ્યાં હૃદયથી!
ચિતારાની પીંછી નવ રજ હવે કાર કરતી,
હવે તો યત્નોથી દિલ પર છબી કો' ન વસતી.

થતાં જુદી પ્યારી અગણિત દુઃખોમાં ડૂબી જઈ
રૂપાની ઘંટી શા મધુર સ્વરથી તે લવી હતીઃ-
"ગયું તેવું જાશે સુખભર, અહો! વર્ષ વહતું,
"મળી પાછાં સાથે હૃદયદ્વયના શ્વાસ ઝીલશું."

અરે! અસ્તુ! અસ્તુ! પણ નવ કદી કો' કહી શકે,
થયાં જો જુદાં તો દુઃખદ દૃઢ ક્યાં બન્ધ નડશે?
ભરેલો નેત્રે તે પ્રણયરસ નિસ્તેજ બનશે,
ચીરાશે બે હૈયાં, જગત હસતું તે નિરખશે!

અરણ્યે શોભિતું, અગણિત દ્રુમોથી રુચિર, તે
ઊભું એકાન્તે છે શિવસ્થલ રૂડું શ્યામવર્ણું;
ધ્વજા ફાટેલી છે, ખળભળી ગયો ઘુમ્મટ દીસે,
કરે ઘૂઘાટા ત્યાં અનિલલહરી આફળી વને.

તહીં નીચે નીચે રવિ નિજ કરો ફેરવી ઢળે,
પણે ધીમે ઊંચે ગગનપડદે ચન્દ્ર વિહરે;
ફરે એ ગોળા બે પણ પલ અહીં આજ વિરમે,
અહા! એકી કાલે રમણીય પ્રભા પાથરી રહે!

અહો! શાન્તિ શાન્તિ હૃદય મમ ને આ જગ પીએ,
ભર્યાં તિર્યંચો એ ભભકભર આનન્દ ઊભરે;

જડાત્મ વૃક્ષો તો ખિલખિલ હસી હર્ષ સૂચવે,
અને પૃથ્વી માતા ફરતી ફરતી ગાયન કરે!

અહીં આ મન્દિરે, સુખદ સમયે વ્હાલી રહી આ,
દીસે કો' યોગિની, શિવવિભૂતિ, સાક્ષાત રતિ વા!
વિશાળાં રાતાં બે અનિમિષ રહ્યાં લોચન રૂડાં,
અને ભાસે સર્વે વીજળીમય અંગો સળગતાં!

કુમારી સુવાસી લઘુ દ્વય રહે ઓષ્ઠ ધ્રૂજતા,
ભણે સ્તોત્રો મીઠાં પ્રભુપૂજનમાં લીન પ્રમદા;
ધ્વનિ તેની ગાજી વનચર બધાંને વશ કરે,
પિગાળી દે પ્હાડો! નદ નદીઝરાનાં નીર ઠરે!

કુસુમ્બી સાડીનો પટ સ્તન ગ્રહી ફરફર ઊડે,
મહા કો' રાજાનો જયધ્વજ ફરેરે જ્યમ ઊંચે;
કિશોરીના કેશો શરીર પર શા ચામર કરે!
સ્તવે એ શંભુને સુભગ પ્રિયને આ દિલ સ્તવે!

તહીં બાંધેલો છે તરુવિટપમાં ઘંટ શિવનો,
ધ્રૂજે શાખા ત્યારે ઘણણઘણ તે ઘોષ કરતો;
બજાવાને યત્નો વિફલ કરતી પ્યારી સઘળાં,
ફણે ઊભી ઊંચા કર કરી મથે છે પ્રિયતમા.

છૂપી, છાનો દોડી, કટિ વતી પ્રિયા તો ગ્રહી, અને
'બજાવી લે, પ્યારી!' કહી મુજ રસીલી ઊંચકી મ્હેં;
ગઈ બાઝી વ્હાલી શરમભર છાતી સરસી તે,
અને ચુમ્બી લેતાં મુજ હૃદયમાં હર્ષ ઊભરે.

અરે! આવાં સ્વપ્નો વિરહી દિલ મ્હારું રીઝવતાં,
હવે ના આવે એ મુજ હૃદયમાં સૌ બળી ગયાં;
ગયાં વર્ષો વીતી, મુખ મુજ પ્રિયાનું ભૂલી ગયો!
સખા! મીઠા ચ્હેરા દિલથી સરી ચાલ્યા સહુ, અહો!

તમે, મિત્રો વ્હાલા! પથરવત્ વા વજ્ર સરખું,
કહેશો આ હૈયું કઠિન અથવા ના રસભર્યું;
અરે! આ વાક્યો શું શિથિલ પ્રીતિની સ્થિતિ સૂચવે?
કવિતા મ્હારી શું હૃદયજડતા સાબિત કરે?

જુઓને મ્હોં મ્હોટું વિભુ વશ કરે એ વખતનું,
ગળે તે પ્હાડોને, સુર, જન અને વિશ્વ સરખું;
ઉડાડે તે તારા, રવિ, ગ્રહ બધાને સમ અણુ,
તમારો રાજા એ મુજ પર કરે રાજ્ય સરખું.

અતિ સાચું ઓહો! વખતનદનો છે પ્રબલ વ્હો,
ખરું જે સાચું તે જનહૃદયથી તે લઈ જતો;
સુકાવી દે અશ્રુ, મધુર છબી ભૂંસી દઈ હસે,
અને રોનારાંને મરણશરણ તે ઘસડી લે.

રહે છે જો મીઠું જનકર મહીં સૂક્ષ્મ સઘળું,
બહુ રક્ષાથી તો હૃદય સહ રાખી સુખી થવું;
સ્મૃતિચિત્રો પ્યારાં સ્ફૂટ કદી બને નષ્ટ સઘળાં,
ફિકા સંસ્કારો તો મરણ સુધી સૌ ઈષ્ટ ગણવા.

૨૬-૭-'૯૭

## ખાકદિલ

આ ખાકદિલ અંગારમાં આભારી હવે તું શું કરે?
છેલ્લું થવું વીતી ગયું તેને હવે તું શું કરે?
બાળે તપાવે ખાકને શું ખાકથી બીજું મળે?
આલમ થકી બાતલ ઊડે તેને હવે તું શું કરે?

બસ કર! અયી બેગમ! હવે અંગાર ત્હારો ફૂંકવો!
એ ખાકને બાળે નહીં! એ ખાક થાશે! શું કરે?
છે ખાકથી એ કામ? તો તો હાથ લે ઝોળી હવે!
આરામની કફની વગર તેને મગર તું શું કરે?

ત્હારી પછાડી આંસુડાં! તું માગતી હસવું ફરે?
એ આંસુડાં ના લૂછતી! તો વ્યર્થ ઢૂંઢ્યા શું કરે?
આ ઝિન્દગીનું પૂછવા મ્હારો હવે હક ના રહ્યો!
ફરિયાદ વિણ રોયા કરે તેને સનમ! તું શું કરે?

અવધૂતની માળા મહીં પારા ફરી લાખો ગયા!
આ એક પારો ઝિન્દગીનો ફેરવી તું શું કરે?

અવધૂત હું તેને બખીલી એક પારામાં નહીં!
લાખો કહે, લાખો દઉં! પણ મંત્ર વિણ તું શું કરે?

આ ખાકના પારા પરે કો' ઈલ્મ સાધી જાણતું!
તે હસ્તથી આ લૂંટ આવી તું કરીને શું કરે?
આ ખાકને ખાખી સહે યારી હતી જૂની કંઈ!
તું તો નકામી ખાકથી મેલી બનીને શું કરે?

આ ખાક રોતી એટલું! ખાખી રડે તે એ જ છે!
બાજીગરે બાજી મગર એવી રચી! તું શું કરે?
રાખું સબૂરી! રાખજે તું એ સબૂરી ઓ સનમ!
ત્હોયે રહે ના આંસુડાં! કોની સબૂરી શું કરે?

૩૧-૯-'૯૭

## પરવાર્યો

દુ:ખી દિલદર્દને ગાતાં, જિગરની આહમાં ન્હાતાં,
ફના ઈશ્કે સદા થાતાં હવે હું આજ પરવાર્યો!

ન લૂછું એક આંસુ વા કહું હું લૂછવાનું ના!
હવે છો ધોધ ચાલે આ! રડી રોતાં હું પરવાર્યો!

હવે આ આંખમાં ના છે કંઈ દાવો, કંઈ ફરિયાદ!
ગમીના જામ એ પાતાં અને પીતાં ય પરવાર્યો!

હવે આ ઝેરનું પ્યાલું છુપાવી શીદ પી જાવું?
તું જો કે રો! ગમે તે હો! તેમાંથી છેક પરવાર્યો!

હતો મારો ચલાવ્યો ત્હેં જિગરને મારતાં હસતાં!
મરે ખોખું તહીં રો તો રહમથી હું ય પરવાર્યો!

હું પરવાર્યો! ન છે પરવા! સુખે તે ને સુખે તું જા!
ખુદાની બન્દગી કરજે! હું તો એથી ય પરવાર્યો!

હતું તેને સદા રોવું! નવું તો કૈં ન છે દેવું!
જતાં જૂનું નવું રોશે! પછી તેથી ય પરવાર્યો!

હતું હૂલાવવું ખંજર દિલે એ હાથ મ્હારાથી!
કરી ઉમેદ એ ત્હારી હવે પૂરી હું પરવાર્યો!

હુકમ જલ્લાદ થાવાનો બજાવ્યો આખરે, દિલબર!
હવે એ હુન્નરે કાબિલ થઈ તુંથી ય પરવાર્યો!

ભણ્યો ત્હારી તુફેલે તે હવે અજમાવવું તું પર!
છૂરી નીચે નમી તો જો! કરું ઘા ને હું પરવાર્યો!

ખુદાની આંખ ત્યાં રાતી! મ્હને તેની ન છે દરકાર!
ખુદાથી, ઈશ્કથી, સૌથી, મગજ, દિલથી ય પરવાર્યો!

સનમ! તેનો અને તુજ તે બને જલ્લાદ છો મ્હારો!
વહે ત્રણ ખૂનની નીકો! તહીં હું ન્હાઈ પરવાર્યો!

અરે! આ હાથ મ્હારાથી દિલે મ્હારી છૂરી વાતાં!
ન તડફું વા ડરું હું ના! દરદડરથી હું પરવાર્યો!

અદલ ઈન્સાફની ગાદી ખુદાની ત્યાં ચડી જોઉં!
પછી આહા! અહાહાહા! અહોહોહો હું પરવાર્યો!

૮-૮-'૯૭

## અતિ દીર્ઘ આશા

હું તો માનવી 'હું'! વિશ્વ ના હું! બ્રહ્મ ના! જ્ઞાની નહીં!
હજુ તો ઊછરતા પ્રેમમાં છે અજ્ઞ તું એ હું સમી!

માયા અલકલટ તું તણી :
તુજ ગાલની આ સુરખી :
તુજ નેત્રની મીઠી ઝરી :
તુજ પાંખ ત્યાં બાંધી પડી!

કોકિલ તણો ચાળો રમી,
તિરછી નમાવી આંખડી,
મુજ કાળજે મીઠી છરી,
દેવી ત્હને રુચી રહી!

કુંજે એકલાં બે ચાલવા,
કદી સ્મિતફુવારે મ્હાલવા,
કદી પાદમાં આળોટવા,
હજુ આ ઉરે હોંશો ભરી!

આ છાતી પર કૈં હાંફવું,
આ હાથ ઝાલી હીંચવું
મુજ બાગનું ફૂલડું થવું,
તેમાં ના ત્હને તૃપ્તિ હજી?

મનનું બધું મનમાં ભર્યું,
આ વિશ્વ ત્યાં વચમાં નડ્યું;
હાવાં ગીત એક જ આ રહ્યું,
ગાવું ગીત આંસુડાં ભરી.

'આંસુ' નામ જે અળખામણું,
તેમાં એ નિસાસે દાઝવું;
દુઃખમાં સદા સુખ માનવું!
જો, એ લ્હાણ શી છે આપણી?

જીવ જાળવી પણ રાખવો,
તે એ એક કૈં આશાભર્યો;
વ્હાલાંએ હુકમ એવો કર્યો,
ઠરી મૈત્રી એવો અન્ધની!

કહે છે, "લાખ જન્મો પામશો!
"સાથે લાખ જન્મો માણશો!
"હાવાં લ્હાવ રોવાની લીઓ!
"પાણીનું પતાસું ઝિન્દગી!"

પોતાની ન દૃષ્ટિ જ્યાં પડે,
જેને માનતાં પોતે ડરે,
એવી આશ આપણને ધરે?
લેવી તે ય આભારી બની!

ભૂલી આપવીતી સૌ જતાં!
જ્યારે દર્દ જોવાં પારકાં!
વ્હાલાં દૂરનાં તે દૂરનાં!
જીવ્યું કોણ પર પોતે ગણી?

કદી હોય સાચું ત્હોય શું?
આ તો જીવવું એળે ગયું!

ખારાં આંસુમાં ચાલ્યું જવું!
એ સૌ કોણ ભોગવશે પછી!

નટવો ચડે દોરી પરે,
ચૂકી આંખ તો નક્કી મરે;
મળે મોજ કે ના યે મળે,
એવો દોર આશા આ, સખિ!

પ્હેલાં તો મરીને દાઝવું!
ઉન્હી ખાક થઈને ઊડવું!
કાંઈ તે પછી મીઠું ઠર્યું!
તેમાં તું કહે શું? બોલની!

ત્હારાં ભ્રૂ અને તુજ આંખ આ,
ત્હારું અંગસૌષ્ઠવ આજ આ;
ત્હારું સર્વ આનું આજ આ,
તેમાં આ જિગરની પ્રીતડી!

બાળ્યા પછી એ કોણ દે?
વ્હાલાં તો રડી ભૂલી જશે!
ભૂતો આપણાં રોતાં હશે!
એની અન્યને તે શી પડી?

વર્ષા બધી ય વહી જશે,
ત્યારે શું પછી જલદોદયે?
ના ના માવઠે જગ જીતશે!
તિએ કોણ જાણે ક્યાં વળી?!

૧૨-૮-'૯૭

## નિમંત્રણનું ઉત્તર

મળેલાં પત્રોથી મુજ નયન આંસુ ટપકતાં,
ન હું આવું તો શું સુખી નવ થશો ઓ પ્રિય સખા!
મૃદુ પ્રેમી આજ્ઞા કમનસીબ પાળી નવ શકે,
અરે! હૈં રોવાનું મુજ જિગરનું તે ધરીશ હું!

અહો! જ્યોત્સ્ના જોવા મુજ નયન આ ઉત્સુક હજી,
સુધાંશુની ધારા પ્રિય વદન શી ને રુચી રહી;
છતાં હું ના જાઉં રજની ધવલા એ રમણી શી,
સખાઓ! ભીતિ કૈં મુજ હૃદયમાં છે ખટકતી.

સુધાંશુની લાલી મુજ નઝરથી પીત બનતી,
અમીની થાળી એ નયન પડતાં ક્ષીણ દીસતી;
શશીથી આ દૃષ્ટિ પરિચય વધુ જો કદી કરે,
નહીં ત્યાંથી એ તો જગ પર પછી અમૃત ઢળે.

દુઃખી મ્હારી દૃષ્ટિ દુઃખકર બધે છે થઈ પડી,
દીવાલો એ રોતી પ્રતિ કણથી મ્હારા ગૃહ તણી;
લતા, વૃક્ષો, પક્ષી, જલધિ, ઝરણું વા રુચિર કૈં,
તહીં આ દૃષ્ટિને ઘટિત નવ હાવાં સરકવું.

વિસામો દેનારાં જગ પર જનોને બહુ નહીં,
અરે! એવું સ્વલ્પે મુજ નયન લૂંટે ક્યમ ભલા?
સુખો દેનારાંથી સુખ ન હીનભાગી લઈ શકે!
સુખો દેનારાંને દુઃખ દઈ કંઈ ને દહી શકે!

સખાઓ! વ્હાલાઓ! તમ ગૃહ સદા જે હસમુખાં,
ઘવાયેલાં લાખો અતિથિઉરને જે મલમ શાં;
હવે હું ત્યાં આવો પગ પણ ધરું તે ઉચિત ના,
હવે આ નિર્માયા મુજ પદ સદા રાન ફરવા.

તમારા બાગોમાં નહિ નહિ કરું હું રુદન તો,
છતાં નિઃશ્વાસો તો નહિ જ અટકાવ્યા અટકશે;
જળી જાશે પુષ્પો, તરુ સહુ નિસાસામય થશે,
પછી એ રોનારા અતિથિ સઘળા ક્યાં વિરમશે?

નિસાસો ના કોઈ મુજ હૃદય પૂરું ભરી શકે,
કમી કો' નિઃશ્વાસે મુજ દુઃખ હવે ના થઈ શકે;
ફૂલોને નિઃશ્વાસો દઈ સુખી થનારા અતિથિઓ,
ભલે એ કુંજોમાં વિમલ ઝરણે હંસ બનતા.

નિમન્ત્રો ના! વ્હાલા! અતિથિ નવ હાવાં થઈ શકું,
નિમન્ત્રો ના! વ્હાલા! અતિથિ નવ હાવાં કરી શકું.

તમારાં હાસ્યોનાં મધુર નવ લ્હાણાં લઈ શકું,
ન મ્હારાં હૈયાનાં રુદનમય લ્હાણાં દઈ શકું.
તમારાં બાગોમાં મધુપ ફરતા હો પ્રતિ ફૂલે,
તમારા વીણામાં મધુર સ્વર હો સૌ ગહકતા;
તમારા મ્હેલોની ઉપર કરુણા હો પ્રભુ તણી,
સુખી દૂરે એ છો, સમજી સુખી હું એ થઈશ હો!

૧૮-૮-'૯૭

## બાલક

જે છે હજુ રુધિર સ્વર્ગથી કાલ આવ્યું,
જે બાલ છે રમતમાં હજુ એ જ રક્તે,
જેનાં સુખો પણ હજુ ફૂટતાં દીસે છે,
તે કેમ યૌવન તણાં સમજે દુઃખોને?!

પૂછે છે એ મ્હને, "ક્યારે મ્હોટો, તાત! થઈશ હું?"
ઉત્તરે સાંભળ્યું ના ત્યાં મચે છે ફરી ખેલવું!

રમત કો' રમવી નવ જ્યાં રુચે,
અણગમ્યા ઉર કંટક જ્યાં ખૂંચે;
હૃદયદાહ જળ્યા જ જળ્યા કરે,
સફર ત્યાં પણ કાં કરવી ગમે?

ગયું ને આવવાનું ત્યાં કલ્પના મૃદુતા ધરે,
કલ્પનાહીનતા સર્વે વર્તમાન સૂકા કરે.

પણ મધુર આ વેળા ત્હારી ગઈ ન ફરી વળે,
સુખભર રૂડી આ વેળાની સ્મૃતિ ય નહીં મળે;
સ્મરણનયને ચારે પાસે અહીં દવ ભાસતો,
જીવન જીવતાં આવું ખારું હવે જીવ ત્રાસતો.

ઈચ્છે છે તે નકી, બાપુ! આવી કાલ ઊભું થશે,
ઈચ્છા જ્યાં પૂર્ણ થાશે ત્યાં અતૃપ્તિ જ વધી જશે.
ન ઈચ્છવું આ મુજ અર્થનું કશું,
છતાં ય આ છે ઉર આશિષે ભર્યુંઃ-

"સદા રહે બાલક બાલખેલમાં!
"સદા વહે એક જ હર્ષરેલમાં!"

દડાથી અંગૂલી ત્હારી કેવી આજ રમી રહે!
પછી એ ધારતાં મુદ્રા હૈયા સાથ જડી હશે!

વા આ હશે સૌ મુજ કલ્પના શું?
તુંને ય દર્દો તુજ કૈં હશે શું?
રે! બાલ, વૃદ્ધો અથવા યુવાનો
છે સૌ પડ્યાં એક જ છાયમાં શું?

સ્મૃતિ ના પ્હોંચતી ત્યાં ત્યાં આનન્દી ઉદધિ દીસે!
પરન્તુ ઝાંઝવા જેવા શું એ સાગર સર્વ છે?

૨૦-૯-'૯૭

## છેલ્લી જફા

જફાથી ક્યાં સુધી આખર જિગર આ ન્હાસશે દૂરે?
જફા કાજે જિગર છે આ! જિગર કાજે જફા છે એ!

જફા આ એકમાં જાતાં જફા લાખો ઊડી જાશે!
મગર કો' બેજફા બિલકુલ જહાંમાં ના થયું થાશે!

મુસાફર ઝિન્દગાનીનો જફાના નાવમાં ચાલે!
પ્રતિ પગ સાહસે ભરવો, રડી વ્હે યા ભલે મ્હાલે!

જફા છેલ્લી, જવું ડૂબી! મગર દરિયાવ ખારો છે!
થવાને બેજફા કિન્તુ મ્હને એ દાવ પ્યારો છે!

જફા દુનિયા જફા પ્રીતિ! જફા આ મોતનું પ્યાલું!
જફાની તો જફાના કાં હવે ના પન્થમાં ચાલું!

જફા ન્હાની તણાં ઝુંડો સહેતાં શી બડાઈ છે?
મગર આ મોતની છેલ્લી જફા તો કો' હવાઈ છે?

લઈ સમશેર ઊભું? યા દઉં સમશેર સીનામાં?
સમારું નાવ તૂટેલું? અરે! તેને ડુબાવું યા?

સમારું તો નથી સાંધો! નથી દરિયાવનો આરો!
ડૂબી જાતાં તળું છે ક્યાં? કહી મીઠાશનો ક્યારો?

સમારું ના ડુબાવું ના! જહીં ખેંચાઉં ત્યાં જાવું!
નહીં જ્યાં નાવ ચાલે ત્યાં જતાં ડૂબી નથી ગાવું!

ડુબાવાનો ય કો' કાલે જશે એ વખ્ત આવી જો,
બહુ એ વાત ટૂંકી છે! સુખે દેશું ડુબાવી તો!

હશે બંદૂકના પડઘા થયા ના શાન્ત આકાશે;
જિગરના આ બધા ધડકા તહીં પૂરા થઈ જાશે!

જફા ને, ને સનમ ને, ને સનમની ક્રૂરતા ને, ને
જહાંને આપતા જાશું સલામી આંસુની છેલ્લે!

૨૮-૯-'૯૭

# ઝેરી છૂરી

છૂરી કટાઈ ગઈ તે ઉરમાં ધરીને
હૈયું નિહાલ કરનાર ગઈ વિભૂતિ;
તેને સજું જિગરની મુજ આ સરાણે,
આશા ધરી અમર કો' રસ પામવાની.

તે કાટ આ હૃદયરક્ત વતી ચડેલો,
તેમાં હલાહલ ભરું સ્મૃતિનું ઉમંગે;
તેને જરી ખટક એક જ આવતામાં
તે કાલનાં ફિતૂર સર્વ વિરામ પામે.

ક્યાં ક્યાં સુધી અદબથી શિર ઝૂકવીને
દોરાઈ કાલકદમે નમતો ગયો હું;
કાઢ્યાં અનેક નદ પ્હાડ અનેક ખોદી,
આવી શિરીન બસ ખંજર અર્પવાને.

મ્હારી હતી ન તકલીફ મજા વિનાની,
આરામ તો પણ હવે દિલ યાચતું આ;
કાલે કહ્યું ભટકવા, ભટક્યો બહુ હું,
મ્હારા હવે કળતરે પગ ઊપડે ના.

'આ ભૂલ' એમ સુણતાં જ અનેક ભૂલ્યો,
કિન્તુ હવે હુકમ એ ગણકારતો ના;

આજે ઉરે મધુર ભાવ રમી રહ્યા છે,
તેને જ આ ઉર સદા રટતું રહેશે.

ખાલી થયું નવ હજી દિલ દર્દ રોતાં,
ત્યાં કોઈ અશ્રુ નયનેથી સુકાવવાનો
પ્રેમી મૃદુ હૃદય ઉપર ફાળ દેવા
ના કાલને હક મળ્યો પ્રભુનો કશો એ.

ચૂંટી અપક્વ ઉરપુષ્પ કદી ય લેવા,
આશાભર્યાં જિગરને ઊંચકી જવાનો;
મૃત્યુ અકાલ વતી કો' સ્મૃતિ લૂંટવાને,
ના કાલને હક મળ્યો પ્રભુનો કશો એ.

દાવા પ્રચંડ વત વિશ્વની ઝાળ માંહીં
વાત્સલ્યની નઝર કૈં હરિએ કરીને
અશ્રુ અને સ્મિત તણા ફૂલડે ભરેલા
સૌ પ્રેમના ચમન તૃપ્ત થવા જ રાખ્યા.

શું છે વળી વધુ કશું ય ઊડી જવાથી?
ના લાધતા ઉપર તારકના પ્રદેશો!
શું છે નવીન કટુ સિન્ધુ બધો ય ડોળ્યો?
માશૂક યોગ્ય મળતાં નવ મોતી ક્યાં એ!

એ પ્રેમ ક્યાં હૃદય ઉત્તમ જે બતાવે?
ક્યાં છે અહં વિસરનાર રતિ જહાંમાં?
ક્યાં કોઈ છે પડ સહુ ય બતાવનારું?
આનન્દથી હૃદયનું સહુ આપનારું?

નિઃશ્વાસ આ હૃદયના સહુ આગ ફૂંકી,
એ ઐક્યને જ જપતા સળગી વિરામ્યા;
આ અશ્રુનું ય સહુ તેજ તહીં ગુમાવ્યું,
એ તો મળ્યું નવ મળ્યું, નવ જાણતો હું?

તે તો શિરીનકરની પ્રિય તેજ છૂરી
બેઠો સજીશ મુજ આ ઉરની સરાણે!
જેથી સજું જરૂર તેજ કપાઈ જાશે!
તે ઝેર આખર કદાચ ગળાઈ જાશે!

૧૦-૧૧-'૯૭

## તરછોડ નહીં

મુજ ખાતર ત્હેં બહુ, નાથ! સહ્યું,
કટુ વેણ છતાં હજુ ત્હેં ન કહ્યું;
તરછોડીશ કાં? અપરાધી નહીં નકી!
આ જગમાં ક્યમ જાય રહ્યું?

ઉરનું તુજ પુષ્પ ન પોષી શકી,
રડતું નિરખ્યું તુજ આ મૃદુ અન્તર;
એ દવમાં ઉર આય નિરન્તર,
ના મુજ આંખ થઈ હલકી.

રસ કૈં મૃદુ આ ઉરથી ઝર્યો કદી,
સુન્દર ભાવ હશે ન ધર્યો કદી,
તું ય અતૃપ્ત અતૃપ્ત ફર્યો કદી,
ત્હેં મુજ ત્હોય નિભાવ કર્યો!

નવ રાવ તણું સ્થલ તું વિણ છે,
પરવારી રહી સહુ અન્ય, સખે!
જ્યમ રાખીશ તેમ હશે નયને,
તરછોડ નહીં! જલ લૂછ, સખે!

૨૩-૧૦-'૯૭

## પ્હાડી સાધુ*

"ભલા પ્હાડી સાધુ! વિકટ સહુ આ પન્થ ગિરિના,
"તહીં દૂરે દીવા ટમટમ થતા આદરભર્યા;
"મ્હને દોરી જા વા જરીક કહીં દે માર્ગ ચડવા,
"તહીં આ પન્થીને શયન વળી કૈં હૂંફ મળશે.

"ભરી ધીમે ધીમે દિવસ સઘળો ક્લાન્ત પગલાં,
પ્રવાસી થાકેલો વિધુર ભટકે માર્ગ વિસર્યો;
"અજાણ્યાં સર્વે આ તુમુલ વન સીમા વગરનાં,
અગાડી જાતાં જે વધુ વધુ દીસે દીર્ઘ બનતાં.

* ઇંગ્રેજ કવિ ગોલ્ડસ્મિથના The Hermit નામના કાવ્ય ઉપરથી

"શિયાળાની રાત્રિ શરદ શરૂ થાતાં ચમચમે,
"ભરેલા તોફાને ગિરિ સહુ અને આ નભ દીસે;
"હજુ છેલ્લી છાયા રવિકિરણની પશ્ચિમ પરે,
"તહીં પેલા શૃંગે શ્રમિત પણ પહોંચી જઈશ હું."

"સરો આ ઊંચાં ના રજની સહ ભેટી હજુ પડ્યાં,
"ગુફાઓ પેલીમાં ઉપર હજુ ના વાદળ ચડ્યાં,
".નથી એ ભૂંસાઈ સુરખી બરફે પૂર્ણ હજુ છે,
"તહીં પેલા શૃંગે શ્રમિત પણ પ્હોંચી જઈશ હું."

"કહે સાધુ, "બેટા! ન કર શ્રમ ને સાહસ હવે,
"તહીં તો ભૂતોની ભયભર બધી ઝાંય સળગે;
"મશાલો લોભાવા તુજ નયનને એ ચમકતી,
"સહુ એ તો જાળો ગિરિ પર રમે તે મરણની.

"હજી ખુલ્લી મ્હારી પથિક સહુને પર્ણકુટી આ,
"બિછાનાં હૂંફાળાં ઝૂંપડી મહીં છે ઘાસ પરનાં;
"અહીં જોકે હિસ્સો પ્રભુ તરફનો સ્વલ્પ સઘળો,
"છતાં એ અર્પાતો સદય ઉરથી સૌ અતિથિને.

"સુખે ત્યારે બાપુ! રજનીભર આંહીં વિરમજે,
"અહીં જે બક્ષાયું સુખથી તહીં ભાગી પણ થજે;
"ત્હને આપું ચાલો શ્રમહર કંઈ ભોજન, અને
"બિછાનું વિશ્રાન્તિ, મુજ ઉર તણી આશિષ વળી.

"અહીંનાં કૂદન્તાં હરિણ સહુ સ્વચ્છન્દ રમતાં,
"જનોને ધીરીને બતક તરતી જેલમ મહીં;
"સુખે પક્ષી આંહીં દિવસભર કલ્લોલ કરતાં,
"હથેળીમાં બેસી ચણ લઈ જતાં બુલ્બુલ કંઈ.

"છૂરી નીચે પ્રાણી કદી પણ અહીં ના તડફતાં,
"બહુ વેળાથી છે મુજ હૃદયને ત્રાસ હણતાં;
"કૃપાલુ શક્તિ જે મુજ પર દયાથી વરસતી,
"દયાલુ થાવાને તહીંથી મુજને શિક્ષણ મળ્યું.

"નહીં પાળી એવું ગિરિ ઉપરનું ભોજન ધરું,
"વિશાળું નીલું આ ફલફૂલભર્યું છે વન બધું;

"વહી જાતી ગાતી શીતલ જલ દે જેલમ અહીં,
"અને આ ક્યારાનું ઝરણ સઘળાં પોષણ કરે.

"પ્રવાસી! ઠેરી જા, ફિકર કર તું દૂર સઘળી,
"બધી જૂઠી ચિન્તા જનહૃદયને આ જગતની;
"અપેક્ષા લોકોને અતિ લઘુ તણી આ તલ પરે,
"અને તે એ ના ના ચિર સમયની ને મળી રહે."

હવે ધીમે ધીમે મધુર જ્યમ આ ઝાકળ ખરે,
મુખેથી સાધુને નરમ ત્યમ એ સુસ્વર ઝરે;
પ્રવાસી સાધુની ઝૂંપડી ભણી ધીમે અનુસરે,
અને એ લજ્જાળુ શ્રમિત મુખડું નમ્ર નમતું.

વિસામાની મૂર્તિ નિજ પથ ભૂલેલા પથિકને,
કનેના દીનોને સહુ સુખભર્યા કલ્પતરુ શું;
છૂપાયેલું દૂરે વિજન સ્થલ નિદ્રસ્થ દીસતું,
તહીં કુંજોમાં આ દ્રુમવર નીચે આશ્રમ રહ્યું.

નિશાની ભીતિની કશી ય હતી ના દ્વાર ઉપરે,
ન સ્વામીચિન્તાની જરૂર હતી એ આશ્રમ મહીં;
જરી ઠેલ્યે દ્વારે સ્વર કરી નિમન્ત્રે અતિથિને,
અને દે આ જોડી ઝૂંપડી મહીં નિર્દોષ પગલાં.

હવે ઉદ્યોગી આ સહુ જન વળે છે નિજ ગૃહે,
કુટુમ્બો જ્યારે સૌ નિજ ઝૂંપડીઓમાં મળી રહે,
જગાવી ત્યારે એ શગડી નિજ સાધુ હસમુખો
ઉદાસી પોતાના અતિથિઉરને સાન્ત્વન કરે.

ધરે છે તે પાસે ફલફૂલ સહુ શીતલ, અને
જરા કૈં લેવાને નિજ અતિથિને આગ્રહ કરે;
કલાકો લાંબા બે વ્યતિત કરવા ગમ્મત મહીં,
મજીરાંની સાથ સ્વર શરૂ કરે છે ભજનના.

સૂતેલો જાગીને શુક મધુર આલાપ કરતો,
લવી થોડા બોલો ફરી સ્થિર થઈને સૂઈ જતો;
દીવાલે છુપાઈ કંઈક તમરું ત્યાં તમતમે,
ઊડન્તા અંગારા શગડી પર પાસે તડતડે.

ન દર્દો કિન્તુ કૈં નરમ બનતાં તે અતિથિનાં,
કશું યે એ ચ્હેરે સુખની ચિનગી ના પ્રકટતું;
ગમી ભારે કોઈ તરુણ હૃદયે વાસ કરતી,
અને અશ્રુ મ્હોટાં ટમટમ ખરે ગાલ પરથી.

ગમીને સાધુનું હૃદય દ્રવતું ઉત્તર ધરે,
અને ઢોળે ઠંડું નિજ ઉર જરી એ દવ પરે;
કહે "બાપુ! ક્યાંથી તુજ દુઃખ અરે! આ ઉર મહીં?
"વૃથા શાને આવા કટુ રુદનનું સેવન કરે?

"કહે! ત્હેં શું ખોયો જગત પરનો વૈભવ બધો?
"અરે! શું કો' આશા તુજ જિગરમાં વા તડફડે?
"ન શું વા મૈત્રીમાં તુજ હૃદય પામેલ બદલો?
"મનોયોગી પ્રેમે અગર નવ શું આદર મળ્યો?

"અરે! આનન્દો જે જગત પરની સમ્પદ ધરે,
"ભલા ભાઈ! એ તો ક્ષયમય અને તુચ્છ સઘળા;
"અને જે ભોળા એ ચપલ લઘુતા ઈષ્ટ ગણતા,
"અરે બેટા! તે તો લઘુતર નકી પામર બધા.

"જહીં આશદીવો તહીં જરૂર અન્ધાર રજની,
"વધુ જ્યાં એ ખીલે તિમિર વધુ ત્યાં ગાઢ જ નકી;
"નવાં દર્દો કાંઈ નવીન ભડકાઓ જગવતાં,
"અજાણ્યાંને અન્તે મરણશરણે છેક ધરતાં.

"અને મૈત્રી એ તો જરૂર ઉરને મુક્ત જ ધ્વનિ?
"સુવાડી દેવાનું મધુર પણ એ છેક સ્વપ્નું;
"જહીં કીર્તિ લક્ષ્મી તહીં જ નકી એ છાંય ફરતી,
"ત્યજી રોતાં વ્હેતાં રુધિરમય કંગાલ નયનો.

"ગુહા પ્રીતિની તો હજુ ય વધુ ખાલી રસિકતા,
"અરે! બાલાઓનાં કટુ અટકચાળાં મશકરી;
"અહીં પૃથ્વી પાસે કદી ય વસનારી ન શ્રુતિ એ,
"હશે તો માળામાં ચકવીચકવાના સ્વર મહીં.

"અરે! મુગ્ધ પ્રેમી! બસ શરમની ખાતર હવે,
"અવજ્ઞાથી ફેંકી દૂર જ કર સ્ત્રીના સ્મરણને;"

પરન્તુ આવું એ અતિથિ સુણતાં કૈં ક્રમક્રમે,
કપોલે ને ભાલે અરુણમયતા કો' રમી રહે.

ઉષાની લાલી શા ચપલ મૃદુ ને રંગ નવલા
ધરે એ ચ્હેરાની ઉપર ચટકીદાર બુરકો;
ઢળેલાં નેત્રો છે અધર અધમીંચ્યાં જલભર્યાં,
અને એ ખૂણામાં પલપલ ચડે રક્ત ફરતું.

જરા નીચી ભીરુ શરમભર દૃષ્ટિ નયનની,
નીચે ઊંચે ધ્રૂજી દરદમય છાતી ઊપડતી;
બતાવી દે ખુલ્લી અતિથિઉરની એ સ્થિતિ, અને
કહી દે કન્યાનું મનહર મૃદુ મંજુલપણું.

અને બાલા બોલે, "જરૂર અપરાધી પથિક આ,
"પ્રભુ ને તું આંહીં નિશદિન સદા વાસ કરતાં,
"તહીં સ્ત્રીનાં આવાં મલિન પગલાં આમ ધરતા
"અરે! ત્હારા આવા અપટુ અતિથિને કર ક્ષમા.

"અરે આ કન્યા જે ભટકવું શીખી છે પ્રણયથી,
"ભલા સાધુ! તેની ઉપર કરુણાનાં દૃગ ઘટે;
"સદા જે શોધે છે રખડી ફરતાં શાન્તિ ઉરની,
"નિરાશાનો જેને પણ નિજ પથે સોબતી મળે.

"દૂરે ગંગાતીરે મુજ પ્રિય હતા તાત વસતા,
"પ્રજામાં તેને હું કમનસીબ આ એક જ હતી;
"મ્હને એ મ્હેલ્લામાં મધુર ગણતાં સૌ રમકડું,
"અરે! બાલ્યાવસ્થા મધુર પણ થોડા દિવસની.

"પછી આકર્ષીને નિજ કર મહીં તાતકરથી,
"મ્હને લેવા કૈં એ મુજ સહ યુવાનો ફરી રહ્યા;
"હતા શ્લાઘાના કૈં સહુ દિશ ઊગેલા ચમન, ને
"સુગન્ધી પુષ્પો એ તહીં કંઈ હતાં મ્હેક ધરતાં.

"હતા આ નેત્રોને શશીરવિ સહે કોઈ કથતા,
"હતા મૂર્ચ્છાના એ કંઈક વળી વેષો ભજવતા;
"બતાવી જાતા કો' પ્રણયચિનગી કૃત્રિમ, અને
"હશે ક્યાં ક્યાં થોડો રસ પણ રસીલો ટપકતો.

"હતો બીજા સાથે પણ રસિક કો' 'કાન્ત' નમતો
"રહેતો દૂરે ને પ્રણય તણી ના વાત વદતો;
"હતી તેની છાતી મુજ તરફ છાતી ધડકતી,
"છતાં એ નિઃશ્વાસો નયન કહી દેતાં ઘડી ઘડી.

"હતાં તેની પાસે નહિ નહિ કશાં દ્રવ્યનગરો,
"હતાં હીરા-મોતી નહિ નહિ કશાં ભેટ ધરવા;
"હતાં તેની પાસે નરમ ઉર ને એક ફૂલડું,
"છતાં એવું એનું મુજ જિગરને તો સહુ હતું.

"પ્રભાતે પુષ્પો જે રવિકિરણને ઝાકળ ધરે,
"તડાગે જે પેલાં કમલ રજ અર્પે ભ્રમરને;
"નકી ત્યાં યે ક્યાં યે નહિ વિમલતા વા મધુરતા,
"અહો! જે તેના એ મૃદુ ઉરની સ્પર્ધા કરી શકે.

"હતી એ હૈયામાં ઝરણ સઘળાંની સતતતા,
"હતી એ હૈયામાં પ્રભુહૃદયની આર્દ્ર પ્રભુતા;
"હતું આ હૈયું એ ગળી જઈ જ આધીન બનતું,
"હતો પાપી કિન્તુ મુજ ઉર મહીં તોર દૃઢ કૈં.

"પરીક્ષાની મેં કૈં અતીવ અજમાવી તરલતા,
"અભિમાની કીધા નવીન સહુ દુરાગ્રહ સદા;
"અરે! એનો જુસ્સો મુજ જિગરને સ્પર્શ કરતો.
"ગણ્યો ત્યારે તેના દરદ મહીં મ્હારો જય હતો.

"વિષાદે થાકેલો મુજ પુરુષ નિન્દા ઉપરથી,
"ગયો એ તો અન્તે ત્યજી મુજ ગરૂડી મહીં મ્હને;
"અરે! તેણે શોધ્યો નિરજન નકી વાસ વનમાં,
"જહીં એ એકાન્તે ભટકી હિજરાઈ મરી ગયો.

"ગમી કિન્તુ એ તો મુજ હૃદયની, દોષ મુજ એ,
"પ્રભુ ને હું તેનો જરૂર લઈશું પૂર્ણ બદલો;
"તળું પૃથ્વીનું એ રખડી રખડી ઢૂંઢીશ, અને
"જહીં એ સૂતો ત્યાં મુજ અવયવોને ધરીશ હું!

"તહીં સંતાડી આ વદન મુજ પાપી ઝૂરી ઝૂરી
"નિરાશામાં ડૂબી જિગર મુજ ચીરી મરીશ હું!

"અરે! હું કાજે તે હૃદય કરતું એ સહુ ગયું,
"અને તે કાજે તે કરીશ સઘળું હું પણ નકી."

'પ્રભુ વારે એ સૌ," ચમકી લવી સાધુ હૃદયથી,
"લપેટે કન્યાના ધડધડ થતા એ હૃદયને;
"ઘગી ક્રોધે વાંકાં નયન કરતી લાલ લલના,
"પરન્તુ ભેટીને સુભગ નકી આ કાન્ત જ લવે:

"અહો! કાન્તે! કાન્તે મુજ હૃદયની મોહની પ્રિયે!
"ત્હને ને પ્રીતિને તુજ ફરી અહીં કાન્ત મળતો!
"અહો! જે ખોવાઈ નિજ ઉરની ધૂણી પર વસ્યો,
"ફરી લે, લે, લે એ કર મહીં દીવાનો પ્રણયનો.

"સદા ર્‌હેવા દેજે તુજ ઉર જડેલું મુજ ઉરે,
"બધી ફેંકી દેજે ફિકર તુજ મીઠા હૃદયની;
"જુદાઈ ના, ના, ના કદી પણ હવે હો, રસિકડી!
"હવે સ્વીકારી લે જીવન મુજ, મ્હારું સહુ, પ્રિયે!

"ખરે! જુદાઈ એ સ્વર પણ હજો ના શ્રવણમાં,
"હજો દૂરે દૂરે કટુ કટુ વિરાગે જિગરથી;
"હજો ત્હારી છાતી અચલ ધ્રુવ શી સ્નિગ્ધ સરલે,
"અહો મ્હારા ઘેલા વિમલ નભ શા આ ઉર પરે.

"નિસાસો મીઠો જે તુજ ઉર મહીં છેદ કરતો,
"હવે રેંસી દેશે તુજ ઉર તણા કાન્તઉરને;
"હવે ત્હારાં અશ્રુ વિમલ ઉરના જે ઉમળકા,
"કપોલેથી ચૂમી અધર મુજ આ સાર્થક થશે."

"ગયેલો છે છૂટી શરીર પરથી છેક કબજો,
અને એ બન્નેનાં થડકી ઉર ધ્રૂજે અવયવો;
અહો! તૃપ્તિ તૃપ્તિ સજલ નયને એ વરસતી,
અને પ્રેમી સાધુ ઉરની નિજ લ્હેરી ઠલવતો:

"પ્રિયે! કાન્તે! બાલે! ઘડમથલ સૌ દૂર તજશું,
"અહીં આ કુંજોમાં પ્રણયરસનું સ્વર્ગ રચશું;
"હવે ના તે જુદા જગત તણી વાતો ય કરશું,
"અહીંની વસ્તીમાં તુજ મુખ અને હું બહુ કશું.

"ફુવારા હૈયાના પ્રણયઝરણે એક કરશું,
"વનોમાં આનન્દે કર કર મહીં લેઈ ફરશું;
"મ્હને તુંને સાથે ઉર પર કંઈ એક રમતું,
"સદા પૂજીશું તે હૃદયગળણીથી નિશદિને.

"સૂતેલા આનન્દો મધુર સ્વરથી સૌ જગવશું,
"અહીં વીણા છે ન સ્વર પર કૂદે તે મૃગલીઓ;
"વિયોગોના ભીના કરુણ મૃદુ ગાઈ સ્વર બધા,
"રસે ધ્રૂજન્તાં આ ઉર લપટવા છૂટ કરશું.

"પ્રભુ ખોવાયેલો મુજ હૃદયને જે મળી ગયો,
"સદા તેને મ્હારાં નયન પર રાખીશ તરતો;
"વળ્યો આત્મા મીઠો મુજ જિગર ખોખા મહીં ફરી,
"હવે તેને કંઠે કબજ કરી રાખીશ રમતો."

૨૬-૧૦-'૯૭

## હમારી પિછાન

હમે જોગી બધા વરવા સ્મશાનો ઢૂંઢનારાઓ!
તહીંનાં ભૂતને ગાઈ જગાવી ખેલનારાઓ!

જહાં જેને મરી મુર્દું કબરમાં મોકલી દેતી,
હમે એ કાનમાં જાદૂ હમારું ફૂંકનારાઓ!

જહાંથી જે થયું બાતલ, અહીં તે છે થયું શામિલ!
હમે તો ખાકની મૂઠી ભરી રાજી થનારાઓ!

જહીં જખમો તહીં બોસા તણો મરહમ હમે દેતા,
બધાંનાં ઈશ્કનાં દર્દો બધાં એ વ્હોરનારાઓ!

હમે જાહેરખબરો સૌ જિગરની છે લખી નાંખી,
ન વાંચે કોઈ યા વાંચેઃ ન પરવા રાખનારાઓ!

ગરઝ જો ઈશ્કબાજીની, હમોને પૂછતા આવો,
બધાં ખાલી ફિતૂરથી તો સદા એ ન્હાસનારાઓ!

જહીં સ્પર્ધા તણી જગની દખલ ના પ્હોંચતી ત્યાં ત્યાં,
જમી ને આસમાનોના દડા ઉડાવનારાઓ!

ગમે તે બેહયાઈને દઈ માથું ધરી ખોળે,
હમે આરામમાં ક્યાં યે સુખેથી ઊંઘનારાઓ!

સનમની બેવફાઈથી નથી સુખ કાંઈ એ ડરતાં,
હમે જાણ્યું, હમે માણ્યું, ફિકરને ફેંકનારાઓ!

જખમથી જે ડરી રહેતાં, વગર જખમે જખમ સ્હેતાં;
હમે તો ખાઈને જખમો, ખૂબી ત્યાં માનનારાઓ!

બની ઉસ્તાદ આવો તો થશો આંહીં તમે ચેલા,
મગર મુરશિદ કરો તો તો હમે ચેલા થનારાઓ!

હમારાં આંસુથી આંસુ મિલાવો; આપશું ચાવી;
પછી ખંજર ભલે દેતાંઃ નહીં ગણકારનારાઓ!

૧૪-૧૧-'૯૭

## કોણ પરવાર્યું?

અહીં દરવિશ બધા બૂઝરગ ખુદાના ઈશ્કખાનામાં
મગર એવી સફેદીથી જુવાની કોણ પરવાર્યું?

અહીં બદલી બધું જાતુંઃ જિગરનાં ચશ્મ ને ચશ્માં!
મગર છે વસ્લ એ, રે રે! સનમથી કોણ પરવાર્યું?

અહીં માશૂક ના દેતી, કદી દે તે નહીં પૂરું!
મગર એ ભીખ માગીને ભીખારી કોણ પરવાર્યું?

અહીંના આશકો સુરમે કરે છે ગાલને કાળા!
મગર માશૂકની સુરખી રડીને કોણ પરવાર્યું?

અહીં પ્રત્યેક દાણા પર છૂપ્યાં ખાનારનાં નામો!
મગર પરવા પરાઈથી, અરેરે! કોણ પરવાર્યું?

અહીં હરગિઝ છે દર્દે પરેશાની પરેશાની!
મગર દર્દી જિગર દર્દે લઈ દમ કોણ પરવાર્યું?

અહીં ખ્વાબો મળે રાતેઃ બધાં અન્ધારમાં જાતાં!
મગર અફસોસ દિ' આખો કરીને કોણ પરવાર્યું?

અહીં અડતું નહીં સીધું દિલે કો' એક પણ ખંજર!
મગર નીચોવતાં લોહી તડફતાં કોણ પરવાર્યું?
અહીં સઘળા ખતમ થાતા નશા બેચેનીમાં નાખી!
મગર એવા શરાબોને ભરી પી કોણ પરવાર્યું?
અહીં દાનાઈનું પ્યાલું રહ્યું બસ મોતને હાથે!
મગર આ ઝિન્દગાનીની મુરાદે કોણ પરવાર્યું?
અહીંના આ ફકીરોની કદી ઝોળી નહીં ઠંડી!
મગર એ ખાકમાં દાઝી ફકીરી કોણ પરવાર્યું?
અહીં ફિટકાર છે લાઝિમ બધી આ પાયમાલીને!
મગર લાનત સદા હિઝરાઈ લેતાં કોણ પરવાર્યું?

૧૭-૧૧-'૯૭

## ચુમ્બનવિપ્લવ

ત્યારે હતી અલક સૌ સર તે રમન્તી,
ત્હારાં મૃણાલ વત્ બાલક અંગ સાથે;
તું તો હતી ઉર ભણી મુજ આ ચડન્તી,
ને એ લટો સરતી પાદર રોજ જોવા.

એ મેઘમાળ સમ વાળ કદી કદી તો
રૂહેતા રચી સુરસ રમ્ય કમાન દૈવી;
એ મધ્યમાં સ્મિતભર્યું મુખડું રમન્તું
આવી જતું કુસુમડું મુજ પાસ યાચી.

દેતો ત્હને જરૂર ઈચ્છિત ને વધુ કૈં,
એ કાર્ય તાત વત વત્સલનું કરન્તાં;
દેતો લલાટ પર ચુમ્બન એક મીઠું,
જાણે રહ્યો શીતલ ચન્દન અર્ચતો હું.

આહા! લલાટ પર ચુમ્બન એક દેવું!
વાત્સલ્યને અધિક તૃપ્તિ કહીં ય ના ના!
નિઃસ્વાર્થ પ્રેમ વધુ સ્નિગ્ધ કશું ય પામી
સંસારમાં હજુ કૃતાર્થ નથી થયેલો!

સ્પર્ધા તણાં નયન કોઈ હતાં ન ત્યારે,
ઈર્ષ્યા હતી ન મુજ એ સુખની જહાંને;
કો' યાચનાર ઉરને મુજ લ્હાણ એવી
ત્યારે હતું હૃદય તત્પર અર્પવાને.

શીખ્યું હતું ન મુજ આ ઉર 'માગવું' કૈં,
શીખ્યું હતું ન તુજ એ ઉર 'આપવું' કૈં,
વત્સા હતી! ગુરુ હતો તુજ હું, કુમારિ!
ત્યાં એ હતી પણ પૂજનની જ મૂર્તિ!

કેવાં નિખાલસ પવિત્ર દગો હતાં આ
નિર્દોષ ભાલપટચુમ્બનનાં પૂજારી!
પૂજા જ! હા! જરૂર એ જ રસાલ ભાવો!
જે સ્વર્ગના ય જનકો નવ જાણનારા

સ્વર્ગે પરન્તુ જનવાસ ટકી શકે ના,
ના જ્ઞાતિબન્ધ તજતા કદી કોઈને એ;
વાયુ તણા પડ મહીં શુક ઊડનારા
ઘૂમે અમુક જ પ્રદેશ અનન્ત વ્યોમે.

એ શો થયો નયનમાં ચમકાટ જુદો!
ભોળાં અજાણ ઉર ત્યાં સરકી પડ્યાં શાં!
મીઠા લલાટ થકી ચુમ્બન એ સર્યું, ને
મીઠા કપોલ ઉપરે સરકી પડ્યું, હા!

ન્હાના ગુલાબ પર નાજુક ટીલડી શું
ચોંટી રહ્યું થરથરી તહીં સ્નિગ્ધ એ તો;
મૂર્ચ્છાઈ કોઈ ખુશબો ગ્રહતાં ફૂલે કો'
ક્યાં એ ન ભૃંગ વધુ મત્ત હશે બનેલો.

કેવી બની અલક એ જયની પતાકા,
ત્હારાં સહુ ય મૃદુ અંગ પરે છવાઈ!
ત્યાં કામ એ જ અલકેથી શરૂ થઈને
એવો જ શ્યામ થઈ આ ઉરને પટાવ્યું?

એ ક્ષીરસાગર શમી જુઇના બિછાતે
હું તો બન્યો અલક ઉપર શેષશાયી;
ઉલ્લાસઊર્મિ પર ઊર્મિ કૂદી રહ્યા, ને
નાચી રહ્યાં કમલ એ સ્મિતનાં રૂપેરી.

ત્યાં એક ચુમ્બન સહસ્ર સમું બનીને
લોલ્લોલ એ અધર ઉપર ગૂંચવાયું!
ને અન્ય લાખ બસ એક મહીં સમાતાં,
એ તો હતો અકથ ચુમ્બનનો પ્રવાહ!

એથી અધિક મગરૂર નશા ભરેલો
કો' દ્રાક્ષથી ન મદિરા કદી એ મળ્યો છે!
એથી અધિક પણ મૃત્યુ જ ખેંચનારું
પીધું હલાહલ નથી કદી નીલકંઠે!

હું અર્પનાર ગ્રહનાર થઈ ગયો, ને
સ્વર્ગીય પુષ્પ ઉરનાં સહુ એ સુકાયાં;
એ સૌ બન્યું અરર! ચુમ્બનના જ શ્વાસે,
રે! સ્થૂલ સ્પર્શ કદી એ કળિયો સહે ના.

સંસારના ચમનના સહુ મર્ત્ય ભાવો,
ઈર્ષ્યાભરી નઝર મર્ત્ય તણી રમે જ્યાં;
એ એ જ આખર રહ્યા અમ પાસ લ્હાવા :
ને આજ તો સહુ જ તે ય બળેલ ક્યારા!

ત્હોયે ભર્યું પુનિત કૈં હજુ આ ઉરે છે,
જે સ્વર્ગથી મધુર શબ્દ સુણી રહ્યું આઃ-
"ઓહો! કરે ન પરવા પ્રણયી કશાની!
"ઉત્થાન પાત, સઘળા ક્ષણના પ્રયોગો!"

હું તો છતાં ય હજુ એ જ લલાટવાળું
એ બાલભાવમય ચુમ્બનને જ યાચું :
જો એ થકી હૃદય તૃપ્ત બને હજુ તો,
જો એ ફરી હજુ પ્રભુ ય ધરી શકે તો.

૧૫-૧૨-'૯૭

# પ્રેમથી તું શું ડરે?

ચોગાનમાં આલમ તણા રે! પ્રેમથી તું શું ડરે?
ત્હારા ચમનનાં પુષ્પના કાંટા થકી તું શું ડરે?
લઈ લે મૃદુ આમોદ તો, તુંને ઉઝરડો છો થતો :
ભોંકાય તો ભોંકાય છો, એ મામલાથી શું ડરે?
ત્હારા હૃદયઆત્મા તણાં વારિ અહીં ઊંડાં ભર્યાં;
પ્રભુ પ્રેરતાં ઉછળ્યા કર્યાં, એના ઝોશથી તું શું ડરે?
બસ છોડ તુજ પ્હાડી ઝરો, છો એ પ્રલયમાં ઊછળો;
છો કો' સુરૂપે આફળો, છો તૂટતો! તું શું ડરે?
બદલો મળે કે ના મળે, શુક એક પાંખે શે પળે!
એ તર્ક શા જૂઠા કરે, ઊડી જો ઊડી! તું શું ડરે?
પાષાણના પદ ચુમ્બતો જો કેમ સિન્ધુ કૂદતો,
જ્યાં સખ્ત ઊભી ભેખડો, તો અરેરે! શું ડરે?
તે ઊર્મિઓ પાછી પડે, મગરૂર ગિરિ તે ના ગણે;
ત્હોયે સલિલ ભેટ્યા કરે જે પ્રેમનું તે શું ડરે?
જો ઘાસ ઝરણાં પાસનું જે પ્રેમ પી નીલું બન્યું,
તુજ પદ કને જે છે ઢળ્યું તે ના ડરે! તું શું ડરે?
એ ના પુકારે કોઈ એ, "અમ અંગ કચરાઈ મરે!
"અમ યત્ન સૌ ધૂળે મળે"! તો ઊઠ, ઊઠ તું શું ડરે?
આ શુષ્ક લૂખી આલમે અપકારીઓના રાહને
થઈ ઘાસ કર રસભર, અને એવું થતાં તું શું ડરે?
તુજ અંગતરણાં સૂકશે, ચારો ય ના તેનો થશે;
તો શું પડ્યો છે દહેશતે? ઊભી ચારુતા ત્યાં શું ડરે?
જો ક્ષીરસાગરના સમું પ્રભુએ હૃદય નિજ પાથર્યું :
એ બિન્દુ ના કોને મળ્યું? તે પામતાં તું શું ડરે?
એની કૃપાનાં પુષ્પ એ રગદોળનારા પાદને
નિજ ગન્ધનો જે લેપ દે તે લેપ થાતાં શું ડરે?
જો આંખ મીચી ચાલશે તો ઈષ્ટ સાથે મ્હાલશે,
મીઠી પ્રીતડી મીઠી થશે, દિલ જાય ત્યાં તું શું ડરે?

૧૮-૧૨-'૯૭

# ભાવના અને વિશ્વ

ઉર ઠલવવા શોધી કાઢ્યાં સખા, લલના, અને
ઉર ઠલવવા શોધ્યાં પુષ્પો, ઝરા, તરુઓ વને;
ઉર ઠલવવા પાળ્યાં પંખી, સુણ્યાં મૃદુ ગાયનો,
ઉર ઠલવવું એ તો ક્યાં યે બન્યું જ નહીં, અહો!

અહીં તહીં બધી લીલા લૂખી જહીં નવ એ બન્યું,
જગત સઘળું નીલું ના ના વસન્ત મહીં ગમ્યું;
રમણીયપણું આ સંસારે અતૃપ્ત બધું દીસે,
જગત ઉપરે સ્વપ્ને કોઈ ઠર્યું ન ખરું દીસે.

કમલકલીએ ભોગી ભૃંગો લપી શમણે ઢળ્યા,
કમલદલનાં મીઠાં સ્વપ્ને અનેક રમી રહ્યા;
કમલવનમાં ઊગ્યે ભાનુ ફરી ફરતા બન્યા,
પણ ગણગણી રોવાથી ત્યાં અધિક નથી ઠર્યા.

રવિ નવ ઊગે દ્હાડે જે ત્યાં હતો રજની મહીં,
ઝરણ ધરતાં લાલી સ્વપ્ને ધરે નવ તે અહીં;
હૃદય ઠલવ્યું ઝીલી લેવા હતો કર કોઈ ત્યાં,
નયન ઊઘડ્યું, ખોવાયો એ ભળી જઈ વ્યોમમાં,

જગત સઘળું ઘૂમી શોધ્યું, ફરી ન કદી મળે!
મધુર કર એ વિશ્વે પાછો ફરી ન કદી ઢળે!
નયન ઊઘડ્યું ને બેતાલું બસૂર બધું બન્યું!
નયન ઊઘડ્યું, વંઠ્યું મીઠું રહ્યું કટુ આંસુડું!

નયન નિરખી રોવા લાગે અહીં સહુ સ્થૂલતા,
રમત કરતાં લાવણ્યે એ સુસૌષ્ઠવહીનતા;
અમર રસનાં બીબાં આવાં બધાં વરવાં, અરે!
ઝળહળ થતું તેની છાપો મલિન અહીં પડે!

અધર લલના મીઠો મીઠો ધરે અધરે ભલે,
કુમકુમ ભરી હાથેલીથી જડે ઉરથી ભલે;
સ્તનતટ પરે રોમાંચોનાં ભલે વન ઊગતાં,
પરિશ્રમભર્યા સ્વેદે છિદ્રો ભલે સહુ ઊઘડ્યાં.

પણ રસ મહીં એવાંથી એ પ્રવેશ નહીં મળે,
કંઈક રડવું મ્હારે, તેને, રહ્યું જ રહ્યું ખરે;
હૃદય ધડક્યાં, બોલ્યાં, ગાયાં, રડ્યાં, બથમાં ભર્યાં,
પણ રસ તણાં ખુલ્લાં નેત્રે ન દર્શન સાંપડ્યાં!

શરીરપટનાં આત્મા માટે ન આવરણો ઘટે,
રસમય થતા આડા સ્થૂલો તણા પડદા ચડે;
જગત સઘળું ન્હાનું ન્હાનું અનન્ત વિહારને,
પણ રમતમાં ટૂંકી વાડે દડા અટકી પડે

સ્થલસમયને છોડી ક્યાં એ ન દેહ ઊડી શકે,
ફડફડ થતી પાંખો માટે ન દ્વાર મળી શકે;
અમર રસને એથી બીજો ન વાહક વા મળે,
નવ અહીં મળે સ્વપ્ને છે તે અખંડિત ના રહે.

હૃદય ઠલવી ત્હોયે ક્યાં ક્યાં જતાં જન બાપડાં,
હૃદય ઠલવ્યું ત્યાં ત્યાં ભાસે બન્યાં સપનાં ખરાં;
હૃદય રમતું આહ્‌લાદોમાં ઘડી વિષમાં ચડી,
અમર રસની જાણે લ્હેરી તહીં જ થતી ખડી.

અધર લલના દે ત્યાં ભાસે અનન્ત સુવાસ કો',
સ્તનતટ તણી ગાદી ભાસે અભંગ કુમાસ કો';
નયનઝરણે જાદૂ ભાસે અખંડ નવીનતા,
અલક અલકે ઝાંખી દેતાં પ્રભુત્વ નવાં નવાં.

કલમ લઈને જાણે એને સદા ચિતર્યા કરું,
કવિત લવતાં જાણે એને સદા ય કથ્યા કરું;
પણ ત્રુટિત એ! ત્હોયે મીઠી તહીં રસધાર છે,
અમર રસનાં એવાં બિન્દુ અહીં ઉપકાર છે.

પણ અમરતા વિશ્વે સ્થૂલે કદી નવ સમ્ભવે,
ચપલ પલમાં આત્માને ના કશી ય મજા મળે;
સ્મિત અહીં કરો તો તો જૂની સ્મૃતિ વિસરી જશો,
સ્મરણ ધરતાં રોવું એમાં ન અન્ય ઈલાજ કો.'

ભ્રમર કમલે બીડાતા છો અને ઊડતા ભલે,
અનિલલહરી પુષ્પોનું કૈં ભલે ગ્રહવા મથે;

ક્ષણિક શમણે લે સૌ લ્હેરો ભલે ઉપભોગની.
રસમય થવું શારીરીને બને જ બને નહીં.

ઉર ઠલવવા ખાલી ઢૂંઢ્યાં સખા, લલના, અને
ઉર ઠલવવા ખાલી શોધ્યાં ઝરા, તરુઓ વને;
ઉર ઠલવવા પાળ્યાં પંખી બધાં જ વૃથા નકી,
ઉર ઠલવવું એ તો ક્યાં યે મળે જ મળે નહીં!

૨૭-૧૨-'૯૭

## નિદ્રાને

ત્હારા કૃપાઝરણમાં ગૃહ આ સૂતાં સૌ,
ત્હારી કૃપા જ ગગને શશી રેડતો આ,
જ્યાં ત્યાં રચ્યાં શયન છે પ્રભુએ ય હાવાં,
ડોલે સરો, ઉદધિ કોઈ મહાન સ્વપ્ને.

ત્હારી કૃપા મુજ પરે ય હતી જ એવી,
ના આ હતાં નયન સ્વપ્નથી ઓળખીતાં;
ત્હારું કર્યું નવ કર્યું સ્મરણે હજુ, ત્યાં
એ પાંખ શાન્ત મુજ ઉપર ફેલતી'તી!

ને એ મહાન વિરહી સમયો મહીં એ
તું સ્વપ્ન દેઈ વધુ કૈં મધુરી બની 'તી;
તું એ મીઠાશ સહ આ ઉર જોડનારી
સ્વપ્નો ગઈ લઈ અને ગઈ તું ય, રે રે!

રેતી ભરી ખરખરે મુજ નેત્ર માંહીં,
એ તો કણું તું વિણ કોઈ ન કાઢનારું;
આ અગ્નિથી ઉર હવે મુજ ખાક થાતું,
છેલ્લે ય આવીશ ન શું જલ છાંટવાને?

જ્યારે મ્હને નયન ઊઘડતાં રુચે ના,
જ્યારે હવે જગત દાહ સમું દીસે આ;
તુંમાં જ આખર હવે મુજ આશ જ્યારે,
ત્યારે જ તું ત્યજી ગઈ તુજ યાચનારો!

તું એકથી જ જગ આ કંઈ ગોઠતું'તું,
તું એકથી જ ઉર દર્દ ન ગાંઠતું'તું;
તું એકલી જ નયનો હતી લૂછનારી!
તે તું ગઈ વ્રણ સહુ ય સમારનારી!

ત્યારે પ્રભાત મુજને કવિતા ધરીને
કોઈ મૃદુ રુદનમાં ગભરાવતું'તું;
એ એકલો પ્રહર મિત્ર હતો ઉરે આ,
તેને ય ત્હેં દિવસના વિષમાં મિલાવ્યો!

હાવાં શુકો, અનિલ, પુષ્પ, ઝરા ફુવારા,
જે ગાય ગાન તુજ સોડથી નિકળીને;
ત્હારી કૃપા વગર તે સમજી શકું ના.
ત્હારી કૃપા વગર તે બસૂરું તમામ!

જ્યારે બધા જખમીઓ જખમો વિસારી
નેત્રો મીચી મલમની પરવા કરે ના,
ત્યારે હું ઔષધ બધાં ઠલવી ય દેતાં
આ એકલો અહીં તહીં તડફ્યા કરું છું!

જે સૌ ગયાં પ્રણયી એક જ પાઠ આપી
તેને જ પૂર્ણ શિખવી ગઈ તું ય કે શું?
"દાવા ન હોય જગમાં કશી એ કૃપાના,
"પ્રીતિ, દયા, ક્ષણિક એ સહુ મહેરબાની."

૨-૧-'૯૮

## પ્રેમમાં ક્રૂર દોરો

જગતમાં બદલો સમજ્યા વિના
પ્રણય ના ચિરકાલ ટકી શકે!
પ્રણયમાં બદલો સમજ્યા વિના
હૃદય ક્રૂર જ ક્રૂર બની શકે!

અને આ પ્રીતિને તુજ નયન જોઈ નવ શક્યાં;
જરા સ્પર્શી હૈયે નયન મુજ આ દૂર જ પળ્યાં;
ન જાણે તું કેવું મુજ જિગર આ છે સળગતું;
કદાપિ તેં માન્યું મુજ હૃદયને વજ્ર સરખું.

અરેરે! ક્યાં સુધી રુદન કરતી તું રહી શકે?
અરેરે! ક્યાં સુધી મુજ તરફ હૈયું ઢળી શકે?
યુગો કૈં કષ્ટોના મદદ તુજને ત્યાં નવ મળી!
વૃથા ત્હારી આંખો મુજ તરફ આશામય મળી?

હશે ઊંચા શ્વાસો તુજ ઉર મહીં દાહ ભરતા;
હશે તેની ઝાળે શશીરવિ તહીં એ થરરતા;
હશે એવાં એવાં તુજ ઉર મહીં કૈં થઈ ગયાં;
હશે અંગે અંગો મદદ મુજ માગી ઢળી રહ્યાં.

હશે ઊંચે નીચે સહુ ય દિશ ત્હારું મુખ ફર્યું,
અરેરે! કો' વાક્યે મદદ કરનારું નવ સુણ્યું;
છૂરી ઉપાડીને તુજ કર હશે ત્યાં વિરમતો,
હજી મ્હારે માટે જીવિત ધરવા તું મથી હશે.

કેવો મ્હને મધુર ત્યાં ઠપકો દઈને
છૂરી હશે મરણની દૂર ફેંકતી તું!
શ્રદ્ધા હશે અડગ ત્યાં ઊછળી રહી શી
એ દૂર દૂર દીસતા પ્રણયી મહીં આ!

કેવો ત્હને જ મધુરો ઠપકો દઈ તું
રોઈ હશે અરર! એ નબળાઈ માટે!
કેવું હશે, અરર! એ તલફી રહેવું!
ના જીવ જાય! નવ જીવ રહી શકે વા!

વીણાસ્વરે રસ મહીં મૃગલી ચડેલી,
રે પારધીશર વતી જખમી બનેલી.
ચાટી જતાં ય નિજ શોણિત કાળજાનું,
ત્હારા સમી તૃષિત એ તલફી હશે ના!

ત્યારે ફરી ફરી વળી ઉર બૂમ પાડી
ધાર્યું હશે શિથિલ આશ બધી ઉપાડી;
ઊડી ઊડી કબૂતરી કદી એક પાંખે
રે રે! પ્રભુ ઉઝરડાઈ હશે પડેલી!

અરે! અરેરે! મુજ કલ્પનાઓ
એવી હતી ને જળતો હતો હું;

અરે! અરેરે! મુજ પાસ કાંઈ
કિન્તુ હતું ના તુજ દાહ માટે.

ત્હેં તો અરે! વારિ જ વારિ યાચ્યું,
સુધા હતું મ્હેં તુજ કાજ શોધ્યું!
સુધા ઢળ્યું વારિ મળ્યું ન તું'ને,
તું પોલ રૂનો થઈ ભસ્મ રે રે!

સુધા ઢળ્યું ને કર કોઈનાથી,
એ હસ્ત કો' પામર માનવીનો;
"હોજો હરિ તું પર, બાપુ! રાજી,"
એથી બીજું પામરને કહું શું?

એ હસ્તની વાત હવે કરું ના,
એ ક્રૂરતાને પણ વિસરું ના;
ભૂલું, ન ભૂલું, થઈ તો ગયું એ,
ફીટી પડ્યા સુન્દર સૌ બગીચા!

હવે નવું કૈં દિલ માનતું થયું,
વિચારતાં શું ય છતાં થઈ જતું!
અરે! અરે! ક્રૂર વધુ બનું રખે!
ત્હને હજુ દાહ વધુ દઉં રખે!

હતી ન એ સૌ પણ માત્ર કલ્પના,
સદા ય જોઈ તુજ ઉર હું શક્યો;
સદૈવ સાક્ષી મન પૂરતું મ્હને,
હજુ ય શ્રદ્ધા મુજને તહીં રહે.

ધિક્કારન્તી મધુર લલના! આજ છે શું મ્હને તું?
ઓહો! એથી ઘટિત અધિકું હોય શું વિશ્વમાં આ?
ધિક્કારોને પ્રણયથી વધુ યોગ્ય હૈયું નકી આ.
ધિક્કારે તું! નહિ નહિ કશું ન્યાયથી એ વિશેષ.

ધિક્કારે તું! પ્રણયરસમાં ન્યાયની વાત કેવી?
ધિક્કારે તું ઉચિત સહુ એ પ્રેમને એ નહીં કાં?
થાકી થાકી પ્રણય કટુથી શાન્ત કાંઈક થાવા
ધિક્કારોમાં તુજ જિગરને યોગ્ય આરામ લેવો.

એ ધિક્કારો તુજ હૃદયનાં દર્દ કેવાં પવિત્ર?
એ ધિક્કારો મુજ હૃદયની ક્રૂરતાનું જ ગાન!
એ મ્હોં એ મ્હોં મધુર કુમળું આજ કેવું ફરેલું!
ઓહો! એવો હૃદયપલટો દર્દ લાખો પુકારે!

ઓહો! એવો હૃદયપલટો સ્હેલ ના વાત કાંઈ,
ધીમે ધીમે મૃદુ કુસુમ જ્યાં વજ્રનું વજ્ર થાતું;
ધીમે ધીમે નયન કુમળાં આગ રોવા શીખે જ્યાં,
ધીમે ધીમે અસુર બનવું દેવને જ્યાં ગમે છે!

આ હૈયાને અનુભવ નહીં પ્રેમમાં એ નશાનો,
એ સીમાની ઉપર ઉર આ કોઈ કાલે ન પ્હોંચ્યું;
વ્હાલી! વ્હાલી! તુજ દરદને કલ્પવા હું અશક્ત,
તું છે ત્યાં આ ઉર ફડફડી પ્હોંચવાને અશક્ત.

ત્હારા જેવી મુજ હૃદયની ઉગ્ર પ્રીતિ હશે ના,
ત્હારા જેવું સહન કરવું તીવ્ર પામ્યો ન હું વા,
ત્હારા જેવું જિગર કુમળું ન્હોય મ્હારું, નહીં તો
ધિક્કારોમાં મુજ હૃદયને ડૂબવ્યું હોત મેં એ!

ઓહો! કેવું મધુ સુખ હશે પ્રેમ ધિક્કાર થાતાં!
ઓહો કેવું મધુ સુખ હશે ત્યાગતાં સર્વ આશા!
પ્રીતિ અન્તે મરણ અથવા ક્રૂરતા કે નિરાશાઃ
એથી બીજી જગત ઉપરે હોય તે લ્હાણ કેવી!

એ ધિક્કારે તુજ હૃદયને લેઈ જાનાર પ્રાણી,
એ છૂરીને ગરદન ધરી શીર્ષ સોંપી દઉં હું;
જાણું છું હું પણ નકી નકી કાલ એ આવતાં તો,
એ છૂરી, એ હૃદય, કર એ ચાલશે નીર થાતાં!

કતલ જે કરવા કર ઊપડ્યો,
કુસુમ તે લઈને જ સદા ઢળ્યો!
જગતમાં પ્રણયી પ્રણયી સદા,
પ્રણયમાં ટકતી નવ ક્રૂરતા.

૬-૧-'૯૮

## યજ્ઞમાં આમન્ત્રણ

અશ્રુની સૈયારી ધારાઃ
સૈયારી નિઃશ્વાસે જ્વાળાઃ
પ્રેમની સૈયારી પીડાઃ
આ છે ખાકે સૈયારી- વ્હાલાં સૈયારી!

સાથી ના મૂકીને જાશેઃ
સાથી સાથે રોશે, ગાશેઃ
દિલની ખાક દિલે ચોળાશેઃ
ચોળો હર્ષે તૈયારી- વ્હાલાં તૈયારી!

શાનાં તૈયારી વિણ સુખડાં?
સૈયારી ત્યાં શાનાં દુઃખડાં?
તોફાને હસવીશું મુખડાંઃ
લાવો નૌકા સૈયારી- વ્હાલાં સૈયારી!

સૈયારી સપનામાં આવ્યાંઃ
કફની આ ભગવી ત્યાં લાવ્યાંઃ
પ્હેરાવી ને ના પ્હેરી કાં?
આવો આવો, સૈયારી- વ્હાલાં સૈયારી!

વ્હાલાં! આપું જે પામ્યો તેઃ
વ્હાલાં! પામું જે આપ્યું છેઃ
સૈયારી જગવી'તી હોળીઃ
લેવી સૈયારી ઝોળી- વ્હાલાં સૈયારી!

૯-૧-'૯૮

## રજાની માગણી

ત્રોફ્યું જિગર! તું છે ખુશી! હાવાં રજા દેવી ઘટે!
બાકી રહ્યા ઘા હોય તો બે ચાર દઈ દેવા ઘટે!
ત્હેં શું કર્યું, તે આ બદન ખોલી બતાવાતું નથી!
ઝંજીરથી છોડી મગર કૈં શ્વાસ તો દેવો ઘટે!

અરજી દઈ કેદી થનારો કેદખાને ઠીક છે!
તેને ય પણ મેદાનની કો' દિ' હવા દેવી ઘટે!
માશૂક કે ઝુલ્મી નહીં મુર્દા મહીં પામે મજા!
લેવા મજા એ ઝુલ્મની આરામ તો દેવો ઘટે!

છે જીવવું કે જીવવા મથવું ય રોવા કાજ છે!
તો આંસુડાની લાયકી એ પામવા દેવી ઘટે!
રીબાય તેની લઝ્ઝતો શું રીબનારું જાણતું?
થાક્યા નથીઃ ત્હોયે સનમ! તાજો થવા દેવો ઘટે!

આરામમાં આનન્દની આશા નથી રાખી હમે!
છે દર્દથી દર્દે જવું! ત્યાં તો જવા દેવો ઘટે!
છે દર્દને બદલાવવું તે દર્દીઓની લ્હેર કૈં!
જ્યાં ત્યાં બધે છે એ જ, પણ પૂરી તલબ કીધી ઘટે!

ખંજર ચલાવી લાલ હાથેલી કરી તુજ હાથની!
મ્હારી નહીં, તેની મગર કાંઈ દયા ખાવી ઘટે!
માગું રજા, જાઉં ભલે, આખરં કદમ ત્હારે જ હું!
બે ચાર દિન, બે ચાર યુગ, હાવાં રજા દેવી ઘટે!

૨૨-૧-'૯૮

## શિકારીને

રહેવા દે! રહેવા દે આ સંહાર, યુવાન! તું;
ઘટે ના ક્રૂરતા આવીઃ વિશ્વ આશ્રમ સન્તનું.

પંખીડાં, ફૂલડાં, રૂડાં, લતા આ, ઝરણાં, તરુ,
ઘટે ના ક્રૂર દૃષ્ટિ અહીં ત્યાંઃ વિશ્વ સૌન્દર્ય કુમળું.

તીરથી પામવા પક્ષી વ્યર્થ આ ક્રૂરતા મથે;
તીરથી પક્ષી તો ના ના કિન્તુ સ્થૂલ મળી શકે.

પક્ષીને પામવાને તો છાનો તું સુણ ગીતને;
પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે ત્હને.

સૌન્દર્યો વેડફી દેતાં ના ના સુન્દરતા મળે;
સૌન્દર્યો પામતા પ્હેલાં સૌન્દર્ય બનવું પડે.

સૌન્દર્ય ખેલવું, એ તો પ્રભુનો ઉપયોગ છે;
પોષવું, પૂજવું એને, એ એનો ઉપભોગ છે.

રહેવા દે! રહેવા દે આ સંહાર, યુવાન! તું;
બધે છે આર્દ્રતા છાઈ તેમાં કૈં ભળવું ભલું.

૨૯-૧-'૯૮

## સ્વર્ગનો સાદ

મરેલાંઓ! સગાંઓને ભૂલી જાજો! હમે જાશું;
મરેલાં વ્હાલવાળાંને દુવા ગાજોઃ હમે ગાશું.

સગા દેનાર દુનિયાને સગાઈ વ્હાલ સાથે ના;
મરેલાં વ્હાલ વિણ તે તો મરેલાં વ્હાલ વિણ થાશું.

અમોને એ અમારાંને મિલાવ્યાં મોતને હાથે;
હવે છોડી સગાંઓને ખરાં દિલદારને ચ્હાશું.

સગાંઓ! પિંડ ના દેશોઃ નહીં પ્હોંચે, નથી પ્રીતિ;
દુવા એ વ્હાલવાળાં દેઃ બની ઘેલાં તહીં ન્હાશું.

અરે વ્હાલાં! દુવા દેતાં સદા તેવી હજુ દેજો;
તમારી એ તૃષા એ તો અહીંથી ખૂબ એ પાશું.

દુવા દેવી ખુદાની છે ત્યાં રોશની એ એ;
દુવા એ જાગતાં સૂતાં સદા દેતાં નહીં કાશું.

સગાં! તમ રક્તની ગ્રન્થિ હમે તોડી બધી પૂરી;
હવે તો સ્નેહમાં ડૂબી વૃથા ના આગમાં લ્હાશું.

અહો વ્હાલાં! સગાંઓથી સુલેહે મોતને પામી,
અહીં વ્હેલાં ચડી આવોઃ બધાં એ સ્નેહમાં માશું.

૧૦-૨-'૯૮

## દિલની વાત

દિલે કૈં વાત છૂપેલી, સખી! તુંથી કહેવી!
હૃદય અર્પ્યું, જુદાઈ ત્યાં, સખી! રાખે કેવી!

વ્યથા સ્હેતાં હજુ ખોયું નથી કૈં સ્નેહી તાન;
છૂટે ના એ, પ્રિયે! હૈયા તણી ખુશબો એવી!

જહીં ચૂસી જખમ ઉપભોગ લેતો મીઠો સ્નેહ;
તહીં ખાવિન્દને સ્થાયી ઉરે ગાદી દેવી!

ભ્રમર ઊડી જતાં ભોગી નિરાશે ગાઈ ગાન
અરેરે! પંકજે શાને પછી રજને લેવી!

કહું કાંઈ કટુ, મીઠું કહેવું કીધું પૂર્ણ;
કહેવા દે મ્હને વાતો રહી જેવી તેવી!

નહીં તું કાન દેઃ રે! રે! થશે આ હૈયું ચૂર્ણ;
બહેતર છે પછી મ્હારે જુદાઈ એ સ્હેવી!

દિલોની તો જહાં વાતો સદા માગી રહેનાર;
ત્હને તો યાચતાં સુણવા જિગર મ્હારું, દેવી!

કહું જો અન્યને તો છે સુણી સૂનારાં લાખ;
મગર ત્હારા વિના જાણું ન દિલ બીજું સેવી!

દિલે છે વાત કૈં ધીખી રહેલીઃ ઠારું આવ;
હૃદય અર્પુંઃ જુદાઈ ત્યાં, સખી! આવી કેવી!

૧૦-૨-'૯૮

## ખાનગી

કહીશ સઘળું, એમાં શંકા કશી ન કરી ઘટે :
કહીશ સઘળું, છૂપું તુંથી કશું ન રહે, સખે!
કહીશ સઘળું, ક્યાં એ વિશ્વે હશે સુણનાર જો,
નવ કહી શકે એથી બીજો અભાગી અહીં ક્યો?

મુજ જિગરમાં તુંને જ્યાં જ્યાં હશે ઉપયોગ, કે
મુજ જિગરમાં તુંને જ્યાં જ્યાં ઠર્યો ઉપયોગ છે,
દઈશ કહી એ તુંને, વ્હાલા! રડી રડી સામટું,
મુજ હૃદયનું તાજું જેથી બને ફરી કામઠું.

જગત ઉપરે દર્દો કહેવા અને સુણવા સમું,
પ્રભુનયનથી પુણ્યે બીજું મળેલ નથી કશું;

પ્રભુહૃદયનાં પ્યારાં તેથી દુઃખી દુખિયાં રહે,
પછી દરદનાં ક્યાંથી આંહીં નિવારણ સાંપડે?

પણ દરદની વાતોમાં છે નિવારણથી વધુ,
દરદમયને દર્દી થાતાં ઘટે કંઈ આવડ્યું;
કમનસીબને દર્દો એ ના અહીં મળતાં નકી,
કમનસીબથી દર્દોની તો ન ગોઠડી એ થતી.

જગત સહ તો ત્હારે મ્હારે ઘણા પડદા હશે,
પણ નવ બધું અર્પું શાને સજાતીયતા વિષે?
જગત સહ એ આ હૈયે તો બધા પડદા કઠે,
પણ જગતને સુણી લેવા મળ્યું નવ ભાન છે.

કહીશ સઘળું, વ્હાલા! તુંને, ભલે રડતાં કહું:
કહીશ સઘળું, વ્હાલા! તુંને, બધું મરતાં ય હું:
મુજ જીવિત તો ત્હારી હૂંફે અહીં જીવવા સમું.
તુજ ચરણમાં ના તો ક્યાં હું પછી જઈને નમું?

૧૨-૨-'૯૮

## પ્યાલાને છેલ્લી સલામ

ખુદાનું નૂર પાનારા! સલામો છે ત્હને, પ્યાલા!
ન રો છોડી મ્હને જાતાં: મજા જ્યાં હોય ત્યાં જા, જા!

સદા સાકી તણે હાથે ભરેલો તર ભર્યો રહેજે!
પડેલા આશકો ફિક્કા : જરા લાલી તહીં દેજે!

પ્રથમ દર્દી જિગર પાસે જઈ દે દર્દ ભૂલાવી!
ઘડી બેભાનની દેવી ખુદાઈ ત્યાં જ છે ત્હારી!

પછી બાગો મહીં જાજે જહાં માશૂક હો આશક!
જિગરને બોલતી આંખે નવાઈ બોલજે બેશક!

હમારું કોઈ પૂછે તો કહેજે આટલું, પ્યારા:-
"અરે! એને ભરી પીતાં સબૂરી ના રહી, પ્યારા!"

વળી ત્હારી મજેદારી હસીને બોલજે આવું:-
"ભરી દરિયા ય ન્હાતાં એ જિગર ના ના નશે આવ્યું!"

જરી દિલનું કહેતાં કૈં જહાં ઝિદ્દી બધું માગે!
પછી તો રોઈને ગાજે, "બહુ પીતાં નશા ભાગે!"

અરે! રો ના! ત્હને છોડી નથી કૈં સાધુ હું થાતો!
ત્હને ધિક્કારનારી એ જબાંઓમાં નથી જાતો!

પરી, પ્યાલું બેહિશ્તે એ, ખુદાનો હાથ જ્યાં સાકી :
જહાંમાં તો પછી પીવા રજા, હક હોય કાં બાકી?

મ્હને ને આ શરાબોને જહાં પાપી કહેતી હો!
ખુદા ભોળાં ઉપર રાજી : જહાં ડાહી થનારી છો!

ખરી તો મહેરબાની જે પહેલાં પાપને ભેટે;
બધી ચતુરાઈને તો આ દયા દેતાં બધાં એ છે!

હમારી તો બૂરાઈમાં અધૂરું કાંઈ એ છે ના!
મગર મૌલા ખુદાઈમાં અધૂરો કાંઈ એ છે ના!

ભલા પ્યાલા! અરે! રો ના! સનમ ત્હારી ત્હને આપું!
ત્હને માશૂકની ઝુલ્ફે સીસાની સાથ હું ટાંગું!

મગર તુંને, શરાબોને અહીં કાં રાખવાં હાવાં?
હમારાં દર્દ તો ભૂલી જવાતાં ના, નથી જાવાં!

હમારા બાગની સડકે સનમ દેતી કદમ ના ના!
રસીલા તું મજાઓના મજા જ્યાં હોય ત્યાં જા જા!

મગર છેલ્લે સનમને તું કહેતો આટલું જાજેઃ-
"અરે ભોળી! પરહેઝીથી જરા છૂટી હવે થાજે!

"અને દિલદાર ત્હારાને દફન છેલ્લે નહીં કરજે!
"મગર તેની કરી મિટ્ટી શરાબે ભેળવી દેજે!

"કરીને બૂચ એનાં તું સીસા પર રાખજે નિત્યે!
ભરી પીતાં પછી એને જરા સંભારજે નિત્યે!"

હવે કિસ્મત ભલું ત્હારું હજો ત્હારી સહે, વ્હાલા!
જિગરની આ હવે છેલ્લી સલામો છે ત્હને, પ્યાલા!

૨૮-૨-'૯૮

# હમારી સ્થિતિ–હમારું કિસ્મત

હમારે તો ચમનમાંથી ગુલોના ખાર છે આવ્યા!
હમારે તો જહાંમાંથી બધે જલ્લાદ છે આવ્યા!
નથી પીનારને કોને હમારું ખૂન આ ભાવ્યું!
ઝૂકેલી ડોક પર ખંજર ન દેવું કોણને ફાવ્યું?

હમારું ખૂન દિલબરને શીશી શરબત તણી ઠેરી!
હમોને તેગ એની એ દવાઓ દર્દની ઠેરી!

અરે! જે અન્યની આંખે ડરે છે આંજતાં સુરમો–
હમારી આંખનો તે તો કરીને આંજતી સુરમો!

હમે જેને અમી માન્યું, હમોથી દૂર એ ચાલ્યું!
જિગરથી ઝેરનું પ્યાલું તસુ એ દૂર ના ચાલ્યું!

હમોને આ જહાંઓનો બતાવ્યો માશૂકે રસ્તો!
સનમ જેવી જહાં તેવી, બધે એ એક છે રસ્તો!

નકી એ એ જ ખંજરથી હમોને કોઈ દિ' ખોશે!
પછી તો રોઈને અક્કલ બધી પોતાની એ ખોશે!

કબરમાં જ્યાં હમે જાશું ફૂલો ત્યાં આવશે દેવા!
મગર આ ઝિન્દગીમાં તો બની ભાલા સદા દેવા!

અરેરે! આશકોની તો વધારે મોત છે કિમ્મત!
સનમને જીવનારાની નહીં કોડી તણી કિમ્મત!

શરાબો પી હમોએ એ સુખોમાં ભાન ના રાખ્યું!
સુખોનું દૂરનું નામે હવે તો છે દિલે રાખ્યું!

નહીં જે આપતા તેને હવે આ માગવું આવ્યું!
બૂરું એ માગવું આવ્યું અગર માગ્યે ન કૈં આવ્યું!

મળેલું માગતાં જેને નકી તે માગતાં આપે!
ખુદાએ ના ત્હને આપ્યું! પછી તું શું મ્હને આપે?

ભિખારી સૌ ભિખારીથી જહાંમાં ભીખ માગે છે!
હમારું કિસ્મતે કાંઈ સદા એવું જ માગે છે!

૨૨-૪-'૯૮

# પ્રિયાને પ્રાર્થના-સન્નિપાત

લવાતું આવું કૈ : ધરીશ નવ તેનું દુઃખ, પ્રિયે!
પ્રિયે! મૃત્યુવેળા લવન કરતાં દગ્ધ સઘળાં!
પછી મૃત્યુમાં તો નથી નથી કશું કાંઈ વદવું,
નથી છેટું તેને, હુકમ કર : હું તત્પર, પ્રિયે!

કહેવાનું મીઠું હજી સુધી, પ્રિયે! છે બની શક્યું,
નથી ખૂંચાવ્યો મ્હેં તુજ ઉર મહીં કંટક કદી;
ત્હને ખૂંચ્યાં એ તો કુસુમ સહુ મ્હારા હૃદયનાં,
પ્રિયે! કેવું ભાગ્ય! પ્રસૂન તુજને કંટક દીસ્યાં!

મશાલો પ્રીતિની તુજ જિગરની ત્હેં પણ રચી,
રુચ્યું તેની પાસે મુજ જિગરને નૃત્ય કરવું;
પરન્તુ સાચો તો પ્રણયભડકો જે સળગતાં,
પતંગોની પાંખો ઘસડી કરતો ભસ્મ સઘળી.

પ્રિયે! એ વહ્નિમાં મુજ દિલ તણી પાંખ સળગી,
હવે ત્હારી પાસે નવ થઈ શકે નૃત્ય કરવું;
હવે તો ત્યાં છેલ્લે મુજ જીવનના શ્વાસ વહતા,
વસન્તોમાં જેથી મુજ જીવિતને પાનખર આ!

ઘણાંઓને લાવે પ્રણય સુખની માળ સઘળી,
વિનોદો જૂઠા એ સુખથી મુખ છો એ હસવતા;
મ્હને તો હર્ષોની સરણી દુઃખમાંથી જ મળતી,
સખી માટે રોતાં કંઈક હતી શાન્તિ હજુ સુધી.

પ્રિયે!! એ ચ્હેરાનું કવન પર શ્લાઘા કરી કરી,
જરા ગાજે ગાજે હજુ પણ, પ્રિયે! સૌમ્ય સખીનું;
અરે! છેલ્લાં સ્વપ્નો અઘટિત કહી ભૂંસીશ નહીં,
બધું તું માને તે તુજ સહ રહ્યું છો, કહીશ ના.

બગાડી ના દેજે મુજ હૃદયની મૂર્તિ મધુરી,
બૂરાઈ ત્હારે જો કથન કરવી તો દૂર જજે;
પ્રિયે ભક્તોની આ ઘટિત નવ કૈં આળ કરવી,
નથી સ્હેવાતું તો મુજ હૃદયને દૂર કર તું.

ન ઈષ્ટોની ગિલ્લા કદી પણ સહી ભક્ત શકતાં,
પ્રિયે! શ્રદ્ધાલુ છો સુખથી નિજ શ્રદ્ધા સહ રહે;
પ્રભુને ચ્હાજે તું, મુજ પ્રભુ નહીં કો' અવર છે,
ત્હને પાષાણો તે મુજ જિગરનું જીવન ઠર્યું.

સુણે તું ત્હોયે શું? સુણીશ નહિ ત્હોયે નવ કશું,
ઠર્યું છે મ્હારે તો તુજ પદ કને રોઈ મરવું;
પ્રભુ આ હૈયાનો તુજ ઘર મહીં વાસ કરતો,
પ્રિયે! ભીખું તેને ગણીશ કટુ ના આ ગરજીને.

રુચે તે રીતે તું મુજ પ્રભુ તણું દાન કરજે,
બતાવે શી રીતે ગરજી વળી જે યાચક ઠર્યો?
હું તો ઘેલો એના અધરરસનો લોલુપ સદા,
અને ચાવીતાળું અમર રસનું એ તુજ કને.

ત્હને એ મુશ્કેલી કંઈ કંઈ હશે ત્હોય પણ શું?
કદાપિ તે દાને તુજ કર ન લાંબો થઈ શકે?
અરે! દાતારોની સ્થિતિ ન નિરખે યાચક કદી,
પ્રિયે! બીજે ભૂખ્યાં હૃદય નવ ધોખો ધરી શકે.

નહીં તું દે તો હું મુજ શિર ધરી દાદર પરે,
મરી ખાકે થાતાં રહીશ પદની ધૂળ બનતાં;
ન આવો કોઈને હજુ સુધી હશે યાચક મળ્યો,
વળી તુંથી અન્યે પ્રભુ તણી હશે લૂંટ ન કરી.

પ્રિયે! હું જાણું છું, મુજ હૃદયઈચ્છ્યું નહિ મળે,
છતાં ત્હારી પાસે રુદન કરવા ટેવ ન પડી;
અરે! કિન્તુ ત્હારો કર ઊપડશે દાન કરવા,
પછી તો જાણું છું મુજ ઉર નહીં યાચક રહે.

પ્રિયે! હું જાણું છું રુદન મુજ તુંને દુઃખ કરે,
છતાં એ રોવાનું કમનસીબ છૂપું નવ રહે;
ઘણાં સન્નિપાતે જખમી દિલ જેવાં બડબડે,
ગણી તેવો જૂઠી પણ જરૂર 'હાહા' જ કરજે.

૨૪-૪-'૯૮

# દિલને દિલાસો

વનેથી એ સીતા તુજ તરફ પાછી જ ફરશે–
અરે! જેનો ચ્હેરો ઘડીક છૂપી ચાલ્યો! રડીશ ના!
હવે ના રોજે-હો! સહુ દુઃખ તણા વાસ મહીં એ–
સૂકેલી ભૂમિથી હજુ પણ ફૂલો એ નિકળશે.

અને છૂપા દર્દે હૃદય વ્રણમાં જે ઢળી પડ્યું-
તૂટેલા હૈયા રે! સુખ ફરી ત્હને હાથ ધરશે!
પ્રભુ! શાન્તિ હોજો ક્ષુભિત ઉરને! તું રડીશ ના!
રડે તો કોને ના! તુજ સમ બહુ ના ગત થયું!

હવે ના રોજે તું! મધુ સમય ત્હારા જીવિતનો
હજી ફૂટી નીલો તુજ ગૃહ તણો બાગ રચશે!
અને પાળેલાં એ તુજ ચમનમાં પંખી સઘળાં
શિરે પુષ્પોનાં એ પડ પર પડો કૈંક ધરશે!

નહીં છૂપી ચાવી પ્રભુકર તણી તું લઈ શકે,
છતાં પ્રીતિથી છો ઝગમગ થતી એ જવનિકા!
પ્રભુ રોનારાંને રુદન કરવાનું જ ધરતો!
અરે! રો ના! આશા તુજ જિગરમાં છો પ્રકટતી!

જશે આ દ્હાડો ને ગત પણ થશે કાલ, અથવા
હશે ત્હારો વારો હજુ પણ જરા દૂર અધિકો!
ફરન્તા ચક્રે આ તુજ ઉરરચ્યું પ્રાપ્ત બનશે!
અરે! રો ના, હૈયા! તુજ સહુ અધીરાઈ અમથી!

સુવર્ણી થાશે એ રવિ તુજ કદી કિસ્મત તણો,
બધાં કાળાં પાનાં ઉપર નવ બાજી હરિ તણી;
ધરે ધીમે ધીમે ઝુલમગરના ઝુલ્મ સ્થિરતા,
બધા નીલા કાંટા કુસુમ ધરતા! તું રડીશ ના!

અહો! યાત્રાલુ! તું ક્ષિતિજ પર તો દૃષ્ટિ કરજે!
રડે છે શાને તું? મૃગજલ બધે હોય નહિ-હો!
સુનેરી રેતીની મધુર ખુશબો માનસરની
નથી શું ત્હારું આ મગજ તર આખું ય કરતી!

વૃથા કાંટા ત્હારા ઉર પર કરે છે ઉઝરડા!
અહો! હાવાં તો આ ફૂટતી કલીને મોર ટહુકે!
પ્રભુ ઠારો ત્હારું ધગધગ થતું રક્ત સઘળું!
બહુ છે જોવાનું! નયન નવ ફોડીશ રડતાં!

બધી વેળા જો કે તુજ જીવિતનો મ્હેલ ડગતો
અને ચોપાસે આ મરણનદ મોટો ઘૂઘવતો;
રહે છાનું રો ના! જલ ઉપર નૌકા તરી શકે,
કિનારે ઇચ્છેલે અનિલ શઢ ત્હારો લઈ જશે.

ખરું છે કે-પાસે નહિ નહિ જ કો' બન્દર દીસે,
ખરું છે કે જંગી ગડગડ થતા લોઢ ઉછળે;
બધી લ્હેરી કિન્તુ ઘસડી વહતી એક જ સ્થળે,
જહીં બોજો ફેંકી થઈશ હલકું તું રડીશ ના!

ખરું! ત્હારાં મિત્રો તુજ જિગરની કાતર બન્યાં!
ખરું! ત્હારી સૂકી રસહીણ થઈ આ ઝૂંપડી એ!
ખરું તું વંટોળે ગગન ચડવા તત્પર થયું!
પડ્યું વારે વારે શિથિલ સઘળા આ અવયવો!

રહે છાનું! એ તો વિભુઉર તણું ઇચ્છિત બન્યું!
રહે છાનું! ના ના ઘટિત નબળાઈ પ્રકટવી!
જનોને જૂઠું આ રુદન તુજ ભાસી હસવતું!
ખરું તો ના ફાટે ક્યમ હજુ સુધી? તું રડીશ ના!

બધાં પ્રેમી અશ્રુ પ્રભુ ઉપર બેઠો ગણી રહ્યો!
ન રો! એને દર્દી સહુ જિગરની જાણ સઘળી!
સુણાઈ ત્હારી એ કતલ દિલની માંદગી બધી!
દવા દેશે! રો ના! અકસીર તહીં ઔષધિ બને!

હવે દે ગીતાનું તુજ હૃદયને ગાન કરવા!
ઘડી લે એનાથી સહુ ય તુજ સંસાર સવળો!
ન રોજે મ્હારું તું પણ કદી મ્હને પૂછીશ નહીં!
પરન્તુ રોતાં તું મુજ મન તણી વાત કરતું!

"સુવર્ણે આજે તો રુદન કરતાં પત્થર જડું!
"કયે દ્હાડે કિન્તુ જરૂર જડશે કોણ હિરલા?"

કહું છું હું એ તો સુખથી કથજે તું પણ ભલે!
છતાં રોઈ શાને કવન કરવું? તું રડીશ ના.

૨૬-૪-'૯૮

## ઊંઘ લે તું નિરાંતે

સૂ નિરાંતે! ગડગડ થવા સિન્ધુને ટેવ જૂની!
એએની ભાષા સમજી ન શક્યો કોઈ એ છે ખલાસી;

તોફાનો આ પ્રણય રચતા વ્હાણની સાથ છો ને!
સૂ નિરાંતે! રમત કરતાં કોઈ જીતે : પડે છે!

સૂ નિરાંતે! મગર તરતાં આવડે કૈં ત્હને છે?
તે શીખેલું નવ ભૂલી શકે, ઊંઘ ક્યાંથી નિરાંતે?

ભૂલી જા કે હજુ વધુ જરા મ્હાવરો તું કરી લે!
વા પી પ્યાલો હરિ હરિ કરી, ઊંઘ લે તું નિરાંતે.

૨૮-૪-'૯૮

## પ્રથમ નિરાશા

આશાની પીડા વીતી છે!
અશ્રુધારા ના વીતી છે!
કાળમુખે જાવા પ્રીતિ છે!
વીતી છે તે વીતી છે!

આશાના વ્રણ હાવાં ભાવે!
કોણ ફરી ક્યાંથી એ લાવે?
આશા કોણે કાં લૂંટી'તી?
કોણ જાણતું, શું વીતી'તી?

આશા તો આ ઉરને નડતી!
કોઈ અન્યને એ તો રડતી!
કોઈ કોઈ દિ' તમ પદમાં તો
વ્હાલાં! પુષ્પ બની પડતી'તી!

પીડા તો પીડા એ મ્હારી!
કાંઈ નથી તેથી તો સારી!
વીતી છે વીતી છે એ તો
મીઠી લાચારી!

હાવાં આંસુ એ ના ઉન્હાં!
રોવાનાં ગીતો એ સૂનાં!
ઉષ્મા જીવનની વીતી છે!
મોત તણી ઠંડી જીતી છે!

હૈયે શ્વાસો ત્હોયે ફરે આ!
કંઠ મહીં નિઃશ્વાસ તરે આ
વ્હાલાં! કાષ્ટ બળ્યું આ જીવે!
શું વીતી? શું ના વીતી છે?

૧-૫-'૯૮

## જીવનહાનિ-ચોવીશ વર્ષ

ફરી ગયેલ ઘટની ઘટમાલ જેવાં
મ્હારાં ફર્યાં વરસઃ જદીવનબાગ સૂક્યો;
એકે ય બિન્દુ નવ ચોવીશ ચક્રમાંથી,
વા કોઈ એ ન ઘટમાલ સમારનારું.

સેવા બજી ન પ્રભુની કશી કોઈ દિ' એ,
બાકી રહી સહુ ય ચેતનહીન આશા;
તેમાં પરન્તુ ઉરને ફરિયાદ ના કૈં,
જાયે ગુલાલ કહી કંટકને રડીને!

મ્હારું સદા ય સહવું સહુ છે સહ્યું મ્હેં,
માળી તણો કર સુખે જ્યમ પુષ્પ સ્હેતાં;
મ્હારી ગરીબ કવિતા બસ કાંઈ રોતી-
તેવી પ્રભુ પણ ક્ષમા સહનારને દે.

હું વિશ્વનો નહિ જ કૈં ઉપયોગ જાણું,
કો' ખેદમાં ગતિ તણું ઉર મૌન ધારે;
મ્હારો હિસાબ વિધિ પાસ કશો ન લાંબો,
જીવ્યો, મરીશઃ જ્યમ તારક ત્યાં ખરે છે.

સેવા તણી ગરજ છે વિભુને ન મ્હારી,
નૌકા તણી ગરજ ના જ્યમ સિન્ધુ રાખે;
સૂઈ ઊભા રહી પ્રકાશની રાહ જોવી,
તેમાં ય એ જ હરિની બજતી જ સેવા.

આ શુષ્ક પાનખર શી મુજ દગ્ધ આશા,
તેને પરન્તુ હજુ છે ફરિયાદ કાંઈ;
ફિક્કાશ આ રુધિરની રડવી નથી કૈં,
એ પ્રેમનો તડફડાટ બધો ગયો છે.

જે સર્વદા સહજપ્રાપ્ય તજી દઈને
જે લાધવું કઠિન ત્યાં નિજ તીર તાકે-
તે પ્રેમને ઘટિત અશ્રુ બધાં ય આ છે :
તેમાં કશી ય ફરિયાદ કરી ન છાજે.

કિન્તુ વસન્તસમયે સહુ પુષ્પ ખીલે,
તોફાન સિન્ધુજલનાં શરદે શમે છે;
જ્યાં શાન્તિનો સમય માનવીઓ ગણે સૌ-
ત્યાં દર્શને ન હજુ શાન્તિ તણું હું પામ્યો!

બાલ્યા ગઈ જ, ગત યૌવન છે થયું, ને
મૃત્યુ તણા ય પડઘા શ્રવણે સુણાતા;
ત્હોયે રડે તરસમાં મરતો બપૈયો-
ને પિંજરા હૃદયને ફરિયાદ રોવી.

૯-૫-'૯૮

## મ્હારો ખજાનો

જેણે ખજાનો જ્યાં કર્યો તેનું જિગર ત્યાં ત્યાં નકી;
જેનું જિગર જ્યાં જ્યાં ઠર્યું તેની ઠરી ત્યાં ઝિન્દગી!

હાવાં મોતની મહફિલે,
ચાવી ખજાનાની રહે!
મહેતલ ન કાં પૂરી બને?
શું એ જ માંગે આંખડી!

આ ચશ્મની દૂરબીનને
શું રૂપ તે મોતે હશે!
ક્યાં એ સનમ! ક્યાં મોત એ!
પલટ્યાં ખજાનો શું બની?

ના ના ફૂલોવાળી સનમ!
ના ઈશ્કના હાથે દફન!
આકાશનું હોજો કફન!
મુજ ત્યાં જિગર ત્યાં ઝિન્દગી!

માશૂક પ્યારી સર્વને!
આ મોત તો કૈં ના ગમે!
મ્હારા જિગરને જે દમે,
તે મોત માશૂક છે ઠરી!

એથી સનમ બ્હીતી હતી!
એ દૂર : હું રાજી નકી!
પાસે હવે લાવ્યે ખુશી!
આશા એ હમારી ઈદની!

મ્હારી સનમના ઝુલ્ફની
શાહી હમે જોઈ નહીં!
જોવી સફેદી એ નથી!
લાલી, સફેદી મોતની!

મૂડી હવે જો મોતમાં,
તો ઝેરના પ્યાલા ઘણા
બેભાન જો પીને બન્યા,
તો લ્હેરમાં જાવું પતી!

જે મેઘભીની વાદળી,
માશૂકની સાડી બની;
ત્યાં એ છબી એ મોતની,
આજે નઝર આગળ ખડી!

જ્યાં જ્યાં દીદારો માશૂકી :
જ્યાં એ જ ગાલોની સ્મૃતિ :

તે તે ગુલોની એ કલી
ચીંધે મોત સામી આંગળી :

મ્હારો ખજાનો જોઉં હું!
છે પાસ કાં ના લેઉં હું!
માશૂક વરવી કાં ગણું?
લાગી નઝર તો એ ભણી!

એ રીઝતી કે ખીજતી
ત્હોયે સનમ રૂડી હતી!
શું મોત છે એની છબી!
કેવી શિકલ, રે રે ફરી!

પ્હેલી ઝઈફી આવતાં
શું એ મુખો આવાં થતાં?
શું મોતનાં તે મોતમાં?
તેના બૂઢાપા એ વળી!

"રે! ઓ! સનમ! રે! ઓ! સનમ!
"ત્હારા જભાઓ કર ખતમ!
"દેખાડી ત્હારું દે બદન!
"તું તું સનમ! ભૂલું નહીં!"

એ બોલતાં એ શી ફરે!
એ લાલ રંગો શા તરે!
સુન્દર ઝઈફી તો કરે!
ત્હોયે ન કાં ભેટું હજી!

જે મત્ત તરુઓ મદ ઝરે :
જે કેફમાં વેલી ચડે :
તે આંસુડાં ખારાં બને,
સુરભે ગઈ! વેલી કહીં?

જડ વૃક્ષ થઈ એ ઝૂરવું!
શશીહીન વા કુમુદું થવું!
દઢ શીદને બનવું કશું!
નકી મોત કોમલ પ્રીતડી!

કે કોઈને શું ના ગમી
આવે સનમ જે આપથી?
તું ભીખતો તે આ ઊભી!
જા, પુણ્યશાલી! ભેટની!

દેતો ખજાનાઓ ખુદા,
એ પામતાં તે પાપ શાં!
તું કાલનો થઈ આજ જા!
જા, પુણ્યશાલી! ભેટની!

૧૯-૫-'૯૮

## વ્હાલાં

વ્હાલાંને વ્હાલાંની પીડા!
લૂછાતાં અશ્રુ એ ક્રીડા!
મ્હારાં ત્હારાંઃ ત્હારાં મ્હારાંઃ
એ દુખડાં સુખડાં સુખડાં!
મ્હારાં તો દુઃખ સૌ મ્હારાં છે!
વ્હાલાંને સુખ સૌ વ્હાલાં છે!
ટેવાયાં જોવાને એ તો
મ્હારાં દુખડાં છે!

ટેવાયાંને ના લાગે કૈં!
ટેવાતાં હસવું જાગે કૈં!
મ્હારે તો રોવું ને રોવું,
જૂનું તાજું કૈં!

વ્હાલાં! ટેવ મ્હને એ બાઝી!
ધોખાની વ્રીડા સૌ દાઝી!
ત્હોયે આ દાવા ધીખે તે
ખોટી છે બાજી!

૨૪-૫-'૯૮

## ખોવાતું ચિત્ત

નયને જલ એ વહતાં રડતો!
સુખમાં પછી હું ન મ્હને ગમતો!
મુજથી પણ આ મુજ ચિત્ત બને ગુમ
એ સહવું ક્યમ? ના સમજ્યો!

ઉર બ્હાર વહી જ ઉરત્વ જતું!
જલથી જ્યમ દૂર જલત્વ બને, અહ!
મીન ગરીબ રહે : ન મરે, અહ!
એ સહતાં ય સહ્યું ન થતું!

૨૫-૫-'૯૮

## જેને વીતી ગઈ

'જેને વીતી તે તો જાણે,'
જખમી એવું માની મ્હાણે;
ખોળામાં શિર ધરવા આણે,
ત્યાં આ ખંજર શું?

જેને વીતી તે બોલે છે :-
"હાં! કૈં વીતે તો તુંને છે!
"વીતે તો છોને વીતે છે!
"વીતે એમાં શું?"

જેને વીતી ગઈ સંસારે,
તે તો બેપરવાઈ ધારે!
વીતે છે તેને તો,
જેને વીતી તે લાધ્યે શું?
જેને વીતી તે સાથે શું?

વીજ વાદળી સાથે જાતી,
કાલે ગઈ : આજે ભૂલાતી!
સૂકાઈ કોરી છાતી થઈ,
જેની વીતી ગઈ!

૧-૬-'૯૮

## શંકાશીલ

ચીરો પડ્યો હૃદયની મુજ આરસીમાં,
જેમાં સખીવદનનું પ્રતિબિમ્બ ઠેર્યું;
રે એ છબી ય વિરહે કટકા બની બે
બે ભાગમાં ત્રુટિત ચમ્પકની કલી શી!

શું સત્ય એ પ્રણયદર્શન સ્વપ્નનું, કે
આ આરસી તૂટી ગયેલ તૂટ્યું જ દેખે?
ચીરાય છે હૃદય એ સખીનું અધિકું,
કે ફાટ આ જિગરની અધિકી બને છે?

અન્ધાર છે વિકટ : જ્ઞાન રહ્યું નથી કૈં,
જે પ્રેમથી ઉદય પ્રેમથી અસ્ત પામ્યું!
જેવી ઊઠે વીજળી વાદળી સાથ કિન્તુ
એ મેઘનો જ અતિયોગ થતાં છુપાતી!

છાતી તણું શયન પાથરતો હતો, ને
જે કાજ અંગ મુજનું કરતો અશીશું,
તે એ ન આજ મુજ સાદ સુણી ઊઠે આ,
કે નાદનું ગગન વાહક ના બને છે?

ઉન્માદથી નયન અન્ધ નથી થયાં આ,
ફાટી પડ્યા ન હૃદયે અથવા વિકારે :
છે દર્દ તો સમય કૈં નહિ શૂન્યતાનો,
ત્હોયે વિચાર ગતિ કેમ કરી શકે ના?

છે લોભ કીર્તિ, સુખ વા યશનો ન કાંઈ,
છે લેશ એ વિષયની રજ ના અરીસે;
છે કાંઈ કોઈ મુખનું, પણ તે ન હાવાં,
છે લોભ તો દઈ ચૂક્યો સઘળી સલામી.

રે ક્રોધ! એ ઝનૂન રાક્ષસનું બિચારું:
ક્યારે હતું? ક્યમ ગયું? નવ તે ય જાણું!
પ્હેલી ટકોર ઉરમાં અડતાં ખર્યું એ,
ધારા પડી જલ તણી જ્યમ ચૂર્ણ થાય!

કંગાલને ન મદ તો ઘટતો કશો એ,
ભિખારીને કદી ય સમ્ભવતો ય ના ના;
એનાં સદા સહુ ય તીર બની જ બૂઠાં,
આ આરસી ઉપર કાર કરી શક્યાં ના.

હા કામ! એ કુસુમતીર સ્મૃતિ મહીં છે,
એના ગુલાબમય કંટકના વ્રણો આ;
હા દેવ કામ! મૃદુ યૌવનની પતાકા,
તે કૈં હશે, નવ હશે, ઉરફાટ માંહીં.

એ લાગણી ઉપર ર્‌હેમ જરા ઘટે છે,
જે છાંયમાં વિષય અન્ય ઊડી જતા સૌ;
જે એક પ્યારશરણે જ સદૈવ ખેલે
સ્વાભાવિકી શી ઉપભોગની યોગ્યતા ત્યાં!

એ કામનીય પણ ભસ્મ તણી ય મૂર્તિ
ના છે રહી હૃદયમાં રતિ કાજ હાવાં;
એ દંશનું વિષ બધું ઊતર્યું દીસે છે,
ઘેરાય આ નયન તો પણ કેમ આવાં!

સૌન્દર્યપૂજન ઉરે અધિકાર પામ્યું-
તે ભાવદૃષ્ટિ પણ છેક સરી પડે છે!
છે કાલની કરવતી સઘળે ઘસાઈ,
તૂટી ગયેલ પણ નિર્મલ આરસી આ.

માશૂકની પ્રતિકૃતિ પણ કેમ આવી?
જેવી દીસે કૂદી રહેલ ઝરે તૂટેલી?
શું ઝાંઝવાં જલ અને જલ ઝાંઝવા છે
કે આ કુરંગ તરસ્યું ફફડે બિચારું?

કે 'સ્વચ્છતા તણી કણી પણ સ્વચ્છ જોતી,'
એ વેણ શું પ્રભુ તણું લલચાવવાને?!
કે આરસી ઉપર અશ્રુ હજી પડ્યાં તે
લૂછી સૂકી કરી ભૂકી કરવી પડે શું?

કે સત્ત્વ માનવી તણું વિષયો જ સર્વે,
જે તોડતાં સહુ ય જીવન સાથ તૂટે?

કે શું અપક્વ ફલ મેં ઊચકી લીધું છે-
જેથી ન બીજ બન્યું છાલ થકી નિરાળું?

કે શું અનન્ત યુગની મુજ આરસી આ
જાણી શકી ન હજુ વિશ્વ તણી ગતિ કૈં?
હું આ અહીં પવનવેગ વતી ઊડું તે
છે પતિ કે પ્રિય ભણી ચડવું હશે આ!

મ્હારું હજુ રણ વધુ વધુ શુષ્ક થાતું,
જાણે ફરી જીવિત પત્થરમાં વહે આ!
છે વિશ્વમાં સહુય એક ભણી ગતિમાં,
તો મોક્ષ, જ્ઞાન, સહુ પત્થરમૂર્તિઓ શું!

માશૂક ધૂળ! પછી આશક ધૂળ પહેલો!
શું પ્રેમપક્ષી બસ એક જ પાંખવાળું?
શું ધૂળ ધૂળ મહીં ધૂળ થકી ઊડે આ?
શું સ્વાર્પણો, પ્રણય, ધૂળ તણાં જ નામો?

મ્હારી સખી હજુ ય અક્ષર ઉચ્ચરે ના
શંકા તણી કસૂર માફ કરી શકે ના!
હોવાં ન સાદ પણ કંઠથી નીકળે આ!
એ ક્યાં હશે સમય માશૂક જ્યાં પુકારે!

ગ્રીષ્મે મયૂર ટહુક્યે નવ મેઘ આવે!
માશૂકને નહિ જ આશકનું કશું એ!
ચીરાય છે હૃદય એ સખીનું અધિકું,
કે ફાટ આ જિગરની અધિકી બને છે?

૩-૬-'૯૮

## એક આશા

વ્હાલા! જુદાઈ તો આવે,
આંખો આંસુ મિથ્યા લાવે;
યાદી એકલડી ર્‌હેવાની-
એ એ રોવાને!

દૂર દાઝવું જો ના થાયે,
જો ના દૃહાડાથી ઓલાયે-
જો યાદી ના કૈં ભાવે તો
ભૂલી જાવા આશાઓ!

૪-૬-'૯૮

## એકલો બોલ

"ચાહું છું," બોલે! તું કહે છે :
તો કાં આંખ મહીં ના એ છે?
ના કાં એ ગાલે છે રમતું -
ખેલાડી પેલું? આનન્દી પેલું?

મ્હારામાં એક જ માં ત્હારો
હૈયે હોત ઠલાવ્યો ભારો :
તો તો વ્હાલી બાલે!
આવી કંગાલી શાને?
શાને દેવાતે ભાલે?

જ્યાં જ્યાં ભેટો થાતો, બાલે!
ત્યાં આ રક્ત ઉછાળે ચાલે!
ઠંડું ત્યાં ત્હારું તો ભાલે -
પ્રેમે ઉત્તર શો?

બોલ એકલો તુજ દિલ ખોલે!
મ્હારું નામ મૃદુ શી બોલે!
ત્હોયે આ ઉરના જુસ્સા ના
તવ હૈયું ઝીલે!

બાલે! તવ હૈયું ઝીલે!
જોને - પરવાળાં ત્હારાં એ
આ ઓષ્ઠે કો' દિ' શાં આવે!
ત્હોયે હિમભર્યા સિન્ધુની
શરદી કાં લાવે?

બાલે! શરદી કાં લાવે?
શબ્દ માત્ર શું હું જેવાને?

બોલેલા તું જેવીના એ!
પ્રીતિ શી? જે ના છે ગાલે
ભાલે કે ચાલે!

રાતે સપને તું આવે છેઃ
ત્યાં તો કૈં જુદું લાવે છે!
કમ્પે કમ્પ, સ્મિતે સ્મિત, બાલે!
સપનાં તો મ્હાલે!

સપનાં તો સપનાં સપનાં છે!
જાગી જોતાં શા ખપનાં છે?
ભેટન્તાં અહિંયાં તો બાથે
પ્રતિમા આરસની!

બાલે! આ હૈયે ચમ્પાતાં
જો તુંને સુખભાન કશું ના,
તો તું ડાહી હોશે!
તો તું સુન્દર હોશે!
નિત્યે નિર્મલ હોશે–
કિન્તુ પ્રીતિ ક્યાં?

૪-૬-'૯૮

## ન્હાસી જતી મૃગી ને ઘવાયેલો મૃગ

જરા પાસે! જરા પાસે! પારાધિ હજુ દૂર છે;
ચોટેલો કાળજે ઝેરી તાજો ઘા અતિ ક્રૂર છે.

ન તીર સાથે હણનાર પ્હોંચે,
ઘા સાથ ના જીવ જતો રહે છે;
ઠર્યો નથી ઘા : હજુ રક્ત ઉન્હું,
હજી રહ્યું સ્નેહનું ભાન જૂનું.

સૌન્દર્ય આ વિશ્વ તણું ન જોવા
છે કાલ છેલ્લો ઉપભોગનો આ;
ત્હારી, પ્રિયે! એક જ દૃષ્ટિ લેવા
હજી ય ઇચ્છા હૃદયે ભરેલ છે.

હવે ટોળું બધું મ્હારું ન્હાસી દૂર જતું ભલે;
વેદના ઠારવા કિન્તુ ઠેરવું તુજને ઘટે.

બધે ય પ્હેલી નિજ ઝિન્દગી શું?
હજી શું એ ત્રાસથી કમ્પતી તું?
છે તીર કો' અન્ય ન છૂટવાનો!
દીર્ઘાયુ તું સાથ કુરંગ આ હો!

નથી અહીં વૈરીનું વૈર લેવું,
નથી અહીં શોણિતબિન્દુ દેવું;
અહીં રૂડું સ્નેહનું દર્દ સ્હેવું!
તહીં ય સ્વસ્નેહની આ શી ભીરુતા!

જરા પાસે! જરા પાસે! મ્હારો આ વ્રણ ચાટવા!
અરે! વ્હાલી! હવે તો આ લાગે છે સ્વર ફાટવા!

ભીરુ બન્યાં અંગ બધાં ય જેનાં,
કેવાં મૃદુ વ્હાલ સદૈવ તેનાં!
વ્હાલી! છતાં એ સહુ સ્નેહ કાચા,
સૌન્દર્ય જો ભવ્ય બની શકે ના.

એ શું બધી દેહ તણી જ માયા?
આત્મા પરે પ્રેમની શું ન છાયા!
માની હતી પ્રીતિ વિશાલ કાયા,
તહીં ય આવી લઘુતા ભરેલ શી!

સ્નેહને તોડવા જાણે મ્હારું આ મન થાય છે;
ઝપાટે શ્વાસ આ કિન્તુ ચાલ્યો દૂર જ જાય છે.

અરે! અહીં છેવટ સર્વ ભાસે,
ફલંગ દેવા ન ઈલાજ પાસે,
પ્રિયે! પડી પ્રેમની ગ્રન્થિ તેને
કૈં જોઈએ કાલ જ તોડવાને.

બીજા વ્રણેથી ય બચાવવાને,
જે માનતો તે જ મનાવવાને,
ફલંગ દે એક જ આવવાને!
પ્રિયે! પ્રિયે! આ તુજ સાથી જાય છે!

જરા પાસે! જરા પાસે! બહુ ના, ક્ષણ બે જ છે!
પ્રિયે! તું ચાહતી જેને આ વ્હાલો તુજ એ જ છે!

ત્હને સ્મૃતિ હો અથવા નહીં હો,
ભૂલી બધું તું ક્ષણમાં જ, ઓહો!
જે રેડતી જીવન મૃત્યુમાં એ,
મીઠી સ્મૃતિ આ ઉરમાં તરે તે.

ન ચાહવું, પુરુષથી બને ના!
સ્ત્રીજાતિથી સ્નેહ કશો મળે ના!
જુદી જ કૈં પ્રેમ પિછાન દે આ,
છતાં ય આ ઝિન્દગી તું જ તું મહીં!

અરે! એ તો સ્મૃતિથી એ જાણે જીવ ફરી વળે!
દૃષ્ટિ તું ફેંકતાં તો ઘા રૂઝાઈ ક્યમ ના મળે?

સ્હવારથી સાંજ સુધી શિકારી
થતો હતો પાછળ બાણધારી;
જુદાં થઈ આપણ ભેટતાં તે
ત્હને ન શું યાદ જરી ય ર્‌હે છે!

હર્ષાશ્રુ દેનાર શિકારીનો એ
કેવો થતો'તો ઉપકાર ત્યારે!
અંગૂર શી નૂતન શીંગડી તે
શી થાકને સર્વ હરી જતી હતી!

જરા પાસે! જરા પાસે! હર્ષાશ્રુ હજુ આપવા!
મૃત્યુમાં ચાલનારાની છેલ્લી લ્હાણ જ ચાખવા!

હર્ષાશ્રુ વ્હાલાં તુજને સદા એ,
ત્હને મળું ત્યાં હજુ એ જ એ એ;
જે સ્નેહસિન્ધુ મહીં ઉપરિ છે,
તે ઊર્મિનો વાસ ત્હને રુચે છે.

જે બિન્દુનો સિન્ધુ બનાવવાને
જે સાગરે સ્નાનથી મ્હાલવાને,
વિયોગ તું ઇચ્છતી પામવાને,
પ્રિયે! અહીં તે તુજ કાજ નાચતું!

પ્રિયે! તું ઈચ્છતી ત્હોયે જુદાઈ ગમતી નહીં!
હવે શું અન્તની આવી ત્હને કૈં દમતી નહીં?

કે શું વિલાસી સહુ અશ્રુઓ તે
વિલાસની ઝાકળમાં ગળીને,
ઝર્યાં કર્યાં'તાં તુજ નેત્રમાંથી
લોભાવવા આ તુજ મૂર્ખ સાથી?

વિલાસ, જે સ્નેહ તણું જ અંગ,
તે આ કરે સ્નેહ તણો જ ભંગ!
વિલાસ તો છેક પતંગરંગ :
પ્રિયે! તહીં સ્નેહ ઘટે મિલાવવો.

જરા પાસે! જરા પાસે! વિલાસી મૃગલી અહીં!
વિના એ નેત્રની છાયા છેલ્લે ચેન પડે નહીં!

કંગાલ છે સ્નેહ વિલાસના એ
તેમાં જ વીતી મુજ ઝિન્દગી છે;
એ આંખ, તે આંખ જ! આંખ ત્હારી :
પ્રીતિ નહીં, ક્રૂર છતાં ય પ્યારી!

કંગાલ જેની ગઈ ઝિન્દગી છે,
કંગાલ તેનું નકી મૃત્યુ એ છે;
કંગાલ આ રક્ત બધું વહે તે,
પુકારતું એક જ વ્યર્થ ઝાંઝવે!

હવે તું આવતાં પાસે કંગાલી જ વધી જશે!
છતાં આ મર્મના ઘાને કાંઈ ઠંડક તો થશે!

અરે! અરે! છેવટ સત્ય જોવું,
તેથી સદા બહેતર અન્ધ રહેવું!
હતી, પ્રિયે! એક જ દૃષ્ટિ દેવી,
છેલ્લી ઘડી થાત અજાણ કેવી!

નવું ભણી ધૂલ મહીં ભળું છું!
પ્રિયે! છતાં મોહ મહીં તરું છું!
વિકરાલ દાવાદરદે જળું છું!
ફરે વળી મૃત્યુની ધ્રૂજ સામટી!

જરા પાસે! જરા પાસે! અરે! શાન્તિ નહીં મ્હને!
વિલાસી તું સુખી થાજે! પ્રભુ શાન્તિ ધરે તને!

૯-૬-'૯૮

## તું વિણ-મેઘલ વાજસુર!

મે'ની જોતાં વાટ, ઉન્હાળો ઊડી ગયો!
પણ ના લીલી ભાત, ત્હારી દેખું-વાજસુર!
બીજાંને મે' આજ, સચરાચર જામી પડ્યો,
પણ ચાતકની જાત, તરસી-મેઘલ વાજસુર!
સ્વાતું ગોતે છીપ, બીજો મે' ખપનો નહીં;
ખપનો એ જ અદીઠ, રાખીશ કાં તું?-વાજસુર!
અણખપિયાંની જાત, ઝાઝી જગમાં સામટી;
જેથી ઠરતી આંખ, તે મે' આઘો-વાજસુર!
હવન કરું કે હોમ? ઉજેણી જોશું કરી!
પણ તુજ સામે જોમ, શું પામરનું?-વાજસુર!
દેખાડીશ દુકાળ? ઘેંશું પીને જીવશું!
જપશું ત્હારી માળ, તો એ-આપા વાજસુર!
ના છે કાંઈ ખેડ-મેઘલજી! અમ લોકની;
તો યે ત્હારી મ્હેર, લીલા લ્હેર જ વાજસુર!
અબઘડીયે તું આવ! 'આજ-કાજ' કર મા હવે!
મનખેતર સોસાય, તું વિણ-મેઘલ વાજસુર!

-૯-'૯૮

## ઉત્સુક હૃદય

અહો! ક્યારે પેલો કનકમય ભાનુ નિકળશે?
પ્રિયાનો ભેટો જે કિરણકણથી કાલ ધરશે?
હશે ત્યારે શું શું? મુજ હૃદય ધારી નવ શકે,
તહીંનું અત્યારે અનુભવી થવા વ્યર્થ જ મથે.

ઊડું? ના ઊડાતું! ઝડપું ક્ષણ તે? તે નવ બને!
અને હાવાં હૈયું પલપલ અધીરું ટમટમે!

નિશા ગાળીઃ એ તો રુદન કરતાં એ ગઈ વહી,
ઉષાની આ વેળા ચકવીચકવાને વધી પડી.

ગઈ છે સૌ ચિન્તા, અનુકૂલ વિધિ એ થઈ ગયો,
અમારાં ભાવીને વણકર વિધાતા વણી રહ્યો;
પ્રભુએ, વ્હાલાંએ, જગત પરનાં લોક સઘળે,
દીધો નિર્મી તેનો મધુર કર મ્હારા કર સહે.

હવે તો જાણે એ કુસુમપદને ચુમ્બન કરું,
ભરાઈને પ્યાલે અધરપરવાળે જઈ ઠરું;
હવે તો એ પાસે મુજ જિગર કૈં તાંડવ રચી
રહ્યું નાચી રાચી ઉદધિ રસનામાં રહ્યું મચી.

સુધાની પ્યાલી આ સહુ તરફ જાણે છલકતી,
હવામાં હીરાની ઝગમગ થતી આ રજ ભરી;
દીસે તાજું તાજું જગત સહુ રોમાંચમય આ!
જુદાઈના કિલ્લા હૃદયથડકે શું ઢળી જતા!

છૂપી ક્રીડા પેલી રવિકર અને વાદળી તણી,
છૂપી ક્રીડા પેલી ગ્રહઉપગ્રહોની રસિકડી;
ન રાખે કો' છૂપું મુજ હૃદયથી આજ જરી એ,
જહીં દૃષ્ટિ નાખું અનહદ તહીં આદર મળે.

છતાં "લે! લે!" એવો મધુર ધ્વનિ જાણે ગણગણી,
મ્હને દેતાં દેતાં પવનલહરી કૈં ખસી જતી;
નકી પી દારૂ ને કુદરત વિનોદે ચડી દીસે,
પ્રભુને જોવાને અગર મદમાતી થઈ ચડે.

સદા હું પૂજું તે મુજ તરફ છે જેટલી વળી,
અહો! મ્હારી પાસે કુદરત દીસે તેટલી ઢળી;
પ્રિયાને પામન્તાં કુદરત બધી પામીશ નકી,
જહીં ઈષ્ટપ્રાપ્તિ તહીં સહુ, તહીં મ્હેર હરિની.

છતાં હાવાં હૈયું પળપળ અધીરું ટમટમે,
સ્મૃતિનું ચિત્રે આ હૃદય પર કો' ના સ્થિર રહે;
હવે જોવા ચાલ્યું જિગર મુજ સાક્ષાત હરિને,
તહીં તેની કોઈ પ્રતિકૃતિ કશો શો રસ પૂરે?

વહે હૈયું મ્હારું: અધિક નદ કોઈ વહ્યો,
અને આ દા'ડો તો ગતિ નિજ તજી સ્થિર જ થયો;
ઊડી જાણે જાશે મુજ રુધિર આ એક ભડકે,
ઊડું? ના ઊડાતું! ઝડપું ક્ષણ તે? તે નવ બને.

૬-૧૨-'૯૮

## પ્રભુ-અનાલાપી ગાન*

પ્રભુ શું તે આંહીં જગત પર છે કોણ કથવા?
કહીં છે જે તેનું સમજી સ્ફૂટ નામે દઈ શકે?
'મ્હને તેમાં શ્રદ્ધા,' સમજી નિજ એ બોલ વદવા
કહી ના જ્ઞાનીએ કદી પણ હશે હિમ્મત કરી?

પરન્તુ પોતાના ઉર પર બલાત્કાર કરતો-
દબાવી મારીને કચરી નિજ અન્તઃકરણને-
કુહાડીથી હૈયું, રુધિર સઘળું પત્થર કરી-
હશે ક્યાં કહેનારો જગત પર, 'શ્રદ્ધા નહિ મ્હને?'

સદા ધાતા, દાતા, સહુમય અને એક જ સદા-
કહે - તે શું તુંને, મુજ ગરીબને ના ધરી રહ્યો?
કહે - તે શું તુંમાં, મુજ ગરીબમાં ના રમી રહ્યો?
અને સૌનો તેવો નિજ પણ ન શું એ બની રહ્યો?

અહો! પેલું ભૂરું ગગન નથી શું ગોળ સરખું?
ન શું હું ઊભો તે સહનશીલ અક્ષુબ્ધ ધરતી?
સ્મિતાવાળા તે કેવા ચકચક થતા આપણ પરે
નિશાની ક્રીડાના ચકર ફરવા રક્ષક રમે!

ન શું હું ત્હારાં આ નયનઅરવિન્દે નયનને
મિલાવી ઊભો ને નહિ શું રસનો દોર વણતો?
ન શું મ્હારું હૈયું કબૂલ કરતું આ પ્રતિ પલેઃ-
'મ્હને હું જેવામાં દરશન થતું કો' ગહનનું?'

અને દૃશ્યાદૃશ્ય પ્રતિ અણુ નિગૂઢાર્થ સઘળું,
બધું પાસે તુંમાં શ્રમરહિત કો' કારણ સમું;

* જર્મન કવિ Goetheના Faust નાટકની થોડી લીટીઓ પરથી

નથી શું એ તુંને, તુજ હૃદય, આત્મા, જીવિતને,
ચડાવી વંટોળે અગર દબવી કાંઈ કરતું?
સુખાભિજ્ઞામાં કો' અવર સઘળું ભાન વિસરી
ભરી તેથી લેને તુજ જિગર પૂરું છલકતું:
પછી તેને કહેજે, પ્રણય'! પ્રભુ'! હૈયું' 'સુખ'! અને
કહેજે ઇચ્છે તે અગર મુખમાં જે ચડી ગયું.

નથી તેને માટે મુજ મગજમાં નામ વદવા,
અનાલાપી ગાણું, જગત! પ્રભુ! એ લાગણી બધું!
ધ્વનિ, નામો, ગાણાં અવર સઘળાં ધૂમ્ર સરખાં
દ્યુતિ તેનીને સૌ મલિન તિમિરે ઝાંખપ ધરે.

અભિવ્યાપ્તિમાં આ પ્રતિ ઉર અને તે પ્રતિ સ્થળે,
રુચે તે ઉક્તિમાં પલ જ પલ તેને કથી રહ્યાં;
કહે મ્હારી ભાષા પછી ક્યમ કહે ના નિજ રુચ્યું?
વિના કહેતાં ક્હેવા અગર નવ કાં મૌન જ રહું?

૧૨-૨-'૯૯

## વ્હાલાંને

વ્હાલાં! ઉર ઝાઝાંને પાજો:
થોડાંને ગાજો ને સ્હાજો:
ગાતાંને, સ્હાતાંને ચ્હાજો:
ચ્હાજો વ્હાલાં વ્હાલાંને.

વ્હાલાંમાંથી વ્હાલાં આવે:
વ્હાલું તે દેવાને લાવે:
વ્હાલું લઈ વ્હાલું સૌ દેજો:
વ્હાલાં! વ્હાલાંને.

ઝાઝાં તો એ જાશે છોડી:
મેમાની કરજો ના થોડી:
હૈડાંનું દેજો સૌ છોડી:
એ તો વ્હાલાં વ્હાલાંને.

જેમાંથી જે તે પોતે તે :
વ્હાલાંને વ્હાલાંઓ જે છે :
એવાંને હૈયામાં લેજો :
વ્હાલાં વ્હાલાંને.

૨૬-૪-'૯૯

## શાને રોવાનું?

જે ખપનું ના તે ખોવાનુંઃ ખોવાતાં શાને રોવાનું?
લેનારાંને જો જોવાનું, વ્હાલાં! શાને રોવાનું?
માગો ને માગો તે લેતાં : ત્હોયે કાં આંસુમાં રહેતાં?
દેનારાંને જોવા ક્હેતાં. વ્હાલાં! કાં રોતાં?

૧૦-૫-'૯૯

## ખતા નહીં જાતી

પેદા થયો ખતા મહીંઃ ખતા નહીં જાતી;
પેદા કરી તકદીર ના તદબીરથી જાતી!

મગર ખતા તકદીરથી, સનમ! સદા તું દૂર;
આશક તણી તુંથી ન ખતા શું ખસી જાતી?

હિના ફરે તુજ કદમની, સનમ! ચમનમાં રોજ;
હુંથી ગુલે ન ખારની હારો મગર જાતી!

તું ફૂલથી કાંટા, સનમ! ચાહે તો કર દૂર;
તુંને મગર તકલીફ એ આપી નહીં જાતી!

કાફર દિલ આ તો કરે, સનમ! લાખ તકસીર,
ત્હારી મગર યાદી વગર ઘડી નહીં જાતી!

એ યાદી પર તું, સનમ! કરી રહી છે મહેર;
તું આવતી પણ બુલબુલે ગભરાઈને જાતી!

તું ચાહે તો શોર એ કરે ઈશારે ચૂપ;
તુંથી મગર રહમ અને શરમ નહીં જાતી!

મ્હારી નાદાની અને ત્હારી લિયાકત, યાર!
તેમાં દીદારની ઘડી લૂટાઈને જાતી!

ખાર અને આ શોર ત્યાં તું બુરકામાં આવ;
ત્યાંથી મગર બે શિકલે ગુલ જોઈ નહીં જાતી!

આશક આલમમાં ભર્યું સનમ! બધે ત્હેં ઝેર!
ચૂમે ન તું ત્યાં ઝેરની તાસીર ના જાતી!

લાખો સનમ! તુજ ફરકતા પલ પલ બોસા કાજ;
આ બેવુઝુ પણ શિકલ ના ધરી ત્હને જાતી!

ખતા કરી ભૂલું ખતા, સનમ! હજારો વાર;
ભેટતાં તુંને મગર ના એ ખટક જાતી!

તું તો યારીનો સદા, સનમ! ધરી રહી હાથ;
આ હાથની રેખા મગર બૂરી નહીં જાતી!

કેમ કહું તુજને ખતા કરવાને મુજ સાફ?
આ હાથની એ હાથથી ધોઈ નહીં જાતી!

કિસ્મત જામે શરાબનું ભરી શાહી ત્યાં મ્હેં જ
કે ચિલ્વનો માશૂકની ચીરી નહીં જાતી!

ના તાકાત મળે, સનમ! ના કિસ્મત પલટાય;
કમબખ્ત આ જુદાઈ તો ન કયામતે જાતી!

૩-૮-'૯૯

## સાકીને ઠપકો

સાકી, જે શરાબ મ્હને દીધો દિલદારને દીધો નહીં;
સાકી, જે નશો મુજને ચડ્યો દિલદારને ય ચડ્યો નહીં!

મુજ ચશ્મમાં ચરખો ફરે, કદમે બદન લથડી પડે;
દિલદાર તો મલક્યા કરે, નકી યારને પાયો નહીં!

આશક અને માશૂકને, પાવો એક જામે ને સીસે;
પાવો એક હાથે સાકીએ, ઈનસાફ ત્હેં કીધો નહીં!

મ્હારી ગઈ શરમે બધી, દિલદાર હુજ મહીં હજી;
ત્હારી બની ખાલી સીસી પાવા ય ત્હેં રાખ્યો નહીં!

સરખાં બને બન્ને જરા, ત્યાં તો શરાબીની મઝા;
ઊલટી કરી ત્હેં તો સજા, નયને સનમ ખેલી નહીં!

મુજ ખૂન આ કૂદી રહે, દિલદારનું ઠંડું બને;
મુજને ચડે ત્યાં ઊતરે, કાંઈ મઝા આવી નહીં!

આ રાત પહેલી વસ્લની, માશૂકના ઈનકારની;
ત્યાં બેવકૂફી ત્હેં કરી, તુજ જામ કાં ફૂટ્યું નહીં!

ના રોશની ગાલે ચડી, જરી ના લબે સુરખી પડી;
ઘેરી બની ના આંખડી, દિલ યારનું જામ્યું નહીં!

આ પ્હોર ચાર જ રાતના, કંઈ વાયદા વીત્યે મળ્યા;
કંઈ હોંશથી જિગરે જડ્યા, તેની કદર તુંને નહીં!

ના ખેંચ આશક તો કરે, માશૂકને પાવો પડે;
ના સાકીએ પીવો ઘટે, ત્હેં કાયદો પાળ્યો નહીં!

જોઈ સનમને રૂબરૂ, ઘેલો હતો પૂરો જ હું;
પાયો ફરી, પીતો ય તું, પણ યારને પાયો નહીં!

આ વાય ફજર તણી હવા, મુજ રાત વીતી મુફતમાં;
દિલદાર આ ઊઠે જવા, એ બે શુકન બોલી નહીં!

જો આવશે કો' દિ' સનમ, તો લાવશે આંહીં કદમ;
તું રાખજે-ભાઈ! રહમ, ગફલત ઘટે આવી નહીં!

૪-૮-'૯૯

## સનમને

યારી ગુલામી શું કરું ત્હારી? સનમ!
ગાલે ચૂમું કે પ્હાનીએ તુંને? સનમ!

તું આવતાં ચશ્મે જિગર મ્હારું ભરે,
જાતાં મગર શું શું કરી રોકું? સનમ!

તું ઈશ્ક છે યા મહેરબાની યા રહમ?
હસતાં ઝરે મોતી લબે તે શું? સનમ!

મેંદી કદમની જોઈ ના પૂરી કદી!
આવી ન આવી એમ શું થાતી? સનમ!

ત્હારી સવારી ફૂલની ક્યાં ક્યાં ફરે?
તેનો બનું ભમરો બની શું શું? સનમ!

જાણે વિંટાઈ ઝુલ્ફમાં છૂપી રહું!
તાકાત ના દીદારમાં રહેતી! સનમ!

છે દિલ્લગીનો શોખ કે તુંને નહીં?
તો આવ કાં! કાં બોલ ના આવી? સનમ?

જોઈ ત્હને આંખો નકામી આ બધે,
ફોડી દઉં પૂરી ત્હને આંખે? સનમ!

આ ચશ્મની તુંને ચદર ખૂંચે નકી,
કોને બિછાને તું સદા પોઢે? સનમ!

આપું જિગર ત્હોયે ન તું ત્યાં શું ત્હને?
માલેક આલમના જિગરની તું, સનમ!

તુંને કહું હું યાર તો ગુસ્સે નહીં:
ત્હોયે હસે છે તું દૂરની દૂરે! સનમ!

તુંને કહું ખાવિન્દ તો રીઝે નહીં!
ત્યાં એ હસે તું દૂરની દૂરે! સનમ!

## સનમની યારી

યારી કરું ત્હારી? કરું યા ના? સનમ!
કોઈ ખુવારીથી ડરું યા ના? સનમ!

તુંજ તાજ કાંટાનો ઉપાડી લે, સનમ!
ખૂને ઝરે કૈં આલમો, ત્યારે, સનમ!

છે સોઈ તુંને કે નહીં દિલદારની?
તુંને નઝર આ દિલ કરું યા ના? સનમ!

કોઈ દીવાનો મસ્ત હો લાચાર હો,
તેને રજા દરબારમાં યા ના? સનમ!

મ્હારે ટકોરે દ્વાર ખુલ્લે કે નહીં,
ત્હારી પુકારું શેરિયે યા ના? સનમ!

છે શોખ મિજમાનો ફકીરોનો ન યા?
કૈં ઝિદ કરું દરવાનથી યા ના? સનમ!

તકલીફની પરવા ન પીવા આવતાં,
હાથે મગર તું પાય છે યા ના? સનમ!

લાખો જવાહિરો જહાં તુંને ધરે,
રાની કરું ત્યાં ગુલ રુજુ યા ના? સનમ!

જ્યાં લાખ ચશ્મો ચૂમતાં ત્હારા કદમ,
ત્યાં ભેટવા દોડું ત્હને યા ના? સનમ!

નાલાયકી ને બેવકૂફી યારની,
ત્યાં તું શરાબીમાં ભળે યા ના? સનમ!

શાહી ફકીરીથી ભળી જાણી નહીં,
દિલ ત્હોય ચાહે : ચાહવું યા ના? સનમ!

જોઈ ત્હને ચશ્મે ઝરે છે ખૂન તે
ત્હારી હિનામાં રેડવું યા ના? સનમ!

તું છે બધું, હું કાંઈ યે છું ના, મગર
યારી કરું ત્હારી? કરું યા ના? સનમ!

-'૯૯

## સનમની શોધ

પેદા થયો છું ઢૂંઢવા તુંને, સનમ!
ઉમ્મર ગુઝારી ઢૂંઢતાં તુંને, સનમ!

છે દુશ્મનો લાખો ભુલાવા રાહને,
દુશ્મન બનાવી યાર અંજાયો, સનમ!

ગફલત મહીં હું, ઝાલિમો કાબિલ એ,
જુદાઈ યારોની મઝા એને, સનમ!

જે રાહદારીમાં અમોને લૂંટતું,
ઉમેદ બર આવો નહીં એની, સનમ!

ત્હારી મદદ કોને હશે, માલૂમ નહીં;
શુ યારના દુશ્મન સહે યારી? સનમ!

પાંચે નમાઝે ઝૂકતાં ત્હારે કદમ
આડા ફરે છે બેખુદાઓ એ, સનમ!

છો દમબદમ ખંજર રમે ત્હારું દિલે,
કાફર તણું કાતિલ ખેંચી લે, સનમ!

તું માફ કર, દિલદાર! દેવાદાર છું!
છે માફ દેવાદારને મ્હારા, સનમ!

કાંઈ નઝરબક્ષી થવી લાઝિમ ત્હને,
ગુઝરાનનો ટુકડો ઘટે દેવો, સનમ!

પેદા થઈને ના ચૂમી ત્હારી હિના,
પેદા થયો છું મોતમાં જાણે, સનમ!

શાને કસે છે મુફ્ત આ લાચારને?
દાવો સુનાનો છે હમારો ના, સનમ!

પત્થર બની પેદા થયો છું પ્હાડમાં,
છું ચાહનારો એ ય તુંથી છું, સનમ!

-'૯૯

## સનમને સવાલ

તું યાર ક્યાં? દુશ્મન ક્યો? જાણું નહીં!
આ દિલ ધડકતું જાય ક્યાં? જાણું નહીં!

આવે ધરી આ દુશ્મનો ત્હારી શિકલ-
યા આંખ આ અંધી બની જાણું નહીં.

છે હાથ તો લાંબો કર્યો, દોરાઉં છું:
છે દોરનારું કોણ આ? જાણું નહીં.

છે તો ચમન ત્હારો, રચેલો ત્હેં ખુદે :
ચૂંટું ગુલો યા ખાર આ? જાણું નહીં!

જાદૂ ભરી બુલબુલ બજાવે વાંસળી :
તેની જબાંમાં કોણ છે? જાણું નહીં!

## સ્વર્ગગીત

ખોવાયેલાંને બોલાવો :
સ્વામીનો સન્દેશો કહાવો :
પગ ધોવાને પાણી લાવો
ખોવાયેલાંને માટે.

આવો, મ્હેલ ઉઘાડો, આવો :
દોરી દોરી દોરી લાવો:
આવોને ગાતાં સ્વામીને
ખોવાયાં સાથે.

ભૂખ્યાંને ભોજનમાં લાવો :
તરસ્યાંને દ્રાક્ષાસવ પાઓ :
પાથરજો હૈયાં થાક્યાંને-
લાવો ખોવાયાં સૌને !

ના ખોવાયાં ના તરસ્યાં છે:
ખોવાયાં ભૂખ્યાં તરસ્યાં છે:
સાથ તજી એવામાં જાઓ-
ખોવાયાં લાવો !

## નવો સૈકો

લક્ષ્મી તણા અમર પદ્મની આસપાસ
ફૂટી ખીલી ખરી જતી કંઈ પાંખડીઓ,
વર્ષો તણાં શતક તેમ અનન્તતામાં,
ફૂટી ખીલી ખરી જવા વહતાં હજારો.

ફૂટે, ખીલે, ખરી પડે કંઈ પાંખડીઓ,
ક્ષીરાબ્ધિનું કુસુમ એક જ લ્હેર મ્હાણે;
ત્યાં ભૃંગ જે ય ચકચૂર સુધા મહીં તે
આ પાંખડી ફૂટી ખરી ન ગણે ન જાણે.

આત્મા અધિપતિ મધુપ અનન્તતાનો,
આત્મા અમીઝરણના રસનો વિહારી;

આત્મા ગણે નહિ જ તે યુગને-ક્ષણોને
ક્યાં દેશકાલ? સઘળે જ વસન્ત જામી.

ક્યાં શીતઉષ્ણ? સઘળે જ વસન્ત છાઈ,
ફેલે પરાગ સહુ એક જ ભૃંગ કાજે;
તેનું કયું નવલ છે ફૂલ અર્પવાનું?
આશિષ આ ઉછળતી પણ કોણ માટે?

એ ભૃંગના જ સહુ વારસ છો અહીંઆં,
એ પદ્મની મધુરતા બધી વારસો છે;
ગુંજો ઊડો સુખથી સૌ જ પ્રવાસમાં આ,
યાત્રા પવિત્ર રમણીય સ્થલે સ્થલે છે.

વ્હાલાં : સખા, સખિ, સહોદર બાલ ભોળાં,
લક્ષ્મી તણા કુસુમના મધુનાં વિહારી!
ઈચ્છું કયું નવીન હું સુખ સૌ તમોને
આ બેસતું શતક વર્ષ તણું બતાવી?

જાણું નહીં અશુભ શું શુભ શું હશે તે,
જાણું નહીં અહિત શું હિત શું હશે વા;
જાણું નહીં સુખ સુખે અથવા દુઃખે તે,
શું ઈચ્છવું : નહિ જ એ પણ જાણતો વા.

જાણું પરન્તુ રસનાં સહુ છો વિહારી,
જાણું વળી કુસુમ એક જ છે રસાળું;
છો જે તમે કુસુમનાં કુસુમે રહો એ :
એ ભાગ્ય, એ જ હિત, એ શુભ ઈચ્છવાનું.

સેવા ધરું નવીન શી ચરણારવિન્દે?
ગૂંથી કયાં કુસુમનો લઈ હાર આપું?
લક્ષ્મી તણા સુમન પાસ ફૂલો લજાતાં,
સ્વામી ધરે સહુ જ ત્યાં કયી ભેટ લાવું?

લાવી ધરું હૃદય તો પણ આ તમોને,
લાવી ધરું હૃદય તે નિજ સાથ લેજો;
પીજો પીવાડી મધુ અમૃત પુષ્પનું સૌ,
બીજું : ધરે પ્રભુજી તે લઈ મગ્ન ર્‌હેજો!

# શરાબનો ઇનકાર*

આવું, કહો! ક્યાં એકલો? આશક જહાં થાતી નથી;
પ્યાલું ભર્યું આ : ના કદર! પીવા જહાં પ્યાસી નથી.

છે પ્યાસ, છે શોખે અને છે આ જિગરને મહોબતે;
મીઠું ભર્યું જામે, મગર હા! સોબતી પીવા નથી.

નૂરે જુદાઈમાં તમે, સાકી શરાબી ને સનમ;
સોબત હમારી આલમે, આલમ ચડી ઇશ્કે નથી.

બેઇશ્ક શું જાણે શરાબી યા શરાબીની મઝા?
બેઇશ્કથી જૂની મહોબત તૂટતી આજે નથી.

આલમ, પિદર, માદર, બિરાદર, દોસ્ત ને શું શું નહીં?
ગફલતે તેને સુવારી જામ પીવાતું નથી.

આ જામ પેર લાખો જહાં કુરબાન તો કરવી ઘટે;
તો યે સગાઈના હકે એ પેશકદમી ના થતી.

પીવાડવું જો ના બને, પીવું પછી ચોરી કરી;
આલમ રડે, હું ક્યાં હસું? એ ખૂન જોવાતું નથી.

સોબત વિના કેવી શરાબી? શી ખુમારી એકલાં?
આ જામ પ્યારું ઝિન્દગીથી તો ય ચૂમાતું નથી.

પ્યાલું જરી પીતાં જિગરથી આ જહાં છૂટો પડે;
પીનાર પી પી જાય તો આલમ તણું કોઈ નથી.

પ્યાલું ધરું જ્યાં હું લબે, આલમ પુકારી ઊઠતી;
ઝાડો, ઝરા, ફૂલો રડે, આંસુ સહાતાં એ નથી.

છો પ્યારથી આવ્યા અહીં, આફત ન આ ધારી હશે;
નાઉમેદીની હવે માફી મગાતી એ નથી.

સાકી! સનમ! પાછાં ફરો, ઠેલું તમારા હાથને;
ઇશ્કે જહાંમાં ઇશ્કનું આ જામ લેવાતું નથી!

તો યે, સનમ! સાકી! હમારી રાહ તો જોજો જરૂર :
પીધા વિના આ જામને, રાહત નથી, ચેને નથી.

તાઝિમોથી, ઈશ્કથી, લાખો ખુશામદથી અગર
જાઉં જહાંને લાવવા, તો ત્યાં મઝા એને નથી.

આશક થઈ પ્યાસી હશે આલમ તમારી એક દિ';
સાથે લઈ પીશું શરાબી, હુજ ત્યાં પીવા નથી.

## આપની યાદી

જ્યાં જ્યાં નઝર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!

માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!

જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર;
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની!

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં;
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની!

આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં;
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની!

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની!

દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની!

થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાં એ આશના :
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની!

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને;
અહેશાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની!

પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર :
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની!

રોઉં ન કાં એ રાહમાં એ બાકી રહીને એકલો?
આશકોના રાહની જે રાહદારી આપની!

જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું :
જૂની નવી ના કાંઈ તાજી એક યાદી આપની!

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી :
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની!

કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની!

# કલાપીના કેકારવનો શબ્દકોષ

**અતીવ=** અતિ; પુષ્કળ; બેશુમાર

**અનભિજ્ઞતા=** અજાણ્યાપણું, અજાણપણું, ભોળું, અજ્ઞાન.

**અનલ=** દેવતા; અગ્નિ.

**અનલહક=** "બ્રહ્મથી હું અભિન્ન છું" એવા અર્થનો અરબ્બી મન્ત્ર; આ મન્ત્રનો જપ મનસૂર નામના મહાત્માએ કર્યો હતો અને ઈશ્વરની સાથે એકતા હોવાનો દાવો કરવા માટે મુસલમાનોએ એમને દેહાન્ત દંડ કર્યો હતો.

**અનિલ=** પવન; વાયુ

**અનંગ=** કામદેવ; પ્રેમદેવ.

**અભિસારિકા=** પોતાના પ્રેમપાત્રને અત્યંત ઉત્સુકતાથી મળવાનો સંકેત કરનારી નાયિકા.

**અભ્ર=** વાદળું.

**અર્જુન=** શ્રીમદ્ ભગવદ્ગીતાના તેમજ શ્રી મહાભારતના વીર પુરુષો પાંડવો- જેમાં મુખ્ય ધનુર્ધર અર્જુન-પ્રેમનું સંસ્કરણ પામેલા મનનું એ રૂપક છે.

**અલકલટ=** માથાના વાળનો જથ્થો- ઝુલ્ફ- વાળની લટ.

**અવધિ=** હદ; સીમા.

**અવધૂત=** જેણે રાગની તેમજ ત્યાગની બન્ને ભાવનાઓ ત્યજી દીધી છે તેવો તપશીલ અને જ્ઞાનસિદ્ધ મહાત્મા, રાગત્યાગથી અતીત મસ્ત પુરુષ-ત્રિગુણાતીત સન્ત.

**આખ્યાયિકા=** નાનું આખ્યાન; ટૂંકી વાર્તા.

**આતશ=** અગ્નિ, દેવતા.

**આનન્દકેન્દ્ર=** જેનું મધ્યબિન્દુ આનન્દ છે એવું.

**આફતાબ=** સૂર્ય.

**આમીન=** અસ્તુ!

**આર્દ્ર=** ભીનું; કોમળ.

**આલમ્બ=** ટેકો; આધાર; અવલમ્બન.

**આશક=** ઈશ્ક જેનું જીવન છે તે આશક. ચાહનાર; પ્રેમી; ભક્ત.

**આહ=** નિઃશ્વાસ.

**આહ્લાદ=** ઉલ્લાસ; આનંદ.

**ઈકબાલ=** નસીબ; કિસ્મત.

**ઈચ્છાશક્તિ=** હૃદયબલ-'વિલ પાવર' (Will Power)

**ઈશ્ક=** મહોબત; પ્રીતિ; ભક્તિ; સ્નેહ,

**ઉત્ફુલ્લ=** પ્રફુલ્લ; ખીલેલું.

**ઉદ્ભિદ્વિદ્યા=** વનસ્પતિશાસ્ત્ર.

**ઉદર=** પેટ.

**ઉપવન=** બાગ; બગીચો.

**ઉપાલંભ=** ઠપકો.

**ઉલ્ફત=** માયા, મહોબત, પ્રેમ.

**ઉષા=** પ્રભાત

**ઉષ્મા =** ગરમી; હૂંફ.

**ઉસ્તાદ=** શિક્ષક; ગુરુ.

**ઋષિ=** વેદોની ગુહ્ય પરિભાષાને સમજીને ગાનાર પ્રેરિત પુરુષ; અન્તરમાં પ્રકાશ પામેલો પ્રેરિત પુરુષ તે ઋષિ.

**ઓંકાર=** ૐબ્રહ્મનો-પરમાત્માનો એકાક્ષરી મંત્ર; એને પ્રણવમંત્ર પણ કહે છે.

**અંક=** ખોળો-ઉચ્છંગ.

**અંજામ=** છેવટનું પરિણામ.

**અંબર=** વસ્ત્ર; કપડાં

**કજા=** મોત; મૃત્યુ.

**કયામત=** મરણ પછી નવેસર ઊઠવાની સ્થતિ; મહાપ્રલયની સ્થિતિ. આ શબ્દ ઈસ્લામી ધર્મનો છે.

**કરંટ=** કાગડો; **करट** ઉપરથી.

**કલુષમયતા=** ક્લેશ; મલિનતા.

**કાતિલ=** કતલ કરનાર; પ્રાણ લેનાર.

**કાલિદાસ=**સંસ્કૃત કાવ્ય-સાહિત્યના સર્વશ્રેષ્ઠ કવિ.

**કાસાર=** સરોવર; તળાવ.

**કિરાત-ભીલ =** મહાદેવજીનું એક નામ છે.

**કિશોરી=** નાની વયની.

**કાન્ત=** પ્રેમી; ચાહનાર; આશક.

**કાન્તિ=** રૂપ; ખૂબસૂરતી.

**કુરંગ=** મૃગ; હરણ.

**કૃષ્ણ=** ભગવાન વિષ્ણુના દશ મુખ્ય અવતારોમાં આઠમો અવતાર. ભગવાન વિષ્ણુનો તેઓ પૂર્ણ સંસિદ્ધ અવતાર મનાય છે.

**કેલિ=** વિહાર; ઉપભોગ.

**ક્લાન્ત=** થાકેલો, શ્રમિત.

**ખડ્ગ=** તલવાર.

**ખતા=** ભૂલ, ગુનાહ.

**ખાક-ખાખ=** રાખ-ધૂળ; માટી.

**ખાકી-ખાખી=** અવધૂત; જોગી.

**ખાર=** કાંટા.

**ખાલિક-ખાલેક=** ખલ્કના માલેકઃ પરમાત્મા.

**ખિલાફ=** ખોટું, જૂઠું, અવાસ્તવિક.

**ખેરાત =** દાન, બક્ષિસ.

**ખૌફ-ખ્વોફ=** ગુસ્સો, ક્રોધ.

**ખ્વાબ=** સ્વપ્ન.

**ખ્વાહિશ-ખાહેશ=** ઈચ્છા, મરજી.

**ગભરૂ=** કોમળ.

**ગમ=** દુઃખ, દિલગીરી.

**ગમખ્વાર=**દુઃખથી ખરાબ થઈ ગયેલો.

**ગાફિલ-ગાફેલ =** અજ્ઞાન, બેભાન ગફલતમાં રહેતો તે ગાફેલ.

**ગાયત્રી=**બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને નિત્ય જપવાનો ઋગ્વેદમાં કહેલો મંત્ર, એમાં ત્રણ પદ હોવાથી એને ત્રિપદા પણ કહે છે.

**ગિરિ= ગિરિવર=** પહાડ, પર્વત.

**ગિલ્લા=** નિન્દા; અપકીર્તિ.

**ગીતા=** **શ્રીમદ્ ભગવદ્ગીતા-**

આર્યોનું એક અતિ મહત્ત્વનું અને અદ્દભુત ધર્મ-પુસ્તક. એમાં શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે સંવાદ છે. ૭૦૦ શ્લોકો અને ૧૮ અધ્યાય છે. એના કર્તા ભગવાન્ વ્યાસ મુનિ છે.

**ગુલ=** ફૂલ; પુષ્પ.

**ગુલઝાર=** બગીચો.

**ગુલ્મ=** પાંદડાનો ગુચ્છો.

**ગેબી=** અદશ્ય, દિવ્ય.

**ગેંદ=** દડો-દડી

**ગૌણ=** મુખ્ય નહિ તે; નાનું.

**ગંગા=** પવિત્ર નદી. (ગંગાજીના નામ ઉપરથી.)

**ગ્રીવા=** ડોક; ગરદન.

**ગ્લાનિ=** દિલગીરી; શોક.

**ચમન=** બાગ; બગીચો; ઉપવન,

**ચશ્મ=** આંખ.

**ચારુતા=** સુન્દરતા; રૂપ.

**ચિર=** લાંબું; દીર્ઘ.

**ચિલ્વન=** પડદો.

**ચંડોળ=** એક નાના પંખીનું નામ છે. અહીં તો રૂપક છે.

**જફા=** દુઃખ.

**બેજફા=** દુઃખરહિત.

**જબાં=** જીભ; ભાષા, વાણી.

**જલધિ=** દરિયો, સમુદ્ર.

**જહન્નમ=** નરક; નારકી ભૂમિકા.

**જહાંગીર=** દુનિયાને જીતનાર.

**જ્વર=** તાવ; બુખાર.

**ઝખ્મ=** ઘા.

**ઝબેહ=** કતલ.

**ઝાલિમ=** જુલ્મગાર.

**ઝુલ્ફ=** માથાના વાળની લટ; ઝુલ્ફા.

**ઝૈફા-ઝઈફી=** વૃદ્ધપણું; ઘડપણ.

**તકસીર=** ભૂલ.

**તન્નૂર=** પતરાનું એક વાસણ, જે શેકવાના કામમાં આવે છે.

**તમિસ્રા=** રાત્રિ.

**તરલતા=** ચંચલતા, અસ્થિરતા.

**તરુ- તરુવર =** ઝાડ; મોટાં ઝાડ.

**તલબ=** અતિ આતુર ઈચ્છા.

**તસલ્લી=** સમજાવટ; સમાધાન; શાન્તિ.

**તાઝિમ=** માનઆવકાર; સત્કાર.

**તાસીર=** અસર.

**તિર્યંચ=** પંખી.

**તુફેલે=** વાસ્તે; માટે.

**તુમુલ=** અતિ ગાઢ; ગીચ.

**તુષાર=** ઝાકળ.

**તેગ=** તલ્વાર.

**તોબાહ=** પસ્તાવો; પશ્ચાત્તાપ.

**દમ=** શ્વાસ; પળ, ક્ષણ.

**દમ બ દમ=** પળેપળ, ક્ષણેક્ષણ.

**દર=** હરેક.

**દરખત=** ઝાડ.

**દર્વિશ=** દરવેશ સાધુ; સન્ત; ફકીર; મહાત્મા.

**દસ્ત=** હાથ.

**દારૂ=** મદ્ય (પ્રેમરૂપી).

**દિગમ્બર=** દિશાઓ જેનાં વસ્ત્ર છે એ; નગ્ન.

**દિનકર=** સૂર્ય.

**દિલબર=** પ્રિયતમા.

**દીદાર=** દેદાર= દર્શન.

**દ્રુમ=** ઝાડ.

**દેતલ=** દેનાર. (ચારણી ભાષાનો પ્રયોગ છે.)

**દૌર્બલ્ય=** દુર્બળતા.

**દ્યુતિ=** પ્રકાશ, જ્યોતિ.

**દ્વિગુણી=** બમણું.

**ધવલ=** ધોળું.

**ધાતા=** કર્તા, સ્રષ્ટા.

**ધૂર્જટિ=** મહાદેવ- શંકર- શિવજી.

**ધ્વંશ=** નાશ.

**નફસ=** માનસિક વિકાર, કામ.

**નાસ્તિક=** માત્ર દૃશ્ય વસ્તુ જ સત્ છે એમ માની કેવળ ઐહિક જીવન જીવનાર અને ઈશ્વરને અન્તરમાં નહિ માનનાર અતિબુદ્ધિવાદી; વિકૃત બુદ્ધિવાદી; Sceptic; Nihilist.

**નિગાહ=** નઝર; કૃપાદૃષ્ટિ.

**નિમિષભર=** ક્ષણભર.

**નીવી=** સ્ત્રીને કટિ ઉપરનું પહેરવાનું વસ્ત્ર.

**નૂતન=** નવીન.

**ન્યામત=** પકવાન, મિષ્ટ ભોજન, એ ઉપરથી કૃપા, મહેરબાની.

**પતાકા=** ધજા, વાવટો.

**પથિક=** પંથી, મુસાફર, પ્રવાસી.

**પરુષ=** કઠોર, કઠણ.

**પરેશાની=** ઉદાસીનતા.

**પલ્વલ=** ખાબોચિયું, નાની તલાવડી.

**પીયૂષ=** અમૃત, સુધા.

**પુનરુદ્વાહ=** ફરી વારનું લગ્ન.

**પુરાતન=** પુરાણું, જૂનું, પ્રાચીન.

**પુલકિત=** આનંદી, હર્ષિત.

**પુલીન=** જલહીન-સુકાઈ ગયેલું તળાવ, જલરહિત સૂકો કિનારો.

**પુંજ=** ઢગલો.

**પેર=** કદમ, પગ.

**પ્રણય=** પ્રેમ, પ્રીતિ, સ્નેહ.

**પ્રણવ=** જુઓ ૐ.

**પ્રશાખા=** નાની ડાળી.

**પ્રસૂન=** ફૂલ, પુષ્પ.

**પ્રજ્ઞ=** પૂર્ણ જ્ઞાની.

**પંચત્વ=** નિર્વાણ, મૃત્યુ.

**ફજલ=** મહેરબાની, કૃપા, આનંદની નજર.

**ફના=** નાશ, સ્વાર્પણ, ત્યાગ.

**ફરહાદ=** ઈરાનના એક પ્રખ્યાત આશકનું નામ છે. તે સાધારણ હાલતનો આદમી છતાં શીરીન નામની ચીનની રાણીને ચાહતો હતો અને તેના પ્રેમમાં તેણે

મોટો પહાડ ખોદ્યો હતો. શીરીન્ - ફરહાદનાં નામ ઈશ્કના સાહિત્યમાં બહુ પ્રખ્યાત છે.

**ફલક=** (૧) આકાશ, (૨) ઢાલ, (૩) સપાટી.

**ફિદવી=** નમ્ર, પ્રશંસક.

**ફિલસૂફી=** તત્ત્વજ્ઞાન : philosophy.

**બદન=** શરીર.

**બરકત=** લાભ, નફો.

**બાલાર્ક=** ઊગતો સૂર્ય.

**બિયાબાન=** જંગલ, અરણ્ય.

**બિસમિલ્લાહ=** "પરમાત્માના નામ સાથે" એવા અર્થનો પ્રત્યેક કાર્યને આરંભે બોલવાનો ઈસ્લામી મંત્ર.

**બીન=** વીણા.

**બુખાર=** તાવ.

**બુલબુલ=** મધુરા સૂર ગાનારું એક નાનું પંખી. જીવાત્માના રૂપક તરીકે આ શબ્દ વપરાય છે.

**બુઝરગ=** વૃદ્ધ.

**બુરખો=** મોં ઢાંકવાનો કપડાનો પડદો.

**બેગમ=** (૧) રાણી, મહારાણી, (૨) ગમ વગરનું, (૩) દુઃખરહિત, શોકરહિત.

**બેગાના=** અજાણ્યો, તિરોહિત.

**બેઝાર=** કંટાળેલો, દુઃખી, થાકેલો.

**બેત=** કવિતાની યા ગઝલની બે લીટીની કડીને બેત કહે છે.

**બેવુઝૂ=** અપવિત્ર, નાપાક. પરમાત્માનું ધ્યાન યા બન્દગી કરતા પૂર્વે હાથમોં ધોઈને પવિત્ર થવાની ક્રિયાને "વુઝૂ કરવું" કહે છે તેથી રહિત તે બેવુઝૂ.

**બેહયાઈ=** હૃદયહીનતા.

**બેહિશ્ત=** સ્વર્ગ.

**બો=** ગન્ધ; વાસ.

**ભરત=** આ ભરત રાજાની કથા માટે જુઓ શ્રીમદ્ ભાગવત, સ્કન્ધ ૫, અધ્યાય ૮-૯. (જુઓ આ ગ્રન્થમાં માર્ગદર્શક ટીકા.)

**ભુજા=** હાથ.

**મકરન્દ=** પુષ્પનો રસ.

**મજનૂં=** એનો શબ્દાર્થ "દીવાનો આશક" થાય છે. લેલા-મજનૂંની પ્રેમકથા ઉર્દૂ અને ફારસી સાહિત્યમાં બહુ પ્રખ્યાત છે. મજનૂં ગિઝનીના બાદશાહનો શાહજાદો અને લેલાં મીસરના કાજીની દીકરી હતાં. લેલાંને જોતાં જ મજનૂંને પૂર્વસ્મૃતિના સંસ્કાર જાગે છે અને તેનામાં તેને અનિર્વાચ્ય દર્શન થાય છે. એ બન્નેની અનેક પ્રકારે કસોટીઓ થાય છે. મજનૂં લેલાંના શબ્દને અલ્લાહનું ફરમાન સમજે છે અને એક ઝાડના થડમાં તપ કરે છે. છેવટનું બન્નેનું મળવું થાય છે, અને થોડી ક્ષણમાં બન્ને શરીરો છૂટી જાય છે. ભગ-

વતી મીરાં, મહાત્મા તુલસીદાસ અને વ્રજની ગોપીઓના જેવી અનન્ય ભક્તિનું આ દૃષ્ટાંત છે.

**મજાલ=** શક્તિ, બળ, જોર.

**મધુપ=** ભ્રમર, ભમરો.

**મનસૂર-મન્સૂર=** હુસેનબીન મન્સૂર અલ હલ્લાજ, એવું આ બ્રહ્મનિષ્ઠ મહાત્માનું પૂરું નામ છે. તેઓ બગદાદમાં થયેલા અને અન-લહક એટલે **अहं ब्रह्मास्मि** અથવા **सोऽहम्-शिवोहम्** બોલવા માટે ત્યાંના સુલતાને એમને કેદમાં પૂરીને છેવટે દેહાન્ત દંડ કરેલો, એમના શરીરને શૂળીએ ચડા-વેલું. (હિજરી સન ૩૦૯). ઈસુ ખ્રિસ્તની પેઠે દેહવિસર્જન પછી પણ પોતાના ચુસ્ત આશકોને એમણે દર્શન દીધેલું એવી પણ માન્યતા ચાલે છે.

**મરહમ=** મલમ.

**મર્ઝ=** દર્દ.

**મહફિલ=** મંડળી, સભા, મિજલસ.

**મહબૂબ=** પ્રિયતમા, મધુર હૃદય.

**મહમ્મદ-મોહમ્મદ=** ઈસ્લામના છેલ્લા પયગમ્બર હઝરત મહમ્મદ સાહેબ.

**માદર=** માતા, જનેતા.

**માઘ=** સંસ્કૃત કાવ્યસાહિત્યમાં કાલિદાસ અને ભવભૂતિ જેવો મહાકવિ. એનું રચેલું નૈષધકાવ્ય પ્રખ્યાત છે. સંસ્કૃત સાહિત્યમાં એક ઉક્તિ છે કેઃ

**उपमा** कालिदासस्य
भारवेर्थगौरवम् ।
दण्डिन : पदलालित्यं
माघे सन्ति त्रयो गुणाः ॥

**માશૂક=** પ્રિયતમા, દિલબર, સનમ, દિલ-દાર. કેટલીક વાર 'સનમ' શબ્દને બદલે આ શબ્દ વપરાયેલો છે, અને કેટલીક વાર સાધારણ અર્થમાં પણ વપરાયો છે.

**મિસ્કીન=** ગરીબ, નમ્ર.

**મીરાં=** રાઠોડ વંશનાં કુમારી મેવા-ડનાં મહારાણી શ્રી મીરાંબાઈ મહાન ભક્ત થયાં. અનન્ય પ્રેમથી શ્રીકૃષ્ણ પરમાત્માને ભજતાં હતાં અને નરસિંહ મહેતાની પેઠે શ્રીકૃષ્ણ ભગ-વાને એમને પણ વખતોવખત પ્રત્યક્ષ તેમજ જુદા જુદા ચમ-ત્કારો વડે દર્શન દીધાં હતાં.

**મુકદ્દર=** નસીબ, કિસ્મત.

**મુક્તા=** મોતી.

**મુરવ્વત=** શરમ.

**મુરાદ=** ઈચ્છા, હોંશ.

**મુર્શિદ=** ગુરુ, શિક્ષક.

**મૃગપતિ=** સિંહ.

**મોહતાજ=** ગરીબ, લાચાર, કંગાળ.

**મૌલા=** પરમાત્મા.

**ગ્લાનિ=** દિલગીરી, શોક.

**મ્હેતો-મહેતો=** કાઠિયાવાડના સુપ્રસિદ્ધ ભક્ત નરસિંહ મહેતા જૂના-ગઢમાં થયા. તેઓ શ્રીકૃષ્ણ

પરમાત્માના અનન્ય ભક્ત હોવાથી તેમને અનેક રૂપે પ્રત્યક્ષ તેમજ જુદા જુદા ચમત્કારો વડે પરમાત્માએ દર્શન દીધાં હતાં.

**યુગલ=** જોડું-જોડી.

**રાહ=** રસ્તો, માર્ગ, ધર્મપ્રવાહ, ધર્મ-પન્થ.

**રાહત=** આરામ, સુખ, શાન્તિ.

**રાહદારી=** રસ્તો, પ્રવાસ, મુસાફરી.

**રિપુદલ=** દુશ્મનનું લશ્કર.

**રુરુદિષા=** રોવાની ઇચ્છા.

**રૂહ=** જીવ, જીવાત્મા.

**લફ્ઝ-લવ્ઝ=** શબ્દ, ઉદ્‌ગાર.

**લબ=** ઓઠ.

**લાઝિમ=** યોગ્ય.

**લૈલીં=** ઇશ્કના દીવાના મજનૂંએ જેની ખાતર ભારે તપ કર્યું હતું એ એની પ્રેમમૂર્તિ લૈલાં.

**લ્યાકૃત-લિયાકત=** લાયકાત, યોગ્યતા.

**લ્યાનત-લાનત=** ફિટકાર, ધિક્કાર.

**વસ્લ=** મેળાપ, સંયોગ, દર્શન.

**વાટિકા=** વાડી.

**વારિધિ=** દરિયો, સમુદ્ર.

**વિટપ=** ઝાડ, છોડ.

**વિધુ=** ચન્દ્ર.

**વિનિમય=** બદલો, અદલોબદલો, સાટું.

**વિપુલ=** પુષ્કળ.

**વિપ્લવ=** તોફાની ફેરફાર, ભારે ઊથલપાથલ.

**વિશદ=** સ્પષ્ટ, ચોખ્ખું, શુદ્ધ.

**વીચિ=** લહરી, ઊર્મિ, તરંગ, મોજું.

**વ્યજન=** વીંઝણો, પંખો.

**વ્યથા=** દુઃખ, દર્દ.

**વ્યોમ=** આકાશ.

**વ્રણ=** ઘા, ઝખમ.

**વ્રીડા=** લજ્જા, શરમ.

**શયતાન=** આસુરી સત્તા.

**શરાબ=** દારૂ, મદ્ય, પ્રેમનું રૂપક આ શબ્દથી વ્યક્ત થાય છે.

**શશાંક=** ચન્દ્ર.

**શાહી=** સુલતાની, રાજાપણું.

**શિતાબી=** ઝડપ, ત્વરા, જલદી.

**શીકર-સીકર=** પાણીનો છાંટો, જલકણ.

**શીરીન–શીરીં=** ઈરાનની શાહજાદી અને ચીનની શહેનશાહબાનુ હતી. ફરહાદ નામનો ગરીબ મજૂર એના ઉપર આશક થયો અને પરિણામે આખો પહાડ ખોદી કાઢવાનું મહાભગીરથ કાર્ય એણે શીરીનને મેળવવા માટે કર્યું. શીરીન મરી ગઈ એમ સાંભળતાં જ એણે માથું ફોડી નાખ્યું. એની જ કબરમાં શીરીન જીવતી સૂતી છે.

**શુકન-સુખન=** શબ્દ.

**શુક્ર=** આશીર્વાદ, સ્તુતિ.

**શુચિતા=** પવિત્રતા.

**શોણિત=** લોહી.

**શ્લાઘા=** વખાણ, પ્રશંસા.

**સનમ=** (૧) પ્રેમસ્વરૂપ પ્રિયતમા - The Beau Ideal માશૂક. (૨) સગુણ બ્રહ્મમૂર્તિ, પરમાત્મા- (God). બન્ને પ્રકારના અર્થોમાં આ શબ્દ આ ગ્રન્થમાં વપરાયો છે.

**સમિધ=** યજ્ઞમાં હોમવાનાં કાષ્ઠ, સૂકાં લાકડાં, બળતણ વગેરે.

**સર=** સરોવર.

**સલિલ=** પાણી, જળ.

**સાકી=** શરાબી મહેફિલમાં જેના હાથમાં દારૂનો સીસો અને પ્યાલો રહે છે અને જે ભરી ભરીને સૌને પાય છે, તે સાકી કહેવાય છે; આ ઉપરથી પ્રેમરૂપી મદ્ય પાનાર-પ્રેમને પંથે ચડાવનાર ગુરુ- The Spiritual Guide.

**સાવજ=** દીપડો, વાઘ, ચિત્તો.

**સિતમ=** જુલમ.

**સિતમગર=** જુલમગાર.

**સિફત=** વખાણ, પ્રશંસા.

**સીના=** છાતી.

**સુખન-શુકન=** બોલ, શબ્દ.

**સુધાંશુ=** ચન્દ્રમા.

**સુપ્રભ=** સુપ્રકાશિત.

**સુમન=** ફૂલ.

**સુરખી=** લાલાશ, લાલી.

**સુરભી=** ગાય.

**સુરભ-સુરભી-સુરભે=** સુગંધ.

**સુરા=** મદ્ય, દારૂ. પ્રેમના-ઈશ્કના તેમજ ભક્તિના રૂપક તરીકે આવા શબ્દો પ્રાચીન કાળથી વપરાય છે.

**સંચિત=** એકઠું કરેલું.

**સ્નિગ્ધ=** સ્નેહાળ, સ્નેહભરેલ.

**સ્વેદ=** પસીનો, પરસેવો.

**હક=** પરમ સત્ બ્રહ્મપરમાત્મા.

**હરગિઝ=** કદાપિ, કદી પણ.

**હલા=** સખીને સંબોધનનો શબ્દ છે. હે હલા! હે હલે! હે સખી! એમ કહેવાય છે.

**હાસિલ થવું=** પ્રાપ્ત થવું, નફો થવો, કંઈ મળવું.

**હિજ્ર=** વિરહ.

**હિના–હીના=** મેંદી. પગના નખ ઉપર મેંદી. આ રૂપક પ્રેમની સુન્દરતાનું નિરૂપણ કરે છે.

**હિમાંશુ=** ચન્દ્રમા.

**હુજ્ર=** અન્દરનો ઓરડો, અન્તરંગ, જ્ઞાનપક્ષે જોઈએ તો વિજ્ઞાનમય કોષ.

**હુસ્ન=** સુન્દરતા, રૂપ.

**હુર-હુરી=**અપ્સરા, સુન્દરી, પરી.

**હુલ=** એક જાતનું લોખંડી ઓજાર-સોયા જેવું-પેચવાળું (Screw).

**ક્ષીરાબ્ધિ=** ક્ષીરસાગર, પુરાણમાં કહેલા એક સમુદ્રનું નામ છે. ત્યાં શ્રી વિષ્ણુ ભગવાને સપ્તફેણવાળા શેષનાગ ઉપર શયન કર્યું છે.

॥ ૐ ॥

# પરિશિષ્ટ*

## ૧-કાશ્મીરનું સ્વપ્ન

### શાર્દૂલવિક્રીડિત

ક્યાંઈ છે ખૂબ ઘીટ ઝાડ વનનાં ઝાઝાં ફૂલોથી ભર્યાં,
વેલીના નવરંગથી લટકતાં સારાં પટોળાં ધર્યાં,
ક્યાંઈ છે તૂટીને પડેલ ભૂખરાં પાનો વિના ઝાડવાં,
જોગીનો ધરી વેષ ભેખ લઈને જાણે બિચારાં પડ્યાં.

ક્યાંઈ છે સુઘરી તણા લટકતા માળા નદીની પરે,
નીચે મોર કળા કરે પ્રિય કને લીલા ગલીચા પરે;
ક્યાંઈ છે ફરતાં યૂથો ગજ તણાં ભાંગે ઘણી ડાળીને,
તેઓનાં બચલાં રમે જલ વિષે માતા કને દોડીને.

છે ક્યાંઈ અતિ ઘોર ગંભીર ગુફા, કાળી ઘટા ઝાડની,
કાળી તે દીસતી છવાઈ જઈને અંધારી છે તે ઘણી;
વ્હે છે જોસ ભરી નદી અહિં તહિં, નાળાં પડ્યાં વિખરી,
કુંજોમાં ઝરણાં વહે ખળકતાં, છોળો ઊડે પાણીની.

જ્યાં છે એવી નદી ઘણી, બરફના ઝાઝા જ્યહાં ડુંગરા,
એવો કાશ્મીર દેશ છોડી દઈને જાઉં હવે હું ક્યહાં?

:૧૮૯૨

## ૨-કાશ્મીરમાં વિયોગ

### મનહર

વાદળે જળે ભરેલે આવી વીંધ્યા ડુંગરોને,
કોતરોની માંહીથી પાણી વહે છે તે થકી.
વાદળું વિયોગનું ભર્યું આ આવ્યું મન પર,
અશ્રુધારા વહે દિનરાત ચક્ષુ માંહીથી,

વીજળીનો કડેડાટ તોડી પાડે શિખરોને,
વિરહનો માર છેદે હૃદયના મર્મને;

* "ફકીરી હાલ"ની પહેલાંનાં કેટલાંક કાવ્યો

વૃક્ષના ઘસારા થકી પર્વતોમાં આગ બળે,
શશાંક સમીર થકી દિલ ખાખ થાય છે.

છરેરા ને ખીણ બધાં છાઈ ગયાં ઘાસ વડે,
ઝૂકી રહી હાર, ઝાડ, વેલી પર પુષ્પની;
કામથી રોમાંચ વાર વાર થાય શરીરમાં,
થર થર ધ્રૂજે દેહ મદનપીડા થકી.

બરફના કણ ઘણા ચોટી રહ્યા ટોચ પર,
જિગરમાં પડ્યાં કાણાં મનોજના શરથી;
દીસતો સૂરજ નથી, અંધકારમાં વ્યાપી ગયો,
જીવ કેમ જતો નથી શરીરની મહીંથી?

તા........

## ૩-પ્રીતિની રીતિ

### સોરઠ

ધન, તન દેતાં નવ ડરવું, ભાઈ, મનને વિચારીને ધરવું,
ચંદન વૃક્ષને વ્યાલ વિંટાયા, સાચવી તેને લેવું;
રત્ન પથ્થર કુંદનને કથીરમાં રત્ન કુંદનથી જડવું,
કરી કસોટી કરવી ખરીદી, પાછળ ના પસ્તાવું.
ધન, તન દેતાં૦

પ્રીતરીત તે પ્રેમી પિછાને, સાગરે મોતી સમાણું,
જો દીધું દિલ કોઈને પ્રેમે, તેને તો નિજનું ગણવું;
એક જ રંગ નિભાવવો નિત્યે, નવરંગ નવ થાવું.
ધન, તન દેતાં૦

: ૧૮૯૨

## ૪–સુખમય અજ્ઞાન*

### શિખરિણી

મહા સુખી-સુખી-પરમ સુખિયું તું તરુ, અરે!
શિયાળાની રાત્રિ યદપિ તુજને ખેરતી રહે!

* ઇંગ્રેજ કવિ કીટ્સના કાવ્ય ' The Happy Insensibility 'નો મુક્તાનુવાદ.

ન શાખા ત્હારીને પૂરવ સુખનું ભાન કંઈ રે!
વસંતે ખીલેલી દુઃખદ સ્થિતિમાં આજ પડી છે.

ભલેને વાતો ઉત્તર પવન સુસ્વાટ કરતો,
ભલેને હીમોનો સિતમગર વર્ષાદ પડતો;
અરે! તોયે વૃક્ષો! મધુ સમયમાં ખૂબ ખીલશો,
પ્રભુનાં વ્હાલાં તો પરમ સુખી છો એમ ગણજો.

વળી સુખી સુખી ભમતી વિરહિણી ય સરિતા,
દીસે તું આનંદી ગરમી શરદીમાં સમ સદા;
મહા કાળી રાત્રિ સરવ ગમ સંહાર કરતી;
તદાપિ ખોયેલી ઝળહળિત કાંતિ ન સ્મરતી.

અહો! બેઠી છે શું બચૂમય આચ્છાદન ધરી,
સુખી હોજે બાપુ નજર મમ ત્હારા પર ઠરી;
મનુષ્યોને તો આ પરમ સુખ માગ્યું નહીં મળે,
ઘણાંઓ પીડાએ જરિક જ દશા અંતર થશે.

: ૧૮૯૩

## ૫–છેલ્લી સલામ*

### હરિગીત

પ્રભુ પાસ, પ્યારા, તુજ રહે! પ્રભુ પાસ, પ્યારા, તુજ રહે!
નહિ તો, અરેરે! એકલો તુજ મ્હોં કરી ઉત્તર ભણી,
તું પ્હાડ ને જંગલ મહીં ક્યાં વનવને ભટકી રહે?
તનહા વળી હું આથડું વેરાનમાં તુજ શોધમાં–

તે વ્યર્થ દિલની વેદના ને વ્યર્થ હું ભટકું અરે!
પ્હોંચી શકું નહીં હું ત્હને, રખડી શકું નહીં થાકથી,
તોયે ભલા રડતાં અને મરતાં તને શીખવી શકું:-
"પ્રભુ પાસ વ્હાલા! રાખજે! પ્રભુ પાસ, વ્હાલા રાખજે!"

શિખવી શકું હું આ ત્હને? શિખવી શકું હું શું ત્હને?
જો હું કહું 'દક્ષિણ તરફ' કે વામ બાજુ તું જજે–

* ઇંગ્રેજ કવયિત્રી શ્રીમતી બ્રાઉનિંગના કાવ્ય 'A Velediction 'નો મુક્તાનુવાદ

દીક્ષા નકામી એ થશે, મમ ધૂળમાં શબ્દો જશે;
મુજ બુદ્ધિ, રે! રે! બાપડી તે શું તને શિખવી શકે?
જો હું કહું દક્ષિણ તરફ તો વામ બાજુએ જશે,
જો સાંભળે તું શબ્દ મ્હારા તો નકી દુખિયો થશે;
રુચશે મ્હને જે દીવડો તુજ માર્ગ સૂચવવા ત્હને,
તે કોયલાવત્ ભાસશે તુજ નેત્રને, વ્હાલા સખે!
હું માત્ર તુજને દઈ શકું આશિષ, ઓ વ્હાલા! અરે!
"પ્રભુ શીખવે તુજને સખે! પ્રભુ શીખવે તુજને સખે!"
આશિષ તુજને દઈ શકું? આશિષ હું શું દઈ શકું?
મમ આંસુડાં ગળતાં રહે, તે તો બધી આશિષ છે.
એ કેમ સૂકાવી શકું? એ કેમ સૂકાવી શકું?
તુજ કાજ હાર બનાવવા મુજ બાગમાં ફૂલડાં નથી;
મ્હારી ભલાઈ નયન ત્હારામાં બૂરાઈ થઈ વસી;
ક્ષોભ તુજને આપશે અક્ષોભતા આ દિલ તણી.
મમ હૃદયની મૃદુતા તને કાંટો થઈને લાગતી,
મમ શપથ પ્રેમની ગ્રંથિનો પણ કેમ તોડ્યો તૂટશે?
આશિષ દઈ હું ના શકું! હું તો ત્હને ચાહી શકું!
"આશિષ, પ્યારા, દે પ્રભુ! આશિષ તુંને દે પ્રભુ!
ચાહી શકું શું હું ત્હને? શું હું ત્હને ચાહી શકું?
પ્યારા અરે! પ્યારા અરે! શું પ્રેમ જેવું આ હશે–
કે મૃત્યુવત્ કૈં આફતો તુજ મસ્તકે ઘૂમી રહી,
ને એકલી રડતી રહું રે! સર્વ સાધનહીણ હું!
મુજ પ્રેમચુંબનની નીચે કડવાં ભર્યાં છે આંસુડાં,
ને દાહ મ્હોડાથી ભરી મમ સ્વપ્ન જેવી કલ્પના :
અભદ્ર જે ચારે દિશે તુજને વીંટાઈ છે ગયું,
તે પ્રતિજ્ઞા મમ પ્રેમની છેદી શકે નહિ! દૂર તું!
તુજ જાય છે જીવ જે દુઃખે, તે હું કશું જાણું નહીં!
મુજ જાટા છે જીવ જે દુઃખે, તે તું કશું જાણે નહીં!
મરી હું શકું! મરી હું શકું! ચાહી શકું નહીં હું ત્હને!
"વ્હાલા! ત્હને ચાહે પ્રભુ! ચાહે પ્રભુ! વ્હાલા! ત્હને!"

: ૧૮૯૫

## ૬–મહાબળેશ્વરને!

### શાર્દૂલવિક્રીડિત

ત્હારી નીલમ કુંજ ઉપર સદા હોજો ઘટા મેઘની,
વૃષ્ટિથી તુજ ખેલ એ અમર હો, હોજો કૃપા ઈશની;
તે પંખી તુજ વાંસળી મધુરવી, જાંબુ પરે ઝૂલજો,
સંધ્યા હાલરડું સદૈવ તુજને એ ગાઈ પોઢાડજો.

એ શેવાલભરી વિપુલ વિટપો હોજો સદા ફાલતી,
તેની તે કવિતા બળેલ ઉરને હોજો સદા ઠારતી;
હોજો અર્પતી કો' નવીન ઝરણી કોઈ કવિના ઉરે,
મીઠું કાંઈ ભૂલેલ કો' પ્રણયી તે તાજી સ્મૃતિમાં ગળે.

થાશે સર્વ સદૈવ એ મધુરતા ત્હારી મૃદુ હૂંફમાં,
જેને જે કરવું ઠર્યું કરી જશે કો' અંતની લ્હાણમાં;
હું મ્હારો પકડીશ રાહ પ્રિય તું! ત્હારા સુમાર્ગે જજે,
ત્હારી એ સુરીલી મીઠાશ કરુણા તું રેડનારી હજે.

હું ના રોઈ શકું ત્હને ત્યજી જતાં-છો આંસુ આ સૂકતું,
વ્હાલાં સોબતીને ય અશ્રુથી વધુ અર્પી ન કાંઈ શકું;
નિસાસો તુજ કાજ એક બસ છે છોડી ત્હને ચાલતાં,
અશ્રુ માનવીમિત્ર કાજ નયને છો ગુપ્ત આજે રહ્યાં.

: ૧૮૯૬

## ૭–તરુ અને હું

### શિખરિણી

તરું તે ઝૂલંતાં ગિરિ પર હતો હું નિરખતો,
બન્યાં નેત્રો મ્હારાં કંઈક દરદે ત્યાં ગળગળાં;
તરુ તો ઝૂલંતાં હજુ ય દીસતાં સૌ સુખ ભર્યાં,
નિસાસા આવા એ મુજ હૃદયનાં તો સુખ હર્યાં.

"તરુના જેવાં એ જનહૃદયને શું સુખ નહીં?
હશે શું દેવોને જનસુખ થકી ન્યૂન સુખડાં?

અગાડી જાતાં સું અધિક અધિકી છે વિષમતા?
ગયેલી વેળા શું મધુતર હતી આ સમયથી?"

જડાત્મા થાવાને મુજ જિગરમાં હોંશ ઊલટી,
અકારી ભાસી આ જનહૃદયની જ્ઞાનચિનગી;
ગયાં મ્હારાં નેત્રો જલમય થતાં કૈં વધુ વધુ,
અને ધીમે ધીમે હૃદય પર મૂર્ચ્છા પણ ઢળી.

ગયો જાણે જીવે ક્ષણ મહીં તજી આ શરીરને,
બન્યો જાણે કોઈ તરુ ઉપરનું બીજ ઊડતું,
પડ્યું ક્યાં એ, ઊગ્યું દ્રુમ પણ બને કાળ વહતાં,
મહેકંતો લાગ્યો વિટપ વિટપે મૉર નવલો.

દ્રુમે સામે બીજે ઝૂકી રહી હતી યૌવન દશા,
હતી તેની સાથે મુજ વિટપને બાથ ભરવી;
હતી ત્યાં મ્હારે આ નવીન રજ મ્હારી અરપવી,
હતી વિશ્રાંતિની ઊલટ ઉર છાયા લઈ દઈ.

"હતું કો' કાળે હું જનહૃદયમાં વાસ વસતું,
કહી, રોઈ, ગાઈ, કંઈક દુઃખ ઓછું ય કરતું;"
સ્મૃતિ એવી તાજી હજી પણ રહી'તી હૃદયમાં,
હતાં મ્હારાં પર્ણો ખિલખિલ થતાં સૌ દરદમાં.

ન એ આવે પાસે, નવ પ્રિય કને હું જઈ શકું,
વહે વાયુ ઊંધો, નવ રજ સખીને દઈ શકું;
જનોના બંધો શા તૂટી પણ શકે બંદ નવ આ,
વળી આ સ્થિતિમાં નહીં જરી દશાનું પલટવું.

ગયા દ્હાડા વીતી, સ્મૃતિ પણ ગઈ એ ઝળકની,
સહી એ સૌ જાતાં નવીન નવ ઈચ્છા પણ રહી;
રહી અંગે અંગે મુજ શરીરમાં વ્યાપ્ત જડતા,
વહંતાં વર્ષોમાં કશી ય નવ ભાસે નવીનતા.

દિને કોઈ માથે ધડધડ થતી વિદ્યુત પડી,
ગઈ મૂર્ચ્છા, પાછું હૃદય પણ ત્યાં જાગ્રત થયું;
અહોહો! હું આવો ગતિમય થતાં માનવ ફરી,
પ્રભુની લીલાની ઉપકૃતિ તણું ગાયન કરું.

મ્હને તો ના ભાસી કશી ય જડતામાં મધુરતા,
પ્રભુની લીલાને નિરખી શકતી જ્ઞાનમયતા;
સહેતાં વ્હેતાં સૌ કઠિન કટુ સીમા ટપી જશો,
બને છે તે સર્વે ઉચિત બનતું સૌ નિરખશો.

: ૧૮૯૬

## ૮–નિર્વેદ

### શિખરિણી

હવે મ્હારાં દર્દો રસમય પ્રવાહી નવ બને,
ઉરે જામી જામી પડ પર હજારો પડ ચડે;
અરે! નિઃશ્વાસો એ દખલ કરનારા થઈ રહ્યા,
હવે તૂટું તૂટું મુજ જિગરના થાય પડદા.

ગયા એ અશ્રુના મધુર સઘળા ભાવ શિશુના,
હતા તે ના ભાસે રુદન કરવાને મૃદુ સખા;
ન દેખું સંસારે નયનજલ માટે સફલતા,
કહીં દૃષ્ટિ નાખું? સહુ ગમ ભરી એ કલુષતા.

કવિતા ગાવાને મુજ હૃદયને ના મન રહ્યું,
તહીં ગાતાં પૂરું કદી પણ નથી અંતર ઠર્યું;
જનોની ભાષામાં જગત વિષનો ગંધ પ્રસર્યો,
ન શબ્દે કો' પૂરો કદી પણ મળ્યો માર્દવ ભર્યો.

ન ભાવે તારા ને ઉદધિ નહીં વા આ તરુ નહીં,
ભરી ભાસે ત્યાં એ કપટ - ચતુરાઈ જન તણી!
ન કોઈ ઠેરે છે મૃદુ હૃદયની વાત સુણવા,
ભરેલી છે વિશ્વે કઠિન સઘળે ગ્રામ્યમયતા.

ગયો આંહીં ને ત્યાં ગરલ નિજ નાખી સરપ કો',
વિસામાને માટે જરી ય અપવાદે નવ ઠર્યો;
નશા ઝેરીમાં આ જગત સઘળું છે લથડતું
ન અર્પાતું પૂરું-કંઈ કંઈ બધે ખાનગી રહ્યું.

મ્હને તે આ શાને રુધિર, નસ, અસ્થિમય ઘડ્યો?
અરે! એવામાં શું રુદન કરતો આ રસ કર્યો?
ન જાણ્યું ક્યાં બેસું? સમજણ નહીં, ક્યાં શિર ધરું?
અરે રે! ના જાણું ક્યમ, શું કરવું આ ઉર તણું?

: ૧૮૯૬

## ૯–ખૂની વ્હાલા!

### શિખરિણી

ખૂની વ્હાલા! ના ના કહીશ મુજને "માફ કરજે",
ફરી આવી રીતે મુજ પદ મહીં તું નમીશ ના;
સખે! આવી રીતે રડ નહીં બૂરાઈ નસીબની,
હશે ત્હારા ભાગ્યે જખમ કરવો નિર્મિત થયો.

"ખૂની" ને "વ્હાલા"–એ સુખદ સૌ સંબોધન મ્હને,
નથી દેતું કૈં આ હૃદય ઠપકો એમ વદતાં;
ખૂની તું થાતાં તો વધુ પ્રિય ત્હને હું થઈ શકું,
સખે! એથી તો તો જરૂર વધતી કૈં નિકટતા.

મ્હને જે માર્યો તે જખમ તુજને શું નવ થયો?
ખૂની માયાળુ એ નયન તુજ ભૂલી નવ હજુ;
નકી હું જાણું છું તુજ હૃદય જે ભાર વહતું,
અને ત્યારે એ જે ઉર તુજ થયું છેક ટૂકડા.

અરે! જોને પ્યારા! તુજ મુખ ફર્યું આમ સઘળું!
પડી મીઠે ચ્હેરે સહન કરનારી કરચલી!
ભુલાવો દેનારું તુજ મુખ થયું આપ્ત જનને!
પિછાની તુંને લે કમનસીબ તો આ જ નયનો!

પિછાની તુંને લે! કંઈ પણ નવાઈ તહિ જ એ.
હતાં મ્હારી સાથે પ્રભુ તરફનાં દિવ્ય સ્વપ્નાં;
હતી ત્હારાં અંગો સહુ ય કરમાતાં નિરખતી,
વધુ હું જાણું છું તુજ જિગરની લ્હાય તુજથી.

સખે! બાલાઓને પૂછીશ જગમાં હું ભમી ભમી
"ખૂની વ્હાલો તુંને હજુ સુધી મળ્યો કે નવ મળ્યો?"

મળ્યો જેને એ ના પ્રણય પણ તેણે નવ દીઠો,
ખૂની કેવું ચ્હાયે સમજી નવ એ વિશ્વ શકતું

વને સીતાને તું જઈ પૂછ પ્રીતિ રામઉરની
મઝા એ પૂછી જો જખમ કરતા ખંજર તણી;
અરે! ભોળા! ત્હારા ઝુલમ તહીં જે માર્દવ ભર્યા–
અજાણી તેથી તો ભગિની તુજ આ ના રહી શકે.

અદા ત્હારી, બંધુ! ફરજ કરજે પૂર્ણ સઘળી,
સખે! જ્યાં વેચાયો નહીં તુજ હલાલી ભજવજે;
અરે! મ્હારા વ્હાલા! ફરજ તુજ જો એ જ હજુ એ,
રહી આ છાતી– જો! તુજ કર મહીં ખંજર રહ્યું.

ઘટે આ મ્હોં સામે નહીં નહીં જરા યે નિરખવું.
નકી આનંદે હું સહન સઘળું એ કરી શકું;
સખે! ત્હારાં પેલાં મધુર સહુ એ ચુમ્બન હતાં,
પરંતુ, આ ત્હારું મધુતર મળ્યું ખંજર હવે.

ઉછેરી જે હાથે કુસુમકલીઓ જે મહકતી,
ચૂંટી તે હાથે તે કુસુમકલી માળી લઈ શકે;
પરોવી માલા તે પ્રભુઉર તણી તું પણ સખે!
અરે! ત્રોફી દેને મુજ શિર ઉપાડી શરીરથી.

અહો! યજ્ઞે! પ્યારા! બલિ થઈ શક્યું તે અમર છે,
અને હોમી દેતાં પ્રભુકર મળી બાંય પકડે,
અહીં વ્હાલાંઓનો વધુ' ન ઉપભોગે મધુર કો'.
હસી હોમી દેને તુજ બલિ ઠર્યું હું અગર કો',

હશે ત્હારા ભાગ્યે જખમ કરવો નિર્મિત થયો,
અરે! ગા હું સાથે ઉપકૃતિ હરિની મુજ ભણી;
કૃપા એની કે ના મુજ કર મહીં ખંજર ઠર્યું,
નકી બાલાઓનો પ્રભુ ય ઉપયોગે સમજતો.

વિધિની કીર્તિ તો જગત પર છે એવી જ બધે,
તહીં યોગ્યાયોગ્યે નવી જ નકી કો' થાય તુલના;
મ્હને તુંને ભાસે અઘટિત અને ક્રૂર સઘળું,
તહીંની તો પ્યારા, જરૂર સહુ તે યોગ્ય કરુણા!

સખે! આવી રીતે રડ નહીં બૂરાઈ નસીબની,
ઘટે આ રીતે ના જીવિત વહતાં કાયર થવું;
અહીં તો ખેતી છે જરૂર ફલ તો ઉપર રહ્યાં,
સુખે ના રહેશું કાં ક્ષણિક સહુ આ તાઢ તડકા?

ફરી આવી રીતે મુજ પદ મહીં તું નમીશ ના,
અરે! સંભારી જો નમન તુજ તે તે દિવસનું;
અહો! એવી લ્હેરી મધુ સમયની અન્ય નવ કો,
સ્મૃતિ એ વેળાની જીવિત ધરવા શું બસ નહીં?

હતાં કેવાં ગાત્રો! તુજ સહુ ય આધીનમયતા,
સખે! ચુંબીનાં એ તુજ નયન શાં યાચક હતાં!
હતું ત્હારું હૈયું પ્રથમ જ શીખ્યું પાદ નમવા!
હતી પેલી કેવી મધુર મગરૂરી ગળી જતી!

નથી ભૂલી મીઠા તુજ અધર પેલા ફરકતા,
નથી ભૂલી તે જે સમજણ પડી કંથની મને;
અહો! હું ભીરુ જે ચડી ગઈ હતી સ્વર્ગ દશમે–
નથી એ ભૂલી ને સ્મરણ તુજને ના ક્યમ દઉં?

ખૂની વ્હાલા! ના ના કહીશ મુજને "માફ કરજે",
નવી છે આ વેળા તુજ કર મહીં લાડ રમવા;
રમાડી ત્યાં લેવી હજુ પણ રમાડી અહીં ય લે,
ફૂલો ને ખડ્ગોમાં ફરક બહુ તો, બંધુ! નવ છે.

: ૧૮૯૮

## ૧૦–ખુદાની મઝા!

ભલાઈને બૂરાઈથી, દબાવાનું લખ્યું જ્યારે–
ખુદાએ હાથમાં લીધી, કલમ શયતાનની ત્યારે!
બિચારાં ભીખ માગે તે, સદા એ ભીખ ન કૈં પામ્યાં;
બધા ઝાલિમ ઉપર પુષ્પો સદા આરામનાં નામ્યાં!

મઝાઓ "આજ"ની લૂંટી ગયેલા છે ઝુલમગારો;
લલાંઓને મળી જૂઠી બધી એ "આવતી કાલો"!
ગુમાવી આજની મીઠી મઝા શી કાલના વ્યાજે?
ખુદાની શાહુકારી એ વળી દેવાળિયાની છે!

અહીં હૂરી રૂપાળીને નઝરને ચોરવા નાખી;
તહીંથી આંખ ઉઠાવા નહીં તાકાત પણ આપી!
છતાં એ દૃષ્ટિને માટે સજા દોઝખ તણી સ્થાપી;
અને તાબે હમોને તો થવાનું ચૂપકી રાખી!

ખુવારીમાં અહીં આવ્યા : હમે માગ્યું હતું ક્યારે?
ઉપાડી જાય છે ત્યાં એ હમારી માગણી ક્યાં છે?
અરે! આ આવવું શું? ને જવું શું? ને સજા શી આ?
ખુદાને આ હામોમાં તે મદદની આમ શી આશા?

ભલાઈ આ હમારી કૈં નહીં આકાશનો ટેકો;
બૂરાઈથી ન યા ફીટે ખુદાઈ કારખાનું કો'!
ભલાઈ ને બૂરાઈ આ હમારી છેક છે ન્હાની,
બૂરાઈને હમે સ્હેતાં, ખુદાને બીક છે શાની?

હમે આત્મા બગાડ્યા છે બૂરાઈને સદા ઈચ્છી;
મગર છૂપી જિગર માંહી ભલાઈનો રહ્યો વીંછી!
બૂરાઈ આવડી ના ના! ભલાઈમાં સદા સાંખ્યું;
હવે એ શીખવું બાકી હમે તો મોતમાં રાખ્યું!

બૂરાઈનું સદા ખંજર, ભલાઈની ઉપર દીઠું!
ન લેવાતું! ન સ્હેવાતું! ન પીવાતું કરી મીઠું!
ખુદા ત્હારી મજેદારી, બૂરાઈ શીખવે આવી,
ભલે તો એ હમારે યે શિખી શિખી સદા ગાવી!

: ૧૮૯૮

## ૧૧–અસ્થિર મન

મન સ્થિર કર્યું, ગાને, ધ્યાને પ્રિયાવદને, વને,
મન સ્થિર કર્યું, તોયે જ્યાં ત્યાં કર્યું', "ન કર્યું" બને;
જગત પર તો કોઈ વ્હાલું સદા નવલું નહીં,
પ્રિય સહ છતાં હૈયું ધીમે પડે શ્રમની મહીં!

કુસુમરજ જ્યાં મોતીડામાં રવિ ઝૂકતો ભરે,
ધવલ સરલ હંસી ગ્રીવા નમી ચળ આદરે;

તહીં જઈ સુણ્યા હંસોને રે સુમાનસને જળે,
પણ સુખ તહીં નિત્યે સીધું ન વ્યોમ થકી ઢળે!

ગિરિવર રૂડો કૈલાસે હું ચડ્યો શશિકાન્તનો,
અરધ ઊમયા શંભુજીના વિહાર મહીં ભળ્યો;
રુધિર પણ જહાં વ્હાલીનું એ ફરે પિયુઅંગમાં,
તહીં પણ રહ્યો ભાલે તે એ શશી સરખો કયહાં!

વન વન ફરી ઊડી ઊડી મુસાફર કોકિલા,
મધુ સમયની પામી આજે સુઆમ્રતણી લતા;
સહુ મન ગમ્યું પીતાં પીતાં નશો રસનો ચડ્યો,
પણ ટહૂકતાં ચીડાતાં એ તૂટે સ્વર કેટલો!

સ્થિર નહીં અહીં જોઈ ક્યાં એ હજુ સરણી સુખી!
પલ પલ મહીં પાળે બાંધી છતાં પલટી જતી!
અરર! પલટે તેમાં તે શું મળે સુખ કોઈને?
સરખી પડતી ધારા ના ત્યાં બૂઝે દવ કોઈ શે?

ખડખડ હસે તેનું રોવું મળે અળખામણું!
ખળખળ રડે તેને અશ્રુ નથી સ્થિર સાંપડ્યું!
"પગ જરી ધરું! હોડીવાળા! ઊભું કર નાવને!"
જલ સ્થિર નહીં : નૌકા ક્યાંથી પછી સ્થિરતા ધરે?

સ્થિર રસ થવા ઘેલી નાચે અહીં કવિતા બધી!
સ્થિર રસ થવા યોગી તાપે અનેક નવી ધૂણી;
સ્થિર રસ વ્હાલાં પંખી, જનો, જડ, સૌ મથે,
પણ કૂદી રહ્યાં આ બ્રહ્માંડો! નથી સ્થિરતા રસે.

સ્થિર રસ થવા મ્હેં વ્હાલીના કપોલ જલે ભર્યા,
સ્થિર રસ થવા તેણે એ આ ઉરે જખમો કર્યા,
સ્થિર રસ થવા વ્હાલાં! ઓહો! ચૂકે નિજ વ્હાલને!
પણ ચપલતા યત્ને યત્ને વધ્યા જ વધ્યા કરે.

રસ મુજ જતો રાખી લેવા પ્રિયા ખડકો ચણે,
પણ ગરીબડો ઊંધો એ તો પ્રયોગ પડ્યો, અરે!
વહન વહતું–તેને રોક્યે શિલા વચમાં ધરી,
જલ તૂટી પડી તોફાને આ નદી ઊલટી ચડી!

સરલ વહતું વ્હેળું ત્યારે હતી તરુછાંય શી!
સરલ વહતાં ચોકખી કેવી હતી જલઆરસી!
નહીં નહીં હવે સ્નાને આંહીં કદી ય બની શકે!
જલ પર હવે રંગીલી એ ન ઝાંય તરી શકે!

અરર! પ્રિયની એ તો પેલી શિલા હિરલે જડી,
કમલ લઈને કૂણે હાથે સુઅશ્રુમયી ઘડી;
પણ વહનને તે એ તોડી જવું જ પડે નકી,
ઉપર ઘન ને નીચે સિંધુ: ઈલાજ કશો નહીં!

સ્થિર રસ થવા શ્રદ્ધા શોધે સદા દગપૂર્ણતા,
સ્થિર રસ થવા શ્રધ્ધા માટે દગો ય કરે ફર્યા;
પ્રભુ પર છતાં શ્રદ્ધા-દૃષ્ટિ ન પૂર્ણ પડે અને-
સહુ ચપલતા યત્ને યત્ને વધ્યા જ વધ્યા કરે!

તરુવર બધું કંપાવીને વહે પ્રતિ લ્હેરકી,
પણ થડ જરા ધ્રૂજે ત્યાં તો શિખા ઝૂલતી બની;
તુજ નયનમાં એવા ભેદો બધા અમથા ભરે,
સ્થિર રસ થવા જ્યાં ત્યાં સર્વે સમાન મથ્યા કરે!

મધુર અધરે ગાલે પેલી કુમાશ મજા સમી,
સ્થિર રસ થવા તેને એ આ ઉરે ત્યજતી કરી!
મુજ ગુરુ કહે તે માર્ગે મ્હેં જરા પગલું ભર્યું,
સ્મિત ઊડી ગયું! રોવું ખોયું! છતાં સ્થિર શું થયું?!

નકી નકી ખરું આનંદી છે ન અસ્થિરમાં કશું,
મુજ હૃદયના એ તો લાંબા અનુભવથી કહું;
પણ સ્થિર થવા જેવું ભાસ્યું-તહીં પણ શું વળ્યું?
જીવનમય ને પાષાણોમાં ફરી ભળવું મળ્યું!

પ્રણય વહતો કોરે મૂકી બધા ઉપયોગ જ્યાં-
વગર સમજ્યે જ્યાં ચાલે છે દયામય આંસુડાં!
ફરજ પણ જ્યાં ટીંગાઈને જરી રમતે ચડે,
ઉપકૃતિ તણાં શીર્ષો નીચે જહીં પદમાં પડે!

ચમન મધુરો એ તો જો કે ભલા સ્થિર ના જરી;
પ્રિય ગુરુ! અહીં રૂહેવા દેને! વિરામ મળે જરી,

પણ-અરર! ત્યાં પેલી મ્હારી કલી કરમાય છે!
ઊઠ ઊઠ-ગુરુ! તૈયારી છે! છતાં અટકાય છે!

જલ વિણ સૂકાં નેત્રો થાશે, વિના સ્મિત મોં લૂખાં-
પણ જઈ તહીં લેવાનાં છે ક્યાં સુખઝૂમખાં?
મુજ હૃદયનો આંહીં પૂરો વિહાર નથી થયો,
મુજ હૃદયને આ બાગેથી હજી રસ ના થયો!

અરર! નિરખે શાને હૈયાં જહીં જઈ ના શકે!
રજ પણ-અરે! શાને જોવી વિહાર બહાર જે!
મધુર ફલ તું તોડી લેને, ન દ્વેષ કશો મ્હને,
ફલ અમર છે, હું આવું છું : ન કાળ બહુ જશે.

રહી શકીશ તો ર્‌હેવું હાવાં પ્રવાહપતિત છે,
પણ નવીન આ જોયું તેની કહીં ચિનગી જશે?
નવ મળી શકે તેની ઝાંખી કહીંથી ય થૈ પડે!
પછી રુધિરમાં પોતાના એ જહાં તફડ્યા કરે!

જગત સઘળું કેવા કેવા સ્વરે સ્વરથી ભર્યું!
પણ, સ્થિર નહીં એકકે વીણા, બધું બસુરું બન્યું!
બુલબુલ અહીં, આ કોકિલા, મયૂર તહીં લવે!
પણ સહુ ય એ ભાષા જાણે કંઈક છૂપું રડે!

મુજ ગુરુ અહીં, આ એ વ્હાલી! તહીં સખી બાપડી!
મુજ શ્રવણમાં રેડે જુદી બધાં નવી વાતડી!
પણ હૃદય તો મ્હારું જુદા સિતાર મહીં ઝૂમે!
પ્રતિ નખ અને તારે નાદો જુદા જ જુદા ઘૂમે!

ટમ ટમ થતી પેલી ઊભી નભે નવી વાદળી,
રવિકિરણને પી જાતી ને નવીન મદે ભરી;
કટિ પર ધરે રંગીલી કો' સુરંગની મેખલા,
ઝળહળ થતાં તાકે ખાતી વળી કંઈ હીંચકા!

જગત પર કૈં આવું આવું જરૂર બની શકે,
પણ રવિ જતાં કાળા રંગે નકી ભળવું પડે;
સ્થિર જરી ય કો' રાતો પીળો સુરંગ રહે નહીં!
ત્યજી દઈ બધા રંગો બ્હારે જવાય વળી નહીં.

જહીં જહીં ઊભો ત્યાં રહેવાને સદા મન ચ્હાય છે,
પણ ઘસડતા પૂરે ના કૈં પગો સ્થિર થાય છે;
મન સ્થિર કર્યું ગાને, ધ્યાને, પ્રિયાવદને, વને,
મન સ્થિર કર્યું તો યે જ્યાં ત્યાં કર્યું 'ન કર્યું'-બને.

૧૮૯૮

## ૧૨–વેચાઉં ક્યાં?

વેચાઉં ક્યાં બીજે હવે, આવી અહીં બોલો? જરા!
બોલો જરા શાને તમારી આંખમાં ઇન્કાર આ?

બોલો : વસીશું ક્યાં જઈ, છોડી તમારા મ્હેલને?
આકાશમાં ના, ના જહાંમાં, ના કબરમાં છે જગા!

આવું તમારી પાસ દૂરેથી ખરીદી સાંભળી;
કહેનાર જૂઠા હોય તો, બીજો કહો છે રાહ ક્યાં?

આલમ ખરીદો છો બધી, પૂરી મુરાદો સૌ કરે,
આ ચાહનારાં સૌ તમારાં! એકલો શું હું જ ના?

દરબારમાં દાખલ કરી દરબારથી શું કાઢશો?
જોઈ તમોને રૂબરૂ, હાવાં બુતો પૂજું કયહાં?

આપો હુકમ, રજ તે જગાની આંખનો સુરમો કરું;
આવ્યો અહીં લેઈ ગુલામી બાદશાહી વેચવા.

ઊભો રહી અંગારમાં : એને હિના મ્હારી ગણું;
દાઝું જરી તો રોકશો ના પળ–ઘડી એ દ્વારમાં.

શાને ફજેતી આ કરાવો છો તમારા માલની?
વેચાઈ છું ચૂક્યો, હરાજીમાં ઉતારો કાં ભલા?

જે જે તમારું, તે ઉપર ના હાથ મૂકે કોઈ એ :
શું ખલ્કના વેચાણમાં મ્હારી ખરીદી ક્યાંઈ ના?

મ્હોં કાં ઝૂકાવ્યું? ફેરવ્યું? કાં આંખ·ના ઊંચી કરો?
છે બોલતાં એ શી શરમ? આ હુકમ, આપો છો રજા?

બોલો! જવાનું તો કહું! એ બે શુકન તો સાંભળું!
મિસ્કીનને એથી સબૂરી! શી બખીલી બોલતાં?

બોલો નહીં! હું ના ખસું! છોને જમાના વીતતા!
વેચાણને માગી તમારા શી જમાનાની તમા?

: ૧૮૯૯

## ૧૩–આપની રહમ

મિટ્ટી હતો, તે આપનો બંદો બનાવ્યો-શી રહમ!
માગી ગુલામી આપની, બખ્શી મહોબ્બત શી રહમ!

આવ્યો અહીં છો દોસ્તદારીનો લઈ દાવો સદા!
બોસા દઈ ગાલે જગાડે નિંદમાંથી એ રહમ!

એવી કદમબોસી કરીને કાં લજાવો રોજ રોજ?
છે દિલ્લગી પ્યારી મગર ક્યાં હું અને ક્યાં આ રહમ?

મેંદી બનાવી આપ માટે–તે લગાવો છો મ્હને!
શાને જબરદસ્તી કરે આ પેર ધોવાને રહમ?

આ આપને જોઈ લજાતાં બાગનાં મ્હારાં ગુલો;
જે ખૂંચતાં કદમ ચડાવે તે શિરે માને રહમ!

હું ચૂમવા જાતો કદમ ત્યાં આપ આવો ભેટવા!
ગુસ્સો કરું છું, આખરે, તો આપની હસતી રહમ!

ના પેર ચૂમ્યા આપના, ના પેરમાં લોટ્યા જરા;
પૂરી મુરાદો તો થવા દો! માનશું તે એ રહમ!

ના માનતા તો ના કહું, જે જે બનાવો તે બનું :
તો એ કદમના ચાર બોસા આપશે શું ના રહમ!

હું જેમ આ ઘટતો ગયો, આપે બ્હીડાવ્યો તેમ તેમ;
જ્યાં જ્યાં પડ્યું ત્યાં ઝીલવા હાજર ખડી છે આ રહમ!

મ્હારો સિતારો જોઈ આ, તીખા બન્યા છે દુશ્મનો :
ગાફેલ છું હું એ બન્યો, આ આપની જાણી રહમ!

યારી ન છૂપે આપની, છાની મહોબત ના રહે!
જાણી ગઈ આલમ બધી, તે ના જવા દેજો રહમ!

આવો ચડાવી છે મૂક્યો આ આપનો આપે ગુલામ,
તો મહેરબાની જીરવાયે! એટલી માગું રહમ!

જ્યાં જ્યાં ચડાવો ત્યાં ચડું છું હાથ હાથે લેઈને;
હાથ છૂટી ના જવાને દમ–બ–દમ હોજો રહમ!

નીરની સાથે ચડે છે નીરનાં ખીલી ફૂલો;
ના ઊતરાતું નીર સાથે નીરને છાજે રહમ!

લાખો ગુન્હાઓમાં છતાં છું આપનો ને આપથી;
લાજે જબાં, માગું છતાં–આબાદ હોજો આ રહમ!

: ૧૮૯૯

## ૧૪–તમારી રાહ

થાક્યો તમારી રાહમાં ઊભો રહી હાવાં, સનમ!
રાહત ઉમેદીમાં હતી : જાતી ગળી હાવાં, સનમ!

પી કાફરોના હાથનું પાણી ઊગેલું ઘાસ, તે
મિટ્ટી ગણી અંગે વીંટાયું મૂળ નાખીને, સનમ!

પહાડો હતા, રેતી બન્યા : રેતી બની પહાડો; અને-
આવી કબર સામે ઊભી : જાગી-ઊઠો ના કાં? સનમ!

પાણી બની ઢોળાઉં છું, હું દમ-બ-દમ ગમને કૂવે:
અંધાર છે, લાચાર છું સિંચો-હવે સિંચો, સનમ!

સાબૂત છે ના દોર આ, આવે, લગાવે મીણ તો,
ખેંચી ઊભા છે ખંજરો, આ દુશ્મનો નીચે, સનમ!

આંહીં શરાબે નીર ભેળ્યું છે હમારા ઝાલિમે :
પીતાં ન ફાવે પ્યાસમાં, આ દમ લબે આવ્યો સનમ!

પીતાં ન ફાવે છે હવે, પીતાં મઝાથી જે સદા;
કાને તમારી સાંભળી મીઠી શરાબી છે, સનમ!

છીપી રહ્યાં છે પ્યાસને આ ઝાંઝવે લાખો અહીં;
હું તો તમારું નીર સાચું શોધતાં પ્યાસો, સનમ!

છે પ્યાસ, છે ભૂખે, ઉપર બોજો બૂરાઈનો વળી :
છે રાહ જોવી એકલાં, ક્યાં-ક્યાં સુધી હાવાં સનમ!

માફી તમારી છે બધે, જાણું અહીં યે ખૂબ છે;
માફી પુકારો ને દઈ ઝીલી હવે લેજો, સનમ!

લાઝિમ બૂરાઈ આ બધીને ચૂપકી, ખાવિંદ! છે;
તોયે ઊઠે છે ઊકળી ખૂને જિગર બૂમે, સનમ!

હુંથી થયું ના, ના થતું, યા ના થશે કાંઈ અહીં!
તકલીફ તો આખર તમારે ને તમારે છે સનમ!

થાકી રહ્યો પૂરો અહીં, માફી હવે તો મોકલો;
છે માફ જો કરવું બધું તો આજ ના શાને? સનમ!

: ૧૯૦૦